જૈન ગૂર્જર કવિઓ

ભાગ-૨

સંગ્રાહક અને સંપ્રયોજક
મોહનલાલ દલીચંદ દેશાઈ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ

જૈન ગૂર્જર કવિઓ

ભાગ ૨

[વિક્રમ સત્તરમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની
તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી : ખંડ પહેલો]

સંગ્રાહક અને સંપ્રયોજક
મોહનલાલ દલીચંદ દેશાઈ

સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના સંપાદક
જયંત કોઠારી

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ

Jain Gurjar Kavio Vol. II
Descreptive catalogue of Jain poets and their works in Gujarati Language in 17th century : Part I
Ed. Mohanlal Dalichand Desai, revised by Jayant Kothari
1987, Mahavir Jain Vidyalaya, Bombay

બીજી સંશોધિત આવૃત્તિ માર્ચ ૧૯૮૭
નકલ ૫૦૦

કિંમત રૂ. ૭૫

આવરણુ : શૈલેશ મોદી

વિક્રેતાઓ
આર. આર. શેઠની કંપની
૧૧૦-૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ * ગાંધીમાર્ગ, ફુવારા, અમદાવાદ-૧
નવભારત સાહિત્ય મંદિર
૫૩૧, કાલબાદેવી રોડ, મુંબઈ-૨ * ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
ગૂર્જર સાહિત્ય ભવન
ગાંધીમાર્ગ, રતનપોળ નાકા સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧
રન્નાદે પ્રકાશન
મહાલક્ષ્મીની પોળ, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ગ્રંથાગાર
મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

પ્રકાશક
જયંતીલાલ રતનચંદ શાહ, જગજીવન પોપટલાલ શાહ
રમણલાલ ચીમનલાલ શાહ
મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬

મુદ્રક
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૧

સાંકેતિક અક્ષરોની સમજ

[ભા.૧માં સાંકેતિક અક્ષરોની સમજ આપવામાં આવેલી, તે પછી આ ગ્રંથની સામગ્રીમાં કેટલાક નવા સાંકેતિક અક્ષરો વપરાયેલા જોવા મળ્યા છે ને આગળ નોંધેલા કેટલાક સાંકેતિક અક્ષરોની સમજમાં થોડી શુદ્ધિવૃદ્ધિ થાય એવી માહિતી મળી છે. અહીં પૂર્તિ રૂપે એ બધું નોંધવામાં આવ્યું છે.

સાંકેતિક અક્ષરો જેને માટે પ્રયોજાયા ન હોય એવી નવી આધારસામગ્રીનો પણ અહીં નિર્દેશ કર્યો છે.

[ ] કૌંસમાં મૂકેલી સઘળી સામગ્રી આ બીજી આવૃત્તિના સંપાદક તરફથી મૂકવામાં આવેલી છે.]

આધારસામગ્રી અને તેના સાંકેતિક અક્ષરો

અ. ડે.	[અમદાવાદ ડેલાના અપાસરાનો ભંડાર ? જુઓ ડે. ભં.]
આ.	?
—	આમોદના યતિ ચંદ્રવિજય પાસે
—	ઈડર તપગચ્છ ભં. [ઈડર (સંઘ) ભં. ?]
—	ઉદયપુર યતિ ભં. [વિવેક ભં. ?]
ઉ. વિ. સં. જ્ઞા. ભ. (ચાણસ્મા)	?
ક. આ.	?
ક. મુ.	[કલ્યાણવિજય મુનિ, જાલોર હોવા સંભવ]
કલ. સેં.લા.કૅટે.	કલકત્તા સેન્ટ્રલ લાયબ્રેરી કૅટેલૉગ
—	કેશરવિજય ભં., વઢવાણ
—	ખ. મુનિ સુખસાગર [જુઓ મુનિ સુખસાગર]
ચતુ.	[મુનિ ચતુરવિજય ?]
ચતુર.	[મુનિ ચતુરવિજય ?]
ચા.	?
—	જયચંદ્રજી ભં., વીકાનેર

—	જિનદત્તસૂરિ ભં., સુરત
—	જૈન જ્યોતિ માસિક
—	જૈનશાળા, ખંભાત [જુઓ લા.ભં.]
—	જ્ઞાનભંડાર (જ્ઞા. ભં. વર્ધમાન ભંડારસ્થ) વિકાનેર
જ્ઞા. વિ. ખંભાત	?
ડા. ડાયરા અ. ડા.અ.ભં. પાલણપુર	[ડાયરાના અપાસરાનો ભંડાર, પાલણપુર]
ડે. અ.	[ડેલાના અપાસરાનો ભં., અમદાવાદ ?]
—	તિલોક મુનિ પાસે
—	નરોત્તમદાસજી સં., વિકાનેર
—	પદ્મસાગર ભં., જૈનશાળા, અમદાવાદ
પં.જૈન શ્વે.ભં. જયપુર	પંચાયતી જૈન શ્વેતાંબર ભંડાર, જયપુર
પાટડી ભં.	[પાટડીનો કોઈ ભંડાર જણાય છે]
—	પાટણના વાડી પાર્શ્વનાથનો ભંડાર
—	બાલચંદ્ર યતિનો (રામઘાટ) કાશી ભંડાર
—	બાલવિજયજી
—	બાંઠિયા સંગ્રહ, ભીનાસર
બુહ. રી.	[બુહ્લરના રીપોર્ટ ?]
બૌ. વિકા.	?
—	ભાગ્યરત્ન, ખેડા [જુઓ ખેડા ભં.૨]
—	મંગલચંદ માલૂ સંગ્રહ, વિકાનેર
—	માંડલની લાયબ્રેરી
—	મુકનજી સં. બિકાનેર [જુઓ યતિ મુકનજી શિ. જયકરણ, બિકાનેર]
મો.	[મોહનલાલનો ભં. સુરત ? જુઓ મો. (સુરત)]
—	યતિ ચેતનસાગરજીનો ભં. ઉદેપુર [યતિ ચેનસાગર ભં.-ને બદલે છાપભૂલ થયેલી હોવા સંભવ]
—	યતિ જયકરણ, બિકાનેર [જુઓ નીચે]
—	યતિ મુકનજી શિ. જયકરણ, બિકાનેર

રાજકોટ યતિ.	રાજકોટ યતિના અપાસરાનો ભંડાર [રા.પૂ.અ. ?]
રામ. ભં.	રામલાલ સંગ્રહ, વિકાનેર
—	લઘુ ખરતરગચ્છ ઉ. વિકાનેર
—	લીંચ ભંડાર
વર્ધ.	[જ્ઞાનભંડાર વર્ધમાન ભંડારસ્થ, વિકાનેર ?]
—	વાડી પાર્શ્વનાથ ભં. પાટણ [જુઓ પાટણ વાડી પાર્શ્વનાથ ભં.]
વિકાનેર વ. ભં.	[જ્ઞાનભંડાર વર્ધમાન ભંડારસ્થ વિકાનેર ?]
વિકાનેર વઇ. ભં.	?
—	વિ. ધ. પ્રશસ્તિ સંગ્રહ (અપ્રકટ)
વિ. વી. અમદાવાદ	?
વિ. વી. રાધનપુર	?
વિવેક ભં.	વિવેકવિજય યતિનો ભં., ઘૂમટાવાલો ઉપાશ્રય, ઉદયપુર
વીકાનેર ભં.	[જુઓ વીકા.]
વીરમ. લાય.	વીરમગામ લાયબ્રેરી
વૌ. ભં. વિકા.	[જુઓ બૌ. વિકા.]
શેઠિયા.	[શેઠિયા લાયબ્રેરી ?]
સ. ભ.	દિગંબર પન્નાલાલ ઐલક સરસ્વતી ભવન, મુંબઈ
—	સરસ્વતી ભવન [ઉપર જુઓ]
—	સંઘ ભંડાર રાધનપુર [વિ.વી.સં. જ્ઞાનમંદિર, રાધનપુર ?]
—	સિદ્ધિ મુનિજી પાસે
—	સુરત ભં. ગોરજી રવિહંસજી દીપહંસજી, છાપરિયા શેરી, સુરત
—	હરિસાગરસૂરિ પાસે, વિકાનેર
—	હુકમમુનિ ભં. સુરત

મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ

[આ ગ્રંથની શુદ્ધિવૃદ્ધિમાં પણ ડૉ. હરિવલ્લભ ભાયાણીનો અત્યંત સદ્ભાવભર્યો પરિશ્રમ પડેલો છે તેની સાભાર નોંધ લેવી જોઈએ.]

પૃ./પં.	શુદ્ધિ	પૃ./પં.	શુદ્ધિ
૭/૧૪	**(૯૦૫)** [+]	૬૨/૧૨	અપ્પહં પરહં
૯/૪	**સંતિ**	૬૨/૧૮	હિયએ કણ્હો
૧૧/૨૬	ધરિ ભણી	૬૨/૧૮	દંસણેણ તહ રુદ્ધો
૧૧/૨૭	સમરીઇ	૬૨/૧૯	કહ ન નમક્કરણીઉ
૧૨/૨૦	દેહે ધરી	૬૬/ફિ.લા.	**સૌભાગ્યમંડન**
૧૩/૧૬	ગુણવિમલ	૭૩/૧૫	મણિ
૧૪/૧	**(૯૨૧)** [+]	૭૫/૨૫	**ઋષિદત્તા રાસ**
૧૫/૧૯	ધૂ જિમ	૭૯/૨	**કોશ્યા**
૧૬/૮	**સીંધ સકજ રૂપા**	૮૦/૧૪	બ્રહ્મપુત્રી
૧૬/૯	ભેદાલગ	૮૭/૧	કુડિલં
૧૬/૧૩	**સીંધ સાહ**	૯૪/૫	એક લવ દીઉ
૧૬/૧૫	ચિતરીઝવણ	૧૦૫/૩	વર સાલિ
૧૮/૫	(૨)	૧૦૯/૨૩	**આત્મ પ્રતિબોધ**
૩૯/૧	અભય	૧૧૩/૨૮	જાં વલી
૩૯/૫	વિ ભોગા	૧૧૮/૧૯	૭૦૩
૩૯/૨૩	**વગ્ઘોર** તહ **હિંડવાંણ**	૧૨૦/૨	કો કહસિ
૫૩/૨૩	એહૂઉં	૧૨૮/૨૯	નેવરી
૫૮/૨૯	કરતવ	૧૨૯/૨૯	ઉપાશ્રય
૫૯/૧	ગૃહી તપણિ	૧૪૪/૩૦	**રયણભૂષણ**
૫૯/૬	જગ્ગો, નગ્ગો, બિલગ્ગો	૧૪૫/૩૦	**રયણભૂષણ**
૫૯/૨૨	હું ઇહ	૧૪૬/૨૩	**રયણભૂષણ**
૬૦/૩૦	ન વોલ્લઉ જાંહ	૧૪૭/૧૧	સરૂવમિણમો સુહં વુચ્છં
૬૨/૨	જઇ ઉહુ	૧૬૬/૨૬	ચંદ રે

૧૬૭/૨૦ [એક] એકથી
૧૭૧/૨૦ કુરબક
૧૭૧/૨૯ કુર્બક
૧૮૬/૧૬ સકલ સીદ્ધ
૧૮૭/૧૦ ભટ્ટારગપુરંદર
૨૦૦/૨૬ માલારોહણું
૨૦૦/૨૭ જિણપુંગવાણ

વૃદ્ધિ

૭/૩૦ પછી ઉમેરો : [પ્રકાશિત : સંપા. ભોગીલાલ સાંડેસરા, બુદ્ધિપ્રકાશ, સપ્ટે. ૧૯૪૧.]

૧૩/૨૦ સુધારો : **(૯૨૮) શીલવતી કથા** અથવા **લીલાવતી** [ચોપાઈ]

૧૩/૨૮ આ લીટી રદ કરો.

૧૩/૨૯ '(૧) વિ.ધ.ભં.' એટલું રદ કરો.

૧૭/૭ પછી ઉમેરો : [પ્રકાશિત : સંપા. ઉદયસિંહ ભટનાગર.]

૧૮/૮ સુધારો : બે જુદી કૃતિઓ તરીકે મુકાયેલી તે વસ્તુતઃ એક જ કૃતિ છે એમ મુપુગૂહસૂચીની હસ્તપ્રત ચકાસતાં જણાયું છે.]

અનુક્રમણિકા

સાંકેતિક અક્ષરોની સમજ		3
મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ		6
૪૩૮.	કીર્તિરત્નસૂરિ	૧
૪૩૯.	તેજરત્નસૂરિશિષ્ય	૧
૪૪૦.	સોમવિમલસૂરિ	૨
૪૪૧.	લક્ષ્મીમૂર્તિ	૯
૪૪૨.	સુમતિ મુનિ	૧૦
૪૪૩.	સૌભાગ્યહર્ષસૂરિશિષ્ય	૧૧
૪૪૪.	દેવચંદ્ર	૧૧
૪૪૫.	જગા ઋષિ	૧૨
૪૪૬.	હેમરત્નસૂરિ	૧૩
૪૪૭.	અજ્ઞાત	૧૮
૪૪૮.	ધર્મમેરુ	૧૮
૪૪૯.	પુણ્યસાગર ઉપા.	૧૯
૪૫૦.	વિમલચારિત્રસૂરિ	૨૧
૪૫૧.	સહજરત્ન વા.	૨૩
૪૫૨.	મતિસાર	૨૪
૪૫૩.	મતિસાગર	૨૫
૪૫૪.	કમલસાગર	૨૬
૪૫૫.	સિદ્ધિસૂરિ	૨૭
૪૫૬.	ધર્મમૂર્તિસૂરિશિ.	૩૨
૪૫૭.	હીરકલશ	૩૩
૪૫૮.	અજ્ઞાત	૪૨
૪૫૯.	આણંદવર્ધનસૂરિ	૪૨
૪૬૦.	કમલશેખર	૪૩
૪૬૧.	હેમરાજ	૪૪
૪૬૨.	વિવેકહંસ ઉ.	૪૫
૪૬૩.	ઉદયકર્ણ	૪૫
૪૬૪.	ઉદો	૪૫
૪૬૫.	હર્ષવિમલ	૪૬
૪૬૬.	વિમલ	૪૬
૪૬૭.	અજિતદેવસૂરિ	૪૭
૪૬૮.	હંસભુવનસૂરિ	૪૭
૪૬૯.	સમયધ્વજ	૪૮
૪૭૦.	દેવીદાસ	૪૮
૪૭૧.	સાધુકીર્તિ વા.	૪૯
૪૭૨.	પ્રીતિવિજય	૫૨
૪૭૩.	ભાનુમંદિરશિષ્ય	૫૩
૪૭૪.	માલદેવ	૫૫
૪૭૫.	સૌભાગ્યમંડન	૬૬
૪૭૬.	હર્ષલાભ ઉ.	૬૬
૪૭૭.	પ્રમોદશીલશિષ્ય	૬૬
૪૭૮.	હર્ષરાજ	૬૮
૪૭૯.	જયવંતસૂરિ–ગુણસૌભાગ્યસૂરિ	૬૯
૪૮૦.	કુશલલાભ વાચક	૮૦
૪૮૧.	અજ્ઞાત	૮૮
૪૮૨.	(બ્ર.) મેઘરાજ–મેઘમંડલ	૮૯
૪૮૩.	વિનયસાગર	૯૧
૪૮૪.	નન્નસૂરિ	૯૨
૪૮૫.	નયરંગ	૯૨
૪૮૬.	નયસુંદર	૯૩
૪૮૭.	સોમવિમલસૂરિશિ.	૧૧૧
૪૮૮.	જયસાર (?)	૧૧૨
૪૮૯.	આણંદસોમ	૧૧૨
૪૯૦.	મલ્લિદાસ	૧૧૪
૪૯૧.	દેવશીલ	૧૧૪
૪૯૨.	કમલસોમ [?]	૧૧૭
૪૯૩ક.	ધર્મહંસ	૧૧૭
૪૯૩ખ.	ધર્મહંસ	૧૧૮
૪૯૪.	જિનચંદ્રસૂરિ	૧૧૮
૪૯૫.	રંગવિમલ	૧૧૯

૪૯૬.	ભીમ ભાવસાર–ભીમજી	૧૨૦
૪૯૭.	વેલા મુનિ	૧૨૪
૪૯૮.	સમયસુંદર (કવિયણ)	૧૨૪
૪૯૯.	રાજપાળ	૧૨૬
૫૦૦.	રત્નસુંદર	૧૨૭
૫૦૧.	હર્ષસાગર	૧૩૫
૫૦૨.	જ્ઞાનદાસ	૧૩૫
૫૦૩.	જ્ઞાન	૧૩૬
૫૦૪.	મૂલા વાચક	૧૩૭
૫૦૫.	કુંવરજી	૧૩૮
૫૦૬.	અજ્ઞાત કવિ	૧૩૯
૫૦૭.	હરજી	૧૩૯
૫૦૮.	સુમતિકીર્તિસૂરિ	૧૪૪
૫૦૯.	કનકસોમ	૧૪૭
૫૧૦.	રત્નભૂષણસૂરિ	૧૫૧
૫૧૧.	ભવાન	૧૫૨
૫૧૨.	રંગસાર	૧૫૩
૫૧૩.	અજ્ઞાત	૧૫૪
૫૧૪.	ડુંગર	૧૫૫
૫૧૫.	કેશવજી	૧૫૬
૫૧૬.	ગુણરત્ન	૧૫૬
૫૧૭.	મહેશ્વરસૂરિશિષ્ય	૧૫૭
૫૧૮.	ચારિત્રસિંહ	૧૫૮
૫૧૯.	કમલવિજય	૧૫૯
૫૨૦.	ચંદ્રધર્મગણિ	૧૬૦
૫૨૧.	રત્નવિમલ	૧૬૦
૫૨૨.	જિનચંદ્રસૂરિશિષ્ય	૧૬૨
૫૨૩.	નયરત્નશિષ્ય	૧૬૨
૫૨૪.	દુર્ગદાસ	૧૬૩
૫૨૫.	જયનિધાન વા.	૧૬૪
૫૨૬.	લક્ષ્મીરત્ન	૧૬૬
૫૨૭.	પુણ્યરત્નસૂરિ	૧૬૬
૫૨૮.	ધર્મભૂષણ	૧૬૮
૫૨૯.	મંગલમાણિક	૧૬૯
૫૩૦.	હર્ષસાગર	૧૭૪
૫૩૧.	વિનયકુશલ	૧૭૫
૫૩૨.	દેવેન્દ્ર	૧૭૫
૫૩૩.	હરખજી	૧૭૫
૫૩૪.	સારંગ	૧૭૫
૫૩૫	લાઈઆ-ઋષિશિ.	૧૭૭
૫૩૬.	પદ્મસુંદર ઉપા.	૧૭૮
૫૩૭.	હીરકુશલ	૧૮૫
૫૩૮.	કમલહર્ષ	૧૮૬
૫૩૯.	જિનવર્ધન	૧૮૬
૫૪૦.	નગાઋષિ	૧૮૭
૫૪૧.	વિજયશીલ	૧૮૯
૫૪૨.	ધર્મરત્ન	૧૯૦
૫૪૩.	અજ્ઞાત	૧૯૧
૫૪૪.	વચ્છરાજ	૧૯૨
૫૪૫.	સકલચંદ્ર ઉપાધ્યાય	૧૯૭
૫૪૬.	કલ્યાણદેવ	૨૧૦
૫૪૭.	વિનયશેખર	૨૧૦
૫૪૮.	રાજસાગર	૨૧૨
૫૪૯.	ગુણવિનય	૨૧૩
૫૫૦.	વિનયસુંદર	૨૩૦
૫૫૧.	હેમશ્રી (સાધ્વી)	૨૩૦
૫૫૨.	રંગકુશલ	૨૩૧
૫૫૩.	નયવિજય	૨૩૨
૫૫૪.	નયવિજય	૨૩૩
૫૫૫.	કુશલસાગર–કુંવરજી	૨૩૪
૫૫૬.	જયસોમગણિ	૨૩૫
૫૫૭.	મનજી ઋષિ	૨૩૮

૫૫૮.	હીરવિજયસૂરિ	૨૩૯	૫૮૯.	ધર્મદાસ	૨૮૫
૫૫૯.	હેમાણંદ	૨૪૦	૫૯૦.	પૂંજા ઋષિ	૨૮૬
૫૬૦.	વિમલવિનય	૨૪૪	૫૯૧.	રત્નકુશળ	૨૮૮
૫૬૧.	મલ્લિદેવ	૨૪૫	૫૯૨.	માનસાગર	૨૮૮
૫૬૨.	પરમા	૨૪૫	૫૯૩.	કલ્યાણ(વિજય)	૨૮૯
૫૬૩.	સૂજી	૨૪૬	૫૯૪.	કુંવરવિજય	૨૮૯
૫૬૪.	લબ્ધિકલ્લોલ	૨૪૭	૫૯૫.	જયવિજય	૨૮૯
૫૬૫.	રત્નચંદ્ર	૨૫૧	૫૯૬.	વીરવિજય	૨૯૨
૫૬૬.	લલિતપ્રભસૂરિ	૨૫૧	૫૯૭.	ધનહર્ષ	૨૯૨
૫૬૭.	વસ્તુપાલ વા.	૨૫૪	૫૯૮.	જયચંદ્ર	૨૯૩
૫૬૮.	દયાકુશલ	૨૫૫	૫૯૯.	વસ્તુપાલ બ્રહ્મ	૨૯૬
૫૬૯.	કલ્યાણચંદ્ર	૨૬૦	૬૦૦.	જયકુલ	૨૯૭
૫૭૦.	પ્રીતિવિમલ	૨૬૦	૬૦૧.	વિદ્યાપ્રભસૂરિ	૨૯૭
૫૭૧.	નયનસુખ	૨૬૩	૬૦૨.	જ્ઞાનસાગર	૨૯૮
૫૭૨.	પદ્મરાજ	૨૬૪	૬૦૩.	રત્નલાભ	૨૯૯
૫૭૩.	ધનવિજય	૨૬૬	૬૦૪.	નર્બુદાચાર્ય-નર્મદાચાર્ય	૩૦૦
૫૭૪.	માહાવજી	૨૬૬	૬૦૫.	શ્રવણ (સરવણ)	૩૦૩
૫૭૫.	કલ્યાણસાગરસૂરિ	૨૬૮	૬૦૬.	ક્ષેમકુશલ	૩૦૩
૫૭૬.	મતિચંદ્ર	૨૬૯	૬૦૭.	મુનિશીલ	૩૦૫
૫૭૭.	વાદિચંદ્ર	૨૭૦	૬૦૮.	સમયસુંદર ઉપા.	૩૦૬
૫૭૮.	પદ્મસુંદર	૨૭૨	૬૦૯.	ગુણહર્ષ	૩૮૧
૫૭૯.	સમયપ્રમોદ	૨૭૨	૬૧૦.	પ્રેમવિજય	૩૮૨
૫૮૦.	કૃષ્ણદાસ	૨૭૫	૬૧૧.	સૂરચંદ્રગણિ	૩૮૭
૫૮૧.	હંસરાજ	૨૭૭	૬૧૨.	વિદ્યાવિજય	૩૮૮
૫૮૨.	પદ્મવિજય	૨૭૮	૬૧૩.	વિનયચંદ્ર	૩૮૯
૫૮૩.	જયમલ્લ	૨૭૮	૬૧૪.	જયવિજય	૩૯૦
૫૮૪.	પરમાણંદ	૨૭૮	૬૧૫.	ભાવરત્ન	૩૯૧
૫૮૫.	વિવેકહર્ષ	૨૭૯	૬૧૬.	આનંદચંદ	૩૯૩
૫૮૬.	નરેન્દ્રકીર્તિ	૨૮૦	૬૧૭.	પદ્મકુમાર	૩૯૩
૫૮૭.	ભીજલ	૨૮૧	૬૧૮.	વિજયકુશલશિ.	૩૯૪
૫૮૮.	શિવનિધાન	૨૮૩	૬૧૯.	સહજકીર્તિ	૩૯૫

જૈન ગૂર્જર કવિઓ
ભાગ ૨

વિક્રમ સત્તરમી સદી

૪૩૮. કીર્તિરત્નસૂરિ (તેજરત્નસૂરિશિ.)

(૯૦૦) અતીત અનાગત વર્તમાન જિન ગીત ૬ ઢાળ ૨.સં.૧૫૮૧

આદિ – રાગ દેશાખ

સકલ સુરાસુર જપઇ જસ નામ, પયપંકજ પ્રણમું અભિરામ,
અતીત અનાગત વર્ત્તમાન સાર, નામ સુણંતાં રે હર્ષ અપાર. ૧

અંત – (ઢાલ ૬ઠી)

ચુમાસું **પાટણ** માંહિ ખંતિ, ભેટા શ્રી **નારિંગ પાસ** રે,
સંવત **પૂરંણ** ઇંદુ એ નિરખુ, **વસુ વસુધામાં** ઉલ્હાસ રે. ૪ ચુ.
આજ ફલુ ઘરિ અંગણિ સુરતરૂ, ભલિ ભેટયા જિન કેરા પાય રે,
રતનચિંતામણ્ણિ મુઝ કરિ ચડિઉ, થુંણીયા જિનવરરાયા રે. ૫ ચુ.
તુઝ નામિ ભય નાસિ સઘલા, પામઇ વંછિત મેવા રે,
શિવસુખપૂરણ ભવદુખભંજણ, સુરનર કરિ તોરી સેવા રે. ૬ ચુ.
જે ભણિ એ સ્તવન અનોપમ, તે ઘરિ ઋદ્ધિવિલાસ રે,
શ્રી **કીરતિરત્ન** સૂરીશ્વર પભણિ, પૂરો અમારી આસ રે. ૭ ચુ.

કલસ

ઈમ **નાભિનંદન** જગત્રવંદન સ્વામિ શ્રી **રિસહેસરો**,
શેત્રુંજમંડણ દુરિતખંડણ વંછિતદાયક સુરતરો.
સવિ આસપૂરણ દુખચૂરણ ધ્યાન તોરૂં ચિત ધરો,
શ્રી **તેજરત્ન** સૂરિંદ સીસઇ, થૂણિયા એ મંગલકરો.

(૧) શ્રીમાલી જ્ઞાતીય **દો. વીરાસુત દો. રવજી** પઠનાર્થં. સં.૧૬૭૦નો એક ગુટકો. જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૭–૮૮.]

૪૩૯. તેજરત્નસૂરિશિષ્ય

તપાગચ્છના તેજરત્નસૂરિનો પ્રતિમાલેખ સં.૧૬૧૫નો મળે છે. (નાહર. ૨, નં.૧૩૦૭) આ ઉપરના નં.૪૩૮ના કીર્તિરત્નસૂરિ હોવાનો

સંભવ છે.

(૯૦૧) ગોડી પાર્શ્વ સ્તવન ૬૦ કડી ર.સં.૧૬૧૬ ફા.શુ.૨ રવિ

આદિ – સરસ વચન **સરસતિ** તણા, પામી અવિચલ મત
શ્રી **ગોડી પાર્શ્વ** જિણંદની, સ્તવસૂં જિણગુણપ્રીરત, ૧
મરૂધરમંડણ દેસમાં, પ્રગટા **પાસ** જિણંદ
પુરૂસાદાંણી જાગતો, ભવિયણને આણંદ. ૩

અંત – સંવત **સૌલ વસૂ અટૂઆ** જાસણો, ફાગણ સુદ બીજ રવિવાર ગણો,
જે ભણસે ગુણસે નરનારી, **પાસ** નામ પામસે જયકારી. ૫૯
ઇમ **ગોડી**મંડણ જગત્રવંદન ભાવ ભગતેં ગાઇઓ
મનઆસપૂરણ દુઃખચૂરણ વંછિત સુરતરૂ પાઇઓ
ભલો ભાવ ભગતેં ભલો જગતે પુરિસાદાણી સ્તવ ભણી
શ્રી **તેજરતન** સૂરિંદ સીસો સ્તવો **ગોડી**પુર-ધણી. ૬૦

(૧) સં.૧૬૭૦નો ચોપડો, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૮. 'વસુ અટૂઆ' એટલે વસુ = ૮, તે બમણાં = ૧૬ એમ અર્થઘટન થયું લાગે છે.]

૪૪૦. સોમવિમલસૂરિ (ત. હેમવિમલસૂરિ–સૌભાગ્યહર્ષસૂરિશિ.)

હેમવિમલસૂરિ તપગચ્છના પટ્ટધર. તેમની પાટે સૌભાગ્યહર્ષસૂરિ થયા, અને તેમની પાટે સોમવિમલસૂરિ નં.૫૮મા થયા. તેમનો જન્મ ખંભાતમાં સમધર મંત્રી વંશજ રૂપવંતને ત્યાં તેની સ્ત્રી અમરાદેથી થયો. જન્મનામ જસવંત. હેમવિમલસૂરિ પાસે સં.૧૫૭૪માં વૈશાખ શુદ ૩ને દિને દીક્ષા લીધી. દીક્ષાનામ સોમવિમલ. પછી તે સૂરિએ સં. ૧૫૮૩માં સૌભાગ્યહર્ષને સૂરિપદ આપ્યું ને સૌભાગ્યહર્ષસૂરિએ પંડિત-પદ સોમવિમલને શિરોહીમાં આપ્યું. અને વિજાપુરમાં અમદાવાદના સંઘે આવી ઉપાધ્યાયપદ અપાવ્યું. સં.૧૫૯૭માં આસો સુદ ૫ ને ગુરુવારે અમદાવાદમાં સોમવિમલને આચાર્યપદ આપ્યું. અને બીજા લઘુઆચાર્ય સકલહર્ષસૂરિ સ્થાપ્યા. પછી ખંભાતમાં ગચ્છનાયકપદ સોમવિમલસૂરિને આપવામાં આવ્યું – સં.૧૬૦૫ મહા સુદ પાંચમને દિને. આ તેમના શિષ્ય આણંદસોમે સં.૧૬૧૯માં કરેલા 'સોમવિમલસૂરિ રાસ' (જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય – શ્રીજિનવિજયજી સંપાદિત – તેમાં પ્રકાશિત)માંથી લીધેલું છે. સોમવિમલસૂરિ સં.૧૬૩૭ માર્ગશીર્ષમાં સ્વર્ગભાક્ થયા.

(૯૦૨) ધમ્મિલ રાસ ર.સં.૧૫૯૧ પોષ સુદ ૧ રવિવાર ખંભાતમાં

આદિ – **સરસતિ** મઝ મતિ દિઉ ઘણી, આણી અંગ ઉછાહ,
પયપંકય સેવઇં સદા, જેહનઇં સુરનરનાહ. ૧
આદિ સંતિ શ્રી **નેમિ** જિન, પ્રગટ **પાસ** જિનચંદ,
સયલ ઋદ્ધિ મંગલ કરણ, પ્રણમું **વીર** જિણંદ. ૨
પાંચઇ પરમેસર પ્રગટ, પ્રણમી પુહવિ પ્રસિદ્ધ,
અવર સવે જિનવર નમી, વલી વિશેષિહિં સિદ્ધ. ૩

વસ્તુ

રિસહ જિણવર **રિસહ** જિણવર પાય પણમેવિ,
વાંદવી શ્રી **શાંતિ** જિન **નેમિનાથ** દુહ-દુરિઅ-ખંડણ.
પાસ જિણેસર સેવીઇ, **થંભ** તિત્થવર નયરમંડણ,
વીર જિણેસર પય નમી, ચઉવીસમુ જિણેસ,
ગાઉ **સરસતિ** મતિ ધરી, **ધમ્મિલચરીઅ** વિસેસ. ૪

અંત – શ્રી **તપ**ગણશિણગાર, શ્રી **રતનશેખરસૂ**રિ સાર,
સિરિ **લખિમિસાગર**સૂરિ, જસ નામઈ પાતક દૂરિ. ધન. ૮૬
શ્રી **સુમતિસાધુ** સૂરિંદ, તસુ પટ્ટઈં અભિનવ ચંદ,
શ્રી હેમવિમલ સૂરિરાય, જસ પ્રણમઈ ભૂપતિ પાય. ધન. ૮૭
તસુ પટ્ટઇ ધુરંધર ધાર, પય પ્રણમઇ ભૂપતિવીર,
શ્રી **સોભાગહરિષ** સૂરીસ, કહઈ **સોમવિમલ** તસ સીસ. ધન. ૮૮
સંવત **ચંદ્ર નિધાન** વલી **તિથિ** સિઉં કરીઅ પ્રધાન,
પોસ માસ શુદિ સાર, વલી પડવે આદિત્યવાર, ધન. ૮૯
શ્રી **ખંભ**નયર સુવિશાલ, તિહાં રચિઉં રાસ રસાલ,
જે ભણઇ ચરીઅ પ્રધાન, તે પામઇ નવહ નિધાન. ધન. ૯૦

(૧) સં.૧૬૭૩ **પત્તન**નગરે. પ.સં.૯, પ્ર.કા.ભં. નં.૭૭૭. (૨) પ.સં.૧૨-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૫૬. (૩) પ.સં.૨૨-૧૫, વચમાં ત્રૂટક, રો.એ.સો. *બી.ડી.૨૦૬ નં.૧૯૮૧. (૪) સં.૧૫૯૧ માઘ શુદિ ૧૦ ગુરૂ* હેમવિમલસૂરિ પટ્ટે **સૌભાગ્યહર્ષસૂરિ** શિ. **સોમ**વિમલગણિભિર્લિખાપિતા કૃતા ચ પરોપકૃતિકૃતે ઉ વિ. સં. જ્ઞા. ભં. ચાણસ્મા. [મુપુગૂહસૂચી.]

(૯૦૩) + શ્રેણિક રાસ [અથવા **ચોપાઈ**] અથવા **સમ્યક્ત્વસાર રાસ**

ગા.૬૮૧ ર.સં.૧૬૦૩ ભા.શુ. ૧ કુમરગિરિમાં

આદિ –

દુહા

સકલ સિદ્ધિ મંગલકરણ, જિન ચઉવીસ નમેવિ, ૧

બ્રહ્માપુત્રી **સરસ્વતી**, માય પાય પ્રણમેવિ.
ગોયમ ગણધરને નમું, વિધુ ન વિણુ શૃંગાર
સોહમ સ્વામી નમું સદા, જસ શાખા વિસ્તાર. ૨
સાર સદાફલ ગુણ તણા, હું અવિચલ પટ્ટ
અનુક્રમે પંચાવનમેં, જસુ નામે ગહગટ્ટ. ૩
હેમવિમલ તણા દીપતા, શ્રી **સોમવિમલ** સુરિંદ
તેહ તણા ચરણ નમી, હયડે ધરી આનંદ. ૪
ચંદ પરે ચડતી કલા, લાજે જેહને નામ,
શિષ્ય **સૌભાગ્યહર્ષ** સૂરિંદવર, હરખિઓ તાસ પ્રમાણ. ૫
મુખ્ય અક્ષર જે કહ્યા, તે સવિ ગુરૂ પસાય,
વણ માવિત્ર જેણે શીખવ્યું, તેહના પ્રણમું પાય. ૬

વસ્તુ.

સકલ જિનવર સકલ જિનવર ચરણ વંદેવિ,
દેવી શ્રી **સરસતી** તણા પાયકમલ બહુ ભક્તિ જુક્તિઓ,
પ્રણમી **ગોયમ** સ્વામિવર, સુગુરૂપાયકમલ સ્તઓ,
શ્રેણિક રાજા ગુણનિલુઓ, નિર્મલ બુદ્ધિ વિશાલ;
રચિસુ રાસ હું તઙ તણો. સુણીઓ અતિહિ રસાલ. ૭

અંત – **તપ**ગચ્છનાયક ગણધરૂ એ માહાલંતડે, **સોમસુંદર** સુરિરાય,
તસ પાટ ગચ્છ તે વંદસ્યિએ મા., **મુનિસુંદરિ** સૂરિપાય.
તસ શાખા સોહંકરૂ એ મા. **રત્નશેખર** સુરિંદ,
તસ પાટે ગયણ દીપતા એ મા., **લક્ષ્મીસાગર** સુરચંદ.
સુમતિસાધુ સુરીસરૂ એ, મા. અજુઆલી ગુરૂપાટ,
સોભાગી સોહામણું એ, મા. તસ નામે ગહગાટ.
હેમ પરે જગવલ્લહુઓ, મા. શ્રી **હેમવિમલ**સૂરિ,
સૌભાગ્યહર્ષસૂરિ પાટધરા મા., નામિઇ સંપદ ભૂરિ. ૯૮
સોમવિમલસૂરિ તાસ પાટે, મા. પામી સુગુરૂ પસાય,
શ્રી **વીર**જીણેશ્વર મહિમા ધરી એ, મા. ગાયો **શ્રેણિક**રાય.
ભુવન(૩)**આકાશ**(૦)**હેમકર કલા**(૧૬) એ, મા. સંવત અહિનાણે,
ભાદ્રવા સુદ સોહામણી એ, મા. પડવે ચડયો પ્રમાણ.
કુમારપાળરાય થાપીઓ મા. **કુમરગિરિ** પુર સાર,
શાંતિ જિણંદ પસાઉલે, મા. રચીઓ રાસ ઉદાર.

દુહા ચોપાઈ વસ્તુ ગીત મા., સર્વ મળી કીધો માન,
૭સેં એકાશી આગલે એ મા. જાણે સહુએ જાણ.
અધકું ઓછું મેં ભણ્યું એ મા., જે હોય રાસ મોઝાર,
તે પંડિત સર્વ શોધજ્યો એ, મા. આગમને અનુસાર.
સુણી જે નરનારી ગાયસે એ, મા. સુણસે આણિ રંગ,
તે સુખ સંપદા પામસે એ, મા. ભોગ ભલી પરે ચંગ.
જ્યાં લગે મેરૂ મહીધરૂ એ, મા. જ્યાં લગે શશધર તાર.
ત્યાં લગે રાસ ચિરં જયુ એ મા. નિત્ય મંગલ જયકાર.

(૧) ઇતિશ્રી શ્રેણિકરાજ સંબંધિ સમ્યક્ત્વસાર રાસે ચતુર્થ ખંડે સંપૂર્ણકૃતં લિખિતં ચ શ્રી કુમરગિરિ નગરે શ્રી સોમવિમલસૂરિણા શ્રીરસ્તુ. પ.સં.૧૮-૧૭, ખેડા ભં.૩ (કર્તાની સ્વહસ્તલિખિત પ્રત). (૨) લિખિતં ચ મિહિસાણા નગરે. (કર્તાની સ્વહસ્તલિખિત પ્રત) પ.સં. ૩૧-૧૩, હા.ભં. દા.૭૮ નં.૩. (૩) સં.૧૬૫૦ પોસ વદિ ૭ લ. પાટણ સ્થાને ઋષિ ચાંપા શિષ્ય પદમકુસલ પઠનાર્થં. પ.સં.૧૫-૧૮, મુક્તિ. નં.૨૩૬૬. (૪) પ.સં.૨૩-૧૬, ડે.ભં. દા.૭૦ નં.૯૨. (૫) ઉદયપ્રભગણિના લ. રો.એ.સો. મુંબઈ. (૬) પ.સં.૨૬-૧૫, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૩૧. (૬) સં.૧૬૮૨ વા. વિનયચંદ્રગણિ શિષ્ય ઋષિ શિવચંદ્રગણિ શિ. મુ. ઉદયસાગર લિ. ઉસમાપુરે. પ.સં. ૭-૧૭, સીમંધર. દા.૨૨ નં.૨૯. (૭) તપગચ્છાધિરાજ કમલકલસસૂરિ જયકલ્યાણસૂરિ વિશાલસોમસૂરિ પટ્ટે પૂજ્યશ્રી લક્ષ્મીરત્નસૂરિ સીસ પં. સુમતિકલસ શિ. મુનિ સિંહકુમલેન લિ. સં.૧૬૫૧ અશ્વનિ વદ ૮ શુક્રવાસરે પુનર્વસુ નક્ષત્રે શિવ નામ્નિ યોગે નાહીઅર ગામે શ્રી વીરજિન પ્રસાદાત્. પ.સં. ૧૫-૧૯, દે. લા. પુ. લા. નં.૧૩૨૬-૪૯૦. (૮) લિ. શ્રી કુમરગિરિ નગરે શ્રી સોમવિમલસૂરિણા શ્રીરસ્તુ. પં. શ્રી સંયમધીરગણિ ગુરૂભ્યો નમઃ શષ્ય ચેલા જયવંત લષિતં. ચેનસાગર ભં. ઉદયપુર. (૯) સં.૧૬૧૯ શ્રાવણ સુદ ૧૧. પ.સં. ૨૧-૧૬, લીં. ભં. (૧૦) રત્ન. ભં. (૧૧) પા. ભં. ૩-૪. (૧૨) ડે.ભં. [જૈમગૂકરચનાએં ભા.૧, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૩, ૩૯૩).]

પ્રકાશિત : ૧. પ્રકા. શા. છોટાલાલ મગનલાલ, અમદાવાદ.

(૯૦૬) ચંપક શ્રેષ્ઠી રાસ (દાન વિષયે) ર.સં.૧૬૨૨ શ્રા.શુ.૭ શુક્ર વિરાટ નગરમાં

આદિ – શ્રી વીરં **શારદાં** નત્વા શ્રી **હેમવિમલ** ગુરું
પાત્રદાને **ચ પકસ્ય** કુર્વેડહં રાસકં મુદા. ૧
કમલનયન તનયા વિમલ, કમલ કમંડલ જુત્ત,
કમલિ નયન કમલામુખી, કવિ કમલા દિઇ પુત્ત. ૨
હંસવાહનિ **સરસતી**, હંસગામિનિ કવિમાત,
હંસવણિ સોહઇ સદા, હંસ સમ તેજ વિખ્યાત. ૩
ચરણકમલિ **નતુ** જેહનિ, કવીયણ રમલિ કરંતિ,
હંસ પરિ લીણા સદા, તે પ્રણમી એકંતિ. ૪
ભાવિં જાગતિં ચિંતિ ધરી, તિત્થંકર ચુવીસ,
પ્રણમતાં જે પૂરવઇ, વંછિત સયલ જગીસ. ૫
અનુદિન સમરૂં જેહના, ચરણકમલિ રસિ લીણ,
વલી વિશેષિં **વીર** જિણ, જેહથી થયુ પ્રવીણ. ૬
ચિત્તિ ચતુર માચઉ ગણી, લહઇ ન્યાન વિજ્ઞાન,
જે ગિરુઆ શ્રી ગુરૂ થકી, તેહનૂં કરું વખાણ. ૭

અંત – ઢાલ જયમાલાનુ

ઇમ દાનનઉ મહિમા જાણી રે, દાન દેયો ભવીયણ પ્રાણી,
ધન સારથવાહિ ઘૃતદાનિ રે લહિઉ જિનવર પદ બહૂ માનિ. ૩૭૮
ખીરદાનિં ગોવાલઇં પામી રે ઋદ્ધિં **શાલિભદ્ર** મુનિ કામી,
ઇહિ લોકિ **ચંદનબાલા** રે દીધા બાકુલદાનિ રસાલા. ૩૭૯
સાઢી બાર કોડિ સુવર્ણ્ણ રે તિમ અવર ઘણાં આભર્ણ,
જોઉ **ચંદનબાલઇ** લહિયા રે ઇમ દાન તણાં ફલ કહિયાં. ૩૮૦
સુણિ **ચંપક** દાન પ્રભાવઈ રે શ્રી **લક્ષ્મીસાગર** સૂરિંદ,
બહુ શ્રુતિ ગુણ સાધુ રે સરિ **સુમતિસાધુ** ગુણધાર. ૩૮૧
છત્રીસ ગુણે સંપૂરા રે જસ ઉજ્જવલ જિમ કપૂરા
ગોતમ સમ ગુણહ નિધાન રે કલિયુગિ યુગહ પ્રધાન. ૩૮૨
જસ હેમવિમલ સમ દેહ રે, **હેમવિમલસૂરિ** ગુણગેહ,
તસુ પટ્ટિ કમલિ દિણંદ રે, ગુરૂવાદી ગુરુડ ગોવંદ. ૩૮૩
સંઘનઈ દીઇ સોભાગ હર્ષ રે સૂરીસ્વર **સોભાગહર્ષ**,
સોમવિમલ સૂરિ તસુ પટ્ટિ રે હેમવિમલ ગહિગટ્ટિ. ૩૮૪
તેણઇ રચીઉ રાસ રસાલ રે, વરનયર **વઇરાટઈ** વિશાલ,
વરસ **બાહુ નયન રસ ચંદ** રે, સંવત્સર ઇણિ ઇહ નાણિંઈ. ૩૮૫

ઇતિ શ્રવતઇ શ્રાવણ માસ રે, શુદિ સાતમિ શુક્ર ઉલ્હાસિંઇ,
રચિઉ રાસ ધરી આણંદ, સોમ સૂરિ જિમ ગંભીરિંદ. ૩૮૬
તાં ચિર જયુ ચંદ ઇક રાસિ રે, સુણતાં સવિ પુહચઇ આસ,
ભણતાં ભલી વાધઈ બુદ્ધિ રે, ગુણતાં તે ગિરૂયડિ સિદ્ધિ. ૩૮૭
શ્રી સરસતિ જિન વર્દ્ધમાન રે વલી શ્રીગુરનું લહી માંન,
એ ચડીઉ રાસ પ્રમાણ રે, કવિ કવીઉ કવિત વિનાણિ. ૩૮૮
એ ચંપક ચતુર સુજાણ રે, ઇણિ પાલી જિનવર આંણ,
નામ લેતાં સફલ વિહાણ રે, શ્રી સંઘનઈ કરૂ કલ્યાણ. ૩૮૯

(૧) વડલા મધ્યે લ. પ.સં. ૧૧-૧૫, ગો. ના. (૨) સં.૧૬૬૯ ફા. વદિ ૯ શુક્રે તપાગચ્છાધિરાજ સોમવિમલસૂરિ શિ. પં. સહિજપ્રમોદગણિ શિષ્ય પં. હંસપ્રમોદગણિ લ. દેકાવાડા ગ્રામે શ્રી મહાવીર પ્રસાદાત. પ.સં. ૧૯-૧૭, લા. ભં. નં.૪૭૩. (૩) પં. સકલપ્રમોદગણિના લિ. સં.૧૬૨૬ પત્તન મહાનગરે. પ સં. ૧૭-૧૫, સુંદર પ્રત, વી. ઉ. ભં. દા.૧૭. [મુપુગૂહસૂચી.]

(૯૦૫) ચસિમાં શબ્દના ૧૦૧ અર્થની સઝાય ૨.સં.૧૬૩૨ શ્રા. સુ.૭ અમદાવાદમાં

આદિ – પ્રણમઉં પરમ પુરૂષ પરભાવિ, મનોરથ સીઝઇ જાસ પ્રભાવિ,
અવિરલ વાણિ સદા વરસતી, સરસતિ મા વરસતિ. ૧
મોટુ ભારતિનુ ભંડાર, શબ્દરયણનઉ જિહાં નહીં પાર,
જેહથી લહીઇ અર્થ અનેક, ચસિમાં શતકું લેઈ એક. ૨

અંત – પુહ ચસિમાં કુગતિ પાપ કરીનઇ પ્રાણી,
સુખકર સાચઈ મનિ ધર્મ કરે હિત આણી,
એ ચસિમાં બોલના અર્થ એકસુ એક,
શ્રી સોમવિમલસૂરિ જંપઇ કરી વિવેક. ૩૧
શ્રી વિક્રમ નૃપથી સંવત્સર શત સોલ,
બત્રીસ શ્રાવણિ શુદિ સાતમિ રંગરોલ.
નક્ષત્ર શુભ સ્વાતિ અહમદાવાદિ અર્થ,
રચિયા એ ભણતા સીઝઇ સઘલા અર્થ. ૩૨

(૧) શ્રી સુધર્મગચ્છે ભ. વિનયદેવસૂરિ (જુઓ નં.૨૩૭) તત્પટ્ટે ભ. વિનયકીર્તિસૂરિ શિ. ઋ. વરસિંહ શિ. ઋ. કુઅરજી લિ. પ.સં.૧-૧૭, મુનિશ્રી જિનવિજયજી પાસે.

(૯૦૬) મનુષ્ય ભવોપરિ દશ દૃષ્ટાંતનાં ગીતો

(૧) અમદાવાદમાં પં. વિચારહંસના શિષ્ય ધ્યાનસહજે લખ્યાં. પ્રવર્તિની ઉદયસુંદરી શિષ્યાના પઠનાર્થે. પ.સં.૪, ભાં.ઇ. સને ૧૮૭૧-૭૨ નં.૨૯૦. [આલિસ્ટઑઇ ભા.૨.]

(૯૦૭) ક્ષુલ્લકકુમાર રાસ ગા ૩૦૩ ર.સં.૧૬૩૩ ભાદ્રપદ વદ ૮ અમદાવાદના રાજપુરમાં

આદિ – વસ્તુ

સકલ મંગલ સકલ મંગલ કરણ શ્રી **વીર**,
ધીરપણુઈ જિણિ તપ તપી ષપી જિણિ સિદ્ધ લિધિ,
એકચિત્તિ ચિંતીતા હુઈ સયલ વંછિત સિદ્ધઅ,
શ્રી **હેમવિમલ** સૂરિંદના ચરણકમલ વંદેવિ,
ગાઈસુ હું **ક્ષુલ્લકકુમર** સેવી **સરસતિ** દેવિ. ૧

અંત – શ્રી **ક્ષુલ્લકકુમર** ચરિત્ર સુણઇ ગાઈ તેહ પવિત્ર,
સોમસુંદર ગછિ ગુણધાર, શ્રી **સોમસુંદર**સૂરિસર. ૩૦૨
મુનિસુંદર જસ પરિવાર, **મુનિસુંદર**સૂરિ ગણધાર,
જિમ રતન શિષરિ ચડયું સોહઇ, સૂરિ **રતનશેષર** મનિ મોહઇ. ૩૦૩
જિમ લષિમી સાગર આપઈ, તિમ **લષિમીસાગર**સૂરિ થાપઈ,
ગુરૂ સુમતિ સાધુજનિ રોપઈ શ્રી **સુમતિસાધુ**સૂરિ ઉપઇ. ૪
જિમ હેમવિમલ ગુણ ગેહ તિમ **હેમવિમલ**સૂરિ દેહ,
સંઘનઈ દિઈ સોભાગ હરિષ, સૂરિ **સોભાગહરિષ**. ૫
હેમ સીસ તાસ પટ્ટધાર, સૂરિ **સોમવિમલ** ગણધાર,
તિણિ તવીઉ **ક્ષુલ્લકકુમાર**, શ્રી સંઘનઈ જયજયકાર. ૬
શ્રી **ગૂજરદેશ** પવિત્ર, તિહાં નગર અછઇ સુપવિત્ર,
નાંમિ શ્રી **અહમ્મદવાદ**, સુરપુર સ્યું જે લિઇ વાદ. ૭
તિહાં પુર છઈ પવિત્ર અનેક, સિરિ **રાજપુર** સુવિવેક,
તિહાં રચીઉ રાસ રસાલ, જે ગાતાં સુખ વિશાલ. ૮
વસ્તુ દૂહા ચોપાઈ પરમાણ, સત ત્રિણિ ત્રિડોત્તર જાણ,
શત ચ્યારિ પંચવીસ શ્લોક, ભણતાં હુઈ પુણ્યસિલોક. ૯
સંવત્સર **સોલ તેત્રીસ** ૧૬૩૩ ભાદ્રવા વદિ આઠમિ દીસ,
શ્રી **નેમિ** જિણેસર સાંમી, તસુ નામિં નવનિધિ પાંમી. ૧૦

(૧) ઇતિ શ્રી ક્ષુલ્લકકુમાર રિષિ રાસ સંપૂર્ણઃ ઇલદુર્ગ નગરે પૂજ્યપંડિત શ્રી લક્ષ્મીકુલગણિ શિષ્ય મુ. રાજકુલ. પ.સં.૮-૧૯, લીં. ભં. [લીંહસૂચી.]

(૯૦૮) કુમરગિરિમંડણ શ્રી શાંતિનાથ સ્તવન કડી ૩૮

આદિ – સરસ વચન દિઉ **સરસતી**, **સંતિ** જિણેસર રાય,
ભગતિઈં ભાખું વીનતી, પામી શ્રી ગુરૂપાય. ૧

અંત – સા(ડ)ત્રીસે દૂહે કરી, વીનવિઉ અંતિ જિણંદ;
શ્રી **સોમવિમલસૂરિ** ઈમ ભણઈ, **કુમરગિરિઈં** આણંદ. ૩૮

(૯૦૯)[+] પટ્ટાવલિ સઝાય ર.સં.૧૬૦૨

(૧) વિદ્યા. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. પટ્ટાવલી સમુચ્ચય ભા.૨.]

(૯૧૦) અન્ય સઝાય

૧. સઝાય : આદિ—કપૂર હોવે અતિ ઉજલું. (મારી પાસે)

૨. સઝાય : આદિ—નગર **રતનપુર** જાંણીયઈ, સુરવર સમવડિ જાણીયઈ. (મારી પાસે)

(૯૧૧) દશવૈકાલિકસૂત્ર બાલા.

(૧) પ.સં.૩૪, ખેડા સંઘ ભં. દા.૨ નં.૫૯. (૨) પ.સં.૪૦, ચં.ભં.

(૯૧૨) કલ્પસૂત્ર બાલા.

(૧) સં.૧૬૫૬ આસો વદિ ૬ શનિ પંન્યાસ **જ્ઞાનવિજય** પ. **સવસી** લ. પ.સં.૧૭૦, ખેડા ભં. (૨) પ.સં.૧૭૮. તિલક. ભં. પો.૭. (૩) ચિત્રમય, પ.સં.૨૦૦, વિજાપુર. (૩) ગ્રં.૪૦૦૦, પ.સં.૧૩૩, લ.સં. ૧૬૫૯, લીં.ભં. દા.૮ નં.૧૨. (૪) પ.સં.૧૪૪, લીં.ભં. દા.૮ નં.૧૪. (૫) ગ્રં.૫૦૦૦, લ.સં.૧૬૭૮, પ.સં.૧૧૩, લીં.ભં. દા.૧૨ નં.૪૦. (૬) લ.સં. ૧૭૪૦, પ.સં.૭૦, પ્ર.કા.ભં. દા.૧૦૦ નં.૧૦૬૫. (૭) લ.સં.૧૭૮૬, પ.સં. ૧૪૭, પ્ર.કા.ભં.દા.૮૪ નં.૮૮૦. (૮) પ.સં.૧૭૧, ચં.ભં. (૯) પ.સં. ૧૪૩, પ્ર.કા.ભં. નં.૫૦૨. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૨, ૧૩૨, ૧૯૭, ૪૭૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૩–૮૮ તથા ૬૦૨, ભા.૨ પૃ.૫૯૩, ભા.૩ પૃ.૬૪૮–૫૨ તથા ૧૫૯૬. 'કલ્પસૂત્ર બાલા.'ની પ્ર.કા.ભં.ની નં. ૫૦૨ની હસ્તપ્રતમાં ર.સં.૧૬૯૫ હોવાનું નોંધાયું છે, પરંતુ એમાં કશીક ભૂલ જણાય છે.]

૪૪૧. લક્ષ્મીમૂર્તિ (સકલહર્ષસૂરિશિ.)

સકલહર્ષસૂરિને આચાર્યપદ સં.૧૫૯૭. જુઓ જૈન ગૂર્જર કવિઓ, પ્રથમ આવૃત્તિ ભા.૨, પૃ.૭૪૫.

(૯૧૩) શાંતિનાથ સ્ત. [ભવસ્થિતિગર્ભિત – કુમરગિરિમંડન] કડી ૭૦
આદિ – ત્રિભુવનપતિ જિનપય નમી. **સંતિ** જિણેસર રાય,
કર જોડી કરૂં વિનતિ, લહિ સહિગુરૂપસાય. ૧
અંત – કલસ
ઇય **સંતિ** જિનવર નમિત સુરનર **કુમરગિરિવરમં**ડણો,
શ્રી **સકલહરષ** સુરિંદ સુહકર સકલદુઃખવિહંડણો,
વીનવ્યો ભગતિં ભાવ યુગતિં સુણી **અચિરાનં**દણો,
શ્રી **લછિમૂરતિ** સીસ જંપઈ દેહિ સુહ મણુનંદણો. ૭૦
(૧) લિખિતં **મુનિવિજયેન.** પ.સં.૧૨, હા.ભં. દા.૮૩ નં.૮૬.
[મુપુગૂહસૂચી.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૩-૦૪.]

૪૪૨. સુમતિ મુનિ (ત. હર્ષદત્તશિ.)

(૯૧૪) અગડદત્ત રાસ ૧૩૭ કડી ર.સં.૧૬૦૧ કાર્તિક શુ. ૧૧ રવિ
આદિ – આદિ જિણેસર પ્રણુમી પાય, સમરૂં **સરસતિ** સામિણિ માય
કર જોડી જઈ માગું માન, સેવકનઈ દેજે વરદાન. ૧
તુઝ નામઈ હુઈ નિરમલ ગ્નાન, તુઝ નામઈ વાધઇ સવિ વાન,
તુઝ મુખ સોહઈ પૂનિમ ચંદ, જાણે જીહ અમીનઉ કંદ. ૨
મૃગલોચના કહીઈ સવિશાલ, અધર રંગ જિસ્યા પરિવાલ,
વેણી જાણે જિસિઉ ભુયંગ, કઠિન પયઉહર અતિહિં ઉત્તંગ. ૩
નલવટિ ટીલી રયણે જડી, મસ્તકિ મન મોહઇ રાખડી,
કાને કુંડલ કરિ બહિરખા, હીઈ હાર સોહઈ નવલખા. ૪
તુઝ તનુ સોહઈ સવિ સણુગાર, પાએ ઘૂઘરનઉ ધમકાર,
હંસગમનિ ચાલઈ ચમકતી, તું બ્રહ્માણી તું ભારતી. ૫
તુમ્હ ગુણ કહતાં ન લહું પાર, સેવકનઈ દેજે આધાર.
સારદ નામિઇ રચઉં પ્રબંધ, સુણિજ્યો **અગડદત્ત** સંબંધ. ૬
અંત – સારદ નામ હીયડઇ ધરી, ચઇપઈબદ્ધ રાસ જે કરી
અધિકું ઉછઉં કહિઉં હુઈ જેહ, ભવીયણ જણ સાંસઇજો તેહ. ૧૩૪
શ્રી ચંદ્રગચ્છ સૂરીસર રાય, શ્રી **સોમવિમલ**સૂરિ પ્રણમું પાય,
એ ગુરૂ મહિમા મેરૂ સમાન, તાં ચિર નંદઉ ગયણે ભાણ. ૧૩૫
સંવત **સોલ એક** કાતી માસી, **સુમતિ** ભણઈ મઈ કરિઉ ઉલ્હાસિ,
સુકલ ઇગ્યારસિ આદિત્યવારિ, એ ભણતાં હુઈ હરષ અપાર. ૧૩૬

અગડદત્ત મુનિ તણઉં ચરિત્ર, ભણતાં ગણતાં હુઈ પવિત્ર;
પંડિત **હર્ષદત્ત** સીસ ઈમ કહઈ, ભણઈ ગણઈ તે સવિ સુષ
લહઈ. ૧૩૭

—ઇતિ અગડદત્ત રાસ.

(૧) સં.૧૬૩૭ વર્ષે આસો શુદિ ૧૨ ભોમે છકડીપાટક મધ્યે લખ્યતં ઋ. સોમા લખ્યાપિતં પ્ર. શ્રી સત્યલક્ષ્મીગણિના વાચનાર્થં. પ.સં.૧૦–૧૪, લીં.ભં. (૨) પ.સં.૪–૧૫, લીં.ભં. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ. ૧૮૧–૮૨.]

૪૪૩. સૌભાગ્યહર્ષસૂરિશિષ્ય

(૯૧૫)+શ્રી ગચ્છનાયકપટ્ટાવલી સ. [અથવા **સોમવિમલસૂરિ ગીત**]
(ઐ). ગા.૫૧ ર.સં.૧૬૦૨ જે.શુ.૧૩

આદિ– **સરસતિ** દ્યુ મતિ મુઝ અતિ ઘણી, હું છઉં સેવક નિજ તેહ ભણી.
ગાઇસુ **વીર જિણેસર** પાટ, જસુ નામિ હુઇ ગહગાટ. ૧

અંત– સંવત **સોલ બાડોત્તરિ** એ રચી પટ્ટપરંપરા,
વર જેઠ માસિ મન ઉલ્લાસિ તેરસિં રસિ સુખકરા. ૫૧

(૧) **તપા. વિશાલસોમસૂરિ** મંડિત મંડલી સિરોમણિ પં. જયસુંદર શિ. **જ્ઞાનસુંદર** લ. મુ. **કીર્ત્તિસુંદર** પઠનાર્થં. સં.૧૭૦૦ કા.વ.૫.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક સઝાયમાલા પૃ.૪૭થી ૫૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૭.]

૪૪૪. દેવચંદ્ર (ત. વિજયદાનસૂરિ–વિદ્યાસાગરશિ.)

(૯૧૬) સુકોશલ મહાઋષિ સ. અથવા **ગીત** કડી ૧૩ કે ૫૧
ર.સં.૧૬૦૨(૩૨) આસો

આદિ– જંબૂદ્વીપ મઝારિ, ક્ષેત્ર **ભરત** માંહિ, નયરી **અયોધ્યા** જાણીઇ એ
તિહાં શ્રી **વિજયનરિંદ**, દોઇ સુત તેહના, **વિજયબાહુ પુરંદરૂ** એ.
વિજયબાહુ કુમાર, ચાલિઉ ઘર થકી, ઇક દિન **નાટાપુર** ભણી એ
પરણી રાજકુમારિ, નામ **મણોરમા**, પરણી વલીઉ ઘાર ભણી એ. ૧

અંત– **કીરતિધર** અભિરામ, સંયમ પાલીયઇ, મુગતિ ગયા મનિ સમરઇ એ
શ્રી **સુકોશલ** સાધુ, વલીય **કીરતિધર**, સેવકજનનં સુખકરૂ એ
સંવત **સોલ સઇ**(પા.**સોલ**) **દોય**, આસો મસવાડઇ, થુણી આ
દોઇ મુનિપુંગવા એ

શ્રી **વિજયદાન** સૂરિંદ, શ્રી **વિદ્યાસાગર**, સેવક **દેવચંદ** ઇમ

ભણુઇ એ. ૧૩ (૫૧)

(૧) સં.૧૭૮૪નો એક ચોપડો, જશ. સં. (૨) સં.૧૬૯૦, ૫.સં. ૧, દાન. પો.૧૬ [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૭, ૧૧૦, ૫૫૩).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૭, ૭૩૨, ૧૦૭૨ તથા ૧૫૦૨ પહેલાં કૃતિ વિદ્યાસાગરને તેમજ દેવચન્દ્રને એમ બે નામે મુકાયેલી ને અંગે પછીથી વિદ્યાસાગર કે દેવચન્દ્ર કર્તા એવો પ્રશ્ન કર્યો છે. કડીસંખ્યાનો ફરક એક પંક્તિની કડીને ૪ પંક્તિની કડી ગણવાને કારણે થયેલો દેખાય છે. રચનાસંવતના બે પાઠ મળે છે, પણ વિજયદાનસૂરિના રાજ્યકાળ (સં.૧૫૮૭–સં.૧૬૨૨)માં રચાયેલી કૃતિ માનીએ તો ર.સં.૧૬૦૨ જ સ્વીકારવી પડે. અન્ય સૂચિઓમાં કૃતિ દેવચન્દ્રને નામે જ નોંધાયેલી છે, પણ રચનાસંવત ને કડીસંખ્યા તો જુદીજુદી મળે છે. પૃ.૧૦૭૨ પર આ જ કૃતિ ભૂલથી ભાનુચન્દ્રશિષ્ય દેવચન્દ્રને નામે મુકાયેલી.]

૪૪૫. જગા ઋષિ (ત. વિજયદાનસૂરિ–શ્રીપતિઋષિશિ.)

(૯૧૭) વિચારમંજરી કડી ૧૨૮ ર.સં.૧૬૦૩

આમાં ૨૪ દંડકનું વર્ણન છે

આદિ – વંદિય **વીર** જિણેસર દેવ, જાસુ સુરાસુર સારઇ સેવ,
પભણિસુ **દંડક** ક્રમ ચઉવીસ એક એક પ્રતિ બોલ છત્રીસ. ૧
ગણધર રચના અંગ ઉવાંગ **પન્નવણા** સુવિચાર ઉપાંગ,
તેહ થિકી જાણી લવલેસ, નામઠામ જૂજૂઆ વિસેસ. ૨

અંત – ઇમ ચુવીસે દંડક કરી, અનંત અનંતી દેહે ધરી,
દેહે ધરી થર થઇ નહીં વિક્કડી એ.
સાગર જાઇ અનંત એ, નિગોદ માંહિ વસંત એ.
જંત એ એણી પર રલઇ સંસાર માહી એ,
જિન આન્યા અંગીકરઇ, સમકિત સૂધૂં આદરઇ
આદરઇ તેહ તરિ સંસારથી એ,
ચંદ્રગચ્છિ ઉદ્યોતકરૂ, **વઈરી** સાખા મનોહરૂ એ;
મનોહરૂ શ્રી **આણંદવિમલ** સૂરીશ્વરૂ એ. ૧૨૬
શ્રી **વિજયદાન** સૂરીંદએ દીઠઇ હુઇ આણંદ એ,
આણંદ એ સાથઈ ચરણકમલ નમું એ.
શ્રીપતિ રિષિ પંડિત નમું દુસમકાલઈ ધનધનૂ એ,
ધન ધન રત્નત્રય સિઉં સોભતા એ.

એહ ભણીનઈ જે સદ્દહઇ રે, રત્નત્રય જુ તે લહઈ,
તે લહઇ અવિચલ પદવી સિધની એ. ૧૨૭
(૫૧૦) પંડિત જગરૂષી ઊચરિ. ૧૨૬
સંવત સોલ ત્રીડોતરિ ત્રીડોતરિ વિચારમંજરી એ રચી એ
એહ ભણી નિજ સદ્દહિ રે,
રત્નત્રય જુ તે લહિ તે લહિ અવિચલ પદવી સિધની એ.

(૧) પ.સં.૭-૧૧, ગોડીજી ઉ. મુંબઈ નં.૧૦૫૭. (૨) પ.સં. ૭-૧૧, વડા ચૌટા ઉ. સુરત પો.૧૭. (૩) સં.૧૬૧૮ શાકે ૧૪૮૩ ભા.વ.૧૨ શનિ. પ.સં.૮ પ્ર.કા.ભં. વડો. નં.૧૧૬. (૪) સં.૧૭૩૧ માઘ શુદિ ૪ બુધ લ. ગણિ શ્રી મતિવિમલ લિખાવિતં શ્રી રાજનગર મધ્યે. પ.સં.૯-૧૧, ડાયરા ઉ. પાલણપુર દા.૩૧ નં.૭૨. (૫) વેબર.૪ નં. ૧૯૬૪. (૬) સં.૧૬૦૫ વર્ષે ચૈત્ર શુદ ૧ અહિમદાવાદ મધ્યે લેખિતં. વિવેક ભં. (૭) ગ્રંથાગ્ર ૨૦૪, પ.સં.૮, પ્ર.કા.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૨૫૯).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૨-૮૩, ભા.૩ પૃ.૬૪૭-૪૮. ત્યાં "કોઈ કર્તાનું નામ ગુણવિમલ આપે છે" એવી નોંધ છે પણ એ નામ માટે કશો આધાર દેખાતો નથી.]

૪૪૬. હેમરત્નસૂરિ (પા. દેવતિલકસૂરિ-જ્ઞાનતિલકસૂરિ-પદ્મરાજગણિશિ.)

(૯૧૮) શીલવતી કથા ર.સં.૧૬૦૩ પાલીમાં

અંત – પૂનિમગચ્છપતિ ગુણનિલો શ્રી જ્ઞાનતિલક સુરીસ,
જય પયપંકય સેવતાં પૂજ્યે સયલ જગીસ. ૬૯
તસ પયપંકજ સૂર સમ શ્રી હેમરતન સૂરીંદ,
સીલકથા તિણિ અ કહી પ્રતપો જાં રવિચંદ. ૭૦
સંવત સોલત્રિરોતરે પાલી નયર મઝારિ,
સીલકથા સાચી રચી પ્રવચન વચન વિચાર. ૭૧

(૧) લિષિતં ગણિ કેશરવિમલગણિ શ્રી હાજીવાસ મધ્યે. વિ.ધ.ભં.

(૯૧૯) લીલાવતી [ચોપાઈ] ર.સં.૧૬૦૩

(૧) વિ.ધ.ભં. [મુપુગૂહસૂચી.]

(૯૨૦) મહીપાલ ચોપાઈ ગા.૬૯૬ ર.સં.૧૬૩૬

(૧) પ.સં.૬૫, લીં.ભં. દા.૩૯ નં.૧૬. [લીંહસૂચી.]

(૯૨૧) ગોરાબાદલ કથા અથવા **પદમણી ચોપાઈ** ર.સં.૧૬૪૭(૫) ચૈ.વ.૧૪ ગુરુ સાદડીમાં

ટીપમાં ૧૬૪૫-સોલઈ સઇ પણુયાલ.

આદિ - દુહા.

સકલસુષદાયક સદા સિદ્ધિ બુદ્ધિ સહિત **ગુણેશ,**
વિઘનવિડારણ રિધકરણ, પહિલી તુઝ પ્રણમેશ. ૧
બ્રહ્મ વિષ્ન શિવ સૈ સુષૈ, નિતુ સમરૈં જસ નામ,
તિણ દેવી **સરસતિ** તણૈં, પદજુગ કરૂં પ્રણામ. ૨
પદમરાજ વાચક પ્રભૂતિ, પ્રણમું સદગુરૂપાઇ,
કેલવંત સાચી કથા, તથા ન લાગૈં કાઇ. ૩
નવરસ દાષૈં નવનવા, સયણ સભા સિણગાર,
કવીયણ મુજ કીજ્યૈ કૃપા, વદતા વયણ વિચાર. ૪
વીરારસ સૃંગારરસ, હાસરસ હિત હેજ,
સાંમિધ્રમ વિધિ સાંભલૌ, જ્યું વાધૈ તનતેજ. ૫
સીલ સાચ જગિ ભાષીઇ, જસુ પ્રસાદિ શુષ હોઇ,
પદમણિ જિણ પરિ પાલીયૌ, સાંભલિયૌ સહુ કોઈ. ૬
ગોરૌં વાદલ રિંણગહિલ, જિન્હૈ સુહડ બલિવંત,
બોલિસ વાત હૂઈ યથા, સુણયો સગલા સંત. ૭
રતનસેન રાજા તણૈ છલિ રાષી કુલટેક,
ગૌરો વાદલ સૂરિમા, સતધારી સુવિવેક. ૮
સાંમિધ્રમ જ્યાં સાચવ્યૌ, વીરા રસ સવિસેષ,
સુહડા મૈં સોભા લહી, રાષી ઘ્યત્રવટ રેષ. ૯
યુદ્ધ જીતૌ, જસ ષટીયૌ, વસુ પુડિ હુઆ વિખ્યાંત,
ચિત્રકોટ ચાવૌ કિયૌ, સુણયો તે અવદાત. ૧૦
નર નરપતિ પંડિતસભા, સાંભલયૌ સહુ કોય,
પરચા દાંભન ધન દીઇં, ધ્રમ સંત ધારી કોઈ. ૧૧

અંત – **ગોરા વાદલની** એ કથા, કહી સુંણી પરંપર યથા,
સાભલતાં મનવંછિત ફલૈ, રોગ સોગ દૂષ દોહગ ટલૈ. ૯૦૧
સાંમધરમ સાપુરસા હોઇ, સીલ દિઢ કુલવંતી જોઈ,
હીંદૂ ધ્રમ સત પરમાંણ, વાગા સુજસ તણા નિસાંણ. ૯૦૨
ધનિ નારી **પદમણિ**નો સીલ, સંકટ માહિ પાલ્યો સીલ,

સીલપ્રતાપૈ છૂટૈ રાઈ, ગઢ રાખ્યો જસ હૂયો સવાઈ. ૯૦૩
ધનિ ષગધારિ નર રજપૂત, સગલી વાતે રાષૈ ભૂત,
ઊતમ પુરસ ચરિત્ર સુષકંદ, સુણતાં લહીયૈ પરમાણંદ. ૯૦૪
પૂનિમપક્ષ ગિરૂઆ ગણધાર, **દેવતિલક**સૂરિ સુષકાર,
ગ્યાંનતિલક સૂરીશ્વર તાસ, પ્રતપે પાટૈં બુદ્ધિનિવાસ. ૯૦૫
પદમરાજ વાચક પરધાંન, પુહવી પ્રગટ સકલ ગુણવાંન,
તાસ સીસ મનરંગૈ ઘણૈં, **હેમરતન** વાચક ઈમ ભણૈ. ૯૦૬
વાત રચી એ **બાદલ** તણી, સાંમધરમ અતિ સોહાંમણી,
વીરા રસ સિંગાર વિસેષ, સીલ સધર **પદમણિ** સુવિવેક. ૯૦૭
સુણતાં સુષ ચતુરાઇ વધૈ, નીતરીત સૂરાતન સધૈ,
ઊજમ તેજ હુઇ અતિ ઘણો, વિવિધ કહી જાંણૈ મંત્રણો. ૯૦૮
(બીજી પ્રતમાં નીચે મુજબ છે.)
સંવત સોલહ સૈ સૈતાલ, શ્રાવણ સૂદિ પાંચિમ સૂવિસાલ.
પોહવી પીઠ ઘણુ પરગડી. સબલપૂરી સોહૈ **સાદડી**.
પ્રથવી પ્રગટ રાંણ **પ્રતાપ,** દિન દિન ચઢતૈ તેજ વિખ્યાત,
તસ મંત્રીસર બુધિનિધાન, **કાવેઢચા** કુલતિલક સમાંન.
સાંમધરમ ધૂર **ભાંમોસાહ**, વૈરી વંસ વિધુસણ રાહ,
તસ લધૂ ભાઇ **તારાચંદ**, અવની જાંણી અવતરીયો ઈંદ.
ધૂજિમ અવિચલ પાલ ધરા, સત્રૂ સોહ કીધા પાધરા,
તસ આદેસ લહી સદભાય, **બાદલ**વાત રચી સદભાય.
સૂંણ્યૌ તિસૌ ભાખ્યૌ પરબંધ, સાંમધરમ વીરારસ સંબંધ,
ઉજમ અંગ હુવૈ અતિ ઘણૌ, મોહ કમ કર જાંણૈ મંત્રણૌ.
સાંમધરમ પાલંતા સદા, પામૈ નવનિધિ ઘર સંપદા;
(સુર નર સહૂ પ્રસંસા કરે, વરમાલા લે લિષમી વરૈ.)
ષટ સિત ગાથા ષોડ સંબંધ, સૂંણતાં પાંમૈ આણંદકંદ. ૯

કલસ કવિત્ત.

હેમરતનકી બુદ્ધિ છંદ ચોપઇ પ્રથમ કીય,
અબ કછુ વયણ વિશેષ સુકવિ રાજસ ગુણ થપીય,
સુદ્રિઢ બંધ સંગ્રામ, સૂર ચિતવેધક વાઇક,
કવિત દૂહા ચોપઈ, ધરે નૌતન જહાં લાઇક,
મહિલા ગ્રંથ ઉજ્જલ કલી ત્રીયસરૂપ ભૂષણ સજે,

રંગ રેષ ભરે સિત્રામ, સિર ગુલ કચારી દરષત ઉપવન મઝે. ૯૧૦

દૂહા

કહૂં દોહા કહુ ચોપઈ કહુ કહુ કવિત સુચંગ,
વયણુ નીર જ્યું મિલિ રહૈ, મનહું ત્રિવેણી સંગ. ૯૧૧
અમરશાણુ જેસીંઘ સુત, તપે ભાંણુ હીંદૂવાંણુ,
પ્રિથીનાથ પૂમાણુ પહ મોજલહિર મહિરાંણ. ૯૧૨
પાટ ભગત **દિલ્લી** પુરા સામધરમ પરધાન;
સીંધ સકજ રૂપા સુતન, નિરમલ બુધિનિધાંન. ૯૧૩
સૂરાતન વેધક ચતુર, ભેદા લગ ભૂપાલ,
બલ છલ અણુકલ સાંમધ્રમ, **વાદલ** જ્યું વિરદાલ. ૯૧૪
ગુણગ્રાહક ગ્યાયક સુગણ, દત મોજાં દરિયાવ,
સીંધ સાહ રાષૈ સદા, **ભાગવિજય**સું ભાવ. ૯૧૫
તાસ પિઆરી ચોપઇ મનમાંની અતિમોજ
તેં દાતા ચિતરીઝવણુ બાંધે કવિત્ત સચોજ ૯૧૬
વદિ ચૈતહ સાઠે વરસ તિથિ ચોદસિ ગુરૂવાર,
બંધે કવિત્ત સુવિત્ત પરિ, **કુંભલમેર** મઝાર. ૯૧૭

(૧) ઇતિ શીલવિષયે સ્વામીધરમ વિષયે ગોરાબાદલ ચોપઇ સં.૧૭૦૧ ચૈ.સુ.૧૦ સોમ પં. **સુજાણનંદગણિ મહિમાચંદગણિ** ચરણ સેવક **મલુકચંદગણિ** લિ. આમાં અંતે એક ચોપાઈ વિશેષ છે :

શટ્શત ષોડશ ગાથાબંધ, સુણ્યોઇ ચતુર તસુ ભાખ્યઉ સંબંધ,
અધિકઉ ઉણઉ જો હુવેઇ ઉચ્ચર્યો, સયણુ સોધીનિં કરાયો ખરઉ.

પ.સં.૩૬, સિનોર ભં. (પુનમિયાગચ્છીય પ્રાયઃ ભાટચારણ જેવા વહીવંચાનો ધંધો કરતા હતા એમ ગુરુમુખે સાંભળ્યું છે – ચતુરવિજય) (૨) સં.૧૭૨૯ આ.વ.૨ બુધે **અજીમપુરે અંચલગચ્છે** ભ. **અમરસાગરસૂરિ** રાજ્યે પં. **મતિકીર્ત્તિ** મુનિ **વિમલકીર્ત્તિ** તત્ ભ્રાતૃ મુનિ **લલિતકીર્ત્તિ** મુનિ **જયતકીર્ત્તિ** સહિતેન લિ. પ.સં. ૨૨-૧૭, રત્ન ભં. દા ૪૩ નં.૫૨. (૩) સં.૧૭૩૧ માગ.વ.૧ રવિ કનકનિધાન શિ. **હીરવર્દ્ધન** લિ.પ.સં.૧૨, અભય. પો.૧૩ નં.૧૪૨. (૪) સં ૧૭૬૭ પો. વ ૧૦ **બર્હાંરાંમપુરે**. દે. લા. પુ. લા. નં.૩૭૨. (૫) વાદલ જયલક્ષમી વર્ણનનાંમ પ્રથમ ખંડ સંપૂર્ણ: સં.૧૭૯૬ શાકે ૧૬૬૧ પોષ શુ. ૯ તિથૌ ગુરૂવારે **ખરતરગચ્છે ભટારકીયા કીર્ત્તિરત્નસૂરિ** સાખાયાં **પુન્યહર્ષ** ગણિ

શિષ્યમુખ્ય વા. **સાંતિકુસલગણિ** શિ. પં. **પૂરણપ્રભેણ** શિષ્ય **માનરત્ન** વાચનાર્થં. એક ચોપડો, છેલ્લાં પત્રો ૧થી ૨૪, અનંત ભં. નં.૨. (૬) ઇતિ શ્રી ગોરાવાદલરિ એ કૌતિક વિષયે પદમણી ચૌપઇ સંપૂરણમ્. સંવત ૧૭૬૭ વર્ષે પોષ વદિ ૧૦ દિને લિપિચક્રે બ્રહ્રંમપુરવરે શુભં ભૂઇયાત્ દીર્ઘાયુષાં શ્રીરસ્તુ. પ્ર.કા.ભં. [અહીં નોંધાયેલી પુષ્પિકા નં. (૪)ની હોવા સંભવ છે.] (૭) વિવેક ભં. (૮) દે.લા. [મુપુગૃહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૩).]

(૯૨૨) સીતાચરિત્ર ૭ સર્ગ

ચોપાઈ મુખ્યપણે છે. દુહા પણ છે. કોઈકોઈ ઢાલ છે. દા. ત. ઢાલ બાલૂડાની, જયવંતીની, ત્રિપદી, ઢાલ સંધિની, વઇરાડી, ઉલાલાની, ફાગરી ઢાલ છે.

આદિ – શ્રી ગણેશાય નમઃ દુહા.

શ્રી **રિસહેસર** પઢમ જિણ, સોલમ **સંતિ** જિણંદ,
પાસ જિણંદ (**મહાવીરને**), નમું અધિક આણંદ. ૧
સમરૂં **સરસતિ** સાંમિણી, રાજહંસ-રથરૂઢ,
જાસ પસાઈ કવિ હુઆ, મોટા જે (હુતા) મૂઢ. ૨
પૂનિમગચ્છ પરગડા, શ્રી **દેવતિલક** સૂરિંદ,
જસ પય સેવિ સાસતા, વિબુધ નરેસર વૃંદ. ૩
તાસ સીસ સુખસંતિકર, શ્રી **જ્ઞાનતિલક** સૂરિસ,
વિબુધસિરોમણિ વંદિસ્યું, વિદ્યાનિધિ વાગીસ. ૪
જસ જસ સોહિ સિસિ જિસી, પદ્દિ–તિ ચઇ જસ માંન,
પદમરાજ વાચક નમું, પ્રવચન વચન નિધાંન. ૫
સંઘ તણી હિવ સાંનિધઇ, નિજગુરૂચલણ **નમેવિ**,
સરસ સકોમલ **સીત**ના, ચરિત રચૂં સંખેવિ. ૬
પદમરાજ વાચક સુપસાઇ, **પદમચરિત્ર** ગ્રહી મન માહિ,
હેમસૂરિ ઇમ જંપઇ વાત, ત્રીજા સરગ તણો અવદાત.

અંત – **સીતારામ** તણઉ નિરવાંણ, પુણ્યયોગિ ચઢીઉ પરિમાંણ,
સીતા પુંહતી સુખ સું સરગ, અવતરઇ હુઉ સપ્તમ સગ્ગ.
પૂનિમગચ્છ ગિરૂઉ ગણધાર, શ્રી **દેવતિલક** સૂરીસર સાર,
તસ પટિ **ચંદનતિલક** સૂરીસ, જપતાં પૂજઇ સયલ જગીસ.

તાસ સીસ સૂરીસર સાર, **હેમરત્ન** ઇમ કહઇ વિચાર,
સીલ તણઇ ફલ **સીતાચરિત્ર**, જે સુણતાં હુઇ પુણ્ય પવિત્ર.

(૧) ઇતિશ્રી (સીતા) ચરિત્રે રાંમ સીતા દીખ્યા વર્ણનો નામ મોક્ષાભિગમનો નામ સપ્તમ સર્ગ. જૂની પ્રત, પ.સં.૬૭-૧૩, મ.જૈ.વિ. નં. ૪૮૨. (૫) પ.સં.૬૩-૧૪, સાતમો સર્ગ ચાલી અપૂર્ણ, પ્રથમનાં બે પત્ર નથી, સે.લા. નં.૧૭૫૭. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૭-૧૧, ભા.૩ પૃ.૬૮૦-૮૨. 'શીલવતી કથા' અને 'લીલાવતી ચોપાઈ' બે જુદી કૃતિઓ હોવા વિશે શંકા રહે છે.]

૪૪૭. અજ્ઞાત

(૯૨૩) નાગિલ સુમતિ રાસ ૧૦૭ કડી ર.સં.૧૬૦૪

આદિ – **વીર** જિણેસર પાએ નમી, પૂછઈ **ગોયમસ્વામિ**,
કિમ **સુમતિ** ભવ માંહિ ભમ્યો, **નાગિલ** કિમ શિવઠાણિ. ૧
કુગુરૂસંગ **સુમતિ** કીઉ, તુ ભવ ભમ્યો અનંત,
નાગિલિ તે પુણ પરિહરિઉ, જુઓ પામ્યો ભવ-અંત. ૨

અંત – સંવત **સોલ ચ્યાલઈ** વલી રાસ રચ્યુ ઉદાર રે,
ભણઈ ગુણઈ જે સાંભલિ તેહ લહિ સુખ વાર એ. ૧૦૭

(૧) સં.૧૬૬૧ કા. શુદિ ૧. પ.સં.૬-૧૧, ડા. પાલણપુર દા.૩૬.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૩.]

૪૪૮. ધર્મમેરુ (ખ. જિનભદ્રસૂરિ–સિદ્ધાંતરુચિ–સાધુસોમ–કમલલાભ–ચરણધર્મશિ.)

(૯૨૪) સુખદુઃખ વિપાક સંધિ ર.સં.૧૬૦૪ વિક્રમપુર (વિકાનેર)માં

અંત – સંવત્ **મનુ લોચન** સઇ, ઊપરિ વલિ **ચ્યારિ**
વિક્રમપુર માંહઈ, શુભ દિવસઇ શુભ વારઈ.
મૂલ નાયક **આદીસર**, તિહુયણ નૃપ જેહ,
તિહિં તણઇ પ્રસાદઇ કીધી **સંધિ** જુ એહ. ૨૦
હિવ **ખરતર**ગચ્છપતિ શ્રી **જિનભદ્ર** મુણિંદ
જિહના પય સેવઈ, ભગતઇ સુરનરવૃંદ.
પાઠકવર શ્રી **સિદ્ધાંતરૂચિહિં** તસુ સીસ,
ચઉદહ વિદ્યાનઉ જગ માંહિ તેહ અધીસ. ૨૧
તસુ સીસ થયઉ વાચક, **સાધુસોમ** ઉદાર,
શ્રુતસાગરનઉ હેલઇં, લીયઉ તિણિ પાર.

તસુ સીસ **કમલલાભ**, વાચક મનિ આણઉ,
તસુ સીસ **ચરણધર્મ**, મહીયલ માહઈ વખાણઉ. ૨૨
જિહિં તણઇ પ્રસાદઇ, પામ્યઉ મઇ શ્રુતસાર,
તિહના પય ભવિભવિ, હોજ્યો મુઝ સુખકાર. ૨૩
હિવ સંપ્રતિ શ્રી **જિનમાણિક્યસૂરિ** સુજાંણુ,
જિણિ રાજઇ કરંતઇ, દીપ્યઉ સંઘ જિમ ભાંણુ. ૨૪

ઢાલ.

...ણુ ધર્મ તણઉ **મુનિપ્રભ સીસ** અભિનવ સુરતરો,
ચિર જયઉ મહીયલિ દ્રૂયની પરિ...ય દિન એ મુનિવરો.
મુનિ **ધર્મમેર** ભણંતિ જે નર સંધિ હિયઇ ધરઈ,
તે લહઇ સમકિત સુણઉ ભવિયણ ભવસમુદ્ર સુખઇ તરઈ. ૨૫

(૧) એકાદશમ અંગ વિપાક શ્રુત વિંશતિ અધ્યયનાનાં સુખદુખ વિપાકાનાં સંધિરિયં સમાપ્તઃ **પ.સં.૨૧**, જયપુર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૨-૦૩.]

૪૪૯. પુણ્યસાગર ઉપા. (ખ. જિનહંસસૂરિશિ.)

આ પુણ્યસાગર સંબંધી મુનિ હર્ષકુલકૃત ગીત છે તે પરથી એ હકીકત મળે છે કે માતા ઉત્તમદે, પિતા ઉદયસિંહ, અને તેને જિનહંસ સૂરિએ સ્વહસ્તે દીક્ષા આપી હતી. (ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ, સંપા. નાહટા.) તેમણે 'પ્રશ્નોત્તરકાવ્યવૃત્તિ' સં.૧૬૪૦માં ને 'જંબુદ્વીપપન્નતિ વૃત્તિ' સં.૧૬૪૫માં જેસલમેર રાઉલ ભીમરાજ્યે રચેલ છે.

ખ. જિનહંસસૂરિના પ્રતિમાલેખો સં.૧૫૫૭ અને ૧૫૬૧ના મળે છે અને તેમના પટ્ટધર જિનમાણિક્યસૂરિના સં.૧૫૮૩, ૧૫૮૪, ૧૫૯૩ અને ૧૫૯૮ના મળે છે. (ધા. પ્ર. સં. ભાગ ૧ અને ૨.)

(૯૨૫) સુબાહુ સંધિ ગા.૮૯ ર.સં.૧૬૦૪ જેસલમેરમાં

આદિ - પણમી **પાસ** જિણેસર કેરા, પયપંકજ સુરતરૂ અધિકેરા,
જસુ સમરણ સીઝઇં વખાણી, તે ગુરૂ **સુયદેવી** મન આણી. ૧
વીર જિણંદ ઇગ્યારમ અંગઈ, **સોહમ** આગલિ સુખદુખ ભંગઈ,
સુખ વિપાકિ બીજઇ **સુયખંધઇ**, દસમ અજઝયણ તણઈં પરબંધઇં.
પઢમ અજ્ઝયણ **સબાહૂ** કેરઉ, અછઈં ભણેઉં સંબંધ નવેરઉ,
તેહઉ કહિસું સૂત્ર અણુસારઇં, જથા જોગિ સંખિત વિચારઇ. ૩
હત્થીચસીસ પુર આસિ પ્રસિદ્ધ, બહુજણ ભુવણ રયણ કરિ રિદ્ધિ,

પુષ્કકરંડક તિહિં ઉજાણુ, નંદનવન સમ જાસુ વખાણુ. ૪
ઢાલ સોભાગી જિણવરની, દોહા, રામ ગઉડી, ઉછાલો ઢાલ, દેસ દશારણ્ણ જાણીયઇ એ ઢાલ.

અંત – ઇમ જંબૂનઈ **સોહમ**સામિઇં,એહ અજઝયણુ ભણ્યઉં સિવકામિઈં,
તિમ સંબંધ એહ ગુણિ ભરિઉ, ઇગ્યારમ અંગહ ઊધરિયઉ.
સંવત **સોલ ચડોતર** વરસઈ, **જેસલમેરૂ** નયર સુભ દિવસઈ,
શ્રી **જિનહંસસૂરિ** ગુરૂ સીસઇ,**પુણ્યસાગર** ઉવઝાય જગીસઇ. ૮૮
શ્રી **જિનમાણિકસૂરિ** આદેસઇ, **સુબાહુચરિત** ભણિયઉ લવલેસઇ,
પાસ પસાયઇ એ રિષિ થુણતાં, રિદ્ધિસિદ્ધિ થાયઉ જિતુ ભણતાં. ૮૯

(૧) ગા. ૯૦, મહો. **હંસપ્રમોદ** વા. શિ. **ચારૂદત્ત** લિ. પ.સં.૫, અભય. પો.૪ નં.૨૬૬. (૨) પ.સં.૬, ગા.૮૯, પ્રત ૧૭મી સદીની, જિ. ચા. પો.૮૧ નં.૨૦૪૦. (૩) એક ચોપડી કે જે સં.૧૬૮૯ અને સં.૧૬-૯૦માં ગુણદાસ શિષ્ય **ગોપાલ** ઋષિએ લખી છે તેનાં પ.ક્ર.૭થી ૧૨, નાથાલાલ પાલણપુરાવાળા પાસેની. (૪) સં.૧૬૪૦ **વિક્રમ નગરે જિન-ચંદ્રસૂરિ** રાજ્યે **પુણ્યસાગર** મહો. શિ. પં. હર્ષકુલગણિ શિ. હર્ષસિંહ મુનિના લિ. પ.સં.૫, ત્રૂટક, નાહટા. સં. (૫) બાઇ કરમં પઠનાર્થં. પ.સં. ૭-૧૨, લે. પાટણ. દા.૩ નં.૬. (૬) લ.સં.૧૬૯૩, સે. લા. (૭) સં. ૧૭૪૩ શ્રા. વ. ૯ **બીકાનેર** મધ્યે. પ.સં.૪-૧૫, પ્રથમ પત્ર નથી, સે.લા. નં.૧૦૬૨. (૮) બાઈ **મેનકા** પઠનાર્થં. પ.સં.૫, અભય. નં.૩૦૭૮. (૯) બાઇ રૂપાં પઠનાર્થં. પ.સં.૫, અભય. નં.૩૧૬૨. (૧૦) લિખિતા વાચક દયાકીર્તિગણિ શિષ્ય પંડિત **ગોડીદાસેન** સં.૧૬૯૬ વર્ષે **શ્રી સંગ્રામપુરે**. ઉદયપુર ભં. (૧૧) પ્ર.કા.ભં. [આલિસ્ટઑઇ ભા.૧, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૪૬૮, ૫૯૨).]

(૯૨૬) સાધુવંદના ગા.૮૮

આદિ – પંચપરમેઠિ પયકમલ વંદી કરી, ભાવબલિ ભાલતલિ એહ અંજલિ ધરી
સાધુ ભગવંતનૈ નાંમગ્રહણ કરી, જમ્મ સુપવિત્ત હું કરિસ શ્રુત અણુસરી. ૧

અંત – ઇમ સુગુરૂશ્રી **જિનહંસસૂરિસ**, તાંસુ સીસૈં અભિનવો
ઉવઝાય વરશ્રી **પુન્યસાગર** કહૈ એ રિષિ સંથવો

ઉપદેશ શ્રી **જિનચંદ્ર**સૂરીસર તણૈ જે મુનિ થુણૈ
તસુ **સાધુવંદણ** સુહાનંદન હવઉ સિવસુખકારણૈ. ૮૮

(૧) સં.૧૭૧૧ લિ., ચોપડો, વિ.ને.ભં. નં.૪૩૩૫. (૨) પ.સં.૫, કૃપા. પો.૪૫ નં.૭૯૯. (૩) **સેરૂણા**મધ્યે **મહિમસાર** લિ. પ.સં.૪, મહર. પો.૭. (૪) પ.સં.૫, લખી ૧૭મી સદીની, મહર. પો.૧. (૫) સં. ૧૭૨૯ પં. ધર્મસેન લિ. પ.સં.૪, ભુવન. પો.૭. (૬) સં.૧૭૪૬ શ્રા. **નેમીસુંદર** લિ. **મરોટ** મધ્યે. પ.સં.૫, ચતુ. પો.૧૧. (૭) પ.સં.૬, પ્રત ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૭ નં.૨૩૮૯. (૮) સં.૧૮૬૫ જે.વ.૧૧ **વીકાનેર** મધ્યે **રૂપવિજય** લિ. બાઇ હસ્તા પઠનાર્થં. પ.સં.૮, દાન. પો.૪૦ નં.૧૦૪૩. (૯) સં.૧૯૦૦ ભા. સુ. ૧૧ **વીકાનેર** મધ્યે. પ.સં.૬, મહિમા. પો.૬૩. (૧૦) સં.૧૬૮૨ મૃગશિર શુ.૧૩ ગુરૂ **આગરાનગરે** **જિનસિંહસૂરિ** શિ. પં. **જીવરંગગણિના** લિ. **ચોપડા** ગોત્ર શૃંગારહાર સુશ્રાવક સાહ **સૂર્યમલ્લ** ભાર્યા સુશ્રાવિકા **મૃગાક્ષી** પઠનાય. પ.ક્ર.રથી ૮, અભય. (૧૧) સં.૧૭૨૧ વૈ.શુ.૧૪ શુક્ર **સિતપત્ર** મધ્યે લિ. **રાજલાભગણિના**. પ.સં.૩, અભય. નં.૨૮૭. (૧૨–૧૫) સં.૧૭૦૭ આસૂ વ. ૯ પં. **ગુણવિમલ** શિ. પં. **કનકનિધાન** લિ. પ.સં.૬, અભય. નં.૩૯૪; સં.૧૭૪૨ આસો વ. ૧૧ પં. **દાનચંદ્રેણ** લિ. **સાલૂડા** મધ્યે. પ.સં.૨, અભય. નં.૧૨૬૮; સં.૧૬૮૨ આસો શુ. ૧૦ શનિ પં. **જયકુશલ** શિ. પં. **નંદનમેરૂ** મુનિના લિ. પ.સં.૪, અભય. નં. ૧૪૪૭; અને સં.૧૭૩૦ આસો શુ. ૭ થાવરવાસરે પં. **રામચંદ્રેણ** લિ. પ.સં.૯, અભય. નં.૨૭૨૫. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૮, ભા.૩ પૃ.૬૫૩–૫૫.]

૪૫૦. વિમલચારિત્રસૂરિ (ત. હેમવિમલસૂરિ–સૌભાગ્યહર્ષસૂરિ –સોમવિમલસૂરિ–સંઘચારિત્રશિ.)

હેમવિમલસૂરિ જુઓ નં.૧૯૮ અને સોમવિમલસૂરિ જુઓ નં.૪૪૦.

(૯૨૭) **નવકાર રાસ** અથવા **રાજસિંહ રાસ** ર.સં.૧૬૦૫ શ્રાવણ શુ. ૧ ગુરુ નટપદ્ર(નડિયાદ)માં

આદિ – આણંદઈ આદીશ્વરી, વંદી વસુધામાય,
નામિઈ **સરસતિ** સામિણી, સિરસા નિજ ગુરૂપાય. ૧
કવિઅણ-માતા તુઝ નમું, પામું બુદ્ધિભંડાર,
જે કવિઅણ આગિઇ કવઇ, તે સવિ તુઝ ઉપગાર. ૨
સકલ સદાફલ **શારદા**, તૂઠી દઈ વરદાન,

અંબા તૂં **પદ્માવતી, ચક્કેસરિ** સાવધાન. ૩
સાસનદેવી શ્રુતદેવતા, સમ્યગદષ્ટી દેવ,
એહ તણઈ સુપસાઉલઇ, નવપદ સારૂ સેવ. ૪
રાસ રચઉ **નવકારનુ**, ત્રિભુવન માંહિ ઉદાર,
સાંભલતાં સુખ સંપદા, સુણતાં જયજયકાર. ૫
નવનિધિ લહીઈ લોકમાં, અવિચલ અનુક્રમિ ઠામ,
આઠ મહાસિધિ સાશ્વતી, સીઝઇ સઘલાં કામ. ૬
ત્રિણિ કથા ઇહ લોકની, પરલોકી છઈ દોઇ,
રાજસિંહ સંબંધ સ્યું, છઠી તે પુણ જોઇ. ૭

અંત – **તપ**ગછ કેરૂ રાજીઉ રે, માહાલંતડિ, જગિ જણ પણમઈ પાય,
સુણિ સુંદરે જગ.
શ્રી **હેમવિમલ** સૂરીસરૂ રે, મા. તસુ પાટિ સોહઈ રાય. ૬૮
સૌભાગ્યહરિષસૂરિ ગુણિસરૂ રે, મા. મહિમા કેરૂ કંદ, સુ.
તસુ પટિ સુવિહિત સુંદરૂ રે મા. **સોમવિમલ**સૂરિંદ. સુ. ૬૯
પંડિતતારે ચંદલુ રે મા. બુદ્ધિઈ **અભયકુમાર,** સુ.
સાધુશિરોમણિ દીપતા રે મા. ચારિત્ર પાલઈ સાર સુ. ૭૦
સંઘચારિત્ર નામઈ ભલા રે મા. મૂરતિ મોહણવેલિ સુ.
પીહર તે પીડયા તણા રે મા. સાધુગુણ કેરઈ વેલી સુ. ૭૧
તાસ તણઇ સુપસાઉલઈ રે, મા. **નટ્ટપદ્ર** રહી ચુમાસી સુ.
રાસ રચીઓ નુકારનો રે મા. સીષિઇ હિયયા ઉલ્લાસી. સુ૦ ૭૨

ચુપઈ.

સંવત્ **સોલ પંચોતેર** સાર, સુદિ પડવઇ સોહઈ ગુરૂવાર
સરવડિ વરસઇ શ્રાવણ માસ, જગ સઘલાની પુહુચઈ આસ.
રાજસિંહ રાસઉ જે ભણઇ, **રત્નવતી** કથાસું ગણઈ
નવનિધિ મંગલમાલા મિલઈ, **વિમલચારિત્ર**ઇ વાંછિત ફલઈ.

(૧) પૂજ્યારાધ્ય શ્રી આચાર્ય ૨૧ શ્રી વિમલચારિત્ર ચરણ-સેવક હેમચારિત્રગણિ લ. પ.સં.૧૦–૧૫, સેં.લા. નં.૫૪૯૬. (૨) ષટ્નવકાર રાસ (?) પ્રાયઃ આ કવિકૃત, સં.૧૬૯૬ કા. શુ. ૧૧ ગણિ **ન્યાયસાગર** શિ. **વીરસાગર** લિ. ગંધાણીનગરે લિ. ગો.ના. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૮–૮૯, ભા.૩ પૃ.૬૫૮. પંચોતેર=૭૫ પણ થાય અને અન્યત્ર ર.સં.૧૬૭૫ નોંધાયેલી છે, પરંતુ વિમલચારિત્ર

સં.૧૬૦૩માં હયાત હોવાની માહિતી અન્યત્રથી મળે છે (જૈન પરંપરાનો ઇતિહાસ, ભા.૩ પૃ.૮૨૩).]

૪૫૧. સહજરત્ન વા. (આં. ધર્મમૂર્તિશિ.)

અંચલગચ્છના ધર્મમૂર્તિસૂરિના પ્રતિમાલેખો સં.૧૬૨૯, ૧૬૪૪, ૧૬૫૪ના મળે છે. (જુઓ ધા.પ્ર.સં. ભાગ ૧ અને ૨) તેમનો જન્મ સં.૧૫૮૨માં ત્રંબાવતી-ખંભાતના હંસરાજ વણિકની હાંસલદે નામની સ્ત્રીથી થયો. જન્મનામ ધર્મદાસ. દીક્ષા ૧૫૯૯માં, આચાર્યપદ અમદાવાદમાં સં.૧૬૦૨માં, અને તે જ વર્ષમાં ગચ્છનાયકપદ મળ્યું. સં.૧૬૭૦માં પાટણમાં સ્વર્ગસ્થ થયા. જુઓ પટ્ટાવલી.

(૯૨૮) વૈરાગ્યવિનતિ ર.સં.૧૬૦૫ કા.શુ.૧૩ રવિ, નિંધરારી ગામમાં

આદિ– આજ સફલ મનોરથ મન તણા, ભગતિઇં ગુણ ગાઉ જિન તણા,
શ્રીય **કુંથનાથ** દેવ અતિહિં ચંગ, **નીંધરારિ** નયર છઈ બહુઅ રંગ. ૧

અંત –તૂં સ્વામીય દુખભયભંજણુ, તૂંઅ સ્વામી શિવપુરમંડણુ,
સંવત્સર **સોલ પંચોત્તરઈ** કાર્તિક શુદિ તેરસિ રવિ દિનઈ. ૧૩
વિધિપખિ ગછિ ગિરૂઅડિ ગુણભંડાર, શ્રીય **ધર્મમૂરતિ**સૂરી સુવિચાર;
આગમ જે સુત્ર વિચારસાર, પડિબોહઈ ભત્રીયણુ તે ઉદાર.૧૪
ચાલિ—ઈય મંગલકારણ દુરીનિવારણ તરણતારણ જગગરો,
નીંધરાર ગામિઈં સુકૃત ઠામિઈં શ્રી **શ્રીમાલી** જયકરો.
જેહ ભાવભગતિઈં એકચિત્તઈં **કુંથનાથ** તીર્થંકરૂં,
વણારીસ **સહજરત્ન** બોલઈ, એહ જિનવર સુરતરૂ. ૧૫

(૧) સં.૧૬૧૮ વર્ષે માહ વદિ ૧૩ શનૌ. લક્ષતં. પ.ક્ર.૧૭૦-૭૧, ચોપડો, વિ.ધ.ભં.

(૯૨૯) ૨૦ વિહરમાન સ્ત. ર.સં.૧૬૧૪ આસો શુદ ૧૦ કાવિઠામાં

આદિ – **સરસતિ** દેવીય નમીય પાય, ઊલટ અંગિ આંણીય;
મહીયલિ **મહાવિદેહ** ખેત્ર સાર, જિનવર ગુણ જાંણીય.
વિહરમાંન વીસહ જિણંદ, થુણિસૂં જિન વગતિઇં,
શ્રી **સીમંધરિ** પ્રથમ દેવ ગુણ ગાઉં ભગતિઇં. ૧

અંત – સંવત **સોલ ચૌદોત્તરઈ** એ, આસો માસિ ઉદાર,
શુદિ દશમીં વિજયા દિનિહિં શ્રી **ધર્મમૂરતિ** ગણધાર. ૮

ચાલિ-ઈય આદિ જિણેસર, સયલ તિથેસર, વિહરમાંન વીસઈ તવ્યા એ,

હૂં કહૂં મન રંગિઈ ઉત્સવ ચંગિઇં **કાવિઠ્ઠાનયર** સુણીય,

તેહ શિવસુખકારણુ દુરીયનિવારણુ તારણ **શ્રીમંધિર** જિનહ,

વંછીય સુહ આપઈ મહિમા વ્યાપઈ કહઈ **સહજરત્ન** વાચક પ્રવર. ૯

(૯૩૦)[+]૧૪ ગુણસ્થાનક ગર્ભિત વીર સ્ત. કડી ૨૩

આદિ – ધૂરિ દુહા

મહાવીર જિનરાયના, પય પ્રણમી સહકાર

ચઉદહ ગુણથાનક તણુઉ, કહીઈ કિંપિ વિચાર. ૧

અંત – કલસ

ઇય **વીર** જિનવર જગતહિતકર સિંહલંછણુ સુરતરૂ,

ભવભીડભંજન ભવિયરંજન દુરિયગંજણુ સુહકરૂ,

ગુણઠાણ ઇણિ પરિ સુપરિ જાંણુઉ, જિમ લહઉ સિવસુખ મુદા,

ગણિ **સહજરત્ન** મુણિંદ જંપઇ, **વીર** જિણ સેવઉ સદા. ૨૩

(૧) પ.સં.૨-૧૩, હા.ભં. દા.૮૩ નં.૩૭.

[પ્રકાશિત : ૧. સજ્ઝાયમાલા (લલ્લુભાઈ). ૨. મોટું સઝાયમાલા સંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૯૯-૨૦૦, ભા.૩ પૃ.૬૭૨-૭૩.]

૪૫૨. મતિસાર

કદાચ જૈનેતર હોય યા નં.૨૪૧ના મતિસાગરથી અભિન્ન હોય.

(૯૩૧) [+] કર્પૂરમંજરી રાસ ર.સં.૧૬૦૫ ચૈત્ર શુ. ૧૧ રવિવાર

આદિ – પ્રથમ **ગણપતિ** વર્ણવઉં, **ગવરિ** પુત્ર ઉદાર

લક્ષ લાભ જે પૂરવઇ, દેવ સવિહું પ્રતિહાર. ૧

સેવંત્રે જસ મુગટ ભર, સીદૂરઈ સોહિ સિરીર

સિદ્ધિ બુદ્ધિ નઉ ભરતાર જે, બુદ્ધિદાતાર વડવીર. ૨

કાશમીરપુરમંડની, **સરસતિ** સમરૂં માય

તેહ તણઇ સુપસાઉલઈ, બુદ્ધિ પામઇ કવિરાય. ૩

આગઈ કવિ જે વડા હૂઆ, તસ માગૂં અનુમતિ

સદગુરૂ તણે ચરણે નમી, મન સિઉં ધરી બહુ ભત્તિ. ૪

એ સવિ હું આયસ લહી, માંડસુ કથા રસાલ,

રૂદ્રમાલ જે પૂતલી, **કપૂરમંજરી** રસાલ. ૫
તાસ રૂપ સોહામણઉં, ગાયસ મનનઈ કોડિ,
બ્રહ્માણી વર આલજો રખે અણાવઈ ખોડિ. ૬

અંત – **કપૂરમંજરી** કથા અભિનવી, સંવત **સોલ પંચોત્તરઈં** કવી,
ચૈત્ર શુદિ અગ્યારસિ રવિવાર, બોલઇ કવિ પંડિત **મતિસાર**. ૧૯૯
પુણ્ય તણઉં એવડઉં સરૂપ, પુણ્ય પસાઈં પામીઇ નિરૂપ,
ઋદ્ધિ વૃદ્ધિ ધણ કણ પરિવાર, પુણ્ય પસાઈં જયજયકાર. ૨૦૦
સરસ કથા જિકો એ સુણઇ, માંન મહુત તવ વાધઈ (ઘ)ણઇ,
સકલ સભાનાં દુરિત જ હરૂ, વિઘનરાજ તમ્હે રક્ષા કરૂ. ૨૦૧

(૧) પ.સં.૭–૧૫, ડે.ભં. દા.૭૦ નં.૧૧૨. (૨) તે એતે ખેડ મધ્યે લ. શ્રી જોત્યવિજે સં.૧૭૮૪ માગ. શુ. ૪ સોમવારે. પ.સં.૧૫–૧૧, ડા. પાલણપુર દા.૩૬. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, જાન્યુ.–માર્ચ તથા એપ્રિલ–જૂન ૧૯૪૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૭. કવિનામ સ્પષ્ટપણે મતિસાર મળતું હોવાથી નં.૨૪૧ના મતિસાગરથી ભિન્ન ગણવા જોઈએ એમ લાગે છે.]

૪૫૩. મતિસાગર

નં.૨૪૧થી ભિન્ન.

(૯૩૨) ચંપકસેન રાસ [અથવા **ચોપાઈ**] ૩૮૮ કડી ર.સં.૧૬૦૫ શ્રાવણ
આખા રાસમાં વસ્તુ, ચોપાઈ અને દુહા એ ત્રણ જ છંદ છે.

આદિ – વસ્તુ

પઢમ જિણવર પઢમ જિણવર પાય પણમેવિ,
શાંતિ જિણેસર મનિ ધરી, **નિમનાથ** બહુભત્તિ જુત્તિય,
જીરાઉલ જગ દીપતઉ, **પાસ** દેવ મનિસિધિ ધ્યાઇય,
મહાવીર ચુવીસમઉ, પ્રણમી પાંચઈ દેવ;
પંચ પરમિઠ ભાવિસુ, કરસુ અનુદિન સેવ. ૧

ચુપઇ

સારદ સમરૂં મનનઇ ભાવ, રચિવા રાસ તણુઈ પ્રસ્તાવિ,
જેહનઇ સમરણિ લહીઇ બુધિ, મનવંછિત સુકવિની સિધિ. ૧
વલી સદ્‌ગુરૂ નમી આયસ લહી, દોઈ કર જોડી આગલિ રહિ,
ચરણ નમું ચતુરાઈ કાજિ, અજ્ઞાનપણું જિમ જાઇ ભાજિ. ૨

તપ વ્રત સંજમ સૂધઈ રહઇ, અમર રિધિ તે નિશ્ચઇ લહઇ.
શિવસુખ પાંમીજઈ સહી જેણિ, જિમ પામિઉ રાય ચંપકસેન. ૩
કવણ ચંપક તે કેહું રાજ, કેણી પરિં તસ સીધઉં કાજ,
આદિ વૃત્તાંત મૂલથી જોઇ, બોલિસુ સઘલઉ જેહવઉં હોઇ. ૪

અંત – દૂહા.

સંવત સોલ પંચોતરઇ, (૧૬૦૫) રચીઉ શ્રાવણ માસિ.
શ્રી શાંતિનાથ સુપસાઉલઇ, રચિઉ હર્ષઉલ્હાસિ. ૩૮૭
એહ જિ રાસ જે નર ભણઇ, શ્રવણિ સુણઈ બહુ બુદ્ધિ,
કવિ મતિસાગર ઇમ ભણઇ, ઘરિઘરિ મંગલ ઋધિ. ૩૮૮

(૧) સં.૧૬૪૮ આસો વદિ ૧૩ ભૌમે પાલજ ગ્રામે આગમગછે ધૂંધૂકપક્ષે પં. વીરપાલ લખિતં. ચેલા વાસણ ચેલા માંડણ સહિતેન સ્વપઠનાર્થં. પ.સં.૧૪–૧૫, હા.ભં. દા.૮૨ નં.૨૦૮. (૨) સં.૧૬૪૯ મગસિર સુદિ ૧ શુક્રવારે જેષ્ટા નક્ષત્રે સિલોદ ગ્રામે રૂષિ ચાંપા સિષ્ય પદમકુસલ લખતં. પ.સં.૧૧–૧૭, હા.ભં. દા.૮૨ નં.૧૩૦. (૩) ગ્રંથાગ્રંથ શ્લોક ૫૦૭ સંખ્યા, પ.સં.૧૪–૧૫, ખેડા ભં. (તેમાં પ્રથમ પત્ર નથી.) (૪) મુ. કનકરત્નેન લ. પ.સં.૧૪–૧૬, ઝીં. નં.૧૯૨. (૫) પ્રાયઃ આ કવિકૃત, સં.૧૭૮૯ આશ્વિન સુ. ૫ બુધે આદ્રઆણા ગ્રામે લિ. પ્રેમરત્ન પઠનાર્થં. નિ. વિ. ચાણસ્મા. (૬) પા.૩ [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૪, ૪૩૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૦૩, ભા.૩ પૃ.૬૫૫–૫૬. પહેલાં મતિસારને નામે ર.સં.૧૬૭૫ દર્શાવીને મૂકેલી કૃતિ પછીથી મતિસાગરને નામે ફેરવી છે. કવિ નં.૨૪૧ના મતિસાગરથી અભિન્ન પણ હોઈ શકે.]

૪૫૪. કમલસાગર (ત. વિજયદાનસૂરિ–હર્ષસાગરશિ.)

(૯૩૩) ૩૪ અતિશય સ્ત. ગા.૩૬ ર.સં.૧૬૦૬ ફા.શુ.૧૧

આદિ – સુરના સુરના કિધા જોય, ઉગણિસ અતિસય
જિનજીના તુમ્હે સાંભલો એ. ૧

અંત – ઇંદુ રસ બિંદુ લેસા કહી, એ સંવછરસંખ્યા કહી,
શ્રીગુરૂચરણ હઇ ધરી મનિ ધરી, ભગતિરાગ શ્રીમંધિર તણો એ.

કલસો

તપગછનાયક મુગતિદાયક સુખદાયકશ્રી વિજયદાનસૂરિસરો
ઉવઝાય મુનિવર હર્ષસાગર તાસ ગચ્છઇ દિનકરો

સીસ કહઇ વંદન તાહરૂં શ્રી **કમલસાગર** સોહએ
તુઝ ચરણે મુઝ મનિ અતિહિ લીણો જિમ ભમર માલતિ મોહએ.

(૧) પ.સં.૩-૯, હા.ભં. દા.૮૨ નં.૧૭૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૦, ભા.૩ પૃ.૬૭૩.]

૪૫૫. સિદ્ધિસૂરિ (બિવંદણીકગચ્છ દેવગુપ્તસૂરિ–જયસાગરશિ.)

દ્વિવંદનીકગચ્છ ઉપકેશગચ્છની શાખા જણાય છે. તેમાં થયેલ દેવગુપ્તસૂરિના પ્રતિમાલેખો સં.૧૫૬૭, ૧૫૭૦, ૧૫૭૩, ૧૫૯૩ અને ૧૫૯૯ના ધા.પ્ર.સં. બંને ભાગ તથા નાહરકૃત સંગ્રહમાં મળે છે. તેમાં તે સિદ્ધાચાર્યસંતાનીય ઓળખાયેલ છે.

(૯૩૪) અમરદત્ત મિત્રાનંદ રાસ ૫૨૩ કડી ર.સં.૧૬૦૬(શક.૧૪૭૨) વૈ.વ.૪ રવિ ઉંઝામાં

આદિ – વસ્તુ

સકલ ગુણનિધિ સકલ ગુણનિધિ સકલ જિનરાય,
પયપંકજ પ્રણમી કરી, ભલે ભાવે **ભારતી** નમેવીય.
સહિગુરૂચરણે શિર નમિ એકચિત્તે કવિરાય સેવીય
કર્મફલા ફલ જાણવા **મિત્રાનંદ** ચરિત્ર
બોલિસિ બહુ બુદ્ધિં કરી સુણયો સહુ ઈકચિત્ત.

અંત – **બેવંદણીકગચ્છે** સહિગુરૂ સાર, સકલ કલા કેરો ભંડાર,
શ્રી દેવગુપ્ત વંદૂ સૂરીસ, કર જોડી કહે તેહનો સીસ. ૧૬
સંઘ કથન થયાં ઉલટ ઘણો, રચ્યો રાસ **મિત્રાનંદ** તણો;
કુંથુ જિણેસર તણે પસાય, રચી ચોપઇ **ઉંઝા** માંહિ, ૧૭
કુંણ સંવત્સર કેહે માસ, રચ્યો રાસ તે કહું વિમાસ.
સંવત **સોલ છિડોત્તરા** જાણ, શાકે **ચૌદ બહુત્તરિ** વખાણ. ૧૮
વદિ વૈશાખ ચોથિ તિથિ સાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર
તેણે દિને નિપાયો રાસ, સાંભલતા સવિ પુહચે આસ. ૧૯
સર્વ ગ્રંથની સંખ્યા સુણો, દુહા ચોપઈ એકઠા ગુણો
ગાહા વસ્તુ તેહ માંહે ભલી, શતકપંચ બાવીસાં મિલી. ૨૦
વસ્તુ એક ચોપઇ સો ચાર, વલી એકતાલીસ અધિક વિચાર;
પ્રાકૃત ગાથા જાણો પંચ, દુહા પંચોત્તરનો સંચ. ૨૧
અધિકો ઓછો કહિયો જેહ, સહિગુરુ સાખેં ખમાવું તેહ

કૃપા કરી કવિ ઉપર બહુ, ખરો કરીને ભણજ્યો સહુ. ૨૨
ભણે ભણાવે ભાવે જેહ, સંકટ નાસે દૂરે તેહ
એકમનાં સંભલિસે જેહ, મુગતિ સવિ લહસે તેહ. ૫૨૩
(પા.) એકમનાં સાંભલિ જે કોઇ, મનવાંછિત સુખ પાંમિ સોઇ.
મેરુ મહીધર મહીઅલિ સાર, જિહાં પ્રતપિ દિનકર સંસારિ,
તાં એ રાસ સદા સુખકાર, જયુ જયુ શ્રી સંઘ મઝારિ. ૫૨૪

(૧) ઇતિ શ્રી શાંતિનાથ ચરિત્રાદુદ્ધૃત્ય અમરદત્ત મિત્રાનંદ સંપૂર્ણમિતિ શ્રી **સિદ્ધસૂરિભિઃ** કૃતો રાસઃ સં.૧૬૫૩ વર્ષે ચૈત્ર શુદિ ૧૦ શુક્રવાસરે **વિદ્યાપુરે** ચતુર્માસસ્થિતે લિખિતો રાસઃ દેવહર્ષગણિના પં. **સૌભાગ્યમાણિક્યગણિ** શિ. પં. **શ્રી સુંદરગણિ** શિ. પં. ગજહર્ષગણિ શિ. દેવહર્ષ લિખિતઃ પ.સં. ૧૬-૧૫, ડે.ભં. દા.૧૩ નં.૨. (૨) શ્રીમદ્‌અંચલગચ્છે શ્રી **ધમ્મમૂર્ત્તિસૂરિ** વિજયરાજ્યે પં. શ્રી **પદ્મતિલકગણિ** શ્ર. શ્રી રંગમૂર્ત્તિગણિ શ્ર. પુણ્યતિલક વાંચનાર્થં. પ.સં.૧૮-૧૫, હા.ભં. દા.૮૧ નં.૩૧. (૩) સં.૧૬૪૧ વર્ષે અદ્યેહ શ્રી **નવાનગરે** લિ. પ.સં.૩૦-૧૧, જૈ.શા. દા.૧૩ નં.૪૧. (૪) પ.સં.૧૧-૧૫, મો. સુરત પો.૧૨૬. (૫) સં.૧૬૯૩ ભાદ્ર.વ.૭ પં.શ્રી **સાધુવિજયગણિ** શિ. મુનિ ઇંદ્રવિજય લ૦ **પાલ્હણપુર** નગર મધ્યે. પ.સં.૧૨-૧૯, ખેડા ભં. નં.૩. (૬) પ.સં.૧૮-૧૩, મ.જૈ.વિ. નં.૧૧૪. (૭) પ.સં.૨૫-૧૫, છેલ્લું ૨૬મું પત્ર નથી-અપૂર્ણ, મ.જૈ.વિ. નં.૪૦૬. (૮) રાજકોટ યતિના અપાસરાનો ભંડાર. [ડિકેટલૉગભાઇ વૉ.૧૯ ભા. ૨, મુપુગૂહસૂચી (દેવગુપ્તસૂરિશિષ્યને નામે).]

(૯૩૫) સિંહાસન બત્રીશી [કથા અથવા **રાસ** અથવા **ચોપાઈ**]
૨.સં.૧૬૧૬ વૈશાખ વદ ૩ રવિ બારેજા (અમદાવાદ પાસે)માં

આદિ- વસ્તુ છંદ.

વિશ્વજનની ૨ પાય પણમેવિ,
સયલ વિશ્વસુખકારણી, મુગ્ધજનબુદ્ધિદાતા,
કવિયણ-મન-આનંદની જગત્ર માંહિં તૂંહિ વિખ્યાતા,
કર જોડી તુમ્હ વીનવું, દીઓ મુઝ નિરમલ મત્તિ,
કહું કથા **વિક્રમ** તણી, તે સુણજો એકચિત્તિ. ૧

ચોપઇ.

સરસતિ શુભ મતિ દીઓ મુઝ સદા, જિમ **વિક્રમ** ગુણ ગાઉં

મુદા,
પરઉપગારી રાજા જિય, તાસ કથા બોલીસ બહુભિય. ૨
ત્રિભુવન માંહિ વિક્રમરાય, સત્ત્વવંત ધુરિ સહી કહવાય,
ભૂમંડલ ભડવાઈ કરી, જસ કીરતિ ત્રિભુવન વિસ્તરી. ૩
તાસ કથા બત્રીસે જેહ **ભોજ** ભૂપ આગલિ કહી તેહ,
સવિ સંબંધ અછે પ્રત્યેક, તે સુણજો સહુ ધરી વિવેક. ૪
સિંહાસન બત્રીસી તેહ, લોક માહિં સુપ્રસિદ્ધિ જેહ,
તાસ કથા હું બોલીસ ભલી, સાંભલતાં પૂગી મનરલી. ૫
પહિલું સિંહાસન ઉત્પત્તિ, સાંભલયો તે સહુ એકચિત્ત,
જોયણ લાખ તણે વિસ્તાર, જંબુદ્વીપ છે વૃત્તાકાર. ૬

અંત – જે છે સંસ્કૃતકથા પ્રબંધ, તે કહ્યો **ભોજ** તણો સંબંધ,
પ્રાપ્ત રસ અધિકો જાણીઈ, તેહ કારણિ એહ વખાણીઈ. ૬૯
કહી કથા આગેં જેહવી, કેતી કથા કહી કેલવી,
કવિ કહે તેહમાં મ દેયો ખોડિ, ખમાવીઈ સવિહું કર જોડિ. ૭૦
કિણ કારણ એ કહ્યો પ્રબંધ, હર્ષ ધરી સુત્નાત્નીત (?) પ્રબંધ
ચતુર પુરૂષનેં કારણિ કરી, કહી કથા વિવહરી. ૭૧
ગૂજરદેશ દેશ માંહિ સાર શ્રી **અહમ્મદ**પુરવર સુવિચાર,
તાસ પાસ **બારેજુ** ભલું, તેહ વખાણુ કરૂં કેતલું. ૭૨
તિહાં શ્રી સંઘ તણેં ઉપદેશ, રચી ચોપૈ ધરમ વિશેષ,
કવિ કર જોડી કહેં એણી પરેં, કહું દિવસ તેવટિ ન વિસ્તરે. ૭૩
કુણ સંવચ્છરે કેહે માસે, રચ્યો પ્રબંધ જે કહું વિમાસી,
સંવત **સોલ સોલોતર** જાંણિ, શાક ચૌદ બ્યાસીઓ વખાંણિ. ૭૪
વદિ વૈશાષ ત્રીજ તિથિ સાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર,
શ્રી ગુરૂચરણપસાયેં કરી, એહ પ્રબંધ કવિઓ વિસ્તરી. ૭૫
બિવંદણીકગચ્છે સહિગુરૂ સાર, શ્રા **દેવગુપ્ત**સૂરિ વંદુ ગણહાર,
તાસ સીસ પંડિત ગુણનિલો, શ્રી **જયસાગર** નામેં ભલો. ૭૬
તાસ સીસ કર જોડી કરી, **સિદ્ધ**સૂરિ પભણે એહ ચરી,
આણી ઉલટ આણંદપૂરિ, એહ સુણતાં દુખ જાયે દૂરિ. ૭૭
ભણે ભણાવૈ જે મનભાવે, સંપતિ સુણતાં એણે પ્રસ્તાવે,
જાં પ્રથવી અવિચલ થિર હોઇ, તાઈ કથા સુણો સહુ કોઇ. ૭૮
જાં દ્રૂ મંડલ શશિ દિનકાર, શેષ ધરેં જિહાં મહીનો સાર,

તિહાં એ રાસ સદા જયકાર, જયો જયો કવિ જયજયકાર. ૭૯
સિંહાસનબત્રીસી તણો, રચ્યો રાસ ઉલટે થયો ઘણો,
ભણતાં સુણતાં નવનિધિ મિલી, સવિહું જનની આસ ફલી. ૮૦
આણી અતિ ઘણા ઉલટિ અંગે કહી કથા તે મનને રંગે,
પભણે હરસ ધરી **સિદ્ધસૂરિ**, એહ કથા સુણતાં દુખ દૂરિ. ૮૧

(૧) પ.સં.૪૬–૧૫, છેલ્લું પત્ર નથી, સારી પ્રત, વી.ઉ.ભં. દા. ૧૭. (૨) પ્રે.ર.સં. નં.૩૧ (વે.) (૩) પહેલી કથાની પ્રત, પ.સં.૪–૧૪, ખેડા ભં. દા.૭ નં.૬૪. (૪) લિ. **મોતીસાગરગણી** પં. **મોહનજી** વાચનાર્થં. પ.સં.૨૨–૧૪, ૧૫ કથાવાળી પ્રત, ખેડા ભં. દા.૭ નં.૬૩. (૫) ઇતિ સિંહાસન દ્વાત્રિંશિકાયાં પદ્મિન્યોક્તા ભોજસિંહાસન સ્થાપન વિધિ પૂર્વોક્ત ચરિત્ર-પ્રકટીકરણ દ્વાત્રિંશત્તમા કથા સંપૂર્ણા. સં.૧૭૫૦ વર્ષે વૈશાષ શુદિ ૧૫ દિને અર્કવાસરે પંડિત રામવિજયગણિ તત્ શિષ્ય ગણિ પ્રેમવિજય લિપિકૃતા શ્રી મંગલપુરે. પ.સં.૪૮–૧૫, માં.ભં. (૬) ખં. ભં.૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૧, ૬૨૭, ૬૨૮).]

(૯૩૬) કુલધ્વજકુમાર રાસ ૨.સં.૧૬૧૮ આ.વ.૮ રવિ

આદિ – વસ્તુ.

દેવિ **સરસતિ** દેવિ **સરસતિ** સુમતિદાતાર,
ત્રિભુવનિ જનમનરંજની ઋદ્ધિ વૃદ્ધિ બહુ બુદ્ધિ દાતાર,
કવિમુખકમલ-નિવાસની વિબુધ જન વિસુહાં વિખ્યાત.
તાસ ચરણ પ્રણમી કરી, કહિશિ રાસ રસાલ,
કુલધ્વજકુમર તણુ સહી, ગુણ બોલેશ સુવિસાલ. ૧

ચઉપઈ.

પ્રણમું **સરસતિ** સુમતિદાતાર, જેહ નાંમિં ત્રિભુવન જયકાર,
ભૂતલિ ભગવતિ તું ભારતી, મનોહર તું મહાસતી. ૨
તૂં જગદંબા જ્વાલાધ્મુરી, તું અંબા તૂં કવિસંકરા,
તૂં તારા ત્રિપુરા તોતલા, તૂં બાલા ભૈરવ કોકલા. ૩
ચામંડા ચુસઠી દેવિ, સુરનર કિંનર સારઇ સેવ,
તાસ તણા પય પ્રણમીં કરી, બોલેશ **કુલધ્વજ** કુંયર ચરી. ૪

દૂહા

પહિલું **સરસતિ** પય નમી, લેઇ ગિરૂયા ગુરૂનામ,
કુલધ્વજરાય તણાં સહીં, બોલેશ ગુણગ્રામ,

સીલવંત માંહિ ધુરીં, ગુણનિધિ જે ગંભીર,
કુલમંડણ કુલતિલક જે, વસુહાં તે વડવીર. ૬
તેહ તણાં ગુણ બોલસું, આંણી મનિ ઉલ્હાસ,
સજન સહૂઇ સાંભલુ, જિમ પુહુચિ સવિ આસ. ૭

અંત – ઢાલ–માલંતડનુ.

બિવિંદણીકગછ ગુણનિલું પામી, શ્રી દેવગુપ્તિસુરિરાય, સુ.
ગછપતિ ગણનિધિ ગુણનિલુ એ, મા. સરોમણિ સીસ કહિવાય, સુ.
પંડિત શ્રી જયસાગરૂ એ, મા. જ્ઞાન તણુ ભંડાર. સુ. ૬૧
તસ પઈકમલ જ સેવતુ એ, મા. સિદ્ધિસૂરિ ગણહાર, સુ.
કર જોડી તિ ઈમ કહિ એ મા. સીલ તણું સુવિચાર. સુ. ૬૨
કુમર કુલધજ ગાઈઆ એ, મા. જે જગિ ગુણહ ભંડાર,
સંવત ૧૬૧૮રોતરઇએ, મા. શ્રાવણ માસ રસાલ.
વદિ આઠમ તિથિ જાણીઇ એ, મા. રવિવાસર સુવિશાલ. ૬૨
તિણઈ દિનિ એ રચિઉ રાસ એ, મા. હરષ ધરી મનરંગિ સુ.
જે ભણઈ સુણઈ નરનારિ એ, મા. સવિ સુખ તેહનઇ અંગિ. ૬૩
તે લહિ વંછિત સંપદા એ, મા. તેહ ઘરિ હુઈ ઋદ્ધિ વૃદ્ધિ,
પુત્ર કલત્ર પરિવાર સિઉ એ, મા. વંછિત પામીઇ રિદ્ધિ. ૬૪

(૧) ઇતિ શ્રી કુલધજકુમાર રાસ સંપૂર્ણઃ યતિ શ્રી ન્યાનવિજય તત્ શિષ્ય ગ. વિનયવિજયેનાલેખી. ગુ.વિ.ભં. (૨) મુનિ રાજકુલ લપીકૃતં. પ.સં.૯–૨૧, વી.ઉ.ભં. દા.૧૭. (૩) પ.સં.૨૦–૧૩, ખેડા ભં. નં.૩. (૪) પ્રાયઃ આ કવિકૃત. સં.૧૬૫૬ રત્નવિજયસૂરિ ઋ. મુ. માણુકયવિજય લ. વાસણા ગ્રામે શ્રા.વ. ૫ દિને. નિ.વિ. ચાણસ્મા.

(૯૩૭) શિવ(સર્વ)દત્ત રાસ અથવા **પ્રાપ્તવ્યક(પ્રાપ્તિઆ)નો રાસ**
કડી ૨૯૫ ર.સં.૧૬૨૩ ચૈત્ર ૬ રવિ

આદિ – વસ્તુ.

સરસ સુવચન સરસ દીઉ સરસતિ,
શુભ મતિ દિઉ મુઝ શારદા, ધરીય ધ્યાન જિનરાય કેરૂં,
સુગુરૂ-આંણ અહિનિશિ વહું, કરૂ કવિત ઊલટિ નવેરૂ,
કર જોડી કવીયણ કહઇ, નિસુણો બાલગોપાલ,
કરમ કતૂહલ અભિનવુ, સંભલજો સુવિશાલ. ૧

ચોપઇ.

સરસ વચન દિઉ મુઝ **સરસતી**, તુમ્હ નામિ સવિ સુખસંપતિ,
સરસતિ નામિઇ નિર્મલ મતી, સંગતિ **સરોમણિ** તુહજિ સતિ. ૨
સા **સરસતિ**નઇં પ્રણમી કરી, બોલિસિ કરમ તણુ હું ચરી,
કરમ તણુ બલિ ત્રિભુવન ધણું, કવીયણુ કહિ હુ કૈતુ ભણું. ૩

અંત – કુણુ સંવત નઇં કીહઇ માસિ, કહી કથા મનનઇં ઉલ્હાસિ;
સંવત **સોલ ત્રેવીસો** જાંણિ, **ચૌદ અઠયાસી** શકે વખાણી.
ચિત્તહરણુ વારૂ ચૈત્ર માસ, સેવક કહઇ જનની પૂરઇ આસ,
રિતુ વસંત વણુરાજી કંથ, એણુઇ માસિ રચીઉ એ ગ્રંથ. ૯૧
છઠિ તણી તિથિ નઇં રવિવાર, ઇણુઇ દિન રાસ નીપનો સાર,
કર જોડિ કવીયણુ કહઇ સાસ, ભણુતાં સુણુતાં પુહુતી આસ. ૯૨
બિવંદણીકગચ્છિ સુગુરૂ સુજાણુ, શ્રી **દેવગુપતિ**સૂરિ ઉદય ભાણુ,
તાસ સીસ પંડિત ગુણુનિલૂ, શ્રી **જયસાગર** મુનિસર વિલૂ. ૯૩
તાસ સીસ કર જોડી કરી, **સિદ્ધ**સૂરિ પભણુઇ એહ ચરી,
પ્રાપતિયાનો રાસ ઉદાર, ગુણુતાં ભણુતાં હુઇ સાર. ૯૪
જે ભાવઇં ભવિયણિ નિતુ ભણુઇ, નિતુ સુખસંપતિ હુઇ તેહ તણુઇ,
સંકટ સયલ તેહ ઘરિ ટલઇ, સહી મનવંછિત અફલાં ફલઇ. ૨૯૫

(૧) ઇતિ પ્રાપ્તવ્યક રાસ. ઋ. ૫ કીકાજી ચરણપ્રસાદાત્ લ. ઋ. માંડણ પઠનાર્થં. પ.સં.૧૨–૧૪, ડે.ભં. દા.૭૧ નં.૪૨. (૨) સં.૧૬૩૨ વર્ષે આષાઢ શુદિ ૧૩ લિ. **દ્વિવંદણિકગચ્છે** ભટ્ટારકશ્રી **દેવગુપ્તસૂરિ...** પ.સં.૧૦–૧૪, શે.એ.સો. બી.ડી.૭ નં.૧૯૬૮. (૩) ઇતિશ્રી **સવદત્તકથા** સંપૂર્ણ. સં.૧૬૬૭ વર્ષે આસો સુદિ ૯ શુક્રે. પ.સં.૮–૧૫, હા.ભં. દા.૮૨ નં.૬૯. (૪) ઇતિશ્રી પ્રાપતીનો રાસ સં.૧૭૧૭ આસો શુ. ૧૧ લિ. ઋ. રૂપજી ઋ. ખતજી સપઠનાર્થં અહમદપુર મધ્યે લિ. ખતજી (આમાં ઋષિના નામ પર હરતાલ છે. લખનાર ઋષિએ કર્તાના નામની કડીઓ મૂકી દીધી છે.) પ.સં.૧૨–૧૫, ખેડા ભં. દા.૬ નં.૨૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૦–૦૧ તથા ૨૦૫–૦૭, ભા.૩ પૃ. ૬૭૩–૭૪ તથા ૬૭૭–૮૦. 'અમરદત્ત મિત્રાનંદ રાસ' પહેલાં દેવગુપ્ત-સૂરિશિષ્યને નામે મૂકી પછીથી એના કર્તા સિદ્ધિસૂરિને જ ગણ્યા છે.]

૪૫૬. ધર્મમૂર્તિસૂરિશિ. (આં.)

(૯૩૮) વિધિ રાસ ૧૦૧ ગા. ર.સં.૧૬૦૬ ભા.શુ.૧૧ પિરોજપુરમાં

આદિ – શ્રી થૂલિભદ્રના ફાગની દેશી, રાગ દેશાખ.
સરસતિ સામિણિ વીનવું એ, બઇ કર જોડેવિ,
વિધિ રાસ સૂત્ર વિચાર, હરષેં પભણેવી. ૧
જંબુઅદ્દીવ પન્નત્તિયા એ, ઇગ જજુગ સંવત્સર,
પૂછિઉં **ગોયમ**સામિ, કહિઉં શ્રી **વીર** જિણેસર. ૨

અંત – સંવત **સોલસ્છીલોતરે** એ, ભાદ્રવ સુદ ઇગ્યારસ,
નગર **પેરોજપુરિ** રાસ રચિઓ, જિહાં ભોહંડ **પારસ.** ૮૭
વિધિ રાસ જે પઢિહિં ગુણહિં બહુ ભાવન ભાવહિં,
સંકલેસ સવિ દૂરિં દલહિં, પરમાનંદ પાવહિં. ૮૮
અંચલગચ્છ **વિધિ**પક્ષ સકલ, તસુ કોઇ ન જીપઇ,
શ્રી **ધર્મમૂરતસૂરિ** ગુણગંભીર, બહુ દિન દિન દીપઇ. ૮૯
ચૂલિકા લિખ્યતે
શ્રી ગુરૂપ્રસાદિં એ અરથ લહ્યા, નિમ્મલ સૂઠનીકા,
સૂત્ર ભાષ્ય ચૂરણુ નિરજુગતિ, પંચમ અઉર ટીકા. ૯૦

*

જિઉં મંદિર ગિરિ ચૂલિકા એ, સોહિં અતિ ચંગી,
વિધિ રાસ સવ રાસ ભલઉ, સુણીયહું મનરંગી. ૧૦૧

(૧) પ.સં.૫–૧૨, વર્ધમાન રામજી, મુંબઇ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૮–૫૯.]

૪૫૭. હીરકલશ (ખ. સાગરચંદ્ર–મહિમરાજ–દયાસાગર–જ્ઞાન-મંદિર–દેવતિલક ઉ.–હર્ષપ્રભશિ.)

(૯૩૯) કુમતિવિધ્વંસન ચોપાઈ ર.સં.૧૬૦૭ કે ૧૬૧૭ જે.સુ.૧૫ બુધ કર્ણપુરી–કનકપુરી

આમાં અ-મૂર્તિપૂજક લુંકાને કુમતિ ગણી તેનો નિરાસ કરવા પ્રયત્ન થયો છે.

આદિ – વંદુ ચૌવીસે જિણરાય, સમરી **સરસતિ** સામણિ પાય,
આગમવચન કહૂં ચૌપઇ, સાંભલજ્યૌ નિશ્ચલ મન ધરી. ૧
અંગ ઇગ્યારહ બાર **ઉપાંગ, છેદગ્રંથ** ષટ્ જ્ઞાન સુચંગ
દસે **પઈન્ના મૂલ** વિચાર, **નંદી** ને **અનુયોગદ્વાર** ૨
ઈણ પરિ આગમ પૈતાલીસ, વરતમાન વરતૈ સુજગીસ,

તાસ ભણુણુ વિધ કહીય જિનેસ, તે તુમ્હ સુણો કહૂં લવલેસ. ૩

અંત – જિનસાસન જિનપ્રતિમા નમૈ, સિવસાસન હરિમંદિર રમૈ,
મુસલમાન માનૈં મહિરાબ, પૂછો લુંકા તુમ્હ કુણુ જાબ. ૮૩
નવિ જિન નવિ સિવ નવિ તીરકી, મત માંડયો સહુએ મન થકી,
ન ગમૈ આગમ વેદ પુરાણુ, ઉતર આપે ગલ પુરાણુ. ૮૪
જિનપ્રતિમા પૂજી દ્રૂપદી, તિહાં **લુંકાનૈ** ઉત્તર સદી,
તિણુ તો પૂજી પરણુણુ ભણી, **સુરયાભસુર** કરણી ઘણી. ૮૫
જંઘાચારણુ જે અણુગાર, તિહાં કહે લબધ તણો ભંડાર,
ઇમ જે ભાખીજે સૂત્ર ઈહાં, પાપી કહે અછૂત્ર તિહાં. ૮૬
ખંડયો શક્ર સ્તવન યકાર, ખંડયો પડકમણો આચાર
ખંડયા આગમ અંગ ઉપાંગ, તે નરનો નવિ કીજૈ સંગ. ૮૭
મુખ બોલૈ એ સૂત્ર ઉદાર, અક્ષર કાના માત્ર મઝારિ,
ઉછઈ ભણુતાં હોઈ અતિચાર, તે પડિકમિયૈ સુણો વિચાર. ૮૮

*

લુંકે એ ઊખાણો ગ્રહ્યો, અક્ષર કાન્હાઇ ષણુ લહ્યો,
માહા આના વા દોષ ન કોઈ, પાખંડિયા ઈમ પ્રગટયા જોઈ. ૯૦
ઇણુ મતરી સંભલજ્યો વાત, **ગુજ્જરદેસ અહમદાવાદ**,
લુંકો લેહો તિહાંકિણુ વસૈ, મુનિવર પરત લિખે અહનિસૈ. ૯૧
પુસ્તક લિખી લિયૈ મુહમદી, સુખઇ સમાધઇ વસઇ તિહાં સદી,
એક દિવસ નિસુણો તસુ વાત, લિખતાં પાના છોડયા સાત. ૯૨
મુનિવર પારતિખ દેખી ચુક, **લુંકા** હાથિ પેઠકી ભુખ,
રીસાણો લેહો મન માંહિ, લુંકા મત માંડયા તિણુ ઠાઇ. ૯૩
સંવત **પનરહ સઈ અઠોતરઈ**, જિનપ્રતિમા પુજા પરહરૈ,
આગમ અરથ અવર પરિહરઇ, ઈણુ પરિ મિથ્યામતિ સંગ્રહૈ. ૯૪
લખમસીહ તસ મળિયો સીસ, વક્રમતી નૈ બહુલા રીસ,
બિઉ મિલી નિષેધઇ દાન, વિનય વિવેક આણૈ ધ્યાન. ૯૫
પનહર ચોત્રીસૈં સમૈં, ગુરૂ વિણુ વેસ ધરી અનુક્રમઈ,
સંઘ માહિ તિણુ કારણુ નહીં, વીતરાગ ઇમ બોલે સહી. ૯૬
પરંપરા નવિ જાણૈ નાથ, જો કિમ લહૈ જિનસાસણુ કામ,
વિણુ પરંપરા ન લાભઇ ધરમ, કહિ અનુજોગ સૂત્રના મર્મ. ૯૭

*

માહોમાહિ મિથ્યાતી કહૈ, જિન વેલા સમકિત કિમ રહઇ,
મોટા ખરતર તપમત વૈર, માહોમાહિ ન ભાજૈ વૈર. ૪
બેટો **લુંકો** બહુ મનમતી, બેટી કહૈ મ્હારૈ **પાશ્ચંદ** જતી,
એક એક સહિસો નવિ મિલૈ, તિણ ઘર સમકિત કિણ પર પલૈ. ૫

*

સોલહ સૈ સત્તોતર (પા. **સતરોત્તર**) વાસ, **કર્ણપુરી** (**કનકપુરી**) નયરી ઉલ્હાસ,
જેઠિ પુનિમ નૈ બુધવારે, શ્રી સંવેગિ જોગ અવતાર. ૧૦
ખરતરગચ્છ સુવિહત સિણગાર, શ્રી **જિનચંદ્રસૂરિ** ગણધાર,
વાદીગંજન સિંઘ અપાર, જેહનિ કોઇ તસ્યો થૈકાર. ૧૧
ગુરૂશ્રી **દેવતિલક** ઉવઝાય, **હરખમલ્લ** તસુ સીસ કહવાઈ,
તિણ સહગુરૂનો આયસ લહી, **હીરકલસ** એ ચોપઈ કહી. ૧૨

(૧) ઇતિ શ્રી કુમતિવિધ્વંસન ચોપઇ સમાપ્ત. સં.૧૭૫૯ વર્ષે ભાદ્રવા વદિ ૧ દિને પંડિત શ્રી ૫ **વૃદ્ધિવિજયગણિ** શિષ્ય મુનિ ઉત્તમવિજય લિખિતં **આસોપ** નગર મધ્યે. મ.બ. (૨) વિદ્યા. (૩) પ.સં.૧૩, પ્રત ૧૭મી સદીની, મહિમા. પો.૬૩. (૪) **બાપડાઉ** નગરે પં. જીવકીર્ત્તિ લિ. પ.સં.૧૩, અભય. પો.૪ નં.૨૪૦. (૫) પ.સં.૭, દાન. પો.૧૩ નં.૨૫૮.

(૯૪૦) મુનિપતિ ચરિત્ર ચોપાઈ ગા.૭૩૩ ર.સં.૧૬૦૮ કે ૧૬૧૮ માહ વદિ ૭ રવિ વિકાનેરમાં

આદિ – જિન ચઉવીસે પય નમી, **સરસતી** (સમરી માય),
(વર્ણવું) **મુનિપતિ ચરીય** હૂં, **સારદ** માત પસાય. ૧
એ ચરિત્ર જગિ પરગડઉ, રચિઉ......
સૂણતાં સવિ સુખ સંપજિ, પાતિગ જાઇ દૂરિ. ૨
લોભ અછઇ પરિગડઉ, ચિહૂં કષાય દુર્જેય,
......રંગ ભરિ, મુણિવરૂ તિજ દઉ તેય. ૩
તિ જયતિ મુનિપતિ ઇમ તરઇ, તારઇ લોક વિચિત્ર,
અલોભત...પદિ સુણઉ, **મુનિપતિ** સાધુ ચરિત્ર. ૪
કિણિ થાનકિ તે મુણિ હૂઉ, તહનઉ કવણ વિચાર,
હીરકલસ ઇણ પરિ કહિ, તે સાંભલઉ ઉદાર. ૫

અંત – ઢાલ માલંતડીના

વીર જિણેસર તિવ વસિ માલ્હંતડી, **સોહમ** ગણહર વંશ,

શાખા **વયરકુમર** તણુા એ મા., **ખરતરગચ્છ** પ્રસંસ. ૨૪
શ્રી **જિનચંદ્ર**સૂરિ ગચ્છધણી એ મા. મહિયલિ માહિ વિખ્યાત,
ભવિયણુ પયસેવા કરઈ એ મા. મોટા જાસૂ અવદાત. ૨૫
સાગરચંદ્રસૂરિ મુણિવરૂ એ મા. તિહાં આચારિજ સાર,
મહિમરાજ વાચક હૂયા એ મા. તસુ તણુા સીસ વિચાર. ૨૬
તાસુ સીસ ગુણુમણિતિલઉ એ મા. **દયાસાગર** વણુારીસ,
મુનિગુણે સહિત વાચકવરૂ એ મા. **જ્ઞાનમંદિર** તસૂ સીસ. ૨૭
અનુક્રમિ ગુણુમણિઆગરૂ એ મા. શ્રી **દેવતિલક** ઉવજઝાય,
હર્ષપ્રભુગણિ જાણીયઈ એ મા. તસુ તણુઉ સીસ સૂજાય. ૨૮
અંતેવાસી તેહનઉ એ મા. **હીરકલસ** મુનિ સાર,
મુનિપતિ મુણિવર ચઉપઇ એ મા. કીધી અતિ સુવિચાર. ૨૯
સંવત **સોલ અઠરોતરે (અઠોતરઇ)**એ મા. માહ વદિ સાતમિ જાંણિ,
વાર રવિ હસ્ત નક્ષત્ર સિઉ એ મા. ચઉપઇ વડી પ્રમાણુ. ૩૦
ગાથા-માન હવિ બોલીઇ એ મા. સાતસિ ઉપરિ તેત્રીસ,
મુનિપતિ મુનિવર ચઉપઇ એ મા. ભણુતાં મનિ સુજગીસ. ૩૧
જાં લગઇ મેરૂ મહીધરૂ એ મા. જાં લગિ દૂ સસિ ભાણુ,
તાં લગિ એ રિષિ ચઉપઈ એ મા. વાપરઉ જગ માંહિ જાણિ. ૩૨
ઇતિશ્રી **મુનિપતિ** રિષિ ચરીયઇ એ મા. શ્રી **વીકાનયર** મઝારિ,
રિસહ જિણુંદ પસાઉલઇ એ મા. રચિયઉ ચરિય ઉદાર. ૭૩૩

(૧) વિરમગામ સંઘ ભં. (૨) પ.સં.પ૬, મહિમા. પો.૭૬.

(૯૪૧) ૧૮ નાતરાં સંબંધી સઝાય કડી પર ર.સં.૧૬૧૬ શ્રા. શુ. નવરંગદેસર

આદિ - ધુરિ દૂહા

વીર જિણેસર પાય નમિય, **શારદા** હિયઈ ધરેવિ,
જે કવિયણુ આગે હૂયા, તેહ નમઉ કર બેવિ. ૧
ચરમ કેવલી જાણિયઇ, **જંબૂ સોહમ** સીસ,
પ્રભવ ચોર જિણુ બોહિયઉ, તેહ નમઉ નિસદીસ. ૨
ઇય ચરમ કેવલિ **જંબૂસ્વામી**, તાસુ ચરિય હિયઇ ધરે,
નાતરા એ અઠ્ઠાર બોલ્યા, ગામ નવરંગદેસ રે. ૫૧
સંવત **સોલહ સઈ સોલોત્તર** સુકુલ સાંવણુ જાણુ એ,
શ્રી **જિનચંદ** સૂરીસર પસાયઇ **હીરકલસ** વખાણુ એ. ૫૨

(૧) પ.સં.૩-૧૧, વિ.ને.ભં. નં.૪૫૨૯.

(૯૪૨) [ચંદ્રગુપ્ત] **૧૬ સ્વપ્ન સઝાય** ગા.૨૦ ર.સં.૧૬૨૨ ભા. શુ. ૫ રાજલદેસર

આદિ – **હરષઈ પ્રભુ** ગુરૂ પ્રણમી કરી, **સરસતિ** માતા હિયડઇ ધરી,
સોલ સુપન તણી સજઝાઇં, ભણતાં સુણતાં શિવસુખ થાઇ. ૧

અંત – સંવત **સોલહ સઇ બાવીસ,** ભાદ્રવ સુદિ પંચમીય જગીસ,
રાજલદેસર સંઘાગ્રહઇ, એહ સિજઝાઇ **હીર** ઋષિ કહઇ. ૨૦

[રાહસૂચી ભા.૧]

(૯૪૩) આરાધના ચોપાઈ ૮૩ કડી ર.સં.૧૬૨૩ માહ શુ. ૧૩ ગુરુ નાગોરમાં

આદિ – ચઉવીસે જિનવર પણમેવી, સમરિય સહગુરૂ **શારદ** દેવિ,
આતમહિત પરહિત ઇકમના, પભણિસું અનુક્રમિ **આરાધના.** ૧
સંવત **ભવણ નયણ રિતિ શિશિ,** જોજો નિપુણ હિયૈ એ કિશી
માહ શુકલ ગુરૂ પુષ્ય સંજોગ, તેરસ તિથિ તેમ રવિ જોગ. ૮૨
ખરતરગચ્છ જિણચંદ સૂરીસ, તાસુ રાજિ **હર્ષપ્રભુ** શીસ,
હીરકલશ મુનિ **પાસ** પસાઇ, કહિં આરાધન **અહિપુર** માંહિ.૮૩

(૧) પ.સં.૪, નાહટા સં. (૨) સં.૧૮૬૯ આ.વ.૧૩ **પાડલીઉ.** કપૂરભદ્ર લિ. પ.સં.૭, મહર. પો.૬. (૩) પ.સં.૬, પ્રતિ ૧૭મી યા ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૨૦૪. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

(૯૪૪) સમ્યકત્વ કૌમુદી રાસ ૬૯૩ કડી ર.સં.૧૬૨૪ માહ શુ. ૧૫ બુધ સવાલખમાં

અંત – ઢાલ ધન્નારી ચઉપઈરી છેહિલી.
શાસનનાયક **વીર** જિણેસર, પૂજો જઇ નિતુ ચંદણકેસરિ,
તસ પટિ **સોહમવંસિ,**
ગુણ વરણઉં બહૂં કંઈ ન જાણઉં, શાષા **વયરકુમરની** જાણું,
ખરતરગચ્છિ પ્રશંસિ. ૮૭
શ્રી **જિણમાણિકસૂરિ** ગુરૂપાટ, નામ જપંતાં હુઇ ગહગાટ,
શ્રી **જિણચંદ** સૂરિંદ,
જસુ નામિઈં સવિ વાદી ભાજઇ, કેસરિની પરિ ગુહિરૂ ગાજઇ,
રાજઇ મુણિવરવૃંદ. ૮૮
શ્રી **સાગરચંદસૂરિ** આચારિજ, જીએ કીયા મોટા જગિ કારિજ,

જિણિ ઊથાપિ કુશીલ,
થાપિઉ શીલવંત ગછનાયક, એ છઈ મહીમતિ મોટાં વાયક,
પાઇ નમઇ જસુ લીલ. ૮૯
મહિમરાજ વાચક તસુ સીસ, પાટિ તાસુ વલિ વાણારીસ,
દયાસાગર તસુ નામ,
તાસુ સીસ પદવી વાણારી, **ન્યાનમંદિર** ગુરૂ મહાવિચારી,
પુહવી સારી મામ. ૯૦
મહીયલિ તાસ પાટિ વિખાય, ગુરૂ શ્રી **દેવતિલક** ઉવઝાય,
તાસુ સીસ સુષદાય,
હર્ષપ્રભુ નામઇં મુનિરાય, **હીરકલસ** તસ સીસ કહાય,
પામી સુગુરૂ પસાય. ૯૧
સંવત **સોલહ સઈ ચઉવીસ,** માહી પૂનિમ બુધ સરીસ,
પુષ્ય નક્ષત્રઈ લેહ,
દેશ સવાલષ નયરી જેહ, ધર્મ્મ તણુઉ જિહાં વાધ્યુ નેહ,
તિહાં કીઇ ચઉપઇ એહ. ૯૨
ઇતિ શ્રી **સમકિતકૌમદિ** ચરીય, મઈં સષેપઇં એ ઉદ્ધરિય,
વિસ્તરિ ગુરૂમુખિ વાણિ,
ભણઈ ગુણઇ જે સુણઇં અહોનિશિ, ઘરિ બઇઠાં તસુ થાઇ સવિ વસિ,
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૬૯૩

(૧) સં.૧૬૫૨ વર્ષે ભાદ્રવા વદિ ૪ ભોમવારે લિ. **વનાસુત પરીષ વીરદાસ** સ્વપઠનાર્થં લષાપિતં ગ્રંથાગ્રં ૧૦૫૦ શ્લોકઈં. પ.સં.૩૧–૧૬, વિ.ધ.ભં.

(૯૪૫) જંબૂ ચોપાઈ ર.સં.૧૬૩૨ વાસડે નગરમાં

(૧) સં.૧૬૬૦ જે.સુ.૮ સોમે **અહિપુર** (નાગોર) મધ્યે લિ. ચેલા ઈસર. પ.સં.૧૭, મહિમા. પો.૮૬.

(૯૪૬) સિંહાસન બત્રીશી ર.સં.૧૬૩૬ આસો વદ ૨ સવાલખ દેશમાં મેડતામાં

આદિ – આરાહિ શ્રી **રિષભપ્રભૂ**, ક્રુગલા ધર્મ નિવાર,
કથા કહિસૂ **વિક્રમ** તણી, જસુ સાકઉ વિસ્તાર. ૧
સાકઉ વરતિઉ દાંનથી, દાન વડો સંસાર,
વલિ વિસેષે જિણસાસણે, બોલ્યા પંચ પ્રકાર. ૨

અભય સુપાત્ર દાંન બિહુ, પ્રાણી મોક્ષ સંયોગ,
અણુકુંપા ઉચિય કીરતિ ઉચિત, એ ત્રિહુ દાંને ભોગ. ૩

યતઃ ગાથા

અભયં સુપત્તદાંણું અણુકંપા, ઉચિય કીત્તિદાંણેય,
દુત્રિ વિમુખો ભણિઉં, તિન્નિ વિભોગા ઇયં હોઇ. ૪
ભેદ અનંત જિનાગમેં, શ્રાવક કરણિ માંહિ,
તે સવિ **વિક્રમ** સાચવ્યા, પ્રગટ્યા પૂન્ય પસાય. ૫
પૂરવે શ્રી **સિદ્ધસેન** ગુરૂ, **વિક્રમ** ગુણ સંબંધ,
કીધી **સિંઘાસણકથા**, બત્રીસે પરબંધ. ૬
સિંઘાસણુરી પૂતલી, **વિક્રમ**નૃપ ગુણચૂર,
ધારાધિપ આગલ કહ્યો, બેઠી સભા પડૂર. ૭
હીરકલસ મુનિ તસુ ચરિય, લે આગમ અનુસાર,
સરસતિ ગુરૂ સુપસાઇલે, કીય ચઉપઇ ઉદાર. ૮
પુરૂષારથ ચઉ પરગડો, **માલવદેશ** મુઝાર,
ધાર નયરી શ્રી **ભોજ**નૃપ, પ્રજાલોક સુષકાર. ૯
ન્યાતી ચઉરાસી તિહાં વસેં, ધન ષરચે નિરકંત,
બેસે મહાજન તિહા મલિ, સાઢી બારહ પંતિ. ૧૦
શ્રીપુર[1] ઉસ્યાં[2] મેડતો[3] પાલી[4] પોકરવાલ[5],
જાઈત[6] ષાંટ[7] હરસિઉર[8] ટીંડૂ[9] ડીંડૂવાલ.[10] ૧૧
વાલવધેર[11] નરાણિયા[12] ષંડેલે ષંડેલ[13];
સાઢી બારહ ન્યાતિ મલિ જિમે ગોડો મેલ. ૧૨
શ્રીમાલે ઓસ નામ નગરે **પલ્લીપુરે મેડતે**,
વગ્ગો **રતહહિંડવાંણ** નગરે **પટ્ટાણકે પુષ્કરે**,
રાજનહર્ષ પુરે **નરાંણ** નગરે **ડિંડૂકડે જાયલે**;
ષંડે **ષંડલિકે** સ્થીતા દશમિતા સાર્ધં દ્વયા પંક્તયઃ ૧૩

અંત – ઢાલ ઈકવીસાની

શ્રી **ખરતરે** ગણહર ગુરૂ **ગોયમ** સમઉ, નિતિ ઉઠી રે **જિનચંદ્ર**-
સૂરિ પય નમો;
તસુ ગચ્છઇ રે **સંપ્રતિ** પાઠક ગુણનિલઉ, વડવાદી રે શ્રી **વિજય-
રાજ** વસુધાતિલઉ. ૧૪

વસુધાતિલઉ તસ સીસ બોલઇ સંઘનઇ આગ્રહ કરી,
દિસઇ **સવાલિષ મે(ડે)**હ નયરા સદા જય આણંદ ભરી
સંવત **સોલે સે છત્રીસઈ** બીજ આસો વદિ કથા,
તિહ કહિય **સિંહાસણ બત્રીસી હીરકલસ** સુણી યથા. ૧૫
ઈણી ચરિત્તે રે દૂહા ગાહા ચઉપઇ, સહુ અંકે રે બાવીસ સઈ;
(પા. પનર સઇ (૧૫૨૪) બાવીસ (બાવન) થઈ)
કંઈ અધિકઉ ઉછઉ જે ભાસિઉ અલી, તે સદગુરૂ પાએ નમિ ષાંમઉ વલી. ૧૬

છંદ

ષાંમઉ વલી હૂં સંઘ સઈ મુષિ માન છોડિય આપણઉ,
જે શાસ્ત્ર સાથઈ હવઈ મિલતાઓ, તેહ નિરતઉ થાપણઉ.
એ ચરિત સાંભલિ જેય માંનવ દાંન આપઈ નિજ કરઈ,
તે પુન્ય પસાયઇ સુષી થાયઈ રિદ્ધિ પાંમઇ બહું પરઈ. ૧૭

(૧) સં.૧૮૪૧ શાકે ૧૭૦૬ મૃગશિર વદ ૧૧ ચંદ્રવાસરે તૃતીય પ્રહરે, પં.**ખુસ્યાલવિજૈજી** વાચનાર્થં. ગ્રાંમ **સરીયારી** મધ્યે. પ.સં.૧૧૭–૧૭, વિજાપુર જ્ઞાન ભં. નં.૬૨૪. (૨) સં.૧૮૩૮ વૈ. વદિ ૨ રવિ લિ. ચિરં. ભગવાન **માજીરામ** વાચનાર્થે, **તલવાડા** મધ્યે ચતુર્માસ ચક્રે. પ.સં. ૮૦–૧૫, અનંત ભં. નં.૨. (૩) સં.૧૭૪૨ માર્ગસિર શુ.૧ સોમે **બૃ.ખ. જિનચંદ્રસૂરિ** રાજ્યે **કીર્તિરત્નસૂરિ**-સંતાનીય મહો. **લલિતકીર્ત્તિ**ગણિ શિ. વા. **વિજયરાજ**ગણિ શિ. પં. **કમલહર્ષ**ગણીનાં અંતેવાસી પં. **જયચંદ્રેણ** લિ. પ.સં.૭૪, નાહટા સં. (૪) સં.૧૮૧૯ જે.વ.૧૪ **સાહડસર** મધ્યે રૂપવલભ શિ. **માણિકચરાજ** શિ. **લબ્ધિકમલ દીપચંદ મહેસદાસ** સહ લિ. પ.સં. ૬૪, દાન. પો.૧૩ નં.૨૫૨. (૫) સં.૧૮૬૪ ફા.શુ.૯ **વીકાનેર** મધ્યે **ઉદયરત્ન** લિ. સુંદર અક્ષર, પ.સં.૭૧, દાન. પો.૧૩. (૬) પ.સં.૭૪, જય. પો.૬૭. (૭) પ.સં.૨૬, પ્રથમ કથા, જિ.ચા. પો.૮૨ નં.૨૦૭૪. (૮) લિ. **હેમાણંદેન** પં. **ભાનુવિજય** વાચનાર્થં. પ.સં.૧૦૯–૧૧, માત્ર છેલ્લાં ૯૯થી ૧૦૯ પત્ર, જૈ.એ.ઇ. નં.૧૩૬૭. (૯) સં.૧૬૯૭ કા.સુ.૧૩ ભોમ. પ.સં.૬૬–૧૬, મ.બ.; હાલ દે.લા.પુ.લા. નં.૧૪૪૯–૫૧૩. (૯) લ.સં. ૧૭૮૫, પ.સં.૫૦, સેં.લા. નં.૫૮૨૭. (૧૦) સં.૧૬૬૫ ચૈ.શુ.૩ **જેસલમેર** મધ્યે પં. **ચરણકીર્ત્તિ** પં. **દેવસાર** પં. **ગુણરાજ**, ઉદેસંઘ સપરિવારાત્ લિ. એક ગુટકો, નાહટા સં. (૧૧) ઇતિ શ્રી કલિયુગપ્રધાન દાનાધિકાર

શ્રી વિક્રમરાઇ શ્રી ભોજનરેન્દ્ર સિંહાસણ બત્રીસી ચઉપઇ સંપૂર્ણ. સંવત્ ૧૭૧૬ વર્ષે ભાદ્રપદ માસે સિતેતર પક્ષે દ્વિગ્દિશિ તિથૌ પૃથ્વી...વારે લિખિતં મુનિશ્રી વૈરાગ્યસમુદ્રેણ. શ્રી આગરા નગરે મુનિશ્રી ક્રિયાસાગરગણિ વાચનાય લિખિત ગ્રંથાગ્ર ૩૩૫૧ માજને. ગુ.વિ.ભં. (૧૨) વિદ્યા. (૧૩) સં.૧૯૦૧ માહ વ.૮ લિ. માંડવી મધ્યે જાની વાસદેવ મુરારજી લિખાવિતં ચિરંજીવી પડનાર્થં તેનેદં પૂસ્તકં જ્ઞાનવૃદ્ધિકરં. શુભ ભૂયાત પ.સં.૧૧૨-૧૨, ધો.ભં. (૧૪) ઇતિશ્રી કલિયુગ પ્રધાનાધિકારે શ્રી વિક્રમરાય સિંહાસણ બત્રીસી ચરિત્ર ચોપઇ સંપૂર્ણ છ. સંવત્ ૧૬૭૬ વર્ષે માસે ચૈત્ર વદિ ૧૨ દિને શ્રી અંચલગચ્છે વાચિકપ્રવર વાચિકશિરોમણિ વાચનાચાર્ય વા. શ્રી ૫ રાજકીર્ત્તિગણિનાં બાંધવ પંડિતપ્રવર પંડિતશિરોમણિ પંડિતસિરિચક્રચૂડામણિ પંડિતોત્તમઃ પં. શ્રી શ્રી ગુણવર્દ્ધનગણિ શિષ્ય મુનિશ્રી શ્રુતસાગરગણિ મુનિ દયાકીર્ત્તિગણિ મુ. વિજયકીર્ત્તિ સહિતૈ લખિતં પાલિગ્રામ સુભસ્થાન મધે. મ.બ. (૧૫) અધૂરી પ્રત, પ.સં.૧૨-૨૦, મા.ભં. (બત્રીસપુતલીની વાર્તા એ નામ છે.) (૧૬) ઇતિ શ્રી કળિજુગ પ્રધાંન દાંનાંધિકારિ શ્રી વિક્રમરાઈ શ્રી ભોજનરિન્દ્ર સીગાસણ બત્રીસી ચરીત્ર ચઉપાઇ સંપૂર્ણ...સં.૧૭૧૦ વર્ષે શ્રાવણ સુદિ ૪ ચોથિ દિનિ સોમિ ઉત્તરા નક્ષત્રિ યાદસા શ્રી સાહા જોહારાજિ શ્રી સમારથગચ્છિઃ ભણસાલી લાધાદાસ ભણસાલી લહૂઆસુત લિષતં. હીર કીઉ વિક્રમચરીત, સહિતિત્રીસ સતર સિલોક, ભણિ ગુણિ ઈહરતે પરતિ, તિયા નર વંછિત થોક. ૧ સમસ્ત શ્લોકા ૩૩૭૦. મારી પાસે. (એક જ ને તે છેલ્લું પાનું છે તે પરથી) [આલિસ્ટઑઇ ભા.૨, કૅટલૉગગુરા, મુપુગૂહસૂચી.]

(૯૪૭) જીભદાંત સંવાદ ગા.૪૧ ર.સં.૧૬૪૩ માગ. વિકાનેર

અંત – **સોલ ત્રયાલઇ** મગસિરિ, **વીકાનેર** મંઝારિ

હીરકલશ રસણા-દસણ, જોડિ કરિ જસુકારિ. ૪૧ સં.

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૨).]

(૯૪૮) જ્યોતિષસાર દુહામાં

આદિ – સહગુરૂ સાનિધિ **સરસતી**, સમરી સુવચન સાર,

જોઇસના દૂહા કહિસ, બાલબોધ હિતકાર. ૧

તિથિ, વાર, નક્ષત્ર, ગ્રહ, રાશિ, મહૂરત, યોગ,

એ સાતે ઇતિ જ્યોતિષેં, કહિ સંખેપે ભોગ. ૨

પડિવા છઠિ ઇગિયારસી, નંદા નામ કહાય,
બીયા સાતમિ બારસી, ભદ્રા નામ સુણાય. ૩

અંત – અન્ય પુરૂષ જ્ઞાનં
હીર કહે સસિ બુધ ગુરૂ, ભૃગુ તનુ ભુવન સુહાય,
રવિ મંગલ શનિ રાહ જો, નરાકાર દુખદાય. ૧
ધન ભુવનેં સવિ ક્રૂર ગ્રહ, લચ્છી હાનિ કહેય,
સૌમ્ય ગ્રહ સવિ હીર કહે, ઋદ્ધિ વૃદ્ધિ ફલ દેય. ૨
સહજ ભુવનેં ક્રૂર સવિ, ભાઈ આપે હાણ,
હીર કહેં સોમાસવે, આયા કરેં કલ્યાણ. ૩

(૧) અધૂરી પ્રત, પ.સં.૨૧–૧૫, વિ.ને.ભં. (૨) સં.૧૭૫૩ શ્રા.શુ. ૧૦ પત્તન મધ્યે ભક્તિવિશાલ શિ. પ્રીતરાજ લિ. પ.સં.૧૪, ચતુ. પો.૧. [મુપુગૂહસૂચી (હીરને નામે પણ).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૩૪–૪૦, ભા.૩ પૃ.૭૨૫–૨૯ તથા ૧૫૧૦.]

૪૫૮. અજ્ઞાત

(૯૪૯) ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ ચોપાઈ લ.સં.૧૬૦૮ પહેલાં

(૧) સં.૧૬૦૮ ભા.વ.૮ રવિ અદ્યેહ પત્તનમધ્યે શ્રે. લીંબા સુત મેઘરાજ હીરા લિખાપિત. હં.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૯.]

૪૫૯. આણંદવર્ધનસૂરિ (ખ. ધનવર્ધનશિ.)

(૯૫૦) પવનાભ્યાસ ચોપાઈ ગા.૧૨૭ ર.સં.૧૬૦૮ આસો

આદિ – આદિ સગતિ સેવું સારદા, કવિયણ વાણી મતિ સારદા,
કરૂણાસાગર મન સારદા, અહનિસિ નવિ છાંડુ સારદા. ૧
પરમતેજ પણમું એકચિત્ત, જે માહિ દીસઇ બહુલું ચિત્ત,
જન હુઇ પોતઇ પૂરવ દત્ત, તઉ પામીજઇ એહજિ તત્ત.
બ્રહ્મજ્ઞાન તણી ચઉપઇ, સાંભલજ્યો એકમનાં હુંઇ,
સાર પદારથ એહ જિ લઇ, પુન અવતાર ન પામુ ભઇ. ૩
ષટ્ દરસનિ નાયક જૂજૂઆ, અછઇ એક પણિ નામિ હૂઆ,
પંડિત વાદ કરંતા મૂંઆ, જણ જણ નવિ લાધુ તે કુઆ. ૪
ખરતરગચ્છનાયક સૂરીસ. શ્રી ધનવર્દ્ધનનુ જે સીસ,
આણંદવર્દ્ધન કરઈ જગીસ, વડી વાત લહિવા જગદીસ. ૫
હૂં તઉ મૂરખ નઇ મતિહીણ, હસું મ કરિસ્યુ જેહ પ્રવીણ.

રૂપાતીત ધ્યાન લયલીણુ, મુગતિ ગયા તે કરમવિહીણુ. ૬

અંત – સંવત **સોલ અઠોતર** વરસિ, આસો માસિ રચિઉં મન હરસિ,
સુણિવું ભણવું એ મહા પુરસિ, અરૂપ ધ્યાનિ આરૂઢઇ તરસિ. ૧૨૪

જઉ હુઇ પોતઇ પાતક ઘણૂં, તઉ દુખ ભોગવીઇ આપણૂં,
ધર્મ બહુલ સંચઇ ધામીઇ, ઇમ **આણંદવર્દ્ધન** પામીઇ. ૧૨૫
પુણિય પાપિ અવતાર જિ સહી, જઉ લવલેશ પોતઇ તે નહી,
સમય માત્રિ જાઇ તઉ વહી, મુગતિં પ્રાણી કેવલિ કહી. ૧૨૬
કર્મ નિકાચિત જાંઈ દૂરિ, અનંત ભવ ઊતરીઇ પૂરિ,
એહવું તત્ત્વ ન જાણિં ભૂરિ, ઇમ કહઇ **આણંદવર્દ્ધન**સૂરિ. ૧૨૭

(૧) પ.સં. ૧૦–૯, સીમંધર. દા.૨૦ નં.૧૧.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૦૦–૦૧.]

૪૬૦. કમલશેખર (આં. વેલરાજ–પુણ્યલબ્ધિ અને લાભશેખરશિ.)

(૯૫૧) નવતત્ત્વ ચોપાઈ ૬૫ કડી ર.સં.૧૬૦૯ આસો ૩ સુરતમાં

આદિ – **સરસતિ** સાંમાણ સમરં માય, **પાસ** જિણેસર પણમું પાય,
કહૂં **નવતત્ત્વ** સંખેપિ વિચાર, જિણિ હુઇ સમકિત સાર. ૧

અંત – અંતરમહૂરત સમકિત ધરઇ, તે નર અરધુ પુદ્દગલ કરઇ,
વાચક **કમલશેખર** ઇમ કહઇં, ગણિઇ ભવિઇં સિદ્ધ પદવી લહઇ. ૬૩

વિધિપક્ષિ ગછિ એ ઉદયુ ભાણુ, શ્રી **ધર્મમૂર્ત્તિસૂરિ** સુજાણ,
તાસ પસાઈ લહીયા ભેય, બિસઇં છિહુત્તરિ હૂઆ તેઅ. ૬૪
સંવત **સોલનવોત્તર** વરસિ, **સૂરતિ** આસૂ ત્રિતીયા દિવસિ,
રચી ચુપઇ સોહામણી, ભણતાં ગણતાં હુઇ બુદ્ધિ ઘણી. ૬૫

(૧) પં. **રવિચંદ્ર** લ. સાધવી **ગંગાઇ** પઠનાર્થં. પ.સં.૨–૧૫, મ.જૈ.વિ. નં.૪૦૦.

(૯૫૨) પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ સર્ગ ૬ કડી ૭૯૩ ર.સં.૧૬૨૬ કા. શુ.૧૩ માંડલમાં

આખી કૃતિ દુહા તથા ચોપાઈમાં છે.

આદિ – દૂહા

શ્રી જિનવર સવિ પય નમી, સમરી **સરસતિ** માય,
રાસ રચું રલીયામણું, વલિ વંદી ગુરૂપાય. ૧

સરસ કથા **યાદવ** તણી, કહિસ્યું તે ઇકચિતુ,
કુમર **પજૂનહ** તેહ તણું, નિસુણઉ ચારૂ ચરિતુ. ૨
જંબૂદ્વીપ મઝારિ વર, **ભરહખિત** સુપ્રસિદ્ધ,
તેહ માંહિ સોહઈ ભલું, **સોરઠ દેશ** સમિદ્ધ. ૩

યતઃ

તીર્થાનિ તટિનીતોયં તરુણી તીરુલોચના
તાંબૂલં તોયધેર્લક્ષ્મી સૌરાષ્ટ્રે રત્નપંચકં. ૧

*

પ્રથમ સર્ગિ પરણી **રૂખમિણી**, **કૃષ્ણ** તણી વાત કહિ ઘણી,
બીજઉ સર્ગ **જંબુવતિ** તણુ, વાચક **કમલશેખર** કહઇ અણુ. ૧૨૪

અંત – કેવલમહોત્સવ દેવે કરિઉ, ધન્ય એ **યાદવ**કુલિ અવતરિઉ,
ધન્ય એ **નેમિ** જિનેશ્વર સીસ, ઇંદ્ર સયલ જસ કરઇ જગીસ. ૭૮૯
વિધિપક્ષગછિ **ધર્મમૂર્ત્તિ**સૂરિ, વિજયવંત તે ગુણ ભરપૂરિ,
કમલશેખર રહીયા ચઉમાસિ, **માંડલિ** નયર ઘણઇ ઉલ્હાસિ. ૭૯૦
સંવત **સોલ છવીસઈ** કરી, દૂહા, ચુપઇ હીયડઇ ધરી,
કાતી સુદિ નઇ દિન ત્રયોદસી, કીધી ચુપઇ મન ઉલ્હસી. ૭૯૧
વણારીસ **વેલરાજ** તણા, સીસ દોઇ તેહના ગુણ ઘણા.
શ્રી **પુણ્યલબ્ધિ** ઉવઝાયાં ઇસ, બીજા **લાભશેખર** વણારીસ.
૭૯૨
તાસ સીસિ રચી ચુપઇ, સુણિયો ભવીયાં ઇકમન થઇ,
ચરિત્ર **પ્રદ્યુમ્નકુમાર** તણૂ, ભણતાં સુણતાં સુખ ઘણૂ. ૭૯૩

(૧) ૭૯૩ ગાથા **સ્વર્ણગિરિ** મધે, ઋ. **લાલાજી** લિખિત્તં. પ.સં. ૨૪–૧૫, મ.જૈ.વિ. નં.૪૯૯. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૮).]

[પ્રકાશિત : ૧. સંપા. મહેન્દ્ર બા. શાહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૯–૬૧.]

૪૬૧. હેમરાજ (જીવરાજઋષિશિ.)

(૯૫૩ ક) ધનારાસ ર.સં.૧૬૦૯ દિવાળીદિન

અંત – એ ચરમ જિનવર સંઘ જઇકર ભાવ સિઉ ગુરૂ ગાઇયા,
કર્મ કઠિન ચૂરિ ન્યાન પરિ અનંત સુખ તે પાઇયા
જીવરાજ રૂષિ શિષ્ય સુણ મુનિવર **હીમરાજ** વખાણીઇ,
રચિઉં તેહ સાનિદ્ધ ધરીય ગુણ બુદ્ધિ હરષ હયડઈ આણીઈ.

સુત નેહાલી દિન દીવાલી સંવત **સોલ નવોત્તરઈ.**
નરનારી સમકિત ધારી ગાઇ ભવસમુદ્ર લીલા તરઇ.

(૧) ગાથા ૩૪૪, પ.સં.૧૫, લીં.ભં. દા.૩૦ નં.૮. (૨) વિ.ધ.ભં. (તેમાં ટીલરાજ એ કર્તાનું નામ છે.)

(૯૫૩ ખ) બુદ્ધિરાસ ગા.૫૫ ર.સં.૧૬૩૦ શ્રાવણ

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૨, ભા.૩ પૃ.૬૭૪. પહેલાં કર્તાપરિચય આમ આપેલો : "એક હેમરાજ નામના વાચકે 'કાલિકાચાર્ય કથા' ગ્રંથ લખ્યો છે (પાટણના ભંડારમાંની પ્રતિ). પ્રશસ્તિ લેખક તરીકે એમ આપી છે કે : "સં.૧૬૦૯ વર્ષે શ્રી **ખરતરગચ્છે** શ્રી **જિનમાણિક્યસૂરિ** વિજયરાજ્યે શ્રી **વિક્રમનગરે** વા. શ્રી **વિજયકીર્તિ** શિષ્ય વા. હેમરાજ." તો આ અને તે બંને એક હોવા સંભવે છે." પછીથી કાવ્યનો અંતભાગ મળતાં એ કર્તાપરિચય ખોટો ઠરે છે.]

૪૬૨. વિવેકહંસ ઉ.

(૯૫૪) ઉપાસક દશાંગ બાલા. લ.સં.૧૬૧૦ પહેલાં

(૧) લ.સં.૧૬૧૦, પ.સં.૨૮, પ્ર.કા.ભં. છાણી નં.૮૯૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૫.]

૪૬૩. ઉદયકર્ણ

(૯૫૫ ક) હરિકેસી બલ ચરિત્ર ગા.૬૯ લ.સં.૧૬૧૦ પહેલાં

(૧) લ.સં.૧૬૧૦ ભા.સુ.૫ પ.સં.૩, મહર. પો.૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૯. ત્યાં આ અને પછીની કૃતિ 'ઉદયકર્ણ–ઉદો (પાર્શ્વચંદ્રશિ.)'ને નામે મૂકવામાં આવેલી, પરંતુ પાર્શ્વચન્દ્રશિ. ઉદા(ઉદયચંદ્ર) ઋષિ છે, ઉદયકર્ણ નહીં. તેથી 'હરિકેસી બલ ચરિત્ર'ના કર્તા જ ઉદયકર્ણ અહીં ગણવામાં આવ્યા છે.]

૪૬૪. ઉદો (પાર્શ્વચન્દ્રશિ.)

(૯૫૫) સનતકુમાર રાસ ૮૪ કડી ર.સં.૧૬૧૭ શ્રાવણ શુ. ૧૩

આદિ – સુખકર **સંતીસર** નમુ, સદગૂર સેવ કરઉં નિસદીસ તુ
તાસ પસાઇ અણુસરઉં, સિદ્ધિ સકલ મનની સજગીસ તુ. ૧
સનતકુમાર સુહામણઉ, ઉતિમ ગુણમણિનઉ અહિઠાંણુ તુ
ચક્રીસર ચઉત્થઉ સહી, ચતુરપણઇં મોહઇ સપરાંણુ તુ.
સનત. આંચલી. ૨

અંત – **સોલહ સઇ સતરોતરે,** શ્રાવણ શુદિ તેરસિ અવધારિ તુ

ઉત્તરાજઝયણ સંખેપથી, ત્રિરતિ (ચરિત) થકી કીધો ઉધાર તુ સં.૮૩
શ્રીપૂજિ **પાસચંદ** પાએ નમી, હરષ ધરી એ રચીયઉ રાસ તુ
રિષિ **ઊદઉ** કહઇ જે ભણઇ, તિહાં ઘરિ મંગલ લીલ લચ્છિ
નિવાસ તુ. ૮૪
સનતકુમાર સોહામણો.

(૧) સં.૧૬૨૮ વર્ષે લ. રિષિ દેવીદાસ શ્રાવિકા **લીલાઈ** પઠનાર્થં. પ.સં.૪–૧૨, યતિ જયકરણ, બિકાનેર. (૨) ઋ. **કાકાજી** ચરણપ્રસાદાત્ લ. ઋષિ **માંડણ** પઠનાર્થં. પ.સં.૪–૧૨, મુક્તિ. નં.૨૩૭૬. (૩) પ.સં.૪, મુકનજી સં.

[પ્રકાશિત : ૧. ષટ્દ્રવ્યનય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૯. જુઓ આ પહેલાં 'ઉદયકર્ણ' પરની નોંધ.]

૪૬૫. હર્ષવિમલ (ત. આણંદવિમલશિ.)

(૯૫૬) બારવ્રત સઝાય લ.સં.૧૬૧૦ પહેલાં

અંત – **તપગચ્છ**મંડણ જાણીઇ એ, મા. **આણંદવિમલ** સૂરીંદ,
તસુ પાટઈ **ગોયમ** સમા એ મા. **વિજયદાન** મુણિંદ. ૬૪
શ્રી **આણંદવિમલ** તણુ એ મા. **હર્ષવિમલ** ગણીશ,
સીસ કહઇ ભણતાં હુઇ એ મા. નવનિધિ તસુ નિશિદીસ. ૬૫

(૧) લ.સં.૧૬૧૦, ચોપડો, પ્ર.કા.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૯૧.]

૪૬૬. વિમલ

(૯૫૭) મિત્રચાડ રાસ ૩૪૪ કડી ર.સં.૧૬૧૦ આસો શુ. ૧૦ શુક

આદિ–
વસ્તુ

માત **સરસતિ** માત **સરસતિ** પ્રણમૂં એહ દેવિ,
કૌમારી કરૂં વંદના, વાગવાંણિ દિઇ સરસ વાંણીય,
તાસ જિમલિ દેવિ કો નહી નિપુણ બુદ્ધિમઇ તૂંઅ જાંણીય,
જગદંબા જગદીશ્વરી, કરયો રસના વાસ,
અવરૂ ન માગૂં એકહૂં, પૂરે મનચી આસ. ૧

દૂહા.

દેવ ગુરૂ સાંનિધિ કરી, પભણૂં **મિત્રહ** રાસ,
માણિકા કિમ ખેપ કરી, સ્ત્રી કિમ ખેલી સાસ. ૨

તે વરતાંત તુમ્હે સાંભલુ, નર નીમડિઉ સુજાંણુ,
કિણિ થાનકિ તે કિમુ હૂઉ, કિહાં તેહનૂં અહિઠાંણુ. ૩

અંત – ત્રણસઇ બ્યાલીસ એ ચુપ્પઇ, ભણતાં સુખીઉં હુઇ સહી,
સંવત્ ૧૬૧૦ તસ, આસો શુદ આસીઇં વિસ્તરાં. ૩૪૨
તિથિ દસમિ નઇં શુક્રવાર, **વિમલ** હોયો જયજયકાર,
અધિકું ઉછઉ હુઇ જેહ, મિછાદુકડ દિઉં છઉં તેહ. ૩૪૩
અરિહંત દેવનૂં ધ્યાન જ ધરૂ, સદગુરૂચરણ સદા અણુસરૂ,
ધ્યાતાં ધમ્મ બહુ ધન ઝાઝૂં મિલિઇ, કહિ **વિમલ** તે ઘરિ
રિદ્ધિ મિલઇ. ૩૪૪

(૧) ઋ. સંતોષી આત્માર્થેન લિ. પ.સં.૧૧–૧૫, વિમલ (કાળુશાની પોળમાંનો) ભં. દા.૨૫ નં.૨૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૫.]

૪૬૭. અજિતદેવસૂરિ (પલ્લીવાલગચ્છ)

'કર્પૂરચક્ર' તેમણે કરેલું છે કે જેનો નકશો મુનિ જશવિજય પાસે છે.

(૯૫૮ ક) સમકિતશીલ સંવાદ રાસ ર.સં.૧૬૧૦

(૧) પ.સં.૩, હં.ભં. નં.૧૦૯૭.

(૯૫૮ ખ) ચંદનબાલા વેલિ

(૧) સાધ્વી કેસાજી પઠનાર્થં સં.૧૭૮૦ આસાઢ શુ. ૧૧ બુધે. પ.સં.૨, અભય. નં.૩૪૯૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૭૫. શબ્દસૂચિમાં પલ્લીવાલગચ્છનો નિર્દેશ કર્યો છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ફકરો ૮૫૬ પૃ.૫૮૫ પર પલ્લીવાલગચ્છના અજિતદેવની સં.૧૬૨૭–૧૬૨૯ની સંસ્કૃત કૃતિઓ નોંધાયેલી છે.]

૪૬૮. હંસભુવનસૂરિ

(૯૫૯) શંખેશ્વર પાર્શ્વ સ્ત. કડી ૪૬ ર.સં.૧૬૧૦ છનીઆરમાં

આદિ – શાસનદેવી મન ધરી એ, ગાઉં **પાસ** જિણંદ,
શંખેશ્વરપુરમંડણો એ, દીઠે પરમાણંદ. ૧

અંત – ત્રણે કાલ પૂજો સદા એ, **સંખેશ્વર શ્રી પાસ**,
શ્રી હંસભવનસૂરિ એમ ભણે એ, **પૂરે મનની આસ.** ૪૪
સંવત **૧૬૧૦ સોલ દસોતરે** એ, તવન **રચીયૂં સાર**,

શ્રી **સંભવનાથ** પસાઉલે એ, **છનીઆર** નયર મઝાર. ૪૫

કલસ

શંખેશ્વર શ્રી **પાસ** જિનવર વસ્યા સુખકર સુંદરી,
અશ્વસેન નરપતિ વંશમંડણુ દુરિતખંડણુ નેહ કરી.
જે જન આરાહે શ્યામ ધ્યાએ પાપ જાએ ભવ તણાં,
શ્રી **હંસભુવન**સૂરિ ઇમ જંપે શાશ્વતા સુખ દે ઘણાં. ૪૬

(૧) સં.૧૬૭૦નો એક ગુટકો, જશ. સં. (૨) સં.૧૭૮૪નો ચોપડો, જશ. સં. (૩) લિ. બુદ્ધિરત્નેન. બીજો ચોપડો, પ.ક્ર.૪૪, જશ. સં. (૪) પ.સં.૨-૧૩, હો.ભં. દા.૧૩ નં.૨૯. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૩, ૨૬૨, ૪૦૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૨.]

૪૬૯. સમયદેવજ

(૯૬૦) સોતા ચોપાઈ ર.સં.૧૬૧૧

[મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૫.]

૪૭૦. દેવીદાસ (દ્વિજ)

(૯૬૧) + ષડારક [છ આરા] મહાવીર સ્તોત્ર [અથવા સ્તવન]

ર.સં.૧૬૧૧ આસો શુદિ ૧૫ શુક્ર રાડદ્રહમાં

આદિ – સકલ જિણંદ પાએ નમી, પાંમી પરમાણુંદ;
દોઇ કર જોડિ વીનવું, ચોવીસમો જિણચંદ. ૧

અંત – ઉલાલાની ઢાલ.

ઈમ હરષ ધરીનઈ સ્તવીઉ **વીર** જિણંદ,
રાડબરપુર-મંડણુ પાય પ્રણમઇ સુરિંદ. ૬૧
મઇ પુન્યપસાઇં પામ્યા જિનવરરાય,
મુઝ પાપપડલ સવિ દુઃકૃત દૂરિ જાઈ. ૬૨
શ્રી **તપગચ્છ**નાયક શ્રી **વિજયદાન** સૂરિંદ,
તસ પાય પ્રણમીનઈ સેવઈ સુરનરવૃંદ. ૬૩
તસ નામિ મુઝનઈ ટલીઉ ભરમ મિથ્યાત્ત,
સેવતાં પામ્યુ જિનધર્મ જગહ વિખ્યાત, ૬૪
સંવત **સોલ ઈગ્યારોત્તરા** વરસહ કેરૂં માન,
આસો સુદિ પુનિમિ વાર સુક્ર સુભ થાન. ૬૫

કલશ.

ઈમ થુણિઉ જિનવર **વીર** સુખકર **રાડબરપુરમંડણુ**,
તસ પાય પણમી સીસ નામી, દુરિઅદુરગતિખંડણુ,
સેવઈ સુરાસુર, થુણઇ ભાસુર, ગરભવાસવિભંજણો.
દ્વિજ ભણઈ **દેવીદાસ** સેવક, સકલ સંઘ મંગલકરો. ૬૬

(૧) પ.સં.૭–૧૦, સીમંધર. દા.૨૦ નં.૮૭. (૨) પ.સં.૪–૧૧, સીમંધર. દા.૨૦ નં.૫૨. (૩) પ.સં.૩, પ્ર.કા.ભં. નં.૩૧૩. (૪) ભ. શ્રી **રામચંદસૂરિ** ચેલા **રામજી** લ. **પાટણ** મધ્યે. પ.સં.૮–૧૦, હા.ભં. દા.૮૩ નં.૧૩૮. (૫) સં.૧૭૩૫ માહ વદિ ૧૧ લિ. પં. **ભાવસાગરેણ** સાધ્વી **પ્રેમલક્ષ્મી** વાચનાય. પ.સં.૫, અભય. નં.૨૧૬૯. (૬) જીર્ણ પ્રત, સા.ભં. પાટણ. (૭) પ.સં.૪, પ્ર.કા.ભં. (૮) વિ.ધ.ભં. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૯, ૨૬૨, ૪૯૭, ૫૨૦, ૫૭૮).]

પ્રકાશિત : ૧. ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ ભા.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૨–૦૩, ભા.૩ પૃ.૬૭૫.]

૪૭૧. સાધુકીર્તિ વા. (ખ. જિનભદ્રસૂરિશાખા મતિવર્ધન–મેરુતિલક–દયાકલશ–અમરમાણિકયશિ.)

(૯૬૨) સપ્તસ્મરણ બાલા. ૨.સં.૧૬૧૧ દિવાલી વિકાનેર સંગ્રામ મંત્રીના આદેશથી.

(૧) જિ.ચા.

(૯૬૩) અજિત-શાંતિ સ્તવન બાલા.

(૯૬૪) સત્તરભેદી પૂજા ૨.સં.૧૬૧૮ શ્રા. શુ. ૫ અણુહિલપુરમાં

આદિ – રાગ પરપદી દૂહા.

જ્યોતિ સકલ જગિ જાગતી હૈ, **સરસતિ** સમરસુ ભંદ,
સત્તર સુવિધિ પૂજા તણી, પભણિસુ પરમાનંદ.

ગાહા

નવણ વિલેવણ વથ જુગ, ગંધારોહણં ચ પુપ્ફરોહણયં,
માલારૂહણ વન્નયં ૨, ચુન્નં પડાગાય આભરણે.

અંત – અણુહલપુર શાંતિ શાંતિ સબ સુખદાઈ, સો પ્રભુ નવનિધિ સિધિ વાજે. ૨ ભ.

શ્રી **જિનચંદસૂરિ** ગુરૂ **ખરતરિ**પતિ ધરિ મનવચન તસુ રાજે,

સંવત **સોલ અઢાર** શ્રાવણ સુદિ પંચમિ દિવસ સમાજૈ. ૩ ભ.
દયાકલસ ગુરૂ **અમરિમાણિક** (ગુરૂ) તાસ પસાઈ સુવિધિઇ હું ગાજૈ.
કહે **સાધુકીરતિ** કરત જિનસંસ્તવ, સવિ લીલા સવિ સુખ સાજૈ. ૪ ભ.

(૧) સં.૧૮૨૫ મિતિ જ્યેષ્ટ શુદિ ૧ શ્રી **વિક્રમપુર** મધ્યે. પ.સં.૪, પ્ર.કા.ભં. (૨) શ્રી **વીકાનેર** મધ્યે સંવત ૧૮૧૯ વર્ષે મિતિ જેષ્ટ માસે કૃષ્ણપક્ષે દુતીયા દિને સોમવારે. પ.સં.૮–૯, ક. મુ. (મારી પાસે છે.) (૩) **મરોટ** મધ્યે સુખહેમ લિ. પ.સં.૩, પ્રતિ ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૧૧૭. (૪) સં.૧૮૬૩ માઘ શુ.૧૩ ગુરૂ **બંગાલા મહિમાપુરે** લિ. પ.સં.૬–૧૩, જિનદત્ત ભં. મુંબઈ પો.૧૨. (૫) લ.સં.૧૮૬૬ **ગેહરસર** મધ્યે. પ.સં.૪, ભુવન. પો.૧૨. (૪) પ.સં.૫, ચતુ. પો.૩. (૬) સં.૧૭૭૫ ફા. શુ. ૯ લિ. **મયાચંદ જેસલમેર** મધ્યે. પ.સં.૧૧, અભય. નં.૬૪૪. (૬) સં.૧૭૨૭ કા. વ. ૪ લિ. પં. **સોમનંદનેન સત્યપુરે** ચાતુર્માસ. પ.ક્ર. ૧થી ૩, ત્રૂટક, અભય. નં.૭૬૧. [મુપુગૂહસૂચી.]

(૯૬૫) આષાઢભૂતિ પ્રબંધ ૧૮૭ કડી ર.સં.૧૬૨૪ વિજયાદશમી યોગિણીપુરમાં

અંત – ખરતરગચ્છ વાચક થયઉ, **મતિવર્ધન** નામ
મેરૂતિલક તસુ સીસ જે ગુણગણ અભિરામ. ૧૮૨
તાસુ વિનય ગુણી અછઇ, **દયાકલશ** મુણીશ
તાસુ સીસ રંગય કહઇ, **સાધુકીરતિ** જગીસ. ૧૮૩
ધમ્મ **સોલહ ચઉવીસઈ** સમઇ **યોગુણિપુર** ઠાણિ,
કિયઉ વિજઈદશમી દિણઇ, યહુ ચરિત્ત વિનાણ. ૧૮૪
એ પ્રસ્તાવ મનોહરૂ, નવ રસ સંબંધ,
સાધુકીરતિ મુણિવર રચ્યઉ, **આષાઢ** પ્રબંધ. ૧૮૫
પાપડ ગોત્રઈ પરવડઉ, શ્રીવંશ **શ્રીમાલ**
સાહ **તેજપાલ** કરાવિયઉ, સંબંધ રસાલ. ૧૮૬
લહિસ્યઈ સુષ જે ગાવિષ્યઇં નરનારીવૃંદ,
કુસલમંગલ અવચલ ઘરઇ, સુણતા આણંદ. ૧૮૭

(૯૬૬) નમિ રાજર્ષિ ચોપાઈ ર.સં.૧૬૩૬ મા.શુ.૫ નાગોર
(૧) પ.સં.૬, પ્રત ૧૭મી સદીની, દાન. પો.૪૪.

(૯૬૭) ગુણસ્થાનક વિચાર ચોપાઈ કડી ૪૬
આદિ – પણમિય જિણવર ચઉવિહ ભેય, સમરિ **ગોયમ** લબ્ધિ સમેય,
ચઊદ **ગુણઠાંણા** તણઉ વિચાર, સંખેપઇ હૂં બોલિસ સાર. ૧
પહિલો ગુણઠાંણો મિથ્યાત, જે નવિ જાંણે જિણધમ્મ વાત,
પંચમિથ્યાતેં વાહ્યો ભમઇ, હરિ હર બંભદેવ મનિ ગમઇ. ૨
અંત – **ગુણઠાંણાનો** એહ વિચાર, જે જાણઇ તે તરઇ સંસાર
વાચક **સાધુકીરતિ** ઇમ કહૈ, તે નિશ્ચઇ સાસય સુખ લહૈ. ૪૬
(૧) સં.૧૭૭૮ જ્યે. વ. ૪ લિ. શ્રી હુગલી બંદિર મધ્યે પં. **રંગપ્રમોદ** મુનિના, સુશ્રાવિકા પરમ ભક્તિવંત બીબી **અનોપોજી** સ્વવાચનાર્થં. પ.સં.૫-૮, ગુ. નં.૬૬-૧૪.

(૯૬૮) શત્રુંજય (ચૈત્રી) [અથવા **પુંડરીક**] **સ્ત.** ૧૬ કડી
આદિ – પય પ્રણમી રે જિણવરના શુભ ભાવ લઇ,
પુંડરગિરિ રે, ગાઇસુ ગુરૂ સુપસાઉલઇ.
અંત – કલશ.
ઇમ કરીય પૂજાય થાજો ગહિ સંઘ પૂજા આદરઈ,
સાહમ્મિવચ્છલ કરઈ ભવિયાં, ભવસમુદ્ર લીલા તરઈ,
સંપદા સોહગ તેહ માનવ, રિદ્ધિ વૃદ્ધિ બહુ લહઇ,
અમરમાણિક સીસ સુપરઇ, **સાધુકીરતિ** સુખ લહઇ. ૧૬
(૧) પ.સં.૧-૧૫, મારી પાસે. [જૈહાપ્રોસ્ટા.]

(૯૬૯) પ્રભાતી ૪ કડી
આદિ – રાગ દેશાખ.
આજ **ઋષભ** ઘરિ આવે, દેખો માઈ.
અંત – ઉત્તમ દાન અમૃતરસ ઊપમ, **સાધુકીર્ત્તિ** ગુણ ગાવે. ૪ આજ.
(૧) મારી પાસે.

(૯૭૦) નાની કૃતિઓ : (૧) મૌન એકાદશી સ્તોત્ર ૧૬ કડી ર.સં. ૧૬૨૪ અલવરમા; (૨) વિમલગિરિ સ્ત. ૧૩ કડી; (૩) આદિનાથ સ્ત. ૧૧ કડી; (૪) સુમતિનાથ સ્ત. ૧૮ કડી; (૫) પુંડરીક સ્ત. ૧૩ કડી બીજો પારા; (૬) સ્થૂલભદ્ર રાસ ગા.૩૧; (૭) જિનાદિ કવિત ૨૧ (અદ્ભુત ઉદ્યોત સુરનર જોત જપ હોત ઝટ દ્વિભુવન ઉજારતી); (૮) નેમિ સ્ત. ૪ કડી (શૃંગારહાર સુહામણા મંડણ કંકણુસાર); (૯) નેમિ સ્ત. ૬ કડી (તોરણ પશુ દેખિ કરિ, ચડિયો જાબ ગિરનાર); (૧૦) આદિ

સ્ત. ગા.૧૧ (નાભિ નરેસર કુલતિલઉ); (૧૧) નેમિ ગીત ૪ કડી (રાજ-લરાણી પ્રિય પ્રતિ ઈમ ભણઇ); (૧૨) તિમરી પાર્શ્વ સ્ત. ૬ કડી (ભગતિપર અમર નર અસુરવઇ વંદિઉ); (૧૩) નેમિ સ્ત. ૫ કડી (રાજુલ ભણુઈ સંભલિ સખી હો); (૧૪) સુમતિ સ્ત. ૧૮ કડી (અપર જિનવર સુમતિ જિણુંદ).

(૧) નં.(૧)થી (૧૧)ની કૃતિઓ 'સત્તરભેદી પૂજા' સહિત – સં.૧૬૨૦ શ્રા.શુ. ૧૩ અમદાવાદે લિ. **પાં**ઝિવજ્ઞાતીય ગંગાજલ પવિત્રે સા. વસ્તા સા. **જોટા** પઠનાર્થં. જ્ઞા.ભં. વર્દ્ધમાન ભંડારસ્થ વિકા.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૧૯–૨૧, ભા.૩ પૃ.૬૯૯–૭૦૦ તથા ૧૫૯૫. ઉપર નોંધાયેલ 'ગુણસ્થાનક વિચાર ચોપાઈ' જિનદત્તસૂરિશિષ્ય સાધુકીર્તિ (આ પૂર્વે નં.૭૪, ભા.૧ પૃ.૬૮)ને નામે પણ નોંધાયેલ છે. એ કૃતિના કર્તા કયા સાધુકીર્તિ તે, આથી, સંદિગ્ધ બને છે.]

૪૭૨. પ્રીતિવિજય (ત. વિજયદાનસૂરિ–આનંદવિજયશિ.)

(૯૭૧) બારવ્રત રાસ ગા.૪૬૧ ર.સં.૧૬૧૨[૭૨ ?] માગ શુ.૧૩ ગુરુ સુહાલીમાં

આદિ– પ્રણુમી **સાંતિ** જિણેસર સ્વામ, સંપતિ લહીઇ જેહને નામ,
શાંતિ જિણુંદ તણો ઉપદેશ, સુણુજ્યો ભાવિકા કહું લવલેશ. ૧
પંચ પ્રમાદ રહિત જિનધર્મ, કીજે જિમ ટાલીજે કર્મ,
જતી શ્રાવક ભેદે હોય, ધર્મ કરે તે સુખીયો હોય. ૨
પ્રથમ ધરમ જતીનો કહું, **શાંતિનાથ** ચરિત્રથી લહું,
ક્ષિતિપ્રતિષ્ઠિત નગર મઝાર, **ધનો** સાર્થવાહ તિહાં સાર. ૩

અંત– સંવત **સોલ બહોતરો માન**, માગસિર સુદિ તેરસિ જાણુ,
સુહાલા નગરે ગુરૂવાર, રચ્યો બારવ્રત રાસ ઉદાર. ૧૮
તપગણુગગનવિભાસન-ભાણુ, શ્રી **વિજયદાન**સૂરિ ગુણમણિ-ખાણુ,
તાસ સીસ પંડિત પરધાન, **આનંદવિજય** ગણિ ગુણહ નિધાન. ૧૯
તસ પદપંકજ ભ્રમર સમાન, જસ નામેં સઘલેં જસમાન,
પ્રીતિવિજય કહે ભણુતાં એહ, વંછિત સંપદ આવે ગેહ. ૨૦
જિહાં લગેં અવિચલ મેરૂ ભૂધરૂ, ગગને દીપે શશિ દિનકરૂ,
તિહાં લગે પ્રતિપો એહ ચરિત્ર, ભણુતાં સુણુતાં ચિત્ત પવિત્ર. ૨૧

(૧) પ.સં.૧૬–૧૪, લીં.ભં. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૩. 'બહોતરો'નું અર્થઘટન સામાન્ય

રીતે ૭૨ થાય તેને બદલે ૧૨ કરવાનું કારણ એ જણાય છે કે વિજય-દાનસૂરિ સં.૧૬૨૨ સુધી જ હયાત હતા.]

૪૭૩. ભાનુમંદિરશિષ્ય (વડતપગચ્છ ધનરત્નસૂરિ–ભાનુમંદિર)

(૯૭૨) દેવકુમાર ચરિત્ર ખં.૪ કડી ૧૨૨૯ ર.સં.૧૬૧૨ વૈ. શુદ ૩ રવિ પુણ્યધરામાં

આદિ – પં. શ્રી ૫ શ્રી શિવસુંદરગણિસ દ્ગુરૂભ્યો નમઃ

સરસતિ સામિણિ વીનવું, માગું નિરમલ બુદ્ધિ,
કવિત કરિસિ સોહામણું, દેયો વચન વિસુદ્ધ. ૧
મગધ દેશ તિહાં જાણીઇ, **રાજગ્રહ** સુવિચાર,
નવજોઅણ વિસ્તરિ ભણું, પુહુલું જોઅણ બાર. ૨
ન્યાયવંત ધર્મ્મી ભલુ, દાતા નિ સુવિચાર,
શ્રેણિક નાંમિ રાજીઉ, મંત્રી **અભયકુમાર.** ૩

(ચોપાઈ, દુહા, રાગ ધન્યાસી, મારણી, વસ્તુ, ચોપાઈ, દુહા, ચોપાઈ.)

કરકમલ જોડી કરી, **શ્રેણિકરાઇ** પૂછંતિ,
સાત વ્યસન સંબંધ તુ, મુઝ પ્રતિ તેહ કહંતિ. ૪૪

*

વસુધાપતિ પૂછિ વલી, કુણ તે **દેવકુમાર,**
કિણિ પરિ વ્યસન આદરી, કિમ પાંમિઉ મોક્ષ દૂઆર. ૬૧
વર્દ્ધમાન વલતું કહિ, સુણિ રાજન! સુવિચાર,
ચરિત્ર તાસ કૌતક ઘણું, કહીઇ તેહ વિચાર, ૬૨

દૂહા.

કૌતુકરસ કેરી કથા, અનિ વલીય વયરાગ,
સાંભલી સવિ આણંદ સિઉં, એ દૂઉં નહિ મિલઇ લાગ. ૩૫૮

અંત – ઢાલ નરસૂયાનુ

શ્રમણ ધર્મ કેવિ આદરિ એ નરસૂઆ, જાંણી અથિર સંસાર,

*

ચંદ્રગચ્છ ગુરૂ જાણીઇ ન. શ્રી **રત્નસિંહ** સૂરીંદ,
નામિ નવનિધિ સંપજે, ન. દરિશણિ પરમાણંદ. ૬૨
તસ અનુક્રમિ ગણધરૂ એ, ન. શ્રી **ઉદયસાગરસૂરિ,**
લબ્ધિવંત ગચ્છપતિ ગુણનિલુ એ ન. શ્રી **લબ્ધિસાગરસૂરિ.** ૬૩

ચુપઈ.

પંડિત શ્રી **શિવસુંદર** રાય, ભૂપતિ ભવિયણ નમિ તસ પાય,
અલિય વિઘન સવિ દૂરિ ટલઇ, સૌખ્ય પદારથ નાંમિ મિલઇ. ૬૪
ગુણવંતા તસ શિષ્ય જાણીઇ, **જયમલ્લ** પાઠક વખાણીઇ,
શ્રી **મુનિસિંહ** કહી મોટઉં નામ, ક્રિયાકલાપ કરિ નિતુ કામ. ૬૫
પ્રૌઢ પુણ્ય તણૂ જે ધણી, કીર્ત્તિ જેહની દહ દસિ ઘણી,
પંડિતજીના શિષ્ય સુવિચાર, વિદ્યા ચૌદ તણુ ભંડાર. ૬૬
...શ્રી **ધનરત્ન** સૂરીશ્વર સાર. ૬૭
ગુરૂ દીસિ **ગૌતમ** અભિનવા, વચન સકોમલ સાકર લવા,
યશકિરણ સઘલિ વિસ્તરિયાં, મોહતિમિર સવે નિસ્તરિયા. ૬૮
મૂરતિવંતુ દીસિ ભાણ, મુખ ભેટિ હુઇ કલ્યાણ,
પ્રથમ શિષ્ય પંડિત ગુણનિલુ, શ્રી **ભાનુમંદિર**ગણિ ભલુ. ૬૯
તસ સેવકિ કીધી ચુપઈ, સંવત **સોલ બારોત્તરિ** હુઇ,
વિશાખ સકલ ત્રીજ રવીવારિ, નગર **પુણ્યધરા** મઝારિ. ૭૦
શોભનયોગ નક્ષત્ર રોહિણી, શ્રી સંઘિ સાંનધિ કીધી ઘણી,
દેવકુમાર કરિઉ ચરિત્ર, જે હુઉ છિ પુણ્ય પવિત્ર. ૭૧
યુગહપ્રધાન જયવંતા જાણ, નિતુ નવરસ તે કરિ વખાણ,
શ્રી **તેજરત્ન** સૂરિસ્વર જયુ, ચરણકમલ ભેટિ સુખ થયું. ૭૨
ભણિ ગુણઇ સાંભલસિ જેહ, સુખ સુત સંપત્તિ પાંમસિ તેહ,
દુરિત કષ્ટ દૂરિ જાઇસિ, માન મહત્વ મહીયલિ પામસિ. ૭૩

દૂહા.

નિજ ગુરૂની અનુમતિ થકી, સુંદર બોલ્યા બોલ,
સારદા પાસ પસાઉલિ, ન પડિઉ એક્કે બોલ. ૭૪

વસ્તુ.

રાઉ **શ્રેણિક** રાઉ **શ્રેણિક** સુણીય જિનવાણી,
સમકિત સિઉં વ્રત આદરી, હર્ષ સહિત ગેહે આવઇ,
ભવ્ય જીવ બીસવે એકચિત્તિ ભાવના ભાવઇ,
દેવકુમાર ચરિત્ર વર, પરિપૂર્ણ હવુ રાસ,
ભાનુમંદિરશિષ્ય ઇમ કહિ, ચતુર્થ હવુ ઉલ્લાસ. ૩૭૫

(૧) ઇતિ શ્રી વીરદેશનાયાં મહારાજશ્રી શ્રેણિકપ્રાપ્તો સપ્ત વ્યસનાધિકારે વેશ્યાવ્યસને મહાકૌતુકાશ્રયે દેવકુમારચરિત્રે ચતુર્થોલ્હાસઃ સંપૂર્ણઃ પ્ર.૨૬૯, દ્વિ.૨૨૭, તૃ.૩૫૭, ચ.૩૭૫ સર્વ.૧૨૨૯ સમાપ્ત. પ.સં.૩૯–૧૩,

રો.એ.સો.બી.ડી.૯ નં.૧૯૧૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૨-૬૪.]

૪૭૪. માલદેવ (વડગચ્છ ભાવદેવસૂરિશિ.)

આ બહુ સારા કવિ હતા. તેનો ઉલ્લેખ ઋષભદાસે પૂર્વના વિદ્વાન્ કવિ તરીકે 'કુમારપાલ રાસ'માં કરેલ છે. (જુઓ મારો લેખ—જૈન કૉ. હેરલ્ડના જૈન ઇતિહાસ અંક સને ૧૯૧૫માં ઋષભદાસ પર.) આ કવિની રચના સુંદર અને લલિત છે. તેના ગુરુ ભાવદેવનો ઉપાશ્રય હમણાં પણ વિકાનેર રાજ્યમાં ભટનેર અને હનુમાનગઢમાં છે. તેના શિષ્યલોક સિન્ધ અને પંજાબના મધ્યમાં રહ્યા કરતા હતા.

જયરંગ કવિએ સં.૧૭૨૧માં રચેલા 'કયવન્ના (કૃતપુણ્ય)ના રાસ'-માં માલ કવિનાં સુભાષિત લીધેલ છે:

વાલંભ તણો વિછોહ, કિરતાર તૂં કદિ ભાજસી ?
કહિ નૈં કદિ સંજોગ, કરસી તે નિરણું કહો, ૧
કોકિલ ને જ્યું મોરધ્વનિ, દક્ષણ પવન જ હૂંતી,
ચંદ્રકિરણ તંબોલરસ, વિરહી એ ન સહંત. ૨
દુસહ વેદન વિરહકી, સાચ કહેં કવિ **માલ**,
જિં જિણકી જોડી વિછડો, તિણકા કવણ હવાલ. ૩

[જૈન પરંપરાનો ઇતિહાસ ભા.૨ પૃ.૫૮૯ મુજબ ભાવદેવ સં.૧૬૧૩-માં હયાત. ભાવદેવની પાટે શીલદેવ સં.૧૬૧૯-૧૬૪૪.]

(૯૭૩) વીરાંગદ ચોપાઈ (પુણ્ય વિષયે) ૭૦૪ કડી (ર.સં.૧૬૧૨ જે.શુ.૯)
લ.સં.૧૭૦૧ પહેલાં

આદિ – ચૂનરિ મેરી પાટકી એ ઢાલ.

સંતિ જિનેસર પય નમી સમરૂં **સરસતિ** માઇ રે
કરૂં નવી હૂં ચઉપઇ, નિય ગુરૂનઇ સુપસાઇ રે. ૧
પુન્ય કરઉ તુહ્મ ભવિયણઉ સહુ જેમ ભવપારો રે
મણુયજનમ પામી કરી, પુન્ય પદારથ સારો રે–આંકણી

અંત – યત:

વારી આપો આંવણી, ચલ્લણ લાગે મિત્ત
તેરી વારી રે હિયા, નેડી આવઇ નિત્ત. ૭૦૦
હેમાંગદ પાલઇ શ્રાવક ધર્મ અખંડ
તિહું દેસ તણઉ રાજા હૂવઉ બલચંડ

કેવલી **વીરાંગદ** સુમિત્ર સહિત પરિવાર
સમેતસિખરિ ચઢિ સીધા સિવસુખકાર. ૭૦૧
ઇહુ પુણ્ય તણુ મહિમા જોવઉ સંસારિ
સુખ ભોગવિ વહુતા પહુતા પુણુ ભવપારિ
ઇમ જાણી ભવિયણ પુણ્ય કરઉ સવિસેસ
પામઉ મનવંછિત ભવદુખ ટલઇ કિલેસ. ૭૦૨
શ્રી **વડગચ્છ** ગચ્છહિં **પુણ્યપ્રભ** સુરીસ
ભાવદેવ સૂરીસર, ભાગ્યવંત તસુ સીસ
ચઉપઇ પ્રબંધ ઇસઉ ઊલટ ધરિ અંગિ
શ્રી **માલદેવ** તસુ સીસ કહઇ મનરંગિ. ૭૦૩
અધિક ઉછઉ ઉત્સૂત્ર કહ્યઉ જે અંત
મિચ્છાદુક્કડ તે ખમિજ્યો સદા મહંત
જે સુણિસ્યઇ ગુણિસ્યઇ ભાવ ધરંત
મનિ આણંદ હોસ્યઇ લહિસ્યઇ સુખ અનંત. ૭૦૪

(૧) સં.૧૭૦૧ મગસિર સુદિ ૨ **ભટનેરે** દુર્ગે **ખરતરગચ્છે સાગરચંદ્ર** સૂરીશ્વરાણામન્વયે વા. **જ્ઞાનપ્રમોદ**ગણિ શિ. **ગુણનંદન**ગણિ શિ. પં. **સમયમૂર્ત્તિ**ગણિનાલેખિ પં. **મતિરત્ન** સહિતે ચતુર્માસી કૃતા. પ.સં.૨૦-૧૫, મ.જૈ.વિ. ? જશ.સં. ? (૨) પ.સં.૨૩, મહિમા. પો.૩૭. (આ કવિની 'પદ્મરથ ચોપાઈ' સહિત) [કૅટલૉગગુરા.]

(૯૭૪) પુરંદરકુમાર ચોપાઈ [રાસ અથવા **કથા]** લ.સં.૧૬૫૨ પહેલાં

આ કૃતિની સં.૧૬૬૯ની પ્રતમાં દુહા, સોરઠા ઉપરાંત નીચે પ્રમાણે ઢાળ છે: ૧. ચૂનરી મેરી પાટકી, ૨. પ્રાણપિયા રે નેમિજી, ૩. ઝૂંબકરાની ઢાલ, ૪. સૂવડો વાડિહિ હિલ્યો, ૫. જોગનાકી ઢાલ, ૬. રામચન્દકે બાગે (ચંપો મોર લીઔરી), ૭. પાસ જિણંદ જુહારીઇ, ૮. રયબારીકે છોહરા એ, ૯. ઢાલ-રંગરસ વિરવા રે.

આદિ– વરદાયક સુરદેવતા ગુરૂપ્રસાદ આધાર,
કુમર **પુરંદર** ગાઇસ્યું શીલવંત સુવિચાર. ૧
નરનારી જે રસિક તે સુણિયો સવે ચિત્ત લાય,
દૂહેન કબહું ઘુમાઇયેં વીણા સરસ તરૂવાય. ૨
સરસ કથા જે હોય તો સુનહિં સબહિ મન લાય,
જ્યાં સુવાસ હોવે કુસુમ, મધુપ તહાં હી જાય. ૩

(સુભાષિત)

નમણી ખમણી બહુગણી, રતિવંશ વિશુદ્ધ,
વિણુ પુણ્યે કિઉં પાઇએ, કરધન હી ધરિ મુધ. ૮
મીઠાં ભોજન શુભવચન મીઠાબોલી નારિ,
સજ્જનસંગતિ **માલ** કહે કિસહિ ન પ્યારે ચ્યાર. ૧૧
એક પુત્ર ગુણવંત જો સો તો સહસ સમાણુ,
જિસ લેતી ચંદણુ હોઇ તરૂ ચંદન કુસુમ (એકસુ) પ્રધાન. ૧૭
મુઓ સુત ખિણુ ઈક દહે, વિનુજાયો કુનિ તેણ,
દહે જન્મ લગુ મુઢ સુત, સો દુખ સહીઇ કેઉ. (૧૮)
એક પુત્ર સિંહણુ જિસો કેઈ પ્રસવે નારિ,
કરિ ધડિ ભડિ લાગે રહે તે સુવરિ વિચાર. ૧૯
જોબન પ્રભુતા સંપદા અરૂ ચતુરપણિ હોઇ,
જે એ ચ્યારો **માલ** કહે (તો) સ્વર્ગ ન વંછે કોઈ. ૨૦
મંજરિ મુખ સહિકાર શુક લઈ આયો જનુપતિ,
જાઇસિ સિર વિધિના દીયો અવ વસંત શિર છત્ત. ૨૩
આયુ વિત્ત ગૃહ છિદ્ર અરૂ મેથુન ભેષજદાન,
મિત્ર ન કહિયો આપણો મહતો અને અપમાન. ૫૧
કામી ક્રોધી માનીયો ફિરે જુઆ રતિ માહિ,
ભૂત ગૃથલ નિજ શુભ-અશુભ, હિએ વિચારે નાંહિ. ૫૬
જીવદયા જગિ જાણીઈ સબહી ધર્મ વિચાર.
જીવદયા વિણુ માનવી કિમ તરીઈ સંસાર. ૫૭
જબ લગ વિષય ન છાંડહિ, ધર્મ કરે સવિ ફોક
હથ જુગ કહે એ **માલ** હું તો ન સમઝે લોક. ૬૦
અસ્ત્ર શાસ્ત્ર હય નારી નર, રવિ એ વિણુજ કર લેય
વીણા વાણી મંત્ર અરુ કિસહીકું બરૂ દેય. ૬૩
નિશ્ચોલય પરનારકો સૂર્પક ગયો નિજ ઠામ
લગી ચોટ ન સમજહિ સો તો મૂરખ નામ. ૬૪
સસનેહી તો દુખ સહે **માલ** તજો પરનારિ
તવ લગ મથમથિએ દહી જબ લગ ઘીય મઝારિ. ૭૦
હરિણા ફાસે ફંદ તો જો ચરે પરાયાં ખેત
માલ જાનિ ઈ પરિહરો પરનારી શું હેત. ૭૧

પરતિય **માલ** ન રાચિએ કરહિ જ કપટ સનેહ
બાહિર સોનાનો ભરમ ભીતર પીતરિ એહ. ૭૪
માલ રૂપ પરનારિકો દેષિ ડુલાવો ન ચિત્ત
એ નિશ્ચે વિશવેલિફલ, ખાંડ ગલેફે મિત. ૭૫
રૂચિ અરૂચિ હુઇ દુવિધે સીસ ધુમાવણુ હોઈ
અરૂચિઅ સંત મહંત રૂચિ વિરલા જાણે કોઈ. ૮૩
જાં સંપે તાં પ્રાહુણો જાં શ્રાવણ તાં મેહ
જાં સાસૂ તાં સસરો જાં જોબણ તાં નેહ. ૮૬
કોઈ ન દેખ્યા હી ગમે, અનદેખ્યા હિ કેય,
દેખ્યા અણદેખ્યા કેઇ સુજણચિત્ત હરિ લેય. ૯૦
રણે વાસો પિએણ સ્યું, વિધિ એતલો કરિજ્જ
ધણ કણ કંચણ આલવણ, જો ભાવે તો દિજ્જ. ૯૮
અતિ પ્રીતમ જે વિછુરે તો ન મરણાં જાઈ
હિયડા સાવરસિંગ જ્યોં દિન દિન નિઠુર થાઇ. ૧૦૪

સોરઠા – પાણી તણું વિયોગે કાદમ હી ફાટે હીઓ
ઈમ જે માણુસ હોઈ સાચો નેહો તે જાણીએ. ૧૦૫
એં વાલહો વિયોગ પાણીવાફિણિ નીસરે
સાચો નેહો તે જોઇ જે લોયણ લાહી વહે. ૧૦૬

દુહા – જાં સાંજણ તાં નેહ જગિ જાં અગ્ગે નયણાહ.
ભલા ભલેરા વીસરે ઉંઝર થિયા વણાહ. ૧૦૯
શીખ કહ્યાથી **માલ** કહે ઉત્તમ કહો ગુણ દીઠ
કબહિ ઉનાલે વસ્ત્ર કહું રંગ ન ચહૂડે મજીઠ. ૧૨૬
માલ ન ગુણ છાંનો રહે નિંદહિ જે મતિમંદ
લઈ કુંડે કરિ છાઇએ છિપ્યો રહે કિતિ ચંદ. ૧૪૮
વસ્ત્ર વિભવ વિદ્યા વચન વપુ સુંદર આકાર
માલ જિહાં તહાં માનીઈ, જહ હોહિ પંચ વકાર. ૧૪૯

ગાથા – ખીરસ્સ સકરાએ દાએણ સૂયણસ્સ સંસગ્ગો
કસ્સ ન ભો પડિહાય પૂગેય નાગવલ્લી એ. ૧૫૩
માલ જો કરત વ કીજીએ સો તો જાણીએ આપ
સાધુ ન ચોર ન કાહલો પાપી સંકહી પાપ. ૧૯૯
વૃદ્ધ તણી જે નારિ અરૂ, દીવહિ (દીવટ) હુવે સમાન

કર ગૃહીતપણિ હોહિ તે પર ઉપગાર નિદાન. ૨૦૮
દુર્જનલોક ન સહિ સકે પરધન સુખ પરિવાર
વિઘન કરે જીય દેખતાં નીચ તણો આચાર. ૩૧૨
દિનદિન અધિકી સંપદા રાજતેજ સનમાન
મનવંછિત સુખ સંપજે તે તો પુન્ય પ્રમાણ. ૩૧૭
ઉક્તંચ. હેઠિ જરગો ઉપરિ નગો, તીરહ કંઠિ અછઈ બિલગો,
ઇસર કરે સુ સહુવે છજ્જે, અવર કરે તે ઠઠી બજ્જે. ૩૧૯
તિહું લોકકો દીપ જિમ કહીઇ ધર્મ પવિત્ર
દિનદીવો રવિ **માલ** કહે (જિમ) તિમ કુલદીપ સુપુત્ર. ૩૨૧
ગુણવંતા ગુણવંત સ્યું મિલ્યો પરમ સુખ એહ
અણગમતા સ્યું **માલ** કહે કિમ ન વધે સનેહ. ૩૨૬
શુદ્ધભાવ (ભાવસહિત) ગુરૂવંદના કરજે ભગતિ વિશાલ
તિર્થંકર સમ હોહિ તે **વાસુદેવ** સમ (જિમ) **માલ.** ૩૩૧
દ્રવ્યભાવ (ભાવસહિત) વિસ્તર કહે જિન પૂજે ત્રિકાલ
તિર્થંકર પદવી લહે **શ્રેણિક** જિમ તે **માલ.** ૩૩૦

ઢાલ – રંગરસ વિરવા રે.

નિરતિચાર સંજમ સદા, વ્રત પાલો રે
કરતા ઉગ્ર વિહાર શીલવ્રત પાલો રે.

અંત – **ભાવદેવ**સૂરિ ગુણનિલો, વ. **બડગચ્છ** કમલદિણંદ શી.
તાસ શિષ્ય શિક્ષા કહે, વ. **માલદેવ** આણંદ. શી.
આગમિ મિલતઉ જાં કહિઉ, વ. અનુમોદું તે જીય, શી.
જઇ વિરૂદ્ધ હુંઇહ કહિઉ, વ. મિચ્છાદુક્કડ દીય. શી.

(૧) પ.સં.૧૫–૧૩, દે.લા. નં.૮૨૬/૪૪૯. (૨) પ.સં.૧૨–૧૬, રો. એ.સો. બી.ડી.૯ નં.૧૯૩૬. (૩) પ.સં.૨૦–૧૧, ડે.ભં. દા.૭૦ નં.૧૦૦. (૪) સં.૧૬૬૩, શ્લો.૩૯૨, પ.સં.૧૬, લીં.ભં. દા.૨૫ નં.૩૫. (૫) પ.સં. ૧૩–૧૫, ખેડા ભં. (૬) પ.સં.૬–૨૨, જૂની પ્રત, વિ.ને.ભં. (૭) પ.સં. ૧૩–૧૫, મો.મો. પાટણ દા.૮ નં.૨૮. (૮) લિ. **સાધૂ ઋષ અજીમગંજ** મધ્યે સં.૧૮૭૮, પ.સં.૧૩–૧૭, ગુ. નં.૧૩–૩. (૯) પ.સં.૧૨–૧૪, ઝીં. પો.૪૦ નં.૨૦૯. (૧૦) એક સં.૧૬૮૯–૯૦માં લખેલ ચોપડી, પ.ક્ર. ૩૧થી ૪૯, નાથાલાલ પાલણપુરવાળા. (૧૧) સં.૧૬૬૩ વૈ.શુ.૩ **સીત**પુર મધ્યે **માન**સિંઘ શિ. **સમય**કલશ શિ. **શ્રી**ધર્મ લિ. જિ.ચા. પો.૮૧ નં.

૨૦૪૪. (૧૨) સં.૧૭૧૯ ફા.વ.૨ આસરાવા મધ્યે મુનિ ધર્મચંદ લિ. જિ.ચા. પો.૮૧ નં.૨૦૨૮. (૧૩) પ.સં.૧૮, કૃપા. પો ૪૫ નં.૭૮૪. (૧૪) પ.સં.૧૪, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૦ નં.૨૦૦૮. (૧૫) પ.સં. ૧૦, અભય. નં.૯૦૫. (૧૬) ઇતિ શીલવિષયે પુરંદર કથા સમાપ્તા, સં. ૧૬૬૯ ભાદ્રમાસે શુદિ ૫ આગરા નગરે લિ. પૂજ્ય કપૂરચંદ ઋષિ. શિ. કલ્યાણઋષિ. પ.સં.૨૫–૯, આગ્રા ભં. (૧૭) ઇતિશ્રી શીલવિષયે પુરંદર નૃપ કથા...ચઉપાઇ સમાપ્તા. સં.૧૮૪૦ ચૈત્ર વદિ પંચમી દિન ગુરૂવારે. આગ્રા ભં. (૧૮) સં.૧૬૮૩ વર્ષે. શ્રી સુમતિચન્દ્રસૂરિ વિજયરાજ્યે વાચનાચાર્ય શ્રી વિનયસાધુ શિષ્ય ચારિત્રવિમલેન રાસોડયં લિખિતઃ સ્વવાચનાય. પ.સં.૧૬–૧૫, લીં.ભં. (૧૯) સં.૧૭૧૭ લિ. પ.સં.૧૩–૧૭, લીં.ભં. (૨૦) સં.૧૬૫૨ દ્વિતીય અષાઢ શુદિ દ્વિતીયા રવૌ દિને......રીશ્વર વિજયરાજ્યે વા. શ્રી ૫ માણિકયચન્દ્રગણિ તત્ શિ. પં. વિનયચન્દ્રગણિ તત્ શિ. ઋષિ શિવચંદ્ર લિ. પ્ર.કા.ભં. [કૅટલૉગગુરા, મુપુગૂહસૂચી, લીંહ-સૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦, ૨૪૪, ૪૪૬, ૬૧૮).]

(૯૭૫) ભોજપ્રબંધ પંચપુરીમાં

આદિ– જાસુ અલક્ષ રૂપ જગિ, મનિ ધ્યાવઉં ભગવંત,
રાજા **ભોજ** કથા કહઉં, સુનહુ સવઈ તુમ્હ સંત. ૧
દેવી પ્રગટ **સરસતી**, વાણી દેઉ રસાલ,
તસુ પ્રસાદિ શ્રી **ભોજ**કઉ, ચરિતુ કહઇ કવિ **માલ.** ૨
સજ્જન પંડિત રસિકકઉ, કથા સુણાવઈ એહ,
ચતુરિ નારિ રંજઇ કિસહિ, જઉ પ્રિયકઉ ન સનેહ. ૩
ગુરૂ બિનુ મરમુ ન જાંનિયઇ, ધરમકરમકઉ સર્વ,
બિનુ જ્યોતિષ કો કહિ સકઈ, ચંદ્રસૂર્યકઉ પર્વ. ૪
પ્રીતિ નહીં જોબન વિના, ધન બિનુ નાહીં ઘાટ,
માલ ધર્મ બિનુ સુખુ નહીં, ગુરૂ બિનુ નાહીં વાટ. ૫
ગુરૂ દીવઉ ગુરૂ હિમકિરણુ, ગુરૂ દિણયરુ ગુરૂ દેઉ,
અપ્પહં પરહં પરંપરહં, જેણિ પયાસિય ભેઉ. ૬
બલિહારી ગુરૂ આપણુંઈ, દીહાડી સઉ વાર,
પત્થર ફેરિવિ દેવ કિય, કરત ન લાગી વાર. ૭
સુગુરૂ વચન દીવઉં જિસઉં, હિયડઇં નવોલ્ય ઉજાંહ,
પસુય પમાણિહિં લોયણિહિં, જગિ અંધારઉં તાંહ. ૮

કથા કહઇં જો ગુરૂ વિના, સો અવસાણિ વિગૂત,
કિસહિ કહઇ સો બાપજી, દારીકઉ જો પૂત. ૯
સિંહાસન બત્તીસકી, કથા સરસ અવદાત,
રાજા **ભોજુ** ન હોત જઉ, કો તસુ જાંનત વાત. ૧૦
છહ દરસન મહિ જાંણિયઇં, રાજા **ભોજ** પ્રસિદ્ધ,
મુનિ સુપાત્ર કહું દાનુ તિણિ, પૂર્વજનમિ જઉ દિદ્ધ. ૧૧
રવિ સસિ છાંનાં કિઉં રહઇં, જિન્હકી પ્રગટી જ્યોતિ,
પર-ઉપગારી **માલ** જો, તે પરછન્ન ન હોતિ. ૧૨
જહાં પવાંડા કો કહઈ, તહાં દેત ધનુ જાઇ,
માલ ન માંગઇં અઉર કછુ, કથા સુણહુ મનુ લાઇ. ૧૩
સબ પંડિત સ્યઉ બીનતી, **માલ** કહઈ કર જોડિ,
ભોજકથા તુમ્હિ આદરહુ, મનતેં મછર છોડિ. ૧૪
સરસ કથા જઇ હોઇ તઉ, સુણિસ્યઇ આલસ છોડિ,
વસ્તુ ભલી જઇ હોઇગી, તઉ ગ્રાહક જગિ કોડિ. ૧૫

ચઉપ્પઇ.

ભરતખેતિ ઇણિ **માલવ** દેસ, કવહિં ન હોઇ દુકાલ પ્રવેસ,
સદા સુવસે લખમી ભંડાર, સગલા દેસહં-કઉ સિંગાર. ૧૬
...બહત્તરિ જિણુ સુપસાઉલઇ, રાજ **ભોજપ્રબંધ**,
માલ કિયઉ શ્રી **પંચપુરી**, તીજો એ સંબંધ. ૧૩૦૨

—૧૫૮૩ કડી સુધી પછી અપૂર્ણ, સં.૧૬૮૯–૯૦માં લખેલ ચોપડી આકારે પ્રતમાં, પ.સં.૨૭૮, પ.ક.૨૦૮થી ૨૭૮, નાથાલાલ પાલણપુરવાળા.

(૯૭૬) વિક્રમચરિત્ર પંચદંડ કથા

આદિ - દોહા

જો પુરૂષોત્તમ બ્રહ્મમય, દર્શન ગ્રાન અનંત,
સિવસરૂપ બલ શક્તિ સ્યઉં, સો નમીયઇ ભગવંત. ૧
બહુતવર્ણિ જિઉ ધેનુ હુઇં, પરૂ પય એકે રૂપ,
તિઉં છ દર્શન બ્રહ્મ કહું, જાનહિ એક સરૂપ. ૨
ઉ હુતઉ એકુ **અનેક** કરિ, જાનહિ જિન્હહિ ન સુદ્ધિ,
પ્રતિઘટ માંહિ પ્રતિ ચંદ્ર જિઉં, **માલ** ન લખહિ કુબુદ્ધિ. ૩

યતઃ

જાતિ છતીસ ભરહિ સર પાની, ગગરિ નિપરત હોત બહુ વાંની,
જઇઉ હુ નીરૂ ઉલટિ સરિ નાંવહિ, મોર તોર કર ચીન્હ ન પાવહિ.૪
જિહું સોનેકા ગઢયા જરીના, જિન સઇ બહુત નામ સવ દીના,
ગાલે તે ફિરિ સોના હોઇ, આપહિ આપ વિચારહિ લોઈ. ૫
જ્ઞાનરહિત જિઉં ધેન પશુ, ચર્મ વચ્છકું દેખિ,
અધિક પ્રેમ તિસિસ્યું કરઈ, શ્રવઇ દુગ્ધ સુવિશેષિ. ૬
ગુણસમુદ્ર સદ્દગુરૂ વિના, શિષ્ય ન જાણઇ મર્મ,
બિનુ દીપકિ અંધાર માહિં, કરિ સકિય કિઉં કર્મ. ૭
શિવ રૂઠિ હિં રાખઇ સુગુરૂ, ગુરૂ રૂઠેં સિવ નાંહિ,
શિવ તૂંસઈ ગુરૂકે વચન, ગુરૂ ગરઉ જગ માંહિ. ૮
ગુરૂ દીવઉ ગુરૂ ચંદ્ર રવિ, ગુરૂ કલિયુગમૈ મહિં દેઉ,
અખહં અરહં પરંપરહં, સુગુરૂ પયાસઈ ભેઉ. ૯
જ્ઞાનાંજનિ આંજે નયન, દેખત સબ પરતક્ષ,
ગુરૂપ્રસાદિ જાણઈ સવઇ, વસ્તુ જિ લક્ષ-અલક્ષ. ૧૦
નમિયઇ **માલ** અસંતકઉ, સુણહુ વાતકો મર્મ,
તિસકે ભયતેં સંત નર, કબહિ ન કરહિં અધર્મ. ૧૧

યતઃ ગાથા

હિય એક એ હો વયણે ચઉંમ્મુહો, દંસણે ન તહરૂદ્દો,
કહન નમક કરણીઉ, દેવત્તયણિમ્મિઉ પિસુણો. ૧૨
સુણણહાર જાણઇં નહી, ગુણ-અવગુણકઉ ભેદ,
માલ ન તહં ઉપદેસ કહુ, વ્યથા ન કરીયઇં ખેદ, ૧૩

યતઃ દોહા

લાઘવ ગૌરવ ઠામ લહિ, હોઇ સુગુણ વિસ્તાર,
દર્પણ સરવર દેખિયઇં, **માલ** કરી આકાર. ૧૪

યતઃ ઉક્ત ચ ષટ્પદ

કસ્તૂરી પરિમલ સુગંધ, ઇહું કહુ કયા કીજઇં,
પૂછઈ તિ સહિ ગવાર, એહુ ખાજઇં કે પીજઇં.
પુરૂષુ નારિ સિરિ હિયઇં, કહઇ સો નરૂ તિય ધારઇ,
કહુ સિરિ જૂંઅ ન પરઇં, હદય કયા સોજ નિવારઇ.
મૃગમદકઉ કો વેચણહાર, ગયઉ ઉઠિ એ વચન સુણિ,
જહં પુરૂષ નારિ નિર્ગુણ બસઈ **માલ** રહઇ તહં કવણ ગુણિ. ૧૫

સુણહિ કથા દુર્જન સુજન, દુર્જણુ અવગુણુ લેહિ,
સૂકર પાયસ છોડિ કરિ, મુખ વિષ્ટા કહુ દેહિં. ૧૬
સુણિ સુણિ ગુણુ અવગુણુ ગ્રહૈં, જઇસેં મન પરિણામિ,
ખારઉ મીઠઉ પરણુમઇ, ધન બરસઈ જઈસઇ ઠામિ. ૧૭
રાજા **વિક્રમ**કઉં ચરિતુ, સભા લોક એ સર્વ,
સુણહુ લાઇ કરિ શ્રવણુ મન, **માલ** ન માંગૈ દવ્વ. ૧૮
પૂર્વ ભવિ **સિચાનિકા સેચાનક** સંબંધ,
પાત્ર દાન અનુમોદના, કીયઉ નરભવબંધ. ૧૯
જહાં જહાં ઉઇ અવતર્યા, જો જો પાયઉ ઠાંમ,
ક્રિયા જિકે અવદાત સબ, તિતે કહીયહિ નામ. ૨૦

અંત – વલિ ન **વિક્રમ** કહ્યૌ રાજા તઉ અઉર રાજા કોઇ,
પરિ ચિંતા કલિપત કિસહિ ગર્વ ન જગમેં રે સગલઇકઉ હોઇ કિ.
કલિજુગિ હુયઉ **વિક્રમ** વડઉ, રાજા નૃપતિ સિરમોર,
જિણિ સંવચ્છર આપણો, કીયો જગિ રે અવ કોઇ ન ઔર. ૧૭૧૨
વિક્રમચરિત કથા કહી, **વડગચ્છ** ગચ્છભૂપાલ.
ભાવદેવ સૂરિંદ શિષ્ય, કહઇ ઇમ રે સેવક મુનિ **માલ** કિ. ૧૭૧૩
શાસ્ત્ર મિલતઉ જઉ કહ્યઉ, સો સર્વ કરહુ પ્રમાણુ.
છદ્મસ્થ મઇ જો વિતથ ભાખ્યઉં, સો તુમ્હ રે સોધયઉ સુજાણુ કિ.

(૧) પ.સં.૬૧–૧૫, જૂની પ્રત, વિ.ને.ભં. નં.૪૪૬૭. (પ્રસ્તાવ ૧લો કડી ૩૦૩, ૨જો કડી ૧૩૫, ૩જો કડી ૧૪૧, ૪થો કડી ૪૫૫, ૫મો કડી ૧૮૨, ૭મો ૪૮૬ કડી) (૨) ગ્રં.૧૭૩૭ લિ. શ્રી પૂજ્ય ગુણદાસ ઋષિ શિ. **ગોપાલ** ઋષિ સં.૧૬૯૦ દ્વિ.વૈશાષ બદિ ૧૩ શુક્રે લિ. પ.ક્ર. ૧૨૨થી ૨૦૮ પં.૨૧, ચોપડી આકારે પ્રત, નાથાલાલ પાલણપુરવાળા પાસેની. (૩) ગ્રં.૨૪૮૫ ગા.૧૭૨૫ કર્ણાભ્ર ઋષિ શશિ (સં.૧૭૦૨) આ. સુ. **ભટનેર** મધ્યે વા. **સમયકલશ** શિ. **ધર્મ**ગણિ શિ. **સુનિમેરૂ** શિ. **ચિર-હર્ષે**ણ. પ.સં.૭૧, જય. પો.૬૭.

(૯૭૭) દેવદત્ત ચોપાઈ લ.સં.૧૬૬૮ પહેલાં

આદિ – શ્રી જિનવર-મુખ-વાસિની, **શ્રુતદેવી** મહ માઇ
તસુ પસાઇ કવિતા કરઉં, સુનહુ ચિતુર મન લાઇ.
કહિય કિસિ આગિ તિહાં, જહ નિર્ગુણુ જિણુ સવ્વ,
પ્રિય મૂરિખ આગઈ કરઈ, કિસઉં સુંદરી ગવ્વ.

ગુણી લહઈ તહ મહનુ કિઉ, લોકમૂઢ જહ સવ્વ
ખમણાનઇ ગ્રામિ રજક, કિસઉં ઊપાવઇ દ્રવ્વ. ૩
વસ્ત ભલી જઇ આપૂણી, ગ્રાહક તઉ જગુ હોઈ,
ખોટઉ નાણુઉ આપણુઉ, તઉ તસ લેઇ ન કોઈ. ૪
જઉ કવિ સરસ કથા કહઇ, તઉ નર સુણહિ અનેક,
પણિ વિરલઉ કો **માલ** કહઇ, મિલઇ ચિતુર સવિવેક. ૫

યત:

ઢંઢઉ જગુ સોલહ ન કોઈ, જિનિ સઉં મિલે પરમસુખ હોઈ
માલ ચિતુર નર પ્રથી મંડિત, મેર મનકી લખઇ સ પંડિત. ૬
સુમતિ જિણેસર કેવલી, સમોસરણુ મંડાણુ
ભાવિક જીવ આગઈ કરઇ, ચિહુ મુખિ જનુક વખાણુ. ૭
ભવ વલી ત્રષ્ણા કહી, તિણિ છાયઉ એ જીવ,
પરિગ્રહ જોડઈ નવનવા, વિનુ સંતોષ અતીવ. ૮
ધન સંખ્ય તો લોકમહિ, ત્રષ્ણા કહી અનંત
તુછ અસન વહુતી ખુધા, હોઇ કેમ ઉપસંત. ૯
જીવ અસંતોષી સદા, ધન ધન કરતઉ મૂઅ,
વિરતિ ન લીધી સુગુરૂમુખિ, અનિ નિર્ધનપણિ હૂઅ. ૧૦

યત:

જગ આલઈ મીલઈ ટગટ માલઇ, ધાઇ ધાઇ ધનુ કરઇ
વિહિ આધી રાતી કાઢી કાતી જં અધિઉં તે કાપી ધરઇ. ૧૧
જઇ ધાઇય ધનુ હોઇ, તઇ તું કિઉં ધાઉ નહી
ભુવણિ ભમંતુ જોઈ, અરહટીઉ આઠઇ પહરઈ ૧૨
ગુરસંગતિ વિન જીવનિ, વિરત ન કવહી હોઈ,
વ્યાધિ ઉપસમ તઉ સહી, વઇદ મિલઇ જે કોઈ ૧૩
કિસઉં જિતી શ્રાવક કિસઉં, જઉ નહી સંતોષ
અસંતોષ જિણવરિ કહિઉ, વડઉ જીવનિ દોષ ૧૪
દેવદત્ત તણી પરિ, કરઈ પરિગ્રહ માણ
માલ કહઇ બહુ લોકમઇ, તે પામઇ કલ્યાણ. ૧૫

અંત – જે નર એહ કથા સુણઇ, વિરતિ બુદ્ધિ તસ હોઇ રે
વિરતિ ભલી પરિ પાલતાં, ભવ આરાધઇ દોઇ રે. ૫૨૯
દેવદત્ત જઉ સાહસી, વિરતિ તણા પ્રતિપાલ રે

નરનારી જગ માહિ જે, તિહહિ નમઇ મુનિ માલ રે. ૫૩૦

(૧) સં.૧૬૬૮ ચૈત્ર વદિ ૧૩, ગ્રં.૮૪૦, પ.સં.૨૫–૧૩, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૪૫. (૨) સં.૧૯૭૦ ફા.શુ.૧૫ શશીસુતવારે વિદ્યાપુર-નિવાસિના બ્રહ્મભટ જ્ઞાતિના નારાયણજિદ્દાહ્વેન લિ. પ.સં.૩૪–૧૫, વિજાપુર જૈ.જ્ઞા.ભં. નં.૬૧૯.

(૯૭૮) પદ્મરથ ચોપાઈ (શીલવિષયે) સં.૧૬૭૬ [પહેલાં ?]

(૧) પ.સં.૨૩, મહિમા. પો.૩૭ (કવિની વીરાંગદ ચોપાઈ સહિત).

(૯૭૯) સુરસુંદરી ચોપાઈ ગા.૬૫૨(૬૬૯) લ.સં.૧૬૯૦ પહેલાં

(૧) સં.૧૬૯૦ અ.વ.૯ ખ. જિનહંસસૂરિ શિ. મહો. પુણ્યસાગર શિ. જીવસુંદર શિ. પાર્શ્વચંદ્ર લિ. પ.સં.૧૮, જિ.ચા. પો.૮૦ નં.૧૯૮૪.

(૯૮૦) માલદેવ શિક્ષા ચોપાઈ ગા.૬૯

(૯૮૧) [+] સ્થૂલિભદ્ર ફાગ અથવા **ધમાલ** કડી ૧૦૭ લ.સં.૧૬૫૦ પહેલાં

આદિ – **પાસ** જિનંદ જુહારીયઇ, સમરઉં **સારદ** માયા રે
ગાવઉં ફાગુ સુહામણઉં, **થૂલિભદ્ર** મુનિરાયા રે. ૧
લાલ મોહન મેરઈ જિય વસે, **થૂલિભદ્ર** પિય પાયા રે
તનુ મનુ નિઉછાવરિ કરઉં, બહુ દિનનતેં આયા રે. લાલ.
આંચલી. ૨

અંત – બ્રહ્મચર્ય પાલઇં જિકે, તે વ્રત ચારિ આરાધઇ રેં
નરઇ તિરી દુખ ના લહઈં, નર સુર સિવસુખ સાધઇ રે. ૧૦૫ લાલ.
ધરૂઅ ડોલતઉ હી રહઇ, જઉ નિશ્ચલ હોઇ થંભઉ રે
ધરમ મહલકઉ જાણીયઇ, સીલ સબલ ઉકુંભઉ રે. ૧૦૬ લાલ.
માલદેવ ઇમ વીનવઇ, નારીસંગતિ ટાલઉ રે
થૂલિભદ્ર મુનિની પરઈં, સીલ મહાવ્રત પાલઉ રે. ૧૦૭ લાલ.

(૧) પ.સં.૩–૧૩, ગો.ના. (૨) પ.સં.૭, ચતુ. પો.૨. (૩) અપૂર્ણ, પ.સં.૨–૧૩, અનંત ભં. નં.૨. (૪) સં.૧૬૫૦ ફા. વદિ ૧૪ રવૌ ગણિ વિદ્યાસુંદર શિ. રંગસુંદર લિ. પ.સં.૩–૧૫, પ્ર.કા.ભં. નં.૭૭૧. (૫) સં.૧૭૧૩ ખરતર બેગડગચ્છે વા. મતિસાગરગણિ શિ. શીલસાગર શિ. ખમાસાગર પં. જયહર્ષેણ લિ. મંત્રી સુશ્રાવક રતનસાહ દશરથ પઠનાર્થ. એક ગુટકો, જિ.ચા. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. પ્રાચીન ફાગુસંગ્રહ.].

(૯૮૨) રાજુલ નેમિનાથ ધમાલ કડી ૬૫ લ.સં.૧૬૫૯ પહેલાં
આદિ – ધમાલ જાતિ

સમુદ્રવિજઈકે લાડીલા, તોરણુતઇ ફિઉ ન જાઇ રે,
મેરઉ કહ્યો અવગુણ વસ્યઉ, પ્રીય તેરઈ મન માંહી મેરે પ્રાણ
પીયો રે **નેમજી.** ૧

મુકતિ જાઇ દોઇ મિલે, **રાજુલ** અરૂ **યદુરાયા** રે,
જગિ જસુ જિનકઉ ગાઇયઉ, **માલ** નમઇ નિત પાયા રે. ૬૫

(૧) સં.૧૬૫૯ જ્યેષ્ટ વદિ ૩, પ.સ.૨, વિ.ને.ભં. નં.૪૫૩૬.

(૯૮૩) શીલ બત્તીસી

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૦૫–૧૦, ભા.૩ પૃ.૮૦૭–૧૬. ‘વીરાંગદ ચોપાઈ’ની રચનાસંવત શા આધારે કૌંસમાં આપી છે તે સમજાતું નથી.]

૪૭૫. સૌભાગ્યમંડન (ત. વિનયમંડનશિ.)

જુઓ જયવંતસૂરિ નં.૪૭૯.

(૯૮૪) પ્રભાકર રાસ ર.સં.૧૬૧૨

“તેહ તણઈ સાનિધિ કરી કહઇ પંડિત મહિરાજ ૧૦” એમ છે.

(૧) લ.સં.૧૬૧૬ **વિનયભૂષણ** શિ. **રત્નભૂષણ** લિ. કેશરવિજય ભં. વઢવાણ નં.૩૬. (વે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૭૫. ઉદ્ધૃત પંક્તિમાં ‘મહિરાજ’ નામ હોવા છતાં કર્તા સૌભાગ્યમંડન કેમ ગણ્યા છે એ સમજાતું નથી.]

૪૭૬. હર્ષલાભ ઉ. (ગજલાભશિ.)

(૯૮૫) અંચલમત ચર્ચા લ.સં.૧૬૧૩ પહેલાં

(૧) સં.૧૬૧૩ ફા.શુ.૧૧ ભોમ લિ. ગજલાભ તેહના શિષ્ય હર્ષલાભ ઉપાધ્યાયે **આંચલિયા** ગુરૂનઇ કાજિ એ લિખ્યા છઇ. અમ્હે પિણ ઘણાઇ જાણુઉ છઉં. સં.૧૬૬૭ **સાચઉરે.** પ.સં.૪, [ભં.?] નં.૨૧૮. (૨) (૨) પ.સં.૫, અભય. નં.૨૧૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૫–૯૬. નોંધાયેલી પહેલી હસ્તપ્રતની પુષ્પિકામાં બે લેખનસંવત કઈ રીતે આવેલ છે તે સમજાતું નથી.]

૪૭૭. પ્રમોદશીલશિષ્ય

(૯૮૬) સીમંધર જિન સ્તોત્ર (વિચારસંયુક્ત.) ૩૭ કડી ર.સં.૧૬૧૩ ફાગણ શુદ ૧૦

આદિ – **સરસતિ** સામિણિ બે કર જોડી, ગુણ ગાયસુ આલસ સવિ છોડી,
સીમંધર જિન રાય તુ, જયુજયુ સીમં.
પુષ્કલાવતી વિજયનૂં નામ **પુંડરીકિણી** નયરી અભિરામ,
આસ મિ કરીયસુ શોભતુ–જયુજયુ સીમં. ૧

અંત – અનઇ **સોલ તેરોત્તરઈ** સાર, શુદિ ફાગુણ દસમી ઉદાર,
ઈમ ગાયુ ઉલટ આંણી, તુમ્હે વંદઉ ભવિઅણ પ્રાણી. ૩૬

કલસ

ઇયસીમંધર જિનવર નમિઈં, અસુરાસુર ભાસુર સમ જિનરાય તુહ,
દુખદુર્ગતિભંજણ જણમણરંજણ, ભવીયણ પૂરિઈં તુંહ સુહ,
તપગછિ સુહાકર ગુણમણિ-આગર, **પ્રમોદશીલ** પંડિતપવર,
તસુ **શીસ** બોલઇ અમીય તોલઈ, સીમંધર જયકાર કર. ૩૭

(૯૮૭) ૨૦ વિરહમાન બોલ ૫ સંયુક્ત ૧૭૦ જિનનામ સ્તવન
૨૬ કડી ૨.સં.૧૬૧૩ ફા. શુ. ૧૦

અંત – સંવત **સોલ તેરોત્તરઈ** એ, ફાગુણ શુદિ દસમી જાણિઉ,
સત્તરિસુ જિન સંથુણ્યા એ, ઉલટ હીઅડઈ આણિ તુ. ૨૪
સત્તિરિસુ જિનવર તણું એ, સ્તવન ભણિઈં નરનારિ તુ,
તે નર સુખસંપત્તિ લહિઈં એ નિશ્ચિઈં તરઈ સંસાર તુ. ૨૫

કલશ

ઇય સકલ જિણંદહ દુ:ખનિકંદહ, વંદઉ ભવિઅણ ભાવ સિઉં એ,
દુખદુર્ગતિભંજણ જણમણરંજણ, જિણગુણ ગાઉ હરષ સિઉ એ,
તપગછહમંડણ દુરીયવિહંડણ, **સોમવિમલ**સૂરિ જયવિરૂ એ,
પ્રમોદશીલહ સીસ જંપઈ સંઘ ચઉવિહ સુહકરૂ એ ૨૬

(૯૮૮) વીરસેન સઝાય ૨૫ કડી
વિષય–ઉપશમ.

આદિ – **સરસતિ** સામિણિ પહિલું પ્રણમીઇ, અવિરલ વાંણી જેહ નામિ પાંમીઇ,
પામીઇ વાંણી જેહ નાંમિઈં તેહના પય પ્રણમી કરી.
ક્ષમાસંબંધ હુંઅ બોલૂં સાંભલજ્યો ઊલટ ધરી.
નયરીઅ **ચંપા** અતિહિં રૂઅડી, તિહાં **જિતશત્રુ** રાજીઊ.
પુર ગામ દેસહ કરી મોટઉ સુજસ મહીઅલિ ગાજીઊ. ૧

અંત – ઇણિ પરિ જે નર ઉપસમ આદરિઇ તપજપસંયમ ભાવિઈં અણુસરિઈં

અણુસરી ઉપસમધર્મ કરસિઈ, સંસારસાગર તે તરિઈ.
ધર્મધ્યાન સૂધાં જેહ કરિસિઈ, મુગતિરમણી સું તે વરિઇ,
ક્ષમા અનઇ જિનધર્મ કરસિઈ, સુખ લહીસે તે નરા,
પ્રમોદશીલહ સીસ જંપઈ, ક્ષમા ધરૂ તુમ્હે નરવરા. ૨૫

(૯૮૯) ખંધકસૂરિ સઝાય ૮ કડી

આદિ – પહિલૂં પ્રણમું **સરસતિ** સામિણી, ગજગતિ ચાલઈ હંસગામિણી,
ગજગતિ ચાલઇ હંસગામિણી.
હંસગામિણિ નમી પહિલૂં પછઇ સહિગુરૂ મનિ ધરૂં,
તે પ્રભાવિઈં ક્ષમાસંબંધ **શાસ્ત્ર** જોઇ હું કરૂં,
સાવત્થિ નયરી ભલી નયરી રાજા શ્રી **જિતશત્રુ** એ;
પુર ગામ દેસે કરી મોટઉ **ખંધક** નામિઇં પુત્ર એ. ૧

અંત – **ખંધકસૂરિ**નિઇં ઘાણુઈ ઘાલી પીલએ, અગનિકુમાર પદવી પાવએ,
પાવએ પદવી ક્રોધ કારણિ દેસ તિહાં બાલિઉ ઘણુઉ,
દંડકારણ્ય નામ હૂઉં ક્રોધ ફલ એહવાં સુણુ,
તેહ તણે શિષ્યે પાંચ સિઈં તિહાં મુગતિ હેલાં સાહિ વરી,
પ્રમોદશીલહ શીસ જંપઇ ધર્મ કરૂ ક્ષમા મનિ ધરી. ૮

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૯૧-૯૩.]

૪૭૮. હર્ષરાજ (પૌ. ઉદયચંદ્રસૂરિ–મુનિચંદ્રસૂરિ–વિદ્યાચંદ્રસૂરિ –લબ્ધિરાજશિ.)

સાધુ પૂર્ણિમાગચ્છમાં વિદ્યાચંદ્રસૂરિ – મુનિચંદ્રસૂરિના પટ્ટે થયેલા – નો લેખ સં.૧૫૯૬નો મળી આવે છે. (લેખાંક ૧૧૧૮ ધા.પ્ર.સં. પહેલો ભાગ)

(૯૯૦ ક) સુરસેન રાસ ર.સં.૧૬૧૩ જેઠ શુ. ૨ શનિ અમદાવાદમાં

આદિ – વિદ્યાવિલાસની ઢાલ
પાસ જિણેસર ધુરિ પ્રણમીને, પ્રણમી શ્રી ગુરૂપાય રે,
સુવિહ સંઘ પસાય લહીને, ગાયસુ ક્ષત્રીયરાય રે. ૧
સુરસેન નામેં તે જાણું, દયા વિષઇ જસ ભાવ રે,
દયા થિકી સવિ વંછિત લહીઇ, જાઇ ભવનાં પાવ રે.
પૂનિમપક્ષિ ગરૂઆ ગછનાયક, શ્રી **ઉદયચંદ** સૂરીંદ રે,
તસુ પાટિ શ્રી **મુનિચંદ** સૂરીશ્વર, સોલ કલા જિમ ચંદ રે,

તાસ પાટિ વિદ્યા ગુણુ ભરીઆ, શ્રી **વિદ્યાચંદ** સૂરીસ રે.
સંપ્રતિ તે ગુરૂપાય પસાઈ, પભણઇ હર્ષ મુનીસ રે.

અંત – સંવત **સોલ તેરોતઈ** એ (૧૬૧૩), જયેષ્ઠ માસ સુવિશાલ,
સુદિ પક્ષિ દિન બીજનું, શનિવારે રચ્યું રસાલ. ૨૯
શ્રી **પાર્શ્વનાથ** પસાઉલઈ, શ્રી ગુરૂનઈ ઉપગારિ,
સાધુ પુનિમાપક્ષિ મંડણુ એ, ઉદયાચલ જિમ દિનકાર. ૩૦
સંવેગરંગિ મહાપતા એ, શ્રી **ઉદયચંદ** સૂરીંદ,
તાસ પાટિ સોહાકરૂ એ, તારક માંહિ જિમ ચંદ. ૩૧
શ્રી **મુનિચંદ્ર સૂરીશ્વરૂ** એ, તાસુ પાટિ પ્રગટ પ્રભાવિ,
વિદ્યમાન વિદ્યાનિલુ એ, ક્રિયાપાલ સુભ ભાવિ. ૩૨

*

નૃપ માંહિ ચક્રીસરૂ એ, ભૂજબલિ જિમ ગોવિંદ,
સંપ્રતિ શ્રી ગુરૂ દીપતા એ, શ્રી **વિદ્યાચંદ સૂરીંદ**. ૩૬
તાસ સીસ સોહામણા એ, પંડિત શ્રી **લબ્ધિરાજ**,
રાસ રચિઉ નિય મતિ કરી એ, પંડિત શ્રી **હર્ષરાજ**. ૩૭
ગુણિ મુનિ સુંદર ગુણનિલો એ, **ભાવરાજ** ઋષિરાજ,
દેવરાજ મુનીસરૂ એ, ચેલા **શવસી** સાર. ૩૮
અહિમદાવાદ નગર માંહિ એ, વિજય મુહુરત અભિરામ,
હર્ષરાજ પંડિત ભણઇ એ, સીઝઈ વંછિત કામ. ૩૯

(૧) સં.૧૬૫૨ કા.શુ. ૯ ભૃગુવારે લિ. શ્રી ગંધાર બંદિરે શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૩૬–૧૩, લે. પાટણ દા.૮ નં.૧૫. (૨) સં. ૧૭૬૬ ફા. શુ. ૧૧ ભોમે. પ.સં.૧૭–૧૯, રત્ન.ભં. દા.૪૩ નં.૬૪. (૩) પ.સં.૨૩, હા.ભં. દા.૮૨. (૪) ખં. ભં.૧. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૮).]

(૯૯૦ ખ) લોંકા પર ગરબો ૨.સં.૧૬૧૬

(૧) સ્વયં લિખિત ગુટકો, કૃપા. નં.૨૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૪, ભા.૩ પૃ.૬૭૫–૭૬.]

૪૭૯. જયવંતસૂરિ–ગુણસૌભાગ્યસૂરિ (વડતપાગચ્છ વિનયમંડન ઉપાધ્યાયશિ.)

વડતપાગચ્છના સ્થાપક વિજયચંદ્રસૂરિ થયા કે જેણે પહેલાં તપગચ્છીય ('નવીન કર્મગ્રંથ' આદિના કર્તા) દેવેન્દ્રસૂરિ પાસે દીક્ષા લીધી હતી

ને ત્યાર પછી સૂરિપદ લઈ તેમના જ સમયમાં જુદી પ્રરૂપણા કરી પોતે ખંભાતમાં વડી પોશાળમાં રહ્યા, તેથી તેમનો ગચ્છ વૃદ્ધ પૌશાલિક તપગચ્છ અને ટૂંકમાં વડો તપગચ્છ તરીકે ઓળખાયો. (આ સં.૧૩૦૦ની પછીના ૨૫ વર્ષમાં બન્યું.) ત્યાર પછી આ વડતપગચ્છમાં રત્નાકરસૂરિ થયા કે જે પ્રસિદ્ધ 'રત્નાકર પચીશી'ના કર્તા ગણાય છે. તેમણે સં.૧૩૭૧માં શત્રુંજય પર સમરા શાહે કરાવેલી ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ સૂરિનો ગચ્છ રત્નાકરગચ્છ કહેવાયો. આ ગચ્છની ભૃગુકચ્છીય (ભરૂચી) શાખામાં અનેક આચાર્ય થયા તેમાં વિજયરત્નસૂરિ નામના એક પ્રતિષ્ઠિત આચાર્ય થયા કે જેના પ્રતિમાલેખો સં.૧૫૩૭ના ધા.પ્ર.સં. ભાગ પહેલાના લેખાંક ૩૪, ૫૮, ૫૨૭માં અને ભાગ બીજામાં સં. ૧૫૧૩, ૧૫૨૯ અને ૧૫૩૭ના અને નાહરકૃત સંગ્રહમાં સં.૧૫૩૦ના મળી આવે છે. તે પૈકી એક પરથી જણાય છે કે તેઓ વિજયધર્મસૂરિના પટ્ટધર હતા (વિજયધર્મસૂરિ તે વિજયતિલકસૂરિના પટ્ટધર હતા). આ વિજયરત્નસૂરિના ધર્મરત્નસૂરિ નામના શિષ્ય થયા કે જેના પ્રતિમાલેખો સં.૧૫૪૪–૫૩–૬૧–૬૫–૬૬ના ઉક્ત ભાગ બીજામાં મળી આવે છે. આ ધર્મરત્નસૂરિએ સંઘપતિ ધનરાજના સંઘમાં આબુ વગેરે તીર્થોની જાત્રા કરી તે સંઘ સાથે મેદપાટ (મેવાડ)માં જઈ ચિત્રકૂટ (ચિતોડ) પર્વત ગયા ત્યાં તે વખતના મહાન સંગ(સંગ્રામસિંહ) રાણા(રાજ્ય સં.૧૫૬૫થી ૧૫૮૬)-એ એમને મહા ઉત્સવથી પુરપ્રવેશ કરાવ્યો. તે નગરમાં પ્રખ્યાત કર્માશાના બાપ તોલા શાહ તે સૂરિની ભક્તિ કરવા લાગ્યા. રાજસભામાં તે સૂરિએ પુરુષોત્તમ નામના બ્રાહ્મણને વાદમાં પરાજિત કર્યો. તોલા શાહે શત્રુંજય પર પહેલાં વસ્તુપાલે (સં.૧૨૯૮) કરાવેલી પ્રતિમા અને ત્યાર પછી સંગ્રામસિંહ સોનીએ સં.૧૩૭૧માં ઉપરોક્ત રત્નાકરસૂરિજી પાસે પ્રતિષ્ઠિત કરાવેલી પ્રતિમા પર મુસલમાનોએ આક્રમણ કરેલ હોવાથી તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરતાં ધર્મરત્નસૂરિએ જણાવ્યું હતું કે તે મનોરથ તેના પાંચ પુત્રોમાંથી સૌથી નાનો કર્માશા પૂર્ણ કરશે અને તેની પ્રતિષ્ઠા પોતાનો શિષ્ય કરશે. પોતે ત્યાં સ્વશિષ્ય નામે વિનયમંડન પાઠક રાખી સંઘ સાથે ચાલી નીકળ્યા. તે પાઠક પાસે કર્માશાએ ધાર્મિક અભ્યાસ કર્યો. આ ધર્મરત્નસૂરિના બે પ્રધાન શિષ્યો હતા – એક વિદ્યામંડન (કે જેને સૂરિએ આચાર્ય સ્થાપ્યા) અને બીજા ઉપરોક્ત વિનયમંડન.

ગુજરાતના બાદશાહ બહાદુરશાહને જ્યારે પોતાનો મોટો ભાઈ સિકંદર

ગાદી પર હતો ત્યારે રિસાઈ ચિતોડ ગયો તે વખતે કર્માશાએ એને એક લાખ રૂપિયાની મદદ કરી હતી. પછી જયારે બહાદુરશાહ બાદશાહ થયો ત્યારે કર્માશાને બોલાવીને તેણે બહુમાન આપ્યું. કર્માશાએ બાદશાહનું ફરમાન લઈ શત્રુંજય પર ઋષભનાથ તથા પુંડરીકની મૂર્તિની સં.૧૫૮૭ વૈશાખ વદિ ૬ રવિવારને દિને પ્રતિષ્ઠા કરી અને તે આ વિદ્યામંડનસૂરિના હસ્તે જ કરવામાં આવી. આ વિદ્યામંડનસૂરિના પ્રતિમાલેખ સં.૧૫૮૭નો ભાગ બીજામાં અને સં.૧૫૯૭નો ભાગ પહેલાના લેખાંક ૧૧૦૭માં મળે છે. આ સૂરિના શિષ્યો નામે જયમંડન, વિવેકમંડન, રત્નસાગર, સૌભાગ્યરત્ન (પછીથી સૂરિ થયેલા કે જેનો પ્રતિમાલેખ ભાગ બીજામાં સં.૧૬૩૪નો મળે છે.) અને સૌભાગ્યમંડન હતા, કે જે બધા શત્રુંજય પર ઉક્ત ઉત્સવ પ્રસંગે હાજર હતા. આ પૈકી વિવેકમંડને ચિતોડમાં પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથનાં ઉક્ત કર્માશાએ મંદિરો બંધાવેલાં તેમાં પ્રતિષ્ઠા કરી હતી.

વિનયમંડન પાઠક ઉપાધ્યાયે પણ ઉપરોક્ત શત્રુંજયના ઉત્સવમાં સારો ભાગ લીધો હતો. તેમના શિષ્ય વિવેકધીરગણિ અને આપણા કવિ જયવંતસૂરિ. વિવેકધીરે ઉક્ત ઉત્સવની પ્રશસ્તિ સંસ્કૃતમાં રચી. તે ઉપરાંત તે જ સમયમાં લાવણ્યસમયે (જુઓ નં.૧૫૬) આ કર્માશાના ઉદ્ધારની નાની પ્રશસ્તિ સંસ્કૃતમાં પોતાના હસ્તથી લખી છે (સં.૧૫૮૭) કે જે પ્રશસ્તિ હાલ શત્રુંજય પર કોતરેલી વિદ્યમાન છે. વિવેકધીરગણિ શિલ્પશાસ્ત્રમાં અપ્રતિમ નિપુણ હતા ને તેમણે ઉક્ત તીર્થોદ્ધારના કાર્યમાં સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ વાપરી છે ને શિલ્પીઓના નિર્માણ પર પૂરી દેખરેખ રાખી છે કે જેનું સુફલ હાલ જૈન પ્રજા ભોગવે છે. આ ગણિના ગુરુભાઈ જયવંત પંડિતે સં.૧૬૧૪માં ગુજરાતી કવિતામાં 'શૃંગારમંજરી' નામનો એક ગ્રંથ બનાવ્યો છે કે જેની રચના ઘણી સરસ અને સુંદર છે. આમાં શીલવતીનું ચરિત્ર વર્ણવેલું છે. (આ હકીકત સાક્ષર મુનિમહારાજશ્રી જિનવિજયજીના શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધની પ્રસ્તાવના પરથી લીધી છે. વિશેષમાં ત્યાંથી જોઈ લેવું.) આપણા કવિએ પછી સૂરિની પદવી પ્રાપ્ત કરેલી જણાય છે. સં.૧૫૮૭માં શત્રુંજયોદ્ધાર વખતે ૨૦ વર્ષની ઉંમર ઓછામાં ઓછી ગણીએ, અને ૧૬૪૩ની તેમની કૃતિ મળી આવે છે તે પરથી તે ઓછામાં ઓછું ૭૬ વર્ષ જીવ્યા જણાય છે. (આ કવિને માટે જુઓ 'આત્માનંદ પ્રકાશ'ના વીરાત્ ૨૪૫૦ના ૧૦મા અંકમાં પ્રગટ થયેલ

મારો લેખ.)

આ કવિએ કાવ્યપ્રકાશની ટીકા રચી-લખી છે તેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છે:

ટીકા જયંતમુખ્યા વિલોક્ય તત્ સંગ્રહં ચ સાસઘ
સહૃદયમુદે પ્રયત્નાચ્છ્રીગુણસૌભાગ્યસૂરિવરઃ. ૧

ઇતિ સાહિત્યચક્રવર્તિલૌહિત્યભટ્ટગોપાલવિરચિતાયાં સાહિત્યચૂડામણૌ કાવ્યપ્રકાશવિમર્શિન્યાં દશમ ઉલ્લાસઃ

આસન્ વૃદ્ધતપાગણે સુગુરવઃ શ્રી ધર્મરત્નાહ્વયા-
સ્તચ્છિષ્યા વિનયાદિમંડનવરાસ્તેષાં વિનેયાંતિમઃ
સૂરિઃ શ્રી જયવંત એષ ગુણસૌભાગ્યો પરાહ્વોઽસ્તિ ય-
શ્ચિત્કોશે સમલીલિખદ્ વિવરણં કાવ્યપ્રકાશસ્ય સઃ
શ્રી વિનયમંડનગુરૌગિંરાશિશુત્વેઽપ્યવાપ્તચારિત્રા
આર્યા વિવેકપૂર્વા પ્રવર્તિની સુંદરી જજ્ઞે. ૨
વિવેકલક્ષ્મીસ્તત્સેવા હેવા કિન્યપ્યજાયત
તદ્વિનેયા વિજયિની ધર્મલક્ષ્મીઃ પ્રવર્તિની. ૩
ટીકાં કાવ્યપ્રકાશસ્ય સા લિલેખ પ્રમોદતઃ
ગુણસૌભાગ્યસૂરિણાં ગુરુણાં પ્રાપ્ય શાસનમ્. ૪

—સંવત ૧૬૫૨ વર્ષે પોષ સુદિ ૧૩ બુધે સમાપ્તોયં ગ્રંથઃ.

(૯૯૧) [+] શૃંગારમંજરી [રાસ] અથવા **શીલવતી ચરિત્ર** ૨૩૯૧ કડી ૨.સં.૧૬૧૪ આસો શુદ ૨ ગુરુ

આ સરસ છટાદાર રચના છે.

આદિ- દૂહા.

ચંદ્રવદનિ ચંપકવની, ચાલંતી ગજગતિ,
મયણરાયમંદિર જિસી, પય પણમૂ સરસત્તિ. ૧
સોવિન ચૂડી કરિ ધરી, ઊરવરિ નવસર હાર,
ખલકતિ સોવિન મેખલા, પય ઝાંઝર ઝમકાર. ૨
વેણીદંડ પ્રચંડ એ, જિસુ શેષ ભુયંગ,
અંગ અભંગ અનંગનુ, નાગ સુરંગ સમંગ. ૩
પીન પયોધર ભાર ભર, કટિતટિ ઝીણુ લંક,
વિકસત ખંજન નયણલાં, ધણુહ જિસિઉ ભૂવંક. ૪
દાડિમકલી જિમ દંતડા, અધર પ્રવાલી રંગ,

નાશા દીપશિખા જિસી, નયણે જિત્ત કુરંગ. ૫
કોમલ કિશલય કમલ કર, કાને કનક તાડંક (=કુંડલ),
ઘન પીન સ્તન જઘનયુગ, કયલી કોમલ જંઘ. ૬
કમલ કમંડલ કરિ ધરણિ, ધરણી (=પૃથ્વી) પ્રસિદ્ધ સમાન.
સારદ સેવકસુખકરણિ, કરણિ ગતિ અભિરામ. ૭
સચરાચરિ વ્યાપ્ત રહી, ગુણમણિનુ ભંડાર,
ગુણ અનંત સરસતિ તણા, કહિતુ ન લહૂ પાર. ૮
સરસતિ પયપંકય નમી, પ્રણમૂ શ્રી ગુરૂરાય,
નાણ દિણાહિવ દેખવી, ટાલિઉ મોહનુ ઠાય. ૯

ચુપઈ.

સહિગુરૂચરણ નમું નિસિદીસ, જેહથી પુહચિઇ સકલ જગીસ,
જેહથી લહીઇ ધર્મવિચાર, સકલ શાસ્ત્ર સદ્દગુરૂ આધારિ. ૧૦
ખીણઉ ઝીણઉ જઇ સકલંક, કિમ કીજઇ ગુરૂ તુલ્ય મયંક,
દિન દિન ચડત કલા અકલંક, કુમત રાહુનુ ભંજઇ વંક. ૧૧
સાયર ખારૂ રવિ આકરૂ, કામધેનુ પશુ પણિ પાથરૂ,
કા(ષ્ટ)રૂપ સુરતરુ જાંણીઇ, સહિગુરૂ કિમ વખાણીઇ. ૧૨
હૂં મૂરખ જે અક્ષર લહું, તે મહિમા સદ્દગુરૂનુ કહું,
રતુ વસંતિ કોયલિ-સર હોય, અંબ મંજરિનુ મહિમા સોય. ૧૩
વડતપગછિ અતિ મહિમાવંત, શ્રી વિનયમંડન ઊવઝાય મહંત,
સીલિ થૂલિભદ્ર સરસતિ બુદ્ધિ, ગૌતમની પરિ લબધિ પ્રસિદ્ધિ.
ચંદ્રકલા જિમ અતિ ઊજલી, જસ કીરતિ ચિહૂ દિસિં ઝલહલી,
સૌભાગિ જિમ શ્રી વસુદેવ, અહનસિ નરવર સારિ સેવ. ૧૫
સાકર દૂધ સેલડી સદ્રાખ, જેહવી મીઠી આંબાસાખ,
તેહવૂ જસ વાણીપીયૂષા, નિરમલ ચંદ્ર સુચંદ્ર (કર્પૂર) મયૂષા.
તે સહિગુરૂના પ્રણમી પાય, જયવંત પંડિત એકચિત્ત થાય,
ગ્રંથ કરૂં શૃંગારમંજરી, બોલૂ શીલવતીનું ચરી. ૧૭

અંત – દિન દિનિ ઉદય હુઇ ઘણુ, સઘલઇ જયજયકાર,
એ સવિ મહિમા શીલનું, માનિ સવિ ભૂપાલ.
શીલવતી ચિરતિ (ચરિતિ) કરી, એહ વખાણિઉ શીલ,
ભવિયણ પાલુ એકમનિ, જિમ પામુ સુખલીલ. ૨૩૬૯
વીર જિણેસર સીસવર, સુહમસામિ ગુણધાર,

સાધુ ગુણિ (ગણિં) સોહામણુ, જેહનુ વંશવિસ્તાર. ૭૦
શ્રી **કોટિક** ગુ(ગ)ણુ ચિર જયુ, **વૈરી** શાખ રસાલ,
ચંદ્ર તણી પરિ ઊજલૂં, શ્રી **ચંદ્રકુલ** સવિશાલ. ૭૧
વૃધતપાપક્ષ જાંણીઇ, શ્રી **રત્નાકરગછ**,
કલ્પલતા જિમ વાધતી, દીસિ જિહાં ગુણગછ. ૭૨
શ્રી **તપગછ**-ઉદ્યોતકર, શ્રી **વિજયરત્ન** સૂરિંદ,
જિમ સુરપતિ સુરવૃંદમાં, જિમ ગ્રહગુ(ગ)ણમાં ચંદ. ૭૩
શ્રી **વિજયરત્ન** સૂરિંદ ગુરૂ, પટ્ટ મહોદય ભાણુ,
શ્રી **ધર્મરત્ન** સૂરીશ્વરૂ, કેતૂં કરૂં વખાંણુ. ૭૪
વાદીકુલિં કરિકુલ-કેશરી, મુનિવર કુલશૃંગાર,
વલ્લભ સંયમકામિની, ગુણગણ-મણિ-ભંડાર. ૭૫
તાસ સીસ સુરતરૂ સમા, સેવઇ નરવર પાય,
શ્રી **વિદ્યામંડન** સૂરીશ્વરૂ, શ્રી **વિનયમંડન** ઉવજઝાય. ૭૬
શ્રી **વિદ્યામંડન** સૂરીંદ ગુરૂ, સીસ સોભાગી સાર,
શ્રી **સૌભાગ્યરત્ન** સૂરીસવર, વિજયમાંન ગુણધાર. ૭૭
શ્રી **વિનયમંડન** ઉવઝાય ગુણિ, ગુણતાં ન લહુ પાર,
વિદ્યાઇ સુરગુરૂ સમા, રૂપિ મયણ અવતાર. ૭૮
ભવિયણ-જનમન-મોહની, જસ વાંણીવિસ્તાર,
લબધિ **ગૌતમ** ગુરૂ સમા, **સુહમસ્વાંમિ** પરિવારિ. ૭૯
જે શ્રી ગુરૂનુ વંશ પણિ, પસરિઉ અતિ સુવિશાલ,
સફલ સછાય સોહામણુ, જિમ તરૂ માહિ રસાલ. ૮૦
તે શ્રી સહિગુરૂ ગુણ તણા, કહિતાં નાવિ પાર,
મુઝ મુખિ એક જ જીભડી, ગુણ તુ ઘણુ અપાર. ૮૧
કાગલ સસિહર ઉજલુ, જેહવૂ નિરમલ રૂપ,
જસ યશ લિખિઉ દીસીઇ, મિય મય મિસિ સુરૂપ. ૮૨
પ્રથમ સીસ સોહામણા, સઘલા ગુણના ઠાય,
વિજયમાન **કુલમંડનહ**, શ્રી **વિવેકમંડન** ઉવઝાય. ૮૩
ચંદ તણી પરિ વાધતા, બીજા સીસ સુવિચાર,
શ્રી **સૌભાગ્યમંડન** પંડિતહ, ચતુર સોભાગી સાર. ૮૪
અવર સવે પરિવાર જે, સાધ સાધવી અનેક...
નામિ **શૃંગારમંજરી**, **શીલવતી**નું રાસ.

શ્રી **વિનયમંડન** ગણિ સીસિ કીઉ, **જયવંત** લઘુ સીસ તાસ.
મંદમતિ અતિ લઘુવઈ, અતિરસ સરસ પ્રમાંણિ,
કાંઈ અણઘટતૂ કહિઉં, ખમજો તેહ સુજાંણ. ૮૭
આગઇ જે કવીયણ હવા છઈ વલી હોસિ જેહ,
હૂ સવિહૂની પગરેણુકા, હિયડઇ ધરયો એહ. ૮૮
શ્રી **વિનયમંડન** મુણીંદ્ર, લઘુ સીસ ભૂમિપ્રસિદ્ધ,
જયવંત પંડિત અભિનવી, **શૃંગારમંજરી** કીદ્ધ. ૮૯
જાં રવિ સાયર ચંદ્રમા, ધરણી મેરૂ પ્રમાંણ,
તાં ચિરંવ (ચિર નંદુ) ગ્રંથ એ, જાં પૃથવી મંડાણ. ૯૦
સંવત **સોલ ચૌદોતરઇ** આસો શુદિ ગુરૂ બીજ,
ક(વિ) કીધી **શૃંગારમંજરી, જયવંત** પંડિત હેજ. ૯૧

(૧) ગ્રં.૨૮૦૦ સં.૧૬૩૯ માર્ગશીર્ષ કૃ. દ્વિતીયા ૨ શનિ **પાનસર** નગરી હારીજગછે ભ. **મહેશ્વરસૂરિ**ભિઃ પ.સં.૭૬–૧૫, રત્ન ભં. દા. ૪૨ નં.૫. (૨) વર્દ્ધ (૧) કાશ મુનિ કૃપા કર મિતે ૧૭૦૨ સંવત્સરે વૈક્રમે માસે ફાલ્ગુનિકે શમ્યાં(?શાં)કવિશદે પક્ષે દશમ્યાં તિથૌ, પુષ્યાર્કો **વિનયાદિ**-સાગરગણિ વિદ્વજ્જનાનંદિની **શૃંગારાદિમંજરી** સમલિખિત્ સ્વશ્રેયસે સાદરાત્. પાટણના વાડી પાર્શ્વનાથનો ભંડાર (જૈનજ્યોતિ માસિક પુ.૧ અંક ૨ પૃ.૫૩–૫૪ પરથી આ પ્રશસ્તિ ઉતારી છે). (૩) **અંચલગચ્છે મનજી** શિ. **વિમલસાગર-ઉદયસાગરા**ભ્યાં લિ. ૧૬(૭૪) વર્ષે ફા.શુદિ ૧૧ ભુગુવારે **દીવ** મધ્યે...મુનિ **ચીકા** પઠનાર્થં. પ.સં.૩૮–૧૭, પ્રથમનાં ચાર પાનાં નથી, સુંદર પ્રત, ખેડા ભં. દા.૭. (૪) પ.સં.૭૩–૧૫, અપૂર્ણ, વી.ઉ.ભં. દા.૧૭. (૫) જૈનશાળા, ખંભાત. (૬) પ.સં.૨–૧૩, હં.ભં. નં.૮૭૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૨૮).]

[પ્રકાશિત : ૧. સંપા. કનુભાઈ શેઠ.]

(૯૯૨) [+] **ઋષિદત્તા રાસ** [અથવા **આખ્યાન**] ૫૬૨ કડી ર.સં.૧૬૪૩ માગશર શુદ ૧૪ રવિ

આદિ – દૂહા

પ્રથમ નાથ દાતા પ્રથમ, જગગુરૂ પ્રથમ યુગાદિ,
પ્રથમ જિણંદ પ્રથમ જ નમૂં, જેણિ કરી પ્રથમ પુણ્યાદિ. ૧

(બીજી પ્રતમાં નીચે પ્રમાણે આદિમાં છે.)

દૂહા – ઉદય અધિક દિનદિન હવઈ, જેહનઈ લીધઈ નામ,

તે પાંચે પરમેષ્ઠિને, હું નિત કરૂં પ્રણામ. ૧
શાસન સોહ કરી સદા, શ્રી વિદ્યા શુભરૂપ,
તે મન સમરૂ જેહને, સેવે સુરનરભૂપ. ૨
મિઠાઈ મુઝ વાણીએ, તેં દીધી છે ચંગ,
વલી વિશેષે વીનવું, દિએ રસરંગ અભંગ. ૩
ઋષિદત્તા નિર્મલ થઇ, તે નિજ સત્ય પ્રમાણુ,
તસ આખ્યાન વષાણુવા, દિઇ મુઝ નિર્મલ વાણિ. ૪
કવિતા મહિમા વિસ્તરે, ફલીઇ વક્તા આસ,
શ્રોતા અતિ રંજે જિણું, સો દિઇ વચનવિલાસ. ૫
વિવિધ પરે કેલવણુ, નિજ રમતિ અનુસાર,
તુઝ પયકમલપ્રસાદથી, જગિ વાણીવિસ્તાર. ૬
પૂર્વે છે સુકવે કર્યાં, એહનાં ચરિત પ્રસિદ્ધ,
તોહુઇ રસિકજનાગ્રહે, એ મેં ઉદ્યમ કીધ. ૭
કેવલ લહી મુકતેં ગઈ, કીધ કલંકહ છેક,
તે **ઋષિદત્તા** સુચરિતં, સુણુયો સહુ સવિવેક. ૮

અંત – **વડતપગચ્છ** સોહાકરૂ હો, શ્રી **વિનયમંડન** ગુરૂરાજિ,
રત્નત્રય આરાધકો હો જે જગિ ધર્મસહાય.

ત્રૂ.

જે જગિ ધર્મસહાય ગુણાકર સુવિહિતનઇ ધુરિ કિધ
તસ સીસ **ગુણસોભાગ** સુનામઈ, **જયવંત**સૂરિ પ્રસિદ્ધ,
તેણુઈ રસીકજન આગ્રહ જાણી વિરચઉં સતીસુચરિત્ર,
ઉત્તમ જન ગુણ સુણતાં ભણતાં, હુઈ જન્મ પવિત્ર ૫૨૮
સંવત **સોલ** સોહામણો હો, સુડાકરૂ ઉ હો **ત્રિતાલ**ઉ ઉદાર
માગસિર સુદિ ચઉદસિ દિનઈં હો દીપંતુ રવિવાર. ૫૬૧

ત્રૂ.

દીપંતુ રવિવાર સુરોહિણિ સસિ, વરતઇ વૃષરાશિ.
એ **ઋષિદત્તા** ચરિત્ર વષાણિઉ, **જયવંત**સૂરિ ઉડલાસિ,
નૂન અધિક જે હૂઇ આગમથી મિછા દુક્કડ તાસ,
કવિતા વકતા શ્રોતાજનની, ફલયો દિનિ દિનિ આસ. ૫૬૨

(૧) પ.સં.૩૦-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૩૬. (૨) પ.સં.૨૫-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૬૯. (૩) પ.સં. ૧૩, અપૂર્ણ પ્રત, ડે.ભં. દા. ૭૦ નં.૭૦.

(૪) સં.૧૬૭૨ વૈ. કૃષ્ણ પક્ષ ૧૩ ગુરૌ સિદ્ધક્ષેત્રે. પ.સં.૨૮–૧૩, ડે.ભં. દા.૭૦ નં.૬૮. (૫) સં.૧૭૦૬ પો. શુ. ૫ ગુરૌ લિ. ગ્રંથાગ્ર ૮૫૦, પ.સં. ૩૦–૧૧, સીમંધર. દા.૨૨ નં.૧. (૬) સં.૧૭૨૪ મિગસિર વદિ સપ્તમી દિને સોમવારે સ્યામદુર્ગનગર મધ્યે સકલ પં. શ્રી દર્શનસૌભાગ્યગણિ શિ. માણિક્યસૌભાગ્યગણિ તત્ શિષ્ય મુનિ સુંદરસૌભાગ્યેન લિ. પ.સં.૧૭–૧૫, વિ.ને.ભં. નં.૪૫૬૫. (૭) મહોપા. અમૃતવિનયગણિ શિ. કિર્તિવિજયેન લિ. સં.૧૭૧૮ કા.વ. ૬ શનિ શ્રી સીરોર નગરે. પ.સં.૧૬–૧૭, વડા ચૌટા ઉ. સુરત પો.૧૯. (૮) પ.સં.૩૧–૧૩, હા.ભં. દા.૭૯ નં. ૨૫. (૯) પ.સં. ૧૯–૧૭, લીં.ભં. દા.૨૬. (૧૦) પ.સં.૫૭–૧૧, ના.ભં. (૧૧) પાટડી ભં. (૧૨) પ.સં.૪૦, તેમાં પ્રથમ નયસુંદરકૃત સુરસુંદરી રાસ સહિત, અભય. પો.૧૩ નં.૧૩૫૨. (૧૩) પ.સં.૨૨–૧૫, ગુ.વિ.ભં. (૧૪) ગ્રંથાગ્ર ૯૦૦, પ.સં.૪૯–૯, આ.ક.ભં. (૧૫) સં.૧૭૦૬ વર્ષે ભાદ્રવા વદિ ત્રયોદસી વાર સોમે ગ્રંથાગ્ર ૯૦૦. પ.સં.૨૮–૧૪, બાલવિજયજી. (૧૬) પ.સં.૧૯–૧૫, લીં.ભં. (૧૭) પ.સં.૨૩–૧૩, માં.ભં. (૧૮) પ.સં.૩૫–૧૨, વી.પા. [ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૭, ૩૯૪, ૩૯૭, ૫૦૦).]

[પ્રકાશિત : ૧. સંપા. નિપુણા દલાલ.]

(૯૯૩) [+] નેમિરાજુલ બાર માસ વેલ પ્રબંધ ૭૭ કડી

આદિ – રાગ મલ્હાર–ધૂરિ દૂહા

વિમલ વિહંગમવાહિની, માતા દ્યઉ વરદાન,
દ્વાદશ માસ સોહામણા, ગાઉં જિનગુણગાન. ૧
વેધક જનમન રીઝવઈ, માનનિ મોહણવેલિ,
ગુણસોભાગ સોહામણી, વાણી દ્યઉ રંગરેલિ. ૨
મુગતિમાનિની મનિ ધરી, રાજુલિ છંડિ નેમિ.
પિઉ વિછુરત ભોજકુંયરિકું, વિરહ દહઈ જિઉ નેમિ. ૩

અંત – બાર માસ ગુણ જિણ તણા હો ગાતાં મ કરો પ્રમાદ,
ઋદ્ધિ અનંતી આગમઇ હો, સુણતાં હુઈ આલ્હાદ,
ત્રૂટક–સુણતાં હુઈ આલ્હાદ સદાઈ, જિણગુણ અતિહિં રસાલ,
મનનઇ ભાવિ તેહ જ ભણતાં દિન દિન મંગલમાલ,
શ્રી વિનયમંડન ઉવઝાય અનોપમ, તપગચ્છગયણે ચંદ,
તસુ સીસ જયવંત સૂરિવર વાણી સુણતાં હુઈ આણંદ. ૭૭

(૧) ગણિ ઋદ્ધિસુંદર લિખિત શ્રી મસૂદા નગરે સંવત ૧૭૦૯. પ.સં.૩–૨૧, વિ.ધ.ભં. (૨) ગ્રંથાગ્ર શ્લોક ૧૭૫, પ.સં.૪–૧૭, લીં.ભં. (૩) ઢાલબદ્ધ, પ.સં.૧૦, અમ. (૪) સં.૧૬૯૭ આસો સુદિ ૫ શ્રી પાટણ નગરે સુશ્રાવિકા પુણ્યપ્રભાવકા શ્રા. રતનબાઈ નામ્ના: પઠનકૃતે પં. ભાવહરષ લ. પ.સં.૧૩–૯ જૈ.એ.ઇ. નં.૧૨૧૩. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૩૯૯).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

(૯૯૪) સીમંધર સ્તવન અથવા **લેખ** ૩૭ કડી આસો સુ. ૧૫ શુક્ર

સીમંધરસ્વામીને વિનતિ રૂપે છે.

આદિ – રાગ સામેરી.

સ્વસ્તિશ્રી **પુંડરગિણી**, મોરો સુગુણ **સીમંધરસ્વામિ**
મુહ બોલતાં અમૃત ઝરે, મનોહર મોહન નામ
ગુણકમલ તોરે વેધીઓ, મનભમર મુઝ રસ પૂરિ.
તુઝ ભેટવા અલજો ઘણો, કિમ કરૂં થાનિક દૂરિ રે
વાહલા તૂં પરદેસેં જઈ રહિઉ રે.
દૂરિં નયન મેલાવડો રે, વાહલા તૂં. ૧

અંત – સાધુશિરોમણિ જાણીએ તો, શ્રી **વિનયમંડણ** ઉવઝાય રે;
તાસ સીસ ગુણ આગલો તો, બહુલા પંડિત રાય રે. એહવા રે ૩૬
આસો શુદિ પૂનિમ દિને તો, શુક્રવાર એકાંત રે.
કાગલ **જયવંત** પંડિતે તો, લિખીઓ માઝિમ રાતિ રે—
એહવા રે ગુણ તુમ તણા. ૩૭

(૧) પ.સં.૭, ગ્રંથમાન ૩૭. લીં.ભં. દા.૨૯ નં.૩૮. (૨) સં. ૧૭(૦)૫ કા. સિત ૨ દ્વિતિયા વાસરે લ. ગણિ **ધર્મહર્ષેણ સોઝિત્રા** નગરે. પ.સ.૨–૧૫, તિલક. ભં. પો.૯. (૩) પ.સં.૩, પ્રત ૧૭મી સદીની, રામ. ભં. પો.૮. (૪) પ.સં.૩–૧૩, માં.ભં. (૫) પ્ર.કા.ભં. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૦૩).]

(૯૯૫) [+] સ્થૂલભદ્ર પ્રેમવિલાસ ફાગ ૨૯ કડી

હૃદયંગમ કાવ્ય.

આદિ – સમરી **સરસતી** સામિની મનિ ધરી, સમરી પ્રેમવિલાસ,
થૂલિભદ્ર કોશ્યા ગાયસ્યું, જિનમનિ પહોચે આસ. ૧
ઋતુ વસંત નવયૌવન, ઉત્તમ તરૂણી વેશ,

પાપા વિરહ સંતાપિ, તાપેં પીઉ પરદેશ. ૨

અંત – **સ્થૂલભદ્ર કોશના** કેરડુ ગાયો **પ્રેમવિલાસ**

ફાગ ખેલે સવિ ગોરડી, ઉજમ આવેં મધુમાસ,

દિનદિન સજ્જન મેલાવડો એ ગણતાં સુખ હોઇ,

જયવંતસૂરિ વખાણી રે સવિ સોહામણી હોઇ. ૨૯

(૧) પ.સં.૨, બીજી કૃતિઓ સાથે, સેં.લા. નં.૪૭૫૪. [આલિસ્ટઑઇ ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૨).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન ફાગુ સંગ્રહ.]

(૯૯૬) સ્થૂલભદ્ર મોહનવેલિ

(૧) ગ્રં.૩૨૫, સં.૧૬૪૪, આષાઢ વદિ ૪ ગુરૂ લિ. **આગમગચ્છે** ધર્મરત્નસૂરિ લિ. દેકપુર મધ્યે. પ.સં.૯, અભય. નં.૧૦૮૮.

(૯૯૭) સીમંધરના ચંદ્રાઉલા ૨૭ કડી

આદિ – વિજયવંત પુષ્કલાવતી રે, વિજયા પુવ્વ વિદેહો

પુર **પુંડરીક** પુંડરગિણી રે, સુણતાં હુઇ સનેહો

સુણતાં હુઇ સનેહ રે હઇયઇ, સામિ **સીમંધર** વીનણી કહીઇ

ગુણસોભાગિઇં ત્રિભુવન દીપઇ, કેવલન્યાનિઈં કુમત જ જીપઈ. ૧

જી જીવનજી રે, તું મનમોહન સાંમી

સુણજ્યો વીનતી રે, ઓલગડી રે સંદેસે માન્યો દૂરિથી રે. દૂ.

અંત – અતિસય સયલ અલંકર્યા રે, **સીમંધર** જિનરાયો

કેવલજ્ઞાનિઈં સવિ લહઇ રે, સુરનરસેવિત પાયો

સુરનરસેવિત પાય જિણેસર, સવિ સુખદાયક અતિ અલવેસર

જયવંતસૂરિ વયણ રસાલા, ભગતિઈં ગાઇ જિનગુણમાલા જી. ૨૭

(૧) પ.સં.૨-૧૬, મ. જૈ.વિ. નં.૮૧૪. (હેજૈજ્ઞાસૂચિ ભા.૧(પૃ. ૧૫૪.)

(૯૯૮) લોચનકાજલ સંવાદ ૧૮ કડી

સુંદર ગીત.

આદિ – નયણાં રે ગુણરયણાં નયણાં, એ અણઘટતી જોડિ

કાલા કજ્જલ કેરઈ કારણિ, તુઝનઇ મોટી ખોડિ રે

અસરિસ સરસી સંગતિ કરતાં, આવઇ ચતુરહ લાજ,

જેહથિ સુરજન માંહિ હુઇ હાસું, તસ મિ ભણઇસ્યું કાજ રે. દૂ.

અંત – મનમાન્યા સ્યું સહી એ મિલતાં, મનિ બોલ ન ધરીઈ

જયવંત પંડિત એણી પરિ બોલઈ, મિલતા સાથઈ મિલીઈ રે.જો.૧૮

(૧) પ.સં.૨-૧૩, હં.ભું. નં.૮૭૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૯૩-૯૮, ભા.૩ પૃ.૬૬૬-૭૨. 'કાવ્યપ્રકાશ-વિમર્શિની' નામની ટીકા ગોપાલભટ્ટે રચી હોવાનો ને એની પ્રત ધર્મલક્ષ્મી પ્રવર્તિનીએ લખી હોવાનો ઉલ્લેખ છે, તેથી જયવંતસૂરિએ 'કાવ્યપ્રકાશ'ની ટીકા રચી હોય એમ નહીં, પણ લખાવીને ભંડારમાં મુકાવી હોય એમ જણાય છે.]

૪૮૦. કુશલલાભ વાચક (ખ. અભયધર્મશિ.)

(૯૯૯) + માધવાનળ કથા-પ્રબંધ-ચરિત અથવા માધવાનલ કામકુંદલા ચોપાઈ રાસ ૫૫૫ કડી ર.સં.૧૬૧૬ ફાગણ શુ.૧૩ રવિવાર જેસલમેરમાં

આદિ – વસ્તુ

દેવિ સરસતિ ૨ સુમતિદાતાર,
કાસમીર મુખમંડણી બ્રહ્મપુત્ર કર વિણ સોહે
મોહન તરવરમંજરી મુખમયંક ત્રિભોવન મોહે
પયપંકજ પ્રણમી કરી આણી મન આણંદ,
સરિસ ચરિત્ર શૃંગાર રસ પભણીસ પરમાણંદ ૧
માધવાનલ ૨ રૂપ મકરંદ.
ચવદહ વિદ્યાધર ચતુર વિદુર જાણિ સુરગુરૂ વિચક્ષણ,
નારદ તું વરનાદ ગુણ લહું અનૈ બત્રીસ લક્ષણ.
કલા બહુત્તર અતિકુશલ અભિનવ ઇંદ્રકુમાર;
સુગુરૂમુખે જિમ સાંભલું વિરચિત તેહ વિચાર. ૨

અંત – સંવત સોલ સોલોતરઈ, જેસલમેરૂ મઝારિ;
ફાગણ સુદિ તેરમિ દિવસે, વિરચી આદિતિવારિ. ૫૪૫
ગાહા દૂહા નેં ચુપઇ, કવિત કથા સંબંધ;
કામકંદલા કામિની, માધવાનલ પ્રબંધ. ૫૪૬
કુશલલાભ વાચક કહઈ, સરસ ચરિત સુપ્રસિદ્ધ;
જે વાચઈ જે સંભલઇ, તીઆં મિલઈ નવ નિધિ. ૫૪૭
ગાથા (ગ્રંથસંખ્યા પૂરાં છસે) સાડા પાંચસઈ, એ ચુપઇ પ્રમાણ;
તાહ (તેહ) સુણતાં સુષ દીઈ, જિમ જિમ (જે નર) ચતુરસુજાણ.૫૪૮
રાજલ (રાઉલ) માલ સુપાટ ધર (માન પટોધર) કૂંયર શ્રી હરિરાજ,

વિરચ્યા એહ સિણગાર રસ્સ, તાસ કુતૂહલ કાજ. ૫૪૯
સારદ સુપસાઇ કરી, શીલ તણુઇ અધિકારી,
ભણુઈ સંભલઈ તેહ નર, સુષ પામઈ સંસારિ. ૫૫૫
—ઈતિશ્રી માધવાનલ કામકંદલા ચુપઈ રાસ સમાપ્ત.

(૧) સં.૧૬૬૭ વૈ. શુ. ૧૧ શનૌ પૂર્ણિમાપક્ષે વા. કર્મસુન્દર તત્ શિષ્ય મુનિ દેવસુંદર તત્ શિ. દયાસુંદર ચે. કાન્હજી લિખિત જાવાલપુર મધ્યે ચતુર્માસી કૃતં. પ.સં.૧૮, જેસલ. ભ. ભં. નં.૩૪૩. (૨) સં.૧૭૨૪ આસો સુદિ ૧૦ ભોમે લિ. મુનિ વૈરાગ્યસાગરેણુ અકબરાવાદ મહાનગરે પાર મધ્યે મુનિ ક્રિયાસાગર વાચનાર્થં. ગ્રં.૭૬૦, પ.સં. ૧૯–૧૭, સીમંધર. દા.૨૦ નં.૧૮. (૩) સં.૧૭૩૧ ફા. વ. ૧૩ શુક્રે પં. ચદર(?)સુંદરગણિ શિ. ગણિ મોહણસુંદર લિ. પ.સં.૨૦–૧૫, ખેડા ભં. દા.૭ નં.૬૦. (૪) પં. શાંતિસાગર શિ. ગ. નિત્યસાગર લિ. સ્તંનિગ્ધપુર મધ્યે સં.૧૭૩૨ માહ સુદિ ૨ શુક્રે હેમંતઋતૌ. પ.સં.૧૩–૧૯, ડા. પાલણપુર દા.૩૬. (૫) સં.૧૭૪૯ પો. શુ. ૧૫ ગુરૂવારે પદ્મપુરા મધ્યે શ્રી વિજયસૌભાગ્યસૂરિ શિ. ગણિ પ્રમોદસૌભાગ્યેન લિ. પ.સં.૨૦–૧૪, મો. સુરત પો.૧૨૭. (૬) અમૃતસાગર લ. પ.સં.૨૬–૧૪, ડા. અ. ભં. પાલણપુર દા.૬ નં.૬. (૭) લિ. શાંતિકુશલ (ખ. પુણ્યહર્ષના શિષ્ય જણાય છે) તેથી પ્રત સં.૧૭૩૬ આસપાસ, અપૂર્ણ સારી સુવાચ્ય પ્રત, પ.સં.૯–૧૮, અનંત. ભં. નં.૨. (૮) સં.૧૭૬૨ માગસર વદિ ૧૧ સુક્રે પુજ્યજી ઋષિ રાજસીંહ શિ. પુજ્યજી ઋષિ વસ્તાજી ઋષિ કર્મચંદજી ઋષિ ધનજી લિ. ઋષિ વાઘજી પડનાર્થં ગઢપાસે રાંણુપુર મધે લખો છે. પ.સં.૧૬–૧૫, મુક્તિ. નં.૨૩૮૫. (૯) સં.૧૭૬૯ ફા.વ.૧૧, પ.સં. ૨૮–૧૩, વિ.ને.ભં. નં. ૪૫૧૯. (૧૧) એક સં.૧૬૮૯–૯૦માં લખેલી ચોપડી, પ.ક્ર.૯૭થી ૧૨૧, નાથાલાલ પાલણુપુરવાળા પાસેની. (૧૨) સં.૧૮૦૧ કા.વ.૧૧ પં. રૂપવિજય શિ. રાજવિજય શિ. ઉ. સિંહવિજયે. પ.સં. ૧૯–૧૫, વિ.ને.ભં. નં.૪૫૧૮. (૧૦) લિ. ઋષિ કીર્તિવિમલ. પ.સં. ૩૭–૧૨, વિ.ને.ભં. નં.૪૫૨૦. (૧૩) સંવત સતર બયાલીસમે, મગસિર સુદિ તેરસિ શુભવાર વાર ભલે શનિવારમેં લિષીતવ્ય જીવહિતકાર. ૧

જંગમ યુગપ્રધાન જિણરંગ, આચારિજ જિનચંદ.

તાસુ સીસ સુમતિનંદનગણી, લિખ્યો ગ્રંથ સુખકંદ. ૨

પ.સં.૨૪–૧૩, મારી પાસે. (૧૪) લિ. ગણિ લાલવિજયેન થિરાદ-

નગરે. પ.સં.૧૯–૧૫, અનંત. ભં. નં.૨. (૧૫) સં.૧૯૨૫ ચૈત્ર સુદી ૧ રવેઉ લ. વકીલ વરજલાલ વેણીદાસ શ્રી ખેટકપૂરે ભીડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્ આત્માર્થે. પ.સં.૧૯–૧૭, ખેડા ભં. દા.૮ નં.૧૦૦. (૧૬) સં.૧૬૮૬ અ.વ.૬ તિલકવિજય લિ. પ.સં.૧૬, મહિમા. પો.૭૪. (૧૭–૧૮) સં.૧૭૩૧ જે.વ.૧૦ બીકાનેર મધ્યે અનૂપસિંહ રાજ્યે ઓસવાલગચ્છે ભાવકલશ શિ. બીકાજી શિ. દેવ શિ. રાયમલ શિ. વરસિંહ લિ. (તે વરસિંહ પાસેથી ૧૪ ટકામાં વેચાતી લીધી સં.૧૭૩૨ જેઠ) પ.સં.૨૧ તથા પ.સ.૨૨, જય. પો.૬૯. (૧૯) સં.૧૭૩૭ ચૈ.શુ.૮ કૈરૂમ મધ્યે હીરકીર્તિ શિ. રાજહર્ષ શિ. લક્ષ્મીચંદ લિ. પ.સં.૧૨, ચતુ. પો.૩. (૨૦) સં.૧૭૬૮ શ્રા.શુ.૧ ગુરૂ જૈતારણ મધ્યે. પ.સં.૧૮, સારા અક્ષરવાળી, દાન. પો.૧૪ નં.૨૪૯. (૨૧) સં.૧૭૮૧ આ.શુ.૧૩ કંટાલીયા મધ્યે યશોવર્દ્ધન શિ. કુશલવિનય શિ. શાંતિસોમેન લિ. ઉગરા પઠનાર્થે. પ.સં.૧૮, કૃપા. પો.૪૫ નં.૮૦૩. (૨૨) સં.૧૭૩૬ ભા.શુ.૭ ભોમે ભાગ્યનગર મધ્યે પં. હર્ષવિજય શિ. પં. પ્રીતિવિજય લિ. બર્હાનપુર વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞા. વૃદ્ધ શા. નિજભુજોપાર્જિત ધનવ્યયેન મગસી, ફલવધિ, રાણગપુર, વરકાણા પાર્શ્વનાથ, આબુ, અચલેશ્વર, ગોડી પાર્શ્વનાથ, શંખેશ્વર પાર્શ્વનાથ, શત્રુંજય તીર્થ સંઘાધિપતિ સંઘવી શા. રંગજી સુતરત્ન ચતુરશિરોમણિ ઔદાર્ય ધૈર્ય ગાંભીર્ય ગુણાદિગુણસુશોભિત સંઘવી શ્રી ગોડીદાસ વાચનાર્થં. જ્ઞા.વિ. ખંભાત. (૨૩) પ.સં.૨૧–૧૩, ઈડર ભં. નં.૨૦૧. (૨૪) ઇતિશ્રી માધવાનલ ચઉપઇ સંપૂર્ણ. ગણિ કનકસાગર લિષિતં. સંવત ૧૭૪૯ વર્ષે ફાગુણ સુદિ તિજ ભોમવારે લિષિતં કોડારીયા મધ્યે. સિદ્ધિ મુનિજી પાસે. (૨૫) લિષતં ગણિ સુમતિવિજય. પ.સં.૧૭–૧૫, આ.ક.ભં. (૨૬) સં.૧૮૪૮ જ્યેષ્ઠ શુદિ ૫ શનૌ લ.મુ. ધર્મવિજય. પ.સં.૧૯–૧૮, માં. ભં. [કેટલૉગગુરા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ પૃ.૨૪૦, ૪૨૧ – ભૂલથી 'હરિરાજ'ને નામે).]

પ્રકાશિત : ૧. સાહિત્ય, સને ૧૯૧૫, છૂટક છૂટક. [૨. સંપા. મંજુલાલ ર. મજમુદાર.]

(૧૦૦૦) [+] મારુઢોલાની ચોપાઈ [અથવા વાર્તા અથવા રાસ]

૭૦૦ કડી ર.સં.૧૬૧૭ વૈશાખ શુદ ૩ ગુરુવાર જેસલમેરમાં

મારવાડમાં ઢોલામારુની લોકવાર્તા ઘણી જ પ્રસિદ્ધ છે. તેના સંબંધમાં જેસલમેરના રાઉલની પૃચ્છાથી કવિએ આ કૃતિ બનાવી છે. કૃતિ રસ-

ભરેલી અને કૌતુકી છે.

બારોટ કવિ ગોવિંદ ગિલ્લાભાઈ 'વાક્સૌંદર્ય'ના ૧૯૭૩ના માર્ગશીર્ષના અંકમાં (પૃ. ૧૭૭) જણાવે છે કે પોતાની પાસે સં.૧૬૧૫ના વૈ. શુ. ૩ ગુરુવારે જેસલમેરના મહારાજ હરરાજજીની આજ્ઞાથી આ કવિએ બનાવેલી શુદ્ધ અને સંપૂર્ણ પ્રત છે. આ પરથી તેણે 'મારુ ઢોલાની વાર્તા'ના મથાળે વાર્તા લખી તેમાં પ્રકટ કરાવી **છે.**

આદિ – સકલ સુરાસુર સામિની, સુણિ માતા **સરસત્તિ,**
વિનય કરીને વીનવું, મુઝ દ્યો અવિરલ મત્તિ, ૧
જોતાં નવરસ પણ જગિ, સવિહું ધુરિ સિણગાર,
રાગે સુરનર રંજીયે, અબલા તસુ આધાર. ૨
વચનવિલાસ વિનોદરસ, હાવભાવ રતિ હાસ,
પ્રેમ પ્રીતિ સંયોગસુખ, એ સિણગાર આવાસ. ૩
ગાહા ગૂઢા ગીત ગુણ, ઉક્તિ કથાકલ્લોલ,
ચતુર તણા ચિતરીઝવણ, કહિયે કવિ કલ્લોલ. ૪

ગાહા:

મણુહર નવરસ મજ્ઝે સુંદરનારીણ સરસ સંબંધ,
નિરૂવમ કબહિ નિબદ્ધા ગુણ નુ સયણાજણા સુગુણા.
નલવર નયર નરિંદો **નલરાય** સૂય ઉય **સલહ** કુમરવરો.
પિંગલરાય તસુ ધૂઆ વનિતા **મારવણિ** વરણ વસ્તુ.

અંત – ગાથા સાતસઇ એહ પ્રમાણ, દૂહા નઈ ચઉપઈ વષાણ;
યાદવ રાઉલ શ્રી **હરિ(મેઘ)રાજ,** જોડી તાસ કુતૂહલ કાજિ. ૭૦૦
જેણી પરિ કવિમુષિ સંભલી, તિણિ પરિ મઈ જોડી મનરૂલી;
દૂહા કેઇ પુરાતન અછઇ, ચઉપઇબંધ કીઉ મઇ પછઇ. ૧
(અધિકો જે જોડ્યો છે બહૂ, કવિયણ તે સાંસહજ્યો સહૂ,
પાડેયો જિહાં વલી પાંતરો. તેહ વિચારી કરજ્યો ખરો.)
સંવત **સોલ સય સત્તરોત્તરઈ,** અષાત્રીજિ વાર સુરગુરૂઇ
જોડી **જેસલમેર** મઝારિ, સુણતાં સુખ પામઇ સંસારિ. ૨
ખરતરગચ્છ સુગુરૂ ગહગહઇ, વાચક **કુસલલાભ** ઇમ કહઇ,
મારવણીની એ ચઉપઇ, એ સુણીજ્યો એકમના થઈ. ૩
(સાંભલતાં પામે સંપદા, રિદ્ધિ વૃદ્ધિ સુખ તિતિ સદા.)

(૧) સં.૧૭૫૫ ભાદ્રવા શુદિ ૧૧ ભૌમે **નાંદડનેર** લ. પં. **સૌ**ભાગ્ય-

સુંદરેણ. પ.સં.૨૩-૧૫, તિલકવિજય ભં. મહુવા. (૨) સં.૧૭૫૭ પોષ શુ.૨ સોમે સુંસલુંઝા મધ્યે લિ. પં. રત્નનંદન શિષ્ય ડુંગરસી લિ. પ.ક્ર. ૨થી ૧૨, નાહટા. સં. નં.૨૬૧. (૩) સં.૧૭૭૯ ભાદ્રવા સુદિ ૯ શનૌ. પ.સં.૩૩-૧૬, જશ. સં. (૪) સં.૧૭૨૬ ફા. સુદિ ૮ ગુરૂ જેસલમેર મધ્યે લિ. શાંતિકુશલ મુનિના પ.સં.૨૦-૧૬, અનંત ભં. નં.૨ (આ લખનાર શાંતિકુશલ તે ખ. પુણ્યહર્ષના શિષ્ય જણાય છે). (૪) ભાં.ઇ. સન ૧૮૯૫-૯૮, નં.૫૭૭. (૫) પ.સં.૧૫-૧૪, અધૂરી પ્રત, મ.જૈ.વિ. નં.૫૧૬. (૬) પ.સં.૨૧-૧૭, ખેડા ભં.૩. (૭) લ.સં.૧૮૪૮, શ્લોક ૭૨૧, પ.સં.૩૭, લીં.ભં. દા.૪૦ નં.૩૪. (૮) સં.૧૬૬૦ ઉચ્ચનગરે પં. તેજપાલ લિ. પ.સં.૧૫, જિ.ચા. પો.૮૦ નં.૨૦૨૬. (૯) પ્રત ૧૭મી સદીની, પ.સં.૧૯, અભીર. પો.૯. (૧૦) સં.૧૭૨૭ ચૈ.વ.૫ હીરસાગર લિ. પ.સં.૧૫, જિ.ચા. પો.૮૨ નં.૨૦૮૫. (૧૧) સં.૧૭૪૪, પ.સં.૧૧, જય. પો.૬૮. (૧૨) સં.૧૭૬૯ આ.શુ.૧૩, પ.સં.૧૫, જિનહર્ષકૃત ૧૦૨ સવૈયા સહિત, ભુવન. પો.૭. (૧૩) પ.સં.૨૫, અભીર. પો.૧૨ નં.૧૧૦. (૧૪) સં.૧૭૮૫ ચૈ.શુ.૩ ઉ. રંગવિમલ શિ. લબ્ધિમૂર્તિ શિ. શિવરાજ લિ. પ.સં.૨૨, જય. પો.૬૯. (૧૫) સં.૧૭૩૩ કા.શુ.૯ શનૌ શીરોહી નગરે મહો. લાવણ્યવિજય – ઉ. લક્ષ્મીવિજય – પં. તિલકવિજયગણિ પઠનાર્થે તપાગચ્છે. પ્ર.કા.ભં. વડો. (૧૬) સં.૧૭૭૧ ભા.કૃ. ૧૧ ગુરૂ ધમડકા મધ્યે પં.પ્રેમવિજયગણિ શિ. રંગવિજયેન આત્માર્થં લિ. મુ.વિ. છાણી. (૧૭) પ.સં.૧૭, હા.ભં. દા.૮૨. (૧૮) સં.૧૬૭૬ વર્ષે વૈશાષ માસે શુક્લ પક્ષે ૧૫ દિવસે ગુણરત્નેન લિખિતમિદં. જેસ.ભં. (૧૯) ચં.ભં. (૨૦) માણેક ભં. (૨૧) પ.સં.૨૪, પ્રે.ર.સં. (૨૨) પ.સં.૨૨-૧૯, માં.ભં. [આલિસ્ટઑઇ ભા.૨, ડિકેટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૫, ૫૬૫).]

[પ્રકાશિત : ૧. આનંદ કાવ્યમહોદધિ મૌ.૭.]

(૧૦૦૧) જિનરક્ષિત જિનપાલિત સંધિ ગા.૮૯ ર.સં.૧૬૨૧ આ.સુ.૫

આદિ – ચરમ જિણેસર ચરણ નમેવિ, સહગુરૂવયણરયણ સમરેવિ,
નિરમલ શીલ તણુઇ અધિકારઇ, પભણિસુ આગમનઇ અણુસારઈ.૧
અંગ છટ્ઠઇ **જ્ઞાતા** ઇણિ નામઇ, પૂછયઉ જણ પરિ **ગોયમ** સામઇ,
ભાખ્યઉ **વર્દ્ધમાન** ભગવંતઇ, નવમઇ અધ્યયનેઇ વિરતંતઇ. ૨
ખરતરગચ્છિ સહગુરૂરાય, શ્રી **જિનચંદ્રસૂરિ** તણુઇ સુપસાય,

સોલહ સઈ ઈકવીસઇ વરસિ, શ્રાવણ સુદિ પાંચમિ શુભ દિવસિ. ૮૭
સંધિ રચ્યઉ નિજમતિ અનુસારિ, જિમ ગુરૂમુખિ સંભલ્યઉ વિચાર,
અધિકઈ ઓછઉ ભાખ્યઉ જેહ, મિચ્છાદુક્કડ હુઇજ્યો તેહ. ૮૮
પાસનાહ સ્વામી સુપસાય, ગુરૂશ્રી **અભયધરમ** ઉવઝાય,
તાસ સીસ મનિ **હરખઇ** ઘણુઈ, વાચક **કુશલલાભ** ઈમ ભણુઈ. ૮૯

(૧) પં. કુસલધીર ચેલા જગા લિ. તત્કાલીન, પ.સં.૫, વીકા. (૨) ગા.૯૧, પાઠાંતરવાળી, પ.સં.૫, વીકા. (૩–૪) પ.સં. અને પ.સં.૫ મહિમા. પો.૮૭.

(૧૦૦૨) તેજસાર રાસ [અથવા **ચોપાઈ**] ર.સં.૧૬૨૪ વીરમપુરમાં

આદિ – દૂહા.

શ્રી **સિદ્ધારથ** કુલતિલુ ચરમ જિણેશર **વીર**
પાજુગિ પ્રણમી તસ તણા સોવિન્નવન્નસિરીર. ૧
જિનવરૂ શ્રીમુષિં ઊપદિસઉં ભવિકલોકસુષ કાજિ
જિનપ્રતિમા જિન સારષી ભાષિ શ્રી જિનરાજિ ૨
પ્રતિમા જિનની જિન પરિં આરાહિ એકંતિ
અહિભવિ પરભવિ સુષ લહઈ ઈમ ભાષઈ અરિહંત. ૩
જિણહર જિનવર આગલિઈં પૂરઈ જિકો પઈવ
તેજસાર નૃપ તણી પરિં સુષ ભોગઈ સદૈવ. ૪
ચ્યાર રાજ તિણિઈ પામીયા પૂજા તણુઈ પ્રંમાણિ
સર્વારથ સિધિ અછઇ લાહસિ શિવનિર્વાણ. ૫

અંત – શ્રી **ષરતરગચ્છિ** સહિગુરૂરાય, ગુરૂ શ્રી **અભયધર્મ** ઉવઝાય
સોલહ સઇ **ચઉવીસિ** સાર, શ્રી **વીરમપુર** નયર મઝાર. **૧૫**
અધિકારઈ જિનપૂજા તણુઇ, વાચક **કુશલલાભ** ઈમ ભણુઇ,
જે વાંચઈ નઈ જે સાંભલઇ, તેહના સહૂ મનોરથ ફલઇ. ૧૬

(૧) સં.૧૭૮૯ ફા.શુ.૧૫ દિને લખ્યો છઈઃ પં. કમલસાગર શિ. **ખિમાસાગર** શિ. ખુસાલસાગર ભાઇ **ધનસાગરેણ** લ. **હણાદપુર** મધ્યે લખ્યો છઇ. **પાર્શ્વનાથ** પ્રસાદાત્. પ.સં.૨૩–૧૪, જૈ.એ.ઇ. (૨) **સાંતલપર** મધ્યે લ. પ.સં.૨૦–૧૨, રત્ન ભં. દા.૪૩ નં.૪૫. (૩) સુંદર અક્ષરવાળી પ્રત, પ.સં.૧૬, કૃપા. પો.૪૫ નં.૭૮૮. (૪) સં.૧૮૫૭ ફા.વ.૧૧ **ગંગપ્રમોદ** લિ. કુચોર મધ્યે. પ.સં.૨૧, જિ.ચા. પો.૮૧ નં.૨૦૩૯. (૫) સં.૧૭૬૭ જ્યે. શુ.૧૧ **મલધારગચ્છે** ભ. **માનદેવસૂરિ** પટ્ટે ભ. **ભાવદેવસૂરિ** પટ્ટે ભ. **હીરા**-

ણુંદસૂરિ લિ. પ.સં.૫, અભય. પો.૨૨ નં.૨૧૪૬. (૬) ભ. **વિજયપ્રભ-સૂરિ** – પં. હર્ષવિજય – પં. લક્ષ્મીવિજય – પં. રામવિજય - મુનિ હંસ-વિજય લિ. (કચ્છ દેશે) નંગી ગામે સં.૧૭૮૬ ભા.સુ.૧. વિ.વી. રાધનપુર. (૭) ઇતિ તેજસાર દીપપૂજા વિષયે રાસ સમાપ્ત. સં.૧૬૪૪ વર્ષે પોસ સુ. ૧૪ રાજપુર નગરે. તપાગચ્છાધિરાજ શ્રીશ્રી. પરમગુરૂ ભટ્ટારક શ્રી હેમવિમલસૂરિ, તત્ શિષ્ય મુખ્ય પંડિત શ્રી સુમતિમંડણ ગણિ. તત્ શિષ્ય (ચેલા) સહજવિમલેન લિખિતો અયં રાસ. પ.સં.૧૩–૧૫, ગુ.વિ.ભં. (૮) સંવત ષાડેશ નવનવતિ સંવત્સરે માર્ગશીર્ષ માસે કૃષ્ણપક્ષે ચતુર્થી દિવસે તિથૌ બુધવાસરે વિધિપક્ષગચ્છેશ ભટ્ટારક મુગટામણિઃ શ્રીશ્રી ૫ ગજ-સાગર સૂરીંદ્ર તત્ શિષ્ય પંડિતપ્રવર શ્રીશ્રી ૪ લલિતસાગર તત્સિષ્ય ઋષિ મતિસાગર દ્વિતીય ભ્રાતૃ ઋષિ જયસાગર પાર્શ્વે સતિ શ્રી તેજસાર નૃપરાસો લિષિતોડસ્તિ. ઈડર બાઈઓનો ભં. (૯) સંવત ૧૭૪૨ વર્ષે શ્રાવણ વદિ ૧૨ દિને આદિત્યવારે. સકલગણિગજેંદ્રગણિ શ્રી શ્રી ૧૦૮ સૌભાગ્યવિજય ગણિ તત્શિષ્ય પ્રેમવિજય લિ. કંઠારીયા મધ્યે. પ.સં.૧૬–૧૫, પાલણપુર ભં. (૧૦) ડે. ભં. (૧૧) ધી.પા. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (૨૪૫, ૬૨૫).]

(૧૦૦૩) અગડદત્ત ચોપાઈ અથવા **રાસ** ૨૧૮ કડી ૨.સં.૧૬૨૫ કારતક શુદ ૧૫ ગુરુ વીરમપુરમાં

આદિ – **પાસ** જિણેસર પાય નમી, **સરસતિ** મનિ સમરેવિ,
શ્રી **અભયધર્મ** ઉવઝાય ગુરૂ, પયપંકજ પ્રણમેવિ. ૧
વીતરાગ શ્રીમુખેં ભણૈ, ધર્મહ ચ્યારિ પ્રકાર,
દાન શીલ તપ ભાવના, વિવિધ ભેદ વિસ્તાર. ૨
દાન સુજસ સંપતિ દીએ, સીલે સવિ સુખ હોય,
ઉગ્ર તપેં ત્રુટે અશુભ, સહિત ભાવ જુ સોય. ૩

વસ્તુ

દાન ઉત્તમ ૨ ભણૈ ભગવંત,
સહિગુરૂસંગમિ સંપજે, પણ ન હોઇ સંપત્તિ પાખેં;
શીલ સુનિમ્મર્લ સેવસે રિદય સુધર્મ ન સબલ રાખે,
ચંચલ અતિ ચરિત્ત પેખે કાર પરિહાર,
અગડદત્ત મુનિવર તણુ, ચરિત લીઇ અધિકાર. ૪

ગાહા

કુંડિલં મહિલાલલીયં પરિકલિયં વિમલબુધિણો ધીરા,
ધન્ના વિરત્તચીત્તા હવંતિ જહ **અગડદત્તાઈ.** ૫

અંત – તિહ હુંતી ચવિઉ ઉત્તમ ઠાંમિ, ઉત્તમ કુલે સંયમ અભિરાંમ,
ઘણા જીવ પ્રતિબોધિ કરી, અનુક્રમિ પાંમિસિ સિવપુરી. ૨૧૬
સંવત બાણ પક્ષ સિંણગાર, કાતી શુદિ પૂનિમ ગુરુવાર,
શ્રી **વીરમપુરિ** નયર મઝારિ, કરી ચૌપઈ મતિ અનુસારિ. ૨૧૭
શ્રી **જિનચંદ્ર**સૂરિ ગુરુરાય, ગુરુશ્રી **અભયધર્મ** ઉવઝાય,
વાચક **કુશલલાભ** ઈમ ભણે, સુખસંપતિ થાઓ અમ્હ તણે. ૨૧૮

(૧) ગ્રં.૩૧૦, પ.સં.૧૧ તેમાં પહેલાં ૭ પાનાં, રત્ન.ભં. દા.૪૩ નં.૩૫ (છેલ્લાં ચાર પાનાંમાં ભદ્રસેનકૃત ચંદનમલયાગીરીનો રાસ છે). (૨) સં.૧૬૫૩ [ભં. ?] [ડિકૅટલૉગભાઈ વૉ.૧૯ ભા.૨.]

(૧૦૦૪) + સ્તંભન પાર્શ્વનાથ સ્ત. ખંભાતમાં

આદિ – પ્રભુ પ્રણમું રે **પાસ** જિણેસર થંભણો.
ગુણ ગાવા રે મુઝ મન ઉલટ અતિ ઘણો.
ગ્નાંની વિણુ રે એહની આદ ન કો લહે.
તોહિં પણિ રે ગીતારથ ગૂરૂ ઈમ કહે

અંત – ઈમ સ્તવ્યો સ્થંભણ **પાસ** સ્વાંમી નયર શ્રી **ષંભાયતે**,
જમ સહીગુરૂ શ્રીમુખ સુણિઅ વાંણિ સાસ્ત્ર આગલ સંમતે,
એ આદમૂરતિ સકલસુરતિ સેવતાં સુખ પાંમીએ,
મનભાવ આંણિ લાભ જાંણિ, **કુસલલાભ** પજંપયે.

(૧-૨) પ.સં.૪ અને ૩ની બે પ્રત, ગો.ના. (૩) સં.૧૬૩૮ ચૈ.સુ. ૧૧ ભોમે **ખંભાયત** મધ્યે **ખરતરગચ્છે** વા. કુશલલાભ ગણિ લિ. પ.સં. ૨, અભય. નં.૪૧૫. (૪) પ.સં.૫-૯, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૬૦).]

(૧૦૦૫) ગોડી પાર્શ્વનાથ સ્ત. [અથવા છંદ] ૨૩ કડી

આદિ – **સરસતિ** સામની આપ સુરાણી, વચનવિલાસ વિમલ બ્રહ્માણી,
સકલ જોતિ સંસાર સમાણી, પાદ પરણમું જોડિ યુગપાણિ. ૧

અંત – કલસ.

તેણિ ધરા જસ તુઝ ઉદધિ તિહાં દિપ અસંખિત,
વ્યોમ ધરણિ પાયાલ આણ સુર વહે અખંડિત,
અસુર ઇંદ્ર નર અમર વિવિધ વ્યંતર વિદ્યાધર,
સેવે તુઝ પાય સય નામ જસુ જંપે નિરંતર,

જગનાથ **પાસ** જિનવર જયો મનકામિત ચિંતામણી,
કવિ **કુશલલાભ** સંપતિકરણ ધવલધીંગ ગોડીધણી. ૨૩

(૧) પ્ર.કા.ભં. (૨) વિ.ધ.ભં. (૩) પ.સં.૨–૧૪, હા.ભં. દા.૮૩ નં.૧૬. [આલિસ્ટઑઇ ભા.૨.]

(૧૦૦૬) + નવકાર છંદ [અથવા **સ્તોત્ર**] ૧૭ કડી

આદિ – વંછિત પુરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર,

અંત –

કલશ.

નિત્ય જપીઈ નવકાર સંસાર સંપતિ સુખદાયક;
સિદ્ધમંત્ર શાશ્વતો ઇમ જંપે શ્રી જગનાયક,
શ્રી અરિહંત સુસિદ્ધ શુદ્ધ આચાર્ય ભણિજે
શ્રી ઉવઝાય સુસાધુ પંચ પરમેષ્ટી થુણિજે;
નવકાર સાર સંસાર છે **કુશલલાભ** વાચક કહે,
એક ચિત્તે આરાધીઈ વિવિધ ઋદ્ધિ વંછિત લહે. ૧૭

(૧) ગુ.વિ.ભં. [મુપુગૂહસૂચી. હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૭).]

[પ્રકાશિત : ૧. જૈન કાવ્યપ્રકાશ ભા.૧ તથા અન્ય સજ્ઝાયસ્તવન-સંગ્રહોમાં.]

(૧૦૦૭) + શ્રીપૂજ્ય વાહણ ગીત (ઐ.) ગા.૬૭

આદિ – પહિલો પ્રણમું પ્રથમ જિણ, **આદિનાથ** અરિહંત,
નાભિ નરેશ્વર કુલતિલક, આપઇ સુખ અનંત. ૧

અંત – પરતા પૂરણ **પાસ** જિણેસર **થંભણુઉ** રે,
શ્રી ગુરૂના ગુણગાન હર્ષ ભવિયણ ભણુઉ રે.
કુશલલાભ કર જોડિ શ્રી ગુરૂપય નમઇ રે,
શ્રીપૂજ્ય વાહણ ગીત સુણતાં મન રમઈ રે. ૬૭

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૧૧૦થી ૧૧૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૧૧–૧૬, ભા.૩ પૃ.૬૮૨–૮૭ તથા ૧૫૦૪.]

૪૮૧. અજ્ઞાત

(૧૦૦૮) માલવી ઋષિની સઝાય [અથવા **ગીત**] (ઐ.) ઢાલબંધ
૨.સં.૧૬૧૬ ભા.૫ દેવાસમાં

આદિ – **ગોયમ** ગણહર જ્ઞાનવંત, મુનિવર ચઉદસહસ ઋષિ મૂલગુ એ,
તાસ તણા પયએ નમી ક્રોધ લોભ ઉપશમી એ કવિત્તિ **ઇંદ્રભૂતિ**
ઉલગૂ એ.

સામિણિ **સારદા** કુમતિ નિવારદા જઇનશાસનિ જેહુ સામિણી એ.
તેહને પાએ લાગી અનુમતિ જસ માગી ભારતી હંસલાગામિણી એ.

ત્રૂટક

હંસલાગામિણિ હૈઇ ધરીનઈ ગાઇસિઉં ઋષિરાય,
જાસ કેરઉં નામ લેતાં પાપ દૂરિ પલાઇ.
માલવી ઋષિ મહિમા વડુ રે જે હુઉ સઘલઇ દેસિ,
તાસ કરઉં ચરિત્ર પભણી માનવફલ હું લેસ.
એણઇ દૂસમ આરઈ સવે છલીયા પણિ એ રહિઉ દઢ ધીર,
પૂન્નિમગચ્છઇ પરગટ એહ બાવન વીર.
શિથલપણઉ સઘલઉં અ છંડી ક્રિયા જેણઇ આદરી
તેહનઉ સંબંધ ધુરિંથી ગાયસિઉં ઊલટ ધરી. ૨
માલવ દેશ માધ્ય **દેવાસ** ગામ નિધિ જેહની પરસિદ્ધિ જાણીઇ એ,
તેહનઉ દેસધણી ઋદ્ધિ છઇ જાંસ ઘણી **શિલ્લાદીન**રાય વખાણીઇ એ
જેહનઇ ભલરાજ માનીઇ સવિ કાજિ **જયવલ્લભ** ગુરૂ રાજીઉ એ,
ચૌદ વિદ્યા નિધિ ભોગવઇ રાજરિધિ ગુણનિધિ ગુરૂઅડિ ગાજીઉ એ.

અંત – સંવત રે **સોલ** વલી **સોલોત્તરઈ** રે ગાયુ ભાદ્રવ માસિ, પંચમી દિનઇ રે,
ભણતાં રે સુણતાં સુખ સવિ સંપજઇ રે
શ્રી સંઘનઇ જઇકર એકઇ મનિઇ રે.
એહવઉ ગિરૂઉ રે **માલવી** ઋષિવર રાજીઉ રે.

(૧) લ.સં.૧૬૨૬માં, ચોપડો, પ.ક્ર.૫૮થી ૬૯, દે.લા.પુ.લા. નં.૧૧૨૫. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૭૬-૭૭.]

૪૮૨. (બ્ર.) મેઘરાજ-મેઘમંડલ (દિગંબર બ્ર. શાંતિશિષ્ય)

(૧૦૦૯) શાન્તિનાથ ચરિત્ર લ.સં.૧૬૧૭ પહેલાં

આમાં જુદીજુદી દેશીઓ આપી છે તેને 'ભાસ' એ નામ આપ્યું છે. જોડણીમાં હાલ પ્રમાણે 'એ' ને 'ઓ' શબ્દના કાનામાત્ર સહિત મૂકેલ છે.

આદિ – વસ્તુ

વીર જિણવર **વીર** જિણવર પાય પ્રણમેવિ,
દુખમ કાલ ભવિજીવને દિવ્ય વાણિ પ્રતિબોધ દીધો.
આયુ કમ્મં સત્તરિ હુઈં વરસકાલ હૂઇ ગયો સિધો,

ગૌતમ ગણધર વલિ નમું, **સૌધર્મ** સ્વામિ સાર,
અંતિમ કેવલિ જગિ હૂવા, ચોહુ **જંબુકુવાર.** ૧

દૂહા.

સરસતિ સ્વામીણી વીનવું, **દીગંબર** ગુરૂરાય,
પરમ ગુર વલિ સમરિસું, **સાંત** બ્રહ્મ તણા પાય. ૧

ભાસ ૧ જસોધરની.

શાંત પુરાણ કથા કહું, મનિ હરષે ચંગ,
ભવિયણ જન તહ્મે સાંભલો, ભાવ ધરી મનિ રંગ. ૧
દુર્જન જન જો સાંભલિ, કરસે અતિ હાસ,
આવડસે અણઆવડયું, મન પુરસે આસ. ૨
તો દુર્જન એ બાપડા, સુજનકી વારૂ,
કવિત કરંતા તેહને, વલિ વલિય જુહાર. ૩
વલિ સુરૂતા જન વિનવું, કૃપા મઝ પરી આણો,
આલુભોલુ સાંભલિ, મઝ કવિત વખાણો, ૪
માહા પૂરાણ જોઇ કરી, કથા કિધિય રાસે,
જગ માહે ધરમ પ્રકાસીયો, સ્વામિ બ્રહ્મ **જીણદાસે.** ૫
તે અનુસાર લેઇ કરી, રાસ કરૂં હું વખાણી,
અનેક કથા રસ વરણવું, દેસી ભાષા પ્રમાણી. ૬
જંબુદીપ મઝાર સાર, **ભરતક્ષેત્ર** તે જાણો,
આર્યખંડ માહેં **મગધ દેસ, રાજગ્રહ** વખાણો. ૭
શ્રેણિક રાજા કરઇ રાજ, **ચેલણા** તસ નારિ,
સમકિત પાલે નીરમલો, કરે ધરમ ઉધાર. ૮

(શ્રેણિક રાજા મહાવીર પ્રભુ પાસે જઈ ઉપદેશ આપવા વિનતિ કરે છે, પ્રભુ શાંતિનાથની કથા સંભળાવે છે.)

અંત - દૂહા

ક્ષાયક સમકિત પામીયા, ઉપનો બુધિપ્રકાસ,
કર જોડી **મેઘો** કહે, તે મઝ દ્યો સહાસ. ૧
શાસ્ત્ર ન ભણીયાં મેં ઘણાં, નવિ જાણું તત્ત્વાર્થ,
છંદબંધ કવિતકલા નહીં, પીંગલ ભરઅર્થ. ૨
તર્કશાસ્ત્ર મેં નહીં ભણ્યાં, વ્યાકર્ણ નામાભીધાન,
વલી ન હોતું સર્વથા, અલંકારનોં જાણ. ૩

પુર્વાચારીજ હુવા શ્રી ગુરૂ, તેહકે વચન પ્રમાણ,
મેઘ મુનિ હરીષે કહે, કહીસું **સાંતપુરાણ**. ૩
કથાકોસ નહી સાંભલ્યો, નહી આગમનો જ્ઞાન,
અધ્યાતમ નહીં સાંભલ્યો, જોયો ન માહાપુરાણ. ૪
ભક્તિભાવ છે માહારો, કર્મક્ષયને કાજ,
ચરિત્ર શ્રી **સાંતિ** જિન તણો, કીધો કહે **મેઘરાજ**. ૫

(૧) ઇતિશ્રી **સાંતીનાથ** ચરિત્રે બ્ર. શ્રી **શાન્તિદાસ**ઉપદેશ કવિબુધ **મેઘમંડલ** વિરચિતે કથાસમુદ્ર ગ્રંથે પરિપૂર્ણા. સંવત્ ૧૬૧૭ વર્ષે માઘ સુદિ ૩ શનૌ લિખિતં. (બીજા અક્ષરમાં ઉમેરેલું) શ્રી **મૂલસંઘે સરસ્વતી-ગચ્છે બલાત્કારગણે** ભટ્ટારક શ્રી **વિજયકીર્ત્તિ** તત્પટ્ટે ભ. શ્રી સુભચંદ્રદેવ તત્ ગૂરૂભ્રાતા આર્યશ્રી શ્રી **શ્રીભૂષણ** તત્ સિષ્ય **બ્રહ્મજનાથ** પઠનાર્થં **હુંબડ** ન્યાતીય **બુદ્ધ** ગોત્રે **દૂદૂ વના** ભાર્યા **ધની** સુત **દૂદૂ સંતોષ** ભાર્યા **સોભાગદે** સુત **કડૂયા** ભાર્યા **કિરમાદે** સુત **કચરા** એતૈ જ્ઞાનાવરણી કર્મ-ક્ષયાર્થં શ્રી **શાંતિપુરાણં** લિખાપિ દત્તં. આશરે ૩૫૦૦ શ્લોક પ્રમાણ, પ.સં.૧૩૯-૧૨, ગુ. નં.૫૫-૨૫ (હવે નં.૨૧૬૪ બંડલ નં.૧૧૫૭).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૯૦-૯૨.]

૪૮૩. વિનયસાગર (ખ. જિનહર્ષસૂરિસંતાનીય માનકીર્તિ-દેવકલશ-સુમતિકલશશિ.)

(૧૦૧૦) સોમચંદ રાજાની ચોપાઈ ૩૨૧ કડી ર.સં.૧૬૧૭ **શ્રાવણ** શુદિ ૧૫ બુધ જૈનપુરમાં

અંત – **સંવત સોલહ સત્તરઇ** રે, સંવચ્છર સુવિચાર,
સાવણ માસ સુહાવનઉ રે, પૂનિમ તિથિ બુધવાર. ૧૫
નગર **જૈણપુર** જાણીય રે, નદી **ગોમતી** તીર,
સકલ સંઘકઇ આગ્રહઇ રે, રચી કથા સુગંભીર. ૧૬
શ્રી જિણમંદિર સોભતો રે, **અજિત** જિણેસર નામ. ૧૭
વડખરતરગચ્છ ભલઉ રે, શ્રી **જિનહર્ષ** સંતાન,
શ્રી**માનકીર્ત્તિ** પાઠક ભલા રે, વિદ્યારયણનિધાન. ૧૮
તાસ શિષ્ય સોહઈ ભલા રે, **દેવકલસ** મુનિરાય,
શ્રી **સુમતિકલસ** મુનિ જાણીયઇ રે, નરવર વંદઈ પાય. ૧૯
તાસ શિષ્ય મુનિ રંગ સુ રે, **વિનયસાગર** મુનિ નામ,
સોમચંદ ભૂપાલકી રે, કરી કથા અભિરામ. ૨૦

(૧) સાગર ભં. પાટણ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૬).]

(૧૦૧૧) ચિત્રસેન પદ્માવતી રાસ

(૧) ડે.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૧૮.]

૪૮૪. નન્નસૂરિ (કોરંટગચ્છે કક્કસૂરિશિ.)

(૧૦૧૨) ક્ષેત્રવિચાર તરંગિણી કડી ૧૨૪ ર.સં.૧૬૧૭

અંત – જે જિનવરની આન્યા હોઇ, હું મનિ સૂધી જાણું સોઈ
પોતાનઇ છાંદઇ જે લહિઉં, તે જૂઠઉં ગીતારથિ કહિઉ. ૧૨૨
શ્રી **કોરંટ**ગચ્છ દીપતુ, હેલાં મોહ મયણ જંપતુ,
શ્રી કક્કસૂરિગુરૂપય અણુસરી, એકચિત્તિ મઇં સેવા કરી. ૧૨૩
સંવત **સોલ સઈ સતરોતરઇં, નન્નસૂરિ** કવિયણ ઉચ્ચરઇ,
એહ વિચાર સયલ જાણિવઉ, સાચઉ હુઇ તે મનિ આણિવઉ. ૧૨૪

(૧) પ.સં.૫-૧૫, પ્રથમ પત્ર નથી, ડે.ભં. દા.૭૧ નં.૧૫૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૯-૯૦.]

૪૮૫. નયરંગ (ખ. જિનભદ્રસૂરિ શાખા, સમયધ્વજ–જ્ઞાનમંદિર -ગુણશેખરશિ.)

(૧૦૧૩) સત્તરભેદી પૂજા ર.સં.૧૬૧૮ વિજયાદશમી ખંભાત

(૧) પ.સં.૪, અભય. પો.૧૫ નં.૧૬૨૨.

(૧૦૧૪) ગૌતમપૃચ્છા દોહામાં ગા.૫૯ સં.૧૬૧(૭?)૩ વૈ.વ.૧૦ સિંધુદેશે શીતપુરે

આદિ – **વીર** જિણંદ તણા પય વંદિ, ત્રિકરણ શુદ્ધ કરી આણંદ,
ધર્મ અધર્મ તણો ફલ જાંણિ, શ્રી **ગૌતમ** પૂછે સુપ્રમાણ. ૧
કિણ કરમે જીવ નરકેં જાય?, તેહિ જ જીવ અમર કીમ થાય?
તિરિય તણી ગતિ કિણ પરિ લહે?, માંણુસપણો કિમ સંગ્રહે? ૨

અંત – **ગૌતમપૃચ્છા** એહવી, પ્રશ્નોત્તર અડયાલ,
ભવિયણ ભાવેં સાંભલો, શ્રવણ સુધા સુવિશાલ. ૫૮
ભણે ગુણે જે ભાવ ધરિ, તિહાં ધરિ રંગ અભંગ,
મનવંછિત સુહિલા ફલૈ, ઇમ પભણે **નયરંગ**. ૫૯

(૧) પ.સં.૨, જેસલ.ભ.ભં. નં.૨૨૭. (૨) પ.સં.૩, ગા.૪૫, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૨૦૬. (૩) પ ક્ર. ૩૩૨થી ૩૩૬, ચોપડો, મુક્તિ. નં.૨૪૭૨.

(૧૦૧૫) ગૌતમસ્વામી છંદ ગા.૧૦૮

અંત – ઇલા લોક આણંદ સામિ **વીર** સુપસાયઇ,

ગરૂયા ગણધર નામિ જરામરણભય જાયઇ.

પુહવી માત પ્રસિદ્ધ જનક **વસુભૂતિ** જુગત્તઇ,

ગૌતમ ગોત્ર ગોયાલ મેરૂ અવિચલ મહિ મત્તઇ.

તપસીયા તિલક લીલા લબધિ જલધિ ઇમ **નયરંગ** જપઇ,

શ્રી **ઇંદ્રભૂતિ** સંઘહ સહિત પુન્ન પડૂરઇ પ્રત્તપઇ.

(૧) વિવેકવિજય ભં. ઉદયપુર. (૨) પ.સં.૪, પ્રત ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૦૯૪.

(૧૦૧૬) કેશી પ્રદેશી સંધિ ગા.૭૧

(૧) પ.સં.૬, પ્રત ૧૭મી સદીની, રામ. પો. ૮.

(૧૦૧૭) ૨૪ જિનસ્તુતિ ગા.૩૩

આદિ – નાભિરાયા કુલચંદ **મરુદેવી** કેરો નંદ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૯૮–૯૯. 'ગૌતમપૃચ્છા'ની રચનામિતિ તથા રચનાસ્થળનો નિર્દેશ ઉદ્ધૃત ભાગમાં નથી.]

૪૮૬. નયસુંદર (વડતપગચ્છ ધનરત્નસૂરિ–ભાનુમેરુશિ.)

આ કવિવરનું ચરિત્ર મેં સવિસ્તર લખ્યું છે તે માટે જુઓ 'આનંદ કાવ્ય મહોદધિ' મૌક્તિક ૬ઠું, કે જેની અંદર આ કવિના જ રાસાઓ 'રૂપચંદકુંવર રાસ', 'નળદમયંતી રાસ' અને 'શત્રુંજય ઉદ્ધાર રાસ' પ્રકટ થયા છે. પ્રસ્તાવનામાં કવિચરિત્ર ઉપરાંત મેં આ 'રૂપચંદ-કુમાર રાસ'નો સાર પણ આપ્યો છે.

(૧૦૧૮) યશોધર નૃપ ચો. ર.સં.૧૬૧૮ [૭૧? ૭૮?] પોષ વ. ૧ ગુરુ

આદિ – ૐ નમઃ શ્રી જૈનભારત્યૈ (શ્લોક)

સુવિશદમનો યસ્ય વ્યાપ્તં શમામૃતસિંધુના

નયનયુગલં યસ્યાપ્યાસીત્ કૃપાપયસાવિલમ્,

હરિરપિ ગુણાન્ યસ્ય પ્રોક્તું ન યાતિ સમર્થતાં

સ મમ હૃદયે વીરસ્વામી સ્થિરી ભવતાચ્ચિરમ્. ૧

દૂહા

પૂરણવિધુવર કૌમુદી, તેહથી ગુણે અનંત,

અતિ નિર્મલ જિનભારતી, કુણ લહઇ તસ વૃત્તાંત. ૨

સા જિનવદન **સરસ્વતી,** સદી સદા સુપ્રસન્ન,

મુઝ માનસસરિ ઝીલવા, કરૂ કૃપા અનુદિન્ન. ૩
ચરમ જિણંદઇ ચરમ રસ, અગ્રિમ લહી ગુણરાશિ,
જમ ક્ષણ ભિન્ન રહઇ નહીં, તિમ થાપ્યુ નિજ પાશિ. ૪
વીર જિનેશ્વર વીનતી, અવધારૂ મુઝ દેવ,
સો રસનુ એકલ વદીઉ. જમ સારૂં તુહ્મ સેવ. ૫

અંત – **વડતપ**ગચ્છ શૃંગાર, શ્રી **ધનરત્ન** અણગાર,
તસ પટ્ટાચલ ભાંણ, શ્રી **અમરરત્ન**સૂરી જાંણ. ૬૫
ગુરૂ **તેજરત્ન** પ્રધાંન, મહિમા મેરૂ સમાંન,
શ્રી **દેવરત્ન**સૂરિ વાણી, સુધા સમાંણી એ જાંણી. ૬૬
દેવસુંદરસૂરિ દિનકર, **વિજયસુંદર**સૂરિ પટ્ટધર,
શ્રી **ધનરત્ન**સૂરિ સંતતિ, વૃદ્ધિવતી સદા શુભમતિ; ૬૭
શ્રી **ભાનુમેરૂ**ગણિ સીહ, જેહની અમૃત જીહ,
તસ સીસ દુકર્મ પાચક, શ્રી **માણિકચરત્ન** વાચક. ૬૮
તસ લઘુ બંધવઇ એહ, રાસ રચ્યુ શમગેહ,
વસુધા વસુ મુનિ રસ એક, સંવત્સર સુવિવેક. ૬૯
પ્રતિપદ પૌષની અસિતા, કથા સંપૂરણ વિહિતા,
સુરગુરુ વાસર સાર, પુષ્ય નક્ષત્ર ઉદાર. ૭૦
નયસુંદર ઉવઝાય, નિત વંદઇ તસ પાય,
જે ગુરે સુમતિ પ્રકાશી, જસ મનિ જિનગુણે વાસી ૭૧

કલસ

ચઉવીસ જિનવર સદા સુખકર ચરણ તાસ આરાહઇ,
સંભલી ગુણ શ્રી સાધૂજીના એહ અરથિ ઊમાહિઈ,
ઉવઝાય **નયસુંદર** સુવાણી ભણુ ચિત્ત ચોખું કરી,
વલી ગુણ સદ્‌ગુણ સંભલુ, અઘ દહુ લહુ નિવૃત્તિ પુરી. ૭૨

(૧) યશોધર રાસ બંધેન કથા શમામૃત-ગંગા નામ્ની સમાપ્તા. ગ્રં. ૭૫૦, પ.સં. ૨૨–૧૩, ડે.ભં. દા.૭૧ નં.૬.

(૧૦૧૯) + રૂપચંદકુંવર રાસ ર.સં.૧૬૩૭ માગશર શુદિ ૫ રવિ વિજાપુરમાં

આદિ – શ્લોક.

અર્હંતસિદ્ધગણેંદ્રોપાધ્યાયસાધૂંશ્ચ શારદાં,
ગુરૂં પ્રણમ્ય સદ્રૂપચંદ્રરાસં તનોમ્યહં. ૧

શૃંગારહાસ્યકરુણાદ્દભૂતવીરભયાનકાઃ,
રૌદ્રબીભત્સશાંતાશ્ચેદ્દિમૈર્નવરસૈર્યુતં. ૨

વસ્તુ છંદ.

આદિ જિણવર આદિ જિણવર **અજિત** અરિહંત,
સંભવ અભિનંદન સુમતિ પદ્મપ્રભ સુપાસ સસિપહ (ચંદ્રપ્રભ),
સુવિધિ શીતળ શ્રેયાંસજિન વાસુપૂજ્ય જગગુરૂ **વિમલ**તહ,
અનંત ધરમ શાંતિ કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત સ્વામિ,
નમિ નેમિ પાસ વીર જિણ. વદું વાંછિત કામિ. ૧

પછી ૨૦ વિહરમાનજિન, પંચપરમેષ્ઠી, ગણધરો, ચક્રેશ્વરી આદિ દેવીઓનું, ચાર કડીમાં સ્મરણ કરી પછી સરસ્વતીની તથા સુગુરુની સ્તુતિ ૩૫ કડીમાં કરી નીચે પ્રમાણે જણાવે છે;

આગે કવિજન હુઆ અપાર, તે સર્વેને કરી જુહાર,
વિબુધ સંત જાણી ઉપકાર, કૂડું હોય ત્યાં કરજો સાર. ૩૬
કવિત કવિત કરી સહુકો કહે, કવિત ભાવ તો વિરાગ લહે,
સોઈ કવિત જેણે દુસ્મન દહે, પંડિતજન પરખી ગહગહે. ૩૭
શારદ માત વસિ મુજ અંગિ, કરશું કવિતા રૂડે રંગિ,
સુણતાં સરસ સુવેધક બોલ, હર્ષ તણા વધશે કલ્લોલ. ૩૮
ઇષ્ટદેવ પ્રણમી ગુરૂપાય, ગાઈશું **રૂપચંદ** ઋષિરાય,
શ્રવણસુધારસ રાસ પવિત્ર, સાંભળજો **રૂપચંદ** ચરિત્ર. ૩૯
શ્રોતા કવિ વાણિ મત ધરો, રખે કોઈ વિચ વિકથા કરો,
અપ્રતિબદ્ધ સભા માંહિ જોય, કવિચતુરાઈ નિષ્ફળ હોય. ૪૦
જિમ નારી સોળે શૃંગાર આગળ વિફળ અંધ ભર્ત્તાર,
તે ભણી તુમે ચતુર છો સહુ, જાણુ પ્રતેં શું કહિયે બહુ. ૪૧
નિદ્રા વિકથા છાંડિ દૂર, ઈકચિત્તેં સહુ આણંદપૂર,
રૂપચંદ સુકથાકલ્લોલ, સાંભળજો સહુ કરી નિરોલ. ૪૨

અંત – ઈમ જે **રૂપચંદ** મુનિ પરે, ભોગાદિક વિલસી પરિહરે,
સાધે સોઇ કાજ આપણું, ઈહ ભવે પરભવેં સુખ લહે ઘણું. ૧
રૂપચંદનો ઈણી પરે રાસ, રચ્યો અંગે આણી ઉલ્લાસ,
કવણ શિષ્ય તે કવિતા હોય, કુણ સંવત્સર કીધો સોય. ૨
શ્રી જિનવર શાસન સુવિવેક, હુવા અભિનવ ગચ્છ અનેક,

ચંદ્રગચ્છ મૂળગો ઉદાર, સકળ ગચ્છમાં સોહે સાર. ૩
તે શ્રી **ચંદ્ર**ગચ્છ શિણુગાર, શ્રી **ધનેશ્વર**સૂરિ ઉદાર,
ચિત્રપુરિ દેશન વિખ્યાત, પ્રતિબોધ્યા દિગપટ સયસાત. ૪
થાપ્યો **ચૈત્ર**ગચ્છ ઇતિ નામ, તિહાં ગુરૂ **ભુવનચંદ્ર** અભિરામ,
સૂરીશ્વર ગિરૂવા ગચ્છપતિ, તાસ શિષ્ય મહા મુનિવર યતિ. ૫
દેવભદ્ર ગુરૂ ગણિ-અવતંસ, **વીર**વચનમાનસસર-હંસ,
સંવત **બાર પંચાસીએ** ચંગ, શુદ્ધ ક્રિયા તપ કર્યો અભંગ. ૬
શ્રી ગુરૂ **દેવભદ્ર**ગણિરાય, જાવજીવ આંબિલ નિર્માય,
વિદ્યાપુરિ તપ કરી એકમના, **તપાગચ્છ** કીધી થાપના. ૭
તાસ શિષ્ય શ્રી ગચ્છાધીશ, પૂજ્ય **વિજયચંદ્ર** સૂરીશ,
જેહથી **વૃદ્ધ તપાગચ્છ** નામ, પ્રગટ્યો પુણ્ય પ્રબળ અભિરામ. ૮
તાસ પાટેં ગિરૂઆ ગચ્છપતિ, શ્રી **ક્ષેમકીર્ત્તિ** સૂરીશ્વર યતિ,
બૃહત્કલ્પ ટીકા અસમાન, કીધી સહસ બેતાલીસ માન. ૯
પરવાદીગજભેદનસિંહ, ગચ્છનાયક ગુરૂ અકળ અબીહ,
તસ અનુક્રમે **રત્નાકર**સૂરિ, જસ નામે હોય પાતિક દૂરિ. ૧૦
રત્નાકર ગચ્છ એહનું નામ, એ ગુરૂથી પ્રગટ્યો ઉદ્દામ,
તસ અનુક્રમેં **જયતિલક** સુરીંદ, તસ પરતખ હુઓ ધરણિંદ. ૧૧
તાસ પટેં જિમ ગોતમ સ્વામિ, શ્રી **રત્નસિંહ**સૂરિ સુખધામ,
જિણે નિજ વચને વડો પાતશાહ, પય પ્રણુમાવ્યો **અહમદશાહ**.૧૨
તાસ પાટેં ઉદયાચળ ભાણુ, શ્રી **ઉદયવલ્લભ** સૂરીશ્વર જાણુ,
તસ પટ્ટાલંકરણુ મુણિંદ, **જ્ઞાનસાગર**સૂરિ જ્ઞાનદિણુંદ. ૧૩
પટ્ટ પ્રભાવિક આણુંદ પૂરે, વંદું શ્રી **ઉદયસાગર**સૂરિ,
તાસ પાટદીપક દિનરાજ, ગુરૂશ્રી **લબ્ધિસાગર** ગુરૂરાજ. ૧૪
તાસ પાટોદ્યોતક દિનકાર, ગચ્છપતિ ગૌતમ અવતાર,
શ્રી **ધનરત્ન**સૂરિ ગણુધાર, જસ નામે નિતનિત જયકાર. ૧૫
તાસ શિષ્ય તસ પાટપ્રધાન, **અમરરત્ન**સૂરિ સુગુણુનિધાન,
સતીર્થ શ્રી **તેજરત્ન** સૂરીશ, સકળસુરિ વંદું નિશિદીસ. ૧૬
ગચ્છપતિ શ્રી **અમરરત્ન** સૂરીંદ, તાસ પાટે ગુરૂ **તેજ**મુણિંદ,
દેવરત્ન સૂરીશ્વરરાય, વિજયમાન વંદું નિત પાય. ૧૭
શ્રી **ધનરત્ન** સૂરીશ્વર શિષ્ય, અંગે ગુણુ સોહે નિશિદિશ,
વિજયવંત વંછિત સુખકાર, શાસન સોહ ચડાવણુહાર. ૧૮

મુખ્ય વિખ્યાત સદ્ગુરૂ તણા, **માણિકચરત્ન** વિબુધ ગુણ ઘણા,
ગુરૂશ્રી **ભાનુમેરૂ** બુધરાય, તસ પદપંકજ મધુકર પ્રાય. ૧૯
લઘુ વિનયી **નયસુંદર** વાણિ, છટ્ઠો ખંડ ચડ્યો પરિમાણિ,
મુનિ શંકરલોચન રસમાન, ભેળે ઈંદુ (૧૬૩૭) જો સાવધાન. ૨૦
એ સંવત્સર સંખ્યા કહી, માર્ગશીર્ષ મસવાડો સહી. ૨૧
શુદિ પંચમી નિર્મળ રવિવાર, નક્ષત્ર ઉત્તરાષાઢ ઉદાર.
વિજયમુહૂર્ત વૃદ્ધિયોગ કહ્યો, તવ આ રાસ સંપૂરણ થયો. ૨૨
વીજાપુર વર નયર મઝાર, રચ્યો રાસ **શારદ** આધાર,
હૂં મૂરખ માનવી અજાણ, જે બોલ્યો તે માત્ર પ્રમાણ. ૨૩
જે જગ વિબુધ સંત કવિપતિ, કર જોડી તસ કહું વીનતિ,
અસદ્‌વચન જે જાણો અહીં, તે તમે સૂધો કરજો સહી. ૨૪
કેતો ચરિત્ર માંહેલો ચરી, કેતો કહ્યો સ્વબુધ્ધેં કરી,
કેતી વાત સુણી તે કહી, અધિકું ઓછું ખામું સહી. ૨૫
વીતરાગના વચન વિરૂદ્ધ, જે મેં કાંઈ કહ્યું અશુદ્ધ,
જિનવર સંઘ સાખેં જાણજો, તે મુજ મિથ્યા દુષ્કૃત હજો. ૨૬
પ્રથમ (શૃંગાર) રસ થાપિયો, છેડો શાંતરસે વ્યાપિયો,
બોલ્યા ચાર પદારથ કામ, **શ્રવણસુધારસ** રાસ સુનામ. ૨૭
એ ભણતાં ગણતાં સુખસિદ્ધિ, એ સુણતાં વાધે વરબુદ્ધિ,
એ સુણતાં જાએ મતિ મંદ, એ સુણતાં ઉપજે આણંદ. ૨૮
એ સુણતાં સવિ આરતિ ટળે, એ સુણતાં મનવંછિત મળે,
આવે હર્ષ તણા કલ્લોલ, એ સુણતાં મંગળ રંગરોળ. ૨૯
એકમના આણી ઉલ્હાસ, **નયસુંદર** જાણી એ રાસ,
જે નરનારી ભણે સાંભળે, તે ઘર નિશ્ચે અફળાં ફળે. ૩૦

(૧) પ.સં.૧૨૪-૯, મો.સુરત પો.૧૨૨. (૨) પ.સં.૭૨-૧૫, રત્ન ભં. દા.૪૧ નં.૯. (૩) પ.સં.૪૯-૧૯, દે.લા.પુ.લા. નં.૧૧૩૩/૪૭૨. [હેજૈજ્ઞા. સૂચિ ભા.૧ (પૃ.૪૩૪).]

પ્રકાશિત: ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૬.

(૧૦૨૦) શત્રુંજય (સિદ્ધાચલ) [અથવા વિમલગિરિ] ઉદ્ધાર રાસ

ર.સં.૧૬૩૮ આસો શુદિ ૧૩ મંગળ અમદાવાદમાં

આદિ – વસ્તુ છંદ.

વિમલગિરિવર વિમલગિરિવર, મંડણો જિનરાય,
શ્રી **રિસહેસર** પાય નમિ, ધરિય ધ્યાન **શારદા** દેવિય;
શ્રી **સિદ્ધાચલ** ગાયશું એ, હીયે ભાવ નિર્મલ ધરેવિય,
શ્રી **શત્રુંજ**ગિરિ તીરથ વડો, સિદ્ધ અનંતી કોડી,
જિહાં મુનિવર મુકતે ગયા, તે વંદૂં બે કર જોડી. ૧

અંત – **સોલ અડત્રીશે** આશો માસે, શુદિ તેરસ કુજવાર,
અહમ્મદાવાદ નયર માંહે, મેં ગાયો રે શત્રુંજય ઉદ્ધાર કે.
ભેટચો. ૧૨૧

વડતપગચ્છ ગુરૂ ગચ્છપતિ, શ્રી **ધનરત્ન** સુરિંદ,
તસ શિષ્ય તસ પટ જયકરૂ, ગુરૂ ગચ્છપતિ રે **અમરરત્ન** સુરિંદ કે.
ભેટચો. ૧૨૨

વિજયમાન તસ પટધરૂ રે, શ્રી **દેવરત્ન** સુરીશ,
શ્રી **ધનરત્ન** સુરીશ તણા રે, શિષ્ય પંડિત રે **ભાનુમેરૂ** ગણીશ કે.
ભેટચો. ૧૨૩

તસ પદકમલ ભ્રમર ભણે, **નયસુંદર** (દે) આશીષ,
ત્રિભુવનનાયક સેવતાં, હવે પુગી રે શ્રી સંઘ જગીશ કે. ભેટચો.
૧૨૪

કલશ.

ઇમ ત્રીજગનાયક મુગતિદાયક, **વિમલગીરી**મંડણ ધણી,
ઉધાર **શેત્રુંજે** સાર ગાયો, સુણો જિન મુગતી ધણી,
ભાનુમેરૂ પંડીત સીસ, દોઇ કર જોડી કહે,
નયસુંદર પ્રભુપાયસેવા, દેહી દરીશણ જયકરૂં. ૧૨૫

(૧) **ખરતરગચ્છે** શ્રી **જિનચંદ્રસૂરિ** વિજયરાજ્યે શ્રી **ગુણલાભ** મહોપાધ્યાયાનાં શિષ્યમુખ્ય શ્રી **સૂર્યવિજયોપાધ્યાય** શિષ્યેણ **યશઃસુંદરેણ** લિ. શ્રાવિકા પુણ્યપ્રભાવિકા **નાંની** પઠનાર્થં. પ.સં.૬–૧૩, વિજાપુર જૈ. જ્ઞા. મં. નં.૭૬૧. (૨) પં. **ન્યાન**વિજયગણિ શિ. **મોતિવિજે** લપીકૃતં શ્રી **પાટણ** નગરે **પંચાસરા** પ્રસાદાત્ સં.૧૮૫૧ ભા.વ.૨ બાઈ રતન વાંચનાર્થે. પ.સં.૭, જશ. સં. (૩) સં.૧૮૬૦ દ્વિતીય ચૈ.વ.૧૧ રવૌ શ્રી **પાલીતાણા** નગરે લિ. મુનિ **આણંદશેખરેણ** પરોપગારાય સાધ્વી **પ્રેમસિરી** તચ્છિષ્યણી **અજબસિરી** પઠનાર્થં. પ.સં.૫–૧૪, જૈ.એ.ઇ. નં.૧૦૩૯. (૪) સં.૧૮૮૬ આષાઢ સુ. ૯ ભોમ લ. મુ. **બુધિવિમલ** **ખેટકપૂરે** શ્રીમદ્

ભીડભંજન પાર્શ્વનાથ પ્રાસાદે. પ.સં.૯-૧૧, ખેડા નં.૨ દા.૧ નં.૧૨૧. (૫) પં. શ્રી વિજયગણિ શિ. અમૃતવિજયેન લિ. શ્રા. રામબાઈ પઠનાર્થં. જૂની પ્રત, પ.સં.૯-૬, મો.સેં.લા. (૬) ગ્રં.૧૧૮, લ.સં.૧૬૯૪, પ.સં.૮, લીં.ભં. દા.૨૯ નં.૪૦. (૭) પ.સં.૧૧, લીં.ભં. દા.૨૩. (૮) પ.સં.૧૧-૯, મ.જૈ. વિ. નં.૪૯૩. (૯) પ.સં.૧૫-૧૫, વ.રા. (૧૦) લિ. લખમિચંદ સિધપુર નગરે સં.૧૮૫૫ વઇશાખ વદ ૮ મંગલવાસરે. પ.સં.૪-૧૭ [ભં. ?] [કૅટલૉગગુરા, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૩૩, ૧૪૩, ૧૫૪, ૨૪૨, ૨૬૧, ૨૬૨, ૨૬૯, ૨૭૨, ૨૮૨, ૩૯૪, ૫૦૮, ૫૬૪, ૫૯૯, ૬૨૪).]

પ્રકાશિત : ૧. પ્રકા. શા. ભીમશી માણુક. ૨. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૬. [૩. સં. મોતીલાલ કાપડિયા.]

(૧૦૨૧) પ્રભાવતી [**ઉદાયન**] **રાસ** [અથવા **આખ્યાન**] ૨.સં.૧૬૪૦ આસો શુદ ૫ બુધ વિદ્યાપુરી (વિજાપુર)માં

આદિ - પ્રથમ ઢાલ. વેલિનો-આસાઉરી દૂહા.

પ્રથમ નાથ દાતા પ્રથમ, જગગુરૂ પ્રથમ જુગાદિ,
પ્રથમ જિણંદ પ્રથમ નમું, જેણે કરી પુણ્યાદિ.

અંત - પટ્ સિત્તિરી **વિદ્યાપુરીવે**, મઈં રહીયા ચુંમાશિ,
શ્રી સંઘને આગ્રહે ઉલહી, જિન **વીર** વંદી ઉલાસી. ૩૨૫
સોલ ચ્યાલિશિ વરષિ હરષે આસો પંચમી ઉજલી,
બુધવાર અનુરાધા નક્ષત્રે પ્રીતિયોગે મનિરૂલી. ૨૬
લઘુવૃત્તિ **ઉત્તરાધ્યયનની** વર ચૌદ સહસ્રી માંહિ,
અધ્યયન જોઈ અઢારમું આખ્યાન રચ્યું ઉચ્છાંહિ. ૨૭
આખ્યાન એહ **પ્રભાવતીનું** નૃપ **ઉદાયી** ચરિત્ર,
પરમાદ પરહો પરિહરી, સાંભલો પુણ્ય પવિત્ર. ૨૮
શ્રી **વીર**શાસન વર વિભાસન **ચંદ્ર**ગચ્છ વિશાલ,
ગુરૂ **ભવનચંદ્ર** વિનેય ગણીવર **દેવભદ્ર** દયાલ. ૨૯
સંયમ ક્રિયા શુદ્ધ ઉદ્ધરી જેણે કરિઓ તપ ઉદ્દામ,
સંવત **બાર પંચાશીઈ** થાપ્યું **તપાગછ** નામ. ૩૦
જુગપ્રવર એ ત્રણિઇ સીસ તેહનાં સૂરિ શ્રી **જગચંદ્ર**,
દેવેન્દ્રસૂરિ સુદક્ષ ગણધર **વિજયચંદ્ર** સૂરીંદ. ૩૧
બૃહત્કલ્પ સુવૃત્તિને, અવસાંને એ અધિકાર,

શ્રી **વિજયચંદ્ર** સૂરીંદથી **વૃદ્ધ તપાગચ્છ** ઉદાર. ૩૨
મહા પ્રભાવક ગણધરૂ જસ નામે પરમાનંદ,
પાટ્ટાનુપટ્ટ અનુક્રમે શ્રી **રત્નસિંહ** સૂરીંદ. ૩૩
ગુરૂ **વલ્લભ જ્ઞાનસાગર ઉદયસાગર** સૂરિ,
શ્રી **લબ્ધિસાગર** ગચ્છપતી પ્રણમતાં પાતિક દૂરિ. ૩૪
તસુ પાટિ મહિમાવંત ગણધર શ્રી **ધનરત્ન** સુજાંણુ,
શીષ **અમરરત્ન** સૂરીસરૂ, વ્યાકરણ લીહ પ્રમાણુ. ૩૫
તેજરત્ન સૂરીવર ગુરૂ, સહોદર તાસ કેરા દોઇ,
શ્રી **દેવરત્ન** સૂરીસરૂ સહિગુરૂ પટ્ટોધર જોઈ. ૩૬
ચારિત્રરયણભંડાર બુધ શ્રી **ભાનુમેરૂ** ગણીંદ,
ધનરત્ન ગચ્છપતિ તણાં સેવક જયુ જાં રવિચંદ. ૩૭
તસ શિષ્ય માંહિ દક્ષ પંડિત મુખ્ય **માણિકરત્ન,**
લઘુ ભ્રાત કહેં **નયસુંદરો,** કરૂં ભવિક ધર્મ યત્ન. ૩૮
દોહિલું માણુસ જન્મ પામી, કરો આલસ દૂરિ,
પૂજા કરો જિનરાજની, પ્રહિ ઉદય હુંતિ સૂરિ. ૩૯
અષ્ટપ્રકારી સતરભેદી સારિઈ જિનની સેવ,
પાપ સઘલો પરિહરી આરાધિ દેવાધિદેવ. ૪૦
લક્ષ્મી લહી કર વાવરો, મમ થાઓ કૃપણુ અજાંણુ,
પામી રે ધન મદ માણુયો, મ કરયો આપ વખાણુ. ૪૧
સત્યવાણી સાર જાણી, વદું મીઠડી ભાષડી,
તપ ભાવ ભગતે કરો સગતેં, આરાધો વ્રત આખડી. ૪૨
પરનારિ દેષી ગુણ ઉવેષી, ચપલ મ કરો આંષડી,
અંગી અંગિ સુકતિ કારણિ જ્ઞાન દરશન પાંષડી. ૪૩
ક્રોધ તાપ શમવાને આરોગુ સરસ સમતા સેલડી,
જિનઆણ સાધી કરો વરધી સિદ્ધિવધૂ શિઉં ગેલડી. ૪૪
પરમાંગ ચ્યારે લહી દુર્લભ પુણ્ય પાવડીએ ચડી,
પરમાદ પાપી વશિ પડિને રખે જાઓ લડથડી. ૪૫
નહિ વાર લાગે કાંમ જાગે હુંતા ઋદ્ધિ પીઆરડી,
વરપુણ્ય કેરા કાજ કરિવા કો વિલંબ કરો ઘડી. ૪૬
સંઘપૂજા સાહમીભગતિ પહિલી ચલાવુ ધમ્મવારડી,
ઓઢો સુશ્રાવી અલવિ અંગે દયા દક્ષણ ઘાટડી. ૪૭

ગુણ સુણી સાધૂ ઉદાયી કેરાં જાલો કર્મહ કાંથડી,
આખ્યાન સુણી **પ્રભાવતી**નું સુકૃત સંચો ગાંઠડી. ૪૮
ગુણવંત ઋષિગુણ ગાયતાં જે પુણ્ય સંતતિ કરે ચડી,
તેણેં વિબુધ **નયસુંદર** કહે શ્રી સંઘ લહો સંપદ વડી. ૪૯

(૧) સં.૧૬૮૧ માગશિર શુ.૧ **પૂર્ણિમાપક્ષે ચતુર્થ**શાખાયાં **ભ.** હર્ષસાગરસૂરિ શિ ચેલા રવિજી લિખિતં. **લાટાપલ્લી** મધ્યે લિ. પ.સં. ૧૩-૧૫, **સંઘ** ભં. પાટણ દા.૬૩ નં.૨૪. (૨) સં.૧૭૪(?) ફા.સુ.૭ રવિ **રાજનગરે** લ. સાધ્વી **મેઘાં** શિષ્યણી સાધ્વી **વાલ્હાં**. પ.સં.૧૫-૧૫, લે. પાટણ દા.૯ નં.૧૬. (૩) **અંચલગચ્છે વા. મનજી**ગણી શિ. **વિમલસાગર**ગણિભિ: લિ. શિ. શ્રી ઉધવ પઠનાર્થં. પ.સં.૨૮-૧૩, ડે.ભં. દા.૪૩ નં.૭૫. (૪) ઇતિ સુશ્રાવિકા શ્રી પ્રભાવતી રાજ્ઞી આખ્યાનં ચરમ રાજઋષિ ઉદાઈ સાધૂ ચરિત સંપૂર્ણ. ચેલા **લાલસોમ** વાંચનાર્થં સં.૧૬૫૩ વર્ષે પોસ માસે શુદિ પક્ષે ચતુર્શી ગુરૌ લષિતં. પ.સં.૧૮-૧૧, લીં.ભં. (કવિના સમયમાં જ લખાયેલી છે.) [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦).]

(૧૦૨૨) સુરસુંદરી રાસ ર.સં.૧૬૪૬ જેઠ શુ.૧૩

આદિ – રાગ કેદારો–એકતાલી.

આદિ ધરમને કરવા એ, ભીમ ભવોદધિ તરવા એ
ભરવા એ સુકૃતભંડાર ભલી પરેં એ,
ભવિયણ ભગત ઉદ્ધરવા એ, કર્મ કઠિન નિરજરવા એ,
વરવા એ શિવસુંદરી સ્વયંવરેં એ. ૧

ત્રૂટક – સ્વયંવરે શિવરામા વરિવા કરવા ઉત્તમ કાજ,
મરૂદેવી માતાની કૂખેં અવતરિયા જિનરાજ,
આષાઢી વદિ ચોથ તણે દિન અજૂઆળું જિણે કીધૂં,
ગરભ અવતરિ સુપન દેખાડી મહોત માયને દીધૂં. ૨

પછી ઋષભનાથની સ્તુતિ છે. પછી –

શ્રી નવકારમંત્રનો મહિમા આગમેં કહિયો જિણંદે,
કોડિ વરસ સું કોડિ જિવ્હાએ નાવે પાર સુરિંદે,
આગે જિણે એકચિત્ત ધ્યાયો સો પરમાનંદ પાયો,
સુરસુંદરી સતીએ સમર્યો તવ તસ કષ્ટ ગમાયો. ૭
કવણ સતી સા હુઈ **સુરસુંદરી** કિમ રાખ્યું તિણે શીલ,
શ્રી નવકારમંત્ર મહિમાયે કિમ સા પામી લીલ,

ચરિત તાસ પવિત્ર પભણેસું વંદી જિણ ચઉવીસ,
શ્રી શ્રુતદેવી કેરે સાનિધિ પૂરો મનહ જગીસ. ૮
સુણજો સુઅણ સરસ શુભ વાણી આણી પ્રેમ અપાર,
કહે કવિજન વિશેષે વારૂ તે **સરસતિ** આધાર,

અંત – ઢાલ ૨૦મી. રાગ દેશાખ, અથવા ધન્યાશ્રી, ભાણેજનઇ રાજ દેઈ એ ઢાલની દેશી.

*

શ્રી **વૃદ્ધતપ**ગછે રાજિયા, **ધનરત્ન**સૂરિ સુચંદ, ૬
તસુ પાટ દીપક દિનકરૂ, શ્રી **અમરરત્ન** સૂરિંદ,
ગુરૂ સહોદર તસુ તણા એ શ્રી **તેજરત્ન** ગુણવંત,
ગછપતિ પટોધર પ્રગટ શ્રી, **દેવરત્ન**સૂરિ જયવંત. ૭
તસ ગણવિભૂષણ ગણપતી, **ભાનુમેરૂ** પંડિત ભાણ,
સૂરીશ શ્રી **ધનરત્ન** કેરા, શિષ્ય સકળ સુજાણ. ૮
તસુ શિષ્ય **નયસુંદર** કહે, સાભળો સાજણ સાથ,
અરિહંત દેવ આરાધિયે, ત્રિહું ભુવન કેરા નાથ. ૯

*

સોળ છિયાળે વરસ વારૂ, જેઠ શુદિ ત્રયોદશી,
તેણે દિવસે ઉત્તમ ઉડુ વિશાખા, સિદ્ધિયોગે મન હસી. ૨૦
એ ચરિત કીધું સાર લીધું પુણ્યનું પણ જેહ,
સુરસુંદરી ગુણ સાંભળી અનુમોદજો સહુ તેહ. ૨૧
એ સાંભળે સુખ ઊપજે સવિ જાય પાતક દૂરિ,
કર જોડી કવિ **નયસુંદરો**, એમ ભણે આનંદપૂરિ, ૨૨

(૧) પ.સં.૩૬–૧૧, ડે.ભં. દા.૭૦ નં.૪૩. (૨) પ.સં.૩૫-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૪૪. (૩) સં.૧૬૬૪ વૈ. શુદિ ૫ શનિ લ. પ.સં.૩૪-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૪૫. (૪) પ.સં.૩૩–૧૧, ડે.ભં. દા.૭૦ નં.૪૬. (૫) સં.૧૬૬૬ આશ્વિન વદિ ૭ સોમે દીવ મધે લ. પ.સં.૩૦–૧૧, ડે.ભં. દા.૭૦ નં.૪૭. (૬) પ.સં.૨૫–૧૩, ડે.ભં. દા.૭૦ નં.૪૮. (૭) પં. નરઅદ ડાલૂજી રા ચેલા લિ. મૂલત્રાંણ મધ્યે. પ.સં.૨૪–૧૩, ડે.ભં. દા.૭૦ નં.૪૯. (૮) પ.સં. ૨૩–૧૩, ડે.ભં. દા.૭૦ નં.૫૦. (૯) પ.સં.૧૮–૧૫, ડે. ભં. દા.૭૦ નં.૫૧. (૧૦) પ્રીતિવિમલેન જવારદ મધ્યે. લિ. પં. યશોવિમલ શિ. ગ. પ્રીતિવિમલ લિ. પ.સં.૧૩–૧૭, ડે.ભં. દા.૭૦ નં.૫૨. (૧૧) પ.સં.

૧૩-૧૮, ડે.ભં. દા.૭૦ નં.૫૩. (૧૨) સં.૧૬૭૯ ભા.કૃ.૧૦ પુષ્યાર્ક યોગે **વિજાપુર સાહપુર** મધ્યે વા. **વિનયચંદ્રગણિ** શિ. રૂષિ **શિવચંદ્રગણિ** શિ. રૂષિ ઉદયસાગરેણ લિ. પ.સં.૧૩, પ્ર.કા.ભં. વડો. ભાષાગ્રંથસંગ્રહ નં.૧૪૨. (૧૩) સં.૧૬૭૫ શ્રા. શુદિ ૬ લ. ઋષિ **મેઘાજી** ઋષિ **માહોવજી.** પ.સં.૧૭-૧૭, જશ.સં. (૧૪) સં.૧૬૮૬ [માસ નથી] વદિ ૧૩ રવૌ **ભરૂયચ** ગ્રામે ઋષિ **રામા માહાવજી** શિ. ઋ. ગોવા લ. આતમા અરથે પ.સં. ૨૦-૧૬, મ.જૈ.વિ. નં.૪૦૪. (૧૫) સં.૧૬૯૩ માહ વદિ ૮ ગરૌ **વીર**-મગ્રામે તપસ્વી પૂજ્ય ઋષિ **માઈથાજી** શિ. પૂજ્યજી ઋષિ વડા **વેલાજી** **શિ. ઋ. ગાંગદાસ** લ. સહી ૩. પ.સં.૧૯-૧૬, ખેડા ભં. દા.૬ નં.૩૯. (૧૬) પ.સં.૩૨-૧૧, ખેડા ભં. દા.૬ નં.૧૨. (૧૭) સં.૧૭૧૬ આશ્વિન સિત ૧૦ પં. **વિજયગણિ** શિ. તેજવિજયનાલેખિ. ગણિ **આણંદવિજય** વાચન કૃતે **અવરંગાબાદ** નગરે. પ.સં.૨૭-૧૩, ખેડા ભં.૩. (૧૮) સં. ૧૭૦૨ માઘ શુદિ ૧૫ બુધે **જાઉલી** સ્થાને **આદિનાથ ચૈત્યે કાષ્ટા સંઘે નંદીતટગચ્છે વિદ્યાગણે** ભ. **રામસેનાન્વયે** તદનુક્રમેણ ભ. **રત્નભૂષણ** તત્ શિષ્યાચાર્ય **નરેંદ્રકીર્ત્તિ**સ્તદ્‌ભ્રાતા બ્ર. શ્રી **હીરજી** તત્ શિષ્ય બ્રહ્મ **ભાનુસાગર** બ્ર. **રામજી** બાઈ **પૂરાંબાઈ અજાઈ** એતેષાં મધ્યે બ્રહ્મ **ભાનુનેદં** લિખિતમ્. પ.સં.૩૧-૧૧, ખેડા ભં.૩. (૧૯) સં.૧૭૩૭ આશ્વિન શુક્લ પક્ષે દ્વિતીયા કર્મ્મવાટચાં બુધવાસરે લિ. પ.સં.૧૭-૧૯, ખેડા ભં.૩. (૨૦) ગણિ શ્રી **સૌભાગ્યચંદ્રેણ** લખિતં શ્રી **વટપદ્ર** નગરે. પ.સં.૨૭-૧૧, મુક્તિ. નં.૨૩૭૨. (૨૧) સંવત્ ૧૭૭૩ વાચક ઇંદ્રસૌ-ભાગ્યગણિ શિષ્ય પં. **વીર**સૌભાગ્યગણિ શિષ્ય મુનિ **પ્રેમ**સૌભાગ્યેન સ્વ-વાચન કૃતે **બહિઅલ્લ** ગ્રામે. પ.સં.૩૦-૧૪, મુક્તિ. નં.૨૩૪૫. (૨૨) સં.૧૭૦૭ આસો વદી ૭ **વિદ્યાપુરે** ઉ. જયસુંદર શિષ્ય પં. **રત્નવિજય** લિ. પ.સં.૧૭, **જેસલ.** ભ. ભં. નં.૧૬૧. (આમાં રચ્યા સંવત્ 'સોલ ચુઆલઇ' આપેલ છે.) (૨૩) ગ્રં.૮૦૦ શ્લોક, સં.૧૮૦૩ ફા.શુ.૨, પ.સં.૨૮-૧૩, સીમંધર. દા.૨૦. (૨૪) સં.૧૭૦૭ આશ્વિન સિત ૧૦ ગુરૂ **ભૃગુકચ્છે** ગ. દયાહર્ષ શિ. ગણિ **ધર્મહર્ષેણ** લ. ગણિ **ગુણહર્ષ** પઠ-નાર્થં. પ.સં.૨૧-૧૪, વિ.ને.ભં. નં.૪૫૫૬. (૨૫) પ.સં.૧૧-૨૦, જૂની પ્રત, વ.રા. (૨૬) સુમતિચંદ્ર લિ. પ.સં.૨૧-૧૨, દે.લા. નં.૧૪૭૬ -૫૦૪. (૨૭) પ.સં.૩૩-૧૧, ગુ. નં.૫૫-૭. (૨૮) **વૃદ્ધિવિજયેન** લિ. પ.સં.૧૫-૧૭, હા.ભં. દા.૮૦ નં.૩૯. (૨૯) સં.૧૬૪૯ કા.વ.૮ **રાજપુર**

મધ્યે લ. વ્યાસ સૂરજી. પ.સં.૨૦–૧૩, દે.લા. નં.૧૪૭૭–૫૦૪. (૩૦) પ.સં.૪૦, જયવંતસૂરિકૃત ઋષિદત્તા રાસ સહિત, અભય. પો.૧૩ નં.૧૩૫૨. (૩૧) પ.સં.૩૬, જય. પો.૬૮. (૩૨) સં.૧૬૫૫ ફા.શુ.૧ ગુરૌ રાજનગર મધ્યે લિ. પ.સં.૮૧, ત્રૂ., અભય. નં.૫૭૨. (૩૩) પ.સં. ૨૩–૧૩, રત્ન.ભં. દા.૪૨ નં.૩૫. (૩૪) સં.૧૬૬૩ વર્ષે વૈશાષ વદિ ૧૦ રવૌ લિષિતં શ્રી આગમગછે શ્રી સૌભાગ્યસુંદર શિષ્ય શ્રી ધર્મરત્નસૂરિ શિષ્ય ચેલા સોભરાજ પઠનાર્થં દેકાવાડા મધ્યે. પ.સં.૨૬–૧૪, લીં.ભં. (૩૫) પ.સં.૨૦–૧૪, લીં.ભં.(૩૬) પ.સં.૧૧–૧૭, લીં.ભં. (૩૭) સં.૧૮૭૦ આસો શુ.૪ ભોમ લિ. શેઠ જેચંદ ધર્મસી વાંકાનેર વસે છે. પ.સં.૨૧–૧૪ ધો. (૩૮) પ.સં.૨૭–૧૩, ભાવ. ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦, ૨૪૩, ૨૫૧, ૨૬૯).]

પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૩.

(૧૦૨૩) + નલદમયંતી ચરિત્ર [અથવા **નલાયન ઉદ્ધાર રાસ**] ર.સં. ૧૬૬૫ પોષ શુદ ૮ મંગલવાર

આદિ– આતમબુદ્ધિ ધરી મન સાથિંજી, વિશ્વ સંભાલ્યુ ત્રિભૂવનનાથિંજી,
પૂરવ જનમિ પારેવુ રાષ્યુજી, સો સ્વામી દયાધર્મ ભાષ્યુજી. ૧
ભાષ્યુ દયાધર્મ દુખવિમોચક, સકલજનસુખકાર
સો સોલમ તિત્થેસરૂ, હું નમું વારોવારિ. ૨

ઢાલ ત્રૂટક.

અચિરા ઉયરિં અવતરી, જેણિ કરિઉ હિત એકાંતિ,
જગ માહિ અહિત શમાવીઉં, તેણુંઈ નામ પામ્યું **શાંતિ.** ૩

*

ભારતીલબ્ધપ્રસાદ બુદ્ધ, શ્રી **હરષ** સરિષા જેહ,
કવિતા રે કીરતિ જેહની, નવિ ત્રપતિ પામિ તેહ. ૧૩
માણિકચસૂરિ મહાયતી, તિણિ કરિઉ **નલાયણ** ગ્રંથ,
નવરસ-પયોધિ વિરોલિવા, કરિ થયુ જો સુરમંથ. ૧૪
સ્વસમય નિ પરસમયનું, એકત્ર જિહાં અધિકાર,
શત સર્ગ જેહના વાંચતાં, ઉલ્લાસ થાઇ અપાર. ૧૫
અનુસરી તેહનિ મુખિ કરી, અહ્મે જોડિસ્યું સંબંધ,
મનરંગ એહવું ઊપનું, બોલસ્યું પુણ્યપ્રબંધ. ૧૬
કિહાં સતી પુણ્યસિલોક કીરતિ, કિહાં માહરી મતિ;

ઉત્તકીર્ણ મુક્તાફલ વિષિ, ગુંણુ તણી પરિ હું ગતિ. ૧૭
કહુ મંદ કિમ કવિયશ લહઇ, કિમ ચઢઈ પર્વત પંગુ,
તુલણાઈ કહુ કિમ તાલીઇ, વરસાલિ સરિસુ કંગુ. ૧૮
નિજ બુદ્ધિ સારૂ બોલતા, હસતા રષે કવિ સોઇ;
પંષીઆ નિજ ભાષા વદઈ, તસ કરઇ વારણુ કોઇ. ૧૯
અનુક્રમિ **નલાયન** અનુકરી, ભાષસ્યું **નલ** અધિકાર,
તિહાં સગુરૂ નઇ શ્રુતદેવતા, કવિ તણી કરયો સાર. ૨૦

અંત – સતી શિરોમણિના ગુણ કહિયા, જેહવા ગુરૂપ્રસાદિં મિં લહિયા,
કહિઉં **ધનદ**સુર પૂર્વચરિત્ર, ગાયુ પુણ્યશ્લોક પવિત્ર. ૮૪
એ મિં અભિનવ મંગલકાર, ગ્રંથ **નલાયન** પેષી સાર,
તે માંહિં જેણી પરિ છિ અધિકાર, રચિઉ રાસ સો લેઇ અનુસાર. ૮૫
નેમિચરિત્રાદિક માહઇં વલી, કાંઈ એક ભિન્ન કથા સંભલી,
માહરૂ દોષ રષે કો લહી, **પ્રબંધ શત** મુષ પંડિત કહિ. ૮૬
પ્રથમ બહુશ્રુત પૂછી કરી, સરસ કથા મન સાથઈ ધરી,
ગ્રંથ **નલાયન**નિં અનુસરી, લિષીઉં પુણ્યશ્લોકનું ચરી. ૮૭
વીતરાગનાં વચન વિરૂદ્ધ, જિ મતી કલ્પી હુઈ અશુદ્ધ,
તે મિછાદુકડ વલીવલી, પામૂ સાષિ સહુ કેવલી. ૮૮
ચતુર ચમત્કરિવા ચિત માહિં, એ મઈં ગ્રંથ રચિઉ ઉછાહિ,
ગુણીઅણ ગુણ જાણી પરષયો, વાચા વિશુદ્ધ જન હરષયો. ૮૯
સજ્જન દુર્જન છિ જગ માહિં, પરગુણ દોષ ગ્રહિ સો પ્રાહિ,
સ્વોચિત કર્મ કરેસ્યઇ દ્રોહ નહીં મત્સર તસ ઊપરિ કોહ. ૯૦
જે બહૂશ્રુત ગત મત્સરી, તેહનિં કહું છઉં પ્રણમી કરી,
અશુદ્ધ હુઈ તિહાં કરયો શુદ્ધ, સો મીઠઉં યમ સાકરદૂધ. ૯૧
સંવત **સોલ પાંસઠઉ** જાંણી, પોષ શુદિ અષ્ટમી વષાંણિ,
તિણિ દિન મંગલ મંગલવાર, ઉડુ ઉત્તમ **અશ્વ**ની ઉદાર. ૯૨
કુંજે જયા તિથિ વાર સુયોગ, ભૌમાશ્વની અમૃતસિદ્ધિ યોગ,
એકવીસમુ અમૃત ઉપયોગ, સુંદર સાધ્ય દિનઈં ઉયોગ. ૯૩
તંણિ દિનિ ગ્રંથ સંપૂરણ થયુ, કવણ ગછ કુણ ગુરૂ કવિ કહિઉ,
ઋષભાદિક જિનવર ચઉવીસ, પહિલૂં તેહનિ નાંમૂ સીસ. ૯૪
મહાવીર સાસન જયવંત, પ્રથમ શીષ્ય **ગૌતમ** ગુણવંત,
સ્વામિ **સુધર્મા** પંચમ સીસ, **જંબૂ**સ્વામિ નમૂં નિસદીસ. ૯૫

પ્રભવ શિજ્જંભવ શ્રુતકેવલી, **યશોભદ્ર** વંદું મનિ રૂલી,
શ્રી **સંભૂતિવિજય ભદ્રબાહુ થૂલિભદ્ર** શ્રુતકેવલી સાહુ. ૯૬
આર્ય મહાગિરિ આર્ય સુહસ્તિ, વઇરસ્વામિની પ્રબલ પ્રશસ્તિ,
વઇરસેન તેહના સીસ ચ્યારિ, **ચંદ્ર નાગેંદ્ર નિવૃત્તિ** વિચારિ. ૯૭
ચઉથી શાષા **વિદ્યાધરી**, એ માંહિં **ચંદ્ર** સબલ વિસ્તરી,
એણી શાષાઇં **ધનેશ્વર**સૂરિ, **ચૈત્ર**ગછ થાપિઉ ગુણભૂરિ. ૯૮
ભવનચંદ્ર ગુરૂ કરૂં વષાણુ, **દેવભદ્ર** ગુરૂ આગમ-જાંણુ,
ઠાંમ પ્રમાદ સકલ પરિહરી, જિણિ જગિ શુદ્ધ ક્રિયા ઉદ્ધરી. ૯૯
પ્રથમ સૂરવર શ્રી **જગચંદ્ર**, સૂરીશ્વર બીજા **દેવેંદ્ર**,
વિજયચંદ્ર ગુરૂ ત્રીજા કહૂ, એક એક અધિકા ગુણ લહૂં. ૧૦૦
વિજયચંદ્ર સૂરીશ્વર તણી, **વૃધતપા**ગછ શાષા ભણી,
ક્ષમાકીર્ત્તિ સદગુરૂ તસ પાટિં, પ્રગ્ના **વયરસ્વામિ**નિ ઘાટિ. ૧
બૃહત્કલ્પ ટીકા જેણિ કરી, સહિસ બિતાલીસ જગિ વિસ્તરી,
હેમકલસ રત્નાકરસૂરિ, પ્રગ્નાઇં જીતુ સૂરસૂરિ. ૨
મુનિશેષર ધર્મદેવ મુણંદ, **અભયસિંહ** તપસી સૂરિંદ,
જેહના તપનુ ન લહું પાર, શ્રી **જયતિલક** સૂરિ ગણધાર. ૩
રત્નસિંહ શ્રી સદ્ગુરૂ તણા, **અહમદસાહ** ગુણ બોલિં ઘણા,
પાતસાહ-પ્રતિબોધક સૂરિ, સપ્રભાવ વંદું મદપૂરિ. ૪
ઉદયવલ્લભ જ્ઞાનસાગર નામ, **ઉદયસાગર** ગુરૂ કરૂં પ્રણામ,
લબધિસાગર ગુરૂ લબ્ધિનિધાંન, શ્રી **ધનરત્ન** સૂરીસ પ્રધાન. ૫
શ્રી **અમરરત્ન** સૂરી પ્રણમું પાય, શ્રી **તેજરત્ન** સૂરીશ્વરરાય,
જિમ જિમ તે સદગુરૂ સંભરિ, તિમ તિમ હર્ષ હીયડિ વિસ્તરી. ૬
ગછપતિ **દેવરત્ન**સૂરિ તણા, ગુણ સંભારઉં હીયડિ ઘણા,
શ્રી **દેવસુંદર**સૂરિ આણંદપૂરિ, વિજયમાંન **વિજયસુંદર**સૂરિ. ૭
શ્રી **ધનરત્ન** સૂરીશ્વર તણા, સીસ સકલ ગુણ સોહામણા,
શ્રી **ભાનુમેરૂ** વિબુધ ગણિરાજ વંદિ સીઝઇ વંછિત કાજ. ૮
તસ જામેય સીસ દોભાય, **માણીકયરત્ન** જયેષ્ટ ઉવઝાય,
મહાતપીશ્વર **મુનિવરરાય**, પરમ ભાવિ વંદુ તસ પાય. ૯
નયસુંદર લઘુ બંધવ તાસ, વાણી થાપિત વચનવિલાસ,
પુણ્યસિલોક સતી અધિકાર, ગાયુ **ધનદ** પૂર્વ અવતાર. ૧૦
સો સમકિતધર નિજ ગુણ સુણી, મન સ્યું પ્રેમ ધરી આફણી,

સંઘ વિઘન અપહરયો ગુણી, મનિ કામિત દેયો નિધિ ધણી. ૧૧
રાજઋદ્ધિ રામા ભંડાર, જસ મહિમા જગ માંહિ અપાર,
બાહરિ એહની કીરતિ ભણિ, એ સવિ લહીઇ પુણ્યઇં ઘણિ. ૧૨

રાગ ધન્યાસી

ઘણિ પુણ્યઇં લહી નરભવ, **વીર**વચન આરાધીઈ,
જિ(ન)રાજ કેરૂં લહી દર્શન, ભવ બેહૂ ફલ સાધીઈ. ૧૩
જિનરાજ વાણી ચિત્ત આણી, અશુભ કર્મ ન બાંધીઈ,
મહાસતી પુણ્યશલોક ગાઈ પુણ્ય રિદ્ધિ બાંધઈ. ૧૪
ઉવઝાય **નયસુંદર**વાણી...(પછીનું એક પાનું નથી.)

(બીજી પ્રતમાંથી...)

ઉવઝાય **નયસુંદર** સુવાણી, ભવિક પ્રાણિ સંભલઉ,
ઉપગાર મતિ મનિ ષરી રાષુ, દોષથી દૂરિ ટલુ,
શ્રી **શાંતિ** જિનવર સદા સુષકર પૂજતાં સંપદ મલુ,
એ ચરિત્રભાવેં સુણે ગાવેં, તાસ ઘરિ સુરતરૂ ફલુ. ૨૬

ચુપઇ.

ગ્રંથ સંખ્યા હવઈ બોલુ સુદ્ધ, દૂહા શ્લોક કાવ્ય ગાહા કિદ્ધ,
ભાષ્યા છંદ ષોડ......દે, સહસ્ર તીનસઇં અઠાવ. ૨૭
સતપાંત્રીસ શ્લોક અનમાંન, હર્ષ ધરી સહુ કરયો ગાંન,
એ સંભલતાં શિવસુષ હોઈ, જ્ઞાનવંત વિચા(રો) જોઈ. ૨૮
ગ્રંથ **નલાયન**નુ ઉદ્ધાર, **નલચરીત્ર** નવરસ ભંડાર,
વાચક **નયસુંદર** સુંદર સુભ ભાવ, એતલિ એ ષોડસ પ્રસ્તાવ. ૨૯

(૧) સં.૧૬૯૪ કા. વદિ ૯ પં. **વિદ્યાવિમલગણિ** તથા પંડિત **વિનયવિમલગણિ શિ. પં. ધનવિમલ** લિ. ગ્રં. ૩૫૦૦. પ.સં.૧૧૧-૧૩, રત્ન.ભં. દા.૪૧ નં.૨૪. (૨) સં.૧૮૧૯ કા. સુદિ ૧૦ બુધે રાત્રૌ લિ. મુ. **ઋધિ**-સાગરેણ મુ. **અમીવિમલ**સ્યાર્થં. પ.સં.૭૬-૧૫, રત્ન. ભં. દા.૪૧ નં.૨૫. (૩) પ.સં.૯૯, ત્રુટક પણ ઘણી પ્રાચીન પ્રત, ખેડા. ભં. દા.૮ નં.૧૨૦. (૪) લ.સં.૧૭૨૩, સારી પ્રતિ-ઉપાંત્ય એક પત્ર નથી, પ.સં.૧૪૮, ભાં.ઇ. સન ૧૮૭૧-૨ નં.૨૯૪. (૫) સં.૧૯૫૫ ફા. સુદી પંચમી ગુરૌ. **અંચલ**-ગચ્છે ભ. **અમરસાગરસૂરિ** રાજ્યે **પાલીતાણીવ** શાખામાં પં. હરસહાય બ્રાહ્મણ **ગૌરખંડેનાવૃત્તે** લિખ્યતે હાલિ લેખ્ય કલકત્તા. પ્રથમ લખાણી **૧૬૬૦માં**. પ.સં.૯૨, ડી. કે. કલકત્તા સં. કોલેજ કે. ૧૯૦૯ વૉ.૧૦

નં.૫૯ પૃ.૧૦૦. (૬) પ.સં.૧૦૨-૧૪, ડે.ભં. દા.૭૦ નં.૧૪. (૭) સં.૧૬૮૫ શ્રા. વ. ૧૩ રવૌ. પ.સં.૭૬-૧૬, ડા. પાલણપુર દા.૩૬. (૮) પ.સં.૧૨૧-૧૩, ખેડા ભં. ૩. (૯) ઇતિશ્રી નલાયન ચરીત્ર સંપૂર્ણ. સંવત ૧૬૮૨ વર્ષે ફાગુ વદિ બીજ રવૌ. ઇડર મધ્યે લષિતં શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત્ ઇતિશ્રી નલાયનોદ્ધારે નલચરીત્રે રાજ્યલાભ વૈરાગ્ય સંયમ ગ્રહણ સ્વર્ગગમન પ્રશસ્તિ વર્ણનો નામ ષોડસ પ્રસ્તાવ સમાપ્ત. ગ્રંથાગ્ર ૪૫૩૬, પ્ર.કા.ભં. (૧૦) પ.સં.૮૫-૧૫, મો. સુરત. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૪૮).]

પ્રકાશિત : ૧. આનંદકાવ્ય મહોદધિ મો. ૬.

(૧૦૨૪) શીલશિક્ષા રાસ (વિજય વિજયા શેઠની કથાગર્ભિત) ર.સં. ૧૬૬૯ ભાદ્રપદ

અંત – **વડતપાગચ્છ ધનરત્ન** સૂરીસ કિ, પંડિત શ્રી **ભાનુમેરૂગણિ**સીસ કિ,
તસ વિનયી **નયસુંદરો** દોઇ કર જોડી કહઇ ઉવઝાઇ કિ
સીલવંતહ તણા નિત નમું પાય કિ-૧૫ સીલ.
દેવસુંદરસૂરિ પાટિ પ્રધાન કિ, સૂરિવરિ **વિજયસુંદર** વિજયમાન કિ,
તાસ આદેસ લહી કરી, હૃદય થિર રાખિવા રચ્યુ એ રાસ કિ,
સોલ ઉગણોતિરૂઈ ભાદ્રપદ માસ કિ-૧૬ સીલ.

કલસ.

ઈમી સીલ રષ્યા ગુણ પરિષ્યા સકલ શિષ્યા સંગ્રહી
સિદ્ધાંતવાંણી સાર જાણી આપ પર હિતનઈ કહી,
બુધ **ભાનુમેરૂ** વિનેય વાચક વદઇ **નયસુંદર** સદા
મુઝ સુમતિ શુભ ફલ બોધિ નિર્મલ હજ્યો શિવસુખ સંપદા. ૧૭

(૧) પ.સં.૪ પ્ર.કા.ભં. (૨) ખં.ભં. ૧. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૯).]

(૧૦૨૫) + ગિરનાર ઉદ્ધાર રાસ દધિગ્રામ(દેહગામ)માં

આદિ – વસ્તુ

સયલ વાસવ સયલ વાસવ વસય પયમૂલ,
નમસ્યું નિરંતર ભત્તિભર સાંતિકરણ ચોવીસ જિનવર.
નેમિનાથ બાવીસમો સયલ રયણ ભંડાર સુહકર,
તસ પયપંકજ અણુસરી મહિમગિરિ **ગિરિનાર**,
સહગુરૂ-આયસ સિરિ ધરી, કહિસું કિંપિ વિચાર. ૧

અંત – શ્રી **ધનરત્ન** સૂરીંદ ગણાધિપ, **વડતપગચ્છ** સિણગાર,
અમરરત્નસૂરિ પાટિ પ્રભાકર, **દેવરત્ન** ગણધાર. ૧૮૧ ગિર.
વિબુધશિરોમણિ **ભાનુમેરૂ**ગણિ શીશ ધરી આણંદ,
શ્રી **દધિગ્રામ** માંહે દુખભંજણ, વિનવ્યો **નેમી** જિણંદ રે.
૧૮૨ ગિર.
કરો કૃપા **નયસુંદર** ઉપરિ, દ્યો પ્રભૂ સિવપુર સાથ,
હુજ્યો સંઘ પ્રતિ સુખદાયે, સુપ્રસન્ન **નેમીનાથ** રે. ૧૮૩ ગિર.
કલસ–ઈમ **રૈવતાચલ** યાત્રનાં ફલ કિંપી તસુ મહિમા ભણ્યો,
બાવીસમો બલવંત સ્વામી **નેમી**નાયક સંથુણ્યો;
ભાનુમેરૂ ગણીંદ સેવક કહે **નયસુંદર** સદા,
સુવિસાલ દેવદયાલ અવિચલ આપીયે સુખસંપદા;
–આપીઇ મંગલમુદા.

(૧) રતલામ નગરે. સં.૧૮૪૬ મૃગસિર સુદિ ૪ શુક્રે પં. કેસરવિજૈ લષાપિતં. પ.સં.૮–૧૨, દે. લા. પુ. લા. (૨) પં. **ધન**વિજયગણિ શિષ્ય ગણિ **ભ**ક્તિવિજયેન. પ.સં.૭–૧૫; લલિતવિજયજીનો ભં., મ.જૈ.વિ. નં.૧૦૦. (૩) સં.૧૮ ને ૪૪ વર્ષે આસુ સુદ ૮ શુક્ર, શ્રી **ચી**તલ સેહર મધ્યે પંન્યાસ **ન્યાન**રૂચિગણિ સેવક મુનિ **વિ**જયરૂચિ લ. ભ્રાતા **દેવજી**ને વાસે-(સ્તે) પઠનાર્થં. પ.સં.૬–૧૬, યતિ નેમચંદ (૪) પ.સં.૬–૧૫, રો. એ. સો. બી.ડી.૯૬ નં.૧૮૮૨. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૧, ૨૭૨, ૨૭૫, ૪૦૪, ૪૯૨).]

પ્રકાશિત : ૧. પ્રકા. મુનિ બાલવિજય, મારી પ્રસ્તાવના સહિત અને મારા સંશોધનવાળો.

(૧૦૨૬) આત્મ પ્રાતબોધ [કુલક]

આદિ – રાગ કેદારૂ
શ્રી જિનશાસન પામીય, ગુરૂચરણે શિર નામીય,
દામીય સેના અંતર રિપુ તણી એ;
સંભલજ્યો સહૂ ધ્યામીય, મુગતિ તણા જે કામીય,
ખાંમીય જીવ સહૂ સ્યું હિત ભણી એ. ૧

અંત – સાચુ એ અધિકાર સુણીનઇ, જીવ હી સાસું જાગુ,
જુહાર મિત્ર સ્યું પ્રેમ ધરીનિ તેહનઇ વચને લાગુ. ૭૭
વડતપગચ્છ ગિરૂઆ ગુણરાગી, શ્રી **દેવસુંદરસૂરિ**,

શ્રી **વિજયસુંદરસૂરિ** પટ્ટોધર, વંદૂ આણુંદપૂરિ. ૭૮
સાધુસિરોમણિ **ભાનુમેરૂ** ગુણી, પંડિત સકલ પ્રધાન,
વડતપગચ્છમંડણ વિરાગી, હૂઆ સુગુણ નિધાન. ૭૯
તાસુ સીસ **નયસુંદર** વાચક, સીખ દીઈ અતિ સારી,
આપણા જીવ પ્રતિ હિતકારી, પાપ સંતાપ નિવારી. ૮૦
એ **આતમા પ્રતિબોધ** અનોપમ, જે ભણુસિઇ નરનારી,
સંભલસિ જે વલી સુખકારી, તે સહી તુછ સંસારી. ૮૧
જુહાર મિત્ર સ્યું રંગિ મિલસિ, તે તરસઈ સંસાર,
ધર્મપ્રભાવિ સદાફલ સુંદર, નિતનિત જયજયકાર. ૮૨

(૧) પ.સં.૫-૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૦૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૨, ૫૧૦).]

(૧૦૨૭) [+] **શંખેશ્વર પાર્શ્વ સ્ત.** [અથવા છંદ] ૧૩૨ કડી સં. તથા ગુ. મિશ્રિત

અંત – (છપ્પય)

શ્રી **સંખેસર પાસ** પાસિ **ધરણિંદ** સુહાવઇ,
પઉમાવઇ બઇરૂદ જાસક ગુણ ગાવઇ;
કલિયુગ કામિક દેવ હેવ પુરૂષોત્તમ પાયઉ,
કામધેનુ ઘટકામ હાથિ ચિંતામણિ આયઉ;
બુધ **ભાનુમેરૂ** સેવક ભણઇ, સ્વામી મયા સાચી કરૂ,
નયસુંદર શિષ્ય સંપતિકરણ જયઉ **પાસ શંખેસરૂ**. ૧૩૨

(૧) પ.સં.૫-૧૪, પ્ર. કા.ભં. નવી પ્રત નં.૯૨૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૮, ૫૦૮, ૬૧૫, ૬૨૪).]

[પ્રકાશિત : ૧. ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ, સંપા. શાર્લોટ ક્રાઉઝે.]

(૧૦૨૮) શાંતિનાથ સ્ત. ૬૪ કડીનું સુંદર કાવ્ય

આદિ – જિનમુખ-પંકજવાસિની, તત્ત્વબુદ્ધિપ્રકાશિની,
વિકાસિની, મુઝ મુખ-નયણ-કમલ સદા એ;
સો સામણિ હીયડિ ધરૂં, મિથ્યા મતિ સવિ પરિહરૂં,
સ્તુતિ કરૂં **શાંતિ** જિણંદ તણી મુદા એ. ૧

અંત – કલશ–ઇમ **શાંતિ** સ્વામી મુગતિગામી સોલમા તિત્થેસરૂ,
શ્રી **રાજનગરે** સુખ સુભરે દેવ જંગમ સુરતરૂ,
શ્રી **ધનરત્ન**(સૂરિ) સેવક **ભાનુમેરૂ** મુણીસરૂ;

તસુ સીસ **નયસુંદરઈં** થુણ્યુ પ્રભુ સંઘનઈં મંગલકરૂ. ૬૪

(૧) સં. ૧૭૩૫ આસો વદિ ૧૨ બુધે લિ. પ.સં.૫-૧૧, પ્ર.કા.ભં. નં.૮૬૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૫૪-૬૭, ભા.૩ પૃ.૭૪૮-૫૫. 'યશોધર નૃપ ચોપાઈ'ના રચનાસંવતદર્શક શબ્દો પાંચ છે, જે દેખીતી રીતે ભૂલ છે. તેથી કયો શબ્દ વધારાનો ગણવો તે પર વર્ષનું અર્થઘટન આધાર રાખે છે. કૃતિ મોડા સમયની હોય તેવો સંભવ વધારે છે.]

૪૮૭. સોમવિમલસૂરિશિ.

[સોમવિમલસૂરિ સ્વ. સં.૧૬૩૭.]

(૧૦૨૯) અમરદત્ત મિત્રાનંદ રાસ ૪૦૨ કડી ર.સં.૧૬૧૮ ? (૧૬૩૭ પહેલાં) માહ શુ.૫ પાટણમાં

વસ્તુ, ચોપાઈ અને દુહામાં આ રાસ છે.

આદિ – શ્રી શારદાય નમઃ વસ્તુ

શાંતિ જિનવર **શાંતિ** જિનવર પાય પ્રણમેવ
પંચમ ચક્રવર્ત્તિ જાંણીઇ, સોલસમો કહિ જિણેસર
સહિગુરૂસેવ નિતિ કરું, ધરું રીદય **સરસતિ** નિરંતર
કર જોડીનિ વીનવું, દીઉ મુઝ વચનવિલાસ
અમરદત્ત મિત્રાનંદનો, સુંણયો ભવીયણ રાસ. ૧

દૂહા

સુમતિ દીઉ મુઝ **સારદા,** સેવકનિ આણંદ
વાંણી આપો નવનવી, જિમ હોઇ પરમાણંદ. ૨
અમરદત્ત તે કિહાં હવો, કિહાં હવો **મિત્રાનંદ,**
વિસ્તાર હવિ તેહનો, સુણજો ભવિયાં વૃંદ. ૩
ભરત જંબૂદીવ જ ભલું, તેહ માંહિ સુંણયો ગાંમ,
અમરતિલક નાંમિ કહું, પ્રથવી માહે અભિરાંમ. ૪

અંત – શ્રાવક વ્રત પાલિ ખરાં, પાંમિ સરગનીવાસ
શાંતિનાથના **ચરિત** થકી, કીધો છિ એ રાસ. ૩૯૮
એહ રાસ મનોહરુ, ભાવ ધરી નરનારિ,
એકમનાં ભણિ ગણિ, તે ઘરિ જયજયકાર. ૩૯૯
સંવત **દંડુ (ઈંદુ) રસ** જાંણીયઇ, **દિન વસુ** વેસાર,
માઘ સુકલ પંચમી, ભરત દીપ જાંણો ઉદાર. ૪૦૦

તપગચ્છનાયક દીપતો, શ્રી **સોમવિમલ** સૂરિંદ
રૂપિં જીતો રતિપતિ, મુખ જસો પુનિમચંદ. ૪૦૧
કાસમીરપુરમંડણો, શ્રીમુલનાયક **પાસ**
તાસ પસાએઇ મિ રચો, મનોહરુ એ રાસ

કલસ

એ રાસ મનોહર અતિ સુંદર, સુંણો ભવીયણુ એ સદા
પાંમી રત છાતિ અહિ સુભમતિ, લહીય સરસુખસંપદા
જે ભાવિ ભણુસિ શ્રવણે સુણુસિ પાંમિસિ નવનિધિ ધરી
ઇમ કહિ કવીયણુ તેહ ભવીય પાવહિ અનુક્રમિ સિવપુરિ. ૪૦૨

(૧) પ.સં.૧૫–૧૩, મુક્તિ. નં.૨૩૭૪.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧૮–૧૯.]

૪૮૮. જયસાર (?) (તપા.આનંદવિમલ–ધર્મસિંહ–જયવિમલશિ.)

(૧૦૩૦) રૂપસેન રાસ ર.સં.૧૬૧૯ (નંદ ઈંદ રસ ઈંદુ)
(૧) પ.સં. ૧૯, જય. પો.૬૮.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ ૭૦૧.]

૪૮૯. આણંદસોમ (ત. સોમવિમલસૂરિશિ.)

(૧૦૩૧) + શ્રી સોમવિમલસૂરિ રાસ ૧૫૬ કડી ર.સં.૧૬૧૯ મહા ૧૦ નંદરબારમાં

આનો સાર સોમવિમલસૂરિ નં.૪૪૦ની નીચે આપ્યો છે.

આદિ – સકલ સદાફલ સેવીઇ, શ્રી **ગૌતમ** ગણધાર;
મણુહ મનોરથ પૂરણુ લબધિ તણુ ભંડાર. ૧
સરસતિ સામિણી તુઝ નમું, માગું અવિરલ બુદ્ધિ;
જાસ પસાઇ સંપજઇ, વચન તણી વર સિદ્ધિ. ૨
સોમગચ્છ-ગયણિ ગણિ, **સોમવિમલ** ગુણધાર;
શ્રી **સોમવિમલ**સૂરિ તણુ, રચિસુ રાસ વિસ્તાર. ૩
સાર સુગુરૂગુણ ગાયતાં, દુઃકૃત દૂરિં જાઈ;
રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, નિશ્ચઈ નિય ઘરિ થાઈ. ૪
સુરતરૂ સમ સહિગુરૂ સુગુણ, સદાચાર વિચાર;
ભાવિ ભલઇ ભેટઉ ભવિક, જિમ પામું જયકાર. ૫

અંત – લોટી ગણડે પાએ લાગું, ગુરૂસેવા અહનિસિ માગું;
આણંદસોમ પ્રણમઇ પાય, કરિ મઝ ગુરૂ સુપસાય. ૧૫૦

રાગ મલ્હાર. મોરી આંખડી ફરૂકઇ રે. એ ઢાલ.
યુગપ્રધાન જાણુઈ સહુ, જિનશાસન સુરતાન રે.
ગુરૂગુણ ગાતાં સંપદા, સહી વાધઇ રે અધિકું વાન. ૧૫૧
મોરા સહિગુરૂ વધાવું રે, સોહાવું રે **તપ**ગચ્છરાય,
નિત પ્રણમું રે શ્રીગુરૂપાય, જિમ કીજઇ રે નિરમલ કાય,
જિમ હુઇ રે બહુલું આય, મોરા સહિગુરૂ વધાવું રે.
ધિન **અમરાદે** કૂખડી, **રૂપરાજ** કુલ ધિન્ન રે
ધિન્ન સુગુરૂ જીણુઈ દીખીઆ, રૂડા ચુવિહ રે સંઘ સુપ્રસન્ન મો. ૫૨
સોભાગહરિષસૂરિ પટિ જયુ, શ્રી **હેમલવિમલ**સૂરિ સીસ રે.
ચઉવિહ સંઘ ઇણિ પરિ ભણુઈ, જયુ ગચ્છપતિ રે કોડિ વરીસ મો. ૫૩
જાં દ્રૂ સાયર ચંદલુ, જાં તપઈ તેજિ દિણિંદ રે;
તાં **સોમવિમલ**સૂરિ ચિર જયુ, સુખસંપદ રે દિઉ આણુંદ
મો. ૫૪
આણુંદસોમ કલા મિલી, સંવત **ઓગણીસઈ** માઘ માસિ રે,
દસમી ગુરૂવારિ રચિઉ **નંદરબારિ** રે રાસ ઉલ્હાસિ. મો. ૫૫
મનરંગિ જે ભણુઈ ગુણુઈ, સાંભલઇ રાસ રસાલ રે,
નવ નિધિ તસુ ઘરિ અંગણુઇ, સખિ ફલીઉ રે અમર રસાલ રે.
મો. ૧૫૬

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

(૧૦૩૨) સ્થૂલભદ્ર સ્વાધ્યાય ૫૩ કડી ર.સં.૧૬૨૨ શ્રાવણ શુદિ ૧૦ વૈરાટમાં

વૈરાટ (બૈરાટ) જયપુર રાજ્યમાં આવેલું છે.

અંત – **તપ**ગચ્છિ નિર્મલ ચન્દ્ર, શ્રી **સોમવિમલ** સૂરિંદ,
તસ સીસ રચિઉ સઝાય, સાંભલતાં (મન) નિર્મલ થાય.
પૃથિવી રસ સંવત એહ, **કુચ કણ્ણં** પ્રમાણિ જેહ,
શ્રાવણ શુદી દશમી દિવસિં, **વયરાટિ** શુણિઉ મન હરસિ,
જાં તારા ગયણિ દિણંદ, જાં સાયર મેરૂ ગિરિંદ,
તાં પ્રતપું જાવલી સોમ, ઇમ ભણુઇ **આણુંદસોમ.**

(૧) પ્ર.કા.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૨).]
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૩–૨૫.]

૪૯૦. મલ્લિદાસ (વિજયગચ્છ નૂંનો–વિજયરાજ–ખીમરાજ–પદ્મ–દેવરાજશિ.)

(૧૦૩૩) જંબૂસ્વામી રાસ (પંચભવચરિત્ર) ઢા.૩૦ ર.સં.૧૬૧૯ આસો શુ.૩ ભૃગુવાર

આદિ– સરસતિ સરસ સુકવિ સક્તિ, ઉક્તિ અનોપમ આનિ,
મોહી મહા મહી મોહની, દેવી દે વર દાંનિ. ૧
સકલદેવ દાઈક સફલ, શ્રી જિનવર ચઉવીસ,
સીલસિરોમણિ ગાઉતાં, ઉદઉ કરઈ જગદીસ. ૨
પૂરવ મુનિગણ પાય નમી, સમરૂં સદગુરૂનાંમ,
શ્રી **દેવરાજ** પ્રસાદતઈ, સીઝઇ વંછિત કામ. ૩
ગૌતમ ગણધર ધ્યાન ધરિ, સુબુદ્ધિ સુલબ્ધિ લહેસુ,
મનરંજન મુનિરાયકું, **જંબુચરિત** કહેસુ. ૪

અંત – વિજઈગછ પ્રતિશ્રી **નૂંનઉ** રિષિ, તસ પટિશ્રી **વિજઈરાજ**
તાસ પાટઈ ધર્મધુરંધર, તસ પટે શ્રી **ખીમરાજ**. ૩૩
જયવંતા તસ પાટિ પ્રગટ પ્રભુ, **પદ્મસૂરિ** ગણધાર
તાસ સીસ ગુણવંત મનોહર, **શ્રી દેવરાજ** સુસાર. ૩૪
તસ સેવક **મલ્લિદાસ** પ્રમોદઇં, રચિઉ ચરિત ગુણમાલ,
અઇવંતી પાસ પસાઇં, પૂરીયઈ તીસ ઢાલ. ૩૫
સંવત **સોલ ગુણવીસઇ** કીતુ, આસુજ સુદિ ભૃગુવાર
તિથિ તૃતીયા મઈ ચરમ કેવલી, ગાયુ જગ આધાર. ૩૬
ભવસુ પંચ સંબંધ વિચારી, સંવર ધરઇ નરનારિ
તે ભવભ્રમણ પ્રપંચ નિવારી, પહુંચઇ મુક્તિ મઝારિ. ૩૭

(૧) સં.૧૬૬૮ મૃગશિર કૃ. જયાતિથૌ ભોમે લિ. મુનિ **ઝાંઝણેન** હંસારકોટ મધ્યે. પ.સં.૨૦–૧૫, હં.ભં. નં.૧૨૮૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૦૦–૦૧.]

૪૯૧. દેવશીલ (ત. સૌભાગ્યહર્ષસૂરિ–સોમવિમલસૂરિ–લક્ષ્મીભદ્ર–ઉદયશીલ–ચારિત્રશીલ–પ્રમોદશીલશિ.)

સોમવિમલસૂરિ માટે જુઓ નં.૪૪૦.

(૧૦૩૪) વેતાલ પંચવીસી રાસ [અથવા **ચોપાઈ** અથવા **પ્રબંધ**] ૮૨૨ કડી ર.સં.૧૬૧૯ બીજો શ્રાવણ વદ ૯ રવિ વડવા ગામમાં

"આ રાસ સં.૧૬૧૯માં રચાયેલો હોઈ એની ભાષા ૧૬મા-૧૭મા

સૈકાની છે, અને 'વિમલપ્રબંધ' તથા 'કાન્હડદે પ્રબંધ'ની ભાષા સાથે તે ઘણી રીતે મળતી આવે છે; અને આથી તે-તે સૈકાની ભાષાનું સ્વરૂપ સમજવાને ઉપયોગી થઈ પડશે. કવિ શામળ ભટ્ટની 'મડાપચીસી'ની વાતો મૂળ રૂપે જૂની ભાષામાં આમાં છે. 'વૈતાલપચીસી'નું મૂળ કથાસરિત્સાગર અને બૃહત્મંજરી વગેરે સંસ્કૃત ગ્રંથોમાં છે; અને તેમાંથી હિંદી, મરાઠી, બંગાલી વગેરે અનેક ભાષાઓમાં તેમાં કંઈકંઈ ફેરફાર અને વધારા સાથે ગદ્યમાં કે પદ્યમાં ભાષાંતરો થયાં છે. બંગાળાના પંડિત જીવાનંદ બી.એ. પ્રકાશિત 'શ્રી જંભલદત્ત પ્રોક્ત' પણ સંસ્કૃતમાં એક વૈતાલ પંચવિંશી છે. એ બધામાં વાર્તાઓની ઘટનામાં કંઈકંઈ ફેરફાર છે અને કોઈકોઈમાં એક-બીજાથી જુદીજુદી વાર્તાઓ છે." —રા. જગજીવન દ. મોદી

આદિ – **સરસતી** સામિણિ પય નમી, માગુ ઉચિત પસાય
કાસમીર મુખમંડણી, વાંણી દિઉ મુઝ માય. ૧
બ્રહ્માપુત્રીનિં નમું, કમલ કમંડલ સાથ;
એક કરિ વીણા ધરી, પુસ્તક જમણિ હાથિ. ૨
હંસવાહનિ હરખિ રમિં, કરિં જગ લીલવિલાસ;
જે જગ મૂરખ માંનવી, તેહની પૂરે આસ. ૩
હીઈં સુખદુખીઆ નરા, સુખીઆ સંપતિ કોડિ;
મૂરખનિ વિદ્યા દિઈં, જું સંમરે પરહોડિ. ૪

અંત – **તપગચ્છ**નાયક ભુવન-દિણંદ, શ્રી શ્રી **સોભાગ્યહર્ષ** સુરિંદ,
તસ પટિં સોહિં ગુંણગેહ, જયવંતા વિહરી જગમેહ. ૮૧૩
ગુરૂ શ્રી **સોમવિમલ** સૂરિરાય, પ્રણમું અહનિસિ તેહના પાય,
તસ પંડિતવર પ્રધાન, **લક્ષ્મીભદ્ર** નાંમિ સુવિહાંણ. ૮૧૪
સીસસીરોમણિ પંડિતરાય, **ઉદયશીલ**ગણી પ્રણમું પાય,
ચારિત્રશીલ પંડિત તસ સીસ, સપરિવાર વંદુ નીસદીસ. ૮૧૫
પ્રમોદશીલ પંડિત ગુરૂરાય, તે સહિગુરૂના પ્રણમી પાય;
કરી ચોપાઈ નાંમ **વેતાલ, પચવીસે** એ કથા રસાલ. ૮૧૬
સંવત **સોલ ઉગણીસા** વર્ષ, બીજો શ્રાવણ શાંમલ પખ્ખ;
નુંમ તણો દિન રવિવાર, નક્ષત્ર પુનર્વસુ આવ્યું સાર. ૮૧૭
વડવે ગાંમિં રહ્યા ચોમાસ, રચિઉ **વાસુપુજયનિં** પાસ;
ચૌપૈકથા સંબંધ વિનોદ, સાંભલતાં ઉપજે પ્રમોદ. ૮૧૮
દૂહા ગાહા બંધ ચોપાઈ, આઠસિં નિ ત્રેવિસ જે હુઈ;

સાંભલતાં સંકટ સવિ ટલે, ભણુતાં સવિ સુખ આવિ મિલે. ૮૧૯
નવિ ચાલે તસ ભૂત વેતાલ, સાહાસ તણી એ વાત રસાલ;
વિનોદરસ રચિ **દેવસીલ**, ભણતાં ગુણતાં લહીઈ લીલ. ૮૨૦
હૂં સવિં માંહિ મૂરખ ધરી, હઈડે મત નહિં તેહની ખરી;
અક્ષર આઘુંપાછું કહ્યું, હીન અધિક પાચું નવિ લહૂં. ૮૨૧
કર જોડી પ્રણમુ કવિરાય, સોધી અક્ષર ઠવજ્યો ઠાય;
જિહાં લગે તારા રવિચંદ, કથા રહિજ્યો જિહાં તપે જિણંદ. ૮૨૨

(૧) સં.૧૬૪૮ આસો વદિ અમાસ ગુરૂવારે **પત્તન** મધ્યે લ. ઉ. **વિદ્યારત્ન**ગણિ શિ. ઋ. રત્નસુર લ. પ.સં.૧૮–૧૭, પ્રથમ પત્ર નથી, ગો.ના. (૨) સં.૧૬૮૪ ફા.શુ.૧૧ **રલમપુરે સોમચન્દ્ર** લિ. પ.સં.૨૮, ગ્રં.૯૦૦, અબીર. પો.૯. (૩) લ. ઋષિ **જેઠા** ગામ **પ્રાં**તીજ મધ્યે **લૂકા**-ગછે ઋષ **વીરચંદ** પઠનાર્થે, સં.૧૮૧૭ આસો વ.૭ ગુરૂ લખિ છે, વાંચે તેહને વંદણા છે શ્રીરસ્તુ. પ.સં.૨૧–૧૮, રાજકોટ મોટા સંઘનો ભં. (૪) લ.સં.૧૮૧૮, ઉત્તમ પ્રતિ છે, પ્રથમ પત્ર નથી, ભાં.ઇ. સન ૧૮૮૨–૮૩ નં.૩૩૭. (૫) પં. કમલવિજયગણિ શિ. **મોહન**વિજયગણિ શિ. **મા**ણિક્યવિજયગણિ શિ. હસ્તિવિજયગણિ ભ્રાતૃ **પ્ર**તાપવિજયેન આત્માર્થે લ. ચેલા **હીરા**ચંદજી વાંચનાર્થં સં.૧૮૭૧ શ્રા.શુ.૨ પ્રા. ગાંમ **જા**ંબૂગઢ મધ્યે. પ.સં.૨૪–૧૮, સંઘ ભં. પાલણપુર દા.૪૭ નં.૧૨. (૬) પ.સં.૩૨, અપૂર્ણ પ્રતિ, જૈ.એ.ઇ. નં.૧૨૯૫. (૭) સં.૧૭૬૬ ભા. સુદી ૧૩ સોમે ઋષિ **નરસિંઘ**જી શિષ્ય ઋષિ **મ**ના લિ. **રતલામ** મધ્યે. પ.સં.૨૩–૧૦, ગોડીજી નં.૩૨૯. (૮) ૧૮૨૯ વર્ષે ચૈત્ર શુદિ ૨ બુદ્ધે સિદ્ધિયોગે પં. શ્રી ૫ શ્રી **રાજ**વિજયગણિ શિષ્ય પં. **કૃષ્ણ**વિજયગણિ લિપિકૃતં **સાંતલપુરે** શાંતિનાથપ્રસાદાત્ઃ શ્રે. પ.સં.૨૧, પ્ર.કા.ભં. નં.૧૨૦. (૯) ઇતિ શ્રી વિક્રમ મહારાજેન્દ્ર ગુણોત્કીર્ત્તન વેતાલપંચવીસી કથાયાં વિવિધવિનોદવાર્ત્તાયાં પંચવિંશતિ કથા સંપૂર્ણાઃ સંવત ૧૬૯૧ વર્ષે ફાગુણ શુદ્ધિ બીજ રવૌ શ્રી ૬ પુજ્યજી **વરસિંઘ**જી લઘુ તસ્ય સીક્ષ્ય પંડિતસરોમણિ ઋ. શ્રી ૫ **વર્ધમાન**જી તસ્ય શિષ્ય ઋ. શ્રી ૫. **તુલસીદાસ** તસ્ય સીસ્ય મુનિ **કલ્યાણ** લિખિતં શુભં ભવતુઃ ચેનસાગરજી ભં. ઉદયપુર. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : સંશોધન કરી છપાવી પ્રસિદ્ધકર્તા રા. જગજીવનદાસ દયાળજી મોદી, સબ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર ખાંભા મહાલ, વડોદરા રાજ્ય. સં.૧૯૭૨, કિંમત દોઢ રૂપિયો.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૧-૨૩, ભા.૩ પૃ.૭૦૨ તથા ૧૫૦૮.]

૪૯૨. કમલસોમ[?] (ખ. ધર્મસુંદરશિ.)

(૧૦૩૫) બાર વ્રત રાસ કડી ૨૦ લ.સં.૧૬૨૦ પહેલાં

આદિ – પણમવિ **વીર** જિણિંદચંદ વલિ **ગોયમ** ગણહર
દેસવિરતિ વય આદરૂં, એ સમકિત સ્યું સુખકર
દેવ બુદ્ધિ અરિહંત દેવ ગુરૂ સાધુ સુધમ્મ
હરિ હર દેવ કુતિત્થિ ન્હાણુ ન કરૂં એ મમ્મ. ૧

અંત – **ખરતરગચ્છિ** રે શ્રી **જિનચંદ્ર** સૂરીસરૂ,
તસુ રાજઇ રે **ધર્મસુંદર** ગુરૂ સુખકરૂ
તસુ ઉપદેસઇ બારહ વ્રત વિધિ સંગ્રહઇ,
મનરંગઈ રે **વિમલાં** મનવંછિત લહઈ. ૨૦

(૧) ઇતિ ઇચ્છા પરિમાંણિ સંપૂર્ણ સં.૧૬૨૦ માગશીર્ષ વદિ ૫ દિને **સારંગપુર** મધ્યે **બૃ. ખ.** ગચ્છે **જિનચંદ્રસૂરિ** રાજ્યે વાચનાચાર્ય **ધમ્મસુંદરગણિશિ. પં. કમલસોમગણિના** લિ. સુશ્રાવિકા **વિમલાં** પઠનાર્થં. પ.સં.૨-૧૩, અભય. નં.૩૯૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૦૩ તથા ૧૫૦૯. કર્તા-કૃતિ ભૂલથી બે વાર નોંધાયાં છે. વિમલા શ્રાવિકાએ બાર વ્રત લીધેલાં તે વિશેની આ કૃતિની પ્રતના લહિયા કમલસોમગણિ જ કૃતિના કર્તા હોવાનું માન્યું છે તે વિચારણીય છે. એ કર્તા હોય તો લેખનમિતિને રચનામિતિ પણ ગણી શકાય.]

૪૯૩ ક. ધર્મહંસ (આગમગચ્છ જ્ઞાનરત્નસૂરિ-હેમરત્નશિ.)

(૧૦૩૬) નવવાડિ ઢાલ ૯ કડી ૫૭ સં.૧૬૨૦ લગભગ

આદિ – આદિ **આદિ** જિણેસર નમઉં, મયણ(મોહ) મડાભડ લીલાં
(હેલાં) દમઉં. દમૂ.
નવવિધિ વાડી જે બ્રહ્મની, જાલવયો તે કુમતિ કર્મની. ૧
યતી અનઇ શ્રાવક તે જાણિ, તે પાલઇ જિનવરની આણિ
આન્યાભંગિ સમકિત જાઇ, કાંજીથી કિમ દહી જ થાઇ. ૨

અંત – શ્રી **આગમગછે** ગહિગહિઉ (ગુરૂ રાજીયો), શ્રી **ન્યાયરત્ન** સૂરિંદ રે
તાસ ગછ ગુણ રાજીઉ, પૂજ્ય પંડિત રે **હેમ** મુણિંદ. જિનવર. ૧
તસ તણઇ સુપસાઉલઇ, **ધર્મહંસ** કવિ ભાખઇ રે
જે નરનારી ભણઇ ગુણઇ, ઋદ્ધિ વૃદ્ધિ રે મંગલમાલ. જિનવર.

(પા.) એ નવવાડી બ્રહ્મની પઢિ ગુણિ તિણિ ઘરિ ઋદ્ધિ વૃદ્ધિ
મંગલમાલા રે. ૫૭ જિ.

(૧) સં.૧૬૪૭ આસો શુ. લિ. **માતર** ગ્રામે ૫.સં.૩-૧૩, મ.જૈ.વિ. નં.૭૧૯. (૨) મુનિ **વિશ્રામજીગણિ** શિ. મુનિશ્રી **લબ્ધિસાગરજી** લિ. સં.૧૭૧૪, ૫.સં.૪-૧૨, મ.જૈ.વિ. નં.૭૬૦. (૩) સં.૧૭૮૪નો ચોપડો, જશ. સં. (૪) ૫.સં.૪-૧૧, માં. ભં. (૫) સંવત ૧૭૨૨ વર્ષે જ્યેષ્ઠ શુદિ ૧૧ રવી દિને લષિતં. ૫.સં.૪-૧૧, ડા. પાલણપુર દા.૩૯ નં.૧૩૨. (૬) **અંચલગચ્છેશ** વા. હરિચંદ શિ. પં. **મતિસાગર** શિ. પં. **શાંતિરત્નગણિ** લિપિકૃતં વા. **આણંદજી** પઠનાર્થં સં.૧૭૭૯ આસાઢ સુદ ૬ શુક્રે **વૈરાટનગર** મધ્યે. ૫.સં.૪-૧૩, પાદરા નં.૮૨. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૨૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૭૦૨-૦૩. 'સંયમરત્નસૂરિ સ્તુતિ' અન્ય ધર્મહંસની કૃતિ હોવાનો સંભવ જણાતાં જુદી કરી છે.]

૪૯૩ ખ. ધર્મહંસ (આગમગચ્છ સંયમરત્નસૂરિશિ.)

[સંયમરત્નસૂરિના સં.૧૫૮૦-સં.૧૬૧૬ સુધીના ઉલ્લેખો મળે છે.]

(૧૦૩૭) [+] સંયમરત્નસૂરિ સ્તુતિ (ઐ.)

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૩).]

[પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૭૦૩. ત્યાં હેમરત્નશિ. ધર્મહંસને નામે કૃતિ મુકાયેલી છે, પણ એમ માનવા માટે કૃતિમાં કશો આધાર નથી.]

૪૯૪. જિનચંદ્રસૂરિ (ખ. જિનમાણિક્યસૂરિશિ. ને પટ્ટધર)

વડલી ગામવાસી રીહડ ગોત્રીય શાહ શ્રીવંત પિતા અને સિરિયાદેવી માતાથી સં.૧૫૯૫માં જન્મ થયો. દીક્ષા સં.૧૬૦૪માં લીધી. સં.૧૬૧૨ના ભાદરવા શુદિ ૯ને દિને જેસલમેરમાં ત્યાંના રાજા માલદેવે કરેલા ઉત્સવપૂર્વક આચાર્યપદ મળ્યું. ત્યાર પછી કર્મચંદ્ર મંત્રીના આગ્રહથી વિકાનેરમાં જઈ ક્રિયોદ્ધાર કર્યો ને ત્યાંથી અમદાવાદ શત્રુંજય જઈ ઉક્ત કર્મચંદ્રના આમંત્રણથી દિલ્હીમાં અકબર બાદશાહને પ્રતિબોધી તેમની પાસેથી આષાઢ શુદિ ૯થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસો અમારિ – જીવવધનિષેધનો હુકમ બહાર પડાવી ફરમાન લીધું હતું અને તે ફરમાન બાદશાહે પોતાના અગિયાર પ્રાંતોમાં મોકલી આપ્યું હતું. (આ ફરમાનપત્ર હિંદી 'સરસ્વતી' માસિકના ઈ.સ.૧૯૧૨ના જૂનના અંકમાં પ્રસિદ્ધ થયું છે.) વળી

બાદશાહે તેમને 'યુગપ્રધાન' એ બિરુદ આપ્યું હતું. આ મહાપ્રભાવક આચાર્ય થયા છે અને જૈનોન્નતિ માટે અથાગ પરિશ્રમ સેવી અનેક મહાન્ કાર્યો કર્યાં છે. સં.૧૬૭૦ના આસો વદિ ૨ને દિને બેનાતટમાં સ્વર્ગસ્થ થયા.

(૧૦૩૮) બાર ભાવના અધિકાર

(૧) જેસ. ભં.

(૧૦૩૯) શિયલવતી

(૧) જેસ. ભં.

(૧૦૪૦) સાંબ પ્રદ્યુમ્ન ચોપાઈ ર.સં.૧૬૨૦ આસપાસ

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૯-૩૦, ભા.૩ પૃ.૭૨૦. આ કવિને નામે મુકાયેલ 'દ્રૌપદી' પછીથી ખરતર વેગડ શાખાના જિનચંદ્રસૂરિને નામે અને 'બારવ્રતનો રાસ' એમના શિષ્યને નામે ફેરવી છે, તો 'જિન-બિંબસ્થાપન સ્વતન' વસ્તુતઃ જિનલાભશિષ્ય જિનચંદ્રની છે. ઉપરની ત્રણ કૃતિઓ પણ આ જિનચંદ્રની કૃતિઓ હોવા વિશે અગરચંદ નાહટાને શંકા છે (જુઓ 'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ').]

૪૯૫. રંગવિમલ (ત. હીરવિજયસૂરિશિ.)

(૧૦૪૧) દ્રૌપદી ચોપાઈ ૩૬૭ કડી ર.સં.૧૬૨૧ કાર્તિક શુ.૧૧ બુધ પાટણમાં

આદિ – **સુમતિ** જિણેસર પણમી પાય, વાણી આપુ ભારતિ માય,
તું બ્રહ્માણી નિ **સરસતી**, બાર નામ તે તું ભગવતી. ૧
હું માગું છું તાહરિ પાસ, સાચુઉ અક્ષર વચનવિલાસ,
સતી **દ્રૂપદી** તણું ચરિત્ર, કરતાં હુઇ જનમ પવિત્ર. ૨

અંત – બીજી સતીઅ છિઇ તે ઘણી, **દ્રૂપદી** સતી મિ આદિ ભણી,
સઘલી સતીનાં લીજિ નામ, મુક્તિપુરીનું લાભિ ઠાંમિ. ૫૨
વીરપટ્ટ તે **સુહમસામિ**, તેહનુ શિષ્ય છિ **જંબૂ** નામ,
તે પૂજ્ય હવા કેવલી, પછઇ હવા તે શ્રુતકેવલી. ૩૫૩
કાકંદી કોટિ ગણ ફલી, **વયરસ્વામિ** દશપુરવી વલી,
તેહની સાખા છિ વિસ્તાર, **ચંદ્રગચ્છ** તેહવુ ઉદાર. ૩૫૪
તપગછ જાણુ મહિમા ભલુ, **આણંદવિમલ** લહવુ ગુણનિલુ,
તસ પટ્ટોધર ઉદયુ ભાણ, **વિજયદાનસૂરિ** પરધાન. ૩૫૫
તસ આચાર્ય છિ ગુણવંત, **હીરવિજયસૂરિસ** મહંત,

તાસ સીસ ચઉપઈ કહઈ, ભણિ ગુણિ તે નવનિધિ લહઇ. ૩૫૬
કોક હસિ બોલ ન કહ્યા ઘણા, તે ઊતર આપું મન તણા,
ટબા માત્ર ચઉપઈ કહી, ગ્રંથ વાધિ તે માટિ સહી. ૩૫૭
સંવત **સોલ એકવીસિ** જાણ, કાતિકા સુદનુ માસ વખાણ,
એકાદશી તિત્થ તે કહી, વાર બુદ્ધ ભલુઉ લાધુ સહી. ૫૮
રંગવિમલ કીધી મનિ રંગ, **પાટણ**નયરઈ હૂઈ ચંગ,
જિહાં **પંચાસરૂ** છિ શ્રી **પાસ**, શવિહું જનની પૂરઇ આસ. ૬૦
ધર્મક્ષેત્ર **અણહલપુર** જાણિ, જિણહર બહૂ છઇ ઘણુઈ મંડાણ,
તિહાં ચઇપઈ દીધું નામ, ઘણા જીવનઈ બોધિનું ઠામિ. ૬૧
હું મુર્ખ છું તુમ્હે કૃપાલ, કાહનિ માયઇ અખ્યરમાલ,
તે અપરાધિ ખમઉ જિનરાય, મિછાદુક્કડ દેઉં તાય. ૬૨
અણબોલ્યું હું ન સકું રહી, તે હું કહી ખમાવું સહી,
છોરૂ તેહું કછોરૂ હોય, માયતાય સાંસેવું સો સોય. ૬૪
અધકું ઉછું કહ્યું અસાધુ, તે શ્રી સંઘ ખમઉ અપરાધ,
સૂત્ર વિરૂદ્ધ જુ કાંઇ હોય, સુદ્ધ કરૂ ગીતારથ સોય. ૩૬૫
એ કીધી મિં સૂત્ર આધાર, કવિયણ પામઇ હર્ષ અપાર,
સતી **દ્રૂપદી** લીધું નામ, સુખસંપદનૂં લાધું ઠામિ. ૬૬
એહ ચઉપઇ તાં ચિર નંદ, જાં દ્રૂ તારા મેરૂ ગિરીંદ,
ભણસઇ સુણસઇ જે નરનારિ, તિહિ ઘરિ મંગલ જયજયકાર. ૩૬૭

(૧) મુનિ **સૂરવર્દ્ધન** લિખિતં. પ.સં.૧૬–૧૩, સેં.લા. નં.૪૭૮૮. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૦૪–૦૫.]

૪૯૬. ભીમ ભાવસાર-ભીમજી (લોંકાગચ્છ વરસિંહશિ).

દીક્ષા લીધા પછી ભીમજી.

(૧૦૪૨ ક) શ્રેણિક રાસ (ખંડ પહેલો) ૨.સં.૧૬૨૧ ભા. શુ. ૧૮૫દ્ર (વડોદરા)માં

આદિ – રાગ કેદારો.

ગોતિમનઇ સિર નામીય, મનવંછિત ફલ પામીય;
સ્વામીય સેવકની દયા કરો એ. ૧
સારદાનઈ ચરણે લાગુ, સુદ્ધિ બુદ્ધિ માતા હું માગુ,
દ્યો મુઝનઇ વાણી અનોપમ રૂઅડી એ. ૨

ઉલાલઉ.

રૂડી તે વાણી આપો મુઝ માતા, સિદ્ધાંત સૂત્ર વિસ્તાર
લાખ જોયણનૂ **જંબુદીપ**, **ભરતખંડ** માંહિ સાર. ૩

અંત – **વટપદ્ર** નયર સંવત **સોલ એકવીસઇ**, ભાદ્રપદ સુદિ શુભ(ત) વારે પ્રારંભ દીસઇ,

કલસ.

કાંઇ એક કવિમતિ, કાંઇ એક સાસ્ત્રગતિ સાધસંગતિ પામીઈ,
શ્રેણિક રાસ કીઉ અતિ ઉલ્હાસઇ, જિનવાણી સિર નાંમીઇ. ૧
ગઉતમ પાએ, **સારદામાએ**, ચિત રાષું ચરણે સમું,
ભાવસાર ભીમ કર જોડી બોલિ, સાધ સહૂને ચરણે નમૂં.

(૧) સં.૧૬૭૬ માહા વદિ ૧૧ ભોમે ઋ. કરમસીજી શિ. લિ. ઋ. રતનસી, પ.સં.૧૧-૧૫, રાજકોટ મોટા સંઘનો ભં. (સારી પ્રત **છે.**) (૨) પ.સં.૧૪-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૯૩. (૩) સંવત ૧૭૦૩ વર્ષે માઘ વદિ ૧૪ ભૌમે લિષિતં. ગુ. વિ. ભં. (૪) સંવત ૧૬૭૨ વર્ષે ફાગુણ વદિ ૮ શુક્રે લિ. **જોસી સવજી** શ્રી **સ્તંભતીર્થ** સ્થાને લ. સુરત ભં. ગોરજી રવિહંસજી દીપહંસજી, છાપરિયા શેરી, સુરત પાસેની પ્રતિ. (મ. બ.)

(૧૦૪૨ ખ) શ્રેણિક રાસ (ખંડ બીજો) ૪૧૬ કડી ર.સં.૧૬૩૨ ભા. વ.૨ વડોદરા

આદિ – વસ્તુ

માત **સરસતિ** માત **સરસતિ** તણુઈ સુપસાય
રાજા **શ્રેણિક** તેહ તણુઉ પ્રબંધ રાસ રસાલ કીધઉ
ગુણી ગુરૂ શ્રી **વરસિંઘ** રષિ તણઇ પ્રસાદિ સઉ અર્થ સીધઉ,
પ્રથમ ખંડ પુરઉ કરિઉ, જિનવાણી સુપસાય
બીજઉ ખંડ પ્રારંભ કરૂં, વાંણિ દ્યઉ મુઝ માય. ૧

અંત – એક ખંડ પિહિલૂં કીધઉ, જસ રે **સારદા** લીધઉ,
બીજઉ ખંડ **ગૌતમ** નામઇ, મનોરથ સીધઉ. પુનિ. ૮
વટપદ્ર નયરિ સંવત **સોલ બત્રીસઈ** ભાદ્રપદ વદિ બીજઇ સુક્તાઈ એ પ્રારંભ. ૯
કાંઇ સુકવિમત્ય કાંઇ સુશાસ્ત્રોગતિ, સાધુસંગતિ મિ લહી,
કુંરપાલ રષિ અમ્હે રહ્યા ચઉમાસું, કથા એ મુઝનિ કહી. ૧૦
કુંરપાલ રષિ સખિ (શિષ્ય) **પાલ્હા** મુનિવર, ભગતુ રષિ

માણુકચ સહી
અનુક્રમિ નવ જતી ત્રણિ માહસતી, ચઉમાસિ **વટપદ્ર** રહી. ૧૧
તેહ સાનધિ રચ્યઉ રંગિ બીજઉ ખંડ સોહામણુઉ,
ત્રીજઉ ખંડ કરવા મન થાઇ, જુ વર હુઇ **સારદ** તણુઉ. ૧૨
જીવ રષિ પાટિં શ્રી આચાર્ય **વરસિંહ** ઉદ્યોતકરો
આવઇ શ્રી પુજ્ય શ્રી આચાર્ય **વરસિંહજીનિં** પદ ધરો. ૧૩
જયવંતા શ્રી પુજ્ય આચાર્ય, ભાવિં ભગતિ સિર નાંમીઇ,
ગુણુવંત ગુણુનિધિ તેહ નામિ, મનવાંછિત ફલ પામીઇ. ૧૪
ગૌતમસ્વામી લબધિ આપઉ, જૈન વાણી ચરણુ ધરૂ;
વરસિંહ રૂષિનું નામ રાસ રચીઉ ખરૂ. ૧૫
વરસિંહ રષિ સખિ **ભીમજી** કીધઉ રાસ એ રૂલીયામણુઉ,
નરનારિ ભણુસઇ જેહ સુંણુસ્યઇ, ફલસિ મનોરથ મન તણુઉ. ૪૧૬

(૧) પ.સં.૨૧-૧૧, સેં.લા. (૨) પ.સં.૧૩-૧૬, ડે.ભં. દા.૭૦ નં. ૯૫. (૩) પ.સં.૧૩-૧૦, ડે.ભં. દા.૭૧ નં.૩૦. (૪) પ.સં.૨૨-૧૩, રો. એ.સો. બી.ડી.૨૦૯ નં.૧૯૮૨.

(૧૦૪૨ ગ) શ્રેણિક રાસ (ખંડ ત્રીજો) ર.સં.૧૬૩૬ આસો વદિ ૭ રવિ

આદિ – સ્વામી એ સરવ સિધ નમૂં કર જોડિ એ,
ગોયમ આદિ સાધ સહૂ નમૂં એ. ૧

અંત – સંવત **૧૬ સોલ ૩૬ છત્રીસઈ** વરસઇ આસો વદિ રવિ સપ્તમી,
શ્રેણીક રાસ ખંડ ત્રીજઉ કીધઉ, શ્રુતદેવ્યાનિ પરણુમી. ૫૧

*

માત **સરસતિ** નમી નિત્ય નિત્ય, ત્રીજઉ ખંડ ઇણી પરિ કર્યું
ચઉથઉ ખંડ કરવા મન થાઇ, સેવક નઇ ચરણે ધરઉ. ૫૩
ગૌતમસ્વામી લબધિ આપુ, સેવકનઇ ચરણુઇ ધરૂ
દોએ કર જોડીનઇ **ભીમજી** ભણુઇ, ચતુર્વિધ સંઘનઇ સુખ કરઉ.૫૪

(૧) ઇતિશ્રી અનાથ મુનીસ્વરના રાસ ખંડ ત્રીજઉ **શ્રેણીક**ના રાસનઉં સમાપ્તં. પ.સં.૬-૧૫, રો.એ.સો. બી.ડી.૨૦૯. નં.૧૯૮૩. [આલિસ્ટઑઇ ભા.૨ (બીજો ખંડ), મુપુગૂહસૂચી (પહેલો ખંડ).]

(૧૦૪૩) નાગલકુમાર-નાગદત્તનો રાસ ૨૦૧ કડી ર.સં.૧૬૩૨ આસો શુ.૫ ભૃગુવાર વડોદરામાં

આદિ – રાગ અંચલ્યો–ઢાલ

(સાસણદેવી) પ્રથમ એ **ગૌતમ** સ્વામીનું નામ એ સીઝઈ સહુ
કામ પ્રણુંમ કરૂ એ,
સક્તિ એ સારદા લાગું હું પાય રે, મયા કરઉ માઈ પદબંધ
કરૂં એ. ૧

ઉલાલુ

પદબંધ કરૂં રઇ શ્રી ગુરૂ વાંદી જેહના બહુ ઉપગાર
જિનવાણી સીધાંત સુણાવ્યા પામ્યા સમકિતસાર. ૨
હંસ પખિ જિમ ના સોભિજઇ, માનસર ગીતરા ગાન
જાચિક કહુ કિણી પરિ સોભિજઇ, દાતા નહી જિહાં દાન. ૩
સસીહર વિણુ કહુ નિશા કેહવી, ભાણુ વિણુ જિમ દીસ,
ગુરૂ પાખિ ધર્મમારગ તેહવો, નથી તેહનિ સીસ. ૪
તેહનિ ક્રોધ માંન માયા નથી રઇ, લોભ નથી લગાર
ગ્નાન દર્શન અનિ ચારિત્ર તપ સૂં, પાલે સૂધ આચાર. ૫
છત્રીસ ગુણ પુરણ સ્વામી, દયા તણા ભંડાર
આપિઈ તરઇ અનેક તાર્યા એહવા સદગુરૂ સાર. ૬
એહવા સદગુરૂ સાર સ્વામી મન્ન વચન કાયા નમું
ગૌતમ સ્વામીનૂ નામ લીજઇ, સત્ય વચન આપિ સમું. ૭

અંત – તપ કર્મ બહુલા કરીનિ ગયા દેવલોક પાંચમિ
મ્હાવદે-ખેત્રઇ ચારિત્ર પાલી મુગત્ય લહિસિ તીણિ સમિ. ૧૯૯
કાંએક કવીમતિ કાંઇએક શાસ્ત્રોગતિ ભગતિ કીધી સાધ તણી
સુણીય રચ્યુ રાસ મનિ ઉલ્હાસ, ચરીત્ર એહ સોહામણી. ૨૦૦
(નરનારિ ભણસિ જેહ સુણસિ સુખ લહિઇસિ તેહ સહી
સુધ સીલ પાલી કર્મ ટાલી સહુ પુહુચિ મનની રૂલી.)
વટપદ્ર સંવત **સોલ બત્રીસિ,** આસો સુદિ ભૃગૂ પંચમી
ભીમ ભણઇ મિ રચીઉ રંગિ શ્રી ગુરૂનિ ચરણે નમી,
(પા.) **ભીમ** ભણઇ તિ રાસ રચીઉ **વરસિંહ** ઋષિ ચરણે નમી. ૨૦૧

(૧) સં.૧૬૯૦ માગશિર શુદિ ૧૦ ગુરૌ ગ્રામ **ખઇરવા** મધ્યે આર્યા **લાલબાઇજી** આર્યા **મોહણદેજી** તસ્ય શિષ્યણી **પદમાં** લિ. પ.સં.૯–૧૩, તિલકવિજય ભં. મહુવા. (૨) પ.સં.૭–૧૬, ડે.ભં. દા.૭૧ નં.૧૪. (૩) આર્યા **વીજા** તત્ શિષની આ. રતન લિ. પ.સં.૯–૧૨, ખેડા ભં. (૪) પ.સં. ૧૨–૧૧, દે. લા. પુ. લા. નં.૭૨૫–૪૪૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૬-૨૭, ભા.૩ પૃ.૭૦૫-૦૮.]

૪૯૭. વેલા મુનિ (ત. વિજયદાનસૂરિશિ.)

(૧૦૪૪) નવતત્ત્વ જોડી અથવા **ચોપાઈ** અથવા **ચર્ચા** [અથવા **રાસ**]
સં.૧૬૨૨ પહેલાં

વિજયદાનસૂરિનું સૂરિપદ ૧૫૮૭, સ્વર્ગવાસ સં.૧૬૨૨. તેથી આ કૃતિ સં.૧૬૨૨ પહેલાંની છે.

આદિ – મંગલ કમલાકંદુ એ ઢાલ.

આદિ જિણંદ નમેવિ એ, નવતત્ત્વ કહઉં સંખેવિ એ,
જીવ તણા દસ પ્રાણુ એ, પંચઇન્દ્રી પંચ પ્રાણુ એ. ૧

અંત – ઇય નવતત્ત્વ વિચારતાં, અધિકી ઉછિ ભાષિ રે;
વોલી હુઇ અજાણવઇ, તે ષામઉ સંઘ સાષિ રે. ૬૪
તપગચ્છનાયક સિહગુરૂ, **વિજયદાન** ગણધાર રે.
વેલઉ મુનિ તસુ આણુ ધરી કહઇ સ્વપર ઉપગાર રે. ૬૫

(૧) સં.૧૬૪૭ ભા.વ.૮ બુધે. પ.સં.૭, જય. પો.૬૯. (૨) પ.સં.૬, જેસલ.ભ.ભં. નં.૨૩૮. (૩) લ.સં.૧૬૭૫ ઘોઘા ભં. નં.૨૦. (વે.) (૪) પ.સં.૮-૧૧, વિ.ધ.ભં. (૫) સં.૧૬૫૮ વર્ષે આષાઢ વદિ ૨ સોમે. પ.સં.૮, પ્ર.કા.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૫-૨૬, ભા.૩ પૃ.૭૦૩. એક પ્રતમાં મળતા 'ચેલૂ મનસત આણ ધરઇ' એ પાઠને કારણે કર્તાનું અપરનામ 'મનસત્ય' હોવાનું પહેલાં નોંધેલું પણ પછીથી એ તર્ક છોડી દીધો જણાય છે. વસ્તુતઃ 'ચેલૂ મનસત' એ 'વેલૂ મુનિ તસ' માટેનો ભ્રષ્ટ પાઠ કે વાચન-દોષ જ છે.]

૪૯૮. સમયસુંદર (કવિયણ)

(૧૦૪૫) સ્થૂલિભદ્ર રાસ ૪૧૧ કડી ર.સં.૧૬૨૨ હેમંત ૫ સ્થૂલિભદ્ર દીક્ષા માસ બુધવાર

આદિ– શ્રી પાર્શ્વનાથ નમઃ ઢાલ ઘોડીનો

સિરિ **સરસતિ** સામિણિ કેરા પ્રણમૂં પાય
વરમતિ બુદ્ધિ આપો મુઝનઇ કરી સુપસાય
વિદ્યાદાયક નિજ ગુરૂપયપંકજ પ્રણમેવિ
સિરિ **થુલિભદ્ર** રિષ ગુણ ગાયસુ ભક્તિ ધરેવિ. ૧
જિણિ મુણિવરિ **કોશા** સુ ઘુરિ કીધો સુખવાસ

તસુ સાથઇં રમીઉ બાર વરસ ઘરવાસ
જિણિ **કોશા** છાંડી પાલિઉં અખંડિત શીલ
ગુરૂપદવી ભોગવીનઇ પામ્યાં સ્વર્ગસુખ લીલ. ૨

અંત – તિહાં ગયાં વિછતિઈ ચ્યાર પૂરવ કાલઇં ગુરૂ સ્વર્ગિઇ ગયા,
તસુ પટ્ટિ ગણધર થાપ્યા **થુલિભદ્ર** ગછનાયક ગુરૂ ગ(થ)યા.
ભવિક નરનઇ પ્રતબોધદાયક મિથ્યાત્મ-તમહર દિણયરો,
તે **થુલિભદ્ર** સયલ સંઘનઈં **સમયસુંદર** મંગલકરો. ૯૫

૩૩ ઢાલ ઘોડીનો

એણી પરિ શ્રી **થુલિભદ્ર** પાલઇ નિજ ગુરૂ વાટ.
જસુ વંદણિ કાજઇ આવઇ શ્રાવક ઘાટ. ૩૯૬

*

તિહાં પૂરસ્યઇ ઋષિજી આપણા મનચી આસ,
સોય **થુલિભદ્ર** દ્યઉ મુઝ મુગતિરમણિ ઘરવાસ.
એણી પરિ મઇં સ્તવીઉ **થુલિભદ્ર** સૂરિરાય,
જસુ ગુણ ગાવતાં થાઇ નિર્મલ કાય. ૪૦૩
હવઇ શ્રી ગુરૂ સંઘ આગલિ **કવિયણ** કરઈ અરદાસ,
તે સુણજ્યો તમ્હે સજ્જન ઉત્તમ મતિ સવિલાસ.
જે આગઇ હૂઆ મોટા કવિજન કોડિ,
અતિ ડાહા પંડિત વીનવઉં બે કર જોડિ. ૪૦૪
એ કવિત રચતાં જે કવ્યઉ અક્ષર કૂડ,
જે હોઇ કાંઇ કુશબ્દ કુયમકઈં અરથઇ કૂડ.
મુઝ જાણતાં અજાણતા એ માંહિ જે હોઇ ખોડિ.
તે જોઇ શુદ્ધ કરજ્યો ઈમ કહૂં બે કર જોડિ. ૪૦૫
હૂં છઉં જિન બાલક મૂરખ બુદ્ધિવિહીન,
તમ્હે છઉ અતિ ડાહા પંડિત ચતુર પ્રવીણ.
તમ્હે છઉ મતિ ગુરૂઆ વિદુર ચકોર સુજાણ.
એહ કવિત સોધીનઇ કરજ્યો સત્ય પ્રમાણ. ૪૦૬
રાગ ઘણુ બોલ્યા ભણી કો મમ કરજ્યો રીસ,
જે જિહાં બોલ જોઈયઇ, તેહવા તે રચીયા વિસાવીસ.
તેહ ભણી એણુઈ રાસઇં ધુરિ મઇ કવીઉ રાગ,
હાવભાવ મઈં પોષ્યઉ પછઇ વલી તિસ્યઉ વઇરાગ. ૪૦૭

એહ રાસ અનોપમ સુણતાં સરસ મીઠાસિ,
જે કામીજન ડાહા તે કહસ્યઇ સાબાસિ.
તે ભણી મઈ રચીઉ એ કોવિદજનપ્રીય રાસ,
એ રાસ ભણતાં સુણતાં હોસ્યઇ હર્ષ ઉલ્લાસ. ૪૦૮
ઈંદુ ૧ રસ ૬ સંખ્યાઈં એહ સંવચ્છર માન,
આદિનાથથી નેમિ જિન તે તણુઉ વરસ પ્રધાન.
ઋતુ હેમંત **થૂલિભદ્ર** દીક્ષા માસ સુચંગ,
પંચમી બુધવારઇં રચીઉ રાસ સુરંગ. ૪૦૯
એહ શીલ તણુઉ વર સુંદર ધવલ સુચંગ,
જે ભાવઈ ભણસ્યઇ શ્રાવક શ્રાવિકા ચંગ.
તે લહસ્યઇ ઇહ ભવિ મનવંછિત સુખવાસ,
વલી લહસ્યઇ પરભવિ મુગતિરમણિ ઘરવાસ. ૪૧૦
જાં થિર પૃથવીતલ મેરૂ ગિરિ જાં આકાશ,
જાં સાગરસુ૧ સસિકર દિનકર તેજપ્રકાસ.
તાં ચિર જયઉ ચતુરવિધ શ્રી સંઘ સું એહ રાસ,
ઇમ જંપઇ **કવિયણ** આણી બુદ્ધિપ્રકાસ. ૪૧૧

(૧) પ.સં.૧૯-૧૭, મ.જૈ.વિ. નં.૫૧૩.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૪૪-૪૬.]

૪૯૯. રાજપાળ (પિપ્પલક ગચ્છ, પૂર્ણચંદ્ર શાખા પદ્મતિલકસૂરિ –ધર્મસાગરસૂરિ–વિમલપ્રભસૂરિશિ.)

આ પીંપલગચ્છમાં જે બીજા ધર્મસાગરસૂરિ થયેલા અને જેના લેખ ધાતુપ્રતિમા પરના સં.૧૫૧૩, ૧૫૧૫, ૧૫૩૦, ૧૫૩૧ અને ૧૫૩૫ના મળી આવે છે, તે આ ગચ્છની ત્રિભવિયા શાખામાં થયેલા ધર્મસુંદરસૂરિના પટ્ટધર છે જ્યારે અહીં પ્રશસ્તિમાં જણાવેલા ધર્મસાગરસૂરિ તે પીંપલગચ્છના સ્થાપક શાંતિસૂરિની ૧૫મી પાટે પૂર્ણચંદ્ર શાખામાં થયેલા પદ્મતિલકસૂરિના પટ્ટધર છે.

(૨૦૪૬) જંબૂકુમાર રાસ ૫૨૫ કડી ર.સં.૧૬૨૨ માહ વદ ૭ રવિ

આદિ– સકલ જિનવર સકલ જિનવર સકલ સુખકાર,
સકલકલાસોભિત વિમલ મુખ મયંક સમ અમલ સોહે,
સકલ કર્મ સંખેપે કરિ મુગતિ નારિ સ્યું રંગે મોહે,
તસુ પદપંકજ નિત નમું આંણી મનિ ઉલ્હાસ,

ગૌતમ ગણધર પ્રણમતાં આવે બુદ્ધિપ્રકાશ. ૧

અંત – કર્ણિકા **ઉપદેશમાલથી** ગુરૂમુખે હીયે વિચાર રે,
તેહ અરથ જાંણી કરી મેં રચિઓ એ રાસસાર રે.
વિક્રમરાયે થાપીઓ સંવત **ઋતુ ઈંદ્ર** જાણો રે,
દોઇ યુગ વરસ વિચારયો માસ મને મધુઆણો રે. ૨૧
કૃષ્ણપક્ષ મુનિ તિથિ ભલી તિણિ દિન વાર જ સવિતા રે,
ગુરૂ **શારદ** સુપસાઉલે, ચરિય રચ્યું કહે કવિતા રે.
ચંદ્ર તણી શાખે હૂઆ **શાંતિસૂરિ** ગુરૂરાય રે,
પીંપલગચ્છ તેણે થાપીઓ આઠ શાષ તિહાં થાય રે. ૨૨
શાસન દેવે **ચક્રેસરી** ગુરૂને સાંનિધિ આવે રે,
મહિમા અતિહિં વધારતી શાસન જિનનું શોભાવે રે,
કહી એ શાખા એ પાંચમી **પૂર્ણચંદ્ર** ગુરૂનાંમ રે,
હૂઆ પાટે પનરમે **પદ્મતિલકસૂરિ** નાંમ રે. ૨૩
શ્રી **ધર્મસાગરસૂરિવર** તસુ પાટેં ગુણ ગાજે રે,
શ્રી **વિમલપ્રભ** સૂરીવર સોહે જયવંતા એ રાજે રે.
તે ગુરૂના પય પ્રણમી ગાયો **જંબુકુમાર** રે,
મુનિ **રાજપાલ** ભણે ઇમ કીજે સફલ અવતાર રે. ૨૪

કલશ

ઇય **જંબૂ** મુનિવર સકલ સુખકર ચરમ કેવલી જાંણીઇ,
સોભાગસુંદર સુગુણમંદિર પાટિ તૃતીય વખાણીઇ;
તેહનઉ એહ પ્રબંધ ભણુસઇ વલીય સુણસઇ જે નરા,
તસુ દુખ ટલસઇ સુખ મિલસઇ ઘરિં વિલસઇ ઇંદિરા. ૫૨૫

(૧) ગ્રંથાગ્ર ચુપઇ ૫૨૭ શ્લોક ૯૫૫. પ.સં.૩૪–૧૩, રત્ન. ભં. દા.૪૫ નં.૨૪. (૨) સંવત ૧૬૮૫ કા. સુદિ ૧૫ ભોમે **ધોલકાસ્થાને** ઋષિ ......ઋષિ......પઠનાર્થે. (હડતાલ ફેરવી છે). પ.સં.૨૮–૧૪, મુક્તિ. નં.૨૩૩૬. (૩) લીં.ભં. દા.૩૦ નં.૨૮. (૪) ડે.ભં. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૯–૧૯૧, ભા.૩ પૃ.૬૬૧.]

૫૦૦. રત્નસુંદર (પૌ. ગુણમેરુશિ.)

પૂર્ણિમાગચ્છના ગુણમેરુસૂરિ તે સૌભાગ્યરત્નસૂરિના પટ્ટધર હતા. તેમના પ્રતિમાલેખ સં.૧૫૮૮ અને ૧૫૯૧ના મળે છે. (જુઓ લેખાંક ૧૦૭૦ ભાગ પહેલો અને લેખાંક ૨૯૨ ભાગ બીજો ધા.પ્ર.સં.)

(૧૦૪૭) પંચાખ્યાન ચોપાઈ અથવા **કથાકલ્લોલ ચો.** [અથવા **પંચ-કારણ રાસ**] ર.સં.૧૬૨૨ આસો શુ.૫ રવિ સાણંદમાં

ડો. હર્ટલે પંચતંત્ર સંબંધી ઘણી જબરી શોધખોળ કરી છે; તે પરનાં સર્વ પુસ્તકો દરેક ભાષામાંનાં જોઈ જઈ સિદ્ધ કર્યું છે કે પંચતંત્રના મૂળ ઉત્પાદક જૈન છે. આ ચોપાઈ પણ તેમણે જોઈ છે.

આદિ – પ્રણમ્ય પૂર્વં પરમાત્મનઃ પદં સરસ્વતીમીશસુતં ચ સદ્ગુરું,
સુદીપરૂપામિવ મૂઢમાનસે સુપંચકાખ્યાનચતુષ્પદીં બ્રુવે. ૧

દૂહા.

આદિદેવ પ્રભુ આદિ ગુરૂ, **શાન્તિ** નામ જિન ધીર,
પાસ આસ પૂરૈ ધણી, પરમ પુરૂષ **મહાવીર.** ૨
સિદ્ધિ બુદ્ધિવર લબધિનિધિ, **ગૌતમ** ગુણભંડાર,
કેવલ દર્શન પૂર્વધર, જે પામ્યા ભવપાર. ૩
તરણતારણ ત્રય ભવનિ પતિ, અજર અમર પદ પાય,
ગણધર શ્રુતધર સુકવિ કવિ, પ્રથમ નમું તસ પાય. ૪

ગાથા

જિનવયણ કમલવાસા પુવ્વરમાલા દકિખણ વરહત્થા,
હંસાસણિ ગયગમણા સરસઈ સા સુહદાઉ. ૧
અવિરલ શબ્દમહૌધા પ્રક્ષાલિતસકલમનકલંકા,
મુનિભિરૂપાસિતચરણા **સરસ્વતી** હરતિ મે દુરિતં. ૨
સરસ્વતિ મહાભાગિ વરદે કામરૂપિણિ,
વિશ્વરૂપે વિશાલાક્ષિ દેહિ મે વિદ્યાં પરમેશ્વરિ. ૩

દોહરા

ભારતિ ભગવતિ **સરસ્વતિ**, કર પુસ્તક વરમાલ,
વેણા વાહણિ હંસવર, આપે વચન રસાલ. ૬
કણય ચંપક તન વાન જસ, તપૈ તેજ લખ સૂર
પીતંબર અંબર ભલ ભૂષણ અંગર... ૭

ચઉપઈની ઢાલ

ચરણ ચોલી ચિર દિવંગ, ધરૈ ત્રિવેલી નવરંગ,
નવ ખનાદિ રણકે લેવરી, થમકે જોડિ સોવન ઘૂઘરી. ૮
હાર દોર સોવનમેખલા, નલવટિ આધા શશિધર-કલા,
કર કંકણ સોવન મૂંદડી, કાન ઝબૂકે રયણે જડી. ૯

મસ્તકિ મનમોહન રાખડી, સિરિ સઇથું સોહે પદ્દકડી,
નાસા અતિ મોતિ નિર્મલુ, પૂનિમચંદ્ર થકી મુખ ભલું. ૧૦
કમલનયણિ કાજલની રેહ, અધરરંગ પરવાલી જેહ,
દંતપંક્તિ દાડિમની કલી, કૈ જવહર હીરે સું મલી. ૧૧
કમલનાલ ભુજદંડ પ્રમાણ, વેણિદંડ વાસિગનું માન,
વાંકી ભમહિ ધનુષનુ વંક, કટિપ્રદેશ કેશરિનું લંક. ૧૨
કણયકલશ કુચ વેંચ સમાન, કમઠ પીઠ પદ ગોપતિ જાન,
મુખ તંબોલ કુંકુમરોલ, તન ઉગટ ચંદનરસ ઘોલ. ૧૩
રમૈ રંગ જલ થલ આકાસિ, વસે વર્ણવા વનનૈ વાસિ,
પૂર આસ કવિ મુખ અવતરી, સરસતિ સરસ વાંણિ હિ ખરી. ૧૪
સુગુરૂચરણનું લહી પસાય, પૂનિમપક્ષ પ્રવર ગુરૂરાય;
ગિરૂઆ શ્રી ગુણમેરૂ સૂરીશ, વચનસાર તસ બોલે શીસ. ૧૫

દૂહા.

વચનસાર અતિ સરસ, દિઓ જનરંજન દેવ;
વિઘનરહિત વિદ્યા વિભવ, આપિ સદા મુજ ખેવ. ૧૬
સિદ્ધ વેદ આગમ નિગમ, વ્યાકરણ સ્મૃતિ પુરાણ;
તર્ક છંદ લક્ષણ ભરહ, જ્યોતિષ વૈદ્ય કુરાણ. ૧૭
કામ કોક રતિરહસ્ય વિધિ, સ્વપ્ન શકુન લખ કોડિ;
નીતિ બુદ્ધિ શ્રુત બલ વિના, નવિ કોઇ જાણે ખોડી. ૧૮
શ્રુતસાયરતટ પામવા, નીતિ બુદ્ધિ દોઇ નાવ,
ધર્મ કર્મનુ પામીએ, જો હોઇ બુદ્ધિપ્રભાવ. ૧૯
વિષ્ણુશર્મા વાડવ ભલો, શ્રીગોડ નાતિ સુજાણ;
સરસ કથા રસ વીનવે, નામે પંચાખ્યાન. ૨૦
નહિ વિદ્યા બુદ્ધિ તેટલી, તો કવિ સ્યું સ્યો વાદ;
કાંઇ જે અક્ષર લહું, તે ગુરૂચરણપ્રસાદ. ૨૧

ચોપઈ.

પંચતંત્ર અછે જેહ માંહિં, નામે પંચાખ્યાન કહેવાઇ;
જાણ અજાણ જિમ પ્રીછે બાલ, બોલિશ ચોપઈ માંહિ રસાલ. ૨૧

ડેહલા સુપાશ્રયની પ્રતમાં આદિમાં નીચેનો પ્રથમ દુહો આપી ઉપર છપાયેલ કડી ૧૬મીથી ચાલુ છે તેમ ચાલુ છે:

શ્રી **અંબા** શ્રી **સારદા**, શ્રી જિન શ્રી ગુરૂરાય
ગણધર શ્રુતધર શું કવિ, પ્રથમ નમૂં તરુ પાય. ૧

અંત – (પહેલા અધિકાર)
પંચાખ્યાન પ્રથમ અધિકાર, મિત્રભેદ બોલ્યો વિસ્તાર;
પક્ષ **પુનિમ** શ્રી **ગુણમેરૂ**સૂરિ, સુગુરૂ સીસ બોલે રસપૂરિ. ૫૨
કુમર રહ્યા મનમાં રણઝણી, વચન **વિષ્ણુશર્મા**ના સુણી;
પ્રથમ કહ્યો મિત્રભેદ વિચાર, ભણી સુણી લહીએ જયકાર.
—ઇતિ શ્રી પંચાખ્યાન રાજનીતિબુદ્ધિશાસ્ત્રે મિત્રભેદ પ્રથમોધિકાર: સંપૂર્ણમ્.

(બીજો અધિકાર)
મિત્રપ્રાપ્તિ બીજો અધિકાર, **વિષ્ણુશર્મા** કહે સુણો કુમાર,
પુનિમગચ્છ શ્રી **ગુણમેરૂ**સૂરિ, **રત્નસુંદર** બોલે રસપૂરિ.
—ઇતિશ્રી પંચાખ્યાને રાજનીતિબુદ્ધિશાસ્ત્રે મિત્રપ્રાપ્તિ દ્વિતીયોધિકાર:

(ત્રીજા અધિકારને અંતે પહેલા પ્રમાણે)

(ચોથો અધિકાર)
પક્ષ **પૂનિમ** શ્રી **ગુણમેરૂ**સૂરિ, **સુંદર** સીસ બોલે રસપૂરિ,

(પાંચમો અધિકાર)
નીતિશાસ્ત્ર કહીઇ એ નામ, **પંચાખ્યાન** બીજઉ અભિધાન,
તેહ ગ્રંથ અણુસારઈં કહી, વડા કૂયા પાસઈ એ કૂઇ. ૧૮૭૨

શ્લોક:

ચત્વારીહ સહસ્રાણિ તત્પરં ષટ્શતાનિ ચ,
ગ્રંથસ્યાશ્ચ મયા માનં ગણિતં શ્લોકસંખ્યયા.

ગુરૂપ્રસાદિ જે જે મઇં લહી, **કથાકલ્લોલ** નામઇં ચઉપઇ,
ભણતાં બુદ્ધિ વાધઇ અતિ ઘણી, સુણતાં સુખસંપતિ તે સુણી. ૭૪
સોલ બાવીસઉ વચ્છર સાર, સુદિ આસો પાંચમિ રવિવાર,
સાણંદ નયર શોભઇ શુભઠામ, **પૂનિમ**પખિ ગચ્છ અભિરામ. ૭૫
શ્રી **ગુણમેરૂ**સૂરિ ગુરૂરાય, તાસ સીસ પ્રણમઇ નિતુ પાય,
કરઇ ખરડુ સાનિધિ અતિ ઘણું, ટાલઇ વિઘન તે સવિકહઇ ભણુ. ૭૬
હરઇ વિપદ આપઇ સંપદા, ઈસી દેવિ સમરી **સારદા**,
તાસ પસાઇં વચનવિલાસ, લહીઇ નિતુનિતુ પુહચઇ આસ. ૭૭

કવિ નર સુકવિ મ દેસ્યો ખોડિ ખમજ્યો દોસ કહૂ કર જોડિ,
બુદ્ધિ માજનઇ બોલિઉ બોલ, કવિતા કોઇ મ કરસ્યો આલ. ૭૮
હરષ ધરી સાંભલજ્યો સદા, આપદ કષ્ટ ન આવઇ કદા,
સંખ્યા શ્લોક દૂહા ચઉપઈ, સતાવીસ સઇં પૂરા હૂઇ. ૭૯
ભણઇ ભણાવઉ નિર્મલ બુદ્ધિ, નવ નિધિ અષ્ટ મહા લહઉ સિદ્ધિ,
ઋદ્ધિ વૃદ્ધિ મંગલ નિશિદીસ, શ્રી **ગુણમેરૂ**સૂરિ કહઈ સીસ. ૮૦

(૧) ગ્રં.૩૦૦૦, પ.સં.૫૫-૧૮, ડે.ભં. દા.૭૦ નં.૧૭. (૨) સં. ૧૭૮૫ લિ. પ.સં.૧૩૫-૭, કલ. સં.કો. કેટે. ૧૦, નં.૧૩૫. (૩) સં.૧૬૪૮ આ. વ. ૬ ભૂમે. ઊર્ણાપુરે મુહરજી લિ. મહિમા. પો.૩૩. (૪) **તપાગચ્છે હેમવિમલસૂરિ** શિ. **પ્રમોદમંડણગણિ** શિ. પં.હર્ષવિમલગણિ શિ. મુનિ **સૌભાગ્યવિમલ** તત્ ભ્રાતા મુનિ **વૃધિવિમલ** તથા સાધ્વી **લબ્ધિલક્ષ્મી** વાંચનાર્થં સં.૧૬૯૨ **પાહલણપુરે** લ. પ.સં.૯૪-૧૫, રત્ન. ભં. દા.૪૧ નં.૨૯. (૫) સં.૧૭૪૮ વૈ. સુદિ ૩ અક્ષય તૃતીયા વાચનાચાર્ય શ્રી **મતિરત્નગણિ** શિ. પં.**સમયમાણિકચગણિના** વ્યલેખિ શ્રી **સિંધુદેશે** શ્રી હાજીખાન દેરાયાં ગ્રં.૨૭૦૦, પ.સં.૪૩, ત્રૂટક, અભય. (૬) લ.સં.૧૭૫૦, સારી પ્રત, ભાં.ઇ. સને ૧૮૮૨-૮૩ નં.૨૮૮. (૭) ભ. શ્રી **વિજયઋદ્ધિસૂરિ** શિ. પં. કનકવિજય શિ. પં. **કૃષ્ણવિજય** લિ. સં.૧૮૭૩ વૈ.૧૦ શ્રી **વિરક્ષેત્રતઃ** પ.સં.૧૦૮-૧૩, ફાર્બસ સભા નં.૧૮૭. (૮) પ.સં.૩૧, પ્રથમ અધિકાર, જૂની પ્રત, સંઘ ભં. પાટણ દા.૩૬ નં.૨૭. (૯) પ.સં.૬૨, ખંડિત, મો. સેં. લા. (૧૦) પ.સં.૭૮, અમ. (૧૧) વિ.ધ.ભં. [મુપુગૂહસૂચી.]

(૧૦૪૮) રત્નવતી ચોપાઈ અથવા **રાસ** ૪૦૩ કડી ર.સં.૧૬૩૫ શ્રા.વ.૨ રવિ ખંભાતમાં

આદિ - દૂહા

સકલ સિદ્ધિ નવનિધિ દીઇ, જિન ચઉવીસિ દેવ,
આપઇ વાણિ અતિ ભલી, સાચી સહિગુરૂસેવ. ૧

અંત - **પોતનપુર** વરિ રૂડઇ ઠામિ, શ્રીમુખિ **વીરિ** પ્રકાસિઉં તામ
રત્નવતી સતી સંબંધ, નિસુણી જીવ વાર્યા ભવબંધ. ૩૯૮
સોલ પાંત્રીસિ શ્રાવણ માસિ, વદિ બીજ રવિ દિન ઉલ્લાસ
ખંભ નયરિ શ્રી **થંભણા પાસિ, રત્નવતી**નુ રચીઉ રાસ. ૯૯
પક્ષ **પૂર્ણિમા** તણુ અતિભલુ, શ્રી **ગુણમેરૂસૂ**રિ ગુણનિલુ
તાસ સીસ **રત્નસુંદર**સૂરિ, રચીઉં રાસ પ્રમોદહ પૂરિ. ૪૦૦

ભણુઈ ભણાવિ જે નરનારિ, તેહ ઘરિ મંગલ જયકાર
રિદ્ધિ વૃદ્ધિ સઘલી સંપજઇ, જે જન એકમના નિતુ ભજઇ. ૧
ચઉપઇ દૂહા અનિ પદબંધ, જિમક જડતા જે રહિઉં પદબંધ
અરથફેર બોલાણુઉ જેહ, મિચ્છા દુકડ હોયો તેહ. ૨
રત્નવતી સતીનું ચરિત્ર, ભણતા ગુણતા પુણ્ય પવિત્ર
કવિતા કોઇ મ દેશુ ખોડિ, **રત્નસુંદર** પ્રણમઇ કર જોડિ. ૪૦૩

(૧) પત્તનનગરે લ. ૫.સં.૧૪, જય. પો.૭૦. (૨) લિ. પત્તને. ૫.સં. ૧૪, જય. પો.૬૯.

(૧૦૪૯) શુકબહોતરી [કથા ચોપાઈ] ૧૬૩૮ આસો શુદ ૫ સોમ ખંભાતમાં

આદિ – ગાથા.

સયલ સુરાસુર માયા, મંગલ કલ્યાણ સુજસ જય નિલયં,
વરવિજ્જાધણુદાયા, સા **શારદ** પઢમ પણુમામિ. ૧

છપ્પય.

આદિ **રિસહ** જિણુનાહ, **અજિય સંભવ અભિનંદણુ**,
સુમઇ પઉમપહદેવ, **સુપાસ ચંદપ્પહ** વંદણુ.
(સરસ્વતી સ્તુતિ મોટી છે. પછી ગુરુસ્તુતિ.)

વસ્તુ – સયલ મંગલ સયલ મંગલ કરણુ જિનરાય,
ચઉવીસે પણુમી કરી, ધરિય ચિત્ત **સરસત્તિ** સામિણિ.
ગુરૂ **ગોયમ** ગણુહર નમી, રિદ્ધિ બુદ્ધિ સુવિશુદ્ધ કરણિ,
સરસ ઝમક પદબંધ સ્યું, કથસું કથા રસાલ
બહુત્તરિ બુધ્ધેં આગલી, સુણુયો બાલગોપાલ. ૩૩

દૂહા – આગે કવિ કહેતાં રહે અધિવિચિ કાંઈ ઉંણુ,
ધરિ છેહડે ઓછું અધિક, તેં કરસ્યું પરિપુન્ન. ૩૪

ચોપઈ – **સોલસેં અડત્રીસો** સાર, આસો શુદિ પંચમિ શશિવાર,
પૂનિમપક્ષ ગચ્છપતિ ગણુધાર, શ્રી **ગુણમેરૂ**સૂરિ ગુરૂ સાર. ૩૫
તાસ સીસ પ્રણુમી ગુરૂપાય, કથા પંડિત દેખી સજિ થાય,
કથા તણો કીજે ઉદ્ધાર, દોષ મ દેસો કોઇ લિગાર. ૩૬
કરૂં કવિત પૂરૂં મનકોડિ, યુગતિ સગતિ સ્યૂં બાંધી જોડિ,
સરસ વચન સૂડાનાં સાર, કવિ મુખ કહતહુ જયો જયકાર.

અંત – **સારદ** ગુરૂ પસાઇ કરી, ગુરૂ ગચ્છપતિ પાએ અણુસરી,

શ્રી ગુણમેરૂ સૂરિવર સીસ, રત્નસુંદરસૂરિ કહે જગીસ. ૧૬
ગુજ્જરદેશ ત્રંબાવતિ ઠામ, થંભણ પાસ તીરથ અભિરામ,
સાંનિધિ શ્રી જિનશાસણિ કરી, એ કહી કથા શુકબહોતરી. ૧૭
છપ્પય ગાહા દૂહા ચોપઈ, વસ્તુ અડયલ પદબંધૈં થઇ,
સંખ્યા સર્વ સુણેયો સહી, શત ચૌવીસ ઉપરિ એકહી.
(પા. પંચત્રીસ માજનઈ) ૧૮
પ્રસિદ્ધ નાંમ એ શુકબહુત્તરી, બીજો નામ એ રસમંજરી,
મુજ શિરિ બુદ્ધિમતી નહી તેઇસી, રચ્યું કવીશ્વરની પરિ જિસી.૧૯
જાં ધ્રુ તારા શશિહર સૂર, જ્યાં મહિ મેરૂ જલનિધિ પૂર,
ભણો ભણાવો નિર્મલ બુદ્ધિ, જિમ લહો મન વચ કાય જ સુદ્ધિ.૨૦
મંગલ પહિલો જિન ચૌવીસ બીજો મંગલ ગોયમસીસ,
ત્રીજો મંગલ ગુરૂ અભિધાન, ચોથો જિનશાસન પરધાન. ૨૧

(૧) ઇતિ શ્રી રસમંજરી કથા શુકબહુત્તરી ચોપઇબદ્ધ. લિ. સં. ૧૮૪૦ માર્ગ. શુ. ૭ રવિ. શ્રી દ્રાફા મધ્યે. રાજકોટ. યતિ. (૨) સં.૧૭૫૦ વર્ષે વૈશાખ માસે શુક્લ પક્ષે ચતુર્દશ્યાં તિથૌ શનિવાસરે શ્રી જસનગર મધ્યે લિખિતં ગણિ ગિનાંનવિજય. પ.સં.૧૧૦, યતિ ચેતનસાગરજી ભં. ઉદેપુર. (૩) અ. ડે. (૪) સં.૧૮૪૦ આસો વદ ૧૦ સોમે રામપૂરા ગ્રાંમે લ. ઉ. ધીરવિમલ પં. આણંદવિમલ સુ. હર્ષા ચેલા માનચંદ પઠનાર્થં. પ.સં.૭૨-૨૦, ઝીં. પો.૩૯ નં.૧૮૮. (૫) ગ્રં.૩૫૦૦, બાલચંદ્ર યતિનો કાશી ભં. નં.૨૦ (વે.). [મુપુગૂહસૂચી.]

('સુડા બહુતરી કથા'ની પ.સં.૪૭ની મારવાડી ભાષામાં ગદ્યમાં ઉત્તમ અક્ષરે લખેલી પ્રત કુલ ૪૭ કથાવાળી અને "સં.૧૭૮૫ રા વર્ષે મિતી આસૂ સુદિ ૧૧ દિને તિથૌ બુધવારે પલ્લિકા મધ્યે" લખેલી ભાં. ઇ.માં સન ૧૮૮૭-૯૧ નં.૧૪૭૧ છે; 'શુક બહુત્તરી વાર્તા' "સં.૧૮૦૪ પં. સભાચંદ લિ. વીકાનેર મધ્યે"ની પ્રત પ.સં.૫૬ની વચમાં ત્રૂટક અભય. નં.૨૮૪૮ છે.) [આ ઉપરની રત્નસુંદરની કૃતિની નહીં પણ અન્ય અજ્ઞાતકર્તૃક 'શુક બહોતરી'ની પ્રતોનો નિર્દેશ જણાય છે.]

(૧૦૫૦) સપ્ત વ્યસન પર ચોપાઈ ૧૩૭૦ કડી ર.સં.૧૬૪૧ પોષ શુદ ૫ રવિવાર ખંભાતમાં

આદિ – પ્રણમ્ય પરમા ભક્ત્યા જિનાન્ ચૈવ સરસ્વતીં,
વ્યસનાનાં કથાં કુર્મે નામ્ના રત્નપ્રદીપિકા. ૧

ચુપઇ

શ્રી જિન સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય, પ્રણુમી સકલ સાધુવર પાય,
શ્રી સારદા સુગુરૂ મનિ ધરી, મતિ બુદ્ધિ જે આપેં હિત ધરી. ૨
ધવલ હંસવાહનિ સુવિશાલ, કરે પુસ્તક વેણા વરમાલ,
કાંતિ કરે તનુ ઝાકઝમાલ, **સારદદેવી** નમૂં ત્રિણુ કાલ. ૩
મતિ વિણુ યશ માગૂં કવિ તણું, હંસા રૂપેં મ હોસિઇ ઘણું,
ઊર્ધ્વ વૃક્ષફલ લેવા કાજિ, વામન પરિ વિમાસિઉં આજ. ૪
પાંડવ હરી ચક્રી નૃપ ચરી, અતુલ ઉદધિ તરવુ ભુજે કરી,
પર્વત સિરિસી ભરવી બાથ, પુણુ મુઝ સિરિં સુગુરૂના હાથ. ૫
ગુરૂ દિણુવર ગુરૂ દીપ સરૂપ, ગુરૂ જંગમ તીરથ જગભૂપ,
ગુરૂ વિણુ મારગ કો નવિ લહેં, ઉભય લોક સાધન ગુરૂ કરેં. ૬
મંત્ર યંત્ર મોહન ગુરૂનાંમ, ગુરૂ કહીઈ સકલ ગુણગ્રામ,
તપ જપ સિદ્ધિ સાધન ગુરૂસેવ, યુગપ્રધાન જંગમ ગુરૂદેવ. ૭
ગચ્છપતિ શ્રી **ગુણમેરૂ** સૂરીંદ, સકલ ભવિક વંદે મુનિવૃંદ,
સુગુરૂચરણુ પ્રણમૂં કર જોડિ, કરૂં કથા સાતે મન કોડ. ૮
દ્યૂતકર્મ આમિષ નેં સુરા, આખેટક વેશ્યા તસ્કરા,
પરદારા સેવેં નર જાટ, વ્યસન સાત કહીએં ઉવાટ. ૯

અંત – સાત વ્યસનનિ ચુપઇનઇ બંધિ, બોલ્યાં જે પ્રી છયાં સંબંધિ,
સૂત્ર વિરૂદ્ધ હુઇ જે બોલ, તે મુઝ મિચ્છા દુક્કડ તોલ.
ચંદ્ર વેદ રસ પુહુવી માંન, વર માસ સિત પોષ પ્રધાન,
પંચમ તિથિ રવિવાર દિણેશ, **ખંભનયર** શ્રી **પાસ** જિણેસ.૧૩૬૭
પક્ષ **પુંનિમિ** શ્રી **ગુણમેરૂ**સૂરિ, તાસ સીસ ભાખેં રસપૂરિ,
ભણો ભણાવો એ ચોપઇ, શત ચઉદ સંખ્યાએં થઇ. ૬૮
વર્ણમાત્ર ગુરૂ લઘુ પદબંધ, કરયો સુકવિ તે શુદ્ધ સંબંધ,
અર્થફેર જે બોલીઓ અલી, તે અપરાધ ખમેયો વલી. ૬૯
સૂરિ **રત્નસુંદર**ની વાણિ, વિબુધજને કરવી પરમાણિ.
જે જિનઆણુ ધરેં નિસદીસ, તસ ઘરિ સદા લગેં સુજગીશ. ૭૦

(૧) સં.૧૬૪૮ કા. વ. ૧૩ ગુરૂ લ. કડી ૧૩૭૭, પ.સં.૬૭–૧૩, પ્રથમ પત્ર નથી, ખેડા ભં. ૩. (૨) રંગવિજયગણિ શિ. પં. હસ્તિવિજયેન લિ. સં.૧૭૭૧ ભા. કૃ. ૨ ગુરૂ **પાટડી** ગ્રાંમે લિ. ૧૪૦૦ ચોપાઈ, પ.સં. ૪૩–૧૭, રત્ન. ભં. દા.૪૨ નં.૪૩. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૩).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૩૦-૩૪, ભા.૩ પૃ.૭૨૦-૨૫ તથા ૧૫૧૩-૧૪.]

૫૦૧. હર્ષસાગર (ત. વિજયદાનસૂરિશિ.)

વિજયદાનસૂરિ સં.૧૫૮૭-૧૬૨૨.

(૧૦૫૧) નવતત્ત્વ નવ ઢાલ ૧૫૩ કડી સં.૧૬૨૨ લગભગ

આદિ – મંગલ કમલા કંદુ એ-ઢાલ.

આદિ જિણંદ નમેવિ એ, નવતત્ત્વ કહું સંખેવિ એ,
જીવ તણા દસ પ્રાણ એ, પંચ ઇંદી પંચ પ્રાણ એ. ૧
ત્રિણિ બલ મણ વય કાય એ, સાસ નીસાસ સંજાઈ એ,
આઉખા સિઉ દસ હુઇ એ, પ્રાણુવિજોગિઈ પુણ મરિઇ એ. ૨
પ્રાણ ધરઇ તે જીવ એ, ચેતન લક્ષણ જીવ એ,
ચઉદઇ જીવપ્રકાર એ, કહિસ્યું પર-ઉપગાર એ. ૩

અંત – ઇય **નવતત્ત્વ** વિચારતા, અધિકી ઊછી ભાભ રે,
બોલી હુઇ અજાણવઇ, તે ખામઉં સંઘ સાખિ રે. ૧૫૨
તપગચ્છ માહે સિરિ ગુરૂ, શ્રી **વિજયદાન** મુણિંદ રે,
હરષસાગર મુનિવર કહઇ, પભણતાં આણંદ રે. ૧૫૩

(૧) પં. **સહજવિમલગણિ** શિષ્ય ગણિ **વિદ્યાવિશાલ** લિ. ૧૭૫ ગ્રંથ. પ.સં.૫-૧૬, રાજકોટ મોટા સંઘનો ભંડાર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩૮.]

૫૦૨. જ્ઞાનદાસ (લોંકાગચ્છ નાનજીશિ.)

(૧૦૫૨) યશોધર રાસ ર.સં.૧૬૨૩ કા.શુ.૮ રવિ વડોદરામાં

આદિ – રાગ કેદારઉ

શ્રી **ગોઈમને** ચરણે નમું, ધ્યાન ધરી હઇડઇ સમું,
વીનવું ટાલી મન સુ આમલઉ એ. ૧
જિનવાણી જે **સરસ્વતી**, મયા કરઉ મઝનિ અતી,
સરસ્વતી વચન એક મઝ સાંભલુ એ. ૨

ઉથલુ

વચન એક સાંભલુ એમ મ્હારૂ બોલ અમૃતવાણી,
ક્રિપા કરઉ રે માતા મુઝનિ તું ત્રિભોવનિ પટરાણી. ૧
જેહનિ ક્રિયા કરિઇ તું માતા, તેહનુ સીઝઇ કાજ,

આતમ ધ્યાન અગોચર ધ્યાઇ, પામઇ અવિચલ રાજ. ૨
રાજ રધિ રાણિ વિનવિ મું, માગુ અનઇ અરથભંડાર,
રાય **જસોધર** ચરિત્ર બોલતાં, માહારી બુદ્ધિ કરે વસ્તાર. ૩

અંત – રાગ ધવલ ધવલગિરિ

વીર જિણંદ **ગોતમ** આગલિ, એ કહઈ ચારૂ ચરિત્ર,
દાલિદ્રખંડણુ દૂખવિહંડણુ એતઉ સુખ સમાધિ પવિત્ર. ૧
હો પ્રાણી સાંભલુ ચરિત્ર રસાલ
ભલઈ ભાવિ સુણજ્યો સુવિશાલ, સુણી છાંડજ્યો હિંસા ઢાલ હો. ૧
આદિ ઉતપતિ જેહવી લહીઅ, કહીઅ તેહવી દોષ મ દેસુ કોઇ,
જે કા જાણુ વિચિક્ષણુ લહિ, સાચુલુ સોઇ, હો. ૩
ગ્રંથી મોટા માહિથી પ્રબંધ કીધુ તેહથી, **જસોધર** વર્ણનસાર,
હંસાઉથાએક દયાથાએક આપક પુન્ય ઉદાર હો. ૪
સંવત **સોલ ત્રેવીસઇ** રૂયડઇ, કારતિગ સુદિ રવીવાર,
અષ્ટમી તથિ **વડુદરિ** નીપનુ, ચરીત્ર મનોહર સાર. હો. ૫
પાપ દૂરિ પડઇ નવનધિ સાંપડઈ, આવડઇ જેહનઈ રાસ,
લુંકાગછિ હૂંતઉ રષિ **નાનજી** ઉત્તમ, તેહ સાંગુધિ (શિષ્ય) કહઈ
જ્ઞાનદાસ. હો. ૬

(૧) પ.સં.૨૮–૧૧, ડે.ભં. દા.૭૦. નં.૫૯. (૨) ૫૮૪ કડી, સં. ૧૭૦૮ વર્ષે કા. વદિ ૧ શુક્રે સિદ્ધ જોગે લખાવતં આચારિજ પૂજ્ય **ઋષિ ધનરાજજી** તસ્ય શિષ્ય **કાન્હજી** લિખત્તં પૂજ્ય **ઋષિ સૂરાજી** તત્ શિષ્ય **ઋષિ મનોહર ધાઇ**તા નગરે લિ. પ.સં.૧૪–૧૯, મુક્તિ. નં.૨૩૪૬. [રાહસૂચી ભા.૧, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૦, ભા.૩ પૃ.૯૫૮–૫૯. ત્યાં આ પછીના ‘સ્ત્રીચરિત્ર રાસ’ના કર્તા જ્ઞાન તે ઉપર્યુક્ત કર્તા જ હોવાનું ગણવામાં આવ્યું છે પણ એ માટે કૃતિમાં કશો આધાર નથી.]

૫૦૩. જ્ઞાન

(૧૦૫૩) સ્ત્રીચરિત્ર રાસ લ.સં.૧૬૭૦ પહેલાં રત્નાગરપુરમાં

અંત – નવરઈ એક નાટિક રચિઉં **રત્નાગરપુર** માંહિં
પંતિ કરીનિ રાષજ્યો આયુ મનિ ઉચ્છાહિ. ૧૮
જ્ઞાન ભણઇ હો ભાઇઓ સ્ત્રીચરિત્ર અપાર
જે છલ એહને છેતરઇ તે નર ધન્ય અવતાર. ૧૯

(૧) સં.૧૬૮૯ આસો વદ ૧૩ હસ્તાર્ક દિને પંડિત શ્રી દર્શનવિજયગણિ શિ. મુ. પ્રીતિવિજય લિખિતં. ઈડર બાઈઓનો ભં. (૨) સં.૧૬૭૦, અમ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૦. જુઓ આ પહેલાંના જ્ઞાનદાસ પરની નોંધ.]

૫૦૪. મૂલા વાચક (આં. ધર્મમૂર્તિસૂરિ–રત્નપ્રભશિ.)

(૧૦૫૪) ગજસુકુમાલ સંધિ અથવા **ચોપાઈ** ૧૩૪ કડી ર.સં.૧૬૨૪ ફા.શુ.૧૧ સાચોરમાં

આદિ – પણમિય **વીર** જિણેસર સ્વાંમિ, હુઇ નવનિધિ જસ લીધઇ નાંમિ,
સ્વામી તણા પંચમ ગણધાર, **સોહમસ્વામિ** કરઈ વિહાર. ૧
પહુતા પુર સુર **ચંપા** થાંન, **પૂર્ણભદ્ર** જિહાં અછઈ ઉદ્યાન,
અમીય સમાણી વાણી જેહ, નિસુણી પરિષદ પહુતી ગેહ. ૨

અંત – એમ કહીનઇ ઘરિ આવઇ, દિનદિન સાધ તણા ગુણ ગાવઇ.
સાંભલિ **જંબૂ** એહ વિચાર, **વીરવચનથી** કહું નિરધાર. ૧૩૦
સંવત **સોલ ચઉવીસા** વરસઈ, ફાગુણ સુદિ ઇગ્યારસિ દિવસઈ,
સાચઉરમંડણ વીર પસાઇં, અલીય વિઘ્ન સવિ દૂરિઇ જાઇ. ૧૩૧
ગાયુ **ગયસુકુમાલ** મુનીસ, પૂરઈ સંઘ તણી જગીસ,
સંધિ ભણતાં હરષ અપાર, **અંચલગચ્છિ** ગિરૂઆ ગણધાર. ૧૩૨
યુગપ્રધાન ગછનાયક જાણઉં, **ધરમમૂરતિ** સૂરિંદ વષાણૂં,
જસ નાંમિ હુઇ જઇકાર, વાચક **રત્નપ્રભ** શ્રુતધાર. ૧૩૩
તાસ સીસ ઋષિ **મૂલઈ** કીધ, **ગયસુકુમાલ** તણી એ સંધિ,
એહ સંધિ જે ભણઇ ભણાવઇ, ઋદ્ધિ વૃદ્ધિ તસ મંદિર આવઇ.૧૩૪

(૧) સં.૧૬૯૯ કા.વદિ ૬ સોમે પ્રહ્લાદ નગરે, **અંચલગછે**, પૂજ્ય કલ્યાણસાગર સૂરીસ્વર વિજયરાજ્યે તદાજ્ઞાકારી વા. **વીરચંદ્રગણિ** શિ. પં. ધનસાગરગણિ શિ. મુનિવર કીર્તિચંદ્ર મુનિવર શ્રી ઉભયચંદ્રેણ લિ. સંઘવી ગજા ભાર્યા ગજમલ્લદે પઠનાર્થં. પ.સં.૫–૧૬, ઘોઘા ભં. દા.૧૬ નં.૨૦. (૨) સં.૧૬૯૬ જયે. વ. લિ. સાધવી **વા(મા)**ણુબાઈ પઠનાર્થં. કલ. સં. કો. કેટે. વો.૧૦ નં.૯૮ નં.૨૦૬–૨૦૭. [મુપુગૂહસૂચી.]

(૧૦૫૫) +[શાશ્વતાશાશ્વત જિન અથવા **વૃદ્ધ] ચૈત્યવંદન** ૮ ઢાળ

આદિ – કેવલનાણિ શ્રી નિરવાણી, સાગર મહાજસ વિમલ તે જાણી,
સર્વાનુભૂતિ શ્રીધર ગુણખાણી, દત્ત દામોદર વંદો પ્રાણી. ૧

અંત – કલસ.

છન્નું એ જિનવર છન્નું એ જિનવર,
અધો ઊર્ધ્વ ને લોક તીર્છે જાણું એ,
સાસય અસાસય જૈન પડિમા તે સવે વખાણું એ.
ગચ્છ **વિધિપક્ષ** પૂજ્ય પરગટ, શ્રી **ધર્મમૂર્ત્તિ** સૂરિંદુ એ,
વાચક **મૂલા** કહે ભણતાં, ઋદ્ધિ વૃદ્ધિ આણંદુ એ.

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જૈન પ્રબોધ પુસ્તક પૃ.૩૨૦-૨૬. ૨. વિધિપક્ષ પંચ પ્રતિક્રમણ સૂત્ર [૩. રત્નસાર ભા.૩.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૮-૬૯, ભા.૩ પૃ.૭૧૦ તથા ૯૪૧-૪૨. ભા.૩ પૃ.૭૧૦ પર 'ગજસુકુમાલ સંધિ' ભૂલથી રત્નપ્રભશિષ્યને નામે મુકાયેલી. ત્યાં વે.ને આધારે ઘોઘા ભં.ની પ્રત નં.૧૭ નોંધેલી તે વસ્તુતઃ અહીં (૧)માં નોંધાયેલ પ્રત જ છે.]

૫૦૫. કુંવરજી (લોં. રૂપજી–જીવરાજશિ.)

(૧૦૫૬) સાધુવંદના ૨૪૬ કડી ર.સં.૧૬૨૪ આ.શુ.૧૩ ગુરુ

આદિ – રાગ દેશાખ

ત્રિભુવન માહિ તિલક જિણિંદ, સીષાં મહીયલિ વલીય મુણિંદ,
કાલ અનાદિ અનંતા જોઇ, નિતિ પ્રણમઉં કર જોડી દોયઇ. ૧
જંબૂદીપ વર **ભરહ** મઝાર, ચઉવીસી સંપઇ અવધારિ,
ચઉવીસઇ જિનવર ભવ કહી, પાય પ્રણમઉં હરિષઇં ગહિગહિ. ૨

અંત – ગ્રહ અવયોગ ટલ્યુ તવ રંગઈ, પ્રગટ થયઉ ધમ્મ પ્રવચન સંગઇ
સાવા મુનિ આસ્રવિ નવિ લીપઇ, તિમતિમ સંયત પૂજા દીપઇ. ૪૨
ઉસવંશ કુલિ દીપક કહીયઇ, ઋષિ શ્રી **રૂપજી** ગુણનિધિ લહીયઇ,
પ્રવચન જોઇ ધમ્મ પ્રકાસિઉ, સમ્યકત્વ શીલિ સંઘ એ વાસિઉ.
તાસ પાટિ **જીવરાજ** મુણીસ, હું તસુ સીસ ગાઉં નિશદીશ,
મુનિ **શ્રીચંદ** મુનિ **લાલજી** કહીઇ. ગુણ ગાતાં એ બહુ ફલ લહીયઇ.
સોલસ વચનઈ સાચઉં ભાખઇ, **ચઉવીસઈ** જિણઆણ જિ દાખઈ
નિમ્મલ શ્રુત શ્રાવણિ સુખકાર, તેરાસે ગુરુ ગાઉં ગુણસાર. ૪૫

કલસ રાગ ધન્યાસી

મુનિ **રૂપ** સુંદર દેવકુંઅર જીવઉ તેજ સુભાસ એ,
જગિ મેઘ જીવન જન આનંદન, તેજ સસિ રવિ દાસ એ,

ઇમ સુગુણ દાખીય નામ ભાખીય હરિષ સિઉં મુનિ ગાઇયઇ,
નર અમર શિવ સુખ સંપતિ વેગિ એણી પરિ પાઇયઇ. ૨૪૬

(૧) લ.સં.૧૬૨૭, પ.સં.૧૯, ગ્રંથ ૪૦૦, લીં.ભં. દા.૨૩. (૨) ઋષિવંદના સમાપ્તઃ પ.સં.૧૬-૧૨, સીમંધર. દા.૨૦ નં.૩૩. (૩) આચાર્ય ઋષિ કુંવરજી કૃતા શ્રી સાધુવંદના સંપૂર્ણં. સં.૧૬૯૧ કાર્તિક શુ. ૭ શુક્રે સિદ્ધપુર નગરે લિખિતં. ઋષિ કેશવ સ્વયં વાચનાર્થં ઋષિ કાહનજી પઠનાર્થં. આચાર્યજી શ્રી ૬ સંઘરાજજીયઇં સાહ હેમજીનઇ સૂરજીનઇ આપી છઇ ભણવાનઇ શ્રી સિદ્ધપુર મધ્યે આવ્યા હતા ત્યારઈં આપી છઇ. મુખઇં જયણા કરીનઇ ભણવી એ પ્રતિ સાધુવંદનાની. તથા પાટ ૮નાં નાંમ લિખીયઇ છઈ. આચાર્યશ્રી ૬ રૂપજી ૧, આચાર્યશ્રી ૬ જીવ ઋષિજી ૨, આચાર્યશ્રી ૬ કુંયરજીજી ૩, આચાર્યશ્રી ૬ શ્રી શ્રીમલ્લજી ૪, આચાર્યશ્રી ૬ રતનાગરજી ૫, આચાર્યશ્રી ૬ કેસવજીજી ૬, આચાર્યશ્રી ૬ શિવજીજી ૭, તત્પટ્ટાલંકાર શ્રી ગુજરાતી લૌકાગચ્છશૃંગાર ગચ્છભૂષણ ગચ્છતિલક ગચ્છમંડન શ્રી આચાર્યશ્રી ૬ સંઘરાજજીજી ચિરંજીવી એ ગુરૂ છે. પ.સં.૧૧-૧૫, મ.જૈ.વિ. ન.૧૨૯. [જૈહાપ્રોસ્ટા, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૦૮-૧૦.]

૫૦૬. અજ્ઞાત કવિ (રંગવી સંઘવીનો પુત્ર)

આ કદાચ ઋષભદાસની કૃતિ હોય.

(૧૦૫૭) ધન્ના શાલિભદ્ર રાસ ૪૬ કડી ર.સં.૧૬૨૪ આસો સુ. ૭ રવિ

સંવત **સોલ ચઉવીસા** સાર, આસો સુદ ૭ આદિતવાર
રંગવી સંઘવીનો સુત જ બોલિં, એહ સરલોક મેરૂનિ તોલિ. ૪૬

(૧) ઉદયપુર ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૧. ઋષભદાસના પિતા સાંગણ સંઘવી હતા. 'રંગવી' એ 'સાંગણ'ને સ્થાને થયેલો પાઠદોષ હોઈ શકે એ ખ્યાલથી કર્તા તરીકે ઋષભદાસનો તર્ક થયો જણાય છે. પણ ઋષભદાસના સમય સાથે આ કૃતિના ર.સં.૧૬૨૪નો મેળ ન બેસે. 'ચઉવીસા'ને ૪×૨૦ = ૮૦ ગણી ર.સં.૧૬૮૦ માનીએ તો આ કૃતિને ઋષભદાસની માનવામાં મુશ્કેલી ન રહે.]

૫૦૭. હરજી (બિવંદણિકગચ્છ સિદ્ધસૂરિ-ક્ષમારત્ન-લક્ષ્મીરત્નશિ.)

(૧૦૫૮) ભરહક બત્રીશી રાસ ર.સં.૧૬૨૪(૪૪) આસો શુ.૧૫ ગુરુઉર્ણાકમાં

આ કૃતિનો રચનાસંવત ૧૫૦૦ આસપાસ ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક પુ.૩ અં.૩ પૃ.૩૨૦માં જણાવેલો તે યથાર્થ નથી.

આદિ – શ્લોક

પ્રણમ્ય દેવ દેવસ્ય શ્રી ગુરૂશ્ચ તથા શ્રુતં
દ્વાત્રિંશત્ ભરટકાનાં કર્ત્તવ્યં કૌતુકાંન્ મયા. ૧

દૂહા

કમલનંદન તસુ સુતા, પ્રણમૂં તેહના પાય,
જિમ મુઝ મનવંછિત ફલો, આપે અચલ પસાય. ૨
જે સેવી સેવિ સુખદાઈ, આપે નિરમલ બુદ્ધિ,
લાડકોડ પૂરે સદા, વિદ્યા નેં ધન રિદ્ધિ. ૩
સેવક જન પ્રતિપાલિકા, ભગવતિ **સરસતિ** માત,
બે કર જોડી વીનવું, તું છેં ત્રિજગવિખ્યાત. ૪
અવિરલ વાણી આપ મુઝ, હું છું તારો દાસ,
ઉમાહુ મુઝ મનિ ઘણુ, પૂરી મનચી આસ. ૫
કૌતુક કથા બત્રીસ છે, તે કહૂં તુમ્હ આધારિ,
ઉપજે હર્ષ જ અતિ ઘણું, સુણતાં સહૂ નરનારિ. ૬
સારદ માય મયા લહી, પ્રણમૂ સહિગુરૂપાય,
અક્ષર માત્ર જે જાણીએ, તે ગુરૂચરણ પસાય. ૭

ચુપૈ

મૂર્ખચરિત્ર અછઇ, કહું કથા સંષેપિં તેહ,
નિજ બુદ્ધિ કલ્પિત છઈ જે કથા, સુણયો સહૂ કહૂં છે યથા. ૮

અંત – વેદ યુગ રસ ચંદ સર્યું, એ સંવત્સર જોઇ,
વામ ગતિ ગણયો સહૂ, અંક તણી પરિ સોઇ. ૭૫
દીપોત્સવ માસ જ ભલો, તથિ તથિ વલિ જાણિ,
સુરગુરૂવાર સોહામણો, પુષ્ય નક્ષત્ર વષાણિ. ૭૬
તિણિ દિનિ એહ કથા મઇં તવી, સંસ્કૃત ઊપરિ પ્રાકૃત કવી,
નયર **ઊર્ણાક** માંહિ ઉલ્હાસિ, **ભીડિભંજણ** જિણેશ્વર **પાસ.** ૭૭*
બિવંદણીકગચ્છ ગિરૂઓ સાર, શ્રી **સિદ્ધસૂરિ** ગુરૂ ગુણભંડાર,
તાસ ગછિ સસિ સૂર સમાંન, વાચક **લક્ષ્મીરત્ન** અભિધાન. ૮૦
કર જોડી કહે તેહનો સીસ, સુણયો એહ કથા નિસદીસ,
કુમતિ કદાગ્રહ દૂરે જાઇ, વિદ્યા બુદ્ધિ અનંતી થાઇ. ૮૧

જાં ધ્રૂ મેરૂ મહીધર સૂર, તપે ચંદ જાં સાયરપૂર,
ગ્રહ નક્ષત્ર તપે જાં લગે, કથા જઈવંતી એ સદા લગે. ૮૨
દૂહા શ્લોક અને ચુપઇ, શત અગ્યારને નેઊ થઇ,
જિમજિમ શ્રવણે સુણીએ એહ, વિદ્યા બુદ્ધિ જિમ વાધે દેહ. ૮૩

શ્લોક

યદક્ષરપદભ્રષ્ટં સ્વરવ્યંજનવર્જિતં,
તત્સર્વં ક્ષમતાં દેવ પ્રસીદ પરમેશ્વરઃ. ૮૪
તં માતા તં પિતા ચૈવ તં ગુરૂ તંચ દેવતા,
વિદ્યાદાનપ્રદાનાય પંડિતાય નમોનમઃ. ૮૫

ચુપૈ

ભરડક બત્રીસી કથા એ જાણિ, એતલે પૂર્ણ બત્રીસ વખાણિ,
મુનિવર **હરજી** કહે મન રંગે, ભણતાં સુણતાં આણંદ અંગે. ૮૬

(૧) ગ્રં.૧૫૦૦, સં.૧૭૦૨ શ્રા. વદિ ૨ દિને, પ.સં.૪૦-૧૫, રત્ન ભં. દા.૪૨ નં.૪૫.

(૧૦૫૯) વિનોદ ચૌત્રીશી કથા [અથવા **રાસ**] ૩૪ કથા કડી ૧૯૦૦ લગભગ ર.સં.૧૬૪૧ આશ્વિન શુદ ૧૫ ગુરૂ

આદિ -

વસ્તુ

પાસ જિનવર **પાસ** જિનવર પાય પ્રણમેવ,
આસ પૂરિ સહુકો તણી બુદ્ધિ સિદ્ધિ નવનિધિ આપિ,
ત્રિભોવનતારણ એ સદા કૃપા કરી સેવક નિજ થાપિ.
સંખેશ્વર સુખમંડણો, સેવિ સુરનર ઇંદ,
મનવંછિત સવિ સુખ દીઇ, લહીઇ પરમાણંદ. ૧

દૂહા

શ્રી જિનવર **ગોયમ** નમી, પ્રણમું **સરસતિ** માત,
કવિયણ-જન-મનરંજની, જે છિ જગવિખ્યાત. ૨
બે કર જોડી વીનવું, સાંભલિ **સરસતિ** દેવ;
વિનોદ કથા જે બોલતાં, સરસ વાણી દિઉ હેવ. ૩
પુરાણ સ્મૃતિ આગમ વલી, કવિત છંદ નિ શ્લોક,
તિહાં તિહાં **સરસતિ** વર્ણવી, **સરસતિ** વિણ સ્યો ફોક. ૪
કેહવી છિ **સરસતિ** વલી, સુણયો સહુ સુવિચાર,
સંખેપિ કરી હું કહું, વર્ણવતાં નહી પાર. ૫

વસ્તુ

પ્રથમ પૂરી પ્રથમ પૂરી સ્વેત શૃંગાર,
ચતુર્ભુજ જપમાલિકા અમૃત પૂર્ણ કમંડલ ધરતીય;
પુસ્તક વીણા કરિ ધરિ વાહન હંસ વિશ્વવદીતીય,
દશે દિશિ અજૂઆલતી, ચંદ્રવદન સુકમાલ;
સરસતિ સામિણિ વીનવું, વાણી દ્યો સુવિશાલ. ૬

દૂહા

એહવી **સરસતિ** મનિ ધરી, કહું વીનતી કર જોડિ,
મનોહર કથા હવિ બોલતાં, માતા રખે આવિ ખોડિ. ૭
સરસતિ માત મયા લહી, પ્રણમું સહિગુરૂપાય,
માયતાયથી ગુરૂ અધિક, ગુરુ સમ કુંણ કહેવાય. ૮
અડસઠિ તીર્થ કહ્યાં અછિ, જાંણો મહિયલ માહિ,
ગુરૂસેવા જેણિં કરી તેણિં, તીર્થ સવે અવગાહિ. ૯
સહિગુરૂ-ચરણ જ અણુસરી, કહું કથા અતિસાર,
વસુધામાં જાંણો સહી, અનેક સંબંધ અપાર. ૧૦
શુક બહુત્તરી કથા અછિ, **નીતિશાસ્ત્ર** વલી જાણિ,
કથા વલી **વેત્તાલની, ભારથકથા** વખાંણિ. ૧૧

ચુપઈ

સિંહાસણ બત્રીસી જોઇ, અનેક અવર કથા વલી હોઇ,
વિનોદકથા સરખી કો નહી, જે સુણતાં સુખ ઉપજિ સહી. ૧૨
કવિ કહિ મુઝ સુણયો સહુ વાણિ, કહું કથા મન ઉલટ આંણિ,
માંન વિનોદનિ હેતિ ધરી, સભા સહુનિ આશ્ચર્યકરી. ૧૩

શ્લોક

મનોવિનોદહેતૂનાં સભાર્હાણાં યથાશ્રુતં,
મયા કથાનાં વુસ્વાનાં ક્રિયતે સંગ્રહો બુધ. ૧૪

ચુપઈ

કહીસ કથા સંખેપિ વિચાર, દક્ષ નર સંગ્રહ કરવો સાર,
વસુધા માંહિ...થી તે જોઇ, સભા સમક્ષનિ કહીઇ સોઇ.
જેહવી સભા તેહવું આખ્યાન, ખરિ ખરિનાં છિ શાસ્ત્ર નિધાંન,
વિનોદ...જે સંગ્રહ કરિ, નિઃફલ ન હોઇ તેહનિ શિરિ. ૧૬

શ્લોક

તં નાસ્તિ જગતિ કિંચિદ્ વાચ્યં યત્ન યથા...
અતો...કથિતા સંગ્રહાય ન નિઃફલં. ૧૭

ચઉપઈ.

સુણયો કથા કહું અતિસાર, સંખેપિ મનિ કરી વિચાર
કથા...નિં હાસ્યભંડાર, એક ચિત્ત સુણજ્યો નરનાર. ૧૮

અંત – સુણયો કથા રચી છિ જેહ, માસ સંવચ્છર કહું સવિ તેહ,
ચંદ્ર વેદ રસ એક હોય, અશ્વન માસ મનોહર જોય. ૬૨
તિથિ પુનિમ અનિ ગુરૂવાર, નક્ષત્ર અશ્વની આવ્યું સાર,
તિણિ દિન રચી ચુપઇ એહ, સુણતાં દૂર્મતિ નાઠી છેહ. ૬૩
બિવંદણિકગચ્છ ગિરૂઉ જાણિ, **શ્રી સિદ્ધિસૂરિ** ગુરૂ ગુણમણિખાંણિ.
તાસ ગચ્છ માંહિ પ્રવર પ્રધાંન, સકલ ગુણે સંપૂર્ણ નિધાન. ૬૪
ક્ષિમારત્ન તે પંડિત જાણિ, દિન પ્રતિ હું કરૂં પ્રણામ.
જયવંતા વિચરે તસ સીસ, વાચક **લક્ષ્મીરત્ન** જગીસ. ૬૫
તાસ સીસ કર જોડી ભણિ, જે નરનારી શ્રવણે સુણિ,
તે નર પામિ વિદ્યા બુદ્ધિ, સયલ કાજની થાઇ શુદ્ધિ. ૬૬
કાંઇ કવિ-મતિ શાસ્ત્ર-વિચાર, **સરસતિ** કેરો લહી આધાર,
પાસ જિણેસર પ્રણમી કરી, ગુરૂ-આજ્ઞા મેં મસ્તકિં ધરી. ૬૭
રચી ચુપઇ ઉલટિ આણિ ચુત્રીસિ એ કથા વખાણિ,
ગ્રહ નક્ષત્ર અનિં ચંદ સૂર, જાં રયણાયરનાં જલપૂર. ૬૮
ત્રિસઠિ સલાકા પુરૂષહ નાંમ, તેહનિં સહુકો કરિ પ્રણામ,
પ્રથ્વી ગયણ તપિ જ્યાં લગિ, કથા સુણો એ સહુ તાં લગિ. ૬૯
સ્વર માત્ર નિં વ્યંજન જોય, વર્ણપ્રકાર અયુકતો હોય
અધિક હીન કહ્યું હુઇ જેહ, જડ પ્રકાશ તણો સંદેહ. ૭૦
તે સોધીનિં કરયો ખરૂં, કવિય પ્રતિ હુઇ મઉ વરૂં,
કર જોડીનિં કરૂં પ્રણામ, એહ સેવકનું કરયો કાંમ. ૭૧
દૂહા ગાથા શ્લોક ચુપઇ, શત ઓગણીશનિં માજનિ થઇ,
સુણતાં શ્રવણે સંકટ ટલિ, ભણતાં નવનિધિ આવી મલિ. ૭૨
વિનોદ ચુત્રીસી એહ જો કથા, કહિ કવિતા અછે જો યથા,
મુનિવર **હરજી** કહિ મનશુદ્ધિ, ભણતાં સુણતાં લહીઇ બુદ્ધિ. ૭૩

(૧) સં.૧૭૪૭ કા.શુ.૩ શનિ હરીઆલા ગ્રામે તપાગછે ભ. વિજયરત્ન ગણિગજેંદ્ર શિ. સેવક મુનિસેવક મુનિ હેમરત્નેન લિ. પ.સં.૫૧–૧૯, ખેડા ભં.૩. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧૧-૧૬. 'ભરડકબત્રીશી'ની ર.સં.૧૬૨૫-(૪૫) દર્શાવેલી તે દેખીતી રીતે ભૂલ છે.]

૫૦૮. સુમતિકીર્તિસૂરિ (દિ.સરસ્વતીગચ્છ જ્ઞાનભૂષણસૂરિ-પ્રભાચંદ્ર-શિ.)

(૧૦૬૦) ધર્મપરીક્ષા રાસ ર.સં.૧૬૨૫ માગશર શુદ ૨ હાંસોટ નગરમાં

આદિ - ઢાલ રાસની.

ચંદ્રપ્રભ સ્વામી નમીઈ, **ભારતી** ભુવનાધાર તુ;
મૂલસંઘ મહીયલિ મહીત, **બલાત્કારગણ** સાર તુ. ૧
વિદ્યાનંદિ સ્વામી વિબુધ, **મલ્લિભૂષણ** મુનિરાય તુ;
લક્ષ્મીચંદ ગુરૂ ગુણનિલો એ, પ્રણમીય તેહના પાય તુ. ૨
વીરચંદ ચર્ચિત ચતુર, ભટ્ટારક ભુવિ ભાણુ તુ;
જ્ઞાનભૂષણ જ્ઞાનિ ભલો એ, વિદ્યાનું દીઈ દાન તુ. ૩
પંચ ગુરૂના પાય નમીય, રચું રાસ મનરંગિ તુ;
ધરમ તણી પરીક્ષા તણુ એ, શાસ્ત્ર જોઈ નિચંત તુ. ૪
ભવીયણ ભલી પરિ સાંભલો એ, ધરમાધરમ વિચાર તુ;
દોષ મ લેસ્યો કેહ તણાં એ, કહિતાં ન લહું પાર તુ. ૫

અંત - દૂહા.

મૂલસંઘ મુનિવર ઘણા હવા, **સરસતિગચ્છિ** શૃંગાર,
કુંદકુંદાચારિજ કુલિ, **પદ્મનંદ** ભવતાર. ૧૧
દેવેંદ્રકીરત્તિ દયા આગલો, તેહ પટોધર ચંગ;
વિદ્યાનંદિ સ્વામી જયો, **મલ્લિભૂષણ** ઉત્તુંગ. ૧૨
લક્ષ્મીચંદ શ્રી ગુરૂ નમૂં, દીક્ષાદાયક એહ;
વીરચંદ વાંદૂ સદા, સીષાંદાયક તેહ. ૧૩
તેહ પાટિ પટ્ટોધર, **જ્ઞાનભૂષણ** ગુરૂરાય;
આચારિજ પદ આપીયૂં, તેહનાં પ્રણમૂં પાય. ૧૪
તેહ કુલકમલદિવસપતિ, **પ્રભાચંદ્ર** યતિરાય;
ગુરૂ ગચ્છપતિ પ્રતપો ઘણું, મેરૂ મહીધર જાવ. ૧૫
સુમતિકીરતિસૂરી રચ્યો, **ધર્મપરીક્ષા** રાસ;
શાસ્ત્ર ઘણો જોઈ કરી, કીધુ બહુ પ્રકાશ. ૧૬
રયણભૂષણ રાય રંજણો, ભંજણો મિથ્યા માગ;
જિનભવનાદિક ઉધરઈ, કરઈ બહુવિધ ત્યાગ. ૧૭

મહૂઆ કરી શ્રાવક ભલા, **ધના** આદિ ઉપદેસ;
બહૂ પ્રેરે પ્રારંભીયો, રચીયો તિહાં લવલેશ. ૧૮
પંડિત હે પ્રેર્યા ઘણું, **વણાયગ** નિં **વારદાસ;**
હાંસોટ નયરિ પૂરો કર્યો, **ધર્મ્મપરીક્ષા** રાસ. ૧૯
સંવત **સોલ પંચવીસ** નિં, માર્ગસિર શુદિ બીજ વાર;
રાસ રૂડો રુલીયામણો, પૂર્ણ હવો છિ સાર. ૨૦
ભવીયણ ભાવિ ભાવિજ્યો, કીધો એહ પ્રતિબોધ;
ડાહ્યા હોઈ તે ટાલિજ્યો, જિહાં હોઈ શાસ્ત્રવિરોધ. ૨૩ (?)
પઢઈ ગુણિ જે સાંભલિ, લખઈ લખાવઈ જેહ;
મુગતિ મુગતિ ને વર લહઈ, સુરે નર સેવઈ તેહ.
રૂડો ને રલીયામણો, રાસ રચ્યો છિ એહ,
છઠો અધિકાર પૂરો હવો, ધમ્મર્પરીક્ષા ગેહ. ૧૩ (?)
—ઇતિશ્રી ધર્મ્મપરીક્ષા ષષ્ઠોઽધિકારઃ સંપૂર્ણ સમાપ્તઃ

(૧) ગ્રંથાગ્રંથ ૩૫૦૦ સં.૧૭૭૭ ચૈ.વ.૧૩ ગુરૂવારે **શ્રીપાટણ**નગર મધ્યે લ. **સિંઘવી** હરખચંદ **સૂર**સિંઘ. પ.સં.૧૩૪–૧૩, વી.ઉ.ભં. દા.૧૮. (૨) ગ્રં.૩૫૦૦ શ્રી **અણુહિલ્લ**પતન વાસ્તવ્ય બાઇ **કોડાઇ** નામ્ના સ્વવાચનાર્થં. પ.સં.૧૭૧–૧૧, હા.ભં. દા.૭૯ નં.૩૧. (૩) પ.સં.૮૩–૧૬, આ.ક.ભં. (૪) ખં.ભં.૧. [મુપુગૂહસૂચી.]

(૧૦૬૧ ક) ત્રૈલોકયસાર ચોપાઈ અથવા **ધર્મધ્યાન રાસ** (સં.૧૬૨૭)
આદિ – ચઉપાઇબંધ ત્રિલોકસાર લિખ્યતે.
સરસતિ સદ્ગુરૂ સેવુ પાય, **સુમતિનાથ** પંચમો જિનરાય,
ત્રૈલોકસાર ગ્રંથ જોઇ કહું, તેહ વિચાર સુણો તમે સહું. ૧
અલોકાકાસ માહિ છિ લોક, અધો મધ્ય ઉર્ધ્વઇ છિ થોક,
દ્રવ્ય છએ ભર્યો લોકાકાસ, અલોક માહિ કેવલ આકાસ. ૨
અંત – અતિત અનાગત ને વર્ત્તમાન, સિદ્ધ અનંત ગુણના ધામ,
ભાવે ભગતી સમરૂ સદા, **સુમતિકીરતિ** કહિ ન વીસરૂં કદા. ૪૯
મુલસંઘ ગુરુ **લક્ષ્મીચંદ** મુનિંદ તસ પાટિ **વિરચંદ,**
ગ્નાંનભુષણ તસ પાટિ ચંગ, **પ્રભાચંદ્ર** વાંદો મનરંગી. ૫૦
સુમતિકીરતિ યતિવર કહિ સાર, **ત્રૈલોકયસાર** ધર્મધ્યાંનવિચાર,
જે ભણે ગણે તે સુખિયા થાય, રયણુ ભુષણુ ધરી મુગતિ જાય.

(૧) સં.૧૯૧૨ માહા સુદ ૨ લિ. સાધુ **ગંગાદાસ** એલ...**પાલણ-પુરે**. પ.સં.૧૪–૧૧, પ્ર.કા.ભં. નં.૫. (૨) હસ્તાક્ષર **અયાચી જેશંકર મૂળજી** તે **શ્રી**માળી બ્રાહ્મણ ગામ **પાટણ** મધ્યે ઠેકાણુ **પાંન શાંમજી**ના પાડા મધ્યે. પ.સં.૧૪–૧૧, પ્ર.કા.ભં. નં.૩૯. (૩) ગરણીજી **જીવસરીજી** સા. **નવલસરીજી** લખાવેલ. પ.સં.૧૪–૧૧, મુક્તિ. નં.૨૪૧૫. (૪) લિપીતંગ **વૈષ્ણવ ગીરધારીદાસ આત્મારાંમજી પાલણપુર** મધ્યે. શ્લોક ૩૨૫, પ.સં. ૧૫–૧૦, ડા. પાલણપુર દા.૩૬. [મુપુગૂહસૂચી.]

(૧૦૬૧ ખ) લોંકામત નિરાકરણ ચોપાઈ ૨.સં.૧૬૨૭ ચૈ.શુ.૫ રવિ કોદાદાનગરમાં

આદિ – **અણુહિલ્લપુર પાટણ** ગુજરાત, મહાજન વસઇ ચઉરાસી ન્યાત,
લઘુ શાખી ગ્નાતે **પોરવાડ**, **લોંકો** સોહિ લીહો છિ ધાલ. ૧
ગ્રંથસંખ્યાનઇ કારણે વઢયો, જૈન યતિ સું બહુ ચિડભિડયો,
લોંકે લીહે કીધા ભેદ, ધર્મ તણા ઉપજાયા છેદ. ૨
શાસ્ત્ર જાણે **સેતંબર** તણા, કાલઇ બલ દીધા આપણા,
પ્રતિમાપૂજા છેદ્યા દાન, ધર્મ તણી તેણઇ કીધી હાણિ. ૩
સંવત **પન્નર સત્તાવીસ**, **લોંકામત** ઊપના કહીસ

*

ગાથા પદનો કીધો ફેર, વિવેક ધરી સાંભલિજ્યો ફેર. ૭

અંત – વસ્તુ

મૂલસંઘઈ મૂલસંઘઈ મુનિવર મહંત
વિદ્યાનંદિ વિદ્યાવિબુધ **મલ્લિભૂષણ** તેહ પટ્ટોધર
ગ્નાનભૂષણ પટ્ટિ તિલો **પ્રભાચંદ** યતિરાય
સુમતિકીરતિ મુનિવર કહિ, રયણભૂષણ સેવિ પાય.

દૂહા – **કોહાદા** નગરે ભલો, **શીતલ** જિન પ્રાસાદ
રાસ રચ્યો રલિયામણો, **લોંકા** તણો વિવાદ.
સંવત **સોલ સતાવીસ** નિ, ચૈત્ર માસ વસંત
સુદિ પક્ષે પાંચમી રવૌ, રચ્યો રાસ મહંત.
સંઘ પુરા ન્યાતે **સંઘવી** જનાકૂલિં દાતાર
નાન્હૂ ભાઈ સુત સોહામણો, **કુંઅરજી** ધર્મ્મ આધાર.

(૧) પ.સં.૧૦, દાન. નં.૭૨. (નાહટાજીની ઉતારેલી નકલ પરથી) (૨) બિકાનેર બૃહત્ જ્ઞાનભંડાર જિ.ચા. ('ભાસ્કર' પત્રના ભાગ ૪ કિરણ

૧માં નાહટાજીના 'લોંકાશાહ ઔર દિગંબર સાહિત્ય' નામના લેખમાંથી પૃ.૩૯–૪૦.)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૭–૨૮, ભા.૩ પૃ.૭૧૦–૧૧ તથા ૧૫૦૯–૧૦. 'ત્રૈલોકયસાર ચોપાઈ'નો સંવત અનુમાને મૂકયો જણાય છે.]

૫૦૯. કનકસોમ (ખ. અમરમાણિકયશિ.)

(૧૦૬૨ ક) જઈત પદ વેલિ ર.સં.૧૬૨૫ આગ્રા

(૧) વીકાનેર ભં.

(૧૦૬૨ ખ) ૧૪ ગુણઠાણા વિવરણ ચોપાઈ ૯૦ કડી ર.સં.૧૬૩૧ આસો શુ.૧૦

આદિ– પંચ પરમિઠ સિદ્ધં નમિઊણુ તહા ગુરૂં પરમતત્ત્વં,
ચઉદસ ગુણઠાણાણું, સરૂવં મણુમોસુહંવુચ્છં. ૧
સિવમંદિર ચડિવાનઇ કાજિ, ગુણઠાણા બોલ્યા જિણરાજિ,
ચડતી પયડી નઇ પગુ ધરઇ, તઉ સઇ હથિ સિવરમણી વરઇ. ૨

અંત – સંવત **સોલહ સઇ વરસ ઇકતીસઈ** એ કિદ્ધ,
અસ્સોજહ સુદિ દસમિ દિને, મણુયજનમફલ લિદ્ધ. ૮૭
ખરતરગચ્છ મંડણઉ એ, શ્રી **જિનચંદ** મુણિંદ,
વર્ત્તમાન ગુરૂ તિણિ સમઇ એ, **દયાકલસ** મુનિચંદ. ૮૮
અમરમાણિકય વાણાયરીય, તાસુ સીસ બહુ જાણિ,
સાધુકીરતિ સુપસાઉલઇ એ, **કનકસોમ** વખાણિ. ૮૯
શ્રાવક શ્રાવિકા જે પઢઇ એ, ગુણઇ ચઉપઇ ઉદાર,
રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ તે લહઇ એ, સયલ સંઘ સુખકાર. ૯૦

(૧) સં.૧૮૮૨ શ્રા. વદી ૧૩ બુધે લિ. નોનિધ્યા **સ્યાલકોટ** સહર મધ્યે. [કેટલોગગુરા, મુપુગૂહસૂચી.]

(૧૦૬૩) જિનપાલ જિનરક્ષિત રાસ ગા.૫૨ ર.સં.૧૬૩૨ નાગોરમાં

આદિ– સહગુરૂ પઈ પણમી કરી, **સુઇદેવી** મનિ ધ્યાઈ
જિનપાલક રક્ષત તણઉ, ચરિત રચું સુભ ભાઈ. ૧
જિણ પરિ **ગ્નાતા** અંગ મહિ, નવમધ્યવનિ વખાણિ
વર્દ્ધમાન જિનવર કહ્યા, **સોહમસ્વામિ** વખાણિ. ૨

અંત – સંક્ષેપ માત્રઇ છંદબંધઇ અરથ જે સદગુરૂ લહ્યા
એ રાસ સુણતાં અનઇ ભણતાં **કનકસોમ** આણંદ એ
જે દોષ ટાલી સીલિં પાલઇ તાસુ સુર નર વંદ એ. ૫૧

સંવત સોલહ સઈ બતીસઈ વરષિ ભાદવ માસ એ
નાગઉર નગર એહ કીધઉ મન ધરી ઉલ્લાસ એ
એ સકલ શ્રાવક આગહઇ કીયઉ સુગમ વિચાર એ
જે શ્રવણિ સુણિ અનુમોદ કરિસ્યઇ તિહાં એ મંગલ ચાર એ. ૫૨

(૧) નાહટા સં.

(૧૦૬૪) આષાઢભૂતિ સઝાય અથવા **ધમાલ** [અથવા **ચરિત્ર** અથવા **રાસ**] ર.સં.૧૬૩૮ વિજયાદશમી ખંભાત (?)

આદિ – શ્રી જિનવદનનિવાસિની, સમરી **સારદ** માયા રે
આષાઢભૂતિ ગુણ ગાવતાં, સામણિ કરઉ પસાયા રે. ૧
ચતુર સનેહી મોહનાં.
ચતુર સનેહી મોહનાં, સબગુણજાંણ સયાણા રે;
આષાઢભૂતિ મહામુણી, દેખત ચિત્ત લુભાણા રે. ચતુર. ૨

અંત – ઇણ પરિ ભાવન ભાવીજઇ, તપ કરી દાન વલિ દીજઇ,
જિનશાસનનઉ સિણગાર, એ મુનિવર થયા ઉદાર. ૫૯
સંવત **સોલઇ અઠતીસઈ**, દિન વિજયદસમિ સુજગીસઈ,
કહિ **કનકસોમ** સુવિચાર, સબશ્રી સંઘસું સુષકાર. ૬૦

(૧) પ.સં.૩, મહિમા. પો.૬૩. (૨) સં.૧૬૯૭ વૈ.વ. કોરંટગચ્છે પં. **પીથાજી** શિ. ઙરદાસ લખતં. પ.સં.૩–૧૭, સેં.લા. નં.૪૬૫૨. (૩) ઉદયસિંધુર લિ. **સીદપુર** મધ્યે. પ.સં.૩, જિ.ચા. પો.૮૦ નં.૨૦૦૧. (૪) લિ. પં. યુક્તિસેન **બીકાનેર** પં. હર્ષચન્દ્ર વાચનાર્થં. પ.સં.૫, અભય. નં.૨૬૯૯. (૫) ભદ્રાદિ ગીત સં.૧૭૨૫ ઉ. **ભીમા** લિ. **પદ્માવતી** (નગરે). પ.ક્ર. ૫થી ૬, ત્રુટક, અભય. (૬) પ.સં.૩–૧૪, ક. મુ. (મારી પાસે છે.) (૭) વૃદ્ધ તપાગચ્છે ભટ્ટારક શ્રી ભુવનકીર્ત્તિસૂરિ તત્પટ્ટે ભટ્ટારક શ્રી રત્નકીર્ત્તિસૂરિ શિષ્ય સુમતિવિજયેન સં.૧૭૨૨ વર્ષે શાકે ૧૫૮૭ દ્વિ. શ્રાવણ કૃષ્ણપક્ષે સપ્તમી દિને **રાજનગરે** લિખિતં. પ.સં.૬–૧૧, ગુ.વિ. ભં. (૮) ખં.ભં.૧. (૯) અમ. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૭, ૨૬૮, ૨૭૦, ૨૮૮, ૩૦૯).]

(૧૦૬૫) હરકેશી સંધિ ગા.૧૧૭ ર.સં.૧૬૪૦ કા. **વૈરાટ**માં

આદિ – પણમીય **પાસનાહ** ચિંતામણી, મનિ સમરીય **પઉમાવઇ** સ્વામિણી,
હરિકેશી રિષિ ચરિય વખાણિસુ, સુગુરુ પસાય નવે રસ આણિસુ. ૧

અંત – (ખરતર)હ ગછિ **જિનભદ્ર** સાખઇ, **પદ્મમેરૂ** મુણિંદ,

તત્પટિ **મતિવર્દ્ધન** ગુરૂ, **મેરૂતિલક** હો **દયાકલશ** ગયંદ. ૧૧૪
શ્રી **અમરમાણિક** વાચક, જસુ શિષ બહુ પરિવાર,
વર **કનકસોમ** ગણિએ રચ્યઉ, **વઇરાટઇ** હો નગર મઝારિ. ૧૧૫
સંવત **સોલહ ચાલ** વરષહ, સુદ્ધ કતીય માસ,
જિનચંદસૂરિ પસાઉં લહિ, **હરકેસી** હો સંબંધ ઉલ્હાસ. ૧૧૬
જે ભણુહિ ગુણુહિ વખાણુ, વાચહિ એ ચરિત રસાલ,
કહિ **કનકસોમ** મુનિ ધન ધન્ન તે, ફ્લઇ અંતરીગ હો તિહાં
સુખ રસાલ. ૧૧૭ જય.

—ઇતિ હરકેસી સંધિ નવરસાત્મક સ.

(૧) પ.સં.૪, જ્ઞાન. વીકા. (કુશલલાભની સંધિ સહિત).

(૧૦૬૬) આર્દ્રકુમાર ચોપાઈ અથવા **ધમાલ** ૪૮ કડી ર.સં.૧૬૪૪
શ્રાવણ **પહેલો અમરસરમાં**

આદિ – સકલ જૈનગુરૂ પ્રણુમું પાયા, વાગદેવ મુઝ કરહુ પસાયા,
ગાઈસુ **આદ્રકુમર** રિષિરાયા, જિણિ મુનિ પાલી પ્રવચનમાયા. ૧
સકલ સુહાવા હોઇ વધાવા, **આદ્રકુમર** મુનિકે ગુણુ ગાવા,
મગધદેશ ત્રિભુવનવિખ્યાતા, પુરવ સંત સેઠ રચ્યઉ વિધાતા
વસઇ **સામાઇક** નામ કુટુંબી, સરલ ચિત્ત માયા ન વિટંબી. ૨

અંત – સૂત્રઇ **સૂયગડંગઈ** એ ભણ્યઉ, સબ સંબંધ રસાલ,
તિણિ અણુસારઇ પરિસિ ગાઇયઉ, જીવદયાપ્રતિપાલ. ધન. ૪૭
સંવત **સોલ ચમાલા** શ્રાવણુ ધુરઈ, નયરિ **અમરસરિ** સાર;
કનકસોમ આણુંદ ભગતિભરઇ, ભણુતાં સબ સુખકાર. ધન. ૪૮

(૧) લ.સં.૧૬૫૯ જેઠ વદિ ૩, પ.સં.ર, વિ.ને.ભં. નં.૪૫૩૬. (૨) સં.૧૬૭૮ આ.વદિ ૧૩ **અંચલગચ્છે** શ્રી પૂજ્ય કલ્યાણુસાગરસૂરિ વા. **ધન્નમેરૂ** શિ. ઋ. **વિજયમેરૂ** શિષ્ય ઋ. **ન્યાનમેરૂ** પઠનાર્થં. પ.સં.૫, પ.ક્ર.૩થી ૫ પં.૧૬, મ.જૈ.વિ. નં.૪૮૫. (૩) પ.સં.ર, ચતુર. પો.૩. (૪) **વિમલસિદ્ધિ** પઠનાર્થં. પ.સં.૩, દાન. પો.૪૦ નં.૧૦૪૮. (૫) સં. ૧૭૪૯ ચૈ.શુ.૧૧ શુક્રે રિણીનયરે ભ. **જિનરત્નસૂરિ** શિ. વા. **વિજયલાભ** શિ. **વિજયશેખર** મુનિ **વિજયરાજાદિ** લિ. અભય. નં.૩૦૫૮. (૬) પં. **રંગકુશલ** લિ. પ.સં.૩, અભય. નં.૩૧૫૬. (૭) સં.૧૭૮૪ શાકે ૧૬૪૯ મિગસર સુદિ ૩ પં. રત્નસી લિ. સાધ્વી કસ્તૂરાં વાચનાર્થં. પ.સં.૩, અભય. નં.૩૧૯૮. (૮) સં.૧૬૮૫ ચૈ.શુ.૩ શુક્રે પં. ગુણસેન લિ. ઋષિ

દેવરત્ન પઠનાર્થં. વીકા. (૯) પ.સં.૩-૧૫, જૂની પ્રત, મારી પાસે.

(૧૦૬૭ ક) [+] મંગલકલશ ચોપાઈ [અથવા ફાગ] ગા.૧૪૨ ર.સં. ૧૬૪૯ માગશર શુ. મુલતાણમાં

આદિ – ફાગ ઢાળ

સાસણદેવીય સામિણી એ, મુઝ સાનિધિ કીજઇ,
પુણ્ય તણા ફલ ગાઇયએ, સુણતાં મન રીઝઈ,
મંગલકલસ તણો પ્રબંધ, કરેવા મુઝ રાગ,
શાંતિનાથ જિનચરિતથી, ઉધરિસ્યું ફાગ.

અંત – સંવત **સોલહઇ** ઉપરિ **ગુણપંચાસ**, એ કીધો **મંગલકલશ** ચરિત્રવિલાસ. ૧૩૯

દૂહા

અધિકઉં ઉણુઇ જે કહ્યઉ, મિચ્છાદુક્કડ તાસ,
મુંલતાણ માહિ એ રચ્યઉં, મગસિર શુદિ ઉલ્હાસ. ૧૪૦
શ્રી **જિનચંદ્ર** સૂરીંદ ગુરૂ વર્ત્તમાન ગણધાર,
સુવિહિત મુનિચૂડામણિ યુગપ્રધાન અવતાર. ૧૪૧
ખરતરગચ્છ સુહાગકર **અમરમાણિક** ગુરૂ સીસ,
કનકસોમ વાચક કહઇં **મંગલચરિત્ત** જગીસ. ૧૪૨

(૧) સં.૧૬૫૮ અ.શુ.૨ શ્રાવિકા ગૂજરદે પઠનાર્થં. પ.સં.૯, જિ.ચા. પો. નં.૨૦૧૨. (૨) પ.સં.૮, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૧ નં.૨૦૨૪. (૩) સં.૧૭૯૮, પ.સં.૭, ક્ષમા. નં ૩૮૧. (૪) પ.સં.૧૩, ક્ષમા. નં.૩૮૪. (૫) સં.૧૮૫૨ ફા.વ.૪ **વીકાનેર** મધ્યે **જેતસી** લિ. કૃપા. પો. ૪૬ નં.૮૧૮. (૬) પ.સં.૧૧, મહિમા. પો.૩૪. (શ્રીસારકૃત સ્યાદવાદ સઝાય ગા.૨૧, રત્નસમુદ્રશિ. ક્ષમાપ્રમોદકૃત નિગોદ વિચાર સ્ત. ગા.૪૯ સહિત) (૭) **નાગપુરે** લિ. પ.સં.૩, મહિમા. ભં. પો.૩૬. (૮) સં.૧૮૧૫ માઘ વદિ ૧૩ શુક્રે **મરોટકોટ્ટ** મધ્યે લિ. પ.સં.૩, નાહટા. સં. (૯) પંડિત **સમયકીર્તિ**ગણિનાડલેખિ શ્રી **મેદિનીતટે**. ચેનસાગર યતિ ભં., ઉદયપુર. (૧૦) લિખિતં **વીકાનેર** નયરે. પ.સં.૭-૧૩, ક. મુ. (મારી પાસે). [કૅટલૉગગુરા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૫, ૪૨૫).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન ફાગુસંગ્રહ.]

(૧૦૬૭ ખ) થાવચ્ચા સુકોસલગ ચોપાઈ ગા.૧૨૨ ર.સં.૧૬૫૫ નાગપુર (નાગોર)

(૧) પ.સં.૭, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૯૧ નં.૨૨૮૨.

(૧૦૬૮) નેમિ ફાગ ગા.૩૦ રણથંભોરમાં

આદિ – શ્રી **સિવાદેવી** નંદન **નેમિ**, ભાવઇ પદપંકજ પણમેવિ,
ગાઇસિ **જદુપતિ** બ્રહ્મચારી, હરખિત સુણઉ ભવિક નરનારિ. ૧
નેમિ ચલે અવિચલ પદઇ હો, ધન ધન પ્રીતમ રાગ,
કનકસોમ ઇણુ પરિ રચ્યો, ગઢ **રિણુથંભર** ફાગ. ૩૦

(૧) વીકાનેર ભં.

(૧૦૬૯) નાની કૃતિઓ—શ્રીપૂજ્ય ભાસ ગીત ગા.૧૧ ૨.સં.૧૬૨૮, શ્રીપૂજ્ય ભાસ ગા.૫ ૨.સં.૧૬૨૮ (જિનચંદ્રસૂરિ વિશે), નવવાડી ગીત ગા.૨૯, આજ્ઞા સજ્ઝાય ગીત ગા.૧૭

(૧) નાહટા સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૫–૪૭, ભા.૩ પૃ.૭૪૩–૪૬ તથા ૧૫૧૪. આ અને આ પૂર્વેના નં.૨૮૨ના કનક કવિ એક હોવાની સંભાવના કરવામાં આવેલી, પરંતુ એ યથાર્થ નથી. બન્નેનાં સમય ને ગુરુપરંપરા જુદાં છે.]

૫૧૦. રત્નભૂષણસૂરિ (દિ.જ્ઞાનભૂષણ–પ્રભાચંદ્ર–સુમતિકીર્તિશિ.)

આમાંના સુમતિકીર્તિ(નં.૫૦૮)ના ગુરુભ્રાતા અને શુભચંદ્રના શિષ્ય **સકલભૂષણે** સં.૧૬૨૭માં 'ઉપદેશરત્નમાલા' નામનો ગ્રંથ રચ્યો છે. (**વેબર** નં.૩૦૦૮)

(૧૦૭૦) રુકિમણીહરણ સુરતમાં

અંત – રાગ ધન્યાસી

એક દિવસ રે **શ્રેણિક** પૂછીયું, તે ભાખ્યું શ્રી **મહાવીર**
હરિવંશ મહામાંથી રે લેઇ, ઉધર્યું સુણજો બહુ જન ધીર. ૧
શ્રી **વીર** પછિ રે **ગૌતમ** ઋષિ હવા હવા બહૂ અનુક્રમ્ય સાર,
પદ્મનંદી રે યતીવર પ્રગટીયો, દૂરધર જીત્યો માર. ૨
તેહ તણિ પાટિં રે **દેવેન્દ્રકીરત** હવા, શ્રી **વિદ્યાનંદી** મુનીંદ,
હસ્ત વચન રે સિદ્ધ જેહનિં હવિ, નમીત ચરણે રે સુરંદ,
શ્રી **મલ્લિભૂષણ** રે પાટિં તેહનિ, વાદીવર વિખ્યાત
લઘુપણિ સંયમ સ્વામિઇં આદર્યો, પરહરી તાત નિ માત. ૩
શ્રી **લક્ષ્મીચંદ** રે હૂંબડવંશિં હવા, જેણિં જાણ્યો શાસ્ત્રવિચાર,
અંગ પૂરવના રે વેશ ભણાવીયા, તે શિષ્ય ન લાભિ પાર. ૪

તેહ તણિં પાટિ રે વાદી **વીરચંદ**, જેહનું ચંદ સમાન જ રૂપ
અન્ન વ્યંજન રે વરસ આઢાર લગિં, પરહરી રહો રૂષિ ભૂપ. ૫
તેહ અનુક્રમિ રે વાદીવર હવો, શાસ્ત્ર તણો ભંડાર
શ્રી **જ્ઞાનભૂષણ** રે જ્ઞાનિ શોભતાં, ગચ્છ તણો શૃંગાર. ૬
તેહ તણિં પાટિં રે પ્રગટયો **પ્રભાચંદ્ર**, જીત્યો જેણિ લઘુપણિ માર,
શ્રી **સુમતિકીરતિ** રે સૂરિ તેણિં ગચ્છ હવા, ચારિત્ર ગુણ નહિ પાર.૮
તેહ અનુક્રમિં રે **રત્નભૂષણ**સૂરિ રે, રત્નભૂષણ જેહ સાર
શ્રી **જ્ઞાનભૂષણ**ના ચરણ નમિ કહે **ઋખીમણિહરણ** વિચાર. ૯
શ્રાવણ વદિ રે સુંદર જાણિઈ, વલિ એકાદસી દીસ
સુરત માંહિ રે એ રચના રચી, જહાં **આદિ**જિન જગદીસ. ૧૦
જે નર એહનિ રે ભણસિ ભણાવસિં, તેહ ઘર મંગલ ચ્યાર
શ્રી **રત્નભૂષણ** રે સૂરીવર ઇમ કહિ, શ્રી **આદિ** જિણંદ જયકાર. ૧૧

(૧) પ.સં.૮-૧૦, સ. ભ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧૦-૧૧.]

૫૧૧. ભવાન (ત. સોમવિમલસૂરિશિ.)

સોમવિમલસૂરિ જુઓ નં. ૪૪૦.

(૧૦૭૧) વંકચૂલ રાસ ૪૮૩ કડી ર.સં.૧૬૨૬ [માસ નથી] શુ.૧૦ પાટણમાં

આદિ - ઢાલ વિદ્યાવિલાસના રાસની

સકલ સિધિ દાતાર જિણેસર, સુરનર સારઇ સેવ
આદિ જિણેસર **સેત્રુંજ**મંડણ, દુરિયવિહંડણ દેવ. ૧
તારંગે રંગે વંદીજે, લીજે નામ જિણંદ,
અજિત જિણંદના જે ગુણ ગાવે, પામે તે પરમાણંદ ૨
સુમતિનાથ મહિસાણે સોહે, તનુ જિમ ભાંણ
સંકટ વિકટ સેવતાં ચૂરે, પૂરે નવે નિધાંન ૩
શ્રી **ચંદ્રપ્રભ પાટણે દેવકે**, સેવ કરો નરનારી,
ભાવ ધરી નિરંતર ધ્યાઓ, સુખ પામો ઘરબારી ૪
શાંતિદેવ દહિઉદિ જાણો, આણો હૈડે ધ્યાંન,
પારેવો પ્રભુ પરતખિ રાખિઉ, તિહાં દાખ્યો ઉદયા દાંન. ૫
ભરૂઅચે મુણિસુવિય વાંદીજે, કીજે સેવા સારી,

એકચિતિ નિરંતર ધ્યાઓ, જિમ પામો દેવદ્વારી. ૬
નેમનાથનામે હુઇ નવનિધિ, ઋદ્ધિ વૃદ્ધિ દાતાર,
ઉજલ ભાવે સીસ પઇ નામિએ, તે પામે ભવપાર. ૭
ગુડી થંભણ શ્રી **શંખેસર**, પરમેસર પ્રભુ **પાસ**
એ જિનવર સુખકર જગનાયક, દાયક શિવપુરવાસ. ૮
સાચોરે શ્રી **વીર** જ વંદો, કંદો પૂરવ પાપ,
દોહગ દુરગતિ દૂરે પલાઇ, થાઇ નિરમલ આપ. ૯
સહિગુરૂપય પ્રણમીને બોલિસુ, **વંકચૂલનો રાસ,**
સરસતિ સામિણિ પાઇ લાગું, માગું વચનવિલાસ. ૧૦

અંત – સંવત **સોલ છવીસમે,** રાસ રચ્યો ઉલ્હાસિ
શુકલપક્ષિ દશમી દિને, **સોહિઆ** ચોમાસિ. ૪૭૮
તપગચ્છિ ગુરૂ એ ગુણનિલો, શ્રી **સોમવિમલ** સૂરીસ,
પરિવાર સહિત એ ગુરૂ વલી, પ્રતિપો કોડિ વરીસ. ૭૯
કાસ્મીરપુર **પાટણિ,** જિહાં મૂલનાયક **પાસ,**
ચરણકમલ તેહના નમી, કીધો **વંકચુલ રાસ.** ૮૦
ભાવે ભણે સુણે જે સદા, આંણી અંગિ ઉલ્હાસ
નવનિધિ તસ ઘરિ નિર્મલી, અનુક્રમે શિવપુરિ વાસ. ૮૧
એહ ચરિત્ર **વંકચૂલનું,** મઇં કહ્યું બે કર જોડિ,
અધિકૂં ઓછું જે કહિઉં, કોઈ મ દેયો ખોડિ. ૮૨
કહિ કવીયણ જે સાંભલે, હીઇ ધરી બહૂ ધ્યાંન
તે પામે શિવસંપદા, કહે કર જોડિ **ભવાન.** ૪૮૩

(૧) સં.૧૬૮૨ આષાઢ શુદિ ૭ ભૌમે **આગમગચ્છે ધંધૂકપક્ષે મેઘરત્નસૂરિ** તત્પરિવારેન **પસાગરી** જઇસુંદર લિષિતં. પ.સં.૧૪–૧૬, રત્ન.ભં. દા.૪૩ નં.૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧૬–૧૭.]

૫૧૨. રંગસાર (ખ. ભાવહર્ષશિ.)

(૧૦૭૨) ઋષિદત્તા સતી ચોપાઈ ર.સં.૧૬૨૬ આસો જોધપુર

આદિ – પઢમ પણમિય પઢમ પણમિય તિત્થ ચઉવીસ
હંસાસણિ ગયગમણિ વાગવાણિ **સરસતિ** નમેવિ
કરિ પુસ્તક વીણ વર કલસ ચિન્હ સાસણદેવિ
તાસુ તણઉ સુપસાઉ લહિ, હીયઇ હરષ ધરેવિ

શ્રી **ઋષિદત્તા** સતી તણુઉ, ચરિત કહિસુ સંખેવિ. ૧

અંત – શ્રી **મંડોવર મંડોવર** મંડણુઉ સામીય સામીય **પાસ** કુમાર કઈ
જોધનયર વિહિ જિણહરઈ, નમતાં નમતાં મનિ આણુંદ કઇ. શ્રી
મંડણુઉ શ્રી **ખરતર** વિહારઇ, સ્વામિ **મુનિસુવ્રત** વલી
શ્રી **શાંતિ કુંથુ** અનઇ **વિમલ**, જિન **સુમતિ** નમતાં મનિ રલી
સામિણી **સરસતિ** સુપ્રસાદઇ, એ પ્રબંધ રચ્યઉ ભલઉ
સંવત **સોલ છવીસ** વચ્છરિ, માસ આસૂ ગુણનિલઉ. ૧૪
શ્રી **ખરતરગચ્છ** રાજીયઉ એ શ્રીય જિન **જિનચંદ** ઉદાર કઇ
શ્રી **ભાવહરષ** ગુરૂ ચિર જયઉ એ મહીયલિ મહીયલિ કરઇ વિહાર કઇ
ગુણનિલઉ સુગુરૂ સફલ સુરતરૂ, સંઘ શાખા વિસ્તરઇ
તસુ સીસ મુનિ **રંગસાર** જંપઇ, એ પ્રબંધ ઇસી પરઇ
જે ભવિય ભણસ્યઇ અનઈ સુણસ્યઇ, તાહ ઘરિ હવઇ સુખ ઘણા
નવ નિધિ ઋદ્ધિ સમૃદ્ધિ થાયઇ, સદા વૃદ્ધિ વધામણા.

(૧) પ.સં.૭, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૦ નં.૨૦૦૭. (૨) પ.સં.૮, અભય. પો.૧૧ નં.૧૦૨૦ (૩) પ.સં.૮, પ્રત ઠીક છે, કૃપા. પો.૪૫ નં.૭૮૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧૯-૨૦.]

૫૧૩. અજ્ઞાત

(૧૦૭૩) સીતા પ્રબંધ (શીલ વિષયે) ૩૪૯ કડી ૨.સં.૧૬૨૮ રણથંભોરમાં

આદિ – સકલ મનોરથ સિધવર, પ્રણમીય શ્રી **વર્ધમાન,**
સીલ તણાં ગુણ વર્ણવઉં, પહુવી પ્રસિદ્ધ પ્રમાણ. ૧
સીયલિ સિવસુખ સંપજઇ, સંકટ જાઇ દૂરિ,
દેવ દાણવ સેવા કરઇ, સીયલઇ સમરસ પૂર. ૨
સીલઇં જસ જગિ ગિહિગહિ, સીલઇ દિન દિન નામ,
સીલઇં સિવસુખ સંપજઇ, સીલઈં જનમ પ્રધાન. ૩
સીલપ્રભાવિ આગ્નિ ટલી, થાપઈ નિરમલ નીર
સીતા જિમ પ્રભાવિ (હૂ)યઉ, કહિસુઉં તે વર ધીર. ૪

અંત – તવ તે **રામ** નિં **સીતા** બેવ, વૈરાગિ જિન દખ્યા લેય,
તપ જપ સંયમ પાલી ખરઉ, **રાંમિ** કર્મક્ષય કર્યઉ. ૩૪૭
વૈકુંઠઇ પહુતા શ્રી **રામ, સીતા** દેવ થઇ અભિરામ,
કરમક્ષય કરિ લહિસિ નિરવાણ, સીલ ઉપરિ એ કહિઉ પ્રબંધ.

સંવત **સોલ અઠવીસા** વર્ષે, ગઢ **રિણુથંભર** અતિહિ જગીસઈ.
સાહ **ચોખા** કહણથી કીયઉ, સેવકજનનિ સિવસુખ દીયઉ. ૩૪૯

(૧) સં.૧૬૫૩ કા. વદિ ૩ ગુરૂ **નાગપુર** મધ્યે લિ. પ.સં.૧૧-૧૬, ગુ. નં.૬૬-૧૫. (હવે બંડલ નં ૪૩ નં.૪૮૮)
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૨૯-૩૦.]

૫૧૪. ડુંગર (અંચલગચ્છ ધર્મમૂર્તિસૂરિ-ક્ષમાસાધુશિ.)

(૧૦૭૪) હોલિકા ચોપાઈ ૮૩ કડી ર.સં.૧૬૨૯ ચૈ.વ.૨ બુધ સિકંદરાબાદમાં

અંત – ઇણિ પરિ **હોલી ઉતપતિ** લહી, ચરિત થિકી સ ખેપઇ કહી,
અધિકઉ ઉછઉ કહિઉ જેહ મિછાદુક્કડ મુઝનઇ તેહ.
સોલઈ સઈ ગુણતીસઈ સાર, ચૈત્રહ વદિ દુતીયા બુધિવાર,
નયર **શિકંદરાબાદિ** મઝારિ, શ્રી **નેમીસ્વરનઇ** કરંય જુહાર. ૮૧
અંચલગછ ગુણઇ ભરપૂર, ગછનાયક **ધર્મમૂરતિ**સૂરિ,
તસુ આગ્યા ગુણ કરીય અગાધિ, વાચકમંડણશ્રી **ખિમાસાધ**. ૮૨
તાસ સીસ **ડૂંગર** મનિ રલી, ભણ્યું ચરિત્ર ગુરૂમુખિ સંભલી,
જે નરનારી સુણસ્યઇ સદા, તિહ ઘરિ બહુલી હુઇ સંપદા. ૮૩

(૧) પ.સં.૨. (ડે.ભં.?)

(૧૦૭૫) + ખંભાત ચૈત્ય પરિપાટી કડી ૧૩

આદિ – **સરસતિ** સામિણિ કરઉ પસાઉ, મઝ એક રહાડે,
ખંભ નયરિ જિનભવન અછઇં, તિહાં **ચૈત્ય પ્રવાડે**,
થંભણપુરનઉ પાસ આસ ભવિયણજણ પૂરઇ;
સેવકજન સાધાર સાર, સંકટ સવિ ચૂરઇ. ૧

અંત – થાનકિ બઇઠા જે ભણઇં મનિ આણી ઠાણિ,
પણમ્યાનઇં ફલ પામિસિ એ મનિ નિશ્ચઉ જાણઈ;
મનવંછિત ફલ પૂરિસિ એ, **થંભણપુર પાસો**,
ડુંગર ભણઇ ભવીઅણ તણી, તિહાં પુચઇ આસો. ૧૩

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૧ પૃ.૪૨૮.

(૧૦૭૬) નેમિનાથ સ્તવન ૭૫ કડી

આદિ – **સારદા** સામિણિ મનિ ધરેવિ, કર જોડીને કવિત કહેસુ,
ગાઇસું ગરૂઉ ગુણભંડાર, ત્રિભુવન તીરથ જિણવર સાર. ૧
ચતુર્વિધ નારી આઇ લવે, ગાઇસું ગુણ સુવિશાલ રે,
મેઘ નવુ હર ગુણ આલવતી, જીવદયાપ્રતિપાલ રે. ૨

સોરીપુર નયરી સુવિશાલ જનમિઉ જીવદયાપ્રતિપાલ રે,
સમુદ્રવિજયરાય કુલિ અવતાર **સિવાદેવિ** રાણીય મલ્હાર. ૩

અંત – બાલ બ્રહ્મચારી સજાણુ, આસો માવસ કેવલનાણુ,
બાવીસમઉ હઉ જિણુંદ, પ્રણમઇ આપ અમૂલઇ કંદ. ૭૪
શ્રી **નેમિ** રાણી **રાયમઈ**, મન સુદ્ધિહિ ગુણ ગાઉં કિમઇ,
અનદિન ધ્યાઇ જિણવરચરણુ, ભણઇ **ડૂંગર** મંગલકરણુ. ૭૫

(૧) પ.સં.૬–૧૧, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩૮–૪૦. પાછળનાં બે કાવ્યોમાં નામછાપ માત્ર 'ડુંગર' છે. એ ક્ષમાસાધુશિષ્યની કૃતિ હોવાનું નિશ્ચિત કહી ન શકાય.]

૫૧૫. કેશવજી (લોં.) (શ્રીમલ્લજીશિ.)

[શ્રીમલ્લજીનો રાજ્યકાળ સં.૧૬૨૯–૧૬૬૬.]

(૧૦૭૭) + લોંકાશાહનો સલોકો (ઐ.) ૨૪ કડી

આદિ – **વીર** જિણુંદના પ્રણમી પાય, સમરી **સરસતી** ભગવતી માય,
ગુરૂ પ્રણમી કરઈ સિલોકો, ઇકમનિ કરી સુણજ્યો લોકો. ૧
પુત્ર સગુણ થયો **લખુ** હરખીં, **શતચઉદે સતસીતર** વરષીં. ૧૧

અંત – સંવતુ **પન્નર સત અઠ** વરષિ, સિદ્ધપુરીઈ શિવપદ હરષી,
ખોલી થાપીઉં જિનમત શુદ્ધ, **'લુંકઉ'** ગચ્છ હુઓ પરસિદ્ધ. ૧૭
ઇણ મત વિષયિ મંડઈ વાદ, ન્યાયાધીશ કરઇ પક્ષપાત,
શત **પન્નર તેત્રીસ** સાલઈ, છપ્પન વરસિં સુરવર મહાલઈ. ૨૦
શત **પન્નર તેત્રીશની** સાલઈ, **ભાણજીને** તે દીકખા આલઇ,
ભાણજી રીષી સતમત ફેલાવઈ, જીવદયાનું તત્ત્વ બતાવઈ. ૨૧
રૂપજી જીવાજી કુંવરજી, વીહરઇ **શ્રીમલજી** રૂષીવરજી,
પ્રણમી પૂજ્ય તણુંે વર પાયા, ગાવઇ **કેશવ** નિત ગુરૂરાયા. ૨૪

(૧) મુંબઈ સમાચાર, ૧૮–૭–૩૬ના અંકમાં, 'શ્રીમાન્ લોંકાશાહ' પૃ.૨૩૮થી ૨૪૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૯૪. આ અને રૂપસિંહશિષ્ય કેશવજી તથા ગણિ કેશવ (બન્ને હવે પછી જુઓ સત્તરમી સદીના અંતભાગમાં)ને ભૂલથી એક ગણવામાં આવ્યા હતા.]

૫૧૬. ગુણરત્ન (ખ. જિણમાણિક્યસૂરિ–વિનયસમુદ્રશિ.)

(૧૦૭૮) સંયતિ-સંજય સંધિ ગા.૧૦૬ ર.સં.૧૬૩૦ આ.શુ.૫

આદિ – પણમિય **રિસહ** જિણેસર સામી, **પઉમાવઈ** પ્રણમું સિર નામી

સંજય મુણિવર સંધિ ભણેસુ, **ઉત્તરજઝયણ** થકી સમરેસુ. ૧

*

સૂત્ર અરથ જિમ નિરખીયઉ, પૂરવ સૂરિ પ્રણીત,
તિમ પ્રબંધ મઈ એ રચ્યઉ, સાધુ-ચરણ ધરિ ચીત. ૧૦૧
ઢાલ–**ખરતર**ગચ્છિ ગુરૂ ગાજઇ એ, શ્રી **જિનચંદસૂરિ** રાજઇ એ
છાજઇ એ **ગૌતમ** ઉપમા જેહનઇ
તેજઇ રવિ જિમ દીપતા, મોહ મહાભડ જીપતા
છીપતા કસમલ નવિ તેહનઇ. ૧૦૨
સીલઇ **થૂલભદ્ર** સારૂ એ, રૂપઇ **વયરકુમારૂ** એ,
ઉદારૂ એ સુરગુરૂ સમવડિ મતિ કરી એ
ધીરમ **મંદરગિરિ** વર, ગંભીરમ ગુણસાગર
આગર દરસણ નાણ ચરણ ભરી એ. ૧૦૩
તસુ આદેસ લહી રચ્યઉ, એહ પ્રબંધ સુગુણ ખચ્યઉ
શુભ સંચ્યઉ **સંજય** મુણિવર ગુણ ભણી એ.
સંવત **સોલ સઈ ત્રીસઇ** એ, શ્રાવણ સુદિનઇ દીસઈ એ
જગીસઈ એ પંચમિ સંપૂરણ થુણી એ. ૧૦૪
જિનમાણિકયસૂરિ સહગુરૂ, સીસ વિણય ગુણ સુરતરૂ
ગણિવર **વિનયસમુદ્ર** મુનિવર ભલા એ
તાસુ સીસ ઇમ સંથુણઈ, મુનિ **ગુણરતન** સુગુણ ભણઈ
એ ગિણઇ વચનવિલાસ સફલ સહી એ. ૧૦૫
પઢઇ ગુણઇ જે સંભલઇ, તિહાં ઘરિ નવનિધિ નિત મિલઈ
આઇ મિલઇ કમલા કેલિ કરઇ ઘણી એ
જાં મહીયલ ધ્રૂ **અવિચલ**, ચંદ્ર તરણિ વલિ નિર્મલ
નિશ્ચલ એહ **સંધિ સંજય** તણી એ.

(૧) પ.સં.૪, નરોત્તમદાસજી સંગ્રહ, વિકાનેર.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧૧-૧૨.]

૫૧૭. મહેશ્વરસૂરિશિષ્ય (દેવાનંદગચ્છ)

(૧૦૭૯) ચંપકસેન રાસ ૨૫૫ કડી ર.સં.૧૬૩૦ આષાઢ શુદ ૩ ગુરુ
આદિ – **ગણપતિ** ગુણનિધિ વીનવૂં, **સરસતિ** કરો પસાય,
તુઝ પસાઈ ગાયસ્યૂં, પ્રણમી **ગોયમ**પાય. ૧
નામિં નવનિધિ પામીઈ, લબ્ધિ તણો ભંડાર

ગૌતમ ગણધર સમરતાં, હુઇ જયજયકાર. ૨
અનુકંપા દાનિં ભલો, **ચંપક** નામિં સેઠિ,
એકમનાં સહુ સાંભલો, ધર્મ તણી તસ દ્રેઠિ.

અંત – દાનિં મહિમા ત્રિભુવનિ હોય, ભાવ સહિત દેયો સહૂ કોય,
દાનિં સહૂ કો ઘઇ આસીસ દાનિ જીવો કોડિ વરિસ. ૫૨
સંવત **સોલ ત્રીસા** વર્ષ સહી, આષાઢ શુદિ ત્રીજ દિન લહી,
ગુરૂવાર તે દિનસાર, પૂરો રાસ તણો વિસ્તાર. ૫૩
દેવાનંદગછિ ગુરૂ જાણિ, શ્રી **મહેશ્વર**સૂરિ પ્રગટ પ્રમાણિ,
તેહ શ્રી ગુરૂપસાઈ કરી, રચ્યો રાસ મનિ ઊલટ ધરી. ૫૪
એ રાસ ભણતાં દુખ જાઇ, સુણતાં કાયા નિર્મલ થાઇ,
ભણઇ ગણઇ મનિ ઊલટ ઘણઇ, ઋદ્ધિ વૃદ્ધિ ઘરિ તેહુ તણઈ.
૨૫૫

(૧) સં.૧૬૮૩ વર્ષે દ્વિતીય શ્રાવણ શુદિ ૬ ભોમે લિ. પ.સં. ૮-૧૫, લા.ભં. નં.૪૧૨. (૨) પ.સં. ૧૬, પ્ર.કા.ભં. નં.૮૯૫. (જેમાં કર્તાના ગુરુનું નામ હેમેસ્વર આપ્યું છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩૧]

૫૧૮. ચારિત્રસિંહ (ખ. મતિભદ્રશિ.)

(૧૦૮૦) ચતુઃશરણ પ્રકીર્ણક સંધિ ગા.૬૧ ર.સં.૧૬૩૧

(૧) જેસ.ભં.

(૧૦૮૧) સમ્યકત્વસ્તવ બાલા. ર.સં.૧૬૩૩ ઝર્ઝરપુરમાં

(૧) સં.૧૬૭૩ દ્વિ. આસૂ શુ. ૫ **બૃ.ખ.**ગચ્છે **સાગરચંદ્ર** શાખાયાં **ચારૂધર્મ**ગણિ શિ વા. **સમયકલશ** શિ. વા. **સુખનિધાન**ગણિ શિ. પં. **ગુણ-સેન** પઠનાથં મહિમાવત્યાં. અંતિમ બે પત્ર, અભય.

(૧૦૮૨)+મુનિમાલિકા ર.સં.૧૬૩૬ મહા શુ.૪ રીણીમાં

આદિ – **રિષભ** પ્રમુખ જિનપાયજુગ, પ્રણમું શિવસુખદાય કિ મન ઉલ્હાસ,
પંડરીક શ્રી **ગોતમ** આદિક, ગણધર ગુરૂ મનકમલવિકાસ. ૧
પ્રહ સમઇ સૂધા સાધુ નમું નિત, ભાવઈ શ્રમણ સુગુણ ભગવંત,
નામ ગ્રહણ કરિ પાપિ પખાલું. પરમાણંદ સુમતિ વિકસંત. ૨

અંત – સંવત **સોલ છત્રીસ** એ, શ્રી **વિમલનાથ** સુરસાલ,
દિક્ષ કલ્યાણક દિનઈ ગ્રંથ શ્રી **મુનિમાલ.** મ. ૩૧
રિણીપુરહ રલીઆંમણઉ, શ્રી **શીતલ** જિનચંદ,

સૂરવિજય રાજ્યે સદા, સંઘ અધિક આણંદ. મ. ૩૨
શ્રી **મતિભદ્ર** સુગુરૂ તણુઈ, સુપસાયઇ સુષકાર,
ચારિત્રસંઘ વખાણીયઇ, શબ્દ શબ્દ જયકાર. મ. ૩૩
મનોહર શ્રી **મુનિમાલિકા**, ગુણગણ પરમાત્મ પુર,
કંઠ ઠવઈ ઉત્તમ જિકો, પામઈ સુષ ભરપુર. મ. ૩૪
મહા મુનિસર ગાવતાં, સુરતરૂ સફલ સંમણ,
અષ્ટ મહાસિદ્ધિ ઘર ફલઇ સદા કલ્યાણ.
—મહામુનિ નિત નમુંજી. મ. ૩૫

(૧) પ.સં.૩-૧૦, મારી પાસે. (૨) જેસ.ભં. (એની ટીપમાં કવિના ગુરુનું નામ જિનચંદસૂરિ ખોટું આપ્યું છે.) (૩) પ.સં.૫, જૈ.શ્વે.ભં. જયપુર પો,૬૪. (૪) પ.સં.૧૭૮૩ **જેસલમેરૌ** લિ. પં. **કીર્તિકલ્લોલ**, બાઇ **સુખાં** પઠનાર્થં. પ.સં.૧૧, તેમાં પ.ક. ૧થી ૬ [ભં. ?] | હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૯૮).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય અને રામવિલાસ પૃ.૨૯૧-૯૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૨-૪૩, ભા.૩ પૃ.૭૩૬, ૧૫૧૪ તથા ૧૫૯૬-૯૭.]

૫૧૯. કમલવિજય (ત. હીરવિજયસૂરિ-વિજયસેનસૂરિશિ.)

(૧૦૮૩) દંડક સ્તવન ર.સં.૧૬૩૧

(૧૦૮૪) [+] સીમંધ૰ સ્વામી વિજ્ઞપ્તિરૂપ સ્ત. [અથવા **લેખ**]

૧૦૫ કડી ર.સં.૧૬૮૨ દિવાલી ગુરુવાર ઝાલોરમાં વિજયદેવ રાજ્યે

આદિ – સ્વસ્તિ શ્રી **પુઃકલવતી**જી, વિજયઇ વિજય જયવંત,
પ્રગટપુરી **પુંડરિગિણી**જી, જિહાં વિચરઈ ભગવંત. ૧
સોભાગી જિન સાંભલયો સંદેશ, હું તઉ લેખ લિખું લવલેશ.
મુઝ તુઝ આધાર જિનેશ, સાહિબજી સુણજ્યો તુઝ સંદેશ. સો.૧

અંત – ઢાલ
સંવત **સોલઇ બ્યાસીઈ** રે, સુર ગુરૂવાર પ્રસંગિ,
દીવાલી દિવસઇ લિખ્યો રે, કાગલ, કાગલ મનનઇ રંગિ. ૮

કલશ.
સિરિ **તવ**ગણ-ગયણાંગણ-દિણયર સિરિ **વિજયસેણ** સૂરીણં,
સીસેણં સંથુણિઉં, સડરિસ કવિ **કમલવિજ**એણં. ૧
ચઉતીસાઇ સવતિહી, અઠ મહા પાડિહેર પડિયુણ્ણો,

સુરરઇઅ સમવસરણો, તિહુઅણ જલલોઅણાણંદો. ૨
પુખલવઈઇ વિજએ, સામી પુંડરિગિણીઇ નયરી એ,
સીમંધર જિણચંદો, વિહરંતો દેઉ મે ભદ્દમ્. ૩

(પા.) સંવત **સોલ ઋયાસીઇ** ૧૬૮૨ શ્રી **જાલોર** મઝારિ
ચૈત્ર ધવલ પંચમી દિનઈ બલવત્તર બુધવાર. ૧૦૦
મણ અક્કડ જંતણુ કરણિ રિઉબલભંજણુ કજ્જિ,
વિજયસેન ગુરૂ પટ્ટધર **વિજયદેવ** ગુરૂ રજ્જિ. ૨
વિવિહ પરિ મિં વીનવ્યો **સીમંધર** સવિલાસ,
કમલવિજય કવિ ઈમ કહિ પૂરૂ પૂરણ આસ. ૩

(૧) **સંવત** ૧૬૯૪ વર્ષે માહ સુદિ ૧૨ બુધે **વાલ્હી** ગ્રાંમ મધ્યે મુ. **કેસવ** લિષતં. ગણિ **શ્રી દેવ**વિજયજી તત્ શષ્ય ગણિ **દીપ**વિજય વાચનાર્થં. યતિ ગુલાબવિજય ભં. ઉદયપુર. (૨) ઇતિશ્રી સીમંધરસ્વામી લેખરૂપં સ્તવન. લિ. **માંડવદુર્ગે**. પ.સં.૫-૧૩, આ.ક.ભં. (૩) પ.સં. ૩-૧૬, ચા. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૦, ૪૦૩).]

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ ભા.૧ પૃ.૨૫૭-૬૬.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૧૩-૧૪. 'દંડકસ્તવન' સમયદૃષ્ટિએ વિચારતાં અન્ય કોઈ કમલવિજયની કૃતિ હોવાનું સંભવે છે.]

૫૨૦. ચંદ્રધર્મગણિ (ત.)

(૧૦૮૫) યુગાદિ દેવસ્તોત્ર પર બાલા. લ.સં.૧૬૩૩ પહેલાં

આ ૨૫ સં. શ્લોકમાં છે કે જેના છેલ્લા શ્લોકમાં ત. મુનિસુંદર (સૂરિ), લક્ષ્મીસાગર (સૂરિ) અને શુભસુંદરનો ઉલ્લેખ છે.

(૧) સં.૧૬૩૩ લિ. ભાં.ઇ. સન ૧૮૮૨-૩ નં.૨૩૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૬.]

૫૨૧. રત્નવિમલ (ત. સૌભાગ્યહર્ષ-પ્રમોદમંડન-વિમલમંડનશિ.)

સૌભાગ્યહર્ષસૂરિ સં.૧૫૮૩માં ખંભાતમાં સૂરિપદ પામ્યા. તેનો મહોત્સવ સાહ સોમસિંહે કર્યો.

(૧૦૮૬) દામનક રાસ ૧૪૮ કડી લ.સં.૧૬૩૩ પહેલાં ખંભાતમાં

આદિ - દૂહા

વચન સરસ દિઉ **સરસતી**, વિદ્વજ્જનની માત,
વીણા પુસ્તક ધારણી, હંસગમનિ વિખ્યાત. ૧
એકમના થઇ જેહ નર, જપિ નિરંતર નામ,

તેહનિ તૂસિ ભારતી, જગિ વિસ્તારઇ નામ. ૨
ચુવીસિ જિણવર નમૂં, પામી પરિમાણુંદ,
સકલ સુરાસુર માનવી, જસુ સૈવિ સવિ ઈંદ. ૩
હેમવિમલ સમ દેહ જસ, **સૌભાગ્યહર્ષ**સૂરિ નામિ,
પરમ **પ્રમોદમંડન** હૂયા, જે પ્રણમૂં હૂં સ્વામિ. ૪
સહિગુરૂચલણ નમૂં સદા, **વિમલમંડન** જગિ જેહ,
અક્ષરપદ તુ પાંમીઈ, જુ તૂસિ કવિ તેહ. ૫
જિન **સરસતિ** ગુરૂ તેહ તણા, પાયકમલ પણમેવિ,
દામનગકુઅર તણુઉ, રાસ રચિઉં સંખેવિ. ૬
ઇહઇ પહિલઉં અવસરિ કહૂં, ખંડોબંધ સંબંધ.
સકલ ધર્મ ધુરિ જે વડુ, જીવદયા દઢ ખંધ.

અંત – ઢાલ અઠીઆનુ

દામન્નગ અણુગાર, પાલી અણુશણુ સાર કિ
કાયા પરિહરી એ, કિ ગયા અમરાપુરી એ. ૧૪૩
માહેંદ્ર સુરાલય સાર, પામી સુખ અપાર કિ
અમરાપુરી સિઉ રમિ એ, કિ નાટક નવનવિ એ. ૧૪૪
તિહાથી કરી અવતાર, **માહવિદેહ** માહિ સાર,
મુનિવર થાઇસિ એ, કિ મુગતિ જાઇસિ એ. ૧૪૫
દામન્નગ રષિ રાસ, સુણુતા પૂરિ આસ,
કિ ભણતાં સંપદા એ, ટાલિ આપદા એ. ૧૪૬
ભૂતલિ સ્વર્ગ સમાંન, **ખંભનયર** અભિરાંમ, કિ
વિવહારી આવસિ એ, પુણ્યિ ઉલ્હસિ એ. ૧૪૭
તિહાં એ રચીઉ રાસ, પ્રણમી **થંભણ પાસ** કિ
ઉલટ આપણિ એ, કવિતા ઇમ ભણિ એ. ૧૪૮
(પા.) ઊલટ આપણિ એ **રત્નવિમલ** ભણઇ એ.

(૧) સં.૧૬૪૨ ભા. વદિ ૨ મંગલે લ. વેટકગ્રામે. ૨૧૦ ગ્રં., પ.સં. ૪-૧૭, હા.ભં. દા.૮૦ નં.૧૫. (૨) સં.૧૬૩૩ માગસિર શુદિ ૩ લ. પ.સં. ૬-૧૬, ડા. પાલણપુર. (કર્તાનામ રત્નવિમલ છેલ્લી કડીમાં આપ્યું છે.)
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩૨-૩૪.]

૫૨૨. જિનચંદ્રસૂરિશિષ્ય (ખ.)

(૧૦૮૭) બારવ્રતનો રાસ ૯૪ કડી ર.સં.૧૬૩૩ ફા.વ.૫

આદિ – નિગ્રંથી સાધુની ઢાલ

પાસ જિણેસર પય નમીજી, નામઉં સહગુરૂ સીસ;
દેસવિરતિ હું આદરૂં જી, મન માહિ ધરિય જગીસ. ૧
સુવિનાણી પ્રાણી શ્રાવકવ્રતિ ચિત લાય,
મુનિમારગ અતિ દોહિલઉ જી, એ સુખિ સિદ્ધિ ઉપાય. સુવિ.
—એ આંકણી.
તિહ પહિલઉ સમકિત ખરઉ જી, જિમ મંદિર થિર થંભ,
સમકિત સુરસુખ પામિયઇ જી, સમકિત સિદ્ધિ સુલંભ સુવિ. ૨

અંત – સંવત **સોલહ સય તેતીસઇ**, ફાગુણ વદિ પંચમિ ઉલ્હાસઇ,
ખરતરગછિ ગરૂયઉ ગુણ રાજઈ, શ્રી **જિણચંદ**સૂરિ ગુરૂ પાસિ. ૯૨
શ્રાવિકા **ગેલી**એ વ્રત લીધા, કીધા નરભવ સફલા આજ;
પાસ પસાયઇ એ વિધિ કરતાં, પામિસિ સિવનગરીના રાજ. ૯૩
બારહ વ્રત સૂધા પાલેવા, એમ કરઇ પરિગહ પરિમાણ;
લીલવિલાસ સદા સુખ પામઇ, વાધઇ દિનદિન કલાવિનાણ. ૯૪

(૧) ઇતિ શ્રી ઇચ્છાપરિણામટિપ્પનકે **સંવત ૧૬૩૩** વર્ષે ફાગુણ વદિ પંચમી દિને શ્રીમચ્છ્રી **ખરતરગચ્છાધિરાજ** શ્રી **જિન**માણિક્યસૂરિ પટ્ટાલંકાર શ્રી **જિનચંદ્રસૂરિ** રાજ્ઞાનાં સ્વહસ્તેન **ગેલી** સુશ્રાવિકયા ગૃહીતં. પ.સં.૧૩, આમોદના યતિ ચંદ્રવિજય પાસે. હાલ દે.લા.પુ.લા. નં.૯૨૧ –૪૫૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૯–૩૦ તથા ભા.૩ પૃ.૭૨૦. પ્રથમ જિનચંદ્રસૂરિને નામે મૂકેલી કૃતિ પછીથી એમના શિષ્યની ગણી છે. કૃતિમાં ઉલ્લેખાયેલ મિતિ તે વસ્તુતઃ ગેલી શ્રાવિકાએ બાર વ્રત લીધાં તેની મિતિ છે.]

૫૨૩. નયરત્નશિષ્ય (વડતપગચ્છ)

(૧૦૮૮) પ્રતિબોધ રાસ ૮૫ કડી ર.સં.૧૬૩૪ આસો શુદ ૧ મંગલ હાલીસામાં

આદિ – સકલ **સરસતિ** પય નમી, માગું વચનપ્રકાશ,
સહિગુરૂપાય-પસાઉલિ, ગાઉં **પ્રતિબોધ રાસ.** ૧
ભાવિક જન સહૂ સાંભલુ, મનિ આંણી બહુ ભાવ,

એકમના હઈયડિ ધરૂ, ઊતરવા નધિ નાવ. ૨

અંત – એ બુધિ જે હઇયડિ ધરિ, જાંણુસરોમણિ તેહ,
સર્વ સંધિ હુઇ એણી મતિ, નિરમલ થાઇ દેહ. ૭૯
વડતપગછિ મુનીવર સુણુ, પંડિત **નયરત્ન** દખ્ય
તાંસ તણી અનુમતિ લહી, રાસ કરિઉ મનિ હરખ્ય. ૮૦
સોલ ચુત્રીસા સંવછરિ, અશ્વન માસ અતિસાર
ચંદ્રોદય તથિ ઊજલી, રૂયડુ ભૃગુવાર. ૮૧
થોડી મતિ કર જોડિ કરિ, આણી મનિ ઉછાહિ,
રાસ કીઉ **પ્રતિબોધનુ,** ગામ **હાલીસા** માંહિ. ૮૨
ચંદ્ર સૂરિજ ગગનિ ફરિ, જાં ધ્રૂ નિશ્ચલ હોઇ,
તાં લગિ મનિ ભાવ જ ધરી, એ મનિ ધરૂ સહુ કોઇ. ૮૩
એણી બુધિ વિદ્યા ઘણી, સુંદર આવિ મતિ
મનિ આંણીનિ હરષસું, ધરયો નશ્ચલ ચીતિ. ૮૪
ભણુ ગુણુ હીયડિ ધરૂ, આણુ અતિ ઉલ્હાસ,
સા રધિ સીધિ મંદિરિ ઘણી, મંગલીક ઘરિ તાસ. ૮૫

(૧) પં. દેવજી શિ. મેઘવજી લ. સંવત સતસઠા વરષે. પ.સં.૪–૧૧, જૈનાનંદ નં.૩૩૧૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩૪–૩૫.]

૫૨૪. દુર્ગદાસ (ઉત્તરાધગચ્છ સરવર–અર્જુનમુનિશિ.)

(૧૦૮૯) ખંધકકુમાર સૂરિ ચોપાઈ ૬૩ કડી ર.સં.૧૬૩૫ ભા.વ.૫ લાહોરમાં

દોહા, ચોપાઈ ઉપરાંત ઢાલ ધનાના ગીતની, ઢાલ પૂર્વાં ગઉડી છે.

આદિ – **મુનિસુવ્રત** જિન વીસમઉ, પય પ્રણમઉં જિનચંદ,
ખંધકસૂરિ શિષહ તણી, ચરીય ભણઉં આનંદ. ૧
ઉપશમિ શિવસુખ પામીઇ, ક્રોધઈ દુર્ગતિ ઠામિ,
ખિમાધરમ આરાધતાં, સીઝઈ સઘલા કામ. ૨

અંત – ઇમ ખિમા મનિ આણુસી, તરિસ્યઇ તે સંસારો રે,
ગ્રાન ક્રિયા જે પાલસી, પોતઇ પુનિ અપારો રે. સાધ. ૬૦
ઉત્તરાધગછમંડણુ ગુરૂ, **સરવર** નામિ સુજાણો રે,
તાસુ સીસ **અજર્જન** મુની, મહિમંડલિ જનુ ભાનો રે. સાધ. ૬૧
તાસુ સીસ **દુગ્ગર્દાસ** ગણી, **લાહોરિ** નયરિ મુનિ ધ્યાયા રે,

સંવત **સોલ સયે પણતીસઇ**, ભાદો વદિ પંચમિ ગાયા રે. ૬૨
ભણુસઈ જે નર પંડિત, સાધ તણા ગુણસારો,
વિવેક ઋદ્ધિ સુખ સંપદા, લહિસ્યઇં નર સુવિચારો રે;
સાધ સંતાપજિ ન કૌ કરઉ. ૬૩

(૧) સં.૧૬૮૯–૯૦, ચોપડી આકારે પ્રત, પ.ક્ર. ૨૭થી ૩૧, નાથાલાલ પાલણુપુરવાળાની પાસેની.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૪૦.]

પ૨૫. જયનિધાન વા. (ખ.જિનચંદ્રસૂરિ–સાગરચંદ્ર–રાજચંદ્રશિ.)

આ કવિએ સં.૧૬૫૫માં એક પ્રત લખી છે (ભાં.ઇ. સન ૧૮૮૬–૯૩ નં.૧૨૧૦).

(૧૦૯૦) અઢાર નાતરાં સઝાય ગા.૬૩ ર.સં.૧૬૩૬

અંત – સંવત **સોલ છત્તીસઈ** વરસે, **ખરતરગચ્છ જિનચંદ** સુરીસ
રીહડ શાખા મેરૂ સમાન, તેજઇ દીપઇ અભિનવ ભાન. ૬૨
તાસુ સુપસાય કરી શુભ દિવસે, વાચક **રાયચંદ** સહગુરૂ સીસઇ
એ સંબંધ કહિઉ લવલેસ, ભણતાં નવનિધિ હુઇ નિસદીસ. ૬૩

(૧) પ.સં.૩, જયચંદજી ભં. વીકા. (૨) ગાથા ૭૧, પ.સં.૫, પ્રત ૧૭મી સદીની, મહિમા. પો.૮૭.

(૧૦૯૧) યશોધર ચરિત્ર ચોપાઈ અથવા **રાસ** ર.સં.૧૬૪૩

અંત – **ખરતરગચ્છિ જિનચંદ** સૂરિંદ, ઉદયો અભિનવ સુરતરૂ કંદ,
તાસુ પસાઈ **જસોધરચરી, સોલહ સઇ તિગચાલે** કરી. ૫૬
વાચક શ્રીગુરૂ **રાયચંદ**સીસિ, **જયનિધાન** મુનિ એ શુભ દીસિ,
ભણતાં ગુણતાં સુખ આપે સદા, જૈન ધર્મ શ્રી સંઘહ મુદા. ૫૭

(૧) સં.૧૬૮૦ શ્રાવણ વદિ ૧૪ બુધવારે **ખરતરગચ્છે** મથેન **વરધમાન** લિખિતં **નાગપુરે**. પં. જૈન શ્વે. ભં. જયપુર પો.૫૫. (ડા. ત્રિભોવનદાસના પ્રશસ્તિસંગ્રહમાંથી.)

(૧૦૯૨) ધર્મદત્ત ચોપાઈ અથવા **રાસ** ગા.૩૨૦ ર.સં.૧૬૫૮

(૧) પ.સં.૧૬, ક્ષમા. (૨) પ.સં.૧૪, અમ.

(૧૦૯૩) સુરપ્રિય ચરિત રાસ ર.સં.૧૬૬૫ આસો વદ ૩ શુક્ર મુલતાનમાં

આદિ – સરસ મધુર અમૃત જિસી, શ્રી જિનવરની વાણિ,
હૃદયકમલિ સમરી કરી, કહિસુ કથા ગુણખાણિ. ૧
પાપકરમ કેઇ જાણતા, અણજાણત તિમ કેઇ,

કરિનઈ પછતાવઈ વલી, ભાવઈં ધરમ કરેઈ. ૨
સુરપ્રિયની પરિ તે સહી, સુખિ હુઇ નરનારિ,
કલિમલ સવિ દૂરઈં કરી, પામઈં ભવનઉ પાર. ૩
સિદ્ધિરમણિ સઇંવરિ વરઇં, પામી કેવલનાણુ,
કથા સુણઉ **સુરપ્રિય** તણી, ભવિયણ હુઈ સાવધાન. ૪

અંત – **બાણ સુરસ રસ સસધરઈં**, સંવચ્છરિ રે આસોજહં માસિ,
સામલ ત્રીજ દિનઇં ભલઈં, કવિવાસરિ રે પૂગી મન આસ. ભ. ૬૨
શ્રી **જિનમાણિકસૂરિ** તણઈં, **ખરતરગછિ** રે પાટઇ ગુરૂરાય,
શ્રી **જિનચંદ્રસૂરિ** સૂરીસરૂ, જુગવર વડ રે સહુ સંઘ સુહાઇ. ભ. ૬૪
તસુ પયકમલ પસાઉલઇ, **સુરપ્રિય**નઉ રે સંબંધ વિચાર,
સુલિતાનઈં મનરંગસ્યું વર નયરઈં રે રચિયઉ સુહકાર. ભ. ૬૫
સાગરચંદ્ર સૂરીસની સોહઇ સાષઇં રે સિરિ વાચક નામ,
રાજચંદ્રગણિ ગુરૂ તણઇં, સુપસાયઈં રે સીસઈં ગુણ ઠામ. ભ. ૬૬
જયનિધાન વાચક ભણઈ નરનારી રે જે નિસુણઇં એહ,
રિદ્ધિ વૃદ્ધિ ઘરિ સંપજઇ જસ મંગલ રે, સુખ વિલસઇં તેહ. ભ.૬૭

(૧) ઇતિ સુરપ્રિય ચરિતં સમાપ્તં. લિખિતં સંવત ૧૬૬૮ **લાભપુરે**. પ.સં.૮–૧૪, આ.ક.ભં.

(૧૦૯૪) કુર્માપુત્ર ચોપાઈ ૧૫૯ કડી ર.સં.૧૬૭૨ પોષ શુ.૯ દેરાવરમાં

આદિ – સંધિ ઢાલ

ત્રિભુવનપતિ **વધમાન** જિનેશ્વર, અતુલીબલ પ્રણમી પરમેશ્વર
રાય **સિધારથ ત્રિસલા**નંદન, સેવકજન-મન-દુખનિકંદન. ૧
કૂર્મ્માપુત્ર કુમર ગુણ ગાઉં, મનસુધ કેવલ ભાવન ભાઉં
ગ્રહવેસઈં કેવલસિરિ વરિયઉ, ભવજલથી આપણ ઊધરિયઉ. ૨

અંત – **સત્તરિ દુઈ** અધિક સંબંધ, **સોલહ સઈ** અપહ સમચ્છરિ
પોસહ સુદિ નવમી વાસરિ, **દેરાવર** સોહઇ ભાસુર. ૧૫૬
આદીશ્વર પ્રથમ જિણંદ, પાઇ પ્રણમી મન આણંદ
જિનકુસલસૂરિ સુપસાયઉ, એ ચરિત્ર ભણિઉ મન ભાયઉ. ૧૫૭
ખરતરગછ સાગરચંદ, આચારિજસાખિ મુણિંદ
વાચક **રાયચંદ્ર** સુસીસ, **જયનિધાન** સગુણ સુભ દીસ. ૧૫૮
જે વાચઇ ભણઇ ભણાવઇ, કેવલિ સંબંધ સુણાવઇ
તેહનઇ ઘરિ મંગલ થાવઇ, જસ કીરતિ બહુ સુખ પાવઈ. ૧૫૯

(૧) સં.૧૬૭૮ વર્ષે કાતી વદિ ૧૩ દિને મુનિ મેર લિ. ઉચ્ચનગરે. પ.સં.૫, જય. પો.૬૯.

(૧૦૯૫) અન્ય કૃતિઓ : ૨૪ જિન અંતરા સ્ત. ર.સં.૧૬૩૪(?), સમેતશિખર સ્ત. ર.સં.૧૬૫૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૭, ભા.૩ પૃ.૫૭૫, ૭૩૫-૩૬ તથા ૧૫૧૨.]

૫૨૬. લક્ષ્મીરત્ન

(૧૦૯૬) આઠ કર્મ રાસ અથવા **ચોપાઈ** ર.સં.૧૬૩૬ આસો શુ.૫ રવિ ઉમયાપુરે

અંત – સંવત **૧૬૩૬**સો આસો શુદી ૫ રવીવાર,
કીધી ચઉપઇ **ઉમયાપુર** મઝાર શ્રીગુરૂ **લક્ષ્મીરત્ન** ઋષિરાય.

(૧) આચાર્ય **હીરરત્ન** શિ. **વિનયરત્ન** ભાઈ **વિવેકરત્ન** પઠનાર્થં. વિ.વી.રાધનપુર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૮૫. ત્યાં આ કર્તાની અન્ય લક્ષ્મીરત્ન સાથે ભેળસેળ થયેલી હતી.]

૫૨૭. પુણ્યરત્નસૂરિ (આ.સુમતિસાગરસૂરિ–ગજસાગરસૂરિશિ.)

(૧૦૯૭) સનતકુમાર રાસ ગા.૨૮૧ ર.સં.૧૬૩૭ વૈ.વ.૫ રવિવાર

આદિ – દૂહા

જય જય જગગુરૂ જાગતઉ, **સંખેસવર પાસ**
ચઉથો ચક્રી ગાયતાં, **સરસતિ** પૂરઉ આસ. ૧

ઢાલ આષાઢભૂતિના રાસનો–સિરિ સંતિ જિણેસર

કંચણપુર નયર અતિહિ અનોપમ સાર
વિક્રમયશ રાજા રાજ કરઇ સુવિચાર
પાંચસિ રાણી વાણી સુધાય સમાન
રિદ્ધિ બુદ્ધિ પૂરા સૂરા બહૂય પ્રધાન ૨

અંત – **વિધિ**પક્ષ ગચ્છનઉ રાજા, શ્રી **આર્યરક્ષત** સૂરિંદ રે,
ગુણ અરાણિ તપગુણતિલઉ સોલ કળા જસ્યો વદ રે. જયુ. ૬૮
તસ પાટિં **જયસિંહ**સૂરિ **ધર્મઘોષ**સૂરિ તાસ,
મહિંદસીંહ વલી ગુણભર્યઉ, જેણઇ જનના પહઉચાડા આસ જયુ. ૬૯
તિણઈ અનુક્રમિં અવતર્યા શ્રી **સુમતિસાગરસૂરિ** સાર રે,

શ્રી **ગજસાગર**સૂરિ તસ તણુઇ, પાટિં જાણુઉ ઉદાર રે. જયુ. ૭૦
તાસ સીસ એ જાણજ્યો, **પુન્યરત્ન**સૂરિ કહિ રાસ રે,
ભણુઇ ગણુઇ જે સ ભલઇ, તેહની પુહતુવઇ આસ રે. જયુ. ૭૧
સંવત **સોલ** તે જાણજ્યો **સાડત્રીસ**ઉ તે સાર રે,
વૈશાખ વદિ ભલા પંચમી, રાસ રચ્યઉ રવિવાર રે. જયુ. ૭૨
રાસ રહજિયો એ જ્યાંવાં લગઈ જ્યાંહાં ચંદ્ર અનઇ વલી સૂર,
આસ તે જનના પૂરજ્યો વિઘન તે જાજ્યઉ દૂર રે. જયુ. ૭૩
એ સુણી વાણી પુણ્ય જાણી ભાવ આણી ભાવશિ
તવ નિદ્ધિ સિદ્ધિ સુબુદ્ધિ સારી રિદ્ધિ વૃદ્ધિ તે પામશિ. જયુ. ૭૪
પાસ જિનવર અમર સુખકર તરણુતારણ તતપરા,
તસ્ય આસ પૂરઇ વિઘન ચૂરઈ સઘાસિરવર જિનવરા. જયુ. ૭૫

(૧) પ.સં.૧૦-૧૨, નવી પ્રત, સંઘ ભંડાર પાટણ દા.૭૨ નં.૭૪. (૨) પ.સં.૩-૧૨, અપૂર્ણ, અનંત ભં.નં.૨. (૩) ઇતિ સનતકુમાર ચક્રવતી રાસ સંપૂર્ણ. પ.સં.૧૪-૧૩, આ.ક.ભં. (૪) ચં.ભં. [લીંહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૧૩૪).]

(૧૦૯૮) સુધર્મા સ્વામી રાસ ૭૨ કડી ર.સં.૧૬૪૦ ફા.શુ.૧૩ ગુરુ પેટલાદમાં

આદિ – **વીર** જિનનઇ કરૂં પ્રણામ, **સરસતિ** મતિ આપુ અભિરામ,
ગાઉં ગણહર **સોહમ**સ્વામિ, જાઇ પાપ જસ લીધઈ નામ. ૧
ગણધર સઘલા ગુણનિલા, એકથી છઇ અતિ ભલા,
પણિ આગમ જે વરતિઇ સાર, **સોહમ**સ્વામી ઉપગાર. ૨
હવડા વરતઇ જે અણગાર, તે સવિ **સોહમ**નુ પરિવાર
અસી વાત મિં આગમિ લહી, રચુ રાસ રસ આણી સહી. ૩

અંત – રૂડાં કાજ તે કીજઈ, ગણીઈ વિશેષઇ એહ,
પરવાર વારૂ વિસ્તરઈ, સજન સિઉ રે પણિ વાધિ નેહ કે. ૬૮
ચિંતા ટલઈ રોગ ઉપસમઈ, ન નડે વયરી તાસ,
નરનારી તિ નિત ગુણઉ, સોભાગી રે **સોહમ**નુ રાસ કે. ૬૯
સંવત **સોલ** તે જાણજ્યો, **ચ્યાલીસ** નિરધારી,
ફાગણ સુદિ તેરસિ ભલી, નક્ષત્ર રે પુષ્યનઇ ગુરૂવાર કે. ૭૦
વિધિપક્ષ ગચ્છઈ જાણીઇ, શ્રી **સુમતિસાગર** સૂરીંદ,
શ્રી **ગજસાગર**સૂરિ તસ તણુઇ, પાટઇ રે ઉદયુ દિણંદ કે. ૭૧

તાસ સીસિ **પેટલાદમિં**, રચઇ **પુણ્યરત્નસૂરિ**,
ઋષભદેવ પસાઉલિ, હુઇ રે આનંદ ભરપૂર કે. ૭૨

(૧) પ.સં.૩-૧૭, વ.રા. મુંબઈ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૩-૪૫, ભા.૩ પૃ.૭૩૬-૩૮. આ કવિને નામે પહેલાં મૂકેલ 'નેમિ રાસ – યાદવ રાસ'ના કર્તા પુણ્યરત્ન પછીથી જુદા ગણ્યા છે. જુઓ આ પૂર્વે નં.૨૫૭ (ભા.૧ પૃ.૩૬૦).]

૫૨૮. ધર્મભૂષણ (દિ. દેવેન્દ્રકીર્ત્તિ–ધર્મચંદ્રશિ.)

દેવેન્દ્રકીર્તિના નામનો સં.૧૬૦૪નો પ્રતિમાલેખ મળે છેઃ—સંવત ૧૬૦૪ જ્યેષ્ઠ વદિ ૩ સોમવારે **કુરવંશે** મહારાજાધિરાજ શ્રીમત **સ્યાહજા** રાજ્ય ભ. **ચંદ્રકીર્તિજી** તત્પદે ભ. શ્રી **દેવેન્દ્રકીર્ત્તિજી** સદામ્નાયે **સરસ્વતી-ગચ્છે બલાત્કારગણ** કુંદાચાર્યાન્વયે શુભાં. (નાહર. નં.૩૨૫)

આમાં ઉલ્લેખેલા દક્ષિણ દેશના દેવેન્દ્રકીર્તિ આ જ હોવા સંભવ છે અને તેમના પ્રશિષ્યે આ ગ્રંથ પ્રતિમા સં.૧૬૦૪ની તથા પ્રત લખ્યા સં.૧૭૫૯ વચ્ચે લખ્યો હોવો જોઈએ તેથી આને સત્તરમી સદીમાં મૂકવામાં આવેલ છે.

(૧૦૯૯) ચંપકવતી ચો. અથવા **શીલપતાકા ચોપાઈ** વૈ.શુ.૨ સુરજાલ્હણામાં

આદિ – દુહા

પરમ પુરૂષ શાસનધણી, પ્રણમું શ્રી **મહાવીર**,
શીલ તણા ગુણ વર્ણવું, નિર્મ્મલ ગંગાનીર. ૧
દાન શીલ તપ ભાવના, શિવપુર મારગ ચ્યાર,
સરખા છે તો પણિ ઇહાં, શીલ તણો અધિકાર. ૨
ભૂષણ માંહિ ચૂડામણી, દેવ માંહિ જિમ ઇંદ્ર,
શીલ વડો સવિ દર્શનઇં, તારા માંહિ જિમ ચંદ્ર. ૩
શીલઇ સુયશ હોવે ઘણો, સ્વર્ગ તણો...
શ્રી સિદ્ધાંતિ પણિ વર્ણવ્યું, ચોથે સંવરદ્વારિ. ૪
યતઃ...
સોલ સતી ગ્રંથઇં કહી, લોક માંહિં પરસિદ્ધ,
તે સરખી **ચંપાવતી**, કથા કહુંઅ પ્રસિદ્ધ. ૮

અંત – **ચંપાવતી**ના જે ગુણ ગાય, તેહનઇં લાભ ઘણેરો થાય,
ચંપાવતી ગુણનો નહીં પાર, મઈ ભાષ્યો માહરી મતિસાર. ૯૩

કલશ

ગછ **દિગંબર** સકલ સુખકર વૈશાખ સુદિ બીજ જાણીયઇં
દક્ષિણ દેશઇં **સુરજાલહણા** શીલપતાકા વખાણીઇં. ૯૪
દેવેંદ્રકીર્ત્તિ પટધારી **ધર્મચંદ્ર** પટોધરૂ,
ધર્મભૂષણ રચી ચોપઈ નરનારી સુણયો સુખકરૂ. ૯૫

(૧) સં.૧૭૫૯ વૈ.૫ પુરબંદિરે લિ. પં. **તેજ**કુશલગણિ શિ. મુનિ હીરકુશલ લિખિતં. પ.સં.૨૦-૧૫, પ્ર.કા.ભં. નં.૭૬૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૪૬-૪૮.]

૫૨૯. મંગલમાણેક (આગમ-બિડાલંબગચ્છ મુનિરત્નસૂરિ-આણંદરત્ન-જ્ઞાનરત્ન-ઉદયસાગરશિ.)

મુનિરત્નસૂરિના પટ્ટધર આણંદરત્નના પ્રતિમાલેખ સં.૧૫૭૫, લેખાંક ૪૨૧ ભાગ પહેલો અને સં.૧૫૭૬ લેખાંક ૧૯૫ ભાગ બીજો ધા.પ્ર.સં.માં મળી આવે છે. [આ આણંદરત્નના કવિ શિષ્ય હોય એ સંભવિત નથી.]

(૧૧૦૦) વિક્રમરાજ અને ખાપરા ચોરનો રાસ સં.૧૬૩૮ મહા સુદ ૭ રવિ ઉજ્જયિનીમાં

અંત – **વિક્રમ** સિંહાસન છઇ બત્રીસ, કથા **વૈતાલીણી** પંચત્રીસ,
પંચદંડ છત્રની કથા, **વિક્રમચરિત્ર લીલાવઇ** કથા. ૨૯
પ્રવેસપરકાયની વાત, **સીલમતી ખાપર**ની ખ્યાતિ,
વિક્રમપ્રબંધ અછઈ જે ઘણા, કહઈતા પાર નહી ગુણા. ૩૦
ઇતિ ઊંમાહુ અંગિ સું ધરી, ગુરૂ કવિ સંત ચરણ અણુસરી,
ગદ્યકથા રાસ ઉદ્ધાર, રચિઉ પ્રબંદ્ધ વીરરસ સાર. ૩૧
વિડાલવગછ **આગત્રમ આણંદરત્ન**સૂરિ અનુપમ્મ,
તાસ સીષ્ય **મંગલમાણિક્ય**, વાચકઈ કરિઉ કથા આધિકય. ૩૨
સંવત **સોલ આઠની ત્રીસ** માઘ શુદિ સાતમિ રવિ દીસ,
અશ્લેષા શુભયોગિ રહી, ઊજેણીઈ કથા એ કહી. ૩૩

(૧) સં.૧૭૧( ) વર્ષે માહા વદિ ૧૩ દિને વાર શુક્રે મહોપાધ્યાય શ્રી ૫ શ્રી **વિજયરાજ**ગણિ શિષ્ય ગ. શ્રી **અમરવિજય** લષિતં દમાણિ ગ્રામે. મ. બ. (૨) પ.સં.૧૦૦, માંડલની લાયબ્રેરી. (આની પ્રત છેલ્લી મુંબઈ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં નડિયાદના જયંતીલાલ મોરારજી મહેતાએ મોકલી હતી.) [મુપુગૂહસૂચી.]

(૧૧૦૧) [+] **અંબડ કથાનક ચોપાઈ** [અથવા **રાસ**] ૨૨૨૫ કડી

ર.સં.૧૬૩૯ કા.શુ.૧૩ સોમ ઉજેણીમાં–નિઝામના રાજ્યમાં
(આરંભ સં.૧૬૩૮ જેઠ શુ.૫ ગુરુ)

આદિ – વસ્તુ.

સદા સંપદ સદા સંપદ રૂપ ઓંકાર,
પરમેષ્ટી પંચઈ સહિત, દેવ ત્રણિ **સારદા** સેવિત;
માહાજ્ઞાન આનંદમય બ્રહ્મ બીજ યોગીંદ્ર વંદિત,
ભૂયણ ત્રણિ ગુણત્રણિમય, વિદ્યા ચૌદ નિવાસ;
હું પ્રણમૂં પરમાતમા, સર્વ સિધિ સુષવાસ. ૧

દુહા

પરમ દ્યોતિ પરમેશ જે, શ્રી ગુરૂ **સારદ** માય,
આદિ કવીશ્વર સંતજન, નિત વંદૂં તસ પાય. ૨

*

અજ્ઞાનિઇં ભવિ ભૂલા જેહ, કથી શાસ્ત્ર પંથિ આણ્યા તેહ,
તે કવિ સાધુ તણા ઉપદેશ, સહી કથા કરૂં લવલેશ. ૧૨
મિત્ર **લાડજી** દરીયાગુણી, કરી પ્રાર્થના તેણઈ ઘણી,
મુનિ **લાડણ**ના આદર વતી, **અંબડ** કથા કહૂં રસવતી. ૧૩
વામન પરઈં મંદ હૂં મૂલ, ઉંચા ફ્લ લેવા અનુકૂલ,
વીરકથા કહિવા રસ થાય. તે ગુરૂ **ભાનુભટ્ટ** મહિમાય. ૧૪
વિડાલંબીયા આગમ પક્ષ, શ્રી **મુનિરત્ન**સૂરીશ્વર દક્ષ,
અષ્ટવિધાની બિરદ જેહનું, **અંબડચરિત** રચિઉં તેહનું. ૧૫
ગદ્ય પદ્ય બંધી તે કથા, તાસ સીસ સહૂ સમઝઈ યથા,
મંગલરૂપ રસિક પાત્રની, કહઇ વિશેષિઈ જનરંજની. ૧૬
અંબડવાત જેણિ નવિ સુણિ. તે કિમ નામ ધરાવઈ ગુણી,
નવરસરૂપ સુણઇ જવ એહ, અન્ય કથા આદરઈ ન તેહ. ૧૭
સંવત **સોલ અઠતીસઇ** સાર, જેઠ શુદિ પંચમી ગુરૂવાર,
માંડિઉં રાસ મૂલ સિધિયોગિ, રહી **ઊજેણિ** પુરી સંયોગિ. ૧૮
અંબડ વિદ્યાધરની કથા, સરસ વિનોદ બુધિમય યથા,
આદર કરી ભણઈ જે નિત, સુણતાં સાહસીક હુઇ ચિત્ત. ૧૯
ધર્મ્મઈં લષિમી દીરઘ આય, ધર્મિઈં વિદ્યા નિર્મ્મલ કાય,
ધર્મઈં યશ પરમારથ સિધિ. ધર્મ્મઈં અખંડ પામિઉ રિધિ. ૨૦
તે ક્ષિત્રી કુણ થાનકિ હૂઉં, કિહાં ગયું સુખી કિમ થયું,

કરિઉ કિસ્યું કાજ કિહાં રહી, મૂલ કથા જોઇઇં તે કહી. ૨૧

વસ્તુ

વીર **અંબડ** વીર **અંબડ** હૂઉ વિખ્યાત,
વારઈ શ્રી જિન **વીર**નઈ, પ્રથમ વઇ તે હૂઉં નિર્દ્ધન.
ધન કારણિ તે સેવિવા, ગયુ પાસિ **ગોરષ યોગિનિ**,
માત પરઇં તસ હિતકરી, દીધ સત્ત આદેશ,
સાહસબલિ તેણઇં કીયા, થિઉ બલવંત નરેસ. ૨

અંત – **ભટીષાંન નિઝાંમ** પસાય, વિદ્યા ભણી **ભાનુભટ** પાય,
મિત્ર **લાડજી** સુણિવા કાજિ, વાંચી કથા **વિડાલંબી** રાજિ,
કહઈ વાચક **મંગલમાણિકચ**, **અંબડ** કથા રસઇં આધિકચ,
તે ગુરૂ કૃપા તણો આદેશ, સાત માંહિ છઠો આદેશ.

*

શ્રી જિનવીર કથા એ કહી, **ઉવવાઈ** સૂત્રઈ તે ગ્રહી,
એ પરૂપણા સવિ ગણધરે, કરી સદ્દવહી શ્રાવકિ ષરે. ૧૩
ને **અંબડ** અનશન ઉચ્ચરી, અંતકાલિ શુભ લેશ્યા ધરી,
પંચમ દેવલોકિ ઇમ ગયુ, દેવાંગના સુષભોગી હુઉં. ૧૪

*

તે માટઇં આહાં આવ્યું આજ, તૂં છઈ ભાગ્યધણી મહારાજ,
મઇં જાંણિઉં દીઠઉ ભંડાર, કરૂ વિચારી જે હુઇં સાર. ૨૮
વિક્રમસિંહ સુંણી એ વાત, તુરૂબક સહિત લેઈ સહુ સાથ,
ધનગિરિ ગયા યોગિની ઠાહિ, કોષ દેખાડિઉ ધન જે માંહિ. ૨૯
ઊપરિ ધ્યાન કુંડિકા ધરી, જેતલઈ તે લેઇ પાછી કરી,
તવ અનાહત શબ્દ નીસરિઉં, તુમ્હ હો જૂઠ પ્રયાસ કાં કરિઉ. ૩૦
ઊજેણીઈ વિક્રમ નૃપ હસઈ, એ ભંડાર તેહ વિલસસઈ,
એહવો ભાગ્યધણી નહીં કોય, બીજો જે ધન વિલસઇ લોઇ. ૩૧
એ સવિ વાત જાંણવી સાચ, એહવી હુઈ દેવતાવાચ,
સુંણી વાંણિ પાછો નૃપ જાય. **વિક્રમસિંહ** આવિઉ નિજ ઠાય. ૩૨
જીવનવૃત્તિ કુરૂબકનઇં કરી, કીઉ સુષી પ્રેમ મનિ ધરી,
કુર્બલ તૂં બલ રાજા જાંણિ, એહવી અછઈ શાસ્ત્રની વાણિ. ૩૩
જે વિજયી **ઉજેણી** ઠાય, હૂઉ સાહસી **વિક્રમરાય**,
તૂઠો જાસ **અગ્નિવેતાલ**, સોવનપુર સો દીધ વિશાલ. ૩૪

મણિમય સિંહાસન પૂતલી, બત્રીસઈ જટિત તે વલી,
આપિઉં પાટિ બઈસિવા કાજિ, કરી ભેટિ વેતાલઈ રાજિ. ૩૫
ઊપરિ **વિક્રમાદિત્ય** તે રાય, બઇઠો મસ્તકિ છત્ર ધરાય,
પંચદંડ છત્રનૂં નામ, રિધિસિદ્ધિદાયક જય ઠાંમ. ૩૬
તેણઇં પૃથિવી ઊરણ કરી, આજ લગઇ રહિઉં તે ચરી,
સંવત્સર આંક તેહ તણો, ચાલિઉ સયલ દેશિ છઇ ઘણો. ૩૭
વિક્રમ પછી ભૂમિગત કરિઉં, તે પીઠ **ભોજ** વારઇં નીસરિઉં,
સિંહાસન બઇસણિ સજ હૂઇ, પૂતલી એ વારિઉ તો રહિઉં. ૩૮
પૂતલી એ **વિક્રમ**રાયના, સુગુંણ તણી કીધી વર્ણના,
તથા બત્રીસઇં પૂરી હુઇ, પછઈં પીઠ અદશ થિઉં જઈ. ૩૯
એ બત્રીસ પૂતલી ચરિત્ર, જે સિંહાસનિ હતી વિચિત્ર.
આદિ થિકી જાણિવી કથા, વિદુષે કહી પ્રથમ સર્વથા. ૪૦
ઈમ શ્રી **ગોરષ યોગિની** તણી, પામી કૃપા **અંબડિઇં** ઘણી,
હૂઇ સિદ્ધિ ક્ષિત્રી તેણઇં સાત, કર્યા આદેશ વિશ્વવિખ્યાત. ૪૧

વસ્તુ

એહ **અંબડ** એહ **અંબડ**, સાત આદેશ,
ફલ શત શર્ક્કર વૃક્ષનૂં, અંધારી યોગી વષાણો,
વિમલ રત્નહાર જસુ ગુણ, વલી નવલષી માંકડી જાણો,
રવિ ચંદ્ર દીપક સરવ, અરજ્જ શંકર દંડ,
મુકુટ માંહિ પછે વડઉ, એ સવિ કીયા અષંડ. ૪૨

ચૌપઇ.

એ ચિત્ર રૂપ આગઈં નવિ હૂઆ, હોસઈ નહીં તે કીયા જૂજૂઆ,
સીધા જે જે વિકટ ઉપાય, તે સવિ સત્ત્વ તણો મહિમાય. ૪૩
સુવિહિત ગચ્છ **આગમીયા** નાંમ, **વિડાલંબી** પાટનઉં ઠાંમ,
તે **અણહિલપુર પાટણિ** પાસિ, **ગુર્જ્જર** દેશિ મધ્યનઈં વાસિ. ૪૪
શ્રી **મુનિરત્ન**સૂરિ ગછધણી, **આનંદરત્ન**સૂરિ પટિ ગુણી,
જ્ઞાનરત્ન ગુરૂગણશૃંગાર, **ઉદયસાગર** વાચક પરિવારિ. ૪૫
તાસ પટ્ટિ **મંગલમાણિકય**, વાચક વિદ્યા રસિ ચાણિકય,
પંડિત આગલિ તે મતિમંદ, **ભાનુભટ્ટ** ગુરૂ વિદ્યાવૃંદ. ૪૬
રચી ચઉપઇ તાસ પ્રસાદ, **અંબડ**કથા તણો અનુવાદ,
લાડજીય સુત **દરીયા** તણો, કીધો સાંભલિવા ષપ ઘણો. ૪૭

શિષ્ય સાધુ વાંચિવા કાજિ, ભણિવા સજ્જન તણી સમાજિ,
ઊમાહો અંગઇં અતિ ધરી, ગુરૂ કવિ સંત ચરણ અણુસરી. ૪૮
ગદ્યબંધ ચઉપઇનઇં બંધિ, કીધો મિલી નવે સંબંધિ,
ઉછઉં અધિક કહિઉં મઈં જેહ, શુદ્ધ કરૌ સંત ગુરૂ તેહ. ૪૯
સાત આદેશે **અંબડ** પર્વ, દૂહા ચોપઈ વસ્તુ થઈ સર્વ,
શ્લોક સહિત સર્વાંકઈ સહી, બાવીસ સઈ સવાતે કૃઇ. ૫૦
બિસઇં ચઉરાસી પ્રથમાદેશ, બીજઇં બિસઈ અડસઠિ અસેસ,
બિસઇં નવ્યાસી ત્રીજઈં જાંણિ, ચૌથઈ ત્રણિસઈં છક્ક વષાંણિ. ૫૧
ત્રણિ પાંત્રીસ પંચમઈ જોઈ, છઠઈ બિસઈ છિયાસી હોય,
ચૌસઈ સતાવન સાતમઇં, ચૌપઈ સાત આદેશે સવઈ. ૫૨
સંવત **સોલ ઉગણચ્યાલીસ,** કાર્તિક સિત તેરશિ શશિદીસ,
સિદ્ધિયોગ ઋક્ષ અશ્વિની, **અંબડ**રાસ અઉપઇ નીપની. ૫૩
ભણતાં બુદ્ધિ શરીરઇં લોય, બુદ્ધિથિ કંઈ સિદ્ધિ સવિ હોય,
સિદ્ધઇં દેવ ધર્મ્મ ગુરૂભક્તિ, ગુરૂભક્તિથી પામીઇં મુક્તિ. ૫૪
નવરસમય **અંબડ**રાયની, શ્રોતા વક્તા જનપાવની,
વીરકથા ભાવઇં જે કહઈ, ચ્યારિ પદારથ સહિજઇં લહઇ. ૫૫
જાં રહઇ અંબર અવની ચંદ, જાંવિ ધ્રૂ તારા ગિરિ ઈંદ,
સાગર શેષ દ્વીપનો વાસ, તાં લગિ રહૌ એ કથાપ્રકાસ. ૫૬
ઊજેણીઇં રહી ચોમાસિ, કથા રચી એ શાસ્ત્ર વિમાસિ,
વિનોદ બુધિ વીર રસ વાત, પંડિત રસિક માંહિ વિખ્યાત. ૫૭
ભટીષાંન નઇજ્જામ પસાય, વિદ્યા ભણી **ભાનુભટ** પાય,
મિત્ર **લાડજી** સુણિવા કાજી, વાંચી કથા **વિડાલંબી** રાજિ. ૫૮
કહઇ વાચકચ **મંગલમાણિકચ, અંબડ** કથા રસઇં અધિકચ,
તે ગુરૂકૃપા તણો આદેશ, પૂરા સાત હૂઆ આદેશ. ૫૯

ઇતિ શ્રી મુનિરત્નસૂરિ વિરચિતે શ્રી ગોરષયોગિનીદત્ત સપ્તાદેશ અંબડ કથાનક ચતુષ્પદિકા સંપૂર્ણ.

(૧) ઇતિ શ્રી મુનિરત્નસૂરીસ, ગોરષયોગિની દીધા સીસ, અંબડકથાનકઈં આદેશ, કીધા સાતઇં કહિયા વિશેષ. સંવત ૧૭૬૪ વર્ષે વૈશાષ શુદિ દ્વિતીયા દિને વાર બુધે, શ્રી સૂરેત બંદિર મધ્યે લિષાપિતા. પ.સં. ૧૭૬–૯, આ.ક.ભં. [ડિકેટલોગભાઇ વો.૧૯ ભા.ર.]

[પ્રકાશિત : ૧. સંપા. બ. ક. ઠાકોર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૭–૫૨. કવિને ભાનુભટ્ટના શિષ્ય કહેલા પરંતુ ભાનુભટ્ટ એમને ભણાવનાર પંડિત જણાય છે. કવિ ઉદયસાગરના કે આણંદરત્નના જ શિષ્ય હોવાનું દેખાય છે.]

૫૩૦. હર્ષસાગર (પૌ. પદ્મશેખરસૂરિ–જિનહર્ષસૂરિ–રત્નસાગરસૂરિશિ.)

(૧૧૦૨) ધનદકુમાર રાસ ૪૭૧ કડી ર.સં.૧૬૩૮ આસો સુદ ૧૧ રવિ લાડોલમાં

આદિ – **સરસતિ** સામિણિ કરો પસાય, પ્રણમું ગચ્છપતિ સહિગુરૂરાય,
શ્રી **રત્નસાગર**સૂરિ ચરણે રહું, સરસ કવિત્ત કથારસ કહું. ૧
આદિ શંતિ શ્રી **નેમિજિ**ણ, પ્રગટ **પાસ** જિનચંદ,
સયલ ઋદ્ધ મંગલકરણ, પ્રણમું **સુમતિ** જિણંદ. ૨
પાંચે પરમેસર પ્રગટ, પ્રણમી પુહવિ પ્રસિદ્ધ,
અવર સવે જિણવર નમી, વલી વિશેષિઇં સિદ્ધ. ૩

અંત – **પુનિમ**પખિ ધુરંધર ધીર, પય પ્રણમેં ભૂપતિ વીર,
શ્રી **પદમશેખર** સૂરિરાય, જેહનો જગિ મોટો જસવાય. ૪૬૨
ધન ધન **ધનદ**ચરિત્ર, ગાતાં વયણ પવિત્ર,
જે સુણેં ધરી ઉલ્હાસિ, તે પામેં સુખવિલાસ. ૪૬૩
શ્રી **જિનહર્ષ** સૂરીંદ, તસુ પટિ અભિનવો ચંદ,
મહિમા મેરૂ સમાણ, વલી ઉદયો અભિનવો ભાણ. ૪૬૪
મહિમા કરે રે કલ્લોલ, નામેં હુઇ રંગરોલ,
નામેં લહિ વંછિત કોડિ, પામેં અવિહડ જોડિ. ૪૬૫
નાગર વંસ પ્રધાન, **સહિજલદે** કૂખિ નિધાન,
સાંહિ **સાહજ**...રે, ઊતારે ભવસુપાર. ૪૬૬
શ્રી **રત્નસાગર** સૂરીસ, કહે **હર્ષસાગર** તસ સીસ,
સંવત **ચંદ્ર નિધાન, અગ્નિ વસુ** કરીય પ્રધાન. ૪૬૭
લાડુલિ નયરી ઉદાર, જિહાં વસે શ્રાવક સુવિચાર,
ધન ધન મન ઉલ્લાસિ, ૭ મુનિ સિઉં રહિયા ચઉમાસિ. ૪૬૮
આસો સુદિ આદિત્યવાર, એકાદસી તિથિ ઉદાર,
રચીઉ **ધનદહ** રાસ, ભણતાં સવિ પૂચઇ આસ. ૪૬૯
પંડિત જોઇ કરજ્યો શુદ્ધ, જે કરિઉં હુઇ માંહિ અશુદ્ધ,

એકમનાં જે ભણુસિ, તે મનવંછિત ફલ લહિસિ. ૪૭૦
ધનદકુમારહ રાસનુ, કહિઉ ચઉથુ પ્રસ્તાવ,
ભાવિઇં ભગતિઇં સંભલિ, તે પામે સુખવિલાસ. ૪૭૧

(૧) સં.૧૬૩૮ આસો સુદિ ૧૧ રવૌ કૃતં લિખિતં. (આ કવિની સ્વહસ્ત લિખિત પ્રત છે.) પ.સં.૧૯–૧૨, રત્ન. ભં. દા.૪૩ નં.૬૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૮૫ તથા ૭૪૨–૪૩. બન્ને સ્થાને બે જુદા કવિક્રમાંકથી આ એક જ કવિ મુકાયેલા છે. પૃ.૩૮૫ પર ગુરુનામ 'રતિસાગરસૂરિ' જણાવવામાં આવેલ છે, તે વાચનદોષ જણાય છે ને 'ર.સં. ૧૯૩૮?' દર્શાવવામાં આવેલ છે તે નિધિ=૯ એ સમજથી, પણ કવિની સ્વલિખિત પ્રત સં.૧૬૩૮ની હોઈ એ અર્થઘટન છોડવું જ પડે.]

૫૩૧. વિનયકુશલ (ત. લક્ષ્મીરુચિ–વિમલકુશલશિ.)

(૧૧૦૩) જીવદયા રાસ ર.સં.૧૬૩૮ ત. વિજયસેનસૂરિરાજ્યે

(૧) ડો. અ. ભં. નં.૫૭ (વે.).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૪૮.]

૫૩૨. દેવેન્દ્ર

(૧૧૦૪) યશોધર ચરિત્ર રાસ ર.સં.૧૬૩૮

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૪૮.]

૫૩૩. હરખજી

(૧૧૦૫) પુણ્ય પાપ રાસ લે.સં.૧૬૩૯ પહેલાં

(૧) લ.સં.૧૬૩૯. [ભં.?]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૦.]

૫૩૪. સારંગ (મડાહડગચ્છ પદ્મસુંદર તથા ગોવિંદશિ.)

આમણે પૃથ્વીરાજકૃત 'ક્રિસન રૂકિમણીરી વેલી' પર લાખા નામના ચારણે પ્રાચીન પશ્ચિમના રાજસ્થાની (પ્રાચીન ગુજરાતી)માં લખેલી બાલાવબોધ નામની ટીકા પરથી વિ.સં.૧૬૭૮માં પાલ્હણપુરમાં ફિરોજશાહના અમલ વખતે સંસ્કૃત ટીકા નામે 'સુબોધમંજરી' રચી છે. અને તે સં.૧૭૮૧માં પ્રતિબિંબિત થઈ છે. આ અમૂલ્ય ટીકામાંથી ડૉ. ટેસિટોરીએ થોડાથોડા ઉતારાઓ આપ્યા છે પણ તેમણે મૂળ ટીકા પણ સાથેસાથે છપાવી હોત તો કાવ્યરસિક જનોને વિશેષ લાભ થાત. જુઓ 'ગુજરાતી'નો ૧૯૭૮નો દિવાળી અંક પૃ.૭૨.

જુઓ આ પૂર્વે ભા.૧ પૃ.૩૮૩-૮૪.

(૧૧૦૬) કવિ બિલ્હણ પંચાશિકા ચોપાઈ ૪૧૨ કડી ર.સં.૧૬૩૯ આષાઢ શુદ ૧ ગુરુ જાલોરમાં

આદિ – પ્રણમું સાંમિણિ **સારદા**, સકલ કલા સુપ્રસિદ્ધ,
બ્રહ્મા કેરી બેટડી, આપઇ અવિરલ બુદ્ધિ,
સુસ્વર અલાપઇ નાદરસ, હસ્ત વજાવે વીણ
દિનદિન અતિ આનંદભરિ, સયલ સુરાસુર લીણ. ૨
આદિકુમરી આજ લગિ, **બ્રહ્મ રૂદ્ર** હે માત,
અલખ અનંત અગોચરી, સુયશ જગત્ વિખ્યાત. ૩
કાસમીર મુખમંડણી, સેવક પૂરે આસ,
સિદ્ધિ બુદ્ધિ મંગલકરી, સરસ વચન ઉલ્હાસ. ૪
શ્રી સદ્‌ગુરૂ સુપસાઉલે, સમરિ અનોપમ નામ,
જાસ પસાઈં પામીઇ, મનવંછિત સવિ કામ. ૫
નારી નામે **સસિકલા**, તેહ તણુઉ ભરતાર,
કવિ **બિલ્હણ** ગુણ વર્ણવું, સીલ તણે અધિકાર. ૬
સીલઈં સવિ સુખ સંપજે, સીલેં સંપતિ હોઇ,
ઇહભવ પરભવ સુખ લહે, સીલ તણે ફલ જોઇ. ૭
સીલપ્રભાવે આપદા, ટાલે પાપ નિકલંક,
કવિ **બિલ્હણ** સુખ વિલસીઆ, સુણયો મૂંકી સંક. ૮

અંત – ચુપઇ

હાસ્ય કોઇ મમ કરસ્યો તથા, મતિ અનુસરે બંધી કથા,
ઓછો અધિક અક્ષર જેહ, પંડિત સૂધો કરયો તેહ. ૪૦૭

દૂહા

શ્રી **મંડાહડગચ્છ** વર, વિદ્યમાન જયવંત,
જ્ઞાનસાગરસૂરિ અછઇ, ગુહિર મહાગુણવંત. ૪૦૮
તાસ ગચ્છિ અતિ વિપુલ, **પદ્મસુંદર** ગુરૂ સીસ,
કવિ **સારંગ** ઇણિ પરિ કહે, આણી મનહ જગીસ. ૯
એગુણચ્યાલઇ વત્સરિ ઊપરિ **સે** વલિ **સોલ**
સુદિ આષાઢિ પ્રતિપદા, કહું કવિતકલ્લોલ. ૧૦
પુષ્ય નક્ષત્રે વાર ગુરૂ, યોગે અમૃત સિદ્ધ,
શ્રી **જાલોરપુરે** પ્રગટ, કૌતિક કારણ કીધ. ૧૧

સજ્જણ જણ જે સંભલે, ભણે ખંતિ મનિ આંણિ,
ઋદ્ધિ વૃદ્ધિ પાંમે સદા, કુસલ ખેમકલ્યાણ. ૪૧૨

(૧) પ.સં.૨૧-૧૩, રત્ન. ભં. દા.૪૩ નં.૨૫. (૨) કૃતા **સારં**ગેણ. પ.સં.૧૬-૧૭, રત્ન. ભં. દા.૪૩. નં.૨૬. (૩) સં.૧૬૭૫ પોસ વદિ ૧૦ **ભદ્રાણા** ગ્રાંમે **વરધમાન** લ. ચોપડો, પ.ક્ર. ૧૯૪થી ૨૧૫, વિ.ને.ભં. નં. ૪૬૩૧. (૪) પ.સં.૧૪, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૧ નં.૨૦૧૮. (૫) મારી પાસે. [મુપુગૂહસૂચી.]

(૧૧૦૭) ભોજપ્રબંધ ચોપાઈ [અથવા **મુંજભોજ પ્રબંધ**] ર.સં. ૧૬૫૧ શ્રાવણ વદ ૯ મંગળ જાલોરમાં

અંત – **ભોજપ્રબંધ** તણી ચઉપઇ, **સોલ ઈકાવન** વચ્છરિ હુઈ,
વડગચ્છ શાખા **ચંદ્ર** વિચાર, **મડાહડગચ્છ** ગચ્છસિણગાર. ૫૪
સૂરિપદઈ જયવંતઉ જાણ, **ધ્યાનસાગર** સૂરીશ વખાણ,
તેહનઇ ગચ્છિ વાચક ગુણગેહ, દીપઈ જસુ ગુણનિર્મલ દેહ. ૫૫
પદ્મસુંદર નામઈ પરગડુ, ધુર લગિ જાસુ **અનોપમ** ઘડુ,
ગુરૂભાઈ તસુ છઈ **ગોવિંદ**, પુરિ **જાલોરિ પ્રગટ** આણંદ. ૫૬
તાસુ સીસ **સારંગ** સુવાણિ, વિમલ કિઉ નૃપ **ભોજ** વખાણ,
શ્રાવણ વદિ **નવમી** કુંજવાર, પ્રકટ કીઉ કૃપા પ્રચાર. ૫૭

(૧) લખ્યા સંવત ૧૬૫૭ વર્ષે આશ્વિનિ વદિ ૨ રવૌ શ્રી **જાલોર** મધ્યે **પૂર્ણિમાપક્ષે** ભટ્ટારક શ્રી **વિમલચંદ્રસૂરિ** વિજયરાજ્યે વા. શ્રી **વિનય-સાધુ** શિષ્ય **ચારિત્રવિમલેન** લિ. સાગર ભં. પાટણ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧. (પૃ.૩૯૫, ૪૪૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૦૩-૦૪, ભા.૩ પૃ.૮૦૧-૦૨.]

૫૩૫. લાઈઆ-ઋષિશિ.

હીરવિજયસૂરિના સમયમાં કર્ણ ઋષિના ચેલા જગમલના ચેલા જગમાલ ઋષિના ચેલા લહુઆ ઋષિ હતા કે જેનો ઉલ્લેખ 'સૂરીશ્વર અને સમ્રાટ'માં પૃ.૨૯મે કરવામાં આવ્યો છે. તે અને આ લાઈઆ-ઋષિ એક હોવાનો સંપૂર્ણ સંભવ છે. ઉપરોક્ત જગમાલ ઋષિએ સં.૧૬૩૦માં પોતાના ગુરુ પોથી નથી આપતા એવી હીરવિજયસૂરિને બોરસદમાં ફરિયાદ કરી પણ એવી ફરિયાદ યોગ્ય નથી એમ જણાવ્યા છતાં તે ન સમજ્યા ત્યારે તેને ગચ્છ બહાર કર્યા તેથી જગમાલ પોતાના શિષ્ય લહુઆ ઋષિને

લઈ પેટલાદ જઈ ત્યાંના હાકેમને ફરિયાદ કરતાં હીરવિજયસૂરિને પકડવા સિપાઈઓ મોકલાયા વગેરે. આ સં.૧૬૩૦નો સમય ને કૃતિનો લખ્યા સં.૧૬૪૦ બંને લગભગ મળે છે.

(૧૧૦૮) મહાબલ રાસ લ.સં.૧૬૪૦ પહેલાં

આદિ – રાગ કેદારો

ગૌતમ દેવ નમો સદા, લહીઇ સવિ સુખસંપદા
સારદા વાણી આપુ નિર્મલીઇ. ૧

ઉલ્લાસ

નિર્મલી વાણી મુઝનિ આપુ, યુક્તિઇ સહિત ગુણવંતી,
સુરવર નરવર મધ્યે દીપઇ, એહવી સહી સોભંતી. ૨
તેહ તણા પ્રસાદ થકી હૂં **મહાબલ**નું આખ્યાન,
ઓલિસિ યુક્તિ કરી નિસુણયો, પુરૂસોત્તમ પરધાન. ૩

અંત – શ્રી **ઋષિ લાઇયા** મોટા મુનિવર તેહ સિષ્યિ રચિઉ રાસ રે,
સોહામણા,
ભણિ ગણિ ભાવિ કરી શ્રવણિ સુણતિ મતિ ઉલ્હાસિં રે–
સોહામણા. ૩
વેગિ માહારા ભાઇડા, દયા રૂડી પરિ રાખિ રે સોહામણા.

(૧) જોસી રણછોડ લષ્યતં. નં.૪૪ સં.૧૬૫૫ જ્યે. કૃ. ૮ વાર બુધિ લ. દીવ બંદરિ. પડનાર્થં બાઇ વછાઈ હંસાઇ. પ.સં.૪૦–૯, વિમલ (કાલુશા પોળનો) ભં. દા.૨૫ નં.૧૮. (૨) સં.૧૬૪૦, વિદ્યા. [મુપુગૂહસૂચી (લાહિયા ઋષિને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૦, ભા.૩ પૃ.૭૩૦–૩૧.]

૫૩૬. પદ્મસુંદર ઉપા. (બિવંદણિકગચ્છ માણિક્યસુંદરશિ.)

(૧૧૦૯) શ્રીસાર ચોપાઈ અથવા **રાસ** ગા.૩૫૮ ર.સં.૧૬૪૦ ચાડામાં

અંત – તઈ મન મોહિઉં રે નેમિજી એ ઢાલ.

ઇંમ **શ્રીસાર** નરિંદનઈ, **મનમોહના** ધરિ નારિ,
મોહ તણી પરિ એ કહી, નેટિ સાચઉ શીલ સંસારિ. ૩૫૨
ભણયો ગણયો હો એ સહૂ મન જિમ આવિ રે ઠાંમિ,
છેહડિ ધરમ ધારૂ સહી, અવસરિ આવિ રે કાંમિ. ૫૩ ભ.
દંતકથા ઇંમ સાંભલી, સમંધ કોસઇ આધાર,
ચઉપૈ કહી મન રિંઝવા, **ચાડા** ગામ મઝાંરિ. ૫૪ ભ.

પહિલુ મોહ દીપાવીઉ, સરસુ માયાનુ રાગ,
ધરમ કહિઉ પછિ અતિ ઘણુ, મુગતિ તણુઉ જિહાં માગ. ૫૫ ભ.
મ કરૂ મોહ ઇમ જાંણીનઇ, પાલુ શ્રી જિનવાંણિ,
સંવત **કમલિણિપતિકલા,** સંવછર **બિ વીસ** જાંણિ. ૫૬ ભ.
એ **શ્રીસાર** ચુપઈ, કહી ગુરૂપસાય,
હીણુઉં અધિકું જે કો કહિઉં, તે મિછાદુકડ ભાય. ૫૭ ભ.

કલસ

ઇય રાય **શ્રીસાર મનહમોહના** પરિઇ મન થિર કીજીઇ,
મન શુદ્ધ ભાવિઇ એકચિતિઇ નાંમ એહનાં લીજીઇ;
સંસારસાગર ભવીયતારણુ મનહિં મમતા વારીઇ,
નર મલિઈ ધરમઇ ઇહાં નરભવિ આપ સોહ...ઈ. ૩૫૮

(૧) ઇડર મધ્યે લિ. પ.ક.૧થી ૯ પં.૧૭, પ્રથમ પત્ર નથી, મો. સુરત પો.૧૨૪.

(૧૧૧૦) ઈશાનચંદ્ર વિજયા ચોપાઈ ગા.૫૧૧ ર.સં.૧૬૪૨ કા.શુ. ૧૫ ગુરુ ચાડામાં (તારંગાજી પાસે)

આદિ – અચલ અનંત અરિહંત જે, અલખ નિરંજન દેવ,
ત્રિભુવન જન સુર અસુર નર, સારિઇં જિનની સેવ. ૧
તે ભગવંત હઇડિ ધરી, **સારદ** માગઉં માંન,
કવિજન કેરી માડલી, આપુ મુઝ વરદાંન. ૨
મતિહીણુઉં મનસા કરૂં, જોડિ રચવા હુંસિ,
દેષી દી(ન) કૃપા કરૂ, સામણિ મૂંહનઇ તૂસિ. ૩
લઘુ દીરઘ જાંણુઉ નહી, માઇ ન લહૂં મરમ,
પણિ તાહરા પરતાપથી, જોડિ તણું લહૂં ધર્મ. ૪
વર દેય્યો માતા ઘણુઉં, હૂં છઉં તોરૂ દાસ,
સમકિતથી સુખ સવિ મલિ, પૂરિ મનની આસ. ૫
સુગુરૂ-આંણ સરિ નીતિ વહૂં, શ્રુત જોઇ આધાર,
કથાકોસિ ચુપૈ કહું, મતિ હોયો મુઝ સાર. ૧૦
બુદ્ધિ વિના ભૂલ મિ કરૂં, પંડિત સૂંણુઉ સુજાંણ,
અધિક ઉછઉં કિહીં હુઇ, તે સુધુ કરજો જાંણ. ૧૧
જૈન ધરમ જગિ દોહલુ, જાસ મૂલ સમકિત,
પ્રથમ મનિઈ રાખુ ખરૂં, સત્રૂમિત્ર સમચિત્ત. ૧૨

અંત – કહિ કવિ મઇં સંખેપિઈં કહિઉ, મતિસારૂ મઈ જેહવુ લહિઉ,
અધિકું ઉછઉં ભાખિઉં જેહ, પણમી પગે ખમાવઉં તેહ. ૫૦૩
મતિહીણુઉ ભોલા માહિં વડુ, બોલિ નવિ જાણું પડવડુ,
લાંબી જીભ નઇ ન સકું રહી, કાલિઈં ગહિલઇં ચુપૈ કહી. ૫૦૪
અક્ષિર હીણુ જાંણિઉ જિહાં, પંડિત સાચુ કરયો તિહાં,
ભણુયો ગુણુયો સુણુયો સહી, મુખથી નીતિ મુંકેવી નહીં. ૫૦૫
સમકિત જે સાચું પાલસિ, આપિઈં આપ ને અજૂઆલસિ,
બિવંદણીક પંડિત ગુરૂરાય, **માંણિકયસુંદર** પણમી પાય. ૫૦૬
સંવત **ચંદ્રકલા** જાંણીઇ, વરસ એહ હઇઇ આંણીઈ,
કરમ તણા બીજ જે સાર, **ધરમ તણા જેતલા પ્રકાર.**
ઇમ સંવછર જાંણુ સહી, માસ વરસ ધુરિ જે કહી,
તથિ સંખ્યાઇ તથિ જાંણુયો સુરગુરૂ ઉસ્તાદ વાર માંનયો.
તારંગગિરિ છાયાઈ રહિઉ, **ચાડા** ગાંમ માહિં એ કહિઉ,
પદમસુંદર બોલિ ઉવઝાય, સહૂ પુંણિ જગિ સુખીઉં થાઈ.
ચુપૈ વસ્ત ઢાલ નિ દૂહા, નવનવી ભાષાઇં કહિયા,
ભણિ સુણિ આણંદિં જેહ, મનવંછિત સુખ લહિસિ તેહ. ૫૧૦

કલસ.

ઇય સાર સમકિત સબલ સાચું એકમના સંભાલીઇ,
કુગુર કુદેવ કુમતિ કુવિસન સહિજિ દૂરઇ ટાલીઇ,
રાય **ઈશાંન વિજયસેના** એહની પરિઇં સુખ લહી,
સભા માહિ (સુ)ગુરૂ બિઠા સંઘ પ્રતિઇં વલી વલી કહી.

(૧) પ.ક્ર.૨૫થી ૩૭, મો. સુરત પો.૧૨૪.

(૧૧૧૧) રત્નમાલા રાસ ગા.૧૩૮ ર.સં.૧૬૪૨ કા.શુ.૧૦ સોમ ચાડામાં
આદિ – શ્રી જિણવર રે પય પણમઉં ભાવઇં કરી,
વલી સહિગુરૂ રે, અહિનસિ ચલણાં અણુસરી,
માય **સારદા** રે, આપુ વાણી સોહામણી,
સતી ગાઉં રે, **રયણુમાલા** રલીઆમણી. ૧
રલીઆંમણી તે **રતનમાલા** સીલ રાખિઉં જેણિ પરિઇ,
તે કહિસુ ભાવઇ સુમન આવિઇં ગ્રંથિ બોલિઉં જેણિ પરિઈ,
પ્રાણાંત આવિઇં ચિત ન ચલઈ તેહ ઉત્તમ જાંણીઈ,
સોએ **રતનમાલા** ગુણવિસાલા, સુંણુ જે વખાંણીઇ. ૨

હૂં મૂરિખ રે મતિહીણઉ થુ જે કહૂં,
લઘું બાલક રે જે બોલિ તે અભિનવઉં,
તિમ પંડિત રે જોડ કરૂં તે જાંણુયો,
ખરિ ખોટિઇં રે મન માંહિ કો માંણુયો. ૩

અંત – અવતાર એ ધનધન ઇશાં શીલ જે પાલિ,
તે ઇહભવિ પરભવિ કુલ આપણા અજૂઆલઇ,
જોઉ **રતનમાલા** જિમ જાઈં અલી અંતરાય,
એ ભણિય સુંણુઇય જેલીલા લખ પરિ થાઇ. ૧૩૫
થાઇ લખ પરિ લીલ તેહનઈં **રયણુમાલા** જે ગાઇં,
એહવઉં સીલ ધરઇં નરનારી તે વંછિત સુખ પાઇં,
સોમકલા સંવત સંવછર **દોઇ** અધિક **ચ્યાલીસ**,
ગીતા છંદ ઇહાં એહ રચીઉ **માંણિકચસુંદર** સીસ. ૧૩૬
સીસ **માણિકસુંદરનુ પદમસુંદર** ઉવઝાય,
સુદિ દસમી સોમઇં વરસા રે ધુરિ માસ **માહઇ**,
એહ ગચ્છ **બિવંદણીક સિધિસૂરિ** ગુરૂરાજ,
વિજિવંતા સીલનુ સુંણતાં સીઝઇં કાજ. ૧૩૭
સીઝઇં કાજ સીલગુણ ગાતાં **ચાડા** ગાંમ મઝારિ,
કથાકોસ માહઇં એ કીધી શાસ્ત્ર મઝારિ,
અધઇકું ઊણું મૂઢ થકઇં મઇં કહિઉં હુઇ વલી જેહ,
સંઘ સાખિ દિઉં છઉં હું તિકરણુ મિછાદુકડ તેહ. ૧૩૮

(૧) પ.ક્ર.૧૪થી ૨૦ પં.૧૭, મો. સુરત પો. ૧૨૪.

(૧૧૧૨) શ્રીપાલ ચોપાઈ રાસ ગા.૨૪૫ ર.સં.૧૬૪૨ કા.વ.૭ ગુરૂ ચાડામાં

આદિ – વસ્તુ
...........જેહ વખ્યાત.
આસસેણ નૃપ કુલતિલક કૂખ **વાંમા** સણગાર નાંણઉ,
પ્રભાવતી વર અતિ ચતુર **પાસ** દેવ સામી વખાંણઉ;
પય પણમી...તણા સહિગુરૂ આંણુ વહેસ,
સરસતિ માત પસાઉલિ ચુપૈ સરસ રચોઉસ. ૧
વીર જિણેસર ચરણુ ક. એ ઢાલ
શ્રી જિણુવર સઇ મુખિઈં કહિ એ જિનધરમ સુસાર,

છઇ દરસણ માહિં મૂલગુ એ, દઇ લીલ અપાર. ૧
તેહમા છિ સહી મોટિકા એ, જિન કહિ ઇંય પ્રકાર;
દાંન સીલ તપ ભાવના એ, એહ જ જગિ ચ્યાર. ૨
ધુરિ તેહ માહિ માંડીઈ એ ગુંણનુ નધિ દાન,
જેહથી ઘરિ લખિમી ઘણી એ, ત્રિહું ભુવને માંન. ૩

અંત – ન્યાંન લહી સવિ પુરિ પુહુચસિ, પુંનરપિ ભવ માહિં નવિ વસિ,
સુખ સાસ્વતાં પાંમસિ સહી, દાંન ઊપરિ ચુપૈ એ કહી. ૨૩૯
સુંણઇયો ભણુયો સહૂ હેત કરી, અધિક ભણુયો યો ચંતિ ધરિ,
મૂઢ થકિઇં જે અધિકું લવિઉં, તે મીછાદુકડ હૂં કવું. ૨૪૦
આઠ દોએ સંવત **બિ ચ્યાર**, વરસ ધુરિઇં તે માસ વિચાર,
સતમિ સાંમા નઇ ગુરૂવાર, **ચાડિ** રાસ રચિઉ સુવિચાર. ૨૪૧
શ્રી **શ્રીપાલ** રાસ ગાઇઇ, જિમ નિરમલ આપિઇં થાઇઇ,
સુણસિ જે સૂધઉં ચિતિ ધરી, આરતિ ચિંતા સવિ પરિહરી. ૨૪૨

ઉત્તમ એ **શ્રીપાલ** ચરિત્ર, સાંભલતાં માંનવી પવિત્ર,
લીલા લખિમી તસ ભરપૂર, વિઘન સવે સહી નાસિઇં દૂર. ૨૪૩
કથાકોસિ માંહિ એ લહિ, ઉવઝાય **પદમસુંદર** ઇંમ કહિં,
ઈસાનચંદ્ર સમકિત ધુરિ કહિઉ, દાનફલ રાય **શ્રીપાલિઇં** લહિઉ. ૨૪૪

કલસ

વરિસવિ સુખ રાય શ્રીપતિ દીન દાંનિઇ ઊધરિઉ,
સાધૂદાંનિ રાજ રાંમ ત્રણિ ૨ લીલાં વરિઉ;
આપદા સવિ દૂરી કીધી સંપદા વંછિત ફલી,
સહિત સમકિત દાંન દેતાં દૂધ જિમ સાકર ભલી. ૨૪૫

(૧) પ.ક્ર.૯થી ૧૪ પં.૧૭, મો. સુરત નં.૧૨૪.

(૧૧૧૩) કથાચૂડ ચોપાઈ અથવા **રાસ** ર.સં.૧૬૪૨ માગ. વદ ૧ ગુરુ ચાડામાં

આદિ – પરમ અરથ જેણિં સાધીઉ, તે પ્રણમૂં ત્રિણિ કાલ,
સરસતિ સુગુર પસાઉલિ, કહું ચુપૈ રસાલ. ૧
તપ ઊપરિ સૂંદર સરસ, જેહથી છૂટિ કરમ,
સઇં મુખિ કહિં જિણવર અસિઉ, તપ છિ ઊતમ ધરમ. ૨

જેહ થકી પરતક્ષિ ફલ, લહીઇ લીલ અપાર,
જુ ત્રવધિઇં ર પરિહરિ, જે કષાઇ છિઇં ચ્યાર. ૩
જિનમત મનિ આણી ખરૂ, તપ કરયો ધર ધીર,
કથાચૂડ તણી પઇરિઇં, તે પાંમિ ભવતીર. ૪
તે **કથાચૂડ** કુંણુ કિહાં હૂઉ, કિમ તપ કરિઉ સુસાર,
ઘરે રહિઆં કેવલી થયુ, વણિુ ચારિત્ર વવહાર. ૫
કથાકોસ માંહિ થકી, જોઇ ચુપૈબંધ,
હૂં મૂરખ મતિહીણુ કહૂં, સુંણયો તે સંબંધ. ૬
માણિકચસુંદર સીસ જે, કહિ કરી કર જોડિ,
આધકું ઊણું જેહવઉં, તે કો મ કહિયો ખોડિ. ૭

અંત – વિસ્તર કથા શાસ્ત્રે છિ ઘણી, કહી ન જાંણુ મૂરખ ભણી,
એણી પરિ સાચુ તપ જે કરિ, ગ્રહી થિકુ તે સાયર તરિ.
કલા ચંદ દો અનઇ **ચ્યાર**, સંવત સંવછર એહ વિચારિ,
સંવછર ધુરિ બીજુ માસ, **ચાડિ** ગાંમિ કહિઉ એ રાસ.
શામા પૂરવ તથિ ગુરૂવાર, **બિવંદણિક બેચરપુર** સાર,
પદમસુંદર કહિ ઉવઝાઇ, એ ભણતાં સુણતાં આણંદ થાઇ.

કલસ.

થાઇ આણંદ સુખ સંપતિ રિદ્ધિ વૃદ્ધિ સહિજિઇં મલિ,
કથાચૂડ નરિંદ ગાતાં સહી સંકટ દૂરિં ટલિં,
સમકિત દાન સીલહ તપ ભાવના સદાએ ગુણ ગાઇઇ,
કહિ કવીયણ સુણઉ ભવીયણ લીલ વંછિત પાઇઇ.

(૧) પ.ક્ર.૨૦થી ૨૫ પં.૧૭, મો. સુરત પો.૧૨૪.

(૧૧૧૪) કનકરથ રાસ ગા.૨૭૨

આદિ – વસ્તુ

સુગુરૂ સાંનધિ સુગુરૂ સાંનધિ નમું **સરસતિ**,
જિણવર શ્રીમુખવાસની સયલ રધિ નવનિધિ આપિ,
મતિહીણા મુઝ સારિખા વાંણિ દેઇ જગિ...થપ્પઇ.
અરિહંત ચુવીસઇ જપઉં વંછઉં કવિ આસીસ,
દાન તણાં ફલ વર્ણવઉં **કનકરથ** નરઇસ. ૧

અંત – વસ્તુ.

કથાકોસિઇં કથાકોસિઇં કહિઉ દષ્ટાંત,

કરૂપઇં થઇ પરણીઉ દાન પાત્ર પુહવી પ્રસીધઉ,
ગાહા સુણી સાચી ફલી ઘણાં વરસ ગિરિ રાજ કીધઉ,
ભવ પૂરવલઉ ભ(લુ) આરાધ્યાં વ્રત બાર,
અણુસણિ સુરપુરિ અવતરિયા, અછિ એક અવતાર. ૨૬૯

ચુપૈ

હીણબુધિ કો અધિકું કહિઉં, **કથાકોસિ** કઇહીઉં (ક)ઈ રહિઉં,
મિછાદુકડ દિઉં કર જોડિ, કરયો સુધિ કાઢી ખોડિ. ૨૭૦
ભણુયો સુણુયો બહુ મન ધરી, દાંન તણાં ફલ ઊપરિ કરી,
કનકરથ જે ગુણ સંભલિ, નવનિધિ રિધિ તેહનઇં મલઇ. ૨૭૧

કલસ.

ઇંમ દાન નરવર **કનકરથ** વર ભવિ ઇણિ પરિ દીજીઇ,
એક મન કરિ ધરમ જિનવર જનમના ફલ લીજીઇ,
સુણત ભાવઇ રિદ્ધિ આવઇ ફલઇં મનની આસ એ.
ઇહભવિ પરભવિઇ મનહ વંછિત લહઇ લીલ વિલાસ એ. ૨૭૨

(૧) પ.ક્ર.૩૭થી ૪૪, મો. સુરત પો.૧૨૪.

(૧૧૧૫) શ્રીદત્ત ચોપાઈ ગા.૪૬૧ ર.સં.૧૬૪૨ આસો શુદ ૩ ગુરુ ચાડામાં

આદિ– રાગ મલ્હાર વધાવાની ઢાલ.

સરસતી ભગવતિ પાય પ્રણમું, દીઉ બુધિ ભંડાર,
હૂં મૂઢ નિ મતિહીણ છઉં, પણિ આપિ તું આધાર.
સાનધિ સહિગુરૂ શાસ્ત્ર જોઇ ગાઉં રાગવિરાગ,
કરિ જોડિ વલી વલી વિનવઉં માય આપયો મતિ ભાગ. ૧
અહો કવિ કેરી **સારદ** માડલી—આંકણી.
રાજરિદ્ધિ રાંણિમ લીલ વિલસી પછિ છંડયા ભોગ,
ઉપસરગિ ન ચલિયા લેઇ અણુસણ ઠામિ રાખિઉ યોગ,
તેહના ગુણ કહું લવલેસ **શ્રીદત્ત** નામિ કુમાર,
કુણ ઠાંમિ માવિત્ર કવણ તેહનાં, કિમ લહિઉ સંયમભાર. અહો. ૨
પંડિત **માણિકયસુંદર** શ્રી ગુરૂચલણ તાસ પસાય,
સુજન સહુઈ ભાવિ સુણયો, કહિ ઇંમ ઉવજઝાય. ૨
જંબૂદીવ ભરહ આંણી નયરી **ચંપા** ઠામ,
નવ બાર જોયણ પ્રલંબ પુહુલી, ઊત્તમનુ વિશ્રામ. ૩

અંત – સંવત **આઠ બિવાર**, વરસ **બિ** નઇ **ચ્યાર**,
વાંમાંકિઈં ગણુઉ એ સહૂએ એ ભણુઉ એ. ૪૫૬
આસો માસ સપે(મે)ત ત્રીજ વાર ગુરૂ હેત,
ચાડિએ કહિઉ એ ઉત્તમ મનિ રહિઉ એ, ૪૫૭
(**ખેચરપુર** અભિરામ **બિવંદણિક** ગછ નામ,
શ્રીગુરૂ સાંનિધે એ, મુઝ થોડી બુદ્ધઈ એ)
પદમસુંદર ઉવઝાય, સુણુયો **ચુપૈ** રાય,
રાગ વિઇરાગ ભલુ એ, **શ્રીદત્ત** ગુણનિલુ એ. ૪૫૯
ઇમ મન રાખુ ઠાંમિ, એ કહી છિ ઇણિ કાંમિ,
ધરમ થીરૂ ધરૂ એ, જિમ લીલા વરૂ એ. ૪૬૦

કલસ.

શ્રીદત્ત મુનિવર સુગુણ સૂંદર રાગ વિરાગ ઊપરિ રચિઉ,
ઢાલ ચુપૈ દૂહા ભેલી મનહ મેલી એ સચિઉં.
જિ ભણિ ભાવઈં સુણિ ગાવઈં તસ મનવંછિત ફલિ,
રાજરિદ્ધિ રાણિમ સપરિવારહ ઈહાં ભવિ પરભવિ મલિ.

(૧) પ.ક્ર.૪૪થી ૫૪, મો.સુરત નં.૧૨૪. (૨) પ.સં.૨૭-૧૧, કડી ૪૬૫, રત્ન. ભં. દા.૪૩ નં.૫૫.

(૧૧૧૬) ઉપશમ સઝાય પાંચ સઝાય કડી ૨૧ ર.સં.૧૬૪૭ વૈ.વ.૧૦ ગુરુ ચાવંડ ગામમાં

અંત – સંવત **સોલ સતતાલ** નઇ રે, વદિ વૈસાખ વિસેસો,
દસમી ગુરૂવારઈં રચી રે, ઓછ મતઇ લવલેસો.
લવલેસ કહી છઇ પાંચ સઝાઇ, **પદમસુંદર** બોલઈ ઉવઝાઇ,
ચાઉંડ નયરે આણુંદ આવઇ, ઉપસમ સું સુણજ્યો ભાવઇ. ૨૧

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૫૬-૬૪.]

૫૩૭. હીરકુશલ (ત. વિમલકુશલશિ.)

(૧૧૧૭) કુમારપાલ રાસ ર.સં.૧૬૪૦ અક્કમપુરિમાં

આદિ – દૂહા

પયપંકજ જસ પ્રણમતાં, પાંમીજિ સુરરિદ્ધિ,
ત્રિશલાનંદન દુષ હરઈ, નામં મંત્રિ બહુ સિદ્ધિ. ૧
ગજગતિ **સરસતિ** સમરતાં, લહીઈ વચન રસાલ,
કવિ કોટિ સેવા કરિ, નિમીલયાત મરાલ, ૨

નિજ ગુરૂના હૃદયે ધરી, **વિમલકુશલ** સુપવિત્ર,
હીરકુશલ કહે કવિ જિ સુણીઉ, **કુમારપાલ** ચરિત્ર. ૩
ત્રિહું ભુવનિ જિશ તેહનું, શાં કીધાં તેણિ કામ,
કહિતાં કવિજન સાંભલઉ, નામ ઠામ તસુ ગામ. ૪

અંત – શ્રી **સોમસુંદરસૂરિ** સીસ વાચકવરૂ, તેણિં કરિઉં **કુમરનૃપનઉં** ચરિત્ર,
તેહ ઊપરિ રચિઉં સંવત **સોલોત્તરઈ** વર્ષ **ચ્યાલીસ અક્કમપુરિ** પવિત્ર. ૧૬ આ.
પ્રવર **તપગચ્છપતિ હીરવિજય** ગુરૂ, **જયવિજય** તત્ **વિજયસેન** સૂરી,
જણે **સોહમ્મ જંબુસ્વામિ** ગણધરા સેવતાં સંપત્તિ સકલ પૂરી.૧૭
સુરવધૂ નૃપનઈ કરિ ભામણા.
તસ ગચ્છ માંહિ તેજે કરી દીપતુ, જીપતુ કામરિપુ શીલ શુદ્ધિ,
વિમલ યશ **કુમર** જસ લીધો ભિધો વિબુધપદ મંડલી માંહિ પ્રસિદ્ધો. ૧૮
ગ્રકલ સીદ્ધ કમલિ રમઈ ભમર પરિ, વીણિ મકરંદ પીઇ મનહ રંગિ,
હીરકુશલ કહિ **કુમરનૃપ** કેરઉં રાસ ભણતાં હુઈ **આણંદ** અંગિ–૧૯ સુરવધૂ કુમર.

(૧) સં.૧૭૦૨ કારતગ સુદ ૨ દન સન ઝંઝૂવાડા મધે **કોઠારી અમંયા** લષ. ચા. નં.૪૦–૧૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૫૩.]

૫૩૮. કમલહર્ષ (આગમગચ્છ)

(૧૧૧૮) અમરસેન વયરસેન રાસ ર.સં.૧૬૪૦

(૧) ભાં.ઇ. સન ૧૮૯૨–૯૫ નં.૬૧૪.

(૧૧૧૯) નર્મદાસુંદરી પ્રબંધ ર.સં.૧૬૪૩ કૌમુદી માસ શુ.૧૩

(૧) સં.૧૬૭૬ જે.વ.૮ ભોમે કમલવિજય લિ. **નરવિજય** પઠનાર્થં. જિ.ચા. પો.૭૯ નં.૧૯૫૬. [ડિકેટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૪૮.]

૫૩૯. જિનવર્ધન (કલ્યાણધીર વા.-શિ.)

(૧૧૨૦) + ઉપદેશકારક કક્કો

પ્રકાશિત : ૧. સ. મા. ભી. પૃ.૩૩૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૧. ત્યાં કવિને ભૂલથી સં.૧૫૧૫ આસપાસ મૂકેલા. કવિ પોતાને કલ્યાણધીર વાચકના શિષ્ય તરીકે આ કૃતિમાં બતાવે છે અને કલ્યાણધીર વાચકના અન્ય શિષ્ય ધર્મરત્ન (નં.૫૪૨) સં.૧૬૪૧માં હયાત હોવાની માહિતી મળતી હોવાથી આ કવિને એ અરસાના ગણવા જોઈએ.]

૫૪૦. નગાઋષિ (ત. હીરવિજયસૂરિ–કુશલવર્ધનશિ.)

આ નગર્ષિએ ગાથાબંધ 'કલ્પાન્તર્વાચ્ય' રચેલ છે તેની પ્રશસ્તિ:

ચંદ(૧) **રસ**(૬) **બાણ**(૫) **મુનિ**(૭) સમ વરિસે **તવ**ગણ
વિભાસક્કાણં,
ભટ્ટારગપુરંદર સિરિ **વિજયસેન**સૂરીણં. ૬૫
રજ્જે વિહિઓ ગંથો પંડિયસિરિ **કુશલવદ્ધણ**ગણીણં,
સીસેણ બાલમઈણા **નગા**ભિહાણેણ વરમહિમો. ૬૬

વળી તેમની જ લખેલી તે જ પ્રત સાગરગચ્છના ભંડાર (પાટણ)માં છે કે જે ભંડારમાં તેમના હસ્તથી લખેલાં કેટલાંક પુસ્તકો છે, તેમાં જણાવે છે કે:

સંવત ૧૬૫૭ વર્ષે ભાદ્રપદ સિત ત્રયોદશ્યાં વાર બુધ પૂર્ણીકૃતઃ લિખિતશ્ચ શ્રી **વટપલ્લીનગરે નગ**ર્ષિગણિના.

આમણે સંસ્કૃતમાં 'દંડકાવચૂરિ' પણ રચી છે. તેમની લખેલી 'ઉપાસક દશાંગસૂત્ર' મૂળની પ્રતિ પાટણના સાગર ભંડારમાં છે તેની અંતે જણાવ્યું છે કે "શ્રી **વિજયસેનસૂરિ** યુવરાજ્યે સકલપંડિતસભારંજન શ્રી ઉદયવર્દ્ધન તચ્છિષ્ય પં. કુશલવર્દ્ધન, તચ્છિષ્ય **નગ**ર્ષિગણિ."

આ કવિએ 'સ્થાનાંગસૂત્ર પર વૃત્તિ' નામે 'સ્થાનાંગ દીપિકા' સં. ૧૬૫૭માં રચી છે. (ગોડીજી ભં. ઉદેપુર)

(૧૧૨૧) સિદ્ધપુર જિન ચૈત્યપરિપાટી સ્ત. ર.સં.૧૬૪૧ ભા.શુ.૬ સિદ્ધપુરમાં

અંત – ચંદ નઈ **રસ** જાણીઈ, તુ ભમરૂલી, **વેદ વેલસસિ** જોઇ
તે સંવત્છર નામ કહું તુ ભમરૂલી, ભાદવ શુદિ છઠિ હોઈ
કલસ.
સીધપુર નયર મઝારી કિધિ ચઈત પરિપાટી ભલી,
જે ભણઈ ભવિયણ કહઈ કવિયણ, તાસ ઘરિ સંપદ મિલિ,

તપગચ્છમંડન દુરિયખંડન શ્રી **હીરવિજય** સૂરીસરૂ,
કવિ **કુસલવર્દ્ધન** સીસ પભણઈ, સકલ સંઘ મંગલકરૂ.

ઇતિ સીધપુર જિનચૈત્ય પરિપાટી સ્તોત્ર સંપૂર્ણ.

[મુપુગૂહસૂચી (કુશલવર્ધનશિષ્યને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૧, ૪૦૫ – કુલવર્ધનને નામે, ૪૧૪).]

(૧૧૨૨) રામ સીતા રાસ ર.સં.૧૬૪૯

ચંદ્ર અનઇ રસ વેદ નિહાલુ, **નંદ** ભલુ તિમાલુ.

(૧) હા.ભં. (૨) પા.ભં. (૩) ખં.ભં.૧. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૩૯૪).]

(૧૧૨૩) અલ્પબહુત્વ-વિચાર-ગર્ભિત શ્રી મહાવીર સ્તવન ૩૯ કડી

અંત – **હીરવિજયસૂરીસરો.**
કવિ **કુશલવર્દ્ધન** સીસ પભણઇ, **નગાગણિ** વંછીય કરો.

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૦૭, ૪૧૮).]

(૧૧૨૪) સંગ્રહણી ટબાર્થ ર.સં.૧૬૫૩ ફા.વ.૧૩ ભૃગુવારે

(૧) **વિજયસેનસૂરિ** રાજ્યે સ્વહસ્તે લખ્યો, ગ્રં.૫૬૫, પ.સં.૨૧, જશ. સં.

(૧૧૨૫) ચતુર્વિંશતિ જિન સકલ ભવ વર્ણન સ્તવ ૭૧ કડી ર.સં.૧૬૫૭ શ્રા.શુ.૧૦ ગુરુ

આદિ – સમરિય **સરસતિ** દેવિ સુગુરૂચરણ નમી,
ચઉવીસી જિણવર તણી એ.
નિજ નિજ ભવ પરિમાણ, કહણ થકી સુણું,
નિરમલ ભગતિ ધરી ઘણી એ. ૧

ચંદ્ર અનઈ **રસ** જાણીઇ તુ ભમરૂલી, **સુમતિ**(સમિતિ) **મુની** પરિમાણ,
શ્રાવણ સુદિ દસમી ગુરૂ સા ભમરૂલી, વરિસ વાર તિથિ જાણ. ૭૦

કલસ

ઇમ સયલ ભવ અડતીસ ઇગ સય થુણ્યા શ્રી જગદીસરા,
શ્રી **ઋષભ** પમુહ જિણંદ સઘલા, ભવિય જણ સોહાકરા,
તપગચ્છગયણ દિણેસ સમુવડિ, શ્રી **વિજયસેન** સૂરીસરા.
કવિ **કુસલવર્દ્ધન** સીસ પભણઇ, **નગાગણિ** વંછિયકરા. ૭૧

(૧) પ.સં.૩–૧૫, તિલક. ભં. પો.૧૩. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ

ભા.૧ (પૃ.૪૦૫) – બન્નેમાં કુશલવર્ધનશિષ્યને નામે પણ.]

(૧૧૨૬) (વડલીમંડન) બંધહેતુગર્ભિત વીર જિન વિનતિ સ્તવન
કડી ૫૩ લ.સં.૧૬૯૮ પહેલાં

આદિ – સકલ મનોરથ પૂરણો, વંછિત ફલદાતાર,
વીર જિણેસર નાયકૂ, જયજય જગદાધાર.
શ્રી **સિદ્ધારથ** ભૂપતિ, કુલદીપક અવતંસ,
ત્રિસલા માત મનોહરૂ, ઉઅર સરોવર હંસ. ૩
ભમવાના કારણ ભણું, તું જાણઈ જિનરાય,
મૂલ પ્રકૃતિ આઠય અવર અઠ્ઠાવન્ન સોભાય. ૫
સત્તાવન્ન હિતિં કરી, કરમબંધ વિચારિ,
બંધણ બાંધ્યો ચોર જિમ, ભમીઉ અપાર. ૬
કરમવિપાક તણો ઘણો, અરથ કહ્યો તઈ જેહ,
ગુરૂમુખઇ મઇ શ્રવણઇં સુણ્યો, સુણજ્યો ભવિયણ તેહ. ૭

અંત – ઇય **વીર** જિનવર સયલ સુખકર નયર **વડલી**મંડણો,
મિં થુણ્યો ભગતિ પ્રવર યુગતિં (પા. ભલીય સુગતિં), રોગસોગ-
વિહંડણો.
તપગચ્છ નિરમલ ગયણ દિણયર શ્રી **વિજયસેન** સુરીસરો,
કવિ **કુશલવર્દ્ધન** સીસ પભણઇ **નગા**ગણિ મંગલકરો. ૫૩

(૧) સુશ્રાવિકા સં. **સોહાગદે** પઠનાર્થં. લિ. ગણિ શ્રી ઉત્તમસાગરેણ સં.૧૬૯૮ આશ્વિન સુદિ ૫ બુધે ઉગ્રસેનપુર મધ્યે. પ.સં.૫-૯, મો. મોદી સાગર ઉ. પાટણ દા.૮ નં.૪૦. (૨) સં.૧૭૧૦ લિ. **ગંધાર** બંદરે સુશ્રાવિકા **મૂલિ** પઠનાર્થં. પ.સં.૫-૧૨, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૦૪, ૪૪૫).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૬૮-૬૯ તથા ૨૯૦, ભા.૩ પૃ.૭૯૦-૯૧ તથા ૧૬૦૦. 'સિદ્ધપુર જિન ચૈત્ય પરિપાટી'ના કર્તા ભૂલથી કુશલવર્ધન નોંધાયેલા તેમ જ 'વીર જિન સ્તવન' નગાઋષિ તથા કુશલવર્ધન બન્ને નામે મુકાયેલું.]

૫૪૧. વિજયશીલ (આં. હેમશીલશિ.)

(૧૧૨૭) ઉત્તમચરિત ઋષિરાજચરિત ચોપાઈ ૬૩૧ કડી ર.સં.૧૬૪૧
ભા.વ.૧૧ શુક્ર ખલાવલિમાં

અંત – શ્રી **અંચલ**ગચ્છશૃંગાર રે, શ્રી **ગુણનિધાન**સૂરિ સાર,

તસ પાટિ સદા ઉદયવંતા રે, સૂરિશ્રી **ધર્મમૂર્ત્તિ** જયવંતા. ૬૨૬
તસ ગછવિભૂષણુ ભાણુ રે, જગિ મહિમાવંત સુજાણુ,
શ્રી **હેમશીલ** મુનિરાય રે, વરવાચક વંશ સુહાયા. ૬૨૭
તસ સીસ ભણુઇ **વિજયશીલ** રે, રાસ સુણુતા લહીઇ લીલ,
સંવછર **સોલ એકતાલઈ** રે, ભાદ્રવા વદિ વરસાલિ. ૬૨૮
ઇગ્યારસ સુકરવારે રે, શ્રી **શીતલ**જિન આધારઇ.
ષ(?)લાવલિપુર ચઉમાસિ રે, રાસ રચીઉ મનિ ઉલ્હાસિ. ૬૨૯
કવીયણુ હોજો સુપ્રસંન રે, સુણુઇ એક વલી વચન રે,
કહિઉં અધિકઉં ઉછઉં જેહ રે, ભણુી ખરૂ કરી સહૂ તેહ. ૬૩૦
ચકકેસરિ દેવિ સાનિદ્ધિ રે, ઊપજઈ વર ઉત્તમ બુદ્ધિ,
પભણુતાં રાસ રસાલ રે, હુઇ ઋદ્ધિ વૃદ્ધિ સુવિશાલ. ૬૩૧

(૧) લ.વા. **વિજયમૂર્તિ**ગણિના સં.૧૬૭૧ દ્વિ.શ્રા.વદિ ૪ બુધે લ. વણુથલી ગ્રામે સ્વવાચનાય. પ.ક્ર.૧થી ૧૩ પં.૨૧, દે.લા.પુ.લા. નં.૧૧૦૦–૪૬૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૭૭૪–૭૫.]

૫૪૨. ધર્મરત્ન (ખ. જિનમાણિક્યસૂરિ–માણિકયમંદિર–કલ્યાણુધીરશિ.)

(૧૧૨૮) જયવિજય ચોપાઈ ર.સં.૧૬૪૧ વિજયાદશમી સિતવાર આગરામાં

અંત – **ખરતર**ગચ્છિ ઉદાર, **ચોપડા** સાષિ શૃંગાર
પાટ ત્રેવીસમઈ રાજઈ, શ્રી **જિનમાણિકસૂરિ** ગાજઇ. ૪૦
સીસ તેહનઉ સુંદર ગુણુ ગણિ **માણિકમંદિર.** ૪૧
શ્રી **કલ્યાણુધીર** વાચક, નામઈ નાસએ પાતક
સીસ તાસ વર ભાવઈ **ધરમરતન** ગુણ ગાવઈ. ૪૨
શ્રી **જિનચંદ્ર**સૂરિ રાજઇ કથા કહી સુષ કાજઇ
સંવત **સસિકલા** માનઇ **ઈગતાલઈ** સુય પ્રધાનઈ ૪૩
આસૂ માસ ઊદારઇ વિજયદશમી સિતવારઈ
આગરા નયર મઝારઈ **સારદ** તણઈ આધારઈ ૪૪

(૧) પ.સં.૨૩, કૃપા. પો.૪૫ નં.૭૮૧. (૨) વિ.ધ.ભં.

(૧૧૨૯) તેર કાઠિયા સઝાય

(૧) પ.સં.૨–૧૭, હા.ભં. દા.૮૨ નં.૫૦. (ઋષિદત્તા રાસને અંતે)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૬૭-૬૮, ભા.૩ પૃ.૭૬૫.]

૫૪૩. અજ્ઞાત

(૧૧૩૦) શ્રીદત્તનો રાસ ૨૩૦ કડી ર.સં.૧૬૪૧ ધનતેરસ [બુધ?]
ધણદીપિકા-ગણદેવીમાં

આદિ – મંગલ મંગલ કરણુ **સિદ્ધાચગ** એ વીરહ **વીર** તણી રખવાલિ કે
સુવચન-સંપદ-દાયકા એ સુંદર સુંદર રૂપની આલિ કે મંગલકરણ
સિદ્ધાચકા એ. ૧

ત્રૂટક

સિદ્ધાચગ વર મંગલકરણી જાડચહરણી કવિ તણી,
વૈરાગ્ય રંગહ રાસ રચતાં આસ પૂરે મન તણી.
વૈરાગ્યકારણ પાપવારણ સાંભલુ સહૂ કો જના,
આલસ છંડી સંવર મંડી તે કથાનક એકમના. ૨
જીવહ જીવહ સયલ સંસારમાં એ બહુ ભમઇ (૨) કરમસંયોગિ કિ,
કાલ અનંતુ વલીવલી એ, છૂટઇ એ (૨) નહિ કોઇ લોક કે
જીવહ સયલ સંસારમાં એ. ૩
સંસારમાં જીવ કરમ કારણિ પિતા પુત્રહ અવતરઇ,
જે પૂત્ર હુઇ તે પિતા થાઇ નારિ ઉદરિં પ્રોઉ ધરઇ.
જે સુતા નારી જણિ સીરી તેહ સ્યું વલી સ્ત્રીપણું,
ઇમ જીવ જગ માંહિ ફરઇ ભવિભવિ કરમિ ઇહ ભયિ અતિ ઘણૂં,
શ્રીદત્ત શ્રીદત્ત જિમ કરમઈ કરી એ વીતક વીતક અપાર કે
ભોગવિ હૂઉ કેવલી એ, તરીઉ (૨) ભવજલપાર કે **શ્રીદત્ત** જિમ
કરમઇં કરી. ૫
શ્રીદત્ત તે કિમ હુઉ હુઉ કરમઇં કવણ ખેત્ર કુણ ઠામ એ,
કુણ તાત માડી સુ વાત તેહની, સુણુ અતિ અભિરામૂ એ.
તેહ ચરિત્ર જાંણી ભાવ આંણી, પ્રાણી ધરમઙ સ્યૂં રમુ,
ક્રોધ લોભ માંન અતીવ માયા, મન વચ કાયાથી ગમુ. ૬

અંત – રાગ ધન્યાસી ઢાલ ૨૧

શ્રીદત્તચરિત વર ભાવ સ્યૂં રચિત એ, ખચિત વૈરાગ્યરયણે સુસારં
જે સુણઇ નારિ-નર મન કરી તતપર અજર અમર લહિ પદ
ઉદારં. ૨૭ શ્રીદત્ત.
પાપનું નાસન પૂન્યનૂં વાસન આસન દેઇ ભવજલધિ પારં,

પાવનકરણુ એ કરણુ ગત જેહનઇ, શરણિ ભવન્નમણિ એ વારંવાર.
સર્વ વિઘનાંહર હિતકર શિવકર, ગુણકર પ્રવર જેહમાં વિચાર,
નાગરચિતિ હુઇ સ્વાદના આગર, કેવલ અમિઇં મઇ સુખપ્રચાર.
ગ્રામ **ધનદીપિકા** માંહિ ઉચ્છાહ સ્યૂં, વિરચિત ચરિત **શ્રીદત્ત** કેરૂ,
જ્યોતિ તારાગણુ ચંદ્ર રવિમંડલ, ભૂ અનઇ જિહા લગઇં સુમેરૂ.
સંવત **શાંતિમિત એકતાલઈ** રચિઉ, માસ દીપાલિકા દ્વિતીય પક્ષ,
દિવસિ ધનતેરસિ પૂરણુ મનરસિં, વાર તે વાણીઉ જાણિ દક્ષ. ૨૩૦

(૧) વૈરાગ્ય રંગ વિષયે. પ.સં.૧૩, વી.ઉ.ભં. દા.૧૭.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૬૪.]

૫૪૪. વચ્છરાજ (પાર્શ્વચન્દ્રસૂરિ–સમરચંદસૂરિ–રત્નચંદચારિત્ર શિ.)

આ કવિએ શ્લોકબદ્ધ 'શાંતિનાથ ચરિત્ર' રચેલ છે. જુઓ નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિ, રાજચંદ્રસૂરિના મથાળા નીચે.

(૧૧૩૧) સમ્યકત્વ કૌમુદી રાસ ૧૪૮૪ કડી ર.સં.૧૬૪૨ માઘ શુદિ ૫ ગુરુ ત્રંબાવતી (ખંભાત)માં

આદિ– વસ્તુ છંદ

વીર જિણવર **વીર** જિણવર સુગુણ ભંડાર
સર્વ સંઘ કલ્યાણકર, જાસુ તિત્થ જયવંત જાગઇ,
મનવંછિત ફલ તે લહઇ, જય જીવ તસુ ચરણિ લાગઇ,
અકલ રૂપ તિહુયણતિલઉ, ત્રિભુવનુ આધાર,
ચઉવીસ જિનપતિ નમું, જિમ લહઉ હર્ષ અપાર. ૧
વડ તપાગચ્છિ વડતપાગચ્છિ **શ્રી પાસચંદ** સૂરીસર
તસુ પય પ્રણમી હું રચઉં, સરસ સાર સંબંધ
શ્રી **સમાકત ગુણ કોમુદી,** વિમલકથા પ્રબંધ. ૨

ચઉપઈ.

ગૌતમ ગણધરનઉ લ્યઉ નામ, શ્રી **રયણચંદ** ગુરૂ કરૂં પ્રણામ,
જાસ પસાંઇ અવિચળ બુધિ, સીઝઇ સઘલી વંછિત સિદ્ધિ. ૩
કહઉં **સમકિત કૌમુદી** વૃત્તાંત, આણંદિઇ સાંભલિયો સંત,
સમકિત ધરતાં સુણતાં થાઇ, પાવ સવે તે દુરિ પલાઇ. ૪

અંત - ચુપૈ.

શ્રી **મહાવીર સોહમ** ગણધાર, તાસ પરંપર આવ્યા સાર,
વડતપગચ્છનાયક મુનિચંદ, શ્રી પૂજ્ય **પાસચંદસૂરિ.** ૪૫
તાસ પટોધર અધિક જગીસ, શ્રી **સમરચંદ** સૂરીંદ સુણીસ.
તાસ પાટિ પ્રભાવક ભલા, શ્રી **રાજચંદસૂરિ** ચડતી કલા. ૪૬
શ્રી **સમરચંદસૂરિ** સીસ પવિત્ર, વાચક શ્રી **રત્નચરિત્ર,**
તાસ સીસિ રચી ચુપઈ, ગુરૂપ્રસાદિ પૂરી થઇ. ૪૭
ગુરૂપ્રસાદિ ટલઇ અજ્ઞાંન, ગુરૂપ્રસાદિ જગિ બહુમાંન,
ગુરૂપ્રસાદિ સંકટ દૂરિ, ગુરૂપ્રસાદિ મહિમા ભરપૂર. ૪૮
ગુરૂ દીવઉ ગુરૂ તારણહાર, ગુરૂ છઈ ત્રિભુવનનુ દિનકાર,
વાધઇ ચંદ્ર થીકી જિમ વેલિ, તિમ ગુરૂથી વાંણી રસકેલિ. ૪૯
ત્રંબાવતી નગરી સુખવાસ, **થંભણ** શ્રી **નવપલ્લવ પાસ,**
તાસ પ્રસાદિ રચી ચુસાલ, શ્રી સમકિતગુણ કથા રસાલ. ૫૦
ગ્રંથિ કહી કથા કેલવી, કહિઉ ઉછઉ અધિકઉ મેલવી,
દૂષણ લાગું તે સંઘ સાખિ, ખમાવઉં ચોખું ચિતિ રાખી. ૫૧
આઘઉ પાછઉ અક્ષર જેહ, મિલતું જોતાં નાવઈ તેહ,
રચિયો ઠાંમિ સોધી કવિ કહૂં, કર જોડી કવિ ભાખઇ બહૂ. ૫૨
નવનવ રસ ઉત્તમ નવખંડ, સમકિત ગુણ રચીયા અખંડ,
ભણઇ ગુણઈ સુણઇ સદ્દવહઈ, ઋધિ વૃદ્ધિ સુખ તે નર લહઈ. ૫૩
ચંદ સૂર મેદની આકાસિ, સુરગિરિ ધ્રુ તારઉ સુવિકાસ,
વર્ત્તઇ અવિચલ એહ જિહાં જગઈ, એહ પ્રબંધ જયુ તિહાં લગઇ. ૫૪
સંવત **સોલ બઈતાલા** તણઉ, માઘ માસ અતિ રલીયામણઉ,
ઊજલિ પખિ પંચમિ ગુરૂવારિ, સિધિ યોગ શુભ મહૂર્ત્ત સાર. ૫૫
સમકિતકૌમુદી ગ્રંથ નિહાલિ, એહ ચુપઇ કીધી સુવિશાળ,
એહ માંહિ અણમિલતુ જેય, સોધી સૂધઉ કરિયો તેય. ૫૬
કાવ્ય શ્લોક દૂહા ચુપઇ, વસ્તુ છંદ સવિ એકઈ થઈ,
ચૌદસઈ ચુરાસી હોઇ, એહ ચઉપઇની સંખ્યા જોઇ. ૫૭
સમકિત સહિત જિનભાષિત ધર્મ્મ, આચરતાં હુઈ શિવપદશર્મ,
ઋષિ **વછરાજ** કહિ આણંદ આણિ, નવખંડ ઊપરિ ચૂલિકા જાંણિ. ૫૮

(૧) સં.૧૬૫૯ ભા.વ.૧૧ બુધે દેવજી લિ. ૫.સં.૫૭–૧૫, લે. પાટણ દા.૩ નં.૨૪. (૨) સં.૧૮૯૩ દ્વિ.અસાઢ કૃ. અમાંવાસ્યા સુકે સૂર્યપૂરે નગરે શ્રી સાંતિનાથ પ્રસાદેન, રાજવિજે સૂરીસ્વર ગછે પટ્ટાલંકાર ભ. રત્નવિજેંઅ સુરિ પટ્ટે ભ. શ્રી હિરરત્નસુરિ પટ્ટે જયરત્નસૂરિ પટ્ટે ભાવરત્નસૂરિ પટ્ટે શ્રી દાનરત્નસૂરિ પટ્ટે કીર્તિરત્નસૂરિ શિ. મયારત્ન શિ. સૌભાગ્યરત્ન શિ. રાજેંદરત્ન શિ. મુનિ તેજરત્ન લ. ભોજક પ્રેમચંદ જેઠા સુર્યપુર મધ્યે સં.૧૮૯૩ બિજા અસાઢ વદ શ્રી...૫.સં.૫૫–૧૫, ઝીં. દા.૩૪ નં.૧૫૯. (૩) ૫.સં.૫૭–૧૬, દે.લા. નં.૧૩૮૩–૪૯૩. (૪) દેવવિજયગણિ શિ. તેજવિજય લિ. ૫.સં.૪૧, લીં.ભં. દા.૨૨. (૫) ૫.સં.૫૮, ગ્રં.૨૨૮૪, લીં.ભં. દા.૪૫ નં.૯. (૬) ઇતિ શ્રી સમ્યક્ત્વ કૌમુદી ચુપઇ સંપૂર્ણ, સંવત સોલ ચઉરાસી વર્ષે પોષ માસે શુક્લપક્ષે ચઉથ દિને લિખિતં ઋ. કુવરજી પઠનાર્થં. શુભં ભવતં. મ.બ. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૮ – ભૂલથી સમરચંદ્રને નામે).]

(૧૧૩૨) નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપાઈ [અથવા **રાસ**]

૩૪૯૬ કડી ર.સં.૧૬૪૮ આસો શુ.૫ રવિ

આદિ – **આદિ** જિણવર **આદિ** જિણવર વિમલ ગુણગેહ
ત્રિભુવનમંડન જગિ જયઉ, સકલ મંગલ વૃદ્ધિકારક,
લોકાલોકપ્રકાશકર નાણભાણ જગજીવતારક,
નાભિરાય-મરૂદેવિસુત મનવાંછિત દાતાર,
પરમપુરૂષ એ પ્રણમતાં સુખસંપત્તિ ફલ સાર. ૧
વિમલદેવી તણુ **વેલગ**સુઉ **પ્રાગવંશ**સિંગાર
સિરિ **પાસચંદ**સૂરી ભવિયણ સુહદાયણગો જયઉ. ૨

દૂહા – ગુરૂ મોટા ગુરૂ સાગરૂ, ઉત્તમ મેરૂ સમાણ,
ભવિયકમલ પડિબોહિવા, દિનકર મહીમંડાણ. ૩
નિર્મ્મલ મહિમા અતિઘણુ, પસરઈ કીરતિપૂર;
શ્રી ગુરૂસેવા સાધતાં, દુરિત પણાસિ દૂરિ. ૪
સોમકલા ગુણિ ચંદ્રમા, શ્રી **પાસચંદ** સૂરિરાય,
ભવજલતારણ પોત સમ, પ્રણમું તેહના પાય. ૫
નમતાં શ્રી ગુરૂચરણકમલ, હિયડઈ હર્ષ ન માઇ,
શ્રી ગુરૂનામ સુમંત્ર જિમ, સમરતાં સુખ થાઇ. ૬
ગુરૂ-આધારઇં પામિયઇ, ન્યાનકલા અભિરામ.

વિનયવિવેક સવિ સંપદા, વંછિત સીઝઇ કામ. ૭
જગિ જે જે વિદ્યા અછિ, તે સવિ સુગુરૂ પ્રમાણિ,
તેલબિંદુ જિમ જલિ મિલ્યઉ, પસરઇ સંસયમાણિ. ૮
જઉ ગુરૂ તૂસી ભાવ સ્યઉં, અક્ષર એક દીયંતિ,
વટવૃક્ષના બીજ જિમ, સય સાખઇં પસરંતિ. ૯
માતપિતા બંધવ સગા, જેતઉ હિત ન કરંતિ,
જંગમ તીરથ અતિ ભલા, તેતઉ સુગુરૂ કરંતિ. ૧૦
શ્રી ગુરૂસંગિઇં રંક જીવ, આરાધી ચારિત્ર,
સંપ્રતિ રાજા પામિયઉ, રાજ વિશાળ પવિત્ર. ૧૧
કરઇ કરૂ એસિ હુ જીવની, ઉપગારી ઉલ્લાસ,
તે ગુરૂ વંદઉ ભાવ સ્યઉં, જેહથી ન્યાનપ્રકાસ. ૧૨
બ્રહ્મચર્ય સૂધઉં ધરઇ, સીહ જેમ અબીહ,
સત્યવંત ગુણ નિર્મલા, ધર્મવંત ધુરિ લીહ. ૧૩
મધુકર લીનઉ કમલરસિ, જિમ જલિ લીનઉ મીન,
તિમ શ્રી ગુરૂપદપંકજઇ, મુઝ મનમધુકર લીન. ૧૪
ગુણ ઘણા શ્રી ગુરૂ તણા, વદનઇ જિહ્વા એક,
તિણિ એહ જાણુ વાનગી, પંડિત જણ સવિવેક. ૧૫
શ્રી ગુરૂના પ્રસાદથી, અવિચલ અવિઘન વાણિ,
હુજ્યો સાનિત્રિ મુઝ ભણી, ગ્રંથ કરંતાં જાણિ. ૧૬
ચુપઇ – શ્રી **રયણચંદ** ગુરૂ પ્રણમી કરી, આણંદ હિયડઇ અધિકઉ ધરી,
પંચાખ્યાન તણી ચુઉપઇ, રચિસ્યું સાવધાન હું થઇ. ૧૭
કવિતા કહિ શ્રોતા સુણ લહઇ, વિગતા અર્થ વિચારી ગ્રહઇ,
ત્રિણિ રંગ જુ એકઠ મિલઇ, તુ સવિ કારિજ સહજઇ ફલઇ. ૧૮
પંડિત મોટા આગિ હૂઆ, બુદ્ધિપ્રપંચ તેહના જૂજૂઆ,
તે આગલિ મુઝ બાલા બુદ્ધિ, પૂરા ન લહઉં અક્ષર સુદ્ધિ. ૧૯
ઉત્તમ ગ્રંથ ભણી ઊમાહ, આવઇ મન માંહિ બહુ ઉછાહ,
જેહથી વાધિ બહુલી બુદ્ધિ, લહિયઇ ચિહું પુરૂષારથસિદ્ધિ. ૨૦
ગ્રંથજ્ઞાન થોડઉ છિ ચિત્તઇં, શાસ્ત્રરાગ પ્રેરઇ મુઝ પ્રતિઇં,
કરઇ કોઇલ જે મધુરઉ નાદ, વિકસિત આંબા તણું પ્રસાદ. ૨૧
નીતિશાસ્ત્ર સુણઉ દેઇ કાન, જહથી વાધિ કીરતિમાન,
સંપત્તિ પામઇ કીરતિવંત, મહિયલિ હુવઇ મહિમાવંત. ૨૨

શ્રુતસાગર ઊતરિવા પારિ, નીતિ બુદ્ધિ દોઈ પ્રવહણ ધારિ,
જુ પ્રજ્ઞાબલ ચિત્તિઈં હોઇ, ધર્મ કર્મ તે પામઇ દોઇ. ૨૩
પંચ અધિકાર ઇહાં જાણિવા, આદર કરિ હિયડઈ આણિવા,
જાણ અજાણ જિમ સમઝઈ બાલ, ચઉપઈ તિમ કરિસ્યું સુવિશાલ. ૨૪
વિષ્ણુશર્મા બ્રાહ્મણ મતિનિલઉ, **શ્રીગોડ**ન્યાતિ વડઉ કુલતિલઉ,
સરસ કથા તિણિ કહી કેલવી, **પંચાખ્યાન** આખ્યા અભિનવી. ૨૫
કવિયણ કલ્પિત બોલ જે કહ્યા, રાજપ્રજારંજક તે લહ્યા,
જેહથી દુરજન નામઇ સીસ, દિનદિન વાધઈ અધિક જગીસ. ૨૬
તસુ ઉતપતિ ભાષી કુણ દેશ, ગામઠામ કહિસ્યઉં સુવિશેષ,
કથા કવિત રસ હિયડઈ ગ્રહી, વાત વિચારી વિગતિઈં લહી. ૨૭

*

ચઉપઇ નાંમ કથા કલ્લોલ, પંચઇ તંત્ર રચ્યા અમોલ
ગુરૂપ્રસાદ સુંદર સંઘનું, તિણિ પ્રારંભ પૂરઉ નીપનું. ૪૩
વડતપગચ્છ સોહઈં અતિભલા, શ્રી **સાધુરતન** પંડિત નિરમલા,
તાસ સીસ શિરોમણિ રાય, શ્રી **પાસચંદ**સૂરિ કોમલકાય. ૪૪
પોરવાડ વંશઇ સિણગાર, **વેલગ**તાતકુલઈં અવતાર,
વિમલાદે માતા ઉદાર, શ્રી **પાસચંદ** થયા ગણધાર. ૪૫
તાસ પાટિ હૂઆ મુનિ સુદ્ધ, શ્રી **સમરચંદ** સૂરિંદ પ્રસિદ્ધ,
પાટપ્રભાવક તેહના સીસ, શ્રી **રાજચંદ**સૂરિ અધિક જગીસ. ૪૬
શ્રી **સમરચંદ**સૂરિ શિષ્ય ઉદાર, શ્રી **રતનચંદ** પંડિત તસ વિચાર,
શ્રી ગુરૂનો પામી સુપસાય, ગણિ **વચ્છરાજ** જિન પ્રણમઇ પાય. ૪૭
સંવત **સોલ અડતાલા** તણઇ, આસૂ માસ અતિ રલીયામણઇ,
પંચમ તિથિ ઉત્તમ રવિવાર, શુભ મુહૂરત એ કીધી સાર. ૪૮
એહ રચીછઇ બુદ્ધિ પ્રમાણિ, સુકવિ ખોડિ ન દેવિ જાણિ,
અણમાત્રાનું અણજુગતુ જેહ, સાંઈ સૂધઉં કરિવઉં તેય. ૪૯
સરજલથી ઉપજે શતપત્ર, ગંધપવન વિસ્તારઇ તત્ર,
તિમ ઉત્તમ કરઈ ઉપગાર, પરગુણગ્રહણરસિક સવિચાર. ૫૦
દૂહા શ્લોક કાવ્ય નઈં વસ્તુ, આર્યા ચઉપઇ મિલી સમસ્ત,
સર્વ અંક ગણતાં ચઉપઈ, ચઉત્રીસ સય છનું સવિ થઇ. ૫૧
એ માંહિ બુદ્ધિપ્રપંચ અનેક, તેહ સુણીનઇ કરઉ વિવેક,

પાપબુદ્ધિ સઘલી પરિહરઉ, ધર્મબુદ્ધિ નિજ હિયડઈ ધરઉ. ૫૨
પાપબુદ્ધિ તે અછિ અનાદિ, તેહનાં ફલ લહી ગ્રંથપ્રસાદિ,
ઉત્તમ ધર્મબુદ્ધિ અભ્યાસ, કરતાં પામિ શિવપુરવાસ. ૫૩
એહ માહિ અણમિલતા જે અર્થ, તે છંડઇ જાણી સમર્થ,
મિલતા જુગતા વિગતા સહુ, તે જાણી મનિ ધરિવા બહૂ. ૫૪
હરષિઇં ભણિ ભણાવઇ સુણઈ, બુદ્ધિ વિચાર પામિ ગુણ ઘણઇ,
તિહાં ધરિ સંકટ નાવઇ કદા, અષ્ટ મહાસિદ્ધિ લહઈ સંપદા. ૫૫
ઋદ્ધિ વૃદ્ધિ વંછિત કલ્યાણ, નવનિધિ પામઇ થાઇ જાણ,
ભણતાં ગુણતાં અધિક જગીસ, શ્રી **રયણચંદનુ** બોલઈ સીસ. ૫૬
પંડિત **રતનચારિત્ર** વદીત, પસર્યા નિર્મલ બહુ ગુણ ગીત,
તાસ સીસ **વચ્છરાજ** વષાંણિ, **પંચતંત્ર** કહિઉ ગુણજાણ. ૫૭

(૧) સં.૧૮૧૩ ચૈત્ર વદિ ૯ ભોમ લ. ખંભાયત બંદરે. પ.સં.૧૬૧–૧૩, રત્ન.ભં. દા.૪૧ નં.૨૮. (૨) સં.૧૬૮૭, પ.સં.૧૪૬, જૂનો સંગ્રહ સંઘ ભં. પાટણ દા.૩૬ નં.૩૦. (૩) પ.સં.૩૨, અધૂરી, ડે.ભં. દા.૭૦ નં.૧૮. (૪) બાલચંદ્ર યતિ કાશી રામઘાટ ભં. નં.૨૫ (વે.). (૫) નીતિશાસ્ત્ર પંચાખ્યાન વિષ્ણુશર્મા પ્રણીતે કથાકલોલ સંયુક્તમ્ પરીક્ષિતકારિનામા પંચમતંત્ર સંપૂર્ણ. પ.સં.૧૨૮–૧૫, વિ.ધ.ભં. (૬) સવત્ ૧૭૬૨ વર્ષે ચૈત્ર સુદિ ૧૧ દિને વાર શનૌ લિખિતં સહર **પટ્ટણા** કૈં મુકામ લસકરમૈ લિખ્યૌ **મયગલસાગરેણ**. પ.સં.૮૫, વિ.ધ.ભં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૩૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૬૯–૭૪, ભા.૩ પૃ.૭૬૭.]

૫૪૫. સકલચંદ્ર ઉપાધ્યાય (ત. હીરવિજયસૂરિશિ.)

સકલચંદ કોઈ વખત વિજયદાનસૂરિના ને કોઈ વખત હીરવિજયસૂરિના પોતે શિષ્ય તરીકે જણાવે છે, તો પ્રથમને પોતાના દીક્ષાગુરુ અને બીજાને પોતાના ધર્મગુરુ તરીકે પોતે સ્વીકાર્યા હોય એમ જણાય છે. તેમણે સંસ્કૃતમાં 'પ્રતિષ્ઠાકલ્પ' રચ્યો છે.

સકલચંદને શિષ્ય-પ્રશિષ્ય હતા. તેમના શિષ્ય લક્ષ્મીચંદ–મુનિચંદ–વૃદ્ધિચંદ-માનચંદ અને તેમના શિષ્ય તેજચંદે 'પુણ્યસાર ચરિત્ર' વિજયદેવસૂરિના સમયમાં રચ્યું છે. તેજચંદ જુઓ આ સદીની આખરમાં.

(૧૧૩૩) મૃગાવતી આખ્યાન અથવા **રાસ** ૪૨૧ કડી સં.૧૬૪૩ પહેલાં

આદિ – રાગ ગુડી દેશી દિ દિ દરિસન આપણું.

સિધારથ નરપતિ કુલિં અષાઢિ સુદિ છઠિ
આયુ સુપિનાં દેષાડતુ, તબ **તિસલા** હુઇ તૂઠિ. ૧
ત્રૂટક.
ચૈત્ર શુદિ તેરસિં જાયુ, સૂરી ગાયૂ હરિ નમિઉ,
મગસિર સુદિ દશમિ વીરો, જોજેનોસય શમિ રમ્યો.
વિશાખી સુદિ દશમિ કેવલ, જ્ઞાન ત્રિભોવન યશિ ભમ્યો
કાત્તિકી વદિ અમાવાસ્યાઈ, તસ નમ્યે જિણિ ભવગમ્યો. ૨

અંત – **ચેડક** મહારાયની પુત્રી શાંતિશીલ-પવિત્રીજી,
સકલચંદ મુનિ ભાસઈ સમરૂ **મૃગાવતી** સપ્રવિત્રીજી.
મૃગાવતી સુસતી આખ્યાનં, શીલ રખોપા કીજેજી,
સતી સવે નિતુ સુણયો ભણયો **હીરવિજિઈ** ગુરૂરાજઈજી.

(બીજી પ્રતમાં)

કલશ – પાપ પરધન સાહિ જોતાં બાંધી ઇમ મન માંકડા,
સકલ મુનિ કહઇ પાત્રદાનઈ હાથ મ કરિયો સાંકડા.
શ્રી **હીરવિજય** સૂરીંદ્ર વંદી સુકૃત બાંધુ ગાંઠડા,
મૃગાવતી આખ્યાન સુણતાં ભરૂ પુણ્ય તણા ઘડા. ૪૨૧

(૧) ગ્રંથાગ્ર ૫૫૮ શ્રી **સૌધર્મ**ગચ્છનાયક પૂજ્ય **વિનયદેવસૂરિ** શિષ્ય **ઋષિ મનજી** લિ. ૧૬૪૪ માઘ શુકલ અષ્ટમી ગુરૌ **હેમદપુર** મધ્યે સા **માંગા-સૂરજી** ઉપાશ્રય લિ. પ.સં.૨૨–૧૨, ડે.ભં. દા.૭૦ નં.૭૪. (૨) પં. **આનંદ-વિજયગણિ** શિષ્યાનુશિષ્ય ગ. **પ્રીતિવિજયેન** સ્વવાચનાર્થં. પ.સં.૧૨–૧૮, સારી પ્રત, વી.ઉ.ભં. દા.૧૭. (૩) પ.સં.૧૫–૧૩. સારી પ્રત, ઘોઘા ભં. દા.૧૪ નં.૬. (૪) સં.૧૭૬૦ લ. **ભગતસાગરેણ** શ્રી **ખીરપુર** મધ્યે. અશુદ્ધ પ્રત, પ.સં.૧૬–૧૭, જશ.સં. નં.૧૧૨૦. (૫–૬) પ.સં.૧૮ અને પ.સં. ૧૮, જય. પો.૬૯. (૭) સં.૧૬૪૪ ચૈ.વ.૭ રવૌ લ. શ્રી **વટપદ્રે** સાહ **વીરજી** પઠનાર્થં. પ.સં.૧૮–૧૩, વડા ચૌટા ઉ. પો.૧૮. (૮) ભાં.ઈ. સને ૧૮૯૫–૮ નં.૬૧૪. (૯) પ.સં.૨૨–૧૧, હા.ભં. દા.૮૧ નં.૨૮. (૧૦) પ.સં.૧૬–૧૩, હા.ભં. દા.૮૦ નં.૧૬. (૧૧) પ.સં.૨૩–૧૧, રો.એ.સો. બી.ડી.૨૦૯ નં.૧૯૪૯. (૧૨) ઇતિ મૃગાવતી શીલવતી મહિમાવતી શીલવર્ણન આખ્યાનં સમાપ્તમિતિ. શ્રા ૧૬૭૦ વર્ષે શ્રાવણ માસિ કૃષ્ણપક્ષે ત્રયોદશ્યાં શનિવાસરે શ્રી **પૂર્ણિમપક્ષે** ચતુર્થ શાખાયાં શ્રી શ્રી તિથૌ ભટ્ટારક શ્રી શ્રી શ્રી પૂજ્યશ્રી હર્ષસાગરસૂરિણા શિષ્ય હરજી લિખિતં.

ખેડાવારા મધ્યે લિખિતં. પ.સં.૧૩-૧૭, પ્ર.કા.ભં. (૧૩) ઇતિ મૃગાવતી આખ્યાનં સમાપ્ત સં.૧૬૪૭ વર્ષે શ્રાવણ સુદિ ૧૦ ગુરૌ **માલવદેશે તાજપુર** નગરે પંડિત શ્રી **વીર**વિમલગણિ ગ. **દાન**વિમલેન. પ.સં.૧૩-૧૩, શુ. વિ. ભં. (૧૪) સં.૧૬૪૩ વર્ષે વૈશાષ સુદિ ૮ દિને લ. **સ્થંભતીર્થે મહિપાલેન.** પ.સં.૨૫-૧૧, લી.ભં. (૧૫) પ.સં.૧૧-૧૬, લીં.ભં. (૧૬) ગ્રંથાગ્ર ૭૨૫, પ્ર.કા.ભં. (૧૭) ડે. ભં. [આલિસ્ટઑઇ ભા.૨, લીંહસૂચી.]

(૧૧૩૪) વાસુપૂજ્યજિન પુણ્યપ્રકાશ રાસ [અથવા **સ્તવન**] ૬૧ ઢાલ ૪૫૬ કડી ખંભાતમાં

જુદાજુદા રાગમાં છે.

આદિ – રાગ. ગુડી. દિઈ દિઇ દરીસન આપણું – એ ઢાલ.

ઋષભ અજિત સંભવ જિનો, **અભિનંદન સુમતીશો,**
પદમપ્રભ સુપાસો બીહા, **ચંદ્રપ્રભ સુવિધીશો.** ૧

ત્રોટકં – **સુવિધિ શીતલ** જિન **શ્રેયાંસો, વાસુપૂજ્ય** જિણંદ રે,
નમો **વિમલ અનંત ધર્મો, શાંતિનાથ** મુણીંદ રે.
કુંથુ અરજિન મલ્લિ સુવ્રત, નમો શ્રી **નમિ નેમ** રે,
પાસ જિનવર **વીર** જગગુરૂ, ત્રિવિધ ધુરિ સમરેમિ રે. ૨

અંત – ઢાલ ૬૧ રાગ ધન્યાસી

શ્રીમ**દાનંદવિમલેં**દુ ગુરૂ વંદીઈ, પટિ તસ શ્રી **વિજયદાનસૂરો.**
તાસ પતિ પ્રશોનો કૂપલો વંદીઈ, **હીરવિજય** ગુરૂ સુગુણિપૂરે
શ્રી. ૪૫૩

સકલમુનિ સૂપકરો સકલ સંયમધરો દિનકર શ્રી **તપાગચ્છ** કેરો,
હીરવિજય ગુરૂરાજથી આજ જગિ કોઇ અધિઅકુ ન દીસઇ
અનેરો શ્રી. ૪૫૪

શ્રી **વાસુપૂજ્ય** પૂણ્ય પ્રકાશો વસુ શ્રવણ હૃદયાંબુજે જાવ સૂરો,
સકલમુનિ ચિંતિઉ શ્રીસંઘ સંતિઉં નિર્મલો સુરભિ યમ જગિ
કપૂરો-શ્રી. ૪૫૫

નગર **ત્રંબાવતી** જેણિ બહુ ધનવતી, જયતિ જિહાં **થાંભણો**
પાસનાહો

સતત **ધરણેંદ્ર પદ્માવતી** પૂજિતો સકલ સિરિ સંઘ સુખ
વિજય લાહો શ્રી. ૪૫૬

(૧) પ.સં.૨૨-૧૩, ખેડા ભં. દા.૭ નં.૮૦. (૨) લિ. પં. રંગવિજય

પં. શ્રી કૃષ્ણસત્કેન ભૃગુપુરે સં.૧૮૪૬ પો.વ.૮ શુક્રે. પ.સં.૧૮-૧૩, જશ.સં. (૩) પ.સં.૩૨-૧૧, સારી પ્રત, સંઘ ભં. પાલણપુર દા.૪૭ નં.૨૩. (૪) પ.સં.૨૮-૧૧, સીમંધર. દા.૨૨ નં.૯. (૫) વિજયાણંદસૂરિ શિ. ગ. શાંતિવિજય લ. ઠાકર ભાઇદાસ પઠનાર્થં. પ.સં.૨૬-૧૦, હા.ભં. દા.૮૨ નં.૨૦૬. (૬) સં.૧૬૭૧ આ.શુ.૧૩ લિ. સા કરમચંદ દરડા લિ. શ્રી વિજયગણિ વાચનાર્થં. પ.સં.૨૪-૧૩, હા.ભં. દા.૪૮ નં.૧૧૮. (૭) પ.સં.૧૬-૧૪, રત્ન. ભં. દા.૪૩ નં.૧૦૧. (૮) પ.સં.૨૮-૧૧, જૂની પ્રત, વ.રા. (૯) પ.સં.૩૨-૧૧, મો. મો. સાગર ભં. પાટણ દા.૬ નં.૩૧. (૧૦) ખં. ભં. (૧૧) પ.સં.૨૫-૧૧, વિ.ધ.ભં. (૧૨) ઉદયપુર ગોડીજીનો ભંડાર. (૧૩) સં.૧૬૯૨ વર્ષે જ્યેષ્ઠ શુદિ પંચમ્યાં રવિવારેણ. પંડિતશ્રી કીર્તિવિજયગણિ તત્ શિષ્ય મુનિ અમૃતવિજય પઠનાર્થં શ્રી નવાનગરમંડન શ્રી આદિદેવ સુપસાયે પરોપકારાય શ્રી નવાનગર વાસ્તવ્ય શ્રી શ્રીમાલજ્ઞાતીય વસા વસ્તા સુત રાજધર તત્ લઘુભ્રાતા ઋષભદાસ. શુભં ભવતુ. તપાગચ્છાધિરાજ સકલભટ્ટારકભાલતિલકાયમાન ભૂપામિની સકલભટ્ટારકપુરંદરશ્રી વિજયદેવ સૂરીશ્વર પ્રભોઃ તસ્ય ગચ્છે મહોપાધ્યાય શ્રી નયવિજયગણિ તત્ શિષ્ય પંડિત શ્રી કીર્તિવિજય તત્ શિષ્ય ગણિ લબ્ધિવિજય તત્ શિષ્ય મુનિ હર્ષવિજયમુનિ અમૃતવિજય મુનિ ખીમાવિજય સમસ્તાને વાચનાર્થં. પ.સં.૧૮-૧૭, માં. ભં. (૧૪) પ.સં.૧૮-૩૪, લીં. ભં. (૧૫) પ.સં.૩૪-૯, મો. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૫૮, ૪૪૬).]

(૧૧૩૫) + સત્તરભેદી પૂજા

આદિ – અરિહંત મુખકજવાસિની, ભગવતિ **ભારતી** દેવિ,
સમરિ પૂજાવિધિ ભણુ, તુ મુખકજ સેવિ. ૧

ગાહા.

ન્હવણ વિલેવણ અંગમિ, ચખુજુઅલં ચ વાસપૂઆએ,
પુપ્ફારોહણ માલા, રોહણં તહ વણ્ણયા રોહણં. ૧
ચુન્નારોહણ જિણપું, ગવાણ (જઝયારોહણ) આહરણરોહણં ચેવ,
પુપ્ફગિહ પુપ્ફપગરં, આરત્તી મંગલપઇવો. ૨
દીવો ધૂવખ્ખેવા, નેવજ્જ સુહફલાણ ઢોવણયં,
ગીયં નટં વજ્જં, પૂયાભેયા ઇમે સત્તર. ૩

અંત – કળશ. ધનાશ્રી રાગેણ ગીયતે.

થુણીયો થુણીયો રે પ્રભુ તું સુરપતિ જેમ થુણિયો,
તીન ભુવન મનમોહન લોચન, પરમહર્ષ તબ જણિયો રે. પ્રભુ. ૧
એકશત આઠ કવિત નિત્ય અનુપમ, ગુણમણિ ગુંથી ગુણિયો,
ભવિક જીવ તુમ થય થુઈ કરતાં, દુરિત મિથ્યામતિ ખણિયો રે.
પ્રભુ. ૨
શ્રી **તપગચ્છ**-અંબરિ દિનકર સરિખો, **વિજયદાન** ગુરૂ મુણિયો,
જિન ગુરૂ સંઘ ભગતિ કરી પસરી, કુમતિતિમિર સબ હણિયો
રે. પ્રભુ. ૩
ઈણી પરિ સત્તર ભેદ પૂજાવિધિ, શ્રાવકકું જિન ભણિયો,
સકલ મુનીસર કાઉસગ્ગ ધ્યાને, ચિંતવિ સબફલ ચુણિયો રે.
પ્રભુ. ૪

(૧) લિ. પં. દેવેન સા **વિમલચંદ** પઠનાર્થં શ્રી **સૂરતિ** બંદિરે સં. ૧૮૨૭ શ્રા.શુ.૮ ચંદ્રે. માણેક મુનિનો એક ચોપડો. (૨) પ.સં.૬–૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૬૪. (૩) ટબા સહિત પ.સં.૧૯, વી.ઉ.ભં. દા.૧૭. (૪) પ.સં.૧૦–૧૩, વી.ઉ.ભં. દા.૧૭. (૫) પ.સં.૮–૧૪, જૈ.એ.ઇ. ભં. નં.૧૩૩૬. (૬) ટબા સહિત સં.૧૮૩૭ પો.વ.૫ પં. **આણંદવિજૈ** ઉત્તમ-સત્ક લિ. મૂળની અંતે સં.૧૮૩૭ પો.વ.૩ શનિવાસરે. પ.સં.૧૩, યશોવૃદ્ધિ. પો.૩૧. (૭) શ્રી **પાટણ** નગરે સં.૧૭૨૬ ચૈત્ર શુ.૧૫ મહો. **લાવણ્ય-**વિજય શિ. ઉ. **લક્ષ્મીવિજયગણિ** સતીર્થ્ય પં. **હંસવિજયગણિ**ના **પત્તન** મહાનગર વાસ્તવ્ય સંઘમુખ્ય સા. **વલ્લભ** સુતરત્ન સા. **વીરદાસ** પઠનાર્થં. એક ચોપડો, જશ. સં. (૮) સંવત્ ૧૮૪૧ માહ સુદિ ૫ શનૌ ગાં. **વડા-**વલી મધ્યે પં. **લલીતવિજયે**ન. પ.સં.૯–૧૬, જશ. સં. (૯) **આગમગચ્છે** **મહિમાવર્દ્ધનસૂરિ** લ. પં. **દેવરત્ન** પ્રસાદેન. પ.ક્ર.૭૬થી ૮૪ પં.૧૩, ચોપડો, પ્ર.કા.ભં. (૧૦) સં.૧૬૬૨ આ.સુ.૯ **નીલવાસ** ગામે **કીર્ત્તિ**સાર શિ. **જયસાર** લિ. જય. નં.૧૧૪૨. (૧૧) **લબ્ધિસાગર** લિ. પ.સં.૫, કૃપા. પો.૫૨ નં.૧૦૪૭. (૧૨) સં.૧૬૭૩ પોષ, પ.સં.૬, કૃપા. પો.૪૬ નં.૮૪૦. (૧૩) શ્રી **સંભવનાથ** પ્રસાદાત્ સં.૧૮૨૫ કા.વ.૧૦ શનિ શ્રી **હરિપુરા** મધ્યે લિ. શ્રી **હેમરાજ** પઠનાર્થં શ્રી **પાર્શ્વચંદ્રસૂરિગચ્છે**. પ.સં.૪–૧૩, વીરમ. લાય. (૧૪) સં.૧૮૭૫ આસો શુ.૨ શુક્રે લ. પં. **હેતસાગરજી** મુનિ **લલિતસાગરજી** પઠનાર્થં શ્રી **સાગરગચ્છે** શ્રી **શાંતિનાથ** પ્રસાદાત્ **મુંબઈ** બિંદરે લિ. પ.સં.૭–૧૦, ઘોઘા ભં. દા.૧૦ નં.૪૧. (૧૫) સં.૧૯૦૪

જે.વ.૯ શ્રી પા(દ)લિપ્ત નગરે. પ.સં.૯-૧૧, ઘોઘા ભં. દા.૧૪ નં.૧૭. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૯૫, ૧૪૭, ૨૪૬, ૨૭૧, ૨૭૪, ૪૩૨, ૫૦૧, ૫૧૬, ૫૪૨).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ. [તથા અન્ય પૂજાસંગ્રહોમાં.]

(૧૧૩૬) + એકવીસપ્રકારી પૂજા

આદિ – દોહા.

પ્રણમું પ્રથમ જિણંદને, ભગવતિ કર સુપસાય,
પૂજા એકવીસ દ્રવ્ય શું, ભાવમંગલ ઉપાય. ૧
ન્હવણ વસ્ત્ર ચંદન કરી, કુસુમ વાસ પૂનાર,
માલા અષ્ટમંગલ ભણી, દીપ ધૂપાક્ષત ધાર. ૨
ધર્મધ્વજ ચામર સહી, છત્રે મુકુટ વિશેષ,
દર્પણ દર્શન દાખવે, નૈવેદ્ય ફલ સુગ્રહેશ. ૩
ગીત નટ્ટ વાજિંત્ર શું, જન પૂજે જિન ઈંદ,
કાઉસગ્ગધ્યાને જેણે કરી, પૂજા **સકલ** મુનિચંદ. ૪

અંત – કળશ.

થુણિયો થુણિયો રે, પ્રભુ ચિત્ત અંતરમેં થુણીયો,
ત્રણ્ય ભુવનમાં નહીં તુજ તોલે, તે મેં મનમાં ધરિયો રે. પ્રભુ. ૧
એકશત પંચ કવિત કરી અનુપમ. તુજ ગુણ ગુંથી ગુણીયો,
ભવિક જીવ તુજ પૂજા કરતાં, દુરિતતાવ સવિ ટળિયો રે. પ્રભુ.૨
એણી વિધ એકવીશ પૂજા કરતાં, શિવસુખફળ સહુ મળિયો,
સકલ મુનીશ્વર કાઉસગ્ગધ્યાને, ચિદાનંદ શું ભળિયો રે. પ્રભુ. ૩
શ્રી **તપ**ગચ્છે દિનકર શોભે, **વિજયદાન** ગુરૂ ગુણિઓ,
શ્રી **હીરવિજય** પ્રભુધ્યાને ધ્યાતાં, હેમહીરો જેમ જડિયો રે. પ્રભુ. ૪

[મુપુગૂહસૂચી. લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ. [તથા અન્ય પૂજાસંગ્રહોમાં.]

(૧૧૩૭) + બાર ભાવના સઝાય

આદિ – પીઠિકા રાગ રામગિરિ.

વિમલકુલ કમલના હંસ તું જીવડા, ભાવના ભાવ તું જો વિચારી;
જેણિ નર મનુજગતિ રત્ન નવિ કેલવ્યું, તિણિ નરનારિમણુ કોડિ
હારી વિ. ૧

*

સર્વગતિ માંહિ વર નરભવો દુર્લ્લભો સર્વ ગુણરત્નો સોધિકારી;
સર્વજગિ જંતુ નઇ જેણિ હિત કીજીઇ સોઈ મુનિ વંદીઇ સુભવિચારી,
સકલ મુનિ વંદીઈ શ્રુતિ વિચારી. વિ. ૫

(અન્ય ઢાલોની પહેલી પંક્તિ)

૨જી ઢાલ – ભાવના માલતી ચૂશીયે.
૧ અનિત્ય ભાવના – મૂઝમાં મૂઝમાં મોહમાં જીવ તું,
૨ અશરણ ભાવના – કો નવિ શરણું કો નવિ શરણું.
૩ સંસાર ભાવના – સર્વ સંસારના ભાવ તું,
૪ એકત્વ „ – એ તુંહિ આપકૂં તુંહિ ધ્યાઓજી,
૫ અન્યત્વ „ – ચેતના જાગિ સહચારિણી,
૬ અશુચિ „ – માંસ મલ મૂત્ર રૂધિરે ભર્યો,
૭ આશ્રવ „ – જગ શુભાશુભ જેણે કમતતિ વેલિજે,
૮ તપો „ – તાપે મીણ ગલે જિમ માખણ,
૯ ધર્મ „ – ધર્મથી જીવને જય હોયે,

અંત – રાગ પરજીઉ.

ન્યાન નય માંહિં ત્રિભુવન રુપો, જેણિં જિન દીઠો લોગો,

*

અધો લોક છત્રીસ ન સમવડિ, ત્રીછો છલ્લરી જાણી,
ઉર્ધ્વલોક સૃદગ સમાણો, ધ્યાનઇ **સકલ** મુનિ આણો. મુનિ. ૪

(૧) મુ. **વૃદ્ધવિજય** પઠનાર્થં. પ.સં.૭–૧૨, જિનદત્ત ભં. મુંબઈ પો.૧૦ નં.૩. (૨) પ.સં.૬–૧૭, પાલણપુર સંઘ ભં. દા.૪૭ ન.૩ર. (૩) સં.૧૭૭૦ આસાઢ સુ.૨, પ.સં.૮–૧૦, હા.ભં. દા.૮૨ નં.૧૦૬. (૪) પ.સં.૨–૧૩, પાંચમી સુધી, અપૂર્ણ, અનંત ભં. નં.૨. (૫) લિ. **રાજનગરમધ્યે** શ્રાવિકા **પાંખડી** પઠનાર્થં **ખંભાયત** મધ્યે. પ.સં.૧૧–૯, દે.લા. નં.૯૧૯–૪૫૫. (૬) સં.૧૭૬૨ માગસર શુ.૪ શુક્રે લ. **સુખસાગર** શિ. **મહિમાસાગર.** પ.સં.૬, અભય. નં.૨૧૮૧. (૭) રત્ન. ભં. (૮) જેસ. ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૬, ૩૯૯, ૪૧૧, ૫૫૪, ૫૯૮).]

પ્રકાશિત : ૧. શલોકાસંગ્રહ (ભી.મા.) ૨. સઝાય પદ સંગ્રહ. [૩. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ) વગેરે.]

(૧૧૩૮) [+] **વીર વર્દ્ધમાન જિનવેશી** અથવા **હમચડી** [અથવા **સુરલતા**] અથવા **જન્માદિ અભિષેક કલ્યાણક પાંચ વર્ણનરૂપી સ્ત.** ૬૬ કડી

આદિ – આશાઉરી રાગ.

નંદનકું તિસલા હુલરાવઇ, પૂતઈ મોહ્યા ઈંદા રે,
તુઝ ગુણ લાડેકડાના ગાવતિ, સુરનરનારિના વૃંદા રે, નંદનકું
ત્રિસલા હુલરાવઈ. ૧

*

ઢાલ ૩—હમચીની.

અમરી સરસ્સી પૂરની કુમરી, ટોલેઈ દેતિ ભમરી,
પ્રભુનઇં ધ્યાનઇ હમચ્ચી ખુંદે. **વીર** તણા ગુંણ સમરી રે. હમચડી.૩૫
હમચ્ચી **વીર** તણી જે ગાતી, નાકે મોતી જોતી,
જનની માતા રોતો રાખઈ, ટોલામાંથી જોતી રે. હમચડી. ૩૬

અંત – વર્દ્ધમાન જિનગુણ સુરવેલી, હીઅડા કરી રે સહેલી,
સકલ કહિ ગુણ મત્સર મેલ્હી, નિસદિન જિનગુણ સુર ખેલી રે.
હમચડી. ૬૫
વીર પટોધર શ્રેણિઈ આયો, **હીરવિજય** ગુરૂ હીરો,
સકલ કહિ એ સો નિતિ સમરો, ચરમ જિનેશ્વર વીશેરો રે.
હમચડી. ૬૬

(૧) લિ.૧૮૧૫ ભાદ્રવી અમાસ સોમવતી, પ.સં.૩–૧૧, આ.ક.ભં. (૨) પ્ર.કા.ભં. (૨) સંવત ૧૬૮૩ વર્ષે. પ.સં.૩૯–૧૧, ઘોઘા ભં. દા. ૧૪ નં.૨૯. (૪) વિ.ધ.નો મારી પાસે આવેલો એક ચોપડો. (૫) ઉદયપુર ગોડીજી ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૯, ૨૭૭, ૨૭૯, ૩૯૮, ૫૪૭).]

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ પુ.૯ અં.૧૦ પૃ.૪૪૧–૪૪૫.]

(૧૧૩૯) ગણધરવાસ સ્તવન ૪૮ કડી

આદિ – સો સુત **તિશલાદે**વી સતીનો જસ પદ પૂજઇ રમણ સચી

અંત – કલશ.

ઇતિ વિગતમોહં વિજિતકોહં ભુવનબોહં પારગં,
સંસારમોહં કુગતિરોહં વિજતસોહં પારદં,
કેવલાલોકં નમતલોકં **વીર** પુરૂષોત્તમ વરં,

સિરિ **વિજયદાન** મુણિંદ સેવક **સકલચંદ** શુભાકરં.

(૧) પ.સં.૩, પ્ર.કા.ભં. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯, ૨૮૫, ૫૧૧).]

(૧૧૪૦) સાધુ કલ્પલતા અથવા **સાધુવંદના મુનિવર સુરવેલી** ૧૪૪ કડી

આદિ – તૂં જિનવદન કમલની દેવી, તું **સરસતિ** સુરનરપતિ સેવી,
તું કવિજન માતા સુઅદેવી, દીઇં મુઝ નિર્મલ પ્રતિભા દેવી. ૧
મઇં મુનિવર સુરવેલી કરેવિ, તિણિ કારણિ મે તું સમરેવી,
તિહાં પૂરવ મુનિસેણિ ગણેવી, તસ ગુણગતિંનિત ભવિક જપેવી.૨

અંત – શ્રી **આણંદવિમલ** ગુરૂપટ્ટે સિરિ **વિજયદાન** ગુરૂપટ્ટે,
સિરિ **હીરવિજય** વંદે, વંદઇ તં **સકલચંદ** મુણી. ૧૪૪

(૧) મહો. **ભાવવિજયગણિ** શિષ્યોપાધ્યાય **ભાણુવિજયગણિ** શિ. પં. **રત્નવિજયગણિ** લિ. **રાજનગરે**. પ.સં.૯-૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૫. (૨) પ.સં.૮-૧૩, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૩૭. (૩) પ.સં.૧૦-૧૧, ડા. પાલણપુર દા.૩૧ નં.૧૦૩. (૪) સં.૧૬૮૨ મૃગશિર શુદિ ૧૩ બૃહસ્પતિવારે **આગરા** નગરે યુગપ્રધાન **જિનસિંહસૂરિ** શિ. પં. **જીવરંગ**ગણિના લિ. **ચોપડાગોત્રશૃંગારહાર** **સુશ્રાવક** **સાહ** **સૂર્યમલ્લ** તદ્ભાર્યા **સમ્યકત્વમૂલ** **સ્થૂલ** દ્વાદશ વ્રતધારિકા સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા **મૃગાક્ષી** પઠનાય. પ.ક્ર.૨થી ૮, નાહટા. સં. નં.૧૨૨. (૫) સં.૧૭૨-આ.વ.૫ **નંદરબાર** **કીર્તિ**વિજય લિ. **પ્રાગ્વાટ** બાઇ **વીપા** પઠનાર્થં. પ.સં.૬, કૃપા. (૬) ગ્રંથાગ્ર ૨૦૦, પ.સં.૬-૧૩, માં.ભં. (૭) વિદ્યા. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૮, ૨૪૨, ૩૯૭).]

(૧૧૪૧) હીરવિજયસૂરિ દેશના સુરવેલિ ૧૧૫ કડી

આદિ – રાગ અસાઉરી દૂહા

દેવ દેવ **બ્રહ્મા શિવો, ઋષભો** વેદિ પુરાણિ,
ભાગવતિ પણિ સો ભણ્યો, પણમો મુનિ તસ વાણિ. ૧
પ્રણમો **અજિત** જિણેસરો, જિણિ હણિઉ સંગ્રામિ,
મોહમલ્લ જિમ **રાવણો**, હણિઉ **લખમણ** **રામિ**. ૨

*

ઇતિ ચઉવીસ જિનેશ્વર કીર્ત્તન, સુરનર નિત સેવીજે,
હીરવિજય મુનિ અમૃત દેશના, સુરવેલી ચિત દીજિ. ૨૮

અંત – શ્રી **વિજયદાન** સૂરીસ તસ ગુણ બહુનિધિ સીસ,
શ્રી **હીરવિજય** ગુરૂ વાંદીઇજી. ૧૧૧
કૂંરા **નાથી** જાત જાયો જગિ વિખ્યાત,
શ્રી ગુરૂ **તપગચ્છ** રાજીઉજી. ૧૧૨
શ્રી **વિજયસેન** સૂરિંદ પાટ ગગન સમ ચંદ્ર,
ગુરૂ પાટિં એ ગુરૂ ચિરં જિઉજી. ૧૧૩
—ઇતિ શ્રી વેતાલપંચવીસી ચરિત્રે વિક્રમ કથિત કથા પંચવીસમી સંપૂર્ણા.

ચોપઇ – સાહસવંત નિરષી નૃપરાઈ, તબ **વેતાલ** કહે તિણિ ઠાઈ,
પરઉપગારી તો સમ હોય, મેં તો અવર ન દીઠો કોઇ. ૧
હૂં તો તુઠો તુઝ સાહસૈ, પિંણ તું જોગી મત વેસસૈ,
દોહો તુઝનેં ઘાલૈ પાસ, મુષૈ કહે તું ગુંણહ નિવાસ. ૨
મડ પુજી તુઝ કહસી તંત, કરિ પ્રણાંમ જ્યું સિઝૈ મંત,
તોં કહિયૈં હું ન લહું ભેય, તું દિષ લે જ્યું જાંણું તેહ. ૩
તિંણ વચનૈં તે થારૈ કાજિ, ફિરી દિષાલેં તતષિણ માંઝિ,
ષડગ કરી થે છેદો સીસ, જિઉં મનવંછિત થાઇ જગીસ. ૪
સુંણી સીષ તે લેઈ મડો, આવિ રહિ યોગી મુષિ ષડો,
કરિ પ્રણાંમ યોગી હરષાવિ, આગલિ બેઠો રાજા ભાવિ. ૫
જોગી કહે સુણો રાજિંદ, દીયૈ પ્રદક્ષિણ હુવૈ આણંદ,
હું નવિ જાંણું **વિક્રમ** કહે, તૈ તે આગૈ ઉઠી વહૈ. ૬
રાજાયૈ વૈતાલી વાત, ચીતારીનેં કીધો ઘાત,
પૂરી વિદ્યા સીધી જીસૈં, સોવનપુરિસો હુઓ તિસૈ. ૭
તિંણ પુરિસે **વિક્રમ** રાજેસ, પુહવી ઊરણ કરી વિસેસ,
રાજ પાલિ આઊ આંપણૈ, સરગિ પહુંતૌ સહુકો ભણૈ. ૮
છંદ — ઇતિ શ્રીય **વિક્રમ વેતાલ**હી કહિ એહ વાત પચીસએ,
તિણવિધહ **સોલૈ સૈં છયાલૈ** ઇન્દ્ર ઉચ્છવ દીસ એ,
ગુરૂ **હીરકલસ** પસાય કરિનૈ **હેમાણંદ** મુણિ ઉત્તમપુરી,
તિહ રચીય વાત વિનોદની તે **સયલ સજ્જન** સુષકરી. ૯

(૧) ઇતિ વૈતાલ પચવીસી ચરિત્રે પંચવીસી ચઉપઈ સંપૂર્ણમ્. **સં.૧૭૬૫** વર્ષે શાકે ૧૬૩૦ પ્ર. ચૈત્ર સુદિ ૫ ગુરૌ લિષિતં. પં. **સુજાણહંસેન** શ્રી જયતારણ મધ્યે. પ.સં.૧૬–૧૭, ચા.

(૧૧૯૮) ભોજ ચરિત્ર રાસ ૫ ખંડ ૧૦૨૧ કડી ૨.સં.૧૬૫૪ કાર્તિક પ્રથમ દિવાલી દિને ભદાંણામાં

આદિ – ધૂરિ દૂહા
સમરિય **સરસતિ** સુગુરૂપય, વંદિય **જિણચંદ**સૂરિ,
કહિસુ કથા હું **ભોજ** નૃપ, આણી આણંદપૂરિ. ૧
જિનસાસણ સિવસાસણઇ, ધરમહિ દાંન ઉદાર,
દીધઉ જિણ પરિ તિણ પરઇ, સફલ કરઇ સંસાર. ૨

(પછી દાન ઉપર ગાથાઓ છે.)
કીરતિ હુયઇ યાચક દિયે, પુણ્યા ફલ હુયે પાત,
વયરીને દીધઉ થકઉ, વિલય કરઇ વ્યાઘાત. ૩

અંત – વિસ્તર ગુરૂમુખિ એહ ચરિત્ર, સુણી ભવિકજન હવઉ પવિત્ર,
મઇ બોલી સંક્ષેપે કથા, નિસુણી સહગુરૂવયણે યથા. ૧૧
પદ અક્ષર લહે કાંનઇ માત, અધિક ઓછ મઈ ચવિયો મિથ્યાત,
તે સવિ પંડિત ખમિયો તુમ્હે, મિથ્યા દુકૃત દીધું અમ્હે. ૧૨
વીરપાટિ શ્રી **સોહમવંસિ**, તેહની સુવિહિત સાખિ પ્રસંસી,
ખરતરગછિ ગુરૂ ગુણે પડૂરિ, શ્રી શ્રી શ્રી **જિનમાણિકસૂરિ**. ૧૩
તાસુ પાટિ શ્રી **જિણચંદસૂરિ**, ત્રિજયરાજ જસુ આજ્ઞાપૂરિ,
કુમતિ નાઠા જિહ ભલ દૂરિ, દિનદિન નિલવટ અધિકે તૂરિ. ૧૪
પાતિસાહ શ્રી **અકબર** રાજિ, **કરમચંદ** મંત્રી તસુ કાજિ,
લાભ દેખિ **લાહોર** બુલાઇ, પાતિસાહ સિઉં લિયો મિલાઇ. ૧૫
નયણે દેખિ કહઇ સુરતાંણ, દરસણી એ સાચો દીવાંણ,
વાણી સંભલિ હરિખિયઉ હિયે, અભયદાન જીવાં સવિ દિયે. ૧૬
ધન લાખાં મુહિ કરઇ પસાઇ, દેખી ગુરૂ નિરમમ નિરમાઇ,
સોલહ સઇ ગુણ(પ)ચાસંઈ વાસ, વદિ દસમી ને ફાગુણ **માસ**. ૧૭
યુગપ્રધાન તેહ પદવી દેઈ, ફાગુણ સુદિ તિમ બીજ લહેઇ,
માનસિંહ શ્રી જી ભાઇયઉ, આચારિજં પદવી ઠાઇયઉ. ૧૮
શ્રી **જિણસિંહસૂરિ** દે નાંમ, **કરમચંદ** તિહ ખરચ્યા દાંમ,
જુગપ્રધાન આચારિજ બિવે, ઉદયવંત હુઇયો સંઘ સવે. ૧૯

યતઃ

નવ હાથી દીન્હે નરેસ મદ સ્યો મતવાલે,
અઇરાકી પંચસે લોક લ્હાવે નિતુ હાલે.
નવે ગાંમ બકસીસ સઈતુ સહુ કોઈ જાંણઇ,
સવા કોડિકા દાંમ **મલ્લ** કવિ સાચ વખાંણઈ,
કો રાય ન રાંણા કરિ સકે, **સંગ્રાંમનંદન** જો કીયા,
જુગપ્રધાંનકે નામ કો, સુ**કરમચંદ** ઇતના દીયા. ૨૦
તેહ તણુઉ આજ્ઞા કારિયઉ, છએ કાયનો ઉપગારિયો,
હરષપ્રભુ નાંમઇ મુણિરાઇ, **હીરકલસ** તસુ સીસ કહાઇ. ૨૧

સીસ તાસુ મુનિ **હેમાણંદ**, તિણિ મનિ આંણી અધિક આણંદ,
સંવત **સોલહ સઈ ચઉપનઈ**, કાતિય પ્રથમ દિવાલી દિનઈ. ૨૨
ગામ **ભદાંણે** વાંન વરીસ, વસુધા વર ધારૂ મંત્રીસ,
તાસુ પુત્ર **વરજાંગ** વદીત, ધરમકરમ જો હૂયો પ્રવીત. ૨૩
ષટ દરસણ મનિ આણંદ ભાઉ, કરે ન્યાય ટાલે અન્યાય,
તાસ પાટિ મંત્રી **ગોપાલ**, દાંન પુણ્ય તે આધક રસાલ. ૨૪
તિણિ વયણે એ **ભોજપ્રબંધ**, કહિઉ સંક્ષેપે ચઉપઇબંધ,
ભણે ગુણે જે સુણે નિદાંન, તિયાં ઘરિ આવે નવે નિધાન. ૨૫
દૂહા ગાહ શ્લોક ચઉપઇ, પંચ પ્રસ્તાવે પૂરી હુઇ,
ગાથા એગ સહસ એગત્રીસ, સાંભલતાં સહિ ફલે જગીસ. ૨૬

(૧) પ.સં.૪૨-૧૪, રત્ન ભં. દા.૪૨ નં.૪૧. (૨) સં.૧૬૬૫ પ્ર. ભા.શુ.૫ ઉ. ઉદયવલભ શિ. **પદ્મસુંદર** શિ. ભવનસોમ શિ. **ઈસર** શિ. **મથુર** લિ. પ.સં.૩૦, જિ.ચા. પો.૮૧ નં.૨૦૩૬.

(૧૧૯૯) અંગ ફુરકણ ચો. કડી ૨૨ ર.સં.૧૬૩૯ દશરા

આદિ – શ્રી **હરષપ્રભુ** ગુરૂપય વંદિ, જોડિસ હૂં ચૌપઈ છંદ,
નરનારીના અંગ ઉપંગાં ફુરૈ, તાસુ ફલાફલ ચંગ. ૧

અંત – સંવત **નંદ ભવણ રસ ચંદ**, દસરા હૈ દિન **હેમાનંદ**,
કહી વાત ફરૂકણુ તણી, આગમ વાંણુ જિસી ગુરૂ ભણી. ૨૨

[મુપુગૂહસૂચી.]

(૧૨૦૦) દશાર્ણભદ્ર ભાસ કડી ૫૬ ર.સં.૧૬૫૮ કા.શુ.૧૫ રડવડીઆમાં

અંત – એહ રિષિ શ્રાવકગુણ થુણઇ, ૭ પય આવસ્યક સાજિ રે;
મંગલકારક તિણિ ભણી, રિદ્ધિ નઇ વૃદ્ધિ સિધિ કાજિ રે. ધ. ૫૩
શ્રી **ખરતર**ગછિ રાજિયઉ, શ્રી **જિણચંદ્ર** સૂરીસ રે;
શ્રી **જિણસિંહ**સૂરિ તસુ પટઇ, વિજય રાજઇ નિસિ દીસ રે.ધ. ૫૪
સુગુરૂ આએસઇ વિચરતા **સોલ અઠાવન** વાસ રે.
ભવિયણ તણઇ આગ્રહિ કરી, **રડવડીઆ** રહિયા ચઉમાસ રે. ૧૫
માસ કાતિગ સુદી પૂનમઇ, **હીરકલશ** સુગુરૂ સીસ રે,
ભાસ **હેમાણંદ** મુનિ કહી, પ્રવચન વચન જગીસ રે. ૫૬

(૧) પ.સં.૫, વીકા.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૮૮-૮૯, ભા.૩ પૃ.૭૮૦-૮૩.]

૫૬૦. વિમલવિનય (ખ. ગુણશેખર–નયરંગશિ.)

નયરંગ જુઓ નં.૪૮૫.

(૧૨૦૧ ક) અનાથી સાધુ સંધિ ગા.૭૧ ર.સં.૧૬૪૭ ફાગણ શુ.૩ કસુરપુરમાં

આદિ – શ્રી જિનશાસનનાઇક નીકઉ, સિદ્ધિવધૂ સિરિ સુંદર ટીકઉ,
વર્દ્ધમાન જિનવર મનિ ધ્યાઈ, સાધુ સવે સમરૂં સુખદાઈ. ૧
વીસમઉ **ઉત્તરાધ્યયન** વિચાર, નાથ **અનાથી** તણઉ અધિકાર,
સૂત્રસાખિ ગુરૂમુખિ જિમ સુણીયઇ, તિમ સંબંધ સયલ એ ભણીઇ.

અંત – જસુ મહિમા(પા. સાસણુ)નિધિ એહ મુણિંદ, ગુણ ભણતાં નિત પરમાણુંદ.
સંવત **સોલ સઇં સતતાલે**, ફાગુણ ત્રીજ દિવસ અજૂઆલઇ.
શ્રી **કસુરપુર** વર મન મોહે, સોલમ **શાંતિ** જિણેસર સોહે,
શ્રી જિનશાસણ એહ મહંત, શ્રી **જિનચંદ્ર**સૂરિ જયવંત. ૬૯
સુહગુરૂ શ્રી **ગુણશેખર** સીસ, વાચક શ્રી **નયરંગ** જતીસ,
તાસ પસાય લહી ચિત્તચંગઇ, **વિમલવિનઇ** પભણુઇ મનરંગઇ.
આગમ-અરથ જુગતિ સુવિચારી, એ સંબંધ કહ્યો જયકારી,
જે ભાવઇ ગાવઇ નરનારી, તે પામઈ સુખ સંપતિ સારી. ૭૧

(૧) પ.સં.૮–૯, હા.ભં. દા.૮૨ નં.૧૩૮. (૨) પં. જૈન શ્વે. ભં. જયપુર પો.૬૪. (૩) પ.સં.૪, પ્રતિ ૧૭મી સદીની, મહિમા પો.૮૬. (૪) પ.સં.૨, અભય. પો.૪ નં.૨૬૮. (૫) ભાં.ઇ. સન ૧૮૯૧–૯૫ નં.૧૫૭૫. (૬–૭) સુંદર લિ. **વીકાનેર**, પં. **જ્ઞાન**વલ્લભ લિ. પ.સં.૩, અભય. નં.૩૧૮૬. [ડિકેટલોગભાઇ વૉ.૧૯ ભા.૨.]

(૧૨૦૧ ખ) અર્હન્નક રાસ ગા.૬૬ ૪ ઢાલ

આદિ – **વર્દ્ધમાન** ચઉવીસમઉ, જિન વંદી જગદીસ,
અરહંનક મુનિવર ચરિત્ર, ભણિસુ ધરીય જગીસ. ૧

અંત – શ્રી **ખરતર**ગચ્છ દીપતા, શ્રી **જિનચંદ** મુણીંદ,
જયવંતા જગિ જાણિએજી, દરસણ પરમાણુંદ. ૬૪
શ્રી **ગુણશેખર** ગુણનિલઉજી, વાચક શ્રી **નયરંગ**,
તાસુ સીસ ભાવઇ ભણઇજી, **વિમલવિનય** મનરંગિ. ૬૫
એ સંબંધ સુહામણોજી, જે ગાવઈ નરનારિ,
તે પામઇ સુખસંપદાજી, દિનદિન જયજયકાર. ૬૬

(૧) પ.સં.૨, મુકનજી સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૮૩-૮૪.]

૫૬૧. મલ્લિદેવ

(૧૨૦૨) કર્મવિપાક રાસ ર.સં.૧૬૪૮

(૧) માણેક ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૦. મલ્લિદાસ (અહીં નં.૪૯૦)ને નામે 'જિનરત્નકોશ' 'કર્મવિપાક' નામની કૃતિ નોંધે છે, જે સંસ્કૃત હોવાની પણ શકયતા છે. એ જોતાં ઉપરની માહિતી કદાચ અનધિકૃત હોય.]

૫૬૨. પરમા (લોં. શ્રીપત-તેજસિંહ-સોભા મોલ્હા-વીરજી-ધર્મદાસ-ભાનુ-ચતુર્ભુજ-રાજસિંહશિ.)

(૧૨૦૩) પ્રભાવતી ચોપાઈ (શીલ વિષયે) ર.સં.૧૬૪૮ મહા શુદ ૧૦ શનિવાર

અંત - સંવત **સતરહ સય ઉનતાલઇ**, માસ કુમાર સુહાવંદા,
સુદિ દશમી થિર થાવરવારે, સીલ તણાં ગુણ ગાવંદા. ૮૫
દિનદિન પ્રતપો શ્રી ગચ્છનાયક, **શ્રીપત** પટે ભાવંદા,
સાધુ **સુધર્માને** ગતિ ચલે, ગુણ છત્તીસ સુહાવંદા. ૮૬
આચારજ ચિરંજીવો **તેજસિંઘ**, ચૌરાસી ગચ્છ ગુણ ગાવંદ.,
તાસ ગચ્છ થેવર અતિ ઉત્તમ, તપજપક્રિયા-દિપાવંદા. ૮૭
સોભા મ્હોલ્હા મુનિવર સોહે, સાધુ-ધર્મ-ધ્રુતાવંદા,
તાસ પટ થેવર થિર થપ્યો, **વીરજી** સંઘમન-ભાવંદા. ૮૮
તાસ પટ સાધુગુણગર્જત, શ્રુતજ્ઞાનેં સોહાવંદા,
જે **ધર્મદાસ** થેવર ગુણ ગાવે, સુખસંપદ નિત પાવંદા. ૮૯
તાસુ સુશિષ્ય ગુને અતિ ઉત્તમ, થેવરપદે સુહાવંદા,
ભાનુ ભાનુ સમ તેજ વિરાજે, ચતુર્વિધ સંઘ ગુણ ગાવંદા. ૯૦
તખત **ચતુર્ભુજ** ગુરૂ થિર થાયો, જિમ **વીર સુધર્મ** જિનંદા,
ચતુર્વિધ સંઘમાં જયો સોહૈ, જોં તારા બિચ ચંદા. ૯૧
તાસ પાટ અવિચલ ચિરજીવો, ખિમા ક્રિયા મન દેંદા,
ગુણ સત્તાવીસ જામેં રાજે, સકલ સાધુ મહિ ઇંદા. ૯૨
................................નરનારી કે વૃંદા,
દિનદિન પ્રતપો શ્રી ગુરૂ મેરા, શ્રી **રાજસિંઘ** મુનિંદા. ૯૩

તાસ શિષ્ય નિર્મલ મતિ જાકા, મુનિ ફેરૂ જગ ભાવંદા,
તસુ સુત લઘુ ગુરૂભાઇ **પરમા**, શીલ તણા ગુણ ગાવંદા. ૯૪
રખી શ્રાવક ભ ઉત્તમ, જૈન ધર્મ ચિત દયાવંદા,
પરમે મુનિ ચોમાસો કીન્હે, સકલ સંઘ મન ભાવંદા. ૯૫

કલસ

મઈ સીલ ગાયો સકલ ભાયો નેમ મોટો જગતમેં,
નરનારી પાલે મન ઉજાલે ભોગવે સુખ મુક્તિમેં.
નરનારી ભણસે ભાવે સુણસે સીલનો અધિકાર એ,
ઉત્તમ ગતિ જીવ તેહ પાવઇ, સંઘ જયજયકાર એ. ૯૬

(૧) જૈ.શ્વે.ભં. જયપુર પો.૫૫.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૧-૯૨.]

૫૬૩. સૂજી (લોં. રતનશીશિ.)

(૧૨૦૪) શ્રીપૂજ્ય રત્નસિંહ રાસ (ઐ.) ૪૪ કડી ર.સં.૧૬૪૮ વૈ.
વ.૧૩ તાલનગરે મેવાડ

સ્ત્રીનું નામ બાઈજી, તેને તજી હાલારમાં નવાનગરમાં શ્રીમાલી વંશે સૂરોજી સાહજિવંતને, સ્ત્રી સૂહવદેથી રતનકુમાર થયા. નરપતિની પુત્રી સાથે સગપણ. તેને તજી દીક્ષા લીધી.

આદિ – **સરસતિ** સામણિ દઉ મતિ માય, હંસગમણિ ગતિ આપયો ભાય.
ગૂણ ગીરૂયાં તણાં ગાયસ્યૂં, ગુપતિ અક્ષર આણયો ઠાય તુ,
ગુણ રતનાગર ગાયશં. એ આંકણી.

અંત – સંવત **સોલ અડતાલિ**જી જાણિ, માસ વિશાખ તે સગૂણ વખાણિ,
તિહાં વદિ તેરસિ જાંણયો, **રતનસી** ઋષિ ધર્યો સંયમભાર તુ.
ગૂ. ૪૨

તાલ નગર **મેવાડ** મઝારિ, પ્રતપિજી સંઘલરાવ **એંગાર**,
સેવક **સૂજી** વિનવઇ, રચ્યઉ રાસ અતિહિ સુખકાર કિ. ગૂ. ૪૩
સંઘ ચતુર્વિધ દીય છિ આસીસ, **રતનસી** જીવજ્યો કોડિ વરીસ,
કોડયા તો ઊપરિ જાણયો, અનુક્રમિ વસયો મૂગતિ મઝારિ તુ.
ગૂણ રતનાગર ગાયસ્યૂં. ૪૪

(૧) પ.સં.૨-૧૭, ઈડર ભં. નં.૧૬૭. [મુપુગૂહસૂચી ('સૂજઉ'ને નામે).]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૮૯-૯૦. દીક્ષાતિથિને અહીં રચનાતિથિ ગણી છે એમ દેખાય છે. તે ઉપરાંત 'સૂજી'ને રતનશીશિષ્ય ગણવા કે

ખેંગારના સેવક એટલે આશ્રિત કવિ ગણવા એ પ્રશ્ન છે.]

૫૬૪. લબ્ધિકલ્લોલ (ખ. કીર્તિરત્નસૂરિશાખા હર્ષવિશાલ–હર્ષધર્મ–સાધુમંદિર–વિમલરંગ–કુશલકલ્લોલશિ.)

રો.એ.સો.માં 'ઉત્તરાધ્યયન વૃત્તિ'ની એક પ્રત છે તેના લેખક આ કવિની પરંપરાના હોઈ આ પ્રમાણે જણાવે છે:

શ્રી ભૂમ્યગ્નિમુનિ ચંદ્રાખ્યે (૧૭૩૧) વર્ષે ફાગણ સુદિ ચતુર્દશી તિથૌ માર્તણ્ડવારે શ્રી ખરતરગચ્છાધિરાજ શ્રી ભટ્ટારક શ્રી **જિનચંદ્ર** વિજયરાજ્યે.

આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ શ્રી **કીર્તિરત્ના**હ્વયાઃ
શ્રીમદ્ **હર્ષવિશાલ**વાચકવરાસ્તચ્છિષ્ય મુખ્યાસ્તતેઃ
તત્પટ્ટામલપદ્મસૂર્યસદૃશાઃ શ્રી **હર્ષધર્મા**ભિધાઃ
શ્રીમદ્ વાચક **સાધુમંદિર**વરા જાતાઃ તતઃ તત્પદે. ૧
તેષાં વિનેયા **વિમલાદિરંગા** માન્યા બભૂવુર્મુનિસત્તમાનં
શ્રી **લબ્ધિકલ્લોલ**ગણિસ્તદીયે, પટ્ટેઽભવત્ વાચકવર્ગવર્યઃ ૨
તત્ શિષ્યાઃ પાઠકાગ્રણ્યઃ શ્રીમલ્**લલિતકીર્ત્ત**યઃ
અભૂવન્ સર્વવિદ્યાસુ ચતુર્દશસુ પારગાઃ ૩
તેષાં વિનેયેષુ ચતુર્ષુ મુખ્યાઃ શ્રીમત્પદં વાચકમાદધાના
શ્રી **હીરરાજ**ગુરવો બભૂવુઃ સમગ્રચારિત્રગુણૈઃ પ્રધાનાઃ ૪
શ્રીમદ્**ઉદયહર્ષા**ખ્યાસ્તત્પટ્ટે કવિપુંગવાઃ
જયંતિ જગતીપીઠે સાંપ્રતં ગુરવો મમ. ૫

તત્શિષ્ય પં. કપૂરલાભ મુનિ પં. પ્રવર **ભક્તિવિશાલ** ગ. મુનિ પં. **સોમનંદન** મુનિ પં. **મતિવિમલ** મુનિ તદ્ભ્રાતૃ પં..**ક્ષેમ**વિમલ મુનિ સહિતૈઃ સપરિવારપઠનાર્થં લિખિતં હિતાય ક્ષેમાય લેખકપાઠકયોઃ શ્રી.

(૧૨૦૫) + શ્રી જિનચંદ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ (ઐ.) ૧૩૬ કડી ર.સં.૧૬૪૮(?૫૮) જેઠ વ.૧૩ અમદાવાદમાં

આદિ – દોહા રાગ અસાવરી.

જિનવર જગગુરૂ મન ધરિ, **ગોયમ** ગુરૂ પણમેસુ,
સરસ્વતી સદ્ગુરૂ સાનિધઈ, શ્રી ગુરૂરાસ રચેસુ ૧
વાત સુણી જિમ જનમુખઈ, તે તિમ કહિસ જગીસ,
અધિકો ઓછો જો હુવઈ, કોય કરો મત રીસ, ૨
મહાવીર પાટઇં પ્રગટ, શ્રી **સોહમ** ગણધાર,

તાસ પાટિં ચઉસઠ્ઠિમઇ, ગચ્છ **ખરતર** જયકાર. ૩
સંવત **સોલ બારોત્તરઇ**, **જેસલમેરુ** મઝાર.
શ્રી **જિનમાણિકસૂરિ**ને, થાપિઉ પાટ ઉદાર. ૪
માનિઓ **રાઉલ માલદે**, ગુણગિરૂઓ ગણધાર,
મહીયલિ જસુ યશ નિરમલો, કોય ન લોપઈ કાર. ૫
તેજિ તપઇ જિમ દિનમણિ, શ્રી **જિનચંદ્ર** સૂરીશ,
સુરપતિ નરપતિ માનવી, સેવ કરઇ નિશદીશ. ૬
યુગપ્રધાન જગિ સુરતરૂ, સૂરિશિરોમણિ એહ,
શ્રી જિનશાસનિ સિરતિલો, શીલ સુનિમ્મલ દેહ. ૭
પૂરવ **પાટણ** પામિયો, **ખરતર** બિરૂદ અભંગ,
સંવત **સોલ સતોતરે** (૧૬૧૭), ઉજવાલઇ ગુરૂ રંગિ. ૮
સાધુ વિહારે વિહરતાં, આયા ગુરૂ **ગુજરાતિ**,
કરઇ ચઉમાસો **પાટણે**, ઉચ્છવ અધિક વિખ્યાત. ૯

અંત – રાગ ધન્યાશ્રી ઢાલ કનકકમલ પગલા ઠવઇ એ.
પ્રગટ પ્રતાપી પરગડો એ, સૂરિ વડો **જિણચન્દ**,
કુમતિ સવિ દૂરે ટલ્યા એ, સુન્દર સોહગકન્દ. ૧૨૭
સદા સદ્ગુરૂ નમો એ, દ્યઇ **અકબર** સુમાંન, સદા. આંકણી.
જિનદત્તસૂરિ જગ જાગતઉ એ, ગુરૂને સાનિધકાર,
શ્રી **જિનકુશલ**સૂરીશ્વર એ, વંછિત ફલ દાતાર. સ. ૧૨૮
રીહડ વંશઇ ચંદલઉ એ, **શ્રીવન્ત** શાહ મલ્હાર. સ.
સિરીયાદે ઉરિ હંસલઉ એ, **માણિક**સૂરિ પટધાર. સ. ૧૨૯
ગુરૂને લાભ હુયા ઘણાં એ, હોસ્યઈ અવર અનંત, સ.
ધરમ મહાવિધિ વિસ્તરઈ એ, જિહાં વિહરઇ ગુણવંત, સ. ૧૩૦
અકબર સમવડિ રાજીયઉ એ, અવર ન કોઈ જાંણુ, સ.
ગચ્છપતિ માંહિ ગુણનિલઉ એ, સૂરિ વડઉ સુરતાંણ. સ. ૧૩૧
કવિયણ કહઈ ગુણ કેતલા એ, જસુ ગુણ સંખ ન પાર, સ.
ચિરંજીવઉ ગુરૂ નરવરૂ એ, જિનશાસન આધાર, સ. ૧૩૨
જિહાં લગી મહીયલિ સુરગિરિ એ, ગયણ તપઈ શશિ સૂર. સ.
જિનચંદસૂરિ તિહાં લગઈ, પ્રતપઉ પૂન્ય પડૂર, સ. ૧૩૩
વસુ યુગ રસ શશિ વત્સરઇ એ, જેઠ વદિ તેરસ જાંણિ, સ.
શાંતિ જિનેસર સાનિધઇ એ, રાસ ચડિઉ પરમાણિ, સ. ૧૩૪

આગ્રહ અતિ શ્રી સંઘનઇ એ, **અહમદાબાદ** મઝારિ, સ.
રાસ રચ્યઉ રલિયામણુઉ એ, ભવિયણુ જણ હિતકાર. સ. ૧૩૫
પઢઇ સુણઇ ગુરૂગુણરસી એ, પૂજઇ તાસ જગીસ, સ.
કર જોડી કવિયણુ કહઇ, **વિમલરંગ** મુનિ **સીસ.** સ. ૧૩૬

(૧) **લબ્ધિકલ્લોલ** મુનિભિઃ **સ્તંભતીર્થે** પં. **લક્ષ્મીપ્રમોદ** મુનિવાચ્યમાનં.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૫૯થી ૭૮.

(૧૨૦૬) રિપુમર્દન (ભુવનાનંદ) રાસ ૨૦૮ કડી ર.સં.૧૬૪૯ વિજયાદશમી ગુરુ પાલણપુરમાં

આદિ – **આદિ** જિણેસર આદિ કર, **સંતીસર** ગુણવંત,
નેમિ પાસ સિરિ **વીર** જિણુ, પ્રણમી શ્રી ભગવંત. ૧

અંત – પામી સંઘ તણઉ આદેસ, જાણી સમ તણઉ લવલેસ,
રિપુમર્દનનઉ રચીઉ રાસ, ભણતાં ગુણતાં લીલવિલાસ. ૨૦૦
શ્રી **ખરતરગચ્છ**-ગયણુ-દિણુંદ, ઉદયઉ શ્રી **જિનચંદ** સૂરીંદ,
વાદી-ગજભંજણુ કેશરી, સાનિધિ તાસુ રચ્યઉ મઇ ચરી. ૧
કીર્તિરતનસૂરિ શાખઈ જયઉ, **હર્ષવિશાલ** તસુ વાચક થયઉ,
હર્ષધર્મ વાચક તસુ સીસ, **સાધુમંદિર** તસુ પાટ જગીસ. ૨
વિમલરંગ તસુ શિષ્ય સુજાણુ, સુગુણુ રયણુ ગુણુ કેસરી ખાંણિ,
તસુ સુવિનેય **કુશલકલ્લોલ**, સીસ સુપરિ કહઇ **લબ્ધિકલ્લોલ.** ૩
ચંદ્રપ્રભ જિન સાનિધિ કરી, રચ્યઉ રાસ મુનિ ઉલટ ધરી,
પાલણપુર વર નયર મઝારિ, શ્રી **સરસતિ** સામણિ આધારિ. ૪
સંવત **સોલ ગુણપંચાસઇ** જાંણિ, વિજયદશમી ગુરવારિ વખાણિ,
તિણિ દિન કીધઉ એહ જ રાસ, સાંભલતા સવિ પહુચઈ આસ. ૫
અધિકઉ ઉછઉ બોલિઉ જેહ, જિનવર શાખિ ખમાવું તેહ,
કૃપા કરી મુઝ ઊપરિ બહુ, ખરૂં કરીનઈ ભણિજ્યો સહુ. ૬
અંતરિ આણ્યા સરસ સંયોગ, ગાથા દૂહા કાવ્ય સિલોગ,
કવિમતિ કાંઇ શાસ્ત્રવિચાર, સુધ કરિજ્યો પંડિત સુવિચાર. ૭
સાયર ધ્રુ જિહાં મેરૂ ગિરિંદ, ગ્રહગણુ તાસ જિહાં રવિચંદ,
તિહાં લગિ નંદઉ એહ પ્રબંધ, ભણતાં ગુણતાં નિતુ આણુંદ. ૮

(૧) પ.સં.૮–૧૫, રો.એ.સો. બી.ડી.૧૯૧ નં.૧૯૫૬. (૨) એક ગુટકો, જિ.ચા.

(૧૨૦૭) કૃતકર્મ રાજર્ષિ ચોપાઈ ૪૦૭ કડી ર.સં.૧૬૬૫ વિજયા-

દશમી વચ્વેરપુરે (?) વાવરામાં

આદિ – અજર અમર અકલંક જિન, આદિ અનાદિ અનંત,
તારક ત્રાતા ત્રિજગ-ગુરૂ, પય પ્રણુમી ભગવંત. ૧
ચઉવીસય જિણવર નમી, ગણુહર **ગાયમ**સાંમિ,
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપજઇ, પ્રહ સમિ લેતાં નામ. ૨
સાંનિધ કરિ શ્રુતદેવતા, અક્ષર આણુઇ ઠાય,
કુંયર **કૃતકર્મ** ગાયસું, શ્રી સહગુરૂ સુપસાય. ૩
પંચસયાં દીનાર દે, પદ લીધઉ બહુ મોલિ,
પિતા પવાર્યઉ પુત્રનઈ, નિસિ નીશરીયઉ બોલિ. ૪
દાંન તણુઈ સુપસાઉલે, પરણી ત્રિણ્હે નારિ,
ત્રિણ્હે પદ તિણિ પામીયા, સુણુઉ ચરિત સુવિચાર. ૫

અંત – એહ ચરિત્રથી સંબંધ ઉધર્યો, રાસ ભવિયણુ મેં કર્યો,
મેં કર્યો રાસ ઉલ્હાસ જુગતે જેહ નર ભાવે સુણે.
તસુ ઋદ્ધિ નવનિધિ સિદ્ધિ સંપદ વેગિ આવે અંગણે,
રિષિરાજ મોટો નહીય ખોટો દેઇ દોટો કર્મને,
જિણ કુગતિ વામિ સુગતિ પામી ધ્યાન ધરિ નિજ શુભ મને. ૪૦૪
ગુરૂઓ ગુણુનિધિ **ખરતર**ગચ્છધણી, શ્રી **જિનચંદ્ર**સૂરિ શિરોમણિ,
ગચ્છધણીય જુગવર જૈન શાસણિ સાહિ **અકબ્બર** માનિયો,
તસુ વિજયરાજે સુકૃત કાજે સાધુ સુગુણ વખાણીયો.
સિરિ **કિત્તિયરયણ** સૂરીંદ પાટે **હર્ષવિશાલ** વાચક થયો,
હર્ષધર્મ વાચક તાસુ પાટે **સાધુમંદિર** ગુણુનિલો
તાસુ સીસ વલિ **વિમલરંગ** મહામુણી,
સીસ સુપરિ કહે **લબ્ધિકલ્લોલ** ગણિ.
સંવત **સોલ પઈસઠિ** વરસઈ, વિજયદસમી વાસરે,
વચ્વેર (વાવરા) પુરવર રાસ રચીયો, શાસ્ત્રસંમત સાદરે;
શુદ્ધ કરિય ભણિજ્યો મયા કરિજ્યો સંત સજ્જન જે ગુણી,
વાંચતાં સુણુતાં સુચિર નંદો, જાંમ સાયર દિનમણિ.

(૧) લિ. રાજનગર મધ્યે અભયકુસલેન. પ.સં.૧૯–૧૩, અનંત ભં. નં.ર. (ર) મેડતા નગરે લિ. પ.સં.૧૭, હરિસાગરસૂરિ પાસે વિકા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૮૪–૮૯. લબ્ધિકલ્લોલ પોતાને કુશલકલ્લોલ ઉપરાંત વિમલરંગના શિષ્ય તરીકે પણ ઉલ્લેખે છે એટલે પહેલી

કૃતિના કર્તા એમને માનવામાં ખોટું નથી. પહેલી કૃતિના રચનાસંવત-દર્શક શબ્દો ૧૬૨૮ કે ૧૬૪૮ જ બતાવે પરંતુ ૧૬૫૮નો તર્ક થયો છે તે જિનચંદ્રસૂરિને સં.૧૬૪૯માં યુગપ્રધાનપદ મળ્યું હતું એવી માહિતીને કારણે.]

૫૬૫. રત્નચંદ્ર (વડતપગચ્છીય સમરચંદ્રશિ.)

(૧૨૦૮) પંચાખ્યાન [અથવા **પંચતંત્ર ચોપાઈ** ૨.સં.૧૬૪૮ આ.૫ શનિ

(૧) પ.સં.૧૦૮, બાંઠિયા સંગ્રહ ભીનાસર. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૮૮).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૦.]

૫૬૬. લલિતપ્રભસૂરિ (પૌ. ભુવનપ્રભ–કમલપ્રભ–પુણ્યપ્રભ–વિદ્યાપ્રભસૂરિશિ.)

આ કવિ પૂર્ણિમાગચ્છની પ્રધાનશાખામાં થયા છે એવું પ્રતિમાલેખો પરથી જણાય છે. તેમના ગુરુના ગુરુ પુણ્યપ્રભસૂરિનો સં.૧૬૦૮નો પ્રતિમા-લેખ મળી આવે છે. (જુઓ લેખાંક ૧૨૪) અને ખુદ કવિનો પ્રતિમા-લેખ સં.૧૬૫૪નો મળી આવે છે. (જુઓ લેખાંક ૧૦૧ ધા.પ્ર.સં. ભા.૧) કવિનો લેખ આ પ્રમાણે છે:

સં.૧૬૫૪ વર્ષે માઘ વદિ ૧ રવૌ શ્રી **શ્રી**માલજ્ઞાતીય **દોસી વીર-પાલ** ભાર્યા **પુજી** સુત **દોસી રહિઆકેન** શ્રી **સંભવનાથ**બિંબ કારાપિતં શ્રી **પૂર્ણિ**માપક્ષે પ્રધાનશાખાયાં શ્રી **વિદ્યાપ્રભ**સૂરિ પટ્ટે શ્રી **લલિતપ્રભ**-સૂરિભિઃ પ્રતિષ્ઠિતં.

આ લેખ ચાણસમા ગામના મંદિરમાં ધાતુની પંચતીર્થી પર છે.

(૧૨૦૯) + **પાટણ ચૈત્યપરિપાટી** ૨૩ ઢાળ ૨.સં.૧૬૪૮ આસો વ.૪ રવિ

આદિ – ચઉપઇ

સયલ જિણેસર પ્રણમી પાય, **સરસતિ** સહગુરૂ હઇડઇ ધ્યાઇ,
પાટણ-ચૈત્યપરિવાડી કહું, જિનબિંબ નમતાં પુણ્ય જ લહું. ૧

અંત – ઢાલ ૨૩

ગચ્છિ **પૂનિમ** રે શાખા **ચંદ્ર** વખાણીએ રે, શ્રી **ભુવનપ્રભ**સૂરિ,
ગુણરયણે રે (૨) જલનિધિ જિમ હુઇ ગાજતુ રે;
તિમ સોહઇ રે **કમલપ્રભ** સૂરીસરૂ રે, તસુ પટિ **પુણ્યપ્રભ**સૂરિ,
દીપઇ રે (૨) તેજે દિનકર રાજતુ રે. ૯૯

તસુ પાટઇં રે શ્રી **વિદ્યાપ્રભ** સૂરીસરૂ રે, જેહવઉ પૂનિમચંદ,
નંદન રે (૨) ગુરી માતા તેહ તણુઉ રે,
જિમ ગગનઇં રે તારાગણુ છેહ નહી રે, ગંગા વિલૂ ન પાર,
ગુણુપૂરઈ રે (૨) દેહ ભરિઓ શ્રી ગુરૂ તણુઉ રે. ૨૦૦
જ્ઞાનઇં રે ભરીઉ જિમ હુઇ જલનિધિ રે, ખમ દમ મદ્દવ સાર,
કીરતિ રે (૨) ભૂમંડલ માંહિ વિસ્તરી રે;
તસુ શીસ જ રે **લલિતપ્રભ**સૂરિ ઇમ ભણુઇ રે, ધનધન ચૈત્યપ્રવાડિ.
પાટણિ રે (૨) મનોહર ચૈત્ય જ ચિતિ ધરી રે. ૨૦૧
સંવત રે **સોલ** વલી **અઠતાલડઈ** રે, આસો માસિ વિચારી,
બહુલ પખિ રે (૨) ચઉથિ તિથિ વલી જાણીઇ રે.
આદિત રે વાર અનોપમ તે કહિઉ રે, તિણિ દિન આદર આણિ,
ભાવઈં રે (૨) જિનના ગુણ વખાણીઇ રે. ૨૦૨
જિનબિંબ જ રે જુહાર્યાં નવ સહસ સુંદરૂ રે, શત પાંચઈ વિચારિ,
અઠાણુઉ રે (૨) ઊપરિ તે વલી હું ભણુઉં રે,
એ સર્વ જ રે ગ્રામ નગર પુર જે કહ્યા રે, ધરીઆ સંખ્યા માનિ,
અરચૂં રે (૨) આણુંદ આણી મનિ ઘણુઉ રે. ૨૦૩

કલશ

ઇમ ચૈત્યપ્રવાડી મનિ રૂહાડી રચી અતિ સોહામણી,
શ્રી **પાસ** પસાઇ ચિત્તિ ધ્યાઈ **અણુહલપાટણુ** તેહ તણી;
શ્રી સદ્દગુરૂ પામી ધરઉ ધામી સ્તવન રૂપિ સુહાકરો,
સંખેસરૂ શ્રી **પાસ**સ્વામી સયલ ભુવનઇ જયકરો. ૨૦૪

(૧) સં.૧૬૪૮ પોષ વદ ૧ સોમે મુ. ગુણજી લિખિતં. [મુપુગૃહસૂચી.]
પ્રકાશિત: ૧. અમદાવાદની હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી ગ્રંથમાલા નં.૨૮.

(૧૨૧૦) ચંદરાજાનો રાસ ૪ ખંડ ર.સં.૧૬૫૫ માહ શુ.૧૦ ગુરુ અણુહિલપાટણમાં

આદિ – મંગલકરણુ પ્રણુમું સદા, મહામંત્ર નવકાર,
નવપદ ધ્યાતાં પામીઇ, સંપદ યશ વિસ્તાર. ૧
સરસતિ ભારતિ મુઝ દીયુ, સુંદર વાણિવિલાસ,
તુઝ પયધ્યાનિં કવિય રસ, વિરચઇ મનઉલ્હાસિ. ૨
શ્રી સદ્દગુરૂચરણે નમી, ગાસ્યું શ્રી રવિરાય,

શ્રી **ચંદ**કેવલિ તે જયુ, નાંમિં નવનિધિ થાઇ. ૩
આંબિલ વર્ધમાનતપિં પાંમ્યુ ઋદ્ધિ વિસાલ,
ઉત્સર્પિંણિ વારે હૂઉ, શ્રી **ચંદ** સાધુ રસાલ. ૪
ગૌતમ ગણધર ભાસિઉં, **ચેટક** આગલિ જાણિ,
તાસ ચરિત પભણું હિવઇ, સુણુયો ચતુર સુજાણ. ૫

અંત – ચતુર્થ ખંડ સંપૂર્ણ.

અથ ચૂલિકા – **કનકકમલ** પગલાં ઠવઇએ – એ ઢાલ, રાગ ધન્યાસી.

ચંદ્રગછિ ગુણ ગાઇએ, તિહાં ગચ્છ **પૂનિમ** સાર,
શ્રી **ચંદ્રપ્રભુ** સુરીસર એ, ગુણિહિ **ગૌતમ** અવતાર,
ચંદ્રપ્રભુ સૂરીસર એ. ૧
પ્રધાન શાખા તિહાં જાણીઇ એ, તસુ અદ્વિતિય વિશાલ,
કમલવદન કમલાકરૂ એ, કમલનયન પ્રભુ સોઇ, ૨
કમલપ્રભસૂરિપાટ ભણું એ, **પુણ્યપ્રભ** સૂરિરાય
પુણ્યઈ પદ્મા પાંમીઇ એ, પુણ્યઇ સંપતિ પાઈ. ૩
પુણ્યઈ નરપતિ પદ લહે પુણ્યે તેજપ્રકાશિ,
પુણ્યવંત ગુરૂસીસ ભણું એ, શ્રી **વિદ્યાપ્રભ**સૂરિ જાસ. ૪
વિદ્યાઈ વિત પાંમીઇ એ, વિદ્યા રાય **નમે** પાય
વિદ્યાઇ દેવ વસિ હુઇ એ, અલિય વિઘન સવિ. જાઈ. ૫
જસ પાંમે વિદ્યા થિકી એ, વિદ્યા ધરમ ઉદાર
મુગતિ લહઇ પરંપરા એ વિદ્યા સુખ વિસ્તાર. ૬
તસુ સીસ એ ઇમ ભણઇ એ, શ્રી **લલિતપ્રભ**સૂરિ ભાવે તુ ચં
શ્રી **ચંદ્ર**ચરિત તે જાંણીઉં એ, બોલે ઉલટિ આવે તુ. ૭
સંવત **સોલ પંચાવને** એ, માઘ માસિ વિચાર તુ
સુકલપક્ષ તસુ જાંણીઇ એ, દસમિ તિથિઇં તે સાર તુ. ૮
ગુરૂવારિં રચના કરી એ, રોહણી ક્ષેત્ર જોઇ તુ
ભણે ગુણે જે ભાવ સિઉં એ, તસુ એ સુખકર હોઇ તુ ૯
અણહલવાડે પાટણ એ **ઢંઢેરવાડે** જાંણિ તુ
સામલો પાસ સોહાકર એ, નમિઈ આણંદ આણિ તુ ૧૦
તપ ઉપરિ એ ચરિત કહુ એ, તપથી સુખવિલાસ તુ ચં.
તપ મોટું જગિ જાંણીઇ એ, તપ છે કલ્પ રસાલ. ૧૧
ભવિક શ્રાવક બહુ ભાવથી એ, આદર લહી તેહનુ સાર તુ.

પાસ જિણુંદ પ્રભાવથી એ, રચીઉ રાસ ઉદાર તુ. ૧૨
તપ પુણ્ય મહિમા અતિ ઘણો એ, સુણિયો આંણી પ્રેમ તુ,
શ્રી **ચંદ** સુણતાં ભાવ સિઉં એ, હુઇ અવિચલ ખેમ તુ. ૧૩

(૧) અણહલ્લપુર પત્તને **દવે સુરજીસુત અંબાવીદાસેન** મીદં પુસ્તકં લેપ્પીકૃત. પ.સં.૬૧-૧૫, ડે.ભં. (૨) રત્ન ભં. [મુપુગૂહસૂચી.]

(૧૨૧૧) ઘંઘાણીનું સ્તવન (ઐ.) ૨૫ કડી ર.સં.૧૬૬૯ માહ વદ૪

આદિ – શ્રી **પદ્મપ્રભૂ**ના પાય નામીં, પ્રણમું શ્રી જિનરાય,
પ્રગટ થઇ પ્રતિમા ઘણી, વાધે જગ જસવાદ. ૧
વિક્રમ સંવછર જાણીએ, **છાસઠા** ઘર **સોલ**,
જેઠ શુદ અગ્યારસે ભવિક હુઓ રંગરોલ. ૨

અંત – સંવત **સોલ ઉગણોત્તરા** વરસે માહા માસ મન આણ્યોજી,
વદ ચોથે જિનવરજી ભેટયા પૂન તાસુ ઓધાણ્યોજી. ૨૩
વરદ્ધમાન પ્રાસાદે કહી એ મહિમા મહીમાં વ્યાપાજી,
શ્રી **લલિતપ્રભ**સૂરિ સુખદાયક સવ પૂર ઘર કરી થાપાજી. ૨૪
ઇમ સુખદાયક જગત્રનાયક **ઘંઘાણી** સોહએ,
શ્રી **પાસ** પસાએ ઘણો સ્વામી ભવિકનાં મન મોહએ;
દેખિ મૂરત સુંદર સુરના હરખ હૈઅડે ઉલટે,
અધિષ્ઠાયક પ્રસન હવો એ સપન તેહને પ્રગટે. ૨૫

(૧) સં.૧૬૭૦નો એક ચોપડો, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૨૦-૨૨, ભા.૩ પૃ.૮૨૫-૨૭.]

૫૬૭. વસ્તુપાલ વા. (પાર્શ્વચંદ્રસૂરિ–વિજયચંદ્રસૂરિ–હીરશિ.)

(૧૨૧૨) હંસવચ્છરાજ પ્રબંધ અથવા **ચોપાઈ**

આદિ – શ્રીગુરૂચરણકમલ નમું, સુમતિ-સુખ-દાતાર,
મુરખથી પંડિત હુવૈ, તે શ્રી ગુરૂ-આધાર. ૧
ગુરૂ તમહર નભોમણી, સુદ્ધિ બુદ્ધિ કરૈં પ્રકાસ,
ગુરૂપ્રસાદે સંપજે, વિદ્યાવિનયવિલાસ. ૨
પ્રણમું જિણવાણી સરસ, વરમાઈ વરમાત,
આગમ ધુર ગણધર નમે, બ્રામી લીપ વિખ્યાત. ૩
માતા જગ મોટા કરૈ, આપૈ કવીયણ બુધ,
દુખદોહગ દુરે હવૈ, તો સમરે નવ નિધિ. ૪

*

કૌતુહલ મન આનીયો, કરૂં કથા પરબંધ,
હંસ વછ બંધવ તણો, રચું સરસ સંબંધ. ૯
દાનૈ દુરીત સવી ટલૈ, **હંસ વછ** જિમ જાણુ,
દાન થકી સંપદ લહ્યા, કરૂં તાસ વખાણુ. ૧૦
કવણુ ઠામ તે નર થયા, કવણુ જનમ કુણુ તાત,
સુણો સંબંધ સહુ રસિક જન, મેલૈ નીદ્રા તાત. ૧૧

અંત – (પહેલા ખંડનો)
પુન્ય વિના ઘરિઘરિ ફિરે, પર સુખ દેખી આવટ મરે,
સોક તણું મન ઉપનો સાલ, નિસદિન રીઝ રહ્યો ભુપાલ. ૩૪૮
મનનો રંગ લાગે છે જિહાં, નિસદિન રાતો રહે મન તિહાં,
રૂપગુણે કરી મન રાચંત, **વસ્તપાલ** ઇણુ પરિ ભણુંત. ૩૪૯
શ્રીપૂજ્ય **પાસચંદ** સુરીરાય, પાટ પટંબર સોભ સવાય,
પુજ્ય શ્રી **વિજયચંદ** સુરિંદ, વીજયવંત સદા આણુંદ. ૩૫૦
હંસ વછનો એ પ્રબંધ, સુણતાં સરસ લાગે સંબંધ,
સુરગુરૂ સમવડ શ્રી ગુરૂરાય, શ્રી **હીર** મુની તસુ પ્રણમે પાય. ૩૫૧
પહેલો ખંડ એ પુરો થયો, **હંસાવતી** નૃપ મેલો હુયો,
વણારસી કહે **વસ્તુપાલ**, પુણ્યે પહુંચે મનોરથ માલ. ૩૫૨
સોલમી ઢાલ એ પુરી થઇ, વીરહે વીથા વિહું દુરે ગઇ,
સુણતાં ભણતાં લહીજે ભોગ, મનવંછિત માનવસંજોગ. ૩૫૩

(૧) પ્રથમ ખંડ, પ.સં.૧૧-૧૫, સીમંધર. દા.૨૨ નં.૧૦.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૬૬-૬૭.]

૫૬૮. દયાકુશલ (ત. હીરવિજયસૂરિ-મેહમુનિ-કલ્યાણકુશલશિ.)

(૧૨૧૩) વિજયસેનસૂરિ રાસ અથવા **લાભોદય રાસ** ૧૪૧ કડી ર.સં. ૧૬૪૯ આગ્રામાં

આ રાસ ઐતિહાસિક દષ્ટિએ ઉપયોગી છે, તેની અંદર હીરવિજયસૂરિ અને અકબર આદિનું વર્ણન છે. અને તે રાસ અકબરના મરણ પહેલાં બાર વર્ષે રચાયો હોવાથી ખાસ મહત્ત્વનો ગણાય. તેમાં અકબર વિશે જણાવ્યું છે કે અકબર બહુ હઠી હતો. તેનું નામ સાંભળતાં જ લોકો ધ્રૂજી જતા. તેણે ચિતોડ, કુંભલમેર, અજમેર, સમાણુ, જોધપુર, જેસલમેર, જૂનાગઢ, સૂરત, ભરૂચ, માંડવગઢ, રણથંભોર, સ્યાલકોટ અને રોહિતાસ વગેરેના કિલ્લા લીધા હતા. વળી ગૌડ વગેરે ઘણા દેશો પણ

સ્વાધીન કર્યાં હતા. મોટામોટા રાજા-રાણાઓ તેની સેવા કરતા. રોમી, ફિરંગી, હિંદુ, મુલ્લા, કાજી, પઠાણ અને એવું બીજું કોઈ નહોતું કે જે તેની આજ્ઞા લોપી શકે. આ રાસમાં અકબરબાદશાહે વિજયસેનસૂરિના ઉપદેશથી કરેલાં કાર્યોનું પણ વિસ્તૃત વર્ણન આપેલું છે. જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ' પૃ.૬૮ અને ૧૬૩.

આદિ – શ્રી કલ્યાણકુશલ ગ. ગુરૂભ્યો નમઃ

સરસતિ મતિ અતિ નિરમલી, આપુ કરીય પસાય,
જેસંગજી ગુંણ ગાવતાં, અવિહડ વર દિઉ માય. ૧
નાડોલાઈ નગરી ભલી, ધનધન શ્રી **ઓસવંશ**,
સાહ **કમા**કુલિ ચંદલુ, સુરનર કરઈ પ્રસંસ. ૨
ધન **કોડમદે** જનમિઉ, **તપ**ગચ્છ તુ સુલતાન,
અધિકઅધિક તેજિઈં સદા, વાધઈ જુગહ પ્રધાન. ૩
જસ મુખ સારદચંદલુ, જીહ અમીનુ ઘોલ,
દંતપંતિ હીરા જિસી, અધર સકુંકુમ રોલ. ૪
અતિ અણીઆલી આંખડી, વાંકી ભમહ કમાન,
સરલ સકોમલ નાસિકા, મોહે ભાવિક સુજાંણ. ૫
ગજગતિ ચાલઈં ચાલતુ, સકલ કલા ગુણપૂર,
ગૌતમ સમ ગુરૂ જગિ જયો, નામ અનોપમ નૂર. ૬
શ્રીગુરૂ **હીર** સદા જયો, તાસ તણુ એ સીસ,
રાસ રચૂં રલીઆમણુ, પ્રણમિ જિન ચઉવીસ. ૭
કલ્યાણકુશલ પંડિત જયો, સકલ પંડિત સિરિ લીહ,
દયાકુશલ તસ પય નમી, સકલ કરઈ નિજ જીહ. ૮

અંત – શ્રી **વિજયસેન** સૂરિંદ, ચિર નંદુ મહા મુણિંદ,
જસ ગુણકુ ન લહું પાર, **સોહમ જંબૂ** અવતાર. ૧૩૪
સકલ પંડિત શિરતાજ, **કલ્યાણકુશલ** ગુરૂરાજ,
જ્ઞાની ગુણવંત મુનીશ, શ્રી **મેહ** મુનીંદકુ સીસ. ૧૩૫
સાહ **લટકણ** સુત ગુણનિલુ, **લીલાદે** જસ માય,
કલ્યાણકુશલ ગુરૂ ભેટતાં, દારિદ્ર દૂરિઈં જાય. ૧૩૬
અહનિસિ જપતાં ગુરૂ નામ, સીઝઈ મનવંછિત કામ,
કહઈ **દયાકુશલ** તસ સીસ, સુપ્રસનહ ગુરૂ નિસદીસ. ૧૩૭

રાગ ધન્યાસી

ધન્ય ગુરૂ **હીર** ધન્ય ધન્ય **તપગચ્છ** એ,
ધન્ય **જેસંગ** જગમઇં વદીતુ;
સાહી **અકબર** સદસિ જિણુઇં નિજ અતુલબલિઇં,
થાપી જિનધર્મ વરવાદ જીત્યુ. ૧૩૯ ધ.
કુમતિકુદ્દાલ જય વાદીવેતાલ તું,
અસમ સાહસીક તું સુદ્ધ ભાષી;
હેમ ગુરૂ જેમ તઇં એણુઇ દુસમ સમય,
જઇનસાસન તણી માલ રાખી. ૧૪૦ ધ.
આગરઇ સહરિ શ્રી **પાસ** પસાઉલઇં,
સંવત **સોલ** ઉગણુ**પંચાસઇં**,
કલ્યાણકુશલ ગુરૂરાજ કલ્યાણકર,
સીસ **દયાકુશલ** મનરંગિ ભાસઇં. ૧૪૧ ધ.

(૧) સં.૧૬૭૯ ફા. વદિ ૨ શનૌ ગણિ **નયકુશલ** વાચન કૃતે. કવિની સ્વહસ્તલિખિત પ્રતિ લાગે છે. પ.સં.૧૦-૧૧, જૈ.શા. દા.૧૩ નં.૩૦. (છેલ્લે કવિનું વિજયસેનસૂરિનું ગીત છે.) (૨) પ.સં.૧૦, પ્રતિ ૧૭મી સદીની, જય. પો.૫૮. (૩) વિદ્યા.

(૧૨૧૪) તીર્થમાલા સ્ત. [અથવા **પૂર્વદેશ ચૈત્યપરિપાટી સ્તવ**]
ર.સં.૧૬૪૮

આદિનાં પાનાં નથી સાંપડયાં.

અંત – **મથુરા** દેખી મન ઓલસુ, મનોહર થંભ જીહાં પાંસસેહ,
ગૌતમ જંબુ પ્રભવો શ્યામ, જિનવરપ્રતિમા ઠામોઠામ. ૪૦
મૂલ તીરથ વંદૂ અતિ ઘણા, તે સઘલાં **સેતામ્બર** તણા,
તીરથની એ રચના જોએ, આપમતે મત રાચો કોએ. ૪૧
સંવત ૧૬૪૩ દસી, અધકારી હુઉ દેવસી,
ખમણગ-વસહીએ કીધા જેણ, રખે ભ્રમ કો ભૂલે તેણ. ૪૨
ચંદ્રકીરત નામે આએસ, **સમતશિખર** ગિરિ કીયો પરવેસ,
મૂકી મૂરત **ડીગાંબર** તણી, સંવત **૧૬ અડતાલે** ઘણી. ૪૩
નગ્રદે ખતપતી જો કોઅ, પરતંત્રે ઘર ન વસે જોએ,
જો પણ સાચુ હુવે સહી, ઉપદ તીહાં કો કરવી નહી. ૪૪
તીરથ દીઠે નિરમલ બુધ, તીરથ દીઠે સમકીત સુધ,

તીરથ દીઠે પૂગી રલી, તીરથ હોજ્યો વલી વલી. ૪૫
જૂના તીરથ જે મહેં દીઠા, તે સીધાંતે કહીઓ,
વીરપટોધર હીરવિજે ગુરુ, પૂંનપસાએ લહીઓ,
સાહ **અકબર** સબલ મહીપતી, સુણી તે જસ ગુણ ગાઇઓ,
જીવદયા તરૂવર પાઇ સીંચી, 'જગગુરૂ' કહી બોલવીઓ. ૪૬
એહ મુનીસર સીસ સિરોમણિ, વિબુધસભાસણગાર,
કલ્યાણકુશલ ગુરૂ **તપાગછમંડણ**, નિરમલ ગ્નાનભંડાર,
વસુ સાગર રસ સસી મિત વરખે કીધી જાત્રા એહ,
દયાકુશલ કહે આણંદ આણી, નિતનિત સમરૂ તેહ. ૪૭

(૧) સં.૧૬૮૯, કવિના હસ્તાક્ષરની પ્રત, પ્રે.ર.સં. (૨) સં.૧૭૧૧, તેમના શિષ્ય રવિકુશલ લિખિત, પ્રે.ર.સં. (આ બન્ને માહિતીનો આધાર વે.નં.૨૭) (૩) સં.૧૬૮૨, રવિકુશલ લિખિત, આ.ક.ભં. (વે.નં.૫૪) (૪) શ્રી **બબા મધે સંવત ૧૭૫૧** વરખે ભાદ્રવા શોદ ૮ દિને લખતં **રાએચંદ રાએસંઘ** લિખિત અધકા ઉછો કાને માતરે લખાણા હોએ તે મછામદૂકડ, શુભં ભવતું. ઊનાના વકીલ મોરારજીભાઈ પાસેથી આવેલ ચોપડો. (શ્રાવકે ચોપડો લખ્યો છે તે પરથી તે વખતે વાણિયા કેમ લીટી દોરીને ગુજરાતી લિપિ લખતા તે આ ચોપડા પરથી જાણી શકાય તેમ છે.) [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૫).]

(૧૨૧૫) ત્રેસઠશલાકાબદ્ધ પુરુષ વિચારગર્ભિત સ્તોત્ર ૫૯ કડી ર.સં.૧૬૮૨

આદિ – તુહ જિન સમતા સુરલતા એ ઢાલ.
શ્રી જિનચરણ પસાઉલે, મનહ તણે ઉમાહલઈ,
હું થુણું ત્રિહસટિ શલાકાપુરૂષને એ. ૧

અંત – કલશ.
તપગછપતિ શ્રી **વિજયદેવ** ગુરૂ આચારજ **વિજયસંઘસૂરી**,
સોલ બિઆસીઈ ત્રિહસઠિ શલાકા પુરૂષ તણી મેં થુત્તિ લહી,
કલ્યાણકુશલ પંડિત ગુણમંડિત તાસ પસાઇ એહ કહું,
દયાકુશલ કહે ઉલ્હટ આણી, પરમાણંદ સુખ સહીઅ લહું. ૫૯

(૧) પ.સં.૩-૧૩, માં.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૭, ૫૧૯, ૫૬૩).]

(૧૨૧૬) પદમહોત્સવ રાસ ર.સં.૧૬૮૫

તેમાં હીરવિજયસૂરિના પદમહોત્સવનું વર્ણન છે.

(૧) વિદ્યા.

(૧૨૧૭ ક) [+] જ્ઞાનપંચમી નેમિજિન સ્ત. ૩૦ કડી

આદિ – દૂહા.

શારદમાત પસાઉલે, નિજ ગુરૂચરણ નમેવિ,
પંચમી તપવિધિ હું ભણું, હિઅડે હરષ ધરેવિ. ૧

અંત – એ તપ કીજે લાભ લીજે વંદી જે **તપ**ગચ્છધણી
પરતક્ષ **ગૌતમ**સ્વામિ સરખી કીરતિ **હીરસૂરિ** તણી,
તપગચ્છ પંડિત જ્ઞાનમંડિત પાપછંડિત તું જયો,
બુધ **કલ્યાણકુશલ** ગુરૂસેવ કરતાં **દયાકુશલ** આણંદ થયો. ૩૦

(૧) જૈ.એ.ઇ.ભં. (૨) **સં.**૧૭૪૩ વર્ષે માહ વદિ ૮ દિને **આણંદ**કુશલેન લિ. પ.સં.૨–૧૨, માં. ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. **જૈન** પ્રાચીન પૂર્વાચાર્યોવિરચિત સ્તવનસંગ્રહ.]

(૧૨૧૭ ખ) વિજયસિંહસૂરિ રાસ ૨૩૩ કડી ર.સં.૧૬૮૫ આસો શુદિ ૧૫ રવિ

આદિ – દૂહા રાગ દેશાખ તથા વેલાઉલ.

સરસ વચન રસ વરસતી, **સરસતી** ભગવતી દેવિ,
તુઝ પ્રસાદેં ગુરૂગુણ થુણું, હીયડે હરષ ધરેવિ. ૧
માતપિતા ગુરૂ દેવના, ગુરૂ અતિ મતિદાતાર,
ગુરૂ વિણ ભવજલનિધિ તણો, કવણ ઊતારે પાર. ૨
અનંત તીર્થંકર જે હૂઆ, હોસે વલી અનંત,
તે સહૂ સુગુરૂ પસાઉલે, ગુરૂગુણનો નહિ અંત. ૩
ત્રિભુવનમાં જે જે કલા, ગુરૂ વિણ તે નવિ કોએ,
જિમ જલ વિણ સવિ બીજનો, ઉદ્ભવ કદીઅ ન હોય. ૪
શુદ્ધ પરંપર શુદ્ધ ગુરૂ, પુણ્યે લબ્ભે જેહ,
શ્રી **તપ**ગછ-રયણાયરૂ, જિહાં સહૂ લહીઇ તેહ. ૫
એગસઠિમે પાટે પ્રગટ આચારજ **વિજેસિંઘ.**
મહામુનીશ્વર તેહના, ગુણ ગાવા મુઝ રંગ. ૬

અંત – સોલ પંચાસી ઇસી રે **અસાઢિ** શુદિ પૂંનિમ દિને એ,
રૂડો તિહાં રવિવાર, રાસ રચ્યો મન ઉલટે એ– ૨૩૧.
ઢાલ–રાગ ધન્યાશ્રી. હીંચે રે હીંચે રે હીયય હીંડોલડે. એ દેશી.

હીરજી હીરલો તાસ પટિ અતિ ભલો, શ્રી **વિજયસેનસૂરીશ** રાજે
શ્રી **વિજયદેવ**સૂરિ તાસ પટિ નિરમલો, ભાગ્ય સૌભાગ્ય વૈરાગ્ય
છાજે. ૨૩૨
થાપિઓ જેણિં નિજ પાટિ **વિજયાસંહજી**, સદા ઉદયવંત
ગુરૂ એહ ગાયો,
કલ્યાણકુશલ ગુરૂ શિષ્ય સુખરંગરસ, કહે **દયાકુશલ** સહી મેં
જ પાયો. ૨૩૩

(૧) **વિજયસેન** સૂરીશ્વર શિ. મહોપાધ્યાય શ્રી **નયવિજયગણિ** શિ. પં. **કીર્તિ**વિજય પં. **વીરવિજયગણિ** પં. **વિદ્યાવિજયગણિ**. શ્રી **લબ્ધિ**વિજયગણિ. પં. **ખિમાવિજયગણિ** લિ. સ્વવાચનાર્થે સં.૧૭૩૫ વર્ષે. પ.સં.૧૧-૧૫, માં. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૬-૩૦૦, ભા.૩ પૃ.૭૯૭-૯૯. 'તીર્થમાલા સ્તવન'ની રચનાસંવત ૧૬૭૮માંથી સુધારી ૧૬૪૮ કરેલ છે.]

૫૬૯. કલ્યાણચંદ્ર (દેવચંદ્રશિ.)

(૧૨૧૮) ચિત્રસેન પદ્માવતી રાસ ર.સં.૧૬૪૯

(૧) **ધર્મઘોષ** પટ્ટે **કુમુદચંદ્ર** પટ્ટે (?) **નયશેખરગણિ**ના સાંનિધ્યે લ.સં.૧૬૭૬. પ્રે.ર.સં. નં.૧૨ (વે.).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૬.]

૫૭૦. પ્રીતવિમલ (ત. વિજયસેનસૂરિ-ધર્મસિંહ-જયવિમલશિ.)

(૧૨૧૯) મૃગાંકકુમાર પદ્માવતી ચોપાઈ [અથવા **રાસ**] ર.સં.૧૬૪૯
ગુંદવચમાં

અંત - દૂહા રાગ ધન્યાસી.

હીરજી આમઈ શષિઈ, **પ્રીત** કહઇ પુન્યપાજ,
અંગિ અલછિત આભડઈ, રાંનિ ભમંતાં રાજિ.
લિષ્યો નિલવટિ આપણિ, સ્યું કરઇ દાલિદ્ર સોય,
પ્રીતિ કહઈ **હીર** નામથી, રાનિ વેલાઉલ હોઈ. ૬૧

ઢાલ - **તપગછમંડણ** હીરલો **હીરજી**, તાસ પાટઇ **વિજયસેનસૂરી**,
જાસ નામઇ નવનિધિ ઘરિ સંપજઈ પૂર્વ પાતિક જાઈ દૂરિ. ૬૨
તાસ સેવક શુભ સાંભલ્યો સાચલો, ગણિ **ધર્મસી** ધુરિ લગઈ
ધર્મધોરી,

તાસ સેવક ગણિ **જયવિમલ** કીર્ત્તિ નિરમલી ગોરી. ઓ. ૬૩
ગુંદવચ ગ્રામ ગુણધામ ધરણિ, સંવત **સોલ ઉગણપંચાશઇ,**
સકલ સંભલઈ સર્વ આસ્યા ફલઈ, **પ્રીતિવિમલ** મુનિ કહઈ ઉલ્હાસઈ. ૬૫

(૧) ઇતિ શ્રી મૃગાંકકુમાર પદ્માવતી ચતુઃપદી સંપૂર્ણમ્ ગણિ **અમૃતસાગર** શિ. **ગજસાગરેણ** લિપિકૃતા. પ.સં.૭–૧૫, આ.ક.ભં. (૨) પ.સં.૧૦–૧૪, સંઘ ભં. પાલણપુર દા.૪૬ નં.૨૯. (૩) ભાં.ઈ. સને ૧૮૯૧–૫ નં.૧૬૫૩.

(૧૨૨૦) + અષ્ટપ્રકારી પૂજા રાસ ર.સં.૧૬૫૬ ક્ષેમપુરમાં

આદિ – દુહા રાગ અસાઉરી

પ્રથમ તીર્થંકર પ્રથમ જિન પ્રથમ કરી પરિણામ,
અષ્ટ પ્રકાર પુજા તણા પ્રબંધ કહું અભિરામ. ૧
સકલ સુરાસુર કિન્નરા, વિદ્યાધરની કોડી,
જાસ વદન વાણી ભણી પ્રણમે બે કર જોડી. ૨
સા વાણી મુજને હવે, આપે વર વરદાન.
અલવિ આળસ પરિહરી, સુણજ્યો સહુ સાવધાન. ૩

અંત – દુહા રાગ ધન્યાશ્રી.

તપગચ્છપતિ ગુણગિરિ, શ્રી **આણંદવિમલ** સુરિસીંહ,
વિચર્યો કુમત વિડારવા, અકંપ અડોલ અબીહ. ૨૭
સંવત **પંનર ચ્યાશીએ,** યતિપંથ પરગટ કીજ
પરમાદ પરિગ્રહ પરહરી, રોપ્યા સમકિતબીજ. ૨૮
તાસ પાટિ **વિજયદાન**સુરિ, તાસ પટિ પ્રભુ **હીર,**
તાસ પાટિ **વિજયસેન**સુરિ, સાયર સમ ગંભીર. ૨૯

ઢાલ – સાંભળ્યું આઠ પુજા પ્રબંધા ભવી, અડકમ્મ-અરિભય દુરિ જાયે,
કલ્પતરૂ કામઘટ ધેનુ ચિંતામણિ, આંગણે આવીયાં પુણ્ય પસાયે. ૩૦
આણંદવિમલ વિજયદાન સુરીસર, તાસ પાટે પ્રભુ **હીર** હરખ્યો,
સકલ જગિ જીવ પાદપ એહ સીંચવી, વચનસુધારસ-મેઘ વરસ્યો. ૩૧
તાસ પાટિ **વિજયસેન**સુરી નિધી, જાગતો જાસ જગિ મંજુ મહિમા,
તાસ સેવક **ધર્મસિં** ધુરિ લગે, જિનવર લોપી ન સીમા. ૩૨
તાસ સેવક ગણિ **જયવિમલ** સેવકો, **પ્રીતિવિમલ ક્ષેમપુરી** ચઉમાસે,

સંવત **સોલ છપન** વરસિં કવ્યા, સકલ સંઘ માંહી બેઠો વિમાસે.૩૩

(૧) ઈડર તપગચ્છ ભં. (૨) પ.સં.૪૧–૧૫. હા.ભં. દા.૭૮ નં.૯. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. છોટાલાલ મગનલાલ, અમદાવાદ. [૨. શ્રેણિક મહારાજનો રાસ તથા અષ્ટપ્રકારી પૂજાનો રાસ વિધિ સહિત.]

(૧૨૨૧) દાન શીલ તપ ભાવના રાસ સં.૧૬૫૮ પછી

વિજયદેવસૂરિ – આચાર્યપદ સં.૧૬૫૮, ભટ્ટારકપદ સં.૧૬૭૧, સ્વ. સં.૧૭૧૩.

આદિ – દૂહા–રાગ સારિંગ મલ્હાર.

સરસતિ સામિની સમરતાં, આવઈ સુમતિનિધાન,
દાન શીલ તપ ભાવના, ભાખું મન અભિમાન. ૧
સીમંધર સંયમ ગ્રહી, વિચરઈ શ્રી ભગવાન,
કર્મ નિકાચિત ક્ષય કરી, પામઇ કેવલજ્ઞાન. ૨

અંત – સાંભરીઆ રે ગાવા ગુણ મુઝ હીરના રે–એહ ઢાળ.

સોહમસ્વામી પરંપરા રે, **તપ**ગછગયણદિણંદ રે,
શ્રી **આણંદવિમલ**સૂરી રે, શ્રી **વિજયદાન**સૂરિંદ રે, આદરિયા. ૨૮
તસ પાટે પ્રગટ હૂઓ ભલો રે, શ્રી **હીરવિજય** સૂરિરાય રે,
શ્રી **વિજયસેન** સોહામણા રે, નામઇ નવનિધિ થાય રે. આ. ૨૯
શ્રી **વિજયદેવસૂરિ** સદા રે, તસ પાટઈ પરધાન રે,
મનવંછિત ફલ સુરતરૂ રે, સમર્યો દિઇ સાવધાન રે. આ. ૩૦
શ્રી **આણંદવિમલ**સૂરિ સેવકો રે, નામઇ શ્રી **ધર્મસિંહ** રે,
તાસ સેવક કમલાકરૂ રે **જયવિમલ** ધનદીહ રે. આ. ૩૧
પ્રીતિવિમલ નિજ ભાવ સું રે, રાસ રચ્યઉ શ્રીકાર રે,
ભણતાં સુણતાં ભાવ સું રે, ઉપશમરસભંડાર રે. આ. ૩૨

(૧) પ.સં.૬–૧૩, ગા.ભં.

(૧૨૨૨ ક) + ગોડી પાર્શ્વ સ્ત. ૫ ઢાળ

આદિ – વાણી બ્રહ્માવાદની, જાગે જગવિખ્યાત,
પાસ તણા ગુણ ગાવતાં, મુઝ મુખ વસજ્યો માત. ૧
નારંગે અણહિલપુરે, અહમ્મદાવાદે પાસ,
ગોડીનો ધણી જાગતો, પૂરે સહુની આસ. ૨
શુભ વેલા શુભ દિન ઘડી, મહુરત એક મંડાણ,

પ્રતિમા તીને **પાસની**, થઈ પ્રતિષ્ઠા જાણ. ૩

અંત – કલશ – **તપ**ગચ્છનાયક સુખદાયા શ્રી **વિજયસેન** સૂરીશ્વરો
તસ પાટ ઉદયાચલે ઉદયો શ્રી **વિજયદેવ** સૂહંકરો,
ઈમ થુણ્યો **ગોડી પાસ** જિનવર પભણે **પ્રીતવિમલ** જયકરો,
ભણે ગણે તસ ઘર મંગલ જયકરો.

(૧) લિ.૧૮૧૧ વૈ.વ.૧૩, પ.સં.૩-૧૫, આ.ક.ભં. [જૈહાપ્રોસ્ટા (વિમલપ્રભને નામે), મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૬, ૫૯૩).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય તથા રામવિલાસ કે જેમાં છેલ્લો કલશ નથી. [૨. પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ ભા.૨.]

(૧૨૨૨ ખ) [+] ઈર્યાપથિકા આલોયણ સઝાય ૧૮ કડી

(૧) લ.સં.૧૭૩૬ ચૈ.વ.૬ શનિ. પ.સં.૨-૧૬, હા.ભં. દા.૮૩ નં. ૧૩૪. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. પ્રાચીન સઝાય તથા પદસંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૪-૯૬, ભા.૩ પૃ.૭૯૬-૯૭.]

૫૭૧. નયનસુખ (કેસરાજસુત શ્રાવક)

(૧૨૨૩) વૈદ્ય મનોત્સવ [અથવા **વૈદ્યક સાર**] ૩૧૦ કડી ર.સં.૧૬૪૯ ચૈ.સુ.૨ ભૃગુવાર સીહનંદમાં

હિંદીમાં વૈદ્યક.

આદિ – **સિવસુત** પ્રણમૂં હું સદા, રિદ્ધિ સિદ્ધિ નિતિ દેઇ,
કુમતિવિનાશન સુમતિકર, મંગલ મુદિત કરેઇ. ૧
અલખ અમૂરતિ અલખગતિ, કિનહિ न પાયઉ પાર,
જોતિ સકલ કવિજન કહિ, દેહિ દેવ મતિસાર. ૨
વૈદ્ય ગ્રંથ સબ મત્થિકે, રચિઉ સુભાષા આનિ,
અરથ દિખાવું પ્રગટ કરિ, ઔષધ રોગનિદાન. ૩
મમ મતિ અલ્પ સું કહત હું, કવિમતિ પરમ અગાધ,
સુગમ ચિકિત્સા ચતુર ચિત, ખમહુ સબઈ અપરાધ. ૪
વૈદ્ય મનોત્સવ નામ ધરિ, દેખી ગ્રંથ સુપ્રકાસ,
કેસરાજસુત **નયનસુખ, શ્રાવક** કુલહિ નિવાસ. ૫
પ્રથમ નસા લક્ષણ કહું, દેખિ ગ્રંથ મતિ સોઇ,
કુનિયાનઈ અનુભાવહીં, જઇસી મમ માત હોઇ. ૬

અંત – પરમત ગ્રંથ સમુદ્ર સમ, મમ મતિ ખોજતિ પાર,

ઓષધરત્ન સુ તે ગહે કીએ પ્રગટ સંસાર. ૩૦૫
વૈદ્ય મનોત્સવ ગ્રંથ મહિ, કહિઉ સકલ નિજ આનિ,
દુખકંદન કુનિ સુખકરણુ, આનંદ પરમ નિધાનિ. ૩૦૬
કેસરાજસુત **નયનસુખ**, કીયઉ ગ્રંથ અમૃતકંદ,
સુભ નગર **સીહનંદ**મઈ, **અકબ્બર** સાહ નરિંદ. ૩૦૭
અંક વેદ રસ મેદની ૧૬૪૯ શુક્લ પક્ષ ચૈત્ર માસ,
તિથિ દ્વિતીયા ભૃગુવાર કુનિ, પુષ્યચંદ્ર સુપ્રગાસ. ૩૦૮
માત્રા અંક સુછંદ કુનિ, કહિઉ અલ્પ મતિ સોઇ,
ગુનિજન સખે સકારીઉ, હિત જહાં કુછ હોઇ. ૩૦૯
કીઉ પ્રગટ દધિમંથ, ઔષધ રોગનિદાન કુનિ,
સકલ સુધા સમ ગ્રંથ, કહ્યૌ સમઝિ આદિઅંતમઈ. ૩૧૦

(૧) સાત સમુદ્દેશમાં, પ.સં.૧૦–૧૭, મ.જૈ.વિ. નં.૪૦૯. (૨) સં. ૧૭૮૬ ભા.વ.૧૦ **પટણા** મધ્યે તત્ત્વવલભ લિ. ભુવન. પો.૧૦. (૩–૪) પ.સં.૧૩ અને ૧૭, કૃપા. પો.૧૯ નં.૩૬૯. (૫) સં.૧૮૪૮ મિગસિર સુદી ૧ લિ. શ્રી **વિજય**મુનિ પઠન હેતવે શ્રી **ભટનેર** કોર મધ્યે. પ.સં. ૧૨, નાહટા. સં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૨–૯૪.]

૫૭૨. પદ્મરાજ (ખ. જિનહંસસૂરિ–ઉપાધ્યાય પુણ્યસાગરશિ.)

પુણ્યસાગર માટે જુઓ નં.૪૪૯.

(૧૨૨૪) સનતકુમાર ચો. ૨.સં.૧૬૫૦ જેસલમેરમાં

(૧) વિ.ધ.ભં.

(૧૨૨૫) અભયકુમાર ચોપાઈ ૫૦૮ કડી ૨.સં.૧૬૫૦ જેસલમેરમાં

આદિ – અવિચલ સુખસંપતિ કરણ, પ્રણમું **પાસ** જિણંદ,
શાસનનાયક સેવીઇ, **વર્દ્ધમાન** જિનચંદ. ૧
ગોયમ ગણધર પ્રણમી સવિ, સમરૂ સહગુરૂપાય,
સરસ વચનરસ વરસતિ, **સરસતિ** કરઉ પસાય. ૨
સુણતાં ચિત અચરિજ કરઇ, બહુવિધ બુધિ વિસાલ,
મુનિવર **અભયકુમાર**તઉ, ભણિસુ ચરિય રસાલ. ૩

અંત – (૭મા અધિકાર પછી) ચોપઇ

ઇમ શ્રી **અભયકુમાર** પ્રબંધ, પભણ્યઉ સુજસ કપૂર સુગંધ,
તસુ ચરિત્ર **આવશ્યક** વલી, શ્રુત અનુસારઇ મઇ મનરલી. ૫૦૫

જે જિનવચન વિરૂદ્ધ કહાઇ, મિચ્છા દુક્કડ તે મુજ્ઝ થાય,
સંવત **સોલહ સઇ** (પ)**ચાસિ**, **જેસલમેરૂ** નયરિ ઉલ્લાસિ. ૫૦૬
ખરતરગચ્છનાયક જિનહંસ, તાસુ સીસ ગુણવંત વયંસ,
શ્રી **પુણ્યસાગર** પાઠક સીસ, **પદમરાજ** પભણઇ સુજગીસ. ૫૦૭
યુગપ્રધાન **જિનચંદ્ર** મુણિંદ, વિજયમાન નિરૂપમ આણંદ,
ભણઇ ગુણઇ જે ચરિત મહંત, રિદ્ધિ સિદ્ધિ સુખ તે પામંત. ૫૦૮

(૧) પ.સં.૨૫-૧૭, ડે.ભં. દા.૭૦ નં.૯૪. (૨) સં.૧૯૨૬ આ.સુ. ૫.સં.૪૫, ખો. વિકા. (૩) સં.૧૭૫૫ ફા.સુ.૧ **ક્ષમા**સુંદર લિ. દેરાજસર ગામે. પ.સં.૧૩, જિ.ચા. પો.૮૦ નં.૧૯૯૫. (૪) પ.સં.૨૬, વિકા.વ.ભં. પો.૧૯-૨૦-૨૧ નં.૧. (૫) પ.સં.૧૭, અભય. નં.૨૧૫૪. (૬) ભાવ. ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૦).]

(૧૨૨૬) ક્ષુલ્લક કુમાર રાજર્ષિ ચરિત્ર ર.સં.૧૬૬૭ ફા.શુ.૫ મુલતાન

આદિ– દૂહા

પાસ જિણેસર પયકમલ, પ્રણમિય પરમ ઉલ્લાસ,
સુખપૂરણ સુરતરૂ સમઉ, જાગઇ મહિમા જાસ. ૧
ભવતરૂમૂલ વખાણિયા, જિનવર ચ્યારિ કષાય,
લોભ વલી તિણમઇ અધિક, પાપહ મૂલ કહાઇ. ૨
ઇસઉ લોભ જીપઇ જીકે, આણી મનિ સંતોષ,
મુનિવર **ક્ષુલ્લકકુમાર** જીમ, તે પામઇ સુખખેમ. ૩
ગાથા સુણી નટુઇ કહિ, મનિ તસુ અરથવિચાર,
ચરિત નિશ્ચલ જો થયઉ, કહિયઇ તસુ અધિકાર. ૪

અંત– **સોલહ સઇ સતસઠા** વચ્છરઇ, શ્રી **મુલતાણ** મઝારિ,
ફાગુણ માસિ ધવલ પંચમી દિનઇ, સંઘ સયલ સુખકાર. ધન. ૫
ખરતરગચ્છ જિનહંસ સૂરીસર, મહિમા ગુણ અભિરામ,
તાસુ શીસ ઉવઝાય શિરોમણિ, **પુણ્યસાગર** ગુણધામ. ધન. ૬
તસુ પદપંકજ મધુકર સમ સોહઇ, **પદમરાજ** ઉવઝાય,
એ સંબંધ ભણઇ સુખકારણઇ, **પાસ** જિણંદ પસાય. ધન. ૭
યુગપ્રધાન જગમાં હો પરગડો, શ્રી **જિનચંદ** જતીસ,
આચારજ **જિનસિંહ** સૂરીસર, તસુ આદેશ જગીસ. ધન. ૮
ભણઇ ગુણઇ જે ભવીયણ સાંભલઇ, એ સંબંધ રસાલ,
તે પામઇ કલ્યાણ પરંપરા, ઉતસુ પદેશ વિશાલ. ધન. ૯

(૧) સં.૧૭૩૦ ભા. સુદિ ૧૪ શુક્રે ચેલા **જેસિંઘ** લિ. પ.સં.૬, અમર. ભં. સિનોર. (૨) ભાં.ઇ. સને ૧૮૯૮–૯ નં.૬૯. (૩) સં.૧૭૫૭ કા.વ.પ **મરોટ** મધ્યે પં. **એતા નેતા** લિ. પ.સં.૪, જિ.ચા. પો.૮૧ નં. ૨૦૨૦. (૪) પ.સં.૬, અભય. પો.૪ નં.૨૪૯. (૫) પ.સં.૭, ગ્રં.૨૦૫, અભય. પો.૧૩ નં.૧૨૭૭. (૬) પ.સં.૭, મહિમા. પો.૬૩. (૭) પ.સં.૯, પ્રતિ ૧૭મી સદીની, અબીર. પો.૯. (૮) પ.સં.૯, ક્ષમા. નં.૨૦૫. (૯) પં. જીવકીર્તિ લિ. **નવાનગરે**. પ.સં.પ, અભય. નં.૪૦૦. (૧૦) સં.૧૬૮૬ પ્રથમ આસાઢ વ. ૫ **મરૂસ્થલી દેસે સેરૂણા** સ્થાને વા. **વિજયમંદિર** શિ. **સૌભાગ્યમેરૂ**ના લિ. શિ. **ઇસર** વાચનકૃતે. પ.સં.પ, અભય. નં.૩૧૪૮. (૧૧) સં.૧૭૦૨ વૈ.શુ.૪ ગુરૂ રાજા શ્રી **મહેશદાસજી** વિજયરાજ્યે પં. **લબ્ધિનિધાન** લિ. **ભીનમાલ** મધ્યે સાધ્વી **કીર્તિલક્ષ્મી** પઠનાર્થં. પ.સં.૬, અભય. નં.૩૭૫૪. (૧૨) એક ગુટકો, જિ.ચા.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૩, ભા.૩ પૃ.૮૭૫-૭૭.]

૫૭૩. ધનવિજય

એક ધનવિજય તે વિજયસેનસૂરિશિ. હતા ને જેમણે સં.૧૬૫૪ના વૈશાખ વદિ ૧૩ દિને પોતાના શિષ્ય ગુણવિજયને વાંચવા માટે **અમદાવાદ**માં 'હૈમવ્યાકરણ બૃહદ્‌વૃત્તિ દીપિકા' લખી હતી, તે કદાચ આ કવિ હોય.

(૧૨૨૭) હરિષેણ શ્રીષેણ રાસ સં.૧૬૫૦ આસપાસ

(૧) પા. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૬.]

૫૭૪. માહાવજી (કડવાગચ્છ શાહ રત્નપાલશિ.)

સં.૧૫૬૨માં કડવા શાહે જે પંથ કાઢ્યો તે કડવા પંથ કહેવાયો. આ કાળમાં કોઈ સાધુ નથી એવી તેમજ ત્રણ સ્તુતિની તેમની માન્યતા હતી. કડવા શા પછી ઉત્તરોત્તર ખીમ શા, વીર શા, જીવરાજ, તેજપાલ અને રત્નપાલ થયા. આ રત્નપાલ શાના ઉક્ત કવિ શિષ્ય લાગે છે. રત્નપાલ શા છઠી પાટે થયા. તેની પાટે જિણદાસ અને જિણદાસની પાટે તેજપાલ શા થયા કે જે સં.૧૬૮૪માં સ્વર્ગસ્થ થયા.

(૧૨૨૮) નર્મદાસુંદરી રાસ ૩૨૯ કડી સં.૧૬૫૦ લગભગ

આદિ – પ્રથમ **આદીશર** પ્રણમતાં, ઊપન્નઉ આણંદ

નાભિરાયાં કુલિ ચંદલઉ, **મરૂદેવ્યાનુ** નંદ. ૧
અજિતાદિક ત્રેવીસ જિન, પ્રણમું મનિ ધરી ભાવ,
ગોયમ ગણહર પ્રમુખથી, સકલ સાધુ સુપ્રભાવ. ૨
સરસતિ દેવી પય નમી, પામી તાસુ પસાય,
શીલ તણા ગુણ વર્ણવું, જેહથી સંપતિ થાય. ૩
શીલઈં ઉત્તમ કુલિ જનમ, શીલઇં સવિ પરિવાર,
શીલઇં ઈંદ્રી પડવડા, રૂપ તણઉ વિસ્તાર. ૪
તેજ પ્રતાપ શીલહ થકી, શીલઇં જસ જગિ હોઇ,
શીલ વિઘન દૂરિઈં કરઈં, શીલે જલણુ થાઈ તોઇ. ૫
શીલઇં જયજય સહૂ કરઈ, શીલઈં નહીં સંસાર,
સિંધ સિંધુર વિસહર અલી, સેવા સારઇ સાર. ૬
શીલવંત **જંબૂ** ભલઉ, ચરમ કેવલી હેવ,
આઠઈ નારી બૂઝવી, તેહની કરૂ નિત સેવ. ૭
પ્રાક્રમઇં પુરૂષ જ વલી, શીલ ધરઇ ગુણિલીણ,
નારી અબલા જે ધરિ, પરવસિ તે સુકુલીણ. ૮
સતી તણા ગ્રંથાંતરઇં, સંભલીઆ સંબંધ,
તેહ સરોમણિ **નર્મદા**, સુણુયો તાસુ પ્રબંધ. ૯

અંત – કરીઓ એ જગિ સુંદર પ્રતપો, ડૂંગરની પરિ રાસ રે
આજ થકી વલી સહુકુ ભણજ્યો, **મનિ** ધરિડતિ ઉલ્હાસ રે. ૩૧૯
મનિ હરષ ધરી, ગાયુ **નર્મદાસુંદરી** તણૂંય ચરી. મનિ.
તીર તણી પરિ એ ભણિ તેથી, **નાસિ** દુખનુ વ્યાપ રે
ગણિ સદા જે મન આનંદિ, **છલિ** નહી તસ પાપ રે. મનિ. ૩૨૦
મનચિંતિત ઇહ લોકિ જિમ દીઇ, ધેનુ તરૂ મણિ સૌખ્ય રે
સાશ્વત સુખ તિમ એહથી પામીઈ, હારી કર્મ અસંખ્ય રે. ૩૨૧
શ્રી વીર કેરઉ સીસ જે **ગોયમ** રમ્ય પ્રથમ ગણધાર રે
તસ પ્રસાદિ ગ્રંથ મિં એ કર્યો, **નહી** તિહાં કાંઇ વિચાર રે. ૩૨૨
પામી મિં જવ ગુરૂની વાચા, **લહ્યું** શ્રુતદેવી માન રે
તામ રચ્યો એ ગ્રંથ **અપૂરવ**, **સતી** તણો ધરી ધ્યાન રે. ૩૨૩
સિદ્ધ કવીશ્વર જે જગિ સારા, **સકલ** ગુણિ સુવિન્નાણ રે
માહારો ગ્રંથ કર્યું એ દેખી, **હાશ** મ કરસ્યુ જાણ રે. ૩૨૪

વલિ વસેશિ જે એ ભણુસિ, જીવ તે લિહિસિ કલ્યાણુ રે.
ઇમ તુમ્હે સીલના ગુણ દેખી, એ વ્રત ધરો ભવિ પ્રાણુ રે. ૩૨૫
રાસ મનોહર **નર્મદા** કેરઉ, સયલાં સુખદાતાર રે
કીરતિ પણ એ દિએ વલી રૂડી, ધુરિ ગુણમાં શરદાર રે. ૩૨૬
વીર જીણેસર શાસનસુંદર, સતી **નર્મદા** તે જાણે રે
દાસ વલી શ્રી **વર્ધમાન**નું, વ્રતધારક મનિ આણો રે. ૩૨૭
તે સંભારી બેહુ જણુ મનિ, સીલ ધરઉ નરનારી રે,
ઘાતિકર્મનુ ક્ષય કરી જિમ, પામુ મોક્ષદુયારી રે. ૩૨૮
આનંદ આણી નિ વખાણું, **નર્મદા** કેરૂ ચરી
ભવિ તુમ્હે સુણુજ્યોડનિ ભણુજ્યો, વલી ચિત્ત ચુપ્યૂં કરી.
વલી એહ સંબંધડતિ મનોહર, ડછિ સહુનિ સુખકારો
આનંદકારક સુખદાતા સંઘનિ મંગલકારો. ૩૨૯

(૧) ઇતિ નર્મદાસુંદરી રાસ સંપૂર્ણ સમાપ્તઃ (પછી ઉમેર્યું છે કે) પાછિલી ઢાલ ધન્યાસીની છિ તેહનિ પદના ધરલિ અક્ષરઇ કર્ત્તાનૂં નામ છિ. તે એ જ. 'કડુઆમતીના ગછ મધે સાહા શ્રી રતનપાલ તાસ સીસ **માહાવજીઈ** રાસ કીધુ' એટલુ સંકેત છે. ૫.સં.૧૯–૧૧, વ. રા. મુંબઈ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૯–૮૦૧.]

૫૭૫. કલ્યાણુસાગરસૂરિ (આં.)

અંચલગચ્છના પાટ પર ૬૪મા કલ્યાણુસાગરસૂરિ થયા. લોલાડા ગામે કોઠારી નાનિગની સ્ત્રી નામિલદેના કોડણ નામે પુત્ર સં.૧૬૩૩માં જન્મ્યા. સં.૧૬૪૨માં ધવલપુરે દીક્ષા લીધી. સં.૧૬૪૯માં અમદાવાદમાં આચાર્યપદ. સં.૧૬૭૦માં પાટણમાં ગચ્છેશપદ પામ્યા. તેમણે કચ્છદેશના અધિપતિને પ્રતિબોધ આપી આહેડ – શિકાર મુકાવરાવ્યો. તેમના ઉપદેશથી નવાનગરમાં સં.૧૬૭૬માં લાલન ગોત્રે ઓસવાલ જ્ઞાતિના શા. વર્ધમાન પરમસીએ નવ લાખ મહમુદી ખર્ચીને એક મોટો જિનપ્રાસાદ કરાવી તેમાં ૯૧ મોટાં બિંબ ભરાવ્યાં તથા ૪૪૧ બીજાં બિંબ ભરાવ્યાં તેમજ તે શેઠે શત્રુંજય પર એક મોટું જિનાલય કરાવ્યું ને બીજાં સાત દેરાસરની ત્યાં પ્રતિષ્ઠા કરાવી. વળી સં.૧૬૭૫ના વૈશાખ શુદ ૮ રવિએ નવાનગરવાસી ઓસવાલ જ્ઞાતિના નાગડા ગોત્રના શા. રાજસીએ ૫૫૧ જિનબિંબ ભરાવી એક મોટું બાવન જિનાલયવાળું ચૈત્ય કરાવ્યું તેની

પ્રતિષ્ઠામાં આ આચાર્ય હતા. તે રાજસીએ એક દેરાસર ઉપર નવ લાખ મહમુદી ખર્ચી અને બીજા મોટા ૨૧ પ્રાસાદ કરાવ્યા તેની પર ૮૪ લાખ કોરી ખર્ચી. આ આચાર્ય આગરામાં ચોમાસું હતા ત્યાં એમના ઉપદેશથી કોનપાલ અને સોનપાલે ઘણું ધન સાત ક્ષેત્રે વાપર્યું, શ્રી સમેત-શિખરજીનો સંઘ કાઢ્યો ને યાત્રા કરી સં.૧૬૭૧. આ આચાર્ય સં.૧૭૧૮માં ભુજમાં ૮૫ વર્ષની ઉંમરે સ્વર્ગસ્થ થયા. વધુ વૃત્તાંત 'મોટી પટ્ટાવલિ'માં તેમજ તેમના પર ઉદયસાગરે રાસ સં.૧૮૦૨માં રચેલો પ્રગટ થયો છે, તેમાંથી જોઈ લેવું.

(૧૨૨૯) વીશી (૨૦ વિહરમાન જિન સ્તુતિ)

આદિ – શ્રી **સીમંધર** સાંભલઉ, એક મોરી અરદાસ

સુગુણ સોહાવા તુમ વિના, રયણી હોઈ છ માસો, જીવન જગધણી.

અંત – કલ્યાણસાગર પ્રભુ સું રમિજી, હરીય ફરી મુઝ મીટ. ૫. તું.

—ભુજંગ સ્વામિ ગીતં.

*

દરસન દ્યઉ જિનવર તુમ્હે, ભગવંત વછલ ભગવંત રે,

કલ્યાણસાગર પ્રભુ માહારા, અતુલીબલ અરિહંત રે. ૬. ધ. ૨૧

(૧) સં.૧૭૧૭ ભુજ નગર મધ્યે લિ. મુનિ ભક્તિસાગરેણ. પ.સં.૩–૧૭, સીમંધર. દા.૨૦ નં.૬૩. (૨) પ.સં.૭–૧૩, આ.ક.ભં. (૩) પ.સં.૪, લીં.ભં, દા.૨૩. [લીંહસૂચી (અપૂર્ણ), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭ તથા ૪૮૯–૯૦, ભા.૩ પૃ.૪૬૭ તથા ૯૭૦. ભા.૧ પૃ.૪૭ પર વીશીનાં ૧૪ ગીતો મળે છે ને બાકીનાં ૭ સૌભાગ્યરત્ને પૂરાં કરેલાં છે એવી નોંધ કરવામાં આવેલી, પરંતુ પછીથી નોંધેલી હસ્તપ્રતોમાં આ સ્થિતિ હોવાનું જણાવ્યું નથી, તે ઉપરાંત નવો અંતભાગ નોંધ્યો છે. વસ્તુતઃ હેજૈજ્ઞાસૂચિની પ્રત બધી સ્તુતિમાં 'કલ્યાણસાગર' નામછાપ આપે છે. કલ્યાણસાગરને નામે 'અગડદત્ત રાસ' નોંધાયેલો તે એમના શિષ્ય સ્થાનસાગરની કૃતિ હોવાનું સમજાતાં અહીંથી રદ કરેલ છે. જુઓ હવે પછી સં.૧૬૮૫ના ક્રમમાં.)

૫૭૬. મતિચંદ્ર (ગુણચંદ્રગણિશિ.)

(૧૨૩૦) કર્મગ્રંથ બંધસ્વામિત્વ બાલા.

અયં હિ **બંધસ્વામિત્વ**, બાલબોધોલ્પવિસ્તરઃ

લિખિતો **મતિચંદ્રેણ** પરોપકૃતિહેતવે.

(૧) પ.સં.૮, વિજાપુર નં.૮૫. (૨) પ.સં.૧૭, ભાં.ઇ. સને ૧૮૭૩-૭૪ નં.૧૪૨. [મુપુગૂહસૂચી.]

(૧૨૩૧) ષડશીતિ (ચોથો કર્મગ્રંથ) બાલા.

શ્રી **ષડશીતિ**કસ્યાર્થો લિખિતો દેશભાષયા
મતિચંદ્રમુનીંદ્રેણ પરોપકૃતિહેતવે.

(૧) લ. દવે **મોતીરામ** વિદ્યમાન **પ્રાણજીવન** સં.૧૯૧૭ વૈ.શુ. ૧૫ ભૃગુવાસરે. પ.સં.૪૦, મ.જૈ.વિ. નં.૬૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૬-૦૭. 'અંચલગચ્છદિગ્દર્શન' (સંપા. પાર્શ્વ, પૃ.૬૦૨) 'કર્મગ્રંથ' પર બાલાવબોધ રચનાર અંચલગચ્છીય શ્રમણ મતિચંદ્રની નોંધ લે છે તે કદાચ ઉપર્યુક્ત કવિ જ હોય. એ મતિચંદ્ર સં.૧૭મી સદી ઉત્તરાર્ધમાં હયાત હોવાનું સમજાય છે.]

૫૭૭. વાદિચંદ્ર (દિ. મૂલસંઘ વિદ્યાનંદી-મલ્લિભૂષણ-લક્ષ્મીચંદ્ર-વીરચંદ્ર-જ્ઞાનભૂષણ-પ્રભાચંદ્રશિ.)

જુઓ આ કવિના ગુરુભાઈ સુમતિકીર્તિ નં.૫૦૮.

(૧૨૩૨ ક) શ્રીપાલ આખ્યાન અથવા **કથા** ર.સં.૧૬૫૧

આદિ - ૐ નમઃ સિદ્ધં. રાગ ભૈરવ

આદિ દેવ પ્રથમિં નમિં, અંતિં શ્રી **મહાવીર**
વાગ્વાદિનિ વદને નમિં, ગઈઉ ગુણગંભીર ૧

અથ ચુપઈ

સરસતિ સુભમતિ પાયે અણુંસરિ, ગોર ગરૂઆ **ગોયમ** મનિ ધરિ,
બોલું એક હું સરસ આખાંન, સુણજો સજ્જન સહુ સાવધાન. ૧
કુરનંસિ કુરૂજાંગલધણિ, કુણકુણ સોભા કહું તે તણિ,
સેનાપતિ શ્રી **ભરત** જ તણો, **જયકુમાર** નામિં કવી ભણો. ૨

અંત - રાગ ધન્યાસી-દૂહા

કથા સંક્ષેપિં કહિ, વિસ્તર અતિ નહિ કીધ
થોડિથી ઘણું જાણયો, ભવીયણ જનસૂ સીધ. ૧
જૂજૂયા મંગલ કિહિતાં, ક્રીમે ન આવિ છેહ,
સંક્ષેપિં **શ્રીપાલ**નું, આખ્યાંન રચીઉં એહ. ૨

ચાલિ

કોડ પૂરવનું આય જ પામી, સાધ્યાં રાયાં કોડજી,

શ્રીપાલ ચક્રી જમલ ન દીસિ, જગ માંહિં બીજી (જો)ડજી. ૩
સુરકૃત ભોગ ભોગવિ અનુદિન, દેવ કરિ ધરિં કામજી,
છનુ સહસ્ત્ર રમણી મન મોહે, સૂભગ સૂમૂરતી નામજી. ૪
અંત સમિ સંજયમ આરાધિ, મુગતિ લહિ **શ્રીપાલ**જી,
પૂરવ બ્રહ્મ સ્વરૂપી જાઉ, ભાંજો ભવજંજાલજી. ૫
સુભગ કથા સોયક સાંનિધિં, કહિ **સૂલોચના** નારિજી,
સાચું માન્યું સંદેહ ભાગો, રીઝયો તવ ભર્તારજી. ૬
મૂલસંઘ માહિ ઉદયો દિવાકર, **વિદ્યાનંદી** વિશાલજી
તાસ પટ્ટગુરૂ **મલ્લીસુભૂષણ,** વાણી અમીય રસાલજી. ૬
તસ પટ્ટ **લક્ષમીચંદ**સૂરિ સોહિ, મોહિ ભવીયણ મનજી,
વીરચંદ નાંમ જે જન જંપિ, તસ જીવું ધનધનજી. ૭
પ્રગટ પાસ તસુ પટ્ટિ ઉદયુ, **જ્ઞાનભૂષણ** જ્ઞાનવંતજી,
તસ પટ્ટ કમલ ભ્રમર અવિચલ, જસ **પ્રભાચંદ્ર** જયવંતજી. ૮
જગમોહણુ તસૂ પાટિં ઉદયુ, **વાદિચંદ્ર** ગુણાલયજી,
નવરસ ગીત જિણિં ગાઉ, ચક્રવર્ત્તિં **શ્રીપાલ**જી. ૯
સંવત **સોલ એકાવના** સે, કીધુ એય સંબંધજી,
ભવીયણ થીર મન કરિ નિસુણયો, નિતનિત એ સંબંધજી. ૧૦
દાન દીજિ જિનપૂજા કીજિ, સમકીત મન રાખિજેજી,
નવકાર ગણીઇ સૂત્ર જ ભણીએ, અસત્ય વચન નવ ભાખીજિજી. ૧૧
લોભ ત્યજી જે બ્રહ્મ ધરીજિ, સાંભલાનું ફલ એહજી,
એ ગીત જે ન(ર)નારી સુણસિ, અનેક મંગલ તસ ગેહજી. ૧૨
સંઘપતિ **ધનજી સવા** વચન કરી, કીધો એહ વિસ્તારજી,
કેવલી **શ્રીપાલ** પુત્ર સહિત તહ્ય નિતનિત કરો જયકારજી. ૧૩

(૧) ઇતિશ્રી વિદેહક્ષેત્ર શ્રીપાલ સોભાગી ચક્રવર્ત્તિં હવો તેહની કથા સંપૂર્ણ. સં.૧૬૭૬ પોસ વદિ ૩ **મૂલસંઘે સરસ્વતિગચ્છે બલાત્કારે** ગણિ શ્રી કુંદકુંદાચાર્યો ભ. ગુણકીર્ત્તિસ્તત્પટ્ટે ભ. **વાદિભૂષણ**સ્તત્પટ્ટે **રામ**-કીર્ત્તિગુરૂપદેસાત્ બ્ર. **વચ્છરાજ**. (છેવટે બીજા અક્ષરમાં—બ્રહ્મ શ્રી ૫ દેવ-દાસસ્તત્સિષ્ય બ્ર. **વછરાજ**સ્તત્ સિષ્ય બ્ર. **રાયમલ્લા**ખ્યેન દત્તોયં રાસઃ. શ્રી બ્ર. **લાડકા** પઠનાય દત્તઃ.) પ.સં.૨૪-૧૧, ગો.ના.

(૧૨૩૨ ખ) ભરત બાહુબલી છંદ કડી ૫૮

અંત – **કોશલ**દેશ **અયોધ્યા** સોહીઈ, રાજા **ઋષભ** સહુ મન મોહીયઇ,

ઘરિ દો સોહીઇ અનોપમ રાણી, રૂપકલા જીપઈ ઇંદ્રાણી. ૧

અંત – ઉપાયો સદ કેવલન્યાન, જાણે લોકાલોક સમાન,
સાધો સીધ મગતિ **ભરથારી**, **બાહુબલિ** કરઈ સંઘ જયકારી. ૫૬
તુમ પય લગી **પ્રભાસચંદ્ર**, વાણી બોલિ **વાદિચંદ્ર**. ૫૭

કલશ

બોલિ **વાદીચંદ્ર** ગણતુ કુણ રત્નાકર,
અવનિ એક તું મલ અચલ મહિમા મહિમાકર,
તું અસલડ અરદેવ જિત ભવતારણ;
આશ્રીતના જે લોક તેહનું નરકનિવારણ,
ઋષભદેવ વંછિત ભલો, **બાહુબલ** જગ જાણીઇં,
ભગતિ પામી ભાવ સું તુમ ગુણ એક વખાણીઇ. ૫૮

(૧) પ.સં.૧૦–૧૫, ડા. પાલણપુર દા.૪૦ નં.૪૫. આની સાથે લાવણ્યસમયકૃત નેમછંદ છે. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૮).]

(૧૨૩૩) આરાધના ગીત કડી ૨૮

આદિ – શ્રી **સરસતી** નમી વર પાય, ગોરૂઆ ગણધરરાય,
કહું આરાધના સુવિશેસ, સુણે પાપ ન રહે લવલેસ. ૧
હવે તુ ચાલ્યો પરલોક, રખ્યે ધરે મન માંહે શોક,
સહી જાએ ઉપનો જીવ, તેલે ગયે કયમ રેહસે દીવ. ૨

અંત – **વાદિચંદ્રસૂરિ** પ્રતિબોધ, સુણી કરજ્યો મ નિરોધ,
આરાધના કહ્યો વિચાર, સુણિ સાંચજે સુખભંડાર. ૨૮

(૧) ઇતિ ભ.**વાદિચંદ્ર**કૃતારાધના **સાદરાપુરે મૂલસંઘે** શ્રી **પાર્શ્વ**નાથ ચૈત્યાલયે મુ. **ધર્મ્મભૂષણ** શિ. બ્રહ્મ **વાઘજી** લિ. પ.સં.૪–૭, સ.ભ.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૮૦૩–૦૫.]

૫૭૮. પદ્મસુંદર (ખ. દેવતિલક ઉ.–વિજયરાજશિ.)

(૧૨૩૪) પ્રવચન સારોદ્ધાર બાલા. ર.સં.૧૬૫૧

(૧) જિ.ચા.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૭.]

૫૭૯. સમયપ્રમોદ (ખ. જિનચંદ્રસૂરિ–જ્ઞાનવિલાસશિ.)

(૧૨૩૫ ક) આરામશોભા ચોપાઈ ૨૭૦ કડી ર.સં.૧૬૫૧ વિકાનેર.

રાયસિંહ રાજ્ય સં.૧૬૨૯થી ૧૬૬૭.

આદિ - શ્રી ગૌડી પાર્શ્વનાથાય નમઃ

સયલ સુખાકર **પાસ** જિણંદ, પણમીય તાસુ ચરણ-અરવિંદ
જસુ સમરણિ ઘરિ નવય નિહાણ, મોહતિમિરભર-ભાણ સમાણ. ૧
અતુલીબલદાતા અલવેસર, દુખદોહગદારિદ-ગજકેસર
ગઉડીચમંડણ સકલ સરૂપ, પ્રણમઇ જાસુ સુરાસુર-ભૂપ. ૨
તાસુ પસાઇ કહિસુ મનરંગિઇ, જિણવર પુજ સુવિધિ સુખસંગઇ
સંભલિ ભવિયણ તાસુ વિચાર, પુજા રચઈ જિમ વારંવાર. ૩

અંત - ઢાલ રાગ ધન્યાશ્રી

જિણ આરામ કીયઉ તઇ તિણિ વેલા નવઉ રે પ્રભુભગતઇ એ દેવ,
નિત આરામ વહઇ તુઝ માથઇ અહનિસઇ રે, વલિવલિ સારઇ સેવ, ૨૪૯ જિણ.
એ ગુરૂ ચઉસઠમઇ પાટઇ **વીરથી** રે, ગચ્છનાયક **જિણચંદ**
ઇણ કલિકાલઇ **ગોયમ**સામી સારિખા, દીપઇ તેજ દિણંદ. ૬૩ જિણ.
બબરવંશ નભોમણિ શ્રી શ્રી**અકબરૂ** રે, દીનદુની પતિસાહ
જસુ ગુણસંતતિ સંતનમુખ થકી રે, તેડયા અધિક ઉછાહ. ૬૪
ગુરૂમુખ ધર્મવિચાર સુણી કરી રે, હુકતહ રોજ અમારિ
કીની સયલ જ સીમઇ જેણઇ ભાવ સું રે, જલચર જીવ ઉવાર. ૬૫
ખરતરગચ્છ પરંપર મોટા ગુરાં તણી રે, સંભલિ મનહિ ઉલ્લાસ
જુગપ્રધાન પદ ગુરૂનઇ જિણઇ દીયઉ રે, દીધઉ પ્રકટ પ્રકાસ. ૬૬
એક જીભઇ એહવા ગુરૂ તણા રે, કિમ ગુણ કહા અનંત
શ્રી **જિનચંદ** સૂરીસર જુગવરૂ રે, ચિર જીવઉ જયવંત. ૬૭
ખરતરગચ્છ-નરેસર ગુણનિલઉ રે, શ્રી **જિનચંદ** સૂરીસ
અંતેવાસી તેહ તણઇ ગુણ-આગલઉ રે, **જ્ઞાનવિલાસ** સુસીસ. ૬૮
તસુ ચરણાંબુજ અહનિસિ ભમર સમઉ સહી રે, **સમયપ્રમોદ** સુરંગ
આરામસોભા સંબંધ કહઉ મનભાવ લઇ રે **ઠાણા** ગ્રંથ સુચંગ. ૬૯
સંવત **ફડવી** [પા. **પૃથ્વી**] **બાણ ઋતૂ** [પા. **સસી**] **રસ** વછ-રઇ રે, **વીકાનેર** મઝારિ
રાયસિંઘ રાજેસર રાજઇ એ રચ્યઉ રે, સાંભલતાં સુખકાર. ૨૭૦

(૧) પ.સં.૯, અભય. નં.૩૩૩૯.

(૧૨૩૫ ખ) સાહમી કુલક પર ટબો સં.૧૬૬૧ ફા.વ.૭ વિરમપુરમાં
મૂળ કૃતિ અભયદેવસૂરિની.

(૧૨૩૫ ગ)+જિનચંદ્રસૂરિ નિર્વાણ રાસ ૭૦ કડી સં.૧૬૭૦ પછી

આદિ– આસાઉરી દૂહા

ગુણનિધાન ગુણપાય નમી, વાગવાંણિ આધારિ
યુગપ્રધાન નિરવાણની, મહિમા કહિસિ વિચાર. ૧
યુગપ્રધાન જંગમ જતિ, ગિરૂઆ ગુણે ગંભીર
શ્રી **જિનચંદ** સુરિંદ વર, ધુરિ ધોરી ધર્મવીર. ૨
સંવત **પણર પચાનૂયે**, **રીહડ**કુલ અવતાર
શ્રીવંત સિરિયાદે ધર્યો, સુત **સુરતાણ** કુમાર. ૩

અંત – સુખકારી હો યુગવર નામે જયજયકાર

*

યુગવરના ગુણ ગાવતા હો નવનવરંગ વિનોદ
એહની આસા ફલે હો જપે **સમયપ્રમોદ.** ૭૦ સુખકારી

(૧) પ.સં.૩–૧૬, જિનદત્તસૂરિ ભં. સુરત. પો.૯. (૨) સં.૧૮૫૩ લિ. રાજભદ્ર સ્વહેતવે શ્રી સુરત મધ્યે. પ.સં.૪–૧૩, વડા ચૌટા ઉ. સુરત પો.૧૯. (૩) શ્રી **પીરાનપત્તન** મધ્યે. સં.૧૭૬૩ આસૂ વ. ૧૪ વા. જયલાભગણિ શિ. ચતુરા લિ. પ.સં.૪–૧૪, પાદરા. નં.૪૫. (૪) સં. ૧૬૯૬ સમયસુંદર મહો. શિ. વા. **મહિમાસમુદ્ર** શિ. પં.**વિદ્યાવિજયગણિ** શિ. **વીરપાલેન** લિ. પ.સં.૪, અભય. પો.૫ નં.૩૧૩. (૫) પ.સં.૩, અભય. પો.૧૫ નં.૧૬૦૮.

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૪ અંક ૧ પૃ.૬૩થી ૬૬. ૨. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૭૯થી ૮૬.

(૧૨૩૬) ચઉપર્વી ચોપાઈ ૫૨૯ ગાથા ૨.સં.૧૬૭૩ આ.સુ.૨ ગુરુ જૂડાગામે

(૧) ગાથા ૫૨૯ ગ્રં.૭૬૧ સ્વયંલિખિત **સિતપત્ર પુરે**. પ.સં.૧૯, મહિમા. પો.૩૬. (૨) સં.૧૬૭૭ આ.શુ.૬ નવા **જસરાસર** મધ્યે **જ્ઞાન-વિમલ** લિ. પ.સં.૧૮, દાન. પો.૧૪ નં.૨૫૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૭–૯૯. ત્યાં 'આરામશોભા ચોપાઈ'ની ૨.સં.૧૬૫(?) દર્શાવવામાં આવેલી પરંતુ જિનચંદ્રસૂરિને યુગપ્રધાનપદ સં.૧૬૪૯માં મળ્યું હોઈ "પૃથ્વી બાણ સસી રસ" એ પાઠ સ્વીકારી ૨.

સં.૧૬૫૧ ગણવી જોઈએ. 'સાહમી કુલક પર ટબ્બો' ત્યાં ગુજરાતી કૃતિઓની યાદીમાં નથી પણ 'ટબ્બો' શબ્દ પરથી ગુજરાતી ગણી છે.]

૫૮૦. કૃષ્ણદાસ

(૧૨૩૭) દુર્જનસાલ બાવની ર.સં.૧૬૫૧ વૈશાખ સોમ લાહોરમાં

કવિ ભોજક હતો. તેણે લાભપુર – લાહોરમાં આ કૃતિ દુર્જનશાલ પર લખી છે. તે દુર્જનશાલ ઓશવાલ વંશીય જડિયા ગોત્રનો હતો અને તે જગુશાહના વંશમાં થયો હતો. જગુશાહને ત્રણ પુત્રો હતા – ૧ વિમલદાસ, ૨ હીરાનંદ અને ૩ સંઘવી નાનુ. આ નાનુનો પુત્ર દુર્જનશાલ. દુર્જનશાલના ગુરુ હીરવિજયસૂરિ હતા અને તેણે સૌરીપુરની યાત્રા કરી સંઘની પૂજાભક્તિ કરી હતી અને જિનપ્રાસાદનો ઉદ્ધાર અને પ્રતિષ્ઠા પણ કરાવી હતી. લાહોરમાં એક મંદિર કરાવ્યું હતું. આ સર્વ વાત આ બાવનીમાંથી સિદ્ધ થાય છે. જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ', પૃ.૨૫૩–૨૫૪.

આદિ – ૐકાર અનંત આદિ સુરનર મુનિ ધ્યાવહિ,
જિકે પંચ પરમિષ્ટ તુસઉ સબઈ સમહિ પાવહિ,
મહામંત્ર મુષિ એહ સિદ્ધ સાધિક સબ જાણહિ,
કવિત છંદ અનુગીત પ્રથમ કુનિ કવિતા આણહિ,
સો સિવરપાં નિરમલ બુદ્ધિ દે સકલલોકમનભાવની,
દુરજનસાલ સંઘપતિ કઉઇ વસુધા વિસ્તર બાવની. ૧
નિમ્મલ જડિયા ગોત રાઈસદ્ધાર ભણિજજઈ,
જગૂસાહકઈ બંસિ અધિક તિસ ઉપ્પમ દિજ્જઇ,
ભઈયા **દુરજનસાલ** સાહિ **અકબરિ** થિર થપ્પિઉ,
મુકટમ્મણિ જઉહરી હકમુ જિસુ સબઇ સમપ્પિઉ,
શ્રી **વિમલદાસ** હય બરબકસ **હીરાનંદ** આનંદ દરસ,
સંઘાધિપત્તિ **નાનૂ** સુતનુ તિન્નિ પુત્ત તિન્નઉં સરસ. ૨
મગ્ગિ ચલહિ નિમ્મલઇ ધમ્મ કારણિ ધનુ અપ્પહિ,
સત્યવચન મુષિ ચવહિ અંગિ પૌરષ દિઢ થપ્પહિ,
ગરૂઅ ભાર અંગ વહિ જીઅ દુત્થત્થિય પાલહિ,
આરંભ હિતં કરહિ જનમ સાવઈ ઉજ્જાલહિ,
પોષઈ સુપાતકઉં જાનિ કરિઇ તે બોલ અંગીકરહિ,
સંઘાધિપત્તિ **નાનૂ** સુતન **મેઘરાજ** કુલ ઉદ્ધરહિ. ૩

અંત – સાયરકે ઘરિ ચંદ સૂરકા સિવ ઘરમંડન,
મન રાજા ઘરિ મદનુ રામ રઘુપતિ દુષષંડન
ચંદન ઘરિ ઘણુસાર ઈસ ઘરિ ભયા **વિનાઈક**
પવન ઘરિ હિ **હનવંત** કરનુ રવિઘરિ નર નાઈક,
કહિ **કિશ્નદાસ** સંઘમુકુટ મનિ બુધિનિધાન જગિ ભોજસરિ,
દુરજનસાલ દુરજનદવનુ જડિયા **નાનૂ** સાહ ઘરિ. ૫૨
હરષુ ધરિઉ મન મજ્જિ જાત **સોરીપુર** કિદ્ધિ,
સંઘ ચતુરવિધિ મેલિ લછિ સુભ મારગિ દિદ્ધિ,
જિનપ્રસાદ ઉદ્ધરઈ સુજસ સંસારિહિ સંજઈ,
સુપ્રતિષ્ઠા સંઘ પૂજા દાનિ હિય દંસન રંજઈ,
સંઘાધિપત્તિ **નાનૂ** સુતન **દુરજનસાલ** ધરમ્મધુર,
કહિ **કિશ્નદાસ** મંગલકરન **હીરબિજય** સૂરીંદ ગુર. ૫૩
લછિન અંગિ બતીસ ચારિ દસ વિદ્યા જાણઈ
પાતિસાહિ દે માનુ ષાન સુલિતાન બષાણઈ,
લાહઊર ગઢ મજ્જિ પ્રવર પ્રાસાદ કરાયઉ,
વિજયસેનસૂરિ બંદિ ભયો આનંદ સવાયઉ,
જાં લગઈ સૂર સસિ મેર મહિ સુર સરિ જલુ આયા સિંધુઅ,
કહિ **કિશ્નદાસ** તાં લગ તપઈ **દુરજનસાલ** પ્રતાપ તુઅ. ૫૪
ષિતપતિ **અકબર** પાતિસાહિ થિરૂ રાજુ કરંતહ
ઉણુતાલા સંબત્ત ચઇત નવરોજ વસંતહ,
સોલહ સઇ ક્યાવના બીર બિક્કમ સંવછર
મીનચંદ ઓ દસીબરન બિધિ બાવન અછર,
બઇસાષ માસ દિન સોમકઈ, કિરીયો કવિત મિકસિઉ કવલ,
દુરજનસાલ પરવાર સઉં કલપવૃક્ષ જિઉ સુફલ ફલ. ૫૫
મંગલશ્રી ભગવાન **વીર** જિનસાસન સ્વામી,
મંગલ શ્રી **વસુભૂતિ** પુત્ર **ગોતિમ** સિવગામી,
મંગલ શ્રી **સિકડાલ** નંદ **થુલિભદ્ર** મુનીસર,
મંગલ **જડિયા** ગોત **ઉસ**બંસી પુહવીસર,
નિતમંગલ શ્રવણ સુણંતિયા બાવન સુદ્ધ કવિત્ત રસ,
દુરજનસાલ મંગલ સદા કવિજન કહઇ કરઇ સુજસ. ૫૬
(૧) ઇતિ બાવની સાહ દુરજનસાલ જડિયા ગોત્ર **તપાગચ્છી**. લિષતં

લોજિગ કિસનદાસ લાભપુર મધ્યે સાહશ્રી બીણીદાસ પુત્ર સાહ સંતોષી પઠનાર્થં. પ.ક્ર.૯૭–૧૧૦, નાનો ચોપડો, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૦૦–૩૦૩. કૃતિમાં હિંદી ભાષાનો પ્રભાવ વરતાય છે.]

૫૮૧. હંસરાજ (ત. હીરવિજયસેનસૂરિશિ.)

(૧૨૩૮) [+] [મહાવીર] વર્ધમાન જિન [પંચકલ્યાણક] સ્ત. ૧૦૦ કડી સં.૧૬૫૨ પહેલાં

આદિ – ઢાલ

સરસતિ ભગવતિ દિઉ મતિ ચંગી, સરસ સુરંગી વાણિ,
તુઝ પ્રસાદેં માય ચિત્ત ધરૂં હું, જિન ગુણ રયણની ખાણિ. ૧
ગિરૂઆ ગુણ **વીરજી** ગાઇસ ત્રિભુવનરાય,
જસ નામેં ઘરિ મંગલમાલા ચિત્ત ધરેં બહુ સુખ થાય. ૨

અંત – કલશ

ઇય **વીર** જિનવર સયલ સુખકર નામેં નવનિધિ સંપજે,
ઘરેં ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એકમન જિનવર ભજે,
તપગચ્છ ઠાકુર ગુણ વિરાગર, **હીરવિજય** સૂરીશ્વરૂ,
હંસરાજ વંદે મન આણંદે કહે ધન મુઝ એહ ગુરૂ. ૭૪

(૧) પ.સં.૪–૧૫, હા.ભં. દા.૮૨ નં.૫૮. (૨) પ.સં.૬–૧૩, હા.ભં. દા.૮૩ નં.૮૯. (૩) પ.સં.૫–૧૬, ના.ભં. (૪) સં.૧૮૮૧ આસો શુદિ ૫ રવેઉ, લ. **પત્તન** નગરે પાડે કસુંબીઆ વાડા મધ્યે મેહેતા વ્રજવલ્લભદાસ સંપત્તરામ શ્રી ગોડીજી સત્ છે. પ.સં.૬–૧૨, જશ. સં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૧, ૨૭૩, ૪૨૧, ૪૨૫, ૪૩૨, ૪૯૦, ૫૪૦, ૫૪૬, ૫૫૧).]

[પ્રકાશિત : ૧. ચૈત્ય આદિ સં. તથા અન્યત્ર.]

(૧૨૩૯) + હીરવિજયસૂરિ લાભ પ્રવહણ સજ્ઝાય ૭૨ કડી ખંભાતમાં

આદિ – પ્રથમ જિણેસર મનિ ધરૂં, સમરૂં **સરસતિ** માય,
ગુણ ગાઉં **તપ**ગચ્છપતી, જસ નામિં સુખ થાઇ. ૧

અંત – **ખંભ** નગરનુ સંઘ વઇરાગર, પંચવિધ દાન દાતાર,
કનક ચીર સોનહરી ગંઠોડા, વરસઇ જિમ જલધાર રે. ભ. ૭૧
જિહાંજિહાં ગુરૂની આજ્ઞા વરતઇ, તિહાંતિહાં ઉત્સવ થાવઇ,
દિનદિન ચઢતઇ રંગ સોહાવઈ, **હંસરાજ** ગુણ ગાવઇ રે. ભ. ૭૨

(૧) હીરવિજય સૂરીશ્વર ચતુર્માસક સંબંધી લાભ પ્રવહણ સં.૧૬૮૫ માર્ગશીર્ષ શુ.૧૦ બુધૌ લિ. દેવપત્તને. પ.સં.૪-૧૨, મારી પાસે. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૪૦૯).]

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.પ જેઠ-શ્રાવણ ૧૯૮૭નો અંક.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૮૦૫-૦૬.]

૫૮૨. પદ્મવિજય (ત. હીરવિજયસૂરિશિ.)

(૧૨૪૦) તીર્થમાલા સં.૧૬૫૨ પહેલાં

આદિ – સમરસિ સમરસિ **સરસતિ**, વરસતિ વચનવિલાસ
તૂં તૂઠી મુઝ આપજે, સાચો વચનવિલાસ. ૧
વાણી વાણી ઇમ ભણું, તૂં તૂઠી એકંતિ
કવિ કેલવણી કેલવેઇ, કેવલ આણું ખંતિ. ૨

અંત – કલસ.
એ તીરથમાલા ગુણવિશાલા કંઠપીઠ જે ઠવે
તસ મુગતિબાલા અતિરસાલા વરણ વરમાલા ઠવે,
શ્રી **હીરવિજય** ગુરૂ સુરિપુરંદર સીસ **પદ્મવિજય** કહે,
જે સુગુણ ગુણસ્યે અને સુણસ્યે મંગલમાલા તે લહે.
—ઇતી તીરથમાલા ગુણસ્તવન સંપૂર્ણ.

(૧) સં.૧૮૪૨ વર્ષે કાર્તિક શુદ ૭ બુધવારે. લિખિતં સકલ પંડિત-શિરોમણિ પંડિત શ્રી ૫ ૫. હરિરૂચિગણિ તત્સિષ્ય પં. **વીરરૂચિ** તત્ચરણ-સેવી સિષ્ય પં. **વિનોદરૂચિ**ગણિના લિપિચકે સુશ્રાવક **મનછારામ**વાચનાર્થં. પ્ર.કા.ભં. અથવા જૈ.એ.ઇ. (૨) લિ. સં.૧૮૫૫ જેઠ સુદ ૨, પ.સં.૨૩, પ્રે.ર.સં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૦૪.]

૫૮૩. જયમલ્લ (ચંદ્રગચ્છ શક્તિરંગશિ.)

(૧૨૪૧) સમ્યકત્વ કૌમુદી ચોપાઈ ર.સં.૧૬૫૨

(૧) સં.૧૬૫૭ ફા.વ.૭ મુલતાણ સા. **સોનપાલ** લિ. પ.સં.૩૦, અભય. નં.૩૭૦૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૨.]

૫૮૪. પરમાણંદ (ત.આણંદવિમલસૂરિ–શ્રીપતિ–હર્ષાણંદશિ.)

(૧૨૪૨) હીરવિજયસૂરિ નિર્વાણ ર.સં.૧૬૫૨

આદિ – સમરી **સરસતિ** ભગવતિ શુભમતિ, આપે અવિરલવાણીજી,
હીરવિજયસૂરિ જગગુરૂ ગાઉં, **પરમાણંદ** ચિતિ આણીજી
જય જય જય જગગુરૂ ગછપતિ ગુરૂઓ.

અંત – સંવત **પન્નર** (? **સોળ**) **બાવને** આસો વદિ સાતમિ જાણુજી રે
પરમાનંદે **ઉનાગઢે** રચિઓ **હીરનિર્વાણુજી** રે. ૧૦૦
શ્રી **આણંદવિમલ** સૂરીસરૂ, તસ **શ્રીપતિ** ઋષિ સીસજી રે,
તસ પદપંકજમધુકરો, **હરષાણંદ** બુધ ઈસજી રે. ૧૦૧
તાસ ચરણસેવાકરૂ, **પરમાણંદ** ભલ સીસેજી રે.
બોલ્યા ગુણ જગગુરૂ તણા, જયવંતા જગિ દીસેજી રે. ૧૦૨

(૧) સંવત ૧૬૫૨ વર્ષે પોષ વદિ અમાસ સો શ્રી ઉનંતદુર્ગે ભાટજ્ઞાતી સખીદાસ લખિતં. શ્રાવિકા **પૂતલી** પઠનાર્થે. (આ પરથી જણાય છે કે આ પ્રત કવિના રચનાસંવતમાં જ લખાયેલી છે.) પ.સં. ૬–૧૧, માં. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૦.)

૫૮૫. વિવેકહર્ષ (ત. હર્ષાણંદશિ.)

તેમણે 'ઋષભ નેમિ સ્ત.' (પ.સં.૨, શ્લો.૨૪, લીં.ભં. દા.૨૩) તથા 'પરબ્રહ્મપ્રકાશ' સાત પ્રકરણમાં (ડો. અ. સંઘ ભંડાર, ભાવનગર–વે.) રચેલ છે. આ છેલ્લામાં પોતાને તપાગચ્છના વિજયદેવસૂરિના શિષ્ય તરીકે ઓળખાવેલ છે એટલે તેના રાજ્યમાં એ રચેલ ઘટે.

(૧૨૪૩) + હીરવિજયસૂરિ (નિર્વાણ) રાસ ૧૦૧ કડી ર.સં.૧૬૫૨ વિજાપુરમાં

આદિ – રાગ સામેરી.

ઇમ ચિંતી મનહ મઝારિ એ, **પાટણ**થી કરઇ વિહાર એ
ગણધાર એ, **રાજનગરિ** પધારીઆ એ. ૧
શાહજાદઉં શાહ **સુરાદ** એ, **હીર**નઇં વંદઈ અતી આલ્હાદએ
પ્રસાદએ, માગઈ **હીરજી**ની દુઆ ઘણી. ૨

અંત – રાગ ધન્યાસી.

જયઉ જયઉ જગગુરૂ પટધરો, શ્રી **હીરવિજય** ગણધારજી,
સાહ **અકબર** દરગાહમાં જિણિ પામ્યો જયજયકારજી. જય.
જિહાં લગિં મેરૂ મહીધરો, જિહાં લગિં ગિરવરની રાશિ રે
ચિર પ્રતપઉ ગુરૂ ગચ્છધણી, શ્રી **વિજયસેન** સૂરીસજી. જય. ૯૯

હીર પટોધર ઉગિઉ, પ્રગટ પ્રતાપી સૂરજી
કુમતિતિમિર દૂરઈ કરઇ ભવિઅણુ સુખ ભરપૂરજી. જય. ૧૦૦
વીજાપુર વરનયરમાં, **પાંડવ નયન** વરીસજી રે,
હર્ષઆનંદ વિબુધ તણો, સીસ દીઈ આસીસ.
વિવેકહર્ષ કહઈ સીસજી રે. જય. ૧૦૧

(૧) પં.અમરવિજયગણિ શિ. મુનિ ગુણવિજય લિપિકૃતં. શ્રી વિદ્યાપુરે પરોપકારાય. પ.સં.૬–૧૫, બાલ. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૫ પૃ.૪૬૦થી ૪૬૪.

(૧૨૪૪)+ હીરવિજયસૂરિનિર્વાણ સ્વાધ્યાય સં.૧૬૫૨ લગભગ

હીરવિજયસૂરિ સં.૧૬૫૨માં સ્વર્ગસ્થ થયા. આની પ્રતિ ૧૬૫૬માં લખાયેલી ઉપર પ્રમાણે મોજૂદ છે, તેથી આ સ્વાધ્યાય સં.૧૬૫૨ના અંતમાં જ રચવામાં આવેલી જણાય છે.

આદિ – રાજવલ્લભ-રાગ.

સરસ વચન દ્યઉ **સરસતી,** પ્રણમી શ્રી ગુરૂપાય
ગુણસ્યું જિનશાસનધણી, શ્રી **હીરવિજય** સૂરીરાય રે
જગગુરૂ ગાઈઈ, માન્યઉ **અકબરશાહિ** રે
જસ પટિ દીપતઉ, શ્રી **વિજયસેન** ગચ્છનાહ રે જગ. ૧

અંત – કલસ

ઈમ શ્રી **વીરશાસન** જગત્રિભાસન શ્રી **હીરવિજય** સૂરીસરો
જસ શાહિ **અકબર** દત્ત છાજઈ બિરૂદ સુંદર જગગુરો
જસ પટ્ટ પ્રગટ પ્રતાપી ઉગ્યઉ શ્રી **વિજયસેન** દિવાકરો
કવિરાજ **હરષાણંદ** પંડિત **વિવેકહર્ષ** સુહંકરો. ૨૨

(૧) શ્રી સં.૧૬૫૬ વર્ષે આષાઢ સિતાત્ ચતુર્માસ દિને પંડિત પુન્યહર્ષગણિનાં શિશો મુનિ જયહર્ષેણુ દેવાસનગરે લિપીકૃતા. (૨) શ્રાવિકા રતના પઠનાર્થં સં.૧૭૬૯ વૈ.શુ.૭. પ.સં.૨, અભય. નં.૯૬૩. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૪૦૯, ૫૧૪).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૧–૧૨, ભા.૩ પૃ.૮૨૨.]

૫૮૬. નરેન્દ્રકીર્તિ (દિ. સકલભૂષણુશિ.)

(૧૨૪૫) અંજના રાસ ર.સં.૧૬૫૨ માગશર શુદ ૧૩ જાઉરપુર (જાવરા)માં

અંત – શ્રી **હનુમંત** કેવલી થયો, કર્મ હણીનિં મુગતિ ગયો,
અનંત સૌખ્ય પાંમ્યો મુનિરાય, **નરેન્દ્રકીરતિ** પ્રણમી તસ પાય. ૬૦
મૂલ સંઘ ઉદયાચલ ભાંન, **કુંદકુંદ** ગુણહ નિધાન,
અનુક્રમિં **સકલકીર્તિ** મુનીરાય, **ભુવનકીર્ત્તિ** સુર પૂજિત પાય. ૬૧
જ્ઞાનભૂષણ ગુણમંડિત દેહ, **વિજયકીર્તિ** ગુણ ન લહિં છેહ,
શ્રી **શુભચંદ્ર** ભટ્ટારક ગુણી, **સુમતિકીર્તિ** સિંહાસન ધણી. ૬૨
ગુણકીરતિ પાટિં જયવંત, શ્રી **વાદિભૂષણ**વંત,
એ પ્રણમુ ગચ્છપતિ પદધાર, **સુમતિકીરતિ** ગુરૂબંધવ તાર. ૬૩
જંગમ તીર્થ જગ માહિ જાંણુ, **સકલભૂષણ** સંજમકજ-ભાંણિ,
તેહ પદકમલ હૃદય નિજ ધરી, **નરેન્દ્રકીરતિ** ગુણમાલા કરી. ૬૪
મેદપાટ જનપદ માહિ વસેં, **જાઉરપુર** સુરનયરને હસિં,
રૂપારેલ જિહાં અતિ ઘણી, સિ સોભા બોલુ તેહ તણી. ૬૫
શ્રાવક ચતુર વસિં તિહાં ઘણા, જિહાં ઘરિ દ્રવ્ય તણા નહિ (મણા)
ચૈત્યાલય પૂરૂં જિન તણું, ત્રિસલાકા સુંદર અતિ ઘણું. ૬૬
સોલ બાવનિ માગસિર માસ, શુદિ તેરસ તિહાં કરી નીવાસ.
આદર **નેમિદાસ** બ્રહ્મ તણિં, કરી ગુણમાલા ઉદ્યમ ઘણિ. ૬૭

(૧) સં.૧૭૩૦, વર્ષે દ્વિતિય ભાદ્ર. શુ.૧૪ રવિ. પ.સં.૩૬–૧૦, પ્રથમનું પત્ર નથી, સીમંધર. દા.૨૦ નં.૨૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૧૬–૧૭.]

૫૮૭. ઊજલ (ત. વિજયસેનસૂરિશિ. શ્રાવક)

(૧૨૪૬) રાજસિંહ કથા (નવકાર) રાસ ૬૩૧ કડી ર.સં.૧૬૫૨ વૈ.૭ ગુરુ

આદિ – ધુરી દુહા

વીર જિણેસર નિતિ નમું, પ્રણમી **ગોયમ**પાય,
સરસતિ સ્વામિણિ સમરીઇ, સુગુરૂ તણઇ સુપસાય. ૧
મહિમા પંચ પરમેષ્ટિનઉ, પભણિસું તેહ વિચાર,
જગત માત તમ્હ વીનવું, કરયો એ ઉપગાર. ૨
બ્રહ્માસુતા ત્રિલોચના, ગૌરવરણ ગજગેલિ,
માત સિરોમણિ સરવ તું, હંસગામિની હસે હેલિ. ૩
પાયે નેઉર રૂણઝુણે, કટિ મેખલ ખટકાર,
સોવનચુડિ ઝબકતી, બાંહે બહેરખ સાર. ૪

કાંને કુંડલ રવિકિરણુ, હાર ગલે મુક્તાલ,
નિલવટિ ટિલું તપતપઇ, ઝાલિ ઝબુકે ગાલ. ૫
સિર સોવનમય રાખડી, વેણિ વાસિગ તુર,
ઇંદ્રધનુષ ઓપે જિસિઉ, સિંથો સિરિ સિંદુર. ૬
સરલી નાશા નિરમલી, દીપશિખા તિલફુલ,
દંતપંક્તિ મુક્તામણી, અધર પ્રવાલી મુલ. ૭
ચંદ્રવયણુ મૃગલોયણી, પોઇણુ જિસ્યુ સુકમાલ,
મુગફલી કર અંગુલી, સબ નખ રંગ રસાલ. ૮
કટિ કેસરલંકી હૃદય, ઉનત પયોધરકુંભ,
સદલી સાથલ દીપતી, કદલી ગરભ સથંભ. ૯
ચીર સકોમલ ઓઢીયા, પહિરિઉ સવિ સિણુગાર
વીજચમક્કઇ ચાલતી, હંસાગતિઈં અપાર. ૧૦
કલસ કમંડલ કરિ ગ્રહી, ધરી પુસ્તક કરિ એક,
જપમાલા જગ મોહતી, વીણાનાદ વિવેક. ૧૧
ધ્યાંને ત્રિભુવન વસિ કરી, હરિ બ્રંભ પુરંદર દેવ,
કર જોડી આગલિ રહી, કરઇ તુમારી સેવ. ૧૨
કાસમીર-મુખ-મંડણી, મારકુંડિ મનરંગ,
સેવક ભોગ ભલા કરે, ચંદન ચરચે અંગ. ૧૩
ચંપો મરૂઓ મોગરો, કરણી કેવડ ફુલ,
માલ ચડાવે માતને, વિવિધ રચે જાસુલ. ૧૪
તુઠી કોડિ કવીસરાં, વિદ્યા દીધ વિવન,
કવિત કલા રસ કેલવે, ષટ દરસણ પ્રસન્ન. ૧૫
કર જોડી કવિ વીનવે, દિઉ વિદ્યા વર આર,
છંદ કવિત ગુણ ગાઇઇ, તે સવિ તુઝ આધાર. ૧૬
શારદ ધ્યાન હૃદય ધરી, આવી સુપન મઝારિ,
દીધી માતમ ચાકરે, વાંણી વિવિધ પ્રકાર. ૧૭
પાય નમી ભગતિઈં તવી, તુઠી જગદંબાય,
બોલે વયણુ નિસંક તું, જે આવે તુઝ દાય. ૧૮
માતાવચન મનિ હરખીઓ, પાંમી વરહ વિશેક,
આગે ઉલટ છે ઘણુંઓ, કરિવા કવિત અનેક. ૧૯
કાલ અનાદિ સાસતો, મહામંત્ર **નવકાર**,

ધુરિ જપીએ જિનવર કહે, ચઉદાં પુરવ સાર. ૨૦

અંત – શ્રી **નવકાર કથા** મહામંત્ર, ધન્ય પુરૂષ જે સમરે અંતિ,
જે જે બોલ કહિયા કવિ સાર, તે શ્રી **સરસતિ**ને આધાર. ૬૨૫
કવિ કહે હું કાંઇ જાણું નહી, પણિ અણબોલ્યો ન સકું રહી,
જે જે કવિ મોટા જગ માહિ, હું તેના પગની રજ પાહિ. ૬૨૬
શ્રી નવકાર તણી ષટકથા, **ષડાવશ્યક** માંહિ જોયો તથા,
બાલાવબોધિ અરથ જિઉ સહી, કહે **ઉજલ** મિલિ ઇણિ પરિ કહી.
શ્રી નવકાર કથા સાસતી, કેતાં વચન કહિયા હ્રદયથી,
અધિકો ઓછો કહિઉ અસાધ, તે શ્રી સંઘ ખમો અપરાધ. ૬૨૮
સંવત **સોલ ૧૬ વરસ પર બાવન**, વૈશાખી સાતમિ ગુરૂ દિન,
ષટ્ નવકાર કથાનું ચરી, ભણ્યો કવિ રચાઉ ખપ કરી. ૬૨૯
તપગછ-અંબર દિનકરરાય, શ્રી **વિજયસેન** ગુરૂ પ્રણમી પાય,
તસ શ્રાવક **ઉજલ** ઇમ ભણે, શ્રી નવકાર જાડે ભાંમણે. ૬૩૦
શ્રી નવકાર જપો ખપ કરો, ભવસંસાર સોહિલા તરો,
ષટ્ નવકાર કથા જુજુઇ, એ ૭ કથા સંપૂર્ણ હુઇ. ૬૩૧

(૧) સં.૧૬૯૬ કા.સુદિ ૧૧ ગણિ **ન્યાનસાગર** શિ. મુનિ **વીર**સાગર ગંધાણી નગર મધ્યે લિ. પ.સં.૨૧-૧૭, ગો.ના. નં.૪૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૧૭-૧૯.]

૫૮૮. શિવનિધાન (ખ. હર્ષસારશિ.)

(૧૨૪૭) શાશ્વત સ્તવન (ગુ.) પર બાલા. ર.સં.૧૬૫૨ શ્રા.વ.૪ શાકંભરી (સાંભર)માં

આદિ – પ્રસાદં ગુરૂરાજસ્ય **હર્ષસારા**ભિધસ્ય સત્
પ્રાપ્ય કુર્વે શાસ્વતાર્હચ્ચૈત્યસંખ્યાસુવાર્તિકં. ૧

અંત – તે પિણિં **દેવેન્દ્ર** મુનીંદ્રઇં સ્તવી હુંતી. ભાવિક જીવનઇ સિદ્ધિ સુષ આપઉ, ઇતલઇ શાસ્વતી અશાસ્વતી જે જિનપ્રતિમા નામ તે સર્વ વાંદિવા પૂજિવા યોગ્ય જાણિવા. ૨૪ ઇતિ શાસ્વત સ્તવન બાલાવબોધઃ.

શ્રીમત્ **ખરતર**ગચ્છે શ્રી **જિનમાણિક્યસૂરિ** ગુરૂપદે,
વિજયિનિ યુગપ્રધાને શ્રી **જિનચંદ્રા**ભિધસુગુરૌ. ૧
શ્રી **જિનસિંહ**મુનીશ્વરયુવરાજ્યે **હર્ષસાર**ગણિશિષ્યઃ
અલિખત્ સ્વસ્મૃતિહેતોઃ સ્તવવાર્ત્તાં **શિવનિધાનગણિઃ** ૨

સંવત્ **દ્વાપંચાશત** સમધિક **ષોડશ શત** પ્રમિતિ ભાજિ
શ્રાવણ કૃષ્ણ ચતુર્થી દિવસે **શાકંભરી**પુર્યાં. ૩
માનસિદ્ધિગણિની સુશિષ્યિણી **પદ્મસિદ્ધિ**પઠનાર્થમૂહિતા
શ્રી જિનેશ્વરસુભક્તિભાજિનઃ, શોધયંતુ વિધિવદ્ વિચક્ષણાઃ. ૪

(૧) પ.સં.૬, મ.જૈ.વિ. નં.૬૮૭.

(૧૨૪૮) લઘુ સંગ્રહણી બાલા. ર.સં.૧૬૮૦ કા.શુ.૧૩ અમરસરમાં શાહી રાજ્યે ખ. **જિનરાજસૂરિ** ધર્મસામ્રાજ્યે.

(૧) નિ.વિ. ચાણસ્મા. (કર્તા તરીકે 'શીલચંદ્ર' જણાવવામાં પ્રદર્શન પ્રશસ્તિ સંગ્રહના સંપાદકની ગેરસમજ થઈ લાગે છે. જુઓ નીચેની પ્રશસ્તિ.) [મુપુગૂહસૂચી.]

(૧૨૪૯) કલ્પસૂત્ર પર બાલા. ર.સં.૧૬૮૦ અમરસરમાં

અંત – શ્રી વિક્રમાર્કસમયાત્ **ખ-વસુ-કલાનિધિ-કલા**-પ્રમિતે વર્ષે
શ્રી **અમરસરે** નગરે વિશુદ્ધશુક્લ પક્ષતૌ સુદિને. ૧
જિહંગીર-સાહિરાજ્યે **ખરતર-જિનરાજ**-ધર્મસામ્રાજ્યે
શ્રી **જિનરાજ**-મુનીશ્વર-સંતાને **શીલચંદ્ર**ગુરોઃ
શિષ્ય દ્વિતયી જજ્ઞે પ્રથમો **જિનભદ્રસૂરિ**રિતિ ગણપઃ
અપરસ્તુ **રત્નમૂર્તિ**ઃ સંજાતઃ પૂર્વજોઽસ્માકં. ૩
શ્રી **મેરુસુંદરો**પાધ્યાય શ્રી **ક્ષાંતિમંદિરા**સ્તદનુ
શ્રી **હર્ષપ્રિય** પાઠક શિષ્યો **હર્ષોદય** વાક્પઃ ૪
શ્રીમદ**કબ્બરસાહે**ર્મિલનદ્ વિસ્તીર્ણવર્ણકીર્તિભરઃ
વાક્પતિરિવ વા ગુરુરિહ સત્ક્રિયમુખ્યોઽત્ર **હર્ષસાર**ગણિઃ ૫
તત્શિષ્યલેશ-પાઠકરૂપ શ્રી **શિવનિધાન**ગણિભિરિહ
શાસ્ત્રાર્થં સાર્થં દષ્ટ્વા વિદધે શ્રી **કલ્પબાલાબોધો**ઽયં. ૬
નિર્યુક્તિ ટિપ્પનં જિનચરિતં પૂર્વસૂરિસંદષ્ટં
વૃત્તિગ્રંથાનન્યાન્ દર્શં દર્શં કૃતશ્ચાયં. ૭
યદુત્સૂત્રમનોનાભોગાત્ મતિમાંદ્યાદનાદરાત્
લિખિતં લેખકેનૈવ તદ્ વિશોધ્યં કૃપાપરૈઃ ૮

(૧) ગ્રં.૯૭૦૦, પ.સં.૨૨, વીજાપુર. નં.૪૫૭. [મુપુગૂહસૂચી.]

(૧૨૫૦) ગુણસ્થાનગર્ભિત જિન સ્ત. પર બાલા. ર.સં.૧૬૯૨ આષાઢ શુ.૩ સાંગાનેરમાં

મૂળ કૃતિ ૧૯ કડીની જિનચંદ્ર–જિનસિંહસૂરિ શિ. રાજસમુદ્ર

પછીથી જિનરાજસૂરિકૃત ર.સં.૧૬૬૫ માગશર વદ ૧૦ જેસલમેર ભાષામાં.
અંત – ઇતિશ્રી **જિનરાજ**ગણાધિપવિહિતસ્તવવિવરણં કૃતં મયકા
તેનાત્ર ભવ્યલોકો બંધનમુક્ત સુખી ભવતુ. ૧
શ્રી **હર્ષસાર**શિષ્યોપાધ્યાય **શિવનિધાનેન**
શ્રી **સંગ્રામપુર**-શ્રાવકલોકાભ્યર્થનવિશેષેણ. ૨
જીવરાજ-ધર્મપત્ની-**જીવાદે**શ્રાવિકાસુબોધાર્થં
વિહિતો મયા પ્રયાસઃ સમ્યગ્ગ્રંથાનુસારેણ. ૩
સંવદ્ **દ્વિનવતિ**સમધિક-**ષોડશ-શત**વત્સરે સિતાષાઢે
તૃતીયા પુષ્યે પ્રથમાદર્શે **કનકોદયો** વ્યલિખત્. ૪

(૧) સં.૧૬૯૪ માઘ શુ.પ બુધ ઉદયપુરે વા. રાજસમુદ્રગણીનાં શિ. મુખ્ય પં.જ્ઞાનરાજ શિ. લબ્ધોદય મુનિ શિષ્યમુખ્ય જસહર્ષમુનિ લિખિતા. પ.સં.૨૧, ગો.ના. નં.૧૮૩. (૨) સં.૭૦૧૬ (?૧૭૦૬) રાજનગરે યુગપ્રધાન જિનચંદ્રસૂરિ શિ. વા. ભુવનમેરુગણિ લઘુભ્રાતૃ પં. સુમતિરંગેણ લિ. શિ. પં.જયકુશલ મુનિ વાચનાર્થે કા.શુ.૧૩ ભોમે ભ. જિનસાગરસૂરિ રાજ્યે. વેબર. નં.૧૯૬૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૮૫).]

(૧૨૫૧) કૃષ્ણવેલી [અથવા **રુક્મિણીવેલી** અથવા **શ્રીવેલી** અથવા **પૃથ્વીરાજવેલી**] **પર બાલા.**

મૂળ પૃથ્વીરાજકૃત હિંદીમાં.

(૧) સં.૧૮૦૯ વૈ.સુદિ ૧૨. પ.સં.૪૦, શેઠિયા. [કૅટલૉગગુરા, રાહ-સૂચી ભા.૧ (લબ્ધિવિજ્ઞાન શિવનિધાનને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯, ૪૨૧).]

(૧૨૫૨) વિધિપ્રકાશ [અથવા **ઉપાસનાવિધિ** અથવા **વડીદીક્ષાવિધિ**]

(૧) લ.સં.૧૮૩૭, પ.સં.૧૧, પ્ર.કા.ભં. નં.૧૫૨૪. [મુપુગૂહસૂચી.]
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૫૯૮–૧૬૦૦.]

૫૮૯. ધર્મદાસ (લોં. વરસિંહશિ.)

(૧૨૫૩) જસવંત મુનિનો રાસ (ઐ.) ર.સં.૧૬૫૨ ભાદ્રવા વદ ૧૦ ખંઢેરામાં

આદિ – સકલ ગુણે કરી **સારદા** મન ધરી, માગુંઅ બુદ્ધિ વિનઇ કરી,
દઉ મુજઝ વાણીય, માગું મા બ્રહ્માણીય.
રાણી અચુલ્લ હેમવંતની એ, પદ્મદ્રહવાસિની,
નમો માતા સાસણી, જાસ પસાઇ ગુણ ગાઇસું એ.

ઉલાલુ

ગાયસુ ગુણ **જસવંતજી**ના, સુણુ ભવીયણ સાર,
તે તાર મુનિવર તેહ છઇ, સર્વ જીવના આધાર.
આધાર સર્વ જીવના નઇ મનમોહનરાય,
તાસ તણા ગુણ વર્ણવૂં, શ્રી **વરસિંહ** તણઈ પસાય. ૫

અંત – સંવત્ **સોલ બાવન** સંવછરઇ, ભાદ્રવ વદિ દશમી દિનઇ,
હાલાર મધ્યે પુન્યવંત નગરઇ, **ખંઢરા** નામઇ ભલિ. ૨
ઋષિ શ્રી **બૂરા** શિષ્ય **સામલજી જીવરાજ** ગુણસારૂ એ,
તાસ સાંનિધિ રચીય રંગઇ, હઇએ હર્ષ અપારૂ એ. ૩
અતિ ભાવ આણી નિરમલ વાણી, દિનદિન પ્રતિ ગુણ ગાઇએ,
ધર્મદાસ કહઇ તુમ્હે સુણ ભવીયણ, સાધુ સેવંતા સુખ પાઇએ. ૪

(૧) પ.સં.૬-૯, લા.ભં. નં.૩૭૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૮૧૯-૨૦. ત્યાં કર્તાને બૂરા-શામલજી-જીવરાજશિ. ગણવામાં આવ્યા છે, પરંતુ શામલજી-જીવરાજના સાન્નિધ્યમાં અને વરસિંહના પ્રસાદથી કૃતિ રચાયાનો ઉલ્લેખ છે એથી કર્તાને વરસિંહશિ. ગણવા જોઈએ એમ લાગે છે.]

૫૯૦. પૂંજા ઋષિ (પાર્શ્વચન્દ્રગચ્છ, હર્ષચંદ્રશિ.)

(૧૨૫૪) + આરામશોભા ચરિત્ર ૩૩૨ કડી ર.સં.૧૬૫૨ આસો શુદ ૧૫ બુધવાર પાટણમાં

આદિ – દૂહા

આદિ જિણેસર પાય નમી, **શાંતી નેમિ**કુમાર,
શ્રી **પાસ વીર** ચુવીસમઉ, વંદિઇ જયજયકાર. ૧
શ્રી ગુરૂ **ગૌતમ** સમવડિ, શ્રી **હંસચંદ** સુજાણ,
ચરણકમલ ગુરૂ વંદિ કરિ, કરસિ કવિત ઘુ વાણિ. ૨
એક જ અક્ષર વંકડુ, જે ગુરૂનૂં સાદેઇ,
અંધારઇં જિમ દીવડઉ, ફરિફરિ જોતિ કરેઇ. ૩
ધરમિઇ ધણકણ સંપજઇ, ધર્મઈ લીલવિલાસ,
ધર્મઇ સુખસંપતિ મિલઇ, ધર્મઈ પૂગઇ આસ. ૪
દેવ ગુરૂ ધર્મ આરાધિ કરિ, કીજઇ જનમ પવિત્ર,
તે સઘલઇ સુખ પામીઇ, એણઇ ભવિ પરભવિ મિત્ર. ૫
પુણ્ય થકી વલી પામીઈ, પૂરવ ભવ સંબંધ,

લીલાલચ્છી અતિ ઘણી, ધર્મઇ લહઇ સુખકંદ. ૬
સુર આવી સાંનિધિ કરઇ, રાજરધિ વલી દીધ,
તીર્થ પૂજ્યા પ્રભાવના, સાહમીવત્સલ કીધ. ૭
(પૂરવ સંચય પૂન્યનઉ, ઉદય હુઓ અભિરામ)
તેહ થકી તિણિ પામીયું, **આરામસોભા** નામ. ૮

અંત – ચુપઇ

ભવિક જીવ પ્રતિબોધી કરી, છેહડઇ અણસણ બેહૂ ઉચ્ચરી,
આલોઇ આરાધી કરી, બેહૂં જણ પુહતાં અમરાપુરી. ૩૨૩
તિહાંથી ચવી વિદેહ અવતાર, સુધ જિનધર્મ કરસ્યઇ તે સાર,
અનુક્રમિ લહઇસિઈ ભવનઉ પાર, સિધઇ સુખ અનંત અપાર. ૩૨૪
તવસંયમ જિનપૂજા કરી, સાહમીવત્સલ ભગતિઇ ધરી,
આરામસોભાની એ ચરી, સહૂકો સુણજ્યો આદર કરી. ૩૨૫
ગુજરદેશ અનોપમ ઠામ, **પાટણ** નયર અછઇ અભિરામ,
ઘણઉ વાસ તિહાં શ્રાવક તણઉ, દેવગુરૂધર્મ ઊપરિ મન ઘણઉ. ૩૨૬
તિહાં વલી તીરથ **પંચાસરઉ**, **સામલવાડી નારંગપુરઉ**,
પાસ જિણેસર ત્રેવીસમઓ, પ્રહ ઉઠીનઇ ભવિયણ નમઉ. ૩૨૭
સોલ સઇં બાવન્નઈં વલી, આસો માસ પૂનિમ નિરમલી,
અશ્વની રખિ બુધવારિઈં કરી, ગુરૂપ્રસાદિ કરી પૂરણ ચરી. ૩૨૮
વડતપગચ્છ **નાગુરી** સાખ, શ્રી **સાધુરયણ** ગુરૂ મધુરી ભાષ,
તાસ સીસ સદા સવિચાર, ભવિક જીવનઇ આનંદકાર. ૩૨૯
શ્રી **પાસચંદ્ર** સૂરીસર રાય, સુરનર પ્રણમઇ તેહના પાય,
તસુ પાટઇ શ્રી **સમરચંદ્ર**સૂરિ, નામ લેયંતાં પાતિક દૂરિ. ૩૩૦
વિજયવંત શ્રી **રાયચંદ્ર**સૂરિ, સંઘ સહૂનઇ વંછિત પુર,
પ્રહ ઊઠીનઇં સમરૂં નામ, નિતુ નિતુ તેહનઇ કરૂં પ્રણામ. ૩૩૧
શ્રી **શ્રીમાલી** વંશે વખાણ, શ્રી **હંસચંદ્ર** વાચક ગુરૂ જાણ,
તાસ સીસ રૂષિ **પુંજો** કહઇ, ભણઇં ગુણઇં તે સિવસુખ લહઇ. ૩૩૨
એહ ચરી સંભલિ મનિ ધરઉ, વઇર વિરોધ મિથ્યા પરિહરઉ,
સાચઉ ધર્મ શ્રી અરિહંત, સિધિપુરી પહુતા ભગવંત. ૩૩૩
ચ્યારિ ખંડ એણિ પરિ કરી, ચરી રચી ઉત્તમ ગુણ ભરી,
પિંડિત જ્યોજ્યે વિચારી કરી, ખોટી હુઇ તે કીયો ખરી. ૩૩૪

(૧) સં.૧૬૬૨ ભા.વદિ ૧૪ સોમ્યે. શ્રી ચેલા **આણંદ** લ. પ્ર.કા.ભં.

પ્રકાશિત : ૧. સંશો. પં. લાલચંદ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૦-૨૨.]

૫૯૧. રત્નકુશળ (ત. મેહર્ષિ-દામર્ષિશિ.)

આ કવિએ 'પંચાશક વૃત્તિ' સં.૧૬૫૨ આશ્વિન સિત પંચમી દિને રવિવારે ઊંઝા ગામમાં લખી છે તેમાં પોતાને પંડિત મેહર્ષિગણિશિષ્ય શ્રી દામર્ષિગણિના શિષ્ય જણાવેલ છે. (અપ્રકટ વિ.ધ.પ્રશસ્તિસંગ્રહ.)

(૧૨૫૫) + પાર્શ્વનાથ સંખ્યા સ્ત. સં.૧૬૫૨ આસપાસ

આદિ – શ્રી **જીરાઉલિ** નવખંડ **પાસ** વષાણીઇ રે નામઇં લીલવિલાસ,
સંકટ વિકટ ઉપદ્રવ સવિ દૂરઈ ટલઇ રે મંગલ કમલાવાસ. શ્રી. ૧

અંત – ભોગસંયોગ તે પામઇ માનવ નવનવા રે જસ તૂસઈ **શ્રી પાસ,**
ગણિ **દામા** શિષ્ય **રતનકુશલ** ભગતિઇ કહઇ રે આપો ચરણઇં વાસ. શ્રી ૨૦

પ્રકાશિત : ૧. પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ.૧૬૯-૧૭૦.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૨.]

૫૯૨. માનસાગર (ત. બુદ્ધિસાગરશિ.)

(૧૨૫૬) ગુરુ [ગુરુકુલવાસ] સ્વાધ્યાય ૧૬ છપ્પય વિજયસેનસૂરિ રાજ્યે (સં.૧૬૫૨થી ૧૬૭૨ વચ્ચે)

આદિ – નમસ્કારની દેશી

સકલ મનોરથ પૂરવા, સુરતરૂ (પા. સમર્થ જે) સાચો,
શાંતિ જિણેસર દેવ દેખી, મન માંહિ નાચો,
આક ધતુરા સમ દેવ દેખી મમ રાચો,
અચિરા રાણિ રયણખાણિ જિમ હીરો જાચો.
શાંતિ જિણેસર સોલમા એ, તેહના પ્રણમી પાય,
ભગતિભાવ આણી ઘણો, કહસ્યું ગુરૂ સજઝાય. ૧

અંત – શુદ્ધ પરૂપક સુદ્ધ સીલ, સમતારસ-ભરીઉ,
ચરણ કરણ ગુણરયણ રાસિ તેહનો જે દરીઉ.
ગછનાયકના ગુણ છત્રીસ અંગઈ છાજે,
હીર પટોધર **વિજયસેન** સૂરિસર રાજે.
મહિયલ માંહિ મુનિપતિ એ પ્રતપો કોડિ વરીસ,
માનસાગર કવિ ઇમ કહઈં, **બુધિસાગર** ગુરૂ સીસ. ૧૬

(૧) પ.સં.૨-૧૩, રો.એ.સો. બી.ડી.૧૫૭ નં.૧૮૮૯. (૨) પ.સં.

૨-૧૩, હા.ભં. દા.૮૨ નં.૬૦. [આલિસ્ટઑઇ ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૪-૦૫.]

૫૯૩. કલ્યાણ(વિજય) (ત. વિજનસેનસૂરિશિ.)

(૧૨૫૭) ચોવીસી

અંત - કલશ

અંતિમ **વીર** જિનેશ્વર સંઘ-સરોજ-સહસ્રકરા,
ચઉવીસ કવિત્ત વિનોદ (ન)વરસે થુણિયા ભુવણ-ચિત્તહરા.
વિજયાદિમસેન મુણિંદ વિનેય કહિ કવિ **કલ્યાણ**કરા,
કમલોદયકારણ કેવલનાણ-વિલાસ જયંકર કીર્ત્તિધરા. ૨૫

(૧) સં.૧૮૧૮ વર્ષે વદિ ૧૦ ભૃગુવાસરે લિખિત પ્રેમવિજયેન શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ શ્રી પ્રેમવિજયજી પઠનાર્થં. ૫.સં.૪, કમલમુનિ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૫.]

૫૯૪. કુંવરવિજય (ત. હીરવિજયસૂરિ-વિજયચંદ્ર-નયવિજયશિ.)

(૧૨૫૮) + શ્રી હીરવિજયસૂરિ સલોકો ૮૧ કડી સં.૧૬૫૨ પછી

આદિ - સરસતી વરસતી વાણી રસાલ, ચરણકમલ નમી ત્રિકાલ,
શ્રી ગુરૂપદપંકજ ધરાઉં, **હીરવિજયસૂરી** ગચ્છપતિ ગાઉં. ૧

અંત - હીરજીનો ચેલો વલીય વખાંણો નામે **વિજયચંદ** પંડિત જાણો,
નયવિજય પંડિત જગીસ, તસ સીસ **કુંઅરવિજય** કવીસ. ૮૦
જગગુરૂ કેરા જે ગુણ ગાવે, તસ મનવંછિત સફલ ફલાઈ,
હીરજી હુઉ જિનસાસણભાણ, નાંમ જપંતાં કુશલકલ્યાણ. ૮૧

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૫).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

(૧૨૫૯) ચોવીસ જિન નમસ્કાર

(૧) શ્લો.૨૯, ૫.સં.૩, લીં.ભં. દા.૨૩. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૩, ભા.૩ પૃ.૮૨૨.]

૫૯૫. જયવિજય (ત. હીરવિજયસૂરિ-કલ્યાણવિજય ઉ. શિ.)

આ કવિ જયવિજયજીએ સંસ્કૃતમાં 'શોભનસ્તુતિ' પર ટીકા (સં.૧૬૪૧) અને 'કલ્પદીપિકા' રચેલ છે. 'કલ્પદીપિકા'નો ઉલ્લેખ કવિ

ઋષભદાસે 'હીરવિજયસૂરિ રાસ'માં કર્યો છે: '**જસવિજય જયવિજય** પન્યાસ **કલ્પદીપિકા** કીધી ખાસ'. હીરવિજયસૂરિ અકબરની મુલાકાતે ગયા ત્યારે આ જયવિજયજી પણ તેમની સાથે જ ગયા હતા.

(૧૨૬૦) + હીરવિજયસૂરિ પુણ્યખાણિ સઝાય સં.૧૬૫૨ પછી

આદિ – રાગ રામગિરિ.

પ્રણમિઅ **પાસ** જિણંદ દેવ, સંપયસુહકારણ,
સંખેસરપુરમંડણઉ, દુહદુરીયનિવારણ.
ઉલાલઉ.
પુણ્યખાણિ ગુરૂ **હીર**ની એ પભણું મનિં આણંદ,
ભવિયણ જણ સહુ સાંભલઉ જિમ લહુ પરમાણંદ. ૧

અંત – સિરિ **વિજયસેન** સૂરિંદ રાય, સંપ્રતિ જયવંતઉ,
ભવિક જીવ પ્રતિબુઝવઈ, વિહરઇ મલપંતુ,
સુવિહિત જનનિં હિતકરૂ એ, કરૂણારસભંડાર,
વિનય કરી જેઓ વસઇ, લહસઇ (તે) ભવપાર. ૨૨
સકલ કલ્યાણ નિવાસ ગેહ, અનિ સુંદર સોહાઈ,
સિરિ **કલ્યાણવિજય** વાચક પ્રતિ, દીઠઇ મન મોહઇ,
તાસ સીસ **જયવિજય** ભણઇં એ પૂરૂ મનહ જગીસ,
સિરિ **વિજયસેન** સૂરીસરૂ, પ્રતિપઉ કોડિ વરીસ. ૨૩

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૨).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

(૧૨૬૧) + કલ્યાણવિજયગણિનો રાસ ૨૭૦ કડી ર.સં.૧૬૫૫ આસો શુ.૫

આદિ – સકલ સિદ્ધિવરદાયકો, સ જયો **રિષભ** જિણંદ,
ભારત સંભવ ભવિઅજણ, બોહણ કમલ દિણંદ. ૧
શાંતિ જિણેસર મનિ ધરૂં, શિવકર ત્રિજગ મઝારિ,
સિદ્ધિવધૂ વરવા ભણી, વરીઓ સંજમભાર. ૨

અંત – ઢાલ ૧૪.

સાધુ શિરોમણી વંદીએ, શ્રી **કલ્યાણવિજય** ઉવઝાય રે,
*
શ્રી **હીરવિજય**સૂરી રાજીઓ, કલિયુગિ જુગહ પ્રધાન રે,
સાહિ **અકબર** રાજગિં બુઝવી, દીધું જીવ અભયદાન રે. સાધુ. ૨૬૪

જસ પાટ **જેસંઘજી** જયુ, **ગૌતમ** સમ પ્રતિરૂપ રે,
પ્રગટ્યો સવાઇ **હીરલો,** પરિખીઓ **અકબર** ભૂપ રે. સાધુ.૨૬૫
હીરજી શીશ જગિ વલ્લહો, શ્રી **કલ્યાણવિજય** ગુણગેહ રે,
વાચકરાય મેં ગાઇઓ, જંગમ તીરથ એહ રે. સાધુ.૨૬૬
જવ લગી શેશ મહી ધરે, જાં સુર ગિરિ થિર થાય રે,
જાં રવિશશિ ગ્રહગણ તપે, તાં પ્રતપો મુનિરાય રે. સાધુ.૨૬૭
સંવત **સોલ પંચાવન**, વત્સર આસો માસ રે,
શુદ્ધ પખ્ય પંચમિ દિને, રચીઓ અનોપમ રાસ રે. સાધુ.૨૬૮
જગિ જયવંતા **કલ્યાણ**, પૂરો મનહ જગીસ રે,
સેવા ચરણકમલ તણી, માગે **જયવિજય** શીશ રે. સાધુ.૨૬૯
ભણે ગુણે જે સાંભલે, ગુરૂગુણ એકચિત્ત જાણ રે,
વાંછિત સર્વ સુખ અનુભવે, પામે તે કોડી કલ્યાણ રે. સાધુ.૨૭૦

(૧) ભાવ. ભં.

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક રાસમાળા ભાગ ૧.

(૧૨૬૨) સમેતશિખર રાસ ર.સં.૧૬૬૪ આતપ માસ ૧૧ બુધવાર

આનું બીજું નામ 'પૂર્વદેશ ચૈત્ય પરિપાટી' છે. આમાં વિજયદેવસૂરિના સમયમાં મથુરાના સંઘવી બિણુએ કાઢેલા સંઘનો પ્રસંગ છે. તે સંઘ મથુરાથી નીકળી પિરોજાબાદ, ચંદવાડ, રેયડી, સોરીપુર, શાહજાદપુર, કૌશાંબી, ફતેપુર, વાણારસી, સિંહપુરી, ચંદ્રાવતી, પાટલીપુત્ર તથા તુંગિયા નગરીઓમાં યાત્રા કરતોકરતો સેહોર નગરમાં આવ્યો. ત્યાં રાય શિવરામને મળીને રસ્તામાં વાટ વિષમ હોવાથી માર્ગદર્શકો તથા રક્ષકો લીધા. લંગોટીવાલા તથા ઉઘાડા મસ્તકવાળા લોકો, કદલી વગેરે વૃક્ષોનાં વનો તથા કૌતુકો જોતાજોતો સંઘ સમેતાચલ આવ્યો. અહીં પાલગંજના રાજા પૃથ્વીચંદ્રે સાથે આવીને યાત્રા કરાવી. સંઘ ત્યાંથી મગધદેશમાં થઈને પાછો ફર્યો. રસ્તામાં રાજગૃહી, પાવાપુરી, જંબીગ્રામ, જઉણપુરી, અયોધ્યા, રત્નપુરી અને કંપિલપુરમાં તીર્થયાત્રા કરીને સંઘ સ્વસ્થાને – મથુરામાં પાછો આવ્યો.

આદિ – રાગ રામગિરિ.

પ્રણમીઅ સહગુરૂ તણા પાય સુહસંપતિકારી,
સરસતિ સામિણિ વીનવું દિઉ મુઝ મતિ સારી,
ચૈત્યપ્રવાડી ભણું ભાવિ પૂરવ દિસિ કેરી,

જનમભૂમિ જિનવર તણી વંદું ઉદેરી,

અંત - કલશ.

તપગચ્છનાયક શુભમતિદાયક શ્રી **વિજયસેન** સુરિંદ,
તસ પટગયણ-વિભાસણ-દિનકર શ્રી **વિજયદેવ** મુણિંદ,
વાચક સયલ ચૂડામણિ સોહઇ નિરમલ ન્યાનનિવાસ,
શ્રી **કલ્યાણવિજય** ગુરૂચરણપ્રસાદઈ હુવો મુઝ બોધપ્રકાશ. ૮૮
સસિ રસ સુરપતિ વચ્છર આતપ એકાદિસિ બુધવારઇ,
સમેતાચલ મહાતીરથ કેરૂં સ્તવન રચ્યું મતિસારઈ. ૮૯
પઢઈ ગુણઈ જે શ્રવણે નિસુણઇ તીરથમહિમા ભાવઇ,
જયવિજય વિબુધ ઇમ જંપઈ સુખ અનંતા સો પાવઇ. ૯૦

(૧) સં.૧૭૮૦ આ.વ.૬ શ્રા. રત્ના પઠનાર્થં. પ.સં.૮, અભય. પો. ૧૬ નં.૧૬૭૮.

પ્રકાશિત : ૧. પ્રકા. ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ.એ. વડોદરા ૨. પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ.૨૨-૩૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૭-૨૦, ભા.૩ પૃ.૮૨૫.]

૫૯૬. વીરવિજય (ખ.)

(૧૨૬૩) સત્તરભેદી પૂજા સ્ત. ર.સં.૧૬૫૩ રાજધન્યપુર

(૧) શ્રાવિકા દુભાના પઠનાર્થં. પ.સં.૩, અભય. નં.૩૩૬૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૭૭.]

૫૯૭. ધનહર્ષ (ત. હીરવિજયસૂરિ-ધર્મવિજયશિ.)

(૧૨૬૪) તીર્થમાલા સ્તોત્ર સં.૧૬૫૩ લગભગ

હીરવિજયસૂરિ સં.૧૬૫૨માં સ્વર્ગસ્થ થયા તે સમયની જ આ કૃતિ છે.

ધન્યાસી.

શ્રી **વિજયદાન** સૂરિંદ પટ્ટોધર, સૂરિ ગુરૂ **હીરવિજયા**ભિધાના,
નગર **ગંધારથી** જેહ તેડાવિઆ, સાહિ શ્રી **અકબરિં** દત્તમાના.
શ્રી ૧

ધર્મનું તત્ત્વ પૂચ્છયું સવે તે કહ્યું, સાહ કુંરાકુંઅરિ ધર્મધીરિં,
અતિ વિશેષિં પ્રકાસી કૃપા તિહાં ગુરિં, તેહ મનમાં ધરી ભૂપ-
વીરિં. શ્રી ૨

પર્વ પજ્જૂસણિં દિવસ દ્વાદશ લગિ, કુણિં કુણ જીવનો વધ ન કરવો,

ઇસ્યાં ફુરમાન કરિ સુગુરૂનઇ અપ્પિઆં, નહિં કૃપા વિણુ કિસિં જન્મ તરવો. શ્રી ૩

દ્વાદશ કોશનું જે સદા જલ ભર્યું, નામ ડાબરસરો જાણુ દરિઉં,
શ્રી હમાઊસુતઈ વલિઅ લખી અપ્પિઅં જાલપ્રક્ષેપઈ નમિં ન કરિઉં. શ્રી ૪.

માત નાથી તનુંજ જગત-આનંદકર, જે સકલ જન ઉદ્યોતકારી,
તાસ શિશુ ધર્મવિજયાભિધો બુધવરો, જે સદા વિમલતર ધર્મ-ધોરી. શ્રી ૪

તાસ પદયુગમઅંભોજમધુકર સમો, તાસ શિશુ વિબુધ ધનહર્ષ ભાષઈ,
પંચ એ શ્રી જિનાધીશ સંસ્કૃતિ થકી, પ્રગટ હુઅં પુણ્યરસ સુધા ચાષઇ. ૬

(૧) ઇતિ શ્રી તીર્થમાલા સ્તોત્ર શ્રી શાંતિ તીર્થંકર સ્તવન નામાધિકાર સંપૂર્ણ. શુભં ભવતુ. કલ્યાણમસ્તુ. શ્રીરસ્તુ, આરોગ્યમસ્તુ. દીર્ઘાયુ. [ભં.?]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૨-૧૩.]

૫૯૮. જયચંદ્ર (પાર્શ્વચંદ્ર–સમરચંદ્ર–રાયચંદ્ર–વિમલચંદ્રશિ.)

આ કવિ વિમલચંદ્રસૂરિના પટ્ટધર હતા. વિમલચંદ્રસૂરિના મૂળ રાજનગરના શ્રીમાલી સંઘવી રાજપાલ પિતા અને સુખમાદે માતા. તેમની દીક્ષા સં.૧૬૫૬ વૈ.શુ.૬ને દિને, આચાર્યપદ ખંભાતમાં સં.૧૬૬૯ વૈ.શુ.૬ને દિને પામ્યા ને સ્વર્ગે સં.૧૬૭૪ના આસો શુદ ૧૩ને દિને ગયા. આ સૂરિના હાથથી પૂંજાએ સં.૧૬૭૦ના અસાડ સુદ ૯ દિને રાજનગરમાં દીક્ષા લીધી. તે પૂંજાએ મહા ઉગ્ર તપ કરી તપસ્વી તરીકે પ્રસિદ્ધિ કરી. તે પૂંજા ઋષિએ આપણા કવિ જયચંદ્રસૂરિની પાસે રહી તપ કરેલું છે. કુલ ૧૨૩૨૨ ઉપવાસ કર્યા હતા. તપની સંખ્યા ઉપાધ્યાય સમયસુંદરજીએ કરેલ 'પૂંજા ઋષિનો રાસ' અને મુનિ હીરરાજના શિષ્ય દલભદ્રે કરેલ 'પુંજરત્ન રાસ'માંથી મળી શકશે. જયચંદ્રસૂરિ મૂળ વિકાનેરના ઓસવાળ હતા. તેમનાં માતાપિતાનાં નામ જેતસિંહ અને જેતલદે હતાં. તેમને સં.૧૬૭૪માં આચાર્યપદ મળ્યું ને સં.૧૬૯૯ અસાડ સુદ ૧૫ દિને સ્વર્ગવાસ પામ્યાં. આમના વખતમાં અમદાવાદમાં શાંતિદાસ શેઠના પ્રયત્નોથી સં.૧૬૮૦માં સાગરપક્ષ નીકળ્યો.

(૧૨૬૫) + **રસરત્ન રાસ** (ઐ.) ૨૫૬ કડી ર.સં.૧૬૫૪ ખંભાતમાં
આ રાયચંદ્રસૂરિના સંબંધમાં રાસ છે.

આદિ – ધુરિ પહિલી ૧–વસ્તુ છંદ.

આદિ જિણવર **આદિ** જિણવર **અજિત** જિનનાથ,
શ્રી **સંભવ અભિનંદનહ સુમતિ પદમપ્રભ સુપાસ** સુંદર;
ચંદ્રપ્રભ ઉલ્હાસકર **સુવિધિ સીતલ શ્રેયાંસ** સંકર,
વાસુપૂજ્ય નઈં **વિમલજિન અનંત ધર્મ** શ્રી **સંતિ;**
કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી ઘનકંતિ. ૧
પાસ જિનવર **પાસ** જિનવર સુખકાર,
વર્દ્ધમાન ચઉવીસમઉ સકલ લોકદુહરાસિ ભંજઈ;
મોહ મહાભડ વસિ કરી મયણમાણઘણ હેલિ ગંજઈ,
ગૌતમ ગણધર તેહનઉ, લબધિ તણઉ ભંડાર,
સમરણ માત્રઈં જેહનઈં, હોઇ સુજય જયકાર. ૨
આસપૂરણ આસપૂરણ કલ્પતરૂ સાલ,
શ્રી **પાસચંદ** સૂરીસરૂ યુગપ્રધાન મહિમા વિરાજિત,
પંચમકાલિ વિશાલ જિણિ મુગતિપંથ પ્રકટિય સુશોભિત,
તાસુ તણા પયકજ નમી, આણી મનઉલ્હાસ,
વડતપગચ્છ ગુરૂ ગાઈયઉ, પૂરઉ મનની આસ. ૩

દુહા.

શ્રી **રાયચંદ** સૂરિંદવર, પુરૂષરયણ અવતાર,
મનમોહન મહિમાનિલઉ, કલા તણઉ ભંડાર. ૪
ભવિક કમલ પડિબોહણઓ, મિથ્યા તિમર હરંતિ,
છત્રીસી છત્રીસ ગુણ, અહનિસિ જે ધારંતિ. ૫

અંત – ઢાલ ૨૨ કનકકમલ પગલાં ઠવઈ–એ દેશી.

ચિર પ્રતપઉ સૂરીસરૂ એ જાં લગિ **મેરૂ** ગિરિંદ,
જયચંદગણિ ઉચ્ચરઇ એ, ભગતિઇં મન એકંત, જયચંદ ગણિ.
૨૩૭

*

થંભ પુરવર **પાસ**જી એ, ચિંતામણિ સમ જાણિ,
તાસ તણઈ સુપસાઉલઈ એ, રચ્યઉ રાસ રસાલ. જય.૨૪૮
સંવત **સોલ સર વેદ** નઈ એ, સંવચ્છરિ અભિરામિ,

ભગતિ ભાવિ મઇ ગાઈયઉ એ, શ્રી **રાયચંદ** સૂરિંદ. જય.૨૫૦
દેવેંદ્રાદિક જઇ મિલઈ એ, પાર ન પામઇ તોઇ,
તે ગુણ કેતા હું કહઉં એ, પણિ એ ભગતિ વિચારિ. જય.૨૫૨
જે આગમિસ્યઉં નહુ મિલઇ એ, મિચ્છાદુક્કડ તાસુ,
હિવ હૂં માગઉં એતલઉં એ, પૂરઉ મનહ જગીસ,
ગણિ **જયચંદ** ઇમ વીનવઈ એ, સેવ કરઉં નિસિદીસ. જ. ૨૫૫

વસ્તુ.

ન્યાન ગુણનિધિ ન્યાન ગુણનિધિ સુગુરૂ વિખ્યાત,
શ્રી **રાયચંદ** સૂરીસરૂ સકલસાર ગુણદેહ ભૂષિત.
તાસુ તણા ગુણ વર્ણવ્યા **પાસનાહ** સુપ્રસાદિ શોભિત,
મુનિ **કુંવરજી** ગણિવરૂ પ્રાર્થનિ ભગતિ જગીસ,
ગણિ શ્રી **જયચંદ** વીનવઈ પૂરઉ મનહ જગીસ. ૨૫૬

(૧) સં.૧૬૬૩ વર્ષે વૈશાષ વદિ ૬ શુક્રવારે, લિખિતં કુંયરજી-ગણિના શ્રી **અહમ્મદાવાદ** નગરે. (૨) પ.સં.૯, ગા.૨૫૫, લીં.ભં. દા.૩૭ નં.૭૨.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૧.

(૧૨૬૬) + રાયચંદ્રસૂરિ બારમાસ

આદિ – દૂહા.

સુંદરરૂપ સુજાણવર, સોહગ-મંગલકાર,
મનમોહન જિઓ વલ્લહઓ, પરતષિ સુર-અવતાર. ૧
શ્રી **રાયચંદ** સૂરીસરૂ, મહિઅલિ મહિમાવંત,
ગુણઆગર લીલાપવર, સારદસસિ જિમ સંત. ૨

અંત – શ્રી **રાયચંદ** સૂરીસરૂ, જે સેવઇ નરનારિ,
ગણિ **જયચંદ** ઇમ ઉચ્ચરઈ, તસુ હુઇ જયજયકાર. ૩૯

(૧) ઉપરની કૃતિમાં નિર્દિષ્ટ પ્રત (૨).

પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસસંગ્રહ. [૨. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

(૧૨૬૭) પાર્શ્વચંદ્રસૂરિના ૪૭ દુહા [અથવા છંદ] જોધપુરમાં

અંત – પાર્શ્વચંદ્ર પટ્ટોધરણ, **સમરચંદ્ર** ગુરૂ સૂર,
પરતે ગુરૂને પાલીયા પંચ મહાવ્રત પૂર. ૪૪
સમરચંદ્ર ગુરૂ સારિખા, **રાજચંદ્ર** તિણરાત,

ખડગધાર ચારિત્ર ખરો ચઢે ધરા લગ બાત. ૪૫
ગચ્છધોરી ગાજે ગુહિર **વિમલચંદ્ર** વડવાર,
પટ્ટોધરણ પ્રગટીયો **જયચંદ્ર** જગે આધાર. ૪૬
જે રાજા પરજાહ જે સહુકો નામે શીષ,
જયચંદ્ર આયો **જોધપુર** પુગી સબહિ જગીસ. ૪૭

[લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૩-૧૬, ભા.૩ પૃ.૮૨૩.]

૫૯૯. વસ્તુપાલ બ્રહ્મ (દિ. સરસ્વતીગચ્છ સુમતિકીર્તિ-ગુણકીર્તિશિ.)

(૧૨૬૮) રોહિણીવ્રત પ્રબંધ ર.સં.૧૬૫૪ આષાઢ શુદ ૩ સોમ સાબલીમાં

આદિ – **વાસુપૂજ્ય** જિન **વાસુપૂજ્ય** જિન, નમું તે સાર,
તીર્થંકર જે બારમો મનવાંછિત બહુ દાન દાતાર સાર એ.
અરૂણ વરણ સોહામણો સેવ્યાં દિધિ સુખતાર એ,
બાલ બ્રહ્મચારી રૂવડો સતરિયા પઉન્નત સહુ જલ.
વસુપૂજ્ય રાજ્ય નંદન નિપુણ **વિજયાદેવી** માત કુક્ષિ નિરમલ,
જસ પસાઈ જાણિયિ, કવિતકલા સુવિચાર.
વિઘન સવિ દુરિ ટલિ, મંગલ વર્ત્તિ સાર. ૧

અંત – **સાબલી** નયર સોયામણુ, **રાયદેશ** મઝારિ,
રાસ કરો તિહાં રૂવડો, કથા તણિ અણુસારિ. ૫

વસ્તુ

મૂલસંઘમંડણ (૨) સરસતિગચ્છસણુગાર,
બલાત્કારગુણે આગલા **શુભચંદ્ર** સાધુ યતીશ્વર.
તસ્ય પટ્ટોધર જાણિયિ, **સુમતિકીરતિ** સાર સૂખકર,
તસ્ય પદપંકજમધુકર **ગુણકીરતિ** સુવિસાલ.
તસ્ય ચરણે નમી સદા બોલે બ્રહ્મ **વસ્તપાલ.**

દૂહા

વિક્રમરાય પછિ સુણો, સંવછર **સોલ** સાર,
ચોપનો તે જાણીઇ, આષાઢ માસ સુખકાર.
શ્વેત પક્ષ સોહામણો રે તૃતીયા નિ સોમવાર,
શ્રી **નેમિ**જિન ભુવન ભલું રે, રાસ પુરૂ હવો તાર.

ભણિ ગુણિ જે સાંભલિ, મનિ આણી બહુ ભાવ,
બ્રહ્મ **વસ્તપાલ** સુધુ કહિ, તેહનિ ભવજલનાવ. ૩

(૧) બ્ર. **વછરાજ શિ.** બ્ર. **રાયમલ્લ** લિ. પ.સં.૧૬-૧૦, સ.ભ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૩-૨૪.]

૬૦૦. જયકુલ (ત. લક્ષ્મીકુલશિ.)

(૧૨૬૯) [+] તીર્થમાલા અથવા **ત્રૈલોક્યભુવન પ્રતિમા સંખ્યા સ્ત.**
કડી ૯૨ ર.સં.૧૬૫૪ આસો વ.૧૦ સોમ

આદિ – પ્રણમું માતાશ્રી **સરસ્વતી**, જે તુઠી આપઈ શુભ મતી,
નિજ ગુરૂચરણકમલ વંદેવિ, વિદ્યાનાયક મનિ સમરેવિ. ૧
તીરથમાલ રચું મનરંગિ, ઉલટ અચ્છઇ ઘણુ મુઝ અંગિ,
સુણયો ભવીઅણ જે જગિ જાણ, ભણયો પ્રહિ ઉગમતઇ ભાણિ. ૨

અંત – **તપગચ્છ**-ગયણિ ચંદલુ એ, મા. શ્રી **હેમસોમ** સૂરિંદ સુ.
તાસ તણા **પરિવાર**માં એ મા. છઇ પંડિતના વૃંદ સુ. ૮૮
પંડિતશ્રેણિશિરોમણી એ મા. **લક્ષ્મીકુલ**ગણિ સીસ સુ.
જયકુલ જનમ સફલ કરૂ એ મા. ગાઇઆ શ્રી જગદીસ સુ. ૮૯
અસુધ હુઇ તે સોધયો એ મા. કવિ લાગું તુહ્મ પાય સુ.
સંઘ સહુ સાનિધ કરિ એ મા. તુ કવિ પંડિત થાય સુ. ૯૦
સંઘ મોટિમ જેહનઇ દીઇ એ મા. તેહ જ મેરૂ સમાન સુ.
તીરથમાલા ભણિ ગુણિ એ મા. તેહ ઘરિ નવઈ નિધાન સુ. ૯૧

કલસ

વિક્રમ નૃપથી સંવછર **સોલ, ચઉપના** વરસિ આસો વદિ રંગરોલ,
પૂર્ણા તિથિ દસમી સોમવારિ જયકાર, તવીઆ પ્રભુ ભગતિ હરષ ધરી અનિવાર. ૯૨

(૧) શ્રી ત્રૈલોક્યભુવન પ્રતિમા સંખ્યા સ્તવનઃ પ.સં.૩-૧૯, મુનિ સુખસાગર.

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ, વર્ષ ૮ અંક ૬-૭, પૃ.૧૮૫-૯૧.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૪-૨૫.]

૬૦૧. વિદ્યાપ્રભસૂરિ (પૌ. વિમલચંદ્રસૂરિશિ.)

આ સૂરિ ક્યારે થયા તે જાણવા માટે પ્રયત્ન કરતાં પૂર્ણિમાગચ્છની પ્રધાન શાખાના વિદ્યાપ્રભસૂરિના પટ્ટધર લલિતપ્રભસૂરિનો સં.૧૬૫૪નો

ધાતુપ્રતિમાલેખ મળી આવે છે (બુ.૧, લે.૧૦૧). આ વિદ્યાપ્રભસૂરિ અને પૂજાકાર વિદ્યાપ્રભસૂરિ એક જ હોવાનો સંપૂર્ણ સંભવ છે તેથી આ કૃતિનો સમય ૧૭મા સૈકાના મધ્યમાં ગણી શકાય.

(૧૨૭૦) સત્તર ભેદી પૂજા સં.૧૬૫૪ આસપાસ

આદિ – શ્રી તીર્થંકર ચરણાન્નત્વા વગેરે પ્રથમ બે શ્લોકો છે.

રાગ ધવલ ધન્યાસી.

પહિલી પૂજા સાર ન્હવણ તણી જગિ જાણીએ એ.
આઠ સરસ ચુસઠિ કલસ ભરી જલ આણીઇ એ.
ગંગા યમુના નીર, **સિંધુ** નઈ **સરસ્વતી**,
તાપી મહીય ગંભીર, ક્ષીરસમુદ્રજલિ વિલસતી એ. ૨

અંત – ધન્યાસી રાગ

દ્રવ્યપૂજા શ્રાવકનિ કુલિ છાજિ, સાધુ કરિ ભાવપૂજા ભલેરી
તપઅલિ દુઃકૃત ભાજિ હો,
પૂનિમપખિ શ્રી **વિમલચંદસૂરિ**, ગચ્છપતિ-ગુરૂગુણ ગાજઇ.
શ્રી **વિદ્યાપ્રભસૂરિ** વિરચિત એ વિધિ, દિનદિન ઉત્સવ રાજિ.

(૧) પ.સં.૫-૧૯, પ્ર.કા.ભં. નં.૩૫૯.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૭૭–૭૮.]

૬૦૨. જ્ઞાનસાગર (ત.વિજયસેનસૂરિ–રવિસાગરશિ.)

એમણે 'નરવર્મ રાજ્યચરિત્ર'ની પ્રત સં.૧૬૫૨માં અમદાવાદમાં લખેલી છે. (ભાં.ઇ. સને ૧૮૯૧–૫ નં.૧૩૮૫)

(૧૨૭૧) નેમિ ચંદ્રાવલા ૧૪૪ કડી ર.સં.૧૬૫૫ જીર્ણગઢ (જૂનાગઢ)માં

આદિ – **સરસતિ** ભગવતી મન ધરી રે, સમરી શ્રી ગુરૂપાય,
નેમકુમર ગુણ ગાયવા રે, મુજ મન ઉલટ થાય.
મુજ મન ઉલટ થાય અપાર, સ્તવસ્યૂં **યાદવ**કુલસિણગાર,
બાવીસમો જિનવર બ્રહ્મચારી, જયજય **નેમજી** જગહિતકારી. ૧
રાજીમતી ભરતાર, વલીવલી વંદીયે રે,
રેવતગિરિ હિતકાર, દેખ્યાં ચિત આણંદીયે રે; રાજમતી. ૨

અંત – સંવત **સોલ પંચાવને** રે, **જીરણગઢ** ચોમાસ,
રૈવતકાચલ ઊપરે રે, ઊજલ સમ કૈલાસ,
ઉજ્જલ સમ કૈલાસ પ્રસાદ, દીઠાથી ટલિઓ વિષવાદ,
નેમિ જિણેસર સામી થુણિઓ, તિહાંથી સફલ જમવારો ગણિઓ. ૨૭

તપગચ્છનાયક જગ જયો રે, શ્રી **વિજયસેન** સૂરીંદ,
તપગચ્છ માંહિ ગાજતો રે, **રવિસાગર** મુનિંદ,
રવિસાગર મુણિંદ સોભાગી, તપજતકિરિયા સું લય લાગી,
સેવક **ધ્યાનસાગર** સુષકારી, સ્તવીઓ **નેમિ** સ્વામી આધારી. ૭૩

(૧) સં.૧૬૬૬ માગસિર વદિ ૨ ગ. **ધીરસાગર** લિ. પ.સં.૮–૧૨, લે. પાટણ. દા.૧૧ નં.૭૫. (૨) પ.સં.૯–૧૨, મ.જૈ.વિ. નં.૧૧૭. (૩) પદ્ય ૧૪૪, પ.સં.૫, પ્ર.કા.ભં. વડોદરા. (૪) લિ. **ધર્મવિજે – લક્ષ્મીવિજેજી** સં.૧૯૩૨ ફા.વ.૯ **ભાવનગરે ઋષભદેવપ્રસાદત**. પ.સં.૬–૧૪, ઘો.ભં. (૫) પ.સં.૭, પ્રે.ર.સં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૭).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૭, ભા.૩ પૃ.૮૨૫.]

૬૦૩. રત્નલાભ (ખ. અમરમાણિક્ય–ક્ષમારંગશિ.)

(૧૨૭૨) ઢંઢણકુમાર ચોપાઈ ગા.૩૫ ર.સં.૧૬૫૬ શ્રા.૮ ભૃગુવાર જયતારણમાં

અંત – સંવત **સોલ છપન્ના** સાવણુઈ, આઠમિ તિથિ ભૃગુવાર,
શ્રી **જયતારણ** પુરવર પરગડઉ, **મંડોવર** શૃંગાર. ૩૪
તિહાં શ્રી **વિમલનાથ** સુપસાઉલે, **ખિમારંગ**ગણિશિષ્ય,
રત્નલાભ ગુણ ગાવતાં, પૂજઇ મનહ જગીસ. ૩૫

(૧) સં.૧૭૫૧ મિ.વ.૧૨ વા. **રાજકીર્ત્તિ** શિ. **રાજનિધાન** લિ. એક ગુટકો, જિ.ચા.

(૧૨૭૩) શ્રીપાલ પ્રબંધ ચોપાઈ ર.સં.૧૬૬૨ ભા.વ.૬

આદિ– ઐં નમઃ સંધિ ઢાલ.
ચઉવીસે જિણવર મનિ ધ્યાઈ, સુયદેવી સમરૂં વરદાઇ,
પભણિસુ મહિમા માનવ પદ સાર, મંત્ર અનોપમ શ્રી નવકાર. ૧

*

સિદ્ધિચક્રનઉ એહજ મંત્ર, નવપદ આરાહઉ જે તંત્ર,
મયણાસુંદરિ જિમ **શ્રીપાલ**, આરાધત ફલિઉ તતકાલ. ૪

અંત– સંવત **સોલસઈ બાસઠ** વરસઇ, ભાદવ વદિ છઠી દિન હરષઇ. ૧૩
યુગપ્રધાન **જિનચંદ** સૂરિરાજ રે, શ્રી **જિનસિંહ**સૂરિ યુવરાજઇ,
વયણાયરિય **અમરમાણિક્ય**ગણિ, **ખિમારંગ** તસુ સીસસિરોમણિ.
રત્નલાભગણિ તેહનઇ સીસઇ, એહ પ્રબંધ રચ્યઉ સુજગીસઇ.
ભણતાં ગુણતાં દૂરિત પુલાયઇ, શ્રી સંઘ સહિત સુણાઇ સુખ થાયઇ.

(૧) સં.૧૬૬૭ આસો શુ.૧૫ લાંબા મધ્યે કેસા લિ. પ.સં.૯, અભય. પો.૪ નં.૨૫૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૧-૯૨.]

૬૦૪. નણુંદાચાર્ય-નર્મદાચાર્ય (ત. કમલકલશ શાખા, કમલકલશસૂરિ–મતિલાવણ્ય અને બીજા કનકશિ.)

લઘુ પોશાલિક તપગચ્છપટ્ટાવલીમાં જણાવ્યું છે કે સુમતિસાધુસૂરિએ પ્રથમ ઇંદ્રનંદી અને કમલકલશ નામના બે શિષ્યોને આચાર્યપદ આપ્યું હતું. પરંતુ પાછળથી તેમને સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે કહ્યું કે આ બેને આચાર્યપદ આપ્યું તે ઠીક નહીં કર્યું, કારણકે એઓ ગચ્છનો ભેદ કરશે, તેથી સુમતિસૂરિએ ફરી એક નવા આચાર્ય બનાવ્યા અને તેમનું નામ હેમવિમલસૂરિ એવું આપ્યું. સુમતિસૂરિના સ્વર્ગસ્થ થયા પછી ઉક્ત બંને આચાર્યોએ પોતપોતાના જુદા સમુદાયો પ્રવર્તાવ્યા; જેમાંથી ઇંદ્રનંદીસૂરિની શાખાવાળા 'કુતબપુરા' કહેવરાવા લાગ્યા અને કમલકલશસૂરિની શાખાવાળા 'કમલકલશ'ના નામથી ઓળખાવા લાગ્યા. મૂળ સમુદાય 'પાલણપુરા'ના નામે પ્રખ્યાત થયો. એ જ કમલકલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિ થયા હતા કે જેમણે સં.૧૫૬૬ના ફાલ્ગુન શુદિ દશમીએ આબુ પર્વત પર પ્રાગ્વાટ જ્ઞાતિના સં. [સંઘવી?] સહસાએ અચલગઢ ઉપર મહારાજાધિરાજ જગમાલજીના રાજ્યમાં ચતુર્મુખવિહાર બનાવ્યો તેની પ્રતિષ્ઠા કરી હતી તે વખતે તેમની સાથે ચરણસુંદરસૂરિ આદિ બીજો પણ કેટલોક શિષ્યપરિવાર હતો. જુઓ લેખાંક ૨૬૩ અને ૨૬૮, મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ ભાગ ૨જો. કમલકલશા ગચ્છ સં. ૧૫૭૨માં થયો એવું વિજાપુર વિદ્યાશાલાના ૩૧મા દાબડામાં એક પટ્ટાવલિ છે તેમાં ચોથે પાને લખ્યું છે.

આ કવિએ સ્વહસ્તે "સં.૧૬૬૦ શકે ૧૫૨૫ મધ્યે સિતાદૌ પંચમ્યાં દ્વિતીયવાસરે ગણિ ભોજસાગર વાચનાર્થે" ગ્રં.૧૩૮૦ની 'પંચાખ્યાનોદ્ધાર કથા' પત્ર ૭૨ની લખી છે. (ભાં.ઇ. સન ૧૮૭૧-૨ નં.૩૫૯.)

(૧૨૭૪) કોકકલા [શાસ્ત્ર] ચોપાઈ ૨.સં.૧૬૫૬ વિજયાદશમી બુધ બુરહાનપુરમાં

આદિ – દૂહા

માતંગી મતિ આપીયે, જિમ કવિત કરૂં સુરસાલ,
કોકકલા ગુણ વર્ણવું, પ્રીછે બાલગોપાલ. ૧

શ્રી **શારદ** તુમ્હ ધ્યાઇયઇ, અક્ષર આપે માય,
કૃપા કરી મુખ અવતરો, જિમ ગુણ આવે ઠાઇ. ૨
જે નર પહિલી કવિ હૂયા, તે તાહરે પ્રસાદ,
નામ જપંતા **સરસ્વતી**, ભાજઇ દુખવિખવાદ. ૩
કવિત કરેવા મન ઘણૂ, ખંતિ કરૂ દિણરાત,
વાચા અવિચલ આપીયે, કીજે કવિત સુજાત. ૪
પિંગલ જોઇ બાધીયઉ, ઉત્તમ કવિત પ્રમાણ,
લઘુ દીર્ઘ ગતિ ગુણ ભલા, ચોપઇ ચાલ વખાણ. ૫
કોકશાસ્ત્ર કોકે કીયઉ, તે જાઇ સુવિચન્ન,
કવિ **નરબદ** ઇમ ઉચરઇ, બોલૂ કવિત કથન્ન. ૬

અંત – હવે કવિ **નરબુદ** બોલે એ કથા, નામ ઠામ પોતાના યથા,
કવણ વંશ માહિં ઉપના, તેહ સંક્ષેપ બોલુ અધુના. ૫૯
ગુજ્જર દેશ માંહિં અભિરાંમ, ધર્મધ્યાનનો ઉત્તમ ઠામ,
યતિ સતિ તપ આગમ જ્ઞાન, સર્વ લોક વસૈં સાવધાન. ૬૦
કલિયુગ ગંગા સાબરમતી, ઉત્તમ નીર વહેં સાસ્વતી,
સદા કાલ જલ પૂરણ વહેં, સ્નાન પાપતણાં નર દહેં. ૬૧
કંઠ નગર વસેં અભિરાંમ, **અમદાવાદ** શ્રી ઉત્તમ ઠામ,
સર્વ વસ્તૂ પામીજૈ જેહ, **જંબુદ્વીપ** માંહિ ન મલૈ તેહ. ૬૨
શ્રી **શ્રીમાલી** તિહા વિવહાર, **દેવરાજ** નામે ઉપચાર,
માન દીયૈ **મહમદ** સુલતાંણ, **મહિતા** માહિ વડો બંધાણ. ૬૩
નેહ ધરે કુલવંતી સાર, વિપક્ષચૂરણ કુલવિખાત.
રાજુલદે નામે ઉતરે, તેહની કુખે હૂ અવતર્યો. ૬૪
કર્મસંયોગે **મારૂ** દેશ, નગર **શીરોહિ** કીધ પ્રવેશ,
તિહાં રહેવાનો કીધો ઠામ, યોગા થયા લહ્યા ગુણગ્રામ. ૬૫
નવમૈ વરષૈ શ્રી ગુરૂ તણા, પામ્યા ચરણ મનોરથ ઘણા,
દીક્ષા લીધી શ્રી ગુરૂ પાસ, ભવબંધણ તે છોડયા તાસ. ૬૬
શ્રી **તપગછ** માહિં જશવંત, **કમલકલશ** શાખા બોલંત,
ગછનાયક શ્રી પૂજ્ય પ્રમાણ, જાણે ગગન ઉદંતા ભાણ. ૬૭
ધર્મધુરંધર શ્રી ગુરૂ નામ, **કમલકલશ** શિષ્ય અભિરામ,
મહા ગુણવંત મહા ગંભીર, પંચમહાવ્રત યતિ સુધીર. ૬૮
પ્રોઢ ભટારક પાટધારિ, જેહની કીરત યુગમાં ઘણી,

મહા ગુણવંતા ગણધર ભાવ, પંડિત શ્રી **મતિલાવણ્ય** ભાવ. ૬૯
બીજા પન્યાસ **શ્રીગધર**...કહે સુખવાસ,
ત્રીજા ગણિ **શ્રીપતિ** પન્યાસ, કહ્યા ભાવ પ્રસિદ્ધ પ્રમાણ. ૭૦
સૂરિશ્વરના ગણધર એહ, કેતલા નામ કહુ બહુ તેહ,
ગચ્છ માહિ ગુણવંત ગંભીર, યતિઅત **કનક** નમૈ ધીર. ૭૧
એહવા ગુરૂ ભટારક જેહ, કહુ ઉપમા સવાઈ તેહ,
શિષ્ય **નરબુદનૈં** કરૂણ કરી, દીધો પદ તૈં ઉતમ ધરી. ૭૨
દેઈ દીક્ષા નેં દીધો મંત્ર શ્રી **સરસ્વતી** બાંધ્યો તંત્ર,
ઘણા દિવસ મેં સેવા કરી, શ્રી **સારદ** કરૂણા આદરી. ૭૩
વર્ષે તેર મૈં આવ્યો માન, માતંગી દીધો વરદાન,
શ્રી ગુરૂચરણ પસાઈ કરી, કવિજન મતિ **નરબદ** આચરી. ૭૪
ઘણા દિવસ ગુરૂને સેવિયા, ભણી ગણીનૈં પોઢા થયાં,
વિહારકર્મ તિહાથી કીધ, શ્રી ગુરૂની અનુઆજ્ઞા લીધ. ૭૫
દક્ષણ દેશ પ્રતિ કીયો વિચાર, કોતુકયૌ આ દેશ અપાર,
અનેક બોધવીયા જીવનૈ, કવિ મંદગતિ પામિ દેશનૈ. ૭૬
દેવયોગ ચાલંતાં લહી, **ખાનદેશમૈ** આવ્યા વહી,
ગઢ **આસેર** તિહાં અભિરામ, **બરહાપુર** નગરનો નામ. ૭૭
રાજ બલવંત સુજાણ, વેરીના ભાજૈ ભડ ઠાણ,
સદા અભંગ તરવારહ તેજ, જાતિ ફારક કલાવિવેક. ૭૮
મીરાંહ દલસાહ સુજાણ, તાસ પૂત્ર બલવંત વખાણ,
મીરાં બહાદુરસાહ થારકી, કીરત ઘણી ન જાણું લખી. ૭૯
સંવત **સોલ છપને સાર**, શક **પનર એકવીસ** મઝારિ,
ધાતૂ અયમ દક્ષિણદિશ રવિ, શરદશપતિ માહિ બાલ કવિ. ૮૦
આસુ અધિક મહોછવ માસ, પક્ષ અજૂઆલેં શશિપ્રકાશ.
વિજયા દશમી મન આણંદ, વાસર બુધ સુખ પરમાનંદ. ૮૧
ઉત્તરા આષાઢ નક્ષત્ર સુવિચાર, શ્રી **નરબુદ** બોલૈં કવિરાજ,
કર્કરાશિ ગુરૂ ગ્રહ ભોગવૈ, તુલે શનિ આવણ ચીતવૈ. ૮૨
સુભ મહુરત શુભ વેલા સાર, ઉત્તમ લક્ષણ તણો વિચાર,
શ્રી **નરબુદ** બોલેં કવિરાજ, કવી ચોપઇ સંપૂરણ આજ. ૮૩
શ્રી ગુરૂ તણી કૃપા આદરી, **કોક ચોપઇ** સંપૂર્ણ કરી,
જે નર હોવેં ચતુર સુજાણ, નારિ પ્રેમ વિલૂધા પ્રમાણ. ૮૪

તે એ કથા સુણસે સહી, અથવા ન પાશે સરસી લહી,
સુણતાં ચિત્ત હોસ્યૈ આણંદ, પરમસુખ પામૈ પરમાણંદ. ૮૫
કોક તણો મદ લેઇ કરી, ચાલ ચોપઇ કવિ ઉચરી,
બુરહાંનપુર નગરમાં થઈ, કોકદેવ નામે ચોપઇ. ૮૬
દશ પ્રકાર સંપૂરણ હૂઆ, વિગત કરિ કથા જૂજૂઆ,
શ્રી માતંગીને વરદાન, કરી ચોપઇ અમૃત સમાન. ૮૭
જે નર સ્ત્રીઆલુબધા હસૈ, તેહ નામને ઈણી ગ્રંથૈ વસૈં,
જિનકમલ માહિ ભમર રમૈ, ગંધ કેતકી છાંડૈ ક્રીમૈ. ૮૮
નાના ગ્રંથ તણા મત જોય, કોક ચોપઇ કીધી સોય,
શ્રી નરબુદ કહૈ કવિરાજ, એહ ગ્રંથ થરિ હસ્યો સમરાજ. ૮૯
જે નર સૂણૈ શ્રવણે સહી, બુધીવિસ્તાર હોસૈ નર લહી,
વિરહી તણા ભાજસૈ દુઃખ, ભોગી જનને પ્રાપ્ત સુખ. ૯૦
જિહાં લગેં રવિ શશિ ગગનેં તપૈ, જિહાં લગેં મેરૂ મહિમધ્ય જપૈ.
તિહાં લગેં કથા રહસ્ય પુરાંણ, કવિ નરબુદ કહૈં કથાવખાણ. ૯૧
કામશાસ્ત્ર અતિ ઉત્તમ એહ, દેઇ ચિત્તનેં સુણસેં જેહ,
અનંત સુખ પામિસેં સદા, શ્રી નરબુદ કહે સુખસંપદા. ૯૨

(૧) ઇતિશ્રીમજ્જિનાચાર્ય શ્રી નરબુદાચાર્યવિરચિતે કોકશાસ્ત્રે દશમ પ્રકાર સ્થિતિવર્ણપ્રકાર સંપૂર્ણ સં.૧૭૯૨ વર્ષે કાર્તિક [માસે શુક્લ પક્ષે દશમી તિથૌ ગુરૂવાસરે વડગામ મધ્યે. પ.સં.૪૬–૧૩, પ્રથમ પત્ર નથી, પ્ર.કા.ભં. નં.૨૨૧. (૨) સં.૧૮૭૯ પ્રથમ ચૈત્ર ભોમે લાલવિજય લિ. ભૃગુકચ્છે. પ.સં.૬૯, અભય. પો.૧૬. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૨૩–૨૬, ભા.૩ પૃ.૮૨૭–૨૮.]

૬૦૫. શ્રવણ (સરવણ) (પાર્શ્વચંદ્રશિ.)

(૧૨૭૫) ઋષિદત્તા રાસ ૨.સં.૧૬૫૭ પો.શુ.૫ પાટણમાં

(૧) સં.૧૬૫૮ મા.શુ.૧૩ અમદાવાદે જયરાજ લિ. મેઘરાજ નેપુરા પઠનાર્થં. પ.સં.૧૮, સારી પ્રત, અભય. પો.૧૨ નં.૧૨૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૭૮.]

૬૦૬. ક્ષેમકુશલ (ત.મેઘશિ.)

(૧૨૭૬) લૌકિક ગ્રંથોક્ત ધર્માધર્મ વિચાર સૂચિકા ચતુઃપાદિકા ૨.સં.૧૬૫૭ વૈ.શુ.૧૦ શુક્ર

આમાં જીવદયા, માંસત્યાગ, મદ્યત્યાગ, અતિથિ આદિ વીસ અધિકાર છે.

આદિ – **સરસતિ** દેવિ સમરૂં નિશિદીસ, શ્રી ગુરૂચરણે નામી સીસ,
બોલું ધર્માધર્મવિચાર, જે જાણઇં જીવ તરઈ સંસાર. ૧
સર્વ ધર્મ સાંભલવા સહી, એહિ વાત **પરમેશ્વરિ** કહી,
તે માહિલો તત્ત્વ વિચાર, ગ્રહી કીજઇ નિત આતમસાર. ૨
સાચું બોલઈ ધર્મ ઉપજઇ, દયાદાનિ સાચું નીપજઇ,
ક્ષમાવાડિ રખોપું કરો, ક્રોધ લોભ રિપુ દૂરિઇં ધરો. ૩

અંત – **ઇંદુ રસ બાણ મુનિ** જાણિ, ઇણઇ સંવત્સરિ ચહી પ્રમાણિ,
વૈશાખ શુદિ દશમી શુક્રવાર, રવિયોગઇં વેદ પદિકા સાર. ૪૬૨
અકબર સાહા પ્રતિબોધ્યો જેણ, **સેત્રુજ** મુક્તો કરાવ્યો તેણિ,
વરસિ ષટમાસી અમારિ, જીજિયા દાણ મુંકાવ્યા સાર. ૬૩
શ્રી **હીરવિજય**સૂરિ ત્રિજગ પ્રસિદ્ધ, નામિ લહીઇ વંછિત સિદ્ધિ,
શ્રી જિનસાસન ઉદયો ભાણ, શ્રી **વિજયસેન**સૂરિ યુગપ્રધાન.
પાટ પ્રભાકર શરદ દિણિંદ, જય જય **વિજયદેવ સૂરિંદ**,
તપગચ્છમંડણ **મેઘ** મુણિંદ, **ક્ષેમકુશલ** સુખ પરમાણંદ. ૬૫
જિહાં ગયણંગણિ તારાચંદ, મહીયલિ દીપઇ મેરૂ ગિરીંદ,
જિહાં લોકપ્રસિદ્ધા સાગર સાત, તિહાં જઉ ચઉપઇ જગવિખ્યાત.

(૧) ઋષિ **સૂરવર્દ્ધન** લિ. પ.સં.૧૯-૧૨, ડે.ભં. દા.૭૧ નં.૩૭. (૨) સં.૧૭૩૩ ચૈ.શુ.૧૦ સોમે પં. **પ્રીતિ**વિજયગણિ શિ. મુનિ કેશરવિજય લિ. રોહિડા નગરે. પ.સં.૧૨-૧૮, હા.ભં. દા.૮૧ નં.૩૭. [મુપુગૂહસૂચી.]

(૧૨૭૭) રૂપસેનકુમાર રાસ ૪૬૨ કડી લ.સં.૧૬૮૨ પહેલાં

આદિ – રાગ–ભૂપાલ.

રિષભ શાંતિ નેમીશ્વરા, પાસ વીર પરણામ,
ઋદ્ધિવૃદ્ધિ સંપતિ મિલઇ, જસ લીદ્ધંતિઇ નામ. ૧
સહગુરૂવચન સુહામણા, સુણતાં નાવઇ રીસ,
ભૂપ નમઇ જગિ વસ્ય હુઇ, સહુકો નામઇ સીસ. ૨
હૃદયકમલ રાખું સદા, શ્રી જિનશાસનદેવિ,
અહનિશિ સા આરાહીઇ, વિઘન વિણાસઇ હેવિ. ૩
વિમલકમલદલવાસિની, વંછિત પૂરઇ આસ,
સા **સારદ** મનિ સમરતાં, આપઇ વચનવિલાસ. ૪

શ્રી **મનમથ** નૃપ કુલતિલઉ, **રૂપસેન** અભિધાન,
તાસ તણી સુકથા કહું, સુણજ્યઉ સહુ સાવધાન. ૫

અંત – દૂહા રાગ–ધન્યાસી.
સંગતિ કીજઇ સાધની, **ખેમકુસલ** પૂરછેવ,
સમરી મંત્ર નવકાર પદ, રોમરાય વિકસેવ. ૪૬૦
સું કીજઇ ન્યાયનું રસ રાખઇ બિહુ ઠાણઇ,
નામ ધરઇ નિજ ગુરૂ તણઉં, થિર સુખ લઇ નિર્વાણિ. ૪૬૨

(૧) સં.૧૬૮૨ **અંચલગચ્છે** ઋ. જીવરાજ લ. પ.સં.૧૭–૧૬, વી.ઉ.ભં. દા.૧૭.

(૧૨૭૮) શ્રાવકાચાર ચોપાઈ ૭૮ કડી

આદિ – જગબંધવ સામી જિણરાય, ભગતિ કરી પ્રણમું તસુ પાય,
શ્રાવક ભણી કહું હિતસીખ, દેસવિરતિ કહિયૈ જિનદીખ. ૧

અંત – જોઇ આગમ અરથવિચાર, એ બોલ્યો શ્રાવકઆચાર,
શ્રી જિનધર્મ કરઇ જે સાર, **ખેમકુશલ** તે લહઇ અપાર. ૭૮

(૧) પ.સં.૩–૧૫, ભાગ્યરત્ન ખેડા. (૨) વા. **સહજરત્નગણિ** શિ. હર્ષલાભ મુનિના લિ. સા. **સદા** પઠનાર્થં શુભમસ્તુ. પ.સં.૪–૧૧, જૂની પ્રત, મુક્તિ. નં.૨૪૪૬.

(૧૨૭૯) વિમલાચલ [અથવા **શત્રુંજય**] **સ્ત.** ૪૨ કડી

અંત – શ્રી **હીરવિજય** સુરિંદ રાજિં, **વિજયસેન** સૂરીશ્વરૂ,
શ્રી પંડિત **મેઘ** મુણિંદ સીસઇ, થુણ્યો **ક્ષેમકુશલ** કરૂ. ૪૨

(૧) ઇતિ શ્રીમત **સકલતીર્થ** મસ્તક મુકુટાયમાન **વિમલાચલસ્ય** કાલબદ્ધમાનેકવિંશતિ નામ સપ્તોદ્ધારં સંઘપતિ સિદ્ધસંખ્યાસૂચિત વિચારમય સ્તવન મહામંગલમયમિતિ ભદ્રં સંપૂર્ણં, સમાપ્તં. [ભં. ?] [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૯, ભા.૩ પૃ.૯૪૨–૪૪.]

૬૦૭. મુનિશીલ (આં. વિદ્યાશીલ–વિવેકમેરુશિ.)

(૧૨૮૦) જિનપાલ જિનરક્ષિત રાસ ર.સં.૧૬૫૮ માહ વદ ૮

અંત – શ્રી **અંચલગચ્છ** સુહગુરૂ સુરતરૂ સારિખાજી, શ્રી **ધરમમૂરતિ**સૂરિ,
તે સહગુરૂના ચરણકમલ નિતિ વાંદીઈજી, દોહગ જાઇ દૂરિ. ૧૬
કરિ શર રસ ઇંદુ માસ કુમારઇ સલહીજી, બહુલ આઠમિ દિન ચાર,
સંધિ રચી એ સંઘ તણઇ આગ્રહિ કરીજી રવિ શશિ નયર

મજારિ. ૧૭

સૂત્ર અરથથી જિમ ગુરૂમુષિ સાંભલિઉજી, અરથ વષાણિઉ એહ,
ઓછઉ અધિકઉ મિચ્છાદુક્કડ મુહનઇજી સુકવિ ષમજ્યો તેહ. ૧૮
શ્રી **વિદ્યાશીલ** સીસ સુપરિ સોહામણિ પંડિત પુહુવિ પ્રવીણ,
વિવેકમેરૂગણિ સંયમગુણ કરિ વિચરતાજી, હું તસ્ય ચલણે
લીણ. ૧૯
ત્રીજા જિનવર **સંભવનાથ** પસાઉલિજી મુનિ જંપઇ **મુનિશીલ,**
જે નરનારી ભણસ્યઇ ગુણસ્યઇ સાંભલઈજી લષિ પરિ પામઈ
લીલ. ૨૦

(૧) સં.૧૬૯૪ વર્ષે ભાદ્રવા વદિ ૧૪ ગુરુ. ઈડર બાઈઓના ભં. (૨) પ.સં.૩, દાન. પો.૪૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૨-૯૩, ભા.૩ પૃ.૮૭૯.]

૬૦૮. સમયસુંદર ઉપા. (ખ. જિનચંદ્રસૂરિ-ઉપા. સકલચંદ્રશિ.)

આ કવિ એક ઘણા પ્રતિષ્ઠિત અને ઉત્તમ કાવ્યકાર થયા છે. સં. ૧૬૪૯ના ફાગણ શુદ બીજે બૃહત્ ખરતરગચ્છના યુગપ્રધાન જિનચંદ્રસૂરિએ અકબર બાદશાહના કહેવાથી લાહોરમાં માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહસૂરિ રાખ્યું તે સમયે તે જ જિનચંદ્રસૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર તથા ગુણવિનય (જુઓ નં.૫૪૯) એ બે સાધુઓને ઉપાધ્યાયપદ આપ્યું. અકબર બાદશાહે લાહોરથી જિનચંદ્રસૂરિને પોતાની પાસે બોલાવ્યા ત્યારે તે સૂરિએ બાદશાહ પાસે જવા વિચાર કર્યો અને તે વખતે સાથે સમયસુંદર કવિ પણ હતા. આ વિહાર ગુજરાતથી જાલોર, મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઈ લાહોર સુધીનો હતો. એટલે ૧૬૪૯ પહેલાં કવિ ગુજરાતમાં જ રહ્યા હતા અને ૧૬૪૯માં લાહોરમાં ઉપાધ્યાયપદ મેળવી પછી તે બાજુ ને વિશેષમાં મેવાડ-મારવાડમાં પ્રવાસ કર્યો છે અને તેથી તેમની મુખ્ય ગુજરાતી ભાષામાં અનેક દેશોના પ્રાંતીય શબ્દો, મારવાડી, ફારસી શબ્દો જોવામાં આવે છે. આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેમાં રચનાસ્થલ જણાવેલ છે તે પરથી જણાઈ આવે છે. તેઓ સંસ્કૃત ભાષાના અચ્છા જ્ઞાતા હતા. તેમણે તેમાં રચેલા ગ્રંથો પરથી તેઓ એક સમર્થ વિદ્વાન, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી અને અનેક ગ્રંથોના અવલોકનકાર હતા. તેમના ગ્રંથોમાં ભાવશતક સં.૧૬૪૧, પુણ્યનંદીકૃત રૂપકમાલા (ગુ.) પર સંસ્કૃત અવચૂર્ણિ સં.૧૬૬૩, કાલિકા-

ચાર્યકથા સં.૧૬૬૬, સામાચારીશતક સં.૧૬૭૨ મેડતા, વિશેષશતક સં. ૧૬૭૨ મેડતામાં, ગાથાલક્ષણ સં.૧૬૭૩ મેડતા, વિચારશતક સં.૧૬૭૪, અષ્ટલક્ષી શરૂ કર્યો સં.૧૬૪૯ અને પૂરો કર્યો સં.૧૬૭૬ લાહોરમાં કે જેમાં 'રાજાનો દદતે સૌખ્ય' એ વાકયના આઠ લાખ અર્થો કર્યા છે (જુઓ પીટર્સન ચતુર્થ રિપોર્ટ નં.૧૧૭૪ પૃ.૬૮), વિસંવાદશતક સં.૧૬૮૫, વિશેષસંગ્રહ સં.૧૬૮૫ લૂણકર્ણસરમાં, ગાથાસહસ્રી સં.૧૬૮૬, જયતિહુયણ સ્તોત્ર પર વૃત્તિ સં.૧૬૮૭ પાટણમાં, દશવૈકાલિક સૂત્ર પર શબ્દાર્થવૃત્તિ સં.૧૬૯૧ ખંભાતમાં, વૃત્તરત્નાકરવૃત્તિ સં.૧૬૯૪ જાલોરમાં, તથા કલ્પસૂત્ર પર કલ્પકલ્પલતા નામની વૃત્તિ, રઘુવંશ પર વૃત્તિ, સંવાદસુંદર, ચાતુર્માસિક વ્યાખ્યાન, નવતત્ત્વ પર વૃત્તિ અને પ્રશ્નોત્તર સારસંગ્રહ આદિનો સમાવેશ થાય છે. સં.૧૬૪૧માં ભાવશતક ગ્રંથ રચ્યો અને સં. ૧૭૦૦માં ગુજરાતીમાં વૃદ્ધપણામાં 'દ્રૂપદી સંબંધ' એ ગુજરાતી ભાષામાં રાસ રચ્યો ત્યારે ૧૬૪૧માં ૨૧ વર્ષની ઉંમર કવિની ગણીએ તો ઓછામાં ઓછું ૮૦ વર્ષનું આયુષ્ય ગાળ્યું હોય એમ પ્રાયઃ નિશ્ચિત થાય છે.

આ ઉપરાંત એ પણ જણાય છે કે તેમણે સં.૧૬૭૬માં રાણકપુર (સાદડી પાસે) જાત્રા કરી અને સં.૧૬૮૨માં જેસલમેર પાસેના અસલ રાજધાની લોદ્રવપુરના વતની થેરુ ભણસાલીએ જેસલમેરથી શત્રુંજય જવાનો સંઘ કાઢ્યો હતો, તેમાં પણ તેમણે સંઘ સાથે રહી શત્રુંજય યાત્રા કરી હતી. તેમ બીજાં અનેક તીર્થોની જાત્રા કરી હતી. વૃદ્ધપણામાં અમદાવાદ અને તે આસપાસ ગુજરાતમાં જ રહી સ્વર્ગવાસ કર્યો હોય તેમ સંભવે છે.

સં.૧૬૭૨માં 'વિશેષશતક' સંસ્કૃતમાં રચેલ છે જેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છે:

> શ્રીમત્**ખરતર**ગચ્છે શ્રીમજ્**જિનસિંહ**સૂરિ ગુરુરાજ્યે
> સામ્રાજ્યં કુર્વાણે યુગપ્રધાનાખ્ય બિરુદધરે. ૧
> વિક્રમસંવતિ **લોચન મુનિ દર્શન કુમુદબાંધવ** પ્રમિતે,
> શ્રી **પાર્શ્વ**જન્મદિવસે પુરે શ્રી **મેડતા** નગરે. ૨
> યુગપ્રધાન પદવી શ્રી **અકબ્બરસાહિ**ના,
> યેભ્યો દત્તા મહાભાગ્યાઃ શ્રી **જિનચંદ્ર**સૂરયઃ ૩
> તેષાં શિષ્યો મુખ્યં સ્વહસ્તદીક્ષશ્ચ **સકલચંદ્ર**ગણિઃ
> તચ્છિષ્ય**સમયસુંદર**સુપાઠકૈઃ કૃતં શતકમિદમ્. ૪

(૧) સં.૧૭૨૭ વર્ષે શ્રાવણ વદિ ૩ દિને શનિવાર શ્રી ગુઢા મધ્યે

પં. કલ્યાણનિધાનમુનિનાંતેવાસિના પં. લબ્ધિચંદ્રમુનિ લિપિચક્રે. વિ.ધ.ભં.

તેમની શિષ્યપરંપરામાં સ્વશિષ્ય હર્ષનંદન બહુ વિદ્વાન્ હતા કે જેમણે 'મધ્યાહ્નપદ્ધતિ' નામનો ગ્રંથ સં.૧૬૭૩માં પાટણમાં રચ્યો છે. તેમાં પોતાનીપ્રશસ્તિ આપતાં સ્વગુરુ સમયસુંદર માટે વાચનકલાવિકલાનિષ્ણાત, તર્કવ્યાકૃતિસાહિત્યજ્યોતિ, સમયતત્ત્વવિદ્ એ યથાર્થ વિશેષણો આપ્યાં છે અને વિશેષમાં જણાવ્યું છે કે:

પ્રજ્ઞાપ્રકર્ષઃ **પ્રાગ્વાટે** ઇતિ સત્યં વ્યધાયિ યૈઃ
યેષાં હસ્તાત્ સિદ્ધિઃ સંતાને શિષ્યશિષ્યાદૌ.
અષ્ટલક્ષાનર્થાનેકપદે પ્રાપ્ય યે તુ નિર્ગ્રન્થાઃ
સંસારસકલસુભગાઃ વિશેષતઃ સર્વરાજ્ઞાનાં.

આ પરથી જણાય છે કે સમયસુંદર પ્રાગ્વાટ – પોરવાડ વણિક હતા. આ હર્ષનંદને ખરતરગચ્છની લદ્વાચાર્યીય નામની આઠમી શાખા જિનસાગરસૂરિએ સં. ૧૬૮૬માં કાઢી હતી તે બહુ વધારી. સમયસુંદરના પ્રશિષ્ય હર્ષકુશલ ઉપાધ્યાય થયા કે જેમણે કવિની ભાષાકૃતિ 'ધનદત્ત ચોપઈ' સંશોધી હતી. વળી તેમની શિષ્યપરંપરામાં કુશલચંદ ઉપાધ્યાય થયા અને તેના શિષ્ય આલમચંદ થયા કે જેમણે સં.૧૮૨૨ના માગશર શુદિ ૪ના દિન 'સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી' ભાષામાં રચેલ છે. જુઓ ઓગણીસમી સદીમાં આગળ કવિ આલમચંદ.

સમયસુંદરના સંતાનીય કીર્તિવર્ધન–અમરવિમલ–અમલચંદ્ર–ભક્તિવિલાસ–જયરત્નશિ. કસ્તૂરચંદે ૧૮૯૯માં જયપુરમાં જિનહેમસૂરિરાજ્યે 'જ્ઞાતાસૂત્ર ટીકા' રચી. પ્ર.કા.ભં. નં.૯૦૨ (વે.).

આ કવિના સંબંધમાં અતિ વિસ્તારથી મેં 'કવિવર સમયસુંદર' એ નામનો નિબંધ ભાવનગરની સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં લખી વાંચ્યો હતો અને તે 'જૈન સાહિત્ય સંશોધક'ના ખંડ ૨ અંક ૩માં પ્રકટ થયેલ છે તે જોઈ લેવા વાચકને ભલામણ છે.

(૧૨૮૧) [+] ચોવીસી ર.સં.૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમાં

આદિ– રાગ મારૂણી.

રિષભદેવ મેરા હો,
પુણ્યસંયોગઇં પામીઆ મઈં, દરસણ તેરા હો. ૧
ઋષભદેવ મેરા હો.

અંત – રાગ ધન્યાસિરી.

તીર્થંકર રે ચઉવીસે મઈં સંસ્તવ્યા રે,
ઋષભાદિક જિનરાય ઇણિ પરિ વીનવ્યા રે
વસુ ઇંદ્રી રે **રસ રજનીકર** વચ્છરઈ રે,
અહમદાવાદ મઝારિ વિજયાદશમી દિનઈં રે,
ગુણ ગાયા તીર્થંકરના શુભ મનઈં રે. ૧ તી.
ખરતરગચ્છ રે શ્રી **જિનચંદ** સૂરીસરૂ રે,
જિનસિંઘ સૂરીસ **સકલચંદ** મુનિવરૂ રે,
સુપસાયઇ રે **સમયસુંદર** આણંદકરૂ રે. ૨ તી.
—ઇતિ શ્રી ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ.

(૧) પ.સં.૩, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૭ નં.૨૩૯૩. (૨) પ.સં.૨૯, **વિનયચંદ, જિનહર્ષ**, દેવચંદકૃત ચોવીશીઓ સહિત, મહિમા. પો.૬૩. (૩) પ.સં.૮, કૃપા. પો.૫૨ નં.૧૦૩૧. (૪) પ.સં.૫, પ્રતિ ૧૯મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૬૫. (૫) પ.સં.૫-૧૧, શુદ્ધ પ્રત, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૪૮).]

[પ્રકાશિત : ૧. ૧૧૫૧ સ્તવનમંજૂષા. ૨.સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૨૮૨) સાંબપ્રદ્યુમ્ન પ્રબંધ [અથવા **રાસ**] ૨૨ ઢાળ ર.સં.૧૬૫૯ વિજયાદશમી ખંભાતમાં

આદિ– શ્રી **નેમિસર** ગુણનિલુ, જગજીવન જિણચંદ,
બ્રહ્મચારી-ચૂડામણી, પ્રણમું પરમાણંદ. ૧
પુરસાદાણિ **પાસ**જિણ, **થંભણ**પુરિ થિર ઠામ,
તાસ જપંતાં જેહનું, સીઝઈ વંછિત કામ. ૨
વર્દ્ધમાનસામી સધર, ધ્યાન ધરૂં નિસદીસ,
જયવંતું તીરથ જેહનું, વરસ સહસ એકવીસ. ૩
તાસ સીસ ત્રિભુવનતિલઉ, ગણધર **ગૌતમ**સામિ,
અષ્ટ મહાસિધિ સંપજઈ, નિત સમરંતા નામ. ૪
સકતિ નહી મુઝ તેહવી, બુદ્ધિ નહી સુપ્રકાશ,
વચનવિલાસ નહી તિસ્યઉ, એ પણિ **પ્રથમ અભ્યાસ**. ૫
સંબ પ્રજૂનકુમર તણા, ચરિત અનેક અપાર,
કહઉ કિણ પરિ હું વર્ણવું, પણિ છઈ એ આધાર. ૬
નદી તરંતાં બેડલી, સમુદ્રે વાય સુવાય,
તિમ મુઝ આલંબન અછઈ, સુગુરૂ તણઉ સુપસાય. ૭

આઠમઈ અંગઈ એ કહ્યા, સંક્ષેપઇં સંબંધ,
પણિ હું પ્રકરણથી કહિસિ, વિસ્તરપણઈ પ્રબંધ. ૮
સાધ તણા ગુણ ગાવતાં, લાભ અણુંતા હોઈ,
પ્રથમ **પ્રજૂન**કુમારગુણ, સાંભલજ્યો સહુ કોઈ. ૯

*

ઢાલ ૧૩.

*

૩ રાગ આસાઉરી સિંધૂડો મિશ્ર. ચરણાંલી ચાંમુંડા રણે ચડે, ચખ કરી રાતા ચાલો રે, વિરતિ દાનવદલ વિચિ, ઘાઉ દીયે ઘમરોલો–ચરણાલી. એહની ઢાલ.
૪ વરસાલો સાંભરે.
૫ ચેતે ચેતન કરી. અથવા પ્રત્યેક બુદ્ધના પહેલા ખંડની આઠમી ઢાલ-ધન પદમાવતી–એહની ઢાલ.
૬ ઓલગડીની-રાગ મલ્હાર.
૭ થાકી ઓલો આંવેજી.

*

સાતમી ઢાલ પૂરી થઈજી, **રામ** રહ્યા વનવાસ,
સમયસુંદર કહે સહુ મિલીજી, **ભરત**ને દ્યો સાબાસિ. ૧૮
બીજો ખંડ પૂરો થયોજી, સાંનિધિ શ્રી **જિનચંદ**,
સકલચંદ સુપસાઉલેજી, દિનદિન અધિક આણંદ. ૧૯
શ્રી **ખરતરગચ્છ** રાજીઓજી, શ્રી **જિનરાજ** સૂરીસ,
સમયસુંદર પાઠક કહેજી, પૂરો સંઘ જગીસ. ૨૦

—સર્વગાથા ૧૯૨ રામસીતાવનવાસવર્ણનો નામ દ્વિતીયઃ ખંડઃ

ત્રિણ વિણ ગીત ન ગાઇયે, ત્રિણ વિણ મુગતિ ન હોઈ,
કહું ત્રીજો ખંડ તે ભણી, જિમ લહે સવાદ સહુકોઈ. ૧
રામચંદ આશ્રમે રહ્યા, પહેલી રાતિ મઝાર,
આવી આગલિ ચાલતાં અટવી ડંડાકાર. ૨

(ત્રીજા ખંડની દેશીઓ)

ઢાલ ૧ રાગ રામગિરી. અમ્હને અમ્હારો પ્રિયુ ગમે—કાજી મહમદના

ગીતની ઢાલ.

૨ રાજીમતી રાણી ઇણુ પરિ બોલે, નેમ વિના કુંણ ઘુંઘટ ખોલે—એહની ઢાલ.

૩ સુણે મેરી સજની, રજની ન જાવે રે-એહની ઢાલ, અથવા પ્રિયુડા માનો બોલ હમારો રે—એહની ઢાલ.

૪ ચંદાયણિની-પણિ દુહે દુહે ચાલિ. રાગ કેદાર. રાગ ગોડી.

૫ રાગ મલ્હાર. મોરા સાહિબ હે શ્રી સીતલનાથ કે, વીનતિ સુણિ એક મોરડી-એહની, અથવા રાજેસર હો સુણિ વીનતિ એક કે મનવંછિત પૂરે માહરા.

૬ ઈડરિયે ઇડરિયે ઓલગાણે આબુ ઉલંઘ્યો રે-આ. લાલ.

૭ નાહલિયા મજાએ ગોરી રેવણ હટે. રાગ મલ્હાર.

*

ત્રીજા ખંડની સાતમી રા. ઢાલ પૂરી થઇ તેહ

ત્રીજો ખંડ પૂરો થયો રા. **સમયસુંદર** કહે એહ. પ્રિ.

—સર્વગાથા ૧૬૮ સીતારામ સંબંધે વનવાસે પરોપકારવર્ણનો નામ

તૃતીયઃ ખંડ:

દાન શીલ તપ પણિ ભલા પણિ વિણુ ભાવ ન સિદ્ધિ
તિણ કારણે કહો જોઇજો ચોથો ખંડ પ્રસિદ્ધ. ૧

લખમણુ સીતા રામ સહુ, ગયા આઘેરા જેથિ,
ગાજવીજ કરિ વરિસવા, લાગો જલહર તેથિ. ૨

(ચોથા ખંડની દેશીઓ)

ઢાલ ૧ વેસર સોનાકી, ઘરિ દે ચતુર સોનાર, વે. વેસર પહેરી સોનાકી રંઝે નંદકુમાર વે. એહ ગીતની. રાગ અસાઉરી.

૨ રાગ વયરાડી. જા જા રે બાંધવ તું વડો—એ ગૂજરાતી ગીતની ઢાલ.

૩ દેખો માઈ આસા મેરે મનકી સયલ ફલી રે, આણંદ અંગિ ન માય—એ ગીતની ઢાલ.

૪ ચોપઇની ઢાલ. રાગ ગોડી.

૫ રાગ ઉડી. બાજ્યો બાજ્યો માંદલકો ધોંકાર—એ ગીતની જાતિ.

૬ રાગ ગોડી. જંબૂદીપ મઝાર—એ સુબાહૂ સંધિની ઢાલ.

૭ રાગ કેદાર ગોડી. કપૂર હુયે અતિ ઉજલું રે, વલિ અનોપમ

ગંધ–એ ગીતની ઢાલ.

*

સાતમી ઢાલ પૂરી થઈ રે સાંભલજ્યો એકમન્ન
ચોથો ખંડ પૂરો થયો રે **સમયસુંદર** સુવચન. ૭૬

—સર્વગાથા ૨૨૦ દેવલિમહિમાવર્ણનો નામ ચતુર્થઃ ખંડઃ

હિવ બોલું ખંડ પાંચમો પાંચ મિલ્યા જસવાદ
પાંચા માંહિ કહીજીયે પરમેસર-પરસાદ. ૧
સીતારામ સહૂ વલી આગે ચાલ્યા ધીર,
દંડકારણ્ય વને રહ્યા, **કન્નરવાને** તીર. ૨

(પાંચમા ખંડની દેશીઓ)

ઢાલ ૧ રાગ કેદાર ગોડી. આવો જુહારો રે, અજારો પાસ, મનની પૂરે આસ–એ ગીતની ઢાલ.

૨ સુણો રે ભવિક ઉપધાન વૂહાં વિણ કિમ સૂઝે નવકારજી–એહ સ્તવનની ઢાલ. (આ કવિનું પોતાનું સ્તવન છે.)

૩ રાગ મારૂણી. તારા કીજો મ્હાંકાલાલ, દારૂ પીજો જાં, પડવે પધારો મ્હાંકાલાલ, લસરક લેજ્યો જી...તેરી અજબ સૂરતિ મ્હાંકો મનડો રંજ્યો રે લોભી લંજ્યાજી—એ ગીતની ઢાલ.

૪ સેહર ભલો પણિ સાંકડો રે, નગર ભલો પણિ દૂર રે, હઠીલા વયરી; નાહ ભલો પણિ નાન્હડો રે, આવિઓ આવિઓ જોબનિયાંકો પૂર રે–હઠીલા વયરી. હીરો રે હરપાલકો રે લાલ—એહની ઢાલ. નાયકાની ઢાલ સરિખી છે પણિ આંકણી લહરકે છે.

૫ રાગ મારૂણી. માઝિરે બાબા વીર ગોસાંઈ–એ ગીતની ઢાલ.

૬ રાગ બંગાલો. ઈમ સૂણી દૂત વચન્ન, કોપીયો રાજા મન્ન–એ મૃગાવતીની ચોપઇની બીજા ખંડની દસમી ઢાલ.

૭ જગે છે ઘણાય ઘણેરા, તીરથ ભલાય ભલેરા–એ સ્તવનની ઢાલ.

*

એહવે સાતમી ઢાલ, પૂરી થઈ તતકાલ,
સમયસુંદર ઈમ બોલે, **સીતાને** ન કો તોલે. ૫૨
પાંચમો ખંડ રસાલ, પૂરો થયો સાત ઢાલ
સમયસુંદર કહે આગે, કહતાં દિન ઘણા લાગે. ૫૩

—સર્વગાથા ૨૪૮ સીતાસંહરણ નામા પંચમઃ ખંડઃ

માતપિતા પ્રણમું મુદા, જનમ દીયો મુઝ જેણુ,
વાંદુ દીક્ષાગુરૂ વલી, ધરમરતન દિયો તેણુ. ૧
વિદ્યાગુરૂ વાંદુ વલી, જ્ઞાનદષ્ટિ દાતાર,
જગમાંહિ મોટા જાણિજ્યો, એ ત્રિહુંનો ઉપગાર. ૨
એ ત્રિહુંને પ્રણમી કરી, છઠો ખંડ કહેસિ
ષડરસ મેલી એકલા સગલા સ્વાદ લહેસિ.

(છઠ્ઠા ખંડની દેશીઓ)

ઢાલ ૧ રાગ રામગિરી. ભણે મંદોદરી દૈત્ય દશકંધ સુણિ—એહ ગીતની ઢાલ, અથવા ચડયો રણુ ઝુઝવા ચંડપ્રદ્યોત નૃપ-એ બીજા પ્રત્યેક બુદ્ધના ખંડની ઢાલ.
૨ રાગ મારૂણી.
૩ પદ્ધડી છંદની.
૪ રાગ સોરઠ. જાતિ જાંગડાની.
૫ ઢાલ ખેલાની.
૬ પ્રોહતિથારી–અથવા સંઘવીરી.
૭ રાગ મલ્હાર. શ્રાવણુ માસ સોહામણો-એ ચોમાસિયાના ગીતની ઢાલ.

*

—સર્વગાથા ૪૪૪ રામરાવણયુદ્ધ વિશલ્યોકન્યા સમુદ્‌હત લક્ષ્મણ-શક્તિ ૨ રાવણુસમારાધિતબહુરૂપિણીવિદ્યાદિ વર્ણનો નામ ષષ્ઠઃ ખંડઃ

સાત ક્ષેત્ર મિલે સામઠાં તો સગલા સુખ હોઇ
તિણુ કારણિ કહું સાતમો ખંડ સુણો સહૂ કોઇ. ૧
હું નહિ થાતો આખતો જોડંતાં એ જોડ,
રામાયણુ મોટા મહિં સુણિજ્યો આલસ છોડિ. ૨

(સાતમા ખંડની દેશીઓ)

ઢાલ ૧ રાગ રામગિરી. છાનો ને છિપીને વાલ્હા કિહાં રહ્યો–એહની.
૨ હાં રંગ રલિયાં હો રંગ રલીયા.
૩ રે રંગ રત્તાકર હલા મો પ્રીઉ રત્તો આણિ, હું તો ઉપરિ કાઢિને પ્રાણુ કરૂં કુરબાણુ–સુરંગા કરહાં રે, મો પ્રીઉ પાછો વાલિ, મજીઠા કરહા રે–એ ગીતની ઢાલ. રાગ મારૂણી.
૪ રાગ બંગાલો. જાની એતા માન ન કીજે–એ ગીતની ઢાલ.

૫ રાગ પરજીયો—કાલહરો મિશ્ર. સિહરાં શિરહાર મધુપુરી રે, ગઢાં વડે ગિરનારિ રે, શણયાં સિરહર રૂકમણી રે, કુંયરાં નંદકુમાર રે, કંસાસુરમારણ, આવિને પ્રલ્હાદ ઉધારણ રાસરમણે ઘરિ આજ્યો, ઘરિ આજ્યો હો ઘરિ આજ્યો હો રામજી રાસરમણે ઘરિ આજ્યો—એ ગીતની ઢાલ.

૬ રાગ મલ્હાર-વધાવારી ઢાલ.

૭ આંબો મોર્યં છ હે જિણ ભણે—એહ ગીતની. રાગ સારંગ.

*

—સર્વગાથા ૩૧૨ રાવણવધ ૧ સીતાપથ્વાદાનયન ૨, શ્રી રામલક્ષ્મણાયોધ્યાપ્રવેશ ૩, સીતાકલંકપ્રદાન ૪ વર્ણનો નામ સપ્તમઃ ખંડઃ

આઠ પ્રવચન માતા મિલ્યાં સૂધો સંયમ હોઇ,
આઠમો ખંડ કહું ઈહાં સલહે સીલ મ કોઈ.		૧

(આઠમા ખંડની દેશીઓ)

ઢાલ ૧ રાગ મારૂણી. અમાં મ્હાંકી ચિત્રાલિંગી જોઈ, અમાં અમા મ્હાંકી, મારૂડે મેવાસીકો સાદ સોહામણો રે લો—એ ગીતની ઢાલ.

૨ રાગ મારૂણિ. ઝાખર દીવા ન બલે રે, કાલરિ કમલ ન હોઈ, છોરિ મૂરખ મોરી બાંહરી, મીયા જોરે પ્રીતિ ન જોઈ. ૧ કન્હઈયા બે, ઇયારલ બાસિયા, જોવન જાસિયા બે, બહુર ન આસિયા—એહની ઢાલ. એ ગીત સંધિમાહે પ્રસિદ્ધ છે.

૩ નોખારા ગીતરી. નોખારા ગીત મારૂયાડિ ઢુંઢાડિ માંહે પ્રસિદ્ધ છે.

૪ ચોપઈની. રાગ તિલંગ ધન્યાસિરી. કોઇ પૂછો બંભણ જોસી રે, હરિકો મિલણ કદિ હોસી રે—એ ગીતની ઢાલ.

૫ રાગ ખંભાયતી. સુંબરા તું સુલતાણ, બીજા હો થારા સુંબરાં ઓલગૂ હો—એ ગીતની ઢાલ. એ સુંબરાના ગીતની ઢાલ જોધપુર મેડતા નાગોર નગરે પ્રસિદ્ધ છે.

૬ રાગ ખંભાયતી. સોહલાની જાતિ અમાં મોરી મોહિ પરણાવિ હે અમાં મોરી જેસલમેરા મેરા જાદવાં હે, જાદવ મોટા રાય, જાદવ મોટા રાય હો, અમાં મોરી કડિ મોડીને ઘોડે ચડે હો—એહ ગીતની ઢાલ.

*

—સર્વગાથા ૩૨૩ સીતાપરિત્યાગ ૧, વજ્જજંઘગૃહાનયન ૨, કુશલવકુમારાયોધ્યાપ્રવેશવર્ણનો નામ અષ્ટમઃ ખંડઃ

હિવ નવમો ખંડ બોલિસ્યું નવરસ મિલ્યાં નિદાન,
મનવંછિત સુખ પામીયે, નિરમલ નવે નિધાન. ૧

(નવમા ખંડની દેશીઓ)

ઢાલ ૧ તિલ્લીરા ગીતરી ઢાલ. મેડતાદિક દેસે પ્રસિદ્ધ છે.

૨ રાગ રારૂણી. ગલિયા રે સાજણ મિલ્યા મારૂરાય, દે નયણાંદો ચોટ રે, ધણવારી લાલ, હસિયા પણિ બોલ્યા નહી મારૂરાય, કાંઈક મન માંહે ખોટ રે. ૧ ધણવારીલાલ, આજ રહો રંગમહોલમે મારૂરાય. એ ગીતની ઢાલ.

૩ રાગ કનડો. ઠમકિ ઠમકિ પાય નેરૂરી બજાવે, ગજગતિ બાંહ, ગ. લુડાવે–૧ રંગભીની ગ્વાલણી આવે—એ ગીતની ઢાલ.

૪ રાગ હુસેની–ધન્યાસિરી મિશ્ર. ઢિલ્લીકે દરબારમેં લખ આવે લખ જાઇ, એક ન આવે નવરંગખાનજાકી પઘરિ ઢલિ ઢલિ જાઇ બો–૧ નવરંગ બઇરાગીલાલ–એ ગીતની ઢાલ.

૫ રાગ ગોડી, જાતિ જકડીની. શ્રી નઉકાર મનિ ધ્યાઇએ–એ ગીતની.

૬ રાગ કેદાર ગોડી. મિશ્રી. વીરા હો થારે સેહરે મોહ્યા પુરૂષ ચિયાર લાડણ વી. વીવાહરા ગીતરી ઢાલ.

૭ રાગ ધન્યાસિરી. સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠી રે–એ સંવાદશતકની બીજી ઢાલ અથવા પાસ જિણિંદ જુહારિયે–એ સ્તવનની ઢાલ.

અંત – **સીતારામ**ની ચોપઇ જે ચતુર હુઇ તે વાંચો રે,
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહે નર કાચો રે. સી. ૧
નવરસ પોષ્યા મેં ઇહાં, તે સૂધડો સમજિ લેજ્યો રે,
જે જે રસ પોષ્યા ઇહાં, તે ઠાગ દેખાડિ દેજ્યો રે. સી. ૨
કે કે ઢાલ વિષમ કહિ તે દુષણ મત દ્યો કોઇ રે,
સ્વાદ સાબુણી જે હુવે ને લિંગ હદે કદે ન હોઇ રે. સી. ૩
જે દરબારે ગયો હુસે **ઢુંઢાડિ મેવાડિ ને ઢિલ્લી** રે,
ગુજરાતિ મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લી રે. સી. ૪
મત કહો મોટિ કાં જોડી, વાંચતાં સ્વાદ લહેસો રે,
નવનવા રસ નવનવિ કથા સાંભલતાં સાબાસ દેસો રે. સી. ૫

ગુણ લેજ્યો ગુણિયલ તણો મુઝ મસકતિ સાહ્મો જોજ્યો રે,
અણસહતાં અવગુણ ગ્રહિ મત ચાલણિ સરિખા હોજ્યો રે. સી. ૬
આલસ અભિમાન છોડિનેં સૂધિ પ્રતિ હાથ લેઇ રે,
ઢાલ લેજ્યો તુમ્હે ગુરૂમુખે વલિ રાગનો ઉપયોગ દેઇ રે. સી. ૭
સખર સભા માંહિ વાંચજો બે જણા મિલિ મિલતે સાદે રે,
નરનારિ સહુ રિઝસેં જસ લહસો ગુરૂપ્રસાદે રે. સી. ૮
આદરમાંન ઘણો હુસેં વલિ ન્યાન દરસનનો લાભો રે,
વાંચણહારાનો જસ વિસ્તરસ્યે જિમ જલ આભો રે. સી. ૯
નવ ખંડ પૃથવિના કહ્યાં તિણ ચોપઇના નવ ખંડો રે,
વાંચણહારાનો તિહાં પસરો પ્રતાપ અખંડો રે. સી. ૧૦
સીતારામની ચોપઇ વાંચીને એ લાભ લેજો રે,
સાંભલહારાને તુમ્હે કાંઈ સિલવ્રત સું સંદેજો રે. સી. ૧૧
જિનસાસન શિવસાસને **સિતારામ** ચરિત્ર સુણીજે રે,
ભિન્ન ભિન્ન સાસન ભણી કો કો વાર્તા ભિન્ન કહિજે રે. સી. ૧૨
જિનસાસન પણિ જૂજૂયાં આચારિજનાં અભિપ્રાયો રે,
સિતા કહિ **રાવણ** સૂતા તે **પદ્મચરિત્ર**થી કહેવાયો રે. સી. ૧૩
પણિ વિતરાગદેવે કહ્યો તે સાચૂં કરિ સરદહજ્યો રે.
સિતાચરિતથી મેં કહ્યું માહરો છેહડો મત ગ્રહજ્યો રે. સી. ૧૪
હું મુઢમતિ કિસૂં જાંણું મુઝ વાંણિ પણિ ન સવાદો રે,
પણિ જે જોડિ મેં રસ પડયો તે દેવગુરૂનોં પરસાદો રે. સી. ૧૫
હું સિલવંત નહિ તિસો, મુઝ પોતે બહુ સંસારો રે,
પણિ સિલવંતનો જસ કહતાં, મુઝ થાસે સહિ નિસ્તારો રે. સી. ૧૬
ચપલ કવીસરનાં કહ્યાં એક મન ને વચન એ બેઇ રે,
કવિ કલ્લોલ ભણિ કહે, રસના વાહ્યા પણ કેઇ રે. સી. ૧૭
ઓછું અધિકું પણિ મેં કહ્યું, કાંઈ વિરૂદ્ધ વચન પણિ હોઇ રે,
તે મુઝ મિચ્છામિ દુક્કડં સંઘ સાંભલજો સહુ કોઇ રે. સી. ૧૮
ત્રિણ હજારનેં સાતસે માઝને સઇ ગ્રંથનું માનો રે,
લિખતાં ન લખાવતાં પામિજે ગ્નાન પ્રધાનો રે. સી. ૧૯
ખરતરગછ માંહિ દિપતા શ્રી **મેડતા** નગર મઝારો રે,
ગોત્ર **ગલોછા** ગહગહે સામગ્રીમે સિરદારો રે. સી. ૨૦
નગર ઘટે ઘણે નામ ગયું, અતબાર ઘણો દરબારો રે,

ગુરૂગચ્છના રાગી ઘણું, ઉતમ ઘરનો આચારો રે. સી. ૨૧
પૂત્રરતન **રાયમલ** તણા તે લઈ લખમીનો લાહો રે,
અમીપાલને નેતસી ભલો ભત્રીજ **રાજસી** સાહો રે. સી. ૨૨
સીતારામની ચોપઈ એહને આગ્રહ કરિ કીધી રે,
દેશપ્રદેસે વિસ્તરિ જ્ઞાનવૃદ્ધિ લિખાવતાં લિધિ રે. સી. ૨૩
શ્રી **ખરતરગચ્છ** રાજિયા યુગપ્રધાન **જિનચંદો** રે,
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના ગણી **સકલચંદ** સુખકંદો રે. સી. ૨૪
સમયસુંદર સીષ્ય તેહના શ્રી ઉપાધ્યાય કહિજે રે,
તિણ એ કિધિ ચોપઈ, સાજણ માણસ સલહિજે રે. સી. ૨૫
વર્ત્તમાન ગચ્છના ધણી ભટ્ટારક **શ્રી જિનરાજો** રે,
જિનસાગર સૂરીસરૂ આચારિજ અધિક દિવાજો રે. સી. ૨૬
એ ગુરૂને સૂપસાઉલે એ ચઉપઇ ચઢિ સુપ્રમાણો રે,
ભણતાં સુણતાં વાંચતાં હુઈ આણંદ કોડિ કલ્યાણો રે. સી. ૨૭
ઇતિ શ્રી સીતારામ પ્રબંધે નવમો ખંડ સમાપ્તં.
ઇતિ શ્રી રામસીતા રાસ સંપૂર્ણ.

(૧) પ્રતિ ૧૭મી સદીની, પ.સં.૩૨, અપૂર્ણ, મહિમા. પો.૮૭. (૨) સં.૧૭૦૯ આ.સુ.૧૧ વા. **તેજસાર** શિ. **જીવવિજય** શિ. **ગુણવિમલ** શિ. **કનકનિધાન** લિ. **વિસરાહરે**. પ.સં.૮૪, વૌ.ભં. વિકાનેર. પો.૧૦ નં.૬૫. (૩) સં.૧૭૨૧ કા.વ.૧૦ ભોમે. પ.સં.૬૦-૧૮, ઘણી સારી ને ચોખી પ્રત, રાજકોટ મોટા સંઘ ભં. (૪) સં.૧૭૩૬ **ઝઝુ** મધ્યે **રામચંદ્ર** લિ. પ.સં.૪૨, અભય. પો.૧૫ નં.૧૫૧૮. (૫) પ.સં.૫૮, અભય. નં.૧૫૧૯. (૬) સં.૧૭૪૭ માઘ શુ.૯. પ.સં.૭૪-૧૭, ગુ. નં.૧૧-૪. (૭) સં.૧૭૫૩ કા.શુ.૧૧ પં. **ભાવસાગરગણિ** શિ. ગ. **ચંદ્રસાગરેણ** લિ. પ.સં.૮૦-૧૬, વિ.ને.ભં. નં.૪૫૮૨. (૮) સં.૧૭૫૩ ફા.શુ.૧૧ **જેસલમેરે વર્દ્ધમાન** લિ. પ.સં.૯૫, મહિમા. પો.૩૪. (૯) ગા.૨૪૧૨, ગ્રં.૩૭૦૦, પ્રત ૧૮મી સદીની, પ.સં.૧૨૨, જિ.ચા. પો.૮૫ નં.૨૨૫૦. (૧૦) સં. ૧૮૩૭ ફા.શુ.૬ ગુરૂ **મહેવાદેસે તલવાડા** મધ્યે **બૃહત્ ખરતરગચ્છે** ભ. **જિનચંદ્રસૂરિરાજ્યે કીર્તિરત્નસૂરિશાખાયાં** ઉ. **જયસૌભાગ્યગણિ** શિ. પં. **ચારિત્રોદયજી** લઘુભ્રાત્ પં. **માણિક્યોદય** લિ. ચિરં. **ભગવાન કાંના મોજીરાંમ ઋષભદત્ત** હેતવે. પ.સં.૬૫-૧૭, અનંત. ભં. નં.૨. (૧૧) સં.૧૮૪૦ વૈ.શુ.૧૨ **ઉદરામસર** મધ્યે **વિનયચંદ** લિ. પ.સં.૭૪, જય. પો.

૬૧. (૧૨) સં.૧૮૪૧ પ્રથમ ચૈ.વ.૪ બુધે તપાગચ્છે ભ. કીર્ત્તિરત્નસૂરિ શિ. મુ. બુદ્ધિરત્નેન લિ. શ્રી સૂર્યપુરે શ્રી શાંતિનાથચરણે લિ. પ.સં.૮૪–૧૬, ગ્રી. દા.૩૪ નં.૧૫૮. (૧૩) સં.૧૮૮૫ લિ. પ.સં.૧૫૬–૧૩, ગુ. નં.૧૨–૧૧. (૧૪) સં.૧૮૯૫ મૃગશિર શુ.૩ મંગલ લિ. અજીમગંજ નગર મધ્યે આર્યાજી શ્રી નંદૂજી તચ્છિષ્યણી શ્રી ચનણા(ચંદના)જી તત્ શિ. ચિમના લિ. પાર્શ્વનાથ પ્રસાદાત્ ભાગીરથી તટે. પ.સં.૧૦૩–૧૪, મો.સેં.લા. (૧૫) ભાં.ઇ. સને ૧૮૭૦–૧ નં.૨૮૨. (૧૬) પ.સં.૭૨–૧૫. અપૂર્ણ, દે.લા. નં.૭૨. (૧૭) પ.સં.૯૬–૧૫, જૈ.એ.ઇ.ભં. નં.૧૩૫૧. (સુંદર જૂની કવિના સમયની પ્રત લાગે છે.) (૧૮) પ.ક્ર.૨૧થી ૬૮, અભય. પો.૧૩ નં. ૧૪૪. (૧૯) સં.૧૯૨૫ જે.વ.૪ ચંદ્રવારે લી. વકીલ વરજલાલ વેણીદાસ આત્માર્થે ખેટકપુરે ભીડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૮૦–૧૬, ખેડા ભં. દા.૮ નં.૧૧૬. (૨૦) પ.સં.૯૬–૧૩, સારી પ્રત, રાજકોટ મોટા સંઘ ભં. (૨૧) પ.ક્ર.૨૮થી ૯૯, પ્રથમનાં ૨૭માં પાંચમા ખંડની ઉપાંત્ય ઢાલ સુધીનું નથી ને ૯૯ સુધીમાં નવમા ખંડની ૭ ઢાલ સુધી છે, ફાર્બસ સભા, મુંબઈ નં.૮૮. (૨૨) સં.૧૭૩૮ કા.શુ.૨ બુધે કાંન્હાસર મધ્યે ભ. જિનચંદ્રસૂરિરાજ્યે સાગરચંદ્રસૂરિસંતાનીય વા. સુખનિધાન શિ. પં. ગુણસેન શિ. પં. યશોલાભગણિના લિ. પ.સં.૮૧, ત્રુટક, અભય. (૨૩) સં. ૧૭૯૬ શાકે ૧૬૬૧ આસો શુ.૯ રવિ લિ. વિદ્યાકુશલગણિ ચાહીનગરે શિ. પાર્શ્વદત્ત શિ. મહિમાવલ્લભ વાચનાંય. જૈ.વિ.શા.જ્ઞા.ભં. અમ. (૨૪) સંવત ૧૮૮૬ના વર્ષે સાકે ૧૭૫૧ નાના પ્રવર્ત્તમાને માસોત્તમ માસે સુભકારી ચૈત્ર માસે સુકલપક્ષે ત્રીયોદસી તીથૌ ભૃગુવાસરે લીપીકૃતં પં શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી કલ્યાણવર્દ્ધનગણી તત્સીષ્ય પં શ્રી ૫ મેઘવર્દ્ધનગણી તત્ સીસ્ય પં. શ્રી ૫ વિવેકવર્દ્ધનગણી તત્સીષ્ય પં. શ્રી ૫ ધર્મ્મવર્દ્ધનગણી તત્સીષ્ય પાયરજરેણુસમાન પં. શ્રી ૫ ક્ષેમાવર્દ્ધનગણી વાંચનાર્થં.

જબ લગ મેરૂ અડગ હે જબ લગ સસીયર સુર,
તબ લગ એ દોનું તપો લેખક પાઠક દોય.

લખીતં વઢવાણ નગરે શ્રી ઋષભદેવ પ્રસાદાત્ શુભં ભવતુ કલ્યાણમસ્તુ. દે.લા. (પં. કમલવિજય શિ. પદ્મવિજય પાસેની પ્રત.) (૨૫) પં. રૂપા લિખિતં શ્રી મહોટકોટ મધ્યે સં.૧૬૯૧ વર્ષે આસૂ સુદિ ૩ દિને પ.સં. ૯૮–૧૫, આ.ક.ભં. (૨૬) પ.સં.૧૧૯–૧૪, આ.ક.ભં. (૨૭) આગ્રા ભં. (કવિની સ્વહસ્તલિખિત પ્રત છે.) [મુપુગૃહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.

૪૩૧, ૫૯૪).]

[પ્રકાશિત : ૧ સંપા. અગરચંદ નાહટા.]

(૧૨૯૩) બારવ્રત રાસ ર.સં.૧૬૮૫

(૧૨૯૪) ષડાવશ્યક સૂત્ર બાલા.

(૧) સંવત ખ નિધ મુનિ ચંદ્ર (૧૭૯૦) નભસ્ય માસં પરિતપદાનિઘાન વારે શ્રી **જિનકુશલસૂરિશાખાયાં** વાચના(ચા)ર્ય શ્રી **કનકનિધાનગણિ** તત મુખ્ય વાચનાચાર્ય શ્રી **ક્ષમાસુંદરજીગણિ** તત્ શિષ્ય ચિરં પં. **નેમવલ્લભ** લિ. શ્રી **કાલૂ** ગ્રામે **સુરત્વરી** મધ્યે. છેલ્લું પત્ર, નાહટા. સં. [મુપુગૂહસૂચી.]

(૧૨૯૫) યતિ આરાધના ભાષા ર.સં.૧૬૮૫ રિણીમાં

> **બાણાષ્ટ રસે સોમાબ્દે** ૧૬૫૮ **રિણી** નગરસંસ્થિતૈઃ
> શ્રીમત્યારાધના ચક્રે **સમયાદિમસુંદરૈઃ**. ૧
> યદ્યત્યારાધનાં કૃત્વા પુણ્યસ્યોપાર્જનં કૃતં
> તેન પ્રાંતવેલાયાં પ્રમોદયમુપૈત્ય સા. ૨

(૧) ગ્રં.૩૫૧, સં.૧૯૪૪, પ.સં.૧૯, યશોવૃદ્ધિ.

(૧૨૯૬) + શત્રુંજય [સિદ્ધાચલ] રાસ ર.સં.૧૬૮૬ શ્રાવણ શુદ નાગોરમાં.

આદિ– દોહા

> શ્રી **રસહેસર**પાય નમી, આણી મન આનંદ,
> રાસ ભણું રલિયામણો, **શત્રુંજય** સુખકંદ. ૧
> સંવત **ચાર સત્યોતરે**, હુવા **ધનેસરસૂરિ**,
> તિણે શત્રુંજય મહાતમ કહ્યું, **શિલાદિત્ય** હજુર. ૨
> **વીર**જિણંદ સમોસર્યા, શત્રુંજય ઉપર જેમ,
> ઈંદ્રાદિક આગલ કહ્યું, શત્રુંજય મહાતમ એમ. ૩
> શત્રુંજય તીરથ સારિખું, નહિ છે તીરથ કોય,
> સ્વર્ગ મૃત્યુ પાતાલમેં, તીરથ સઘલાં જોય.

અંત – ઢાલ ૬

> **શત્રુંજય** મહાતમ સાંભલીએ, રાસ રચ્યો અનુસાર,
> જે ભવી ગાવે ભાવ શું એ, આનંદ હોય અપાર. શ. ૨૦
> શત્રુંજય રાસ સોહામણો એ, સાંભલજો સહુ કોય,
> ઘર બેઠાં ભણે ભાવ શું એ તસુ જાત્રાફલ હોય. શ. ૨૧
> **ભણશાલી થિર** અતિ ભલો એ, દયાવંત દાતાર,

શત્રુંજય સંઘ કરાવીયો એ, **જેસલમેર** મઝાર.		શ. ૨૨
શત્રુંજય મહાત્મય ગ્રંથથી એ, રાસ રચ્યો સુખકાર,
[ભાવ ભકતે ભણતાં થકાં એ, પામીજે ભવપાર
સંવત સોલ છયાશીયે એ, શ્રાવણશુદ્ધિ સૂખકાર.]
રાસ ભણ્યો શત્રુંજા તણો એ, નયર **નાગોર** મઝાર.	શ. ૨૩
ગિરૂઆ ગચ્છ **ખરતર** તણો એ, શ્રી **જિનચંદ** સુરીશ,
પ્રથમ શિષ્ય શ્રીપુજ્યના એ, **સકલચંદ** સુજગીસ.		શ. ૨૪
તાસ શિષ્ય જગ જાણીયે એ, **સમયસુંદર** ઉવજઝાય,
રાસ રચ્યો તેણે રૂઅડો એ, સુણતાં આનંદ થાય.		શ. ૨૫

(૧) સં.૧૭૬૩ જ્યે.વ.૪ રવિ ઉ. રત્નસુંદરગણિ શિ. પં. **લક્ષ્મીચંદ** પં. **તારાચંદ્રકેન** લિ. પ.સં.૭-૧૨, ગુ. નં.૫૫-૨૨. (૨) સં.૧૯૦૮ ફા.શુ.૫ સા. **જ્ઞાનસરી** વાચનાર્થે. પ.સં.૮-૧૦, ડા. પાલણપુર દા.૩૬. (૩) સં.૧૮૪૭ માગસિર શુ.૧૪ પંન્યાસ પં. **પ્રમોદવિજેગણી** શિ. મૂનિ **ભવાંનવિજે** લ. ગામ **પીસ્તડીયાદે**. પ.સં.૫-૧૪, પાદરા ભં. નં.૨૭. (૪) સં.૧૮૫૬ અ.વ.૧૪ **રાજગંજે મહિમાસોમેન** લિ. પ.સં.૬, જિ.ચા. પો.૮૫ નં.૨૨૬૬. (૫) સં.૧૮૬૮ જે.વ.૩ **રૂપચંદ** લિ. પ.સં.૬, ચતુ. પો.૨. (૬) પ.સં.૪-૧૫, વિજાપુર. નં.૬૧૨. (૭) પ.સં.૬-૧૧, મો.સેં. લા. (૮) સં.૧૯૦૬ માગ.વ.૧૦ રવિ લિ. **દેવીચંદ** શ્રી **દાદાજી** પ્રસાદાત્, પ.ક્ર.૪૩થી ૪૯, ફાર્બસ સભા નં.૮. (૯) સં.૧૬૮૩ **બીકાનેર** પં. **પંચાઇણા** લિ. પ.સં.૫, અભય. નં.૩૧૭૯. (૧૦) સં.૧૭૫૯ **રિણીમધ્યે** પં. **કલ્યાણસાગર** પં. **દેવધીર** લિ. પ.સં.૫, અભય. નં.૩૨૮૩. (૧૧) લિ. **ભક્તિવિશાલેન ઓસીયાં** મધ્યે જ્યે.શુ.૧ શુક્રે. પ.સં.૩, અભય. નં.૧૫૪૧.(૧૨-૧૬) અનુક્રમે પ.સં.૫, ૫, ૬, ૭, ૩, અભય. અનુક્રમે નં.૧૫૩૬થી ૪૦. (૧૭) સં.૧૬૯૬ શ્રા.શુ.૧૫ થાવરવારે પં. **રાજવિજય** શિ. **રૂપહર્ષેણ** લિ. પ.ક્ર.૩થી ૬, અભય. નં.૬૩૭. (૧૮) સં.૧૮૫૩ વૈ.વ.૭ લિ. પં. **હેમપ્રભ** પં. **ખુસ્યાલચંદ્રેણ ગેડરસરનગરે**. પ.સં.૮, અભય. (૧૯) સં.૧૮૫૭ જ્યે.શુ.૭ શુક્રે લિ. **ધર્મનાથ** પ્રસાદાત્ **અવરંગાબાદ** નગરે. પ.સં.૫, સંપૂર્ણ, અભય. [આલિસ્ટઑાઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૫, ૩૯૪, ૪૩૩, ૪૮૭, ૫૦૮, ૫૯૩, ૬૨૮).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણેક. ૨. રત્નસમુચ્ચય પૃ.૨૭૦-૮૦. [૩. શત્રુંજય તીર્થ ઉદ્ધારાદિક રાસોનો સંગ્રહ. ૪. સમયસુંદર

કૃતિ કુસુમાંજલિ.]

(૧૨૯૭) થાવચ્ચાસુત ચોપાઈ ૨ ખંડ ૩૦ ઢાળ ૪૩૭ કડી ૨.સં. ૧૬૯૧ કાર્તિક વદી ૩ ખંભાત ખારવાવાડામાં

આદિ – ॐ નમઃ સિદ્ધેભ્યઃ

નેમિનાથના પાય નમું, પામૂં પરિઘલ પ્રેમ,
થાવચ્ચાસુત રિષિ થુણૂં, જનમ સફલ હુઇ જેમ. ૧
સાવધાન થઇ સાંભલઉ, યુગતિ સ્યૂં બે કર જોડિ,
કાન પવિત્ર પણિ કીજીયૈ, કરમની ત્રૂટે કોડિ. ૨
વિકથા કરિજ્યો મત વિચઇ, અમૃતમઈ વિષે એહ,
આસાતન પણિ ઊપજઈ, નાસઇ કંથક સનેહ. ૩
ચતુર સુણઇં ચિત લાઇનઇ, જાણઇ અરથજુગત્તિ,
ભાવભેદ પ્રીછઈ ભલઉ, તેહનઇ મુગતિ તુરત્ત. ૪
સાધુકથા વલિ સૂત્રમઇ, મીઠી અમિય સમાણ,
સાવધાન થઇ સાંભલઇ, જનમ સફલ તસુ જાણ. ૫

અંત – ઢાલ દસમી. શાંતિજિણઉ ભામણઈ જાઉં અથવા મૃગાવતી સીલ સૂરંગા એહની ઢાલ.

પાંચસઇ શિષ્ય સૂણી વાત વેગી, **સેલગ** થયા સંવેગી બે,
સેલગ શેત્રૂંજઇ સીધા, માસ સંથારા કીધા બે. રસે. ૧

*

એહ સંબંધ છે અતિ સારા, **ન્યાતાધરમ** મઝારા બે. ૧૫
સુધર્મસામિ કહે અણગારા, **જંબૂ**નઇ હિતકારા બે. ૧૬
થાવચ્ચા સુકસેલગ સારા, એ મોટા અણગારા બે. ૧૭
એહના ગુણ મઈ ગાયા ન હુંતા, પણિ આજ મનોરથ પાયા. બે. ૧૮
સંવત **સોલ ઇકાણૂં** વરષે, કાતી વદી ત્તીજહ હરષે બે. ૧૯
શ્રી **ખંભાઇત ખારૂઆવાડઈ**, ચઉમાસિ રહ્યા સુદિહાડઇ બે. ૨૦
ખરતરગચ્છ **જિણચંદ** સુરીસા, **સકલચંદ** તસુ સીસા બે. ૨૧
સમયસુંદર તસુ સીસ પ્રસિદ્ધા, શિષ્ય પ્રશિષ્ય સમૃદ્ધા બે. ૨૨

(૧) પ્રથમ ખંડે ઢાલ ૨૦ ગા.૨૧૬, દ્વિતીય ખંડે ઢાલ ૧૦ ગાથા ૨૩૧ ગ્રં.૪૫૫. સં.૧૭૫૬ ફા.શુ.૧૫ પં. **મયાચંદ સ્વર્ણ**ગિર મધ્યે. પ.સં.૧૬-૧૩, વિ.ને.ભં. નં.૪૫૧૧. (૨) ગ્રં.શ્લોક ૬૫૦ સં.૧૭૮૨ ચૈ.વ.૬ રવૌ **દીપચંદ**ગણિ શિ. **કલ્યાણચંદ્ર** લ. **માંડલ** નગરે. પ.સં.૧૩-૧૫,

સીમંધર. દા.૨૦ નં.૧૨. (૩) પ.સં.૧૯-૧૩, ડાહ્યાભાઈ વકીલ, સુરત. (૪) સં.૧૭૦૨ ફા.શુ.૧૪ બુધે લિ. ગ્રં.૫૫૫. પ.સં.૨૪-૧૧, વડા ચૌટા. ઉ. પો.૧૮. (૫) ભાં.ઇ. સને ૧૮૯૧-૫ નં.૧૬૨૦. (૬) સં.૧૭૨૩ પત્તન મધ્યે. પ.સં.૧૩-૧૬, સુંદર સુવાચ્ય પ્રત, ખેડા ભં. દા.૬ નં.૩૬. (૭) સં.૧૭૦૮ વૈ.વ.૯ શુક્રે મૂલતાન મધ્યે સમયસુંદર શિ. વા. મહિમાસમુદ્ર શિ. પં. ધર્મસિંહ લિ. આલમચંદ સંઘવી વાચનાર્થં. પ.સં.૨૩, અભય. પો.૧૫ નં.૧૫૨૪. (૮) પ.સં.૧૧, અપૂર્ણ, અભય. નં.૧૫૨૫. (૯) સં.૧૭૬૬ આસો વદ ૧૧ રવિ પં. આણંદધીર લિ. વીકાનેર. પ.સં.૯, અભય. નં.૨૪૪૩.

(૧૨૯૮) ગૌતમપૃચ્છા ચોપાઈ ૭૪ કડી ર.સં.૧૬૯૫ ચાંદ્રેઠ

આદિ - ઢાલ પહિલી ચઉપઈની.

શ્રી **મહાવીરનઈ ગૌતમ**સામિ, પ્રસન કરઇ મન આણંદ પામિ,
કરમવિપાક કહઉ હિતકાર, સુભનઇ અસુભ દીસઇ સંસાર. ૧
ભગવંત ભાષઇ **ગૌતમ** ભણી, પણિ સહુ સુણઉ ગરજ આપણી,
પાપકરમ દૂરિં પરિહરઉ, નિશ્ચય સેતિ જિમ નિસ્તરઉ. ૨

અંત - ઢાલ ૫ પાસ જિણંદ જુહારીયઈ એહની ઢાલ. રાગ ધન્યાસીરી.

પુણ્ય કરઉ તુમ્હે પ્રાણીયા, જિમ પામઉ સગલા સુખો રે,
પાપમારગ તુમ્હે પરિહરઉ, જિમ પામઉ નહિ કદેઉ દુખો રે. ૧
પ્રસનપડુત્તર પરગડા, ઇહા કણિ છઇ અડતાલીસો રે,
ગુરૂ **મહાવીર** ઉત્તર દીયા, અનઇ પૂછ્યા **ગૌતમ** સીસ રે. ૨
કરમવિપાક ઇહાં કહ્યા, સુભઅસુભના બિહું પરકારો રે,
સુભના ફલ મીઠા કહ્યા, અનઇ અસુભના કડુઆ અસારો રે. ૩
સહજઇ સુખદુખ સંપજઇ, પરમેસરિ પણિ કરઇ પક્ષો રે,
તે મતિ મન માહે માણિજ્યો, પુણ્યપાપના ફલ પરતક્ષો રે. ૪
પાટહણપુરથી પાંચે કોસે, ઉત્તર દિસિ **ચાંદ્રેઠ** ગામો રે,
તિહાં વરત શ્રાવક વસઇ, સાહ **નીંબઉ જસવંત** નામો રે. ૫
તેહનઈ આગ્રહ તિહાં રહ્યા, દિન પનરહ સીમ ત્રિડાણું રે,
તિહા કીધી એ ચઉપઈ, સંવત **સોલઇ પંચાણુ** રે. ૬
પુણ્ય કતૂત જિકે કરઈ, તે આપણપું નિસ્તારઇ રે,
સમયસુંદર સાચું કહઇ, **ગૌતમ**પૃચ્છા અણુસારઇ રે. ૭

(૧) પૂર્વગાથા મિલને સર્વગાથા ૭૪. સંવત્ ૧૬૯૬ વર્ષે આષાઢ

વદિ ૧ **અમદાવાદનગરે** હાજાપટલ પોલિ મધ્યે **ખરતરગચ્છાધીશ્વર** યુગપ્રધાન શ્રી **જિનચંદ્રસૂરિ** પ્રથમ શિષ્ય પં. શ્રી **સકલચંદ્રગણિ** શિષ્ય મહોપાધ્યાય શ્રી **સમયસુંદર** ગણિભિર્લિંખાપિતા. પ.સં.૬–૧૧, લ.સુ. (૨) રચનાસ્થાન 'આખેટ' આપેલું છે, પ.સં.૬, જયસોમકૃત બારભાવના સંધિ સહિત, અભય. પો.૧૫ નં.૧૫૩૨.

(૧૨૯૯) [+] ચંપકશ્રેષ્ઠીની ચોપાઈ ૨ ખંડ ૨૧ ઢાલ ૫૦૭ કડી
૨.સં.૧૬૯૫ ઝાલોરમાં

આદિ – **જાલોર** માહે જાણીયઈ, **પારસનાથ** પ્રતક્ષ,
પ્રહ ઉઠીનઇ પ્રણમતાં, સાંનિધિ કરઈ સમક્ષ. ૧
ગઢ ઊપરિ ગરૂયડિ નિલઉ, **સોવનગરિ** સિણગાર,
મહાવીર પ્રણમું સુદા, દેઉલ તિનઉ દાતાર. ૨
માતપિતા પણિ મનિ ધરૂં, જિણ દીધઉ અવતાર,
નામ લેઇનઇ ગુરૂ નમું, દીક્ષાં ન્યાન દાતાર. ૩
કર જોડી પ્રણમી કરી, કહિસિ ઘણું શ્રીકાર,
ચંપક સેઠની ચઉપઇ અનુકંપા અધિકાર. ૪

*

સહુકો લોક લહઇ છઇ સરજ્યું, તે બોલ કેતા વાંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકું, **સમયસુંદર** કહઇ સાચું રે.
ચિં. ૨૫
પહિલઈ ખંડ થયઉ એ પૂરઉ, પણિ સંબંધ અધૂરઉ,
સમયસુંદર કહઈ બીજઇ ખંડઇ, સંબંધ થાસ્યઇ પૂરઉ રે. ચિં.૨૬
—ઇતિ શ્રી અનુકંપાદાનાધિકારે ચંપક શ્રેષ્ઠિ સંબંધે પ્રથમ ખંડ સંપૂર્ણઃ

દૂહા – હિવ બીજઉ ખંડ બોલસ્યૂં, **ચંપક** પામી ઋદ્ધિ,
એ અનુકંપા દાનની, સગલી જાણું સિદ્ધિ. ૧
છન્નું કોડિ તણઉ ધણી, થયઉ તે **ચંપક**સેઠ,
વૃદ્ધદત્ત વિવહારિયઉ, તિણિ તઉ કીધી વેઠિ. ૨
ચવદહ કોડિ સોના તણી, આપણી માતા વૃદ્ધ,
ઉજેણીથી આણિનઈ, સગલી ભેલી કીધ. ૩
ચંપકસેઠ **ચંપાપુરી**, ભોગવઈ લીલવિલાસ,

વ્યાપારઇ વાધ્યઉ ઘણું, પ્રગટયઉ પુણ્યપ્રકાસ. ૪

અંત – ખંડ બીજો ઢાલ ૭મી રાગ ધન્યાસિરી સીતારામની ચઉપઇ એહની ઢાલ.

*

અનુકંપા ઉપરિ કહ્યઉ, **ચંપક** સેઠનઉ દ્રષ્ટાંતો રે,
અનુકંપા સહુ આદરઉ, એહથી છઈ મુગતિ એકાંતો રે. કે. ૧૪
સંવત **સોલ પંચાણુયઈ**મઈ **ઝાલોર** માહે જોડી રે,
ચંપક સેઠની ચઉપઇ અંગિ આલસ નઇ ઉંઘ છોડી રે. કે. ૧૫
શ્રી **ખરતર**ગચ્છ રાજીયઉ, શ્રી જુગપ્રધાન **જિણચંદો** રે,
પ્રથમ શિષ્ય શ્રીપૂજ્યના, **સકલચંદ** મુણિંદો રે, કે. ૧૬
સમયસુંદર શિષ્ય તેહના તિણ ચઉપઉ કીધી એહો રે,
શિષ્ય તણુઇ આગ્રહ કરી જે ઊપરિ અધિક સનેહો રે. કે. ૧૭
નરનારી રસિયા હુસ્યઇ તે સાંભલિસ્યઇ સદા આવી રે,
સુઘડ સુકંઠી બે જણા, વાચજ્યો ભલી વાત બણાવી રે. કે. ૧૮

(૧) સં.૧૭૪૯ વર્ષે અશ્વયુજિ માસે શુ.૧૨ **મે**ડતા મધ્યે લે. પ.સં. ૧૫–૧૬, ગો.ના. (૨) પ્રથમ ખંડે ઢાલ ૧૩ સર્વગાથા ૩૪૪ દ્વિતીય ખંડે ઢાલ ૮ ગાથા ૧૬૩ સર્વગાથા ૫૦૭ છે, શ્લોક સર્વસંખ્યા ૬૫૧ છે, સં.૧૮૬૭ શાકે ૧૭૩૩ ફા. શુક્લ એકાદશી ભૌમવારે ઉ. **જયસૌભાગ્ય**ગણિ શિષ્ય ઉ. **ચારિત્રોદય**ગણિ શિષ્ય પં. ચુકતજય લિ. શ્રી **શિણધરી** મધ્યે. ચતુર્માસ ચક્રે શિષ્ય **ધમ્મ**વિલાસ વાચનાર્થે હેતાર્થ લિષી છે. પ.સં.૧૪–૧૫, અનંત ભં. નં.૨. (૩) સં.૧૭૨૩ વૈ.વ.૧ કનકનિધાન શિ. **હીરવર્દ્ધન** લિ. પ.સં.૧૩, જિ.ચા. પો.૮૫ નં.૨૨૬૧. (૪) સં.૫૭૪૮, પ.સં.૨૫, ક્ષમા. નં.૧૯૩. (૫) **એ**તસી યોગ્યં **કોટ** મધ્યે. પ.સં.૧૧, પ્રત ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૪૨. (૬) પ.સં.૧૬, જિ.ચા. નં. ૨૨૪૩. (૭) પ.સં.૧૧, જય. પો.૬૮. (૮) પ.સં.૯, અભય. પો.૧૫ નં. ૧૫૯૯. (૯) સં.૧૬૯૫ ફા.શુ.૧૪ શ્રી **ભદ્રાણુ**યામે શ્રી **સમયસુંદરો**પાધ્યાય શિ. પં. **મેઘ**વિજય ગણિના લેખિ પં. **શં**કરાચાર્ય શિ. પં. **શુભકર** વાચનાર્થે. પ.સં.૧૪–૧૫, જશ. સં. નં.૧૫૮. (૧૦) સં.૧૭૬૫ **રાજ**નગર મધે પં. કનકવિમલ મુનિના લિ. પ.સં.૨૯–૧૧, રત્ન ભં. દા.૪૩ નં.૫૩. (૧૧) સં.૧૭૯૪ વૈ.શુ.૧૩ ફલવર્દ્ધપુરે. પ.સં.૧૦, અભય. નં.૧૫૮૯. (૧૨) **પા**રેવડા મધ્યે પં. હર્ષવિમલ લિ. અંતપત્ર, અભય. (૧૩) પૂર્વોક્ત ગાથા

૧૪૪ ગાથા મીલને સર્વગાથા ૧૬૧ પ્રથમ ખંડ ૩૪૪ ગાથા મીલને ખંડદ્વય સર્વગાથા ૫૦૬ ગ્રંથાગ્રંથ શ્લોક ૭૦૦ સં.૧૬૯૯ શ્રા.વ.પ લિપીકૃતા. પ.સં.૨૩-૧૪, આ.ક.ભં. (૧૪) ગ્રંથાગ્ર ૫૦૬, પ.સં.૧૫, ધો.ભં. (૧૫) ડે. ભં. (૧૬) લિપિતા ચેત્રં પંડિત **ચારિત્રવિજય.** વિવેક ભં. (૧૭) ઇતિશ્રી દાનાધિકારે ચંપકશ્રેષ્ઠી ચતુઃષ્પદી સંપૂર્ણા. સં.૧૮૭૬ના વર્ષે શાકે ૧૭૪૨ પ્રવર્ત્તમાને શ્રી **જૈડિયા** બિંદર મધ્યે લિ. પૂજ્ય ઋષિ **માલજી** તતશિ. **પાંડવ** તન્મધ્યે લિ. ઋ. **શિવજી માલજી** શિષ્યાર્થે પડનહેતવેં. પ.સં.૧૩-૧૫, રા.પૂ.અ. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત: ૧. સમયસુંદર રાસપંચક.]

(૧૩૦૦) [+] ધનદત્ત ચોપાઈ અથવા **વ્યવહારશુદ્ધિ ચોપાઈ** ર.સં. ૧૬૯૬ આસોમાં અમદાવાદમાં

આદિ – **શાંતિનાથ** જિન સોલમો, પ્રણમું તેહના પાય,
વ્યવહારસુદ્ધિ ઉપરિ કહોઉ, ચઉપઇ ચિત લગાય. ૧
ભગવંત ભાષઈ ભો ભવિક, મોટો સાધનો ધર્મ,
જેહથી મુગતિ જાઇઈ, સાસતાં લહિયઈ સર્મ. ૨
દીસઈ તે અતિ દોહિલો, સૂરવીર કરઈ કેઇ,
શ્રાવકનો ધર્મ સોહિલો, દેવલોકસુખ દેઇ. ૩
શ્રાવકનાં વ્રત તો પલઇ, જો હુંઇ ગુણ ઈકવીસ,
નામ તુમે તે સાંભલો, વારૂ વિસવાવીસ. ૪

અંત – સંવત **સોલ છનું** સમઇ એ, આસૂ માસ મઝારિ,
અમદાવાદઇ એ કહ્યઇ એ, **ધનદત્ત**નઉ અધિકાર.
શ્રી **ખરતરગચ્છ** રાજીયઉ એ, શ્રી **જિણચંદ** સૂરીસ,
પ્રથમ સીસ જગિ પરગડા એ, **સકલચંદ** તસુ સીસ.
સમયસુંદર સંબંધ કહ્યઉ એ, **જિનસાગર** સૂરિરાજ,
(પા. ભવિજનનઇ હિત કાજ)
ભણતાં ગુણતાં ભાવ સુ એ, સીજઇ વંછિત કાજ.
(પા.) સમકિતનું ફલ માગીઇ એ **ધનદત્ત** રિષિનઈ પાસિ, સં.
તુમ્હ પામિઉં તે આપજ્યો એ મુઝ મનિ પૂરયો આસ, સં.
સમયસુંદર સંબંધિ કહિઉ એ **જિનસાગર** સૂરિરાજ, સં.
ભણતાં ગણતાં ભાવ સ્યું એ સીઝઈ વંછિત કાજ. સં.

(૧) ગા.૧૬૧ સં.૧૭૧૫ મા.શુ.ર ઉયનગરે પં. કનકનિધાન શિ.

હીરવર્દ્ધન લિ. પ.સં.૬, જિ.ચા. પો.૮૫ નં.૨૨૪૧. (૨) ગ્રં.૨૧૨ સં. ૧૭૨૭ મગસર સુ.૧૩ સોમ વીકાનેર મધ્યે લિ. શાંતિકુશલ મુનિના. પ.સં. ૭–૧૫, અનંત ભં. નં.૨. (૩) સં.૧૭૭૦ ચૈ.શુ.૨ ઇસામઈખાનમઇ કોટે. પ.સં.૪, અભય. પો.૧૫ નં.૧૫૨૯. (૪) ભુવનસાર લિ. પ.સં.૬, સુંદર પ્રત ૧૯મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૫૩. (૫) પ.સં.૪–૧૯, દે.લા. નં.૧૨૪–૪૭. (૬) પ.સં.૯–૧૩, હા.ભં. દા.૮૩ નં.૮૫. (૭) પ.સં.૮–૧૨, હા. ભં. દા.૮૩ નં.૧૨૮. (૮) સં.૧૭૯૮ આસૂ વ.૪ પં. મયાચંદ લિ. વીકાનેર નયરે. જ્યોતિર્વિદ ભગવાનદાસ પાસે. (૯) સર્વ-ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલગણિના સંશોધિતા સા. હરજી ધનજી સુશ્રાવકાયહેણ. હા.ભં. (૧૦) લિ. સૌભાગ્ય-વિજયગણિ (લાલવિજય શિ.) લિ. શ્રા. કેસરબાઈ વાચનાર્થં. પ.સં.૧૧–૧૧, ઘો. (૧૧) પ.સં.૫–૯, અમ. (૧૨) સં.૧૭૪૯ વર્ષે કાર્તિક વદિ ૨ બુધે વ્યવહારશુદ્ધિ વિષયે. પ.સં.૬–૧૯, વિ.ધ.ભં. (૧૩) સં.૧૭૨૪ વરષે આષાઢ સુદિ ૧૫ દિને લિખિતં મહોપાધ્યાય શ્રી ૫ શ્રી અમૃત વિજયગણિ શિષ્ય ગણિ દીપ્તિવિજયેન. ઉદયપુર ભં. (૧૪) વિવેક. ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. સમયસુંદર રાસપંચક.]

(૧૩૦૧) સાધુવંદના ૧૮ ઢાલ ૫૧૯ કડી ૨.સં.૧૬૯૭ ચૈત્ર અમદાવાદમાં

આદિ – **શાંતિનાથ** જિન સોલમઉ, પ્રણમું તેહના પાય,
સુગમ કરું **સાધુવંદના**, પામી ગુરૂ પસાય. ૧
પહિલી છઇ **સાધુવંદના**, પણિ જૂદઈ ભેદિ જાણિ,
સૂત્રના સાધ નાણ્યા સહૂ, કિણ સૂત્રાં વિણ આણિ. ૨
જિનસાસણમઈ જાણિયઇ, આગમ પઇતાલીસ,
હું વાંદિસિ સાધ તેહના, તુરત સંસાર તરીસિ. ૩

અંત – સગલા સાધુનઇ વંદના, મઇ કીધી અધિક ઉચ્છાહો રે,
વલી બીજા પિણુ જે કેઇ, પઇતાલીસ આગમ માંહે રે. ૧
પઇતાલીસ આગમ કહ્યા, પણિ સાધુ છઇ સતરે ઠામે રે,
ઢાલ અઢારે સંસ્તવ્યા, મઇ અધ્યયન ઉદેસ નામો રે. ૨

*

શ્રી **જિનચંદ** સૂરીસરૂ, ગણિ **સકલચંદ** શુભ કાજે રે,
શ્રી **ખરતરગચ્છ** દીપતઉ, **જિનસાગર** સૂરિરાજે રે.

સંવત **સોલ સતાણૂઅઇ**, ચૈત્ર માસ **અહમ્મદાવાદો** રે,
સમયસુંદર કહઇ મેં કરી, **સાધુવંદના** સુગુરૂ પ્રાસાદો રે. ૯

(૧) પ.સં.૧૭, કમલમુનિ. (૨) અપૂર્ણ, જૈ.એ.ઇ.ભં. (૩) ઢાલ ૧૮ ગાથા ૫૧૯ ગ્રંથાગ્રં ૭૫૦, પ.સં.૨૪-૧૩, સુંદર પ્રત, હા.ભં. દા. ૮૩ નં.૧૦૮. (૪) તત્કાલીન પ્રત, ગ્રંથાગ્ર ૮૦૦, પ.સં.૩૫, કૃપા. પો.૪૬ નં.૮૫૦. (૫) સં.૧૭૩૫, શ્લો. ૮૦૦, પ.સં.૨૩, લીં.ભં. દા.૪૪ નં.૭. (૬) ગા.૫૧૬ ઢાલ ૧૮, પં. કલ્યાણ લિ. **સીરો**(હી) મહાનગરે. પ.સં.૧૬, પ્રતિ ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૪૯. (૭) પ.સં.૨૧ (૫૮૧ નામો છે), ચતુ. પો.૫. (૮) સં.૧૮૮૫ કા.શુ.૧૦ **જા**ંગલુ મધ્યે **ગજ**વિનય લિ. પ.સં.૨૦, કૃપા. પો.૪૪ નં.૭૬૫. (૯) પ.સં.૧૬, વિકા. વઇ. ભં. પો.૨૫. (૧૦) પ.સં.૨૧, મહર. પો.૧. (૧૧) સં.૧૭૩૩ વૈ.વ.૯ સોમે વા. **સમય-કલશ** શિ. સુખનિધાન શિ. ગુણસેન શિ. **શિવનંદન** લિ. **મુલતાણ** **કટારિયા** ગોત્રે સાહ **પદમસી** પઠનાર્થં. અભય. ગુટકા નં.૮. (૧૨) હુકમ-મુનિ ભં. સુરત. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૨).]

(૧૩૦૨) + પુંજા ઋષિ રાસ (ઐ.) ૨.સં.૧૬૯૮ શ્રા.શુ.૫

આદિ – શ્રી **મહાવીર**ના પય નમી, ધ્યાન ધરૂં નિસદીસ,
તીરથ વરતે જેહનો, વરસ સહસ એકવીસ. ૧
સાધુ સાધુ સહુકો કહે, પણ સાધુ છે વિરલો કોઇ,
દુઃસમ કાલેં દોહિલુ, પ્રબલ પુન્યે મિલે સોઈ. ૨

*

એ તપસી આગે હૂઆ, પણ હવે કહુ પ્રસ્તાવ,
આજને કાલેં એ હૂઆ, **પૂંજો** ઋષિ મન ભાવ. ૭
શ્રી **પાસચંદ**ના ગચ્છ માંહિ, એ **પૂંજો** ઋષિરાજ,
આપ તરેં ને તારવે, જિમ વડ સફર જિહાજ. ૮
પૂંજે ઋષિ પ્રીછયો ધર્મ, સંયમ લીધો સાર,
કીધા તપ જપ આકરા, તે સુણજ્યો અધિકાર. ૯
સંવત **સોલ અઠાણુયે**, શ્રવણ પંચમી અજુવાઇ રે,
રાસ ભણ્યો રળીયામણો, ગણી **સમયસુંદર** ગુણ ગાઇ રે.ઋષિ. ૩૬

પ્રકાશિત : ૧. જૈન રાસ સંગ્રહ પ્રથમ ભાગ (ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથ-માલા પુ.૩૨થી ૩૯) પૃ.૧૬૪થી ૧૬૭. [૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૦૩) મયણરેહા રાસ

'ચાર પ્રત્યેક બુદ્ધ રાસ'માં અંતર્ગત.

(૧૩૦૪) દ્રૌપદી સંબંધ [અથવા **રાસ**] ૩ ખંડ ૩૪ ઢાલ ૬૦૬ કડી
ર.સં.૧૭૦૦ માહ માસ અમદાવાદમાં

આદિ – દૂહા.

શાંતિનાથ પ્રણમું સદા, પ્રણમું સદગુરૂપાય,
શ્રુતદેવી સાનિધિ કરી, અલગ ટલઉ અંતરાય. ૧
માતપિતા પણિ માનીયઇ, જિણ દીધઉ અવતાર,
દીક્ષાગુરૂ વિદ્યા તણુઉ, એ મોટઉ ઉપગાર. ૨
પહિલું સાધુ-સતી તણા, કીધા ઘણા પ્રબંધ,
હિવ વલી સૂત્ર થકી કહું, **દ્રૂપદીનઉ** સંબંધ. ૩
એક સૂત્ર બીજું સતી, ઉત્તમ એહની જોડ,
સુણતાં આનંદ ઊપજઇ, કરમની ત્રૂટઈ કોડિ. ૪
વૃદ્ધપણઇ મઇ ચઉપઇ, કરિવા માંડી એહ,
સૂત્રસતીનઈ સાધસ્યું, મુઝ મનિ અધિક સનેહ. ૫
મત કરઉ ઉંઘ નઇ વારતા, સાંભલતાં સહુ કોય,
આપ ન પ્રીછઇ અન્યનઇ, અંતરાય પણિ હોય. ૬
જ્ઞાતાસૂત્ર અરથ થકી, ભાષ્યઉ શ્રી ભગવંત,
સુધરમસામી ગુંથિયઉ, સૂત્ર થકી મતિમંત. ૭
કર જોડી **જંબૂ** કહઈ, **સુધરમ**સામિનઈ એમ,
પનરમઉ ધન્નાન કહ્યઉ સોલમઉ અધ્યયન કેમ. ૮
સુધરમસામી ઈમ કહઈ, સુણિ **જંબૂ** સુવિચાર,
મહાવીર મુઝનઇ કહ્યઉં, તિમ કહું તે અધિકાર. ૯

અંત – ત્રીજે ખંડ ઢાલ સાતમી–રાગ ધન્યાસિરી. પાસ જિણંદ જુહારી-
યઇ એહની.

સુધરમસામી પાંચમઉ ગણધર **જંબૂ**નઇ ભાષઇ રે,
ન્યાતાસૂત્રનઇ સોલમઉ, એ અધ્યયન સહુની સાષઇ રે. ૧
દ્રૂપદીની એ ચઉપઇ મઇં, વૃદ્ધપણઇ પણિ કીધી રે,
શિષ્ય તણઇ આગ્રહ કરી, મઈં લાભ ઊપરિ મતિ દીધી રે. દ્રૂ.
એક સતી વલી સાધવી એ વાત બાઉ ઘણું મોટી રે,
દ્રૂપદી નામ લેતાં થકાં, તિણ કરમની ત્રૂટઇ કોટી રે. ૨

એક સંખ દૂધમઇં ભર્યઉ, માનીતી સુત સ્યું મોહઇ રે,
સૂત્ર ગુણઇ સખરઇ કંઠ તસુ સુરનરના સુખ સોહઇ રે. ૩
ધનવંત વિનયધરમ વલી, એક બાપ નઇ સંયમ ધારી રે,
વૃદ્ધ ગીતારથ ગુરૂ વલી એહની મનિ આવઇ સારી રે. ૪
અમદાવાદ નગર માહે, સંવત **સતર સઈ** વરષે રે,
માહ માસ થઇ ચઉપઈ હુંસી માણસને હરષે રે. દ્રૂ. ૫
વાચક **હરષનંદન** વલી **હરષકુસલઇં** સાનિધિ કીધી રે,
લિષણ સોઝણ સાહય્ય થકી, તિણ તુરત પુરી કરી દીધી રે. દ્રૂ. ૬
શ્રી **જિણચંદ** સૂરીસરૂ, શ્રી **સકલચંદ** તસુ સીસો રે,
સમયસુંદર શિષ્ય તેહના, શ્રી સંઘનઈ દ્યઈ આસીસો રે. દ્રૂ. ૭
ખરતરગછ તણઉ ધણી, **જિનસાગરસૂરિ** વિરાજઇ રે,
સમયસુંદર કહઇ ચિર જીવઉ, દિન દિન પ્રતિ સબલ દિવાજઇ
રે. દ્રૂ. ૮
ત્રિણ ખંડ ઈણ ચઉપઇ, વલી અતિ ભલી ચઉત્રીસ ચઉત્રીસ ઢાલો રે,
સમયસુંદર કહઇ વંદના સીલ પાલઇ તેહનઈ ત્રિકાલો રે. દ્રૂ. ૯

(૧) ઇતિશ્રી **સમયસુંદર** મહોપાધ્યાય વિરચિતે દ્રૂપદીસતી સંબંધે ત્રિતીયઃ ખંડઃ સમાપ્તઃ તત્સમાપ્તૌ સમાપ્તા ચેયં ચતુઃપદી પ્રથમ ખંડે ઢાલ ૧૫ સર્વગાથા ૩૧૧ દ્વિતીય ખંડે ઢાલ ૧૨ સર્વગાથા ૧૫૧ તૃતીય ખંડે ઢાલ ૭ સર્વગાથા ૧૪૪ સર્વાગ્રં. ઢાલ ૩૪ સર્વાગ્રં. ગાથા ૬૦૬ સંવત ૧૭૦૫ વર્ષે આષાઢ વદિ ૧૩ શુક્રે લિખિતં. પ.સં.૩૦-૧૩, સેં. લા. (૨) સં.૧૭૭૫ આસો વદ ૩ બુધે **અંચલગચ્છે** વા. **માહાવજીગણિ** શિ. **માણિકલાભગણિ** શિ. **સત્યલાભ** લિ. **અંજાર** નગરે. પ.સં.૧૮-૧૮, વ.રા. (૩) કર્તાની સ્વહસ્તલિખિત લાગે છે. પ.સં.૧૮-૧૬, અનંત ભં. નં.૨. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી.]

હવે આ સુપ્રતિષ્ઠિત વિદ્વાન્ કવિની નાની મીઠી કૃતિઓની ટીપ નીચે પ્રમાણે છે. [જેમાંની ઘણી 'સમયસુંદર કૃતિ કુસુમાંજલિ'માં પ્રકાશિત થયેલી છે.]

(૧૩૦૫) પોષધવિધિ સ્તવન ૩૮ કડી ર.સં.૧૬૬૭ માગશર શુ.૧૦ ગુરુ મરોટમાં

અંત – ઉત્કૃષ્ટી પોષા તણી વિધિ કહી ઉપગાર,
જેસલમેરી સંઘનઈ હો, આગ્રહ કરી સુવિચાર. ૩૬

સોલઈ સઈ સતસઠિ સમઇ હો નગર **મરોટ** મઝારિ,
મગસરિ સુદિ દશમી દિનઇ હો, શુભ દિન સુરગુરૂવારિ. ૩૭
શ્રી **જિનચંદસૂરિ** હો, શ્રી **જિનસિંઘ** સૂરીસ,
સકલચંદ સુપસાઇ હો **સમયસુંદર** ભણઈ સીસ. ૩૮

(૧) પ.સં.૩, હા.ભં. દા.૮૨. (૨) લિ. તત્પૌત્રેણ. પ.સં.૪-૧૧, ગુ. નં.૧૩-૨૦. (૩) કલ. સં.કૅ.કૅટે. વૉ.૧૦ નં.૬૫ પૃ.૭૬-૭૭. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૫૯૩).]

(૧૩૦૬) + કર્મ છત્રીસી ર.સં.૧૬૬૮ માહ સુદ ૬ મુલતાનમાં

આદિ – રાગ આસાઉરી

કર્મ થકી છુટે નહીં પ્રાણી, કર્મ સબલ દુખ ખાણુજી,
કર્મ તણે વશ જીવ પડ્યા સહુ, કર્મ કરે તે પ્રમાણુજી. કરમ. ૧

અંત – શ્રી **મુલતાન** નગર મૂલનાયક, **પાર્શ્વનાથ** જિણ જોયજી,
વાસુપૂજ્ય શ્રી **સુમતિ** પ્રસાદે, લોક સુખી સહુ કોયજી. ક. ૩૩
શ્રી **જિનચંદસૂરિ જિનસિંઘસૂરિ**, ગચ્છપતિ ગુણભરપૂરજી.
સિંધુ **જેસલમેરી** શ્રાવક, **ખરતરગચ્છ** પડુરજી. ક. ૩૪
સકલચંદ સદ્ગુરૂ પસાયે, **સોલ સે અડસઠ્ઠીજી**,
કર્મછત્રીસી એ મઈ કીધી, માહ તણી સુદ છઠ્ઠીજી. ક. ૩૫
કર્મછત્રીસી કાને સુણીને, કરજો વ્રત પચ્ચખાણુજી,
સમયસુંદર કહે શિવસુખ લેશો, ધર્મ તણો પરમાણુજી. ક. ૩૬

(૧) સં.૧૭૦૧ ફા.વ.૮ **મુલતાણ** મધ્યે લિ. **શ્રાવિકા રાણી** પઠનાય. પ.સં.૨, કમલમુનિ. (૨) પં. હર્ષકુશલ લિ. શ્રી **વીરાં** પઠનાર્થં. પ.સં. ૨, અભય. નં.૨૯૭૮. (૩) જુઓ દયાછત્રીશીની નીચે. (૪) જુઓ ક્ષમા-છત્રીશીની નીચે. (૫) જુઓ આલોયણછત્રીશીની નીચે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૫, ૨૯૩).]

(૧૩૦૭) [+] પુણ્ય છત્રીશી ર.સં.૧૬૬૯ સીત(ધ)પુરમાં

આદિ – પુણ્ય તણાં ફલ પરતખિ દેખઉ, કરૂ પુણ્ય સહૂ કોઇજી,
પુણ્ય કરતાં પાપ પુલાઇ, જીવ સુખી જગ હોઇજી. ૧ પુણ્ય.

અંત – સંવત્ **નિધિ દરસણ રસ સસિહર, સીત(ધ)પુર** નગર મઝારિજી,

*

શાંતિનાથ સુપ્રસાદઇ કીધી, **પુણ્યછત્રીસી** સાર રે,

યુગપ્રધાન સવાઇ **જિનસિંઘસૂરિ સકલચંદ** શિષ્યજી;
સમયસુંદર કહઇ પુણ્ય કરઉ સહૂ, પુણ્યનાં ફલ પરતક્ષજી. ૩૬

(૧) પં. જૈન શ્વે. ભં. જયપુર પો.૬૪. (૨) સં.૧૭૮૪, ચોપડો, જશ. સં. (૩) પ.ક્ર.૩૩૬થી ૩૩૮, ચોપડો, મુક્તિ. નં.૨૪૭૨. (૪–૭) જુઓ દયાછત્રીશી, શીલછત્રીશી, ક્ષમાછત્રીશી અને આલોયણછત્રીશીની નીચે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૧૭).]

[પ્રકાશિત : ૧. રત્નસાર ભા.૨. ૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૦૮) [+] **સંતોષ છત્રીશી** ર.સં.૧૬૮૪ ચોમાસું લુણકરણસરમાં

આદિ – સાંહામી સ્યઉં સંતોષ કરીજઇ, વયરવિરોધ નિવારીજી,
સગપણ તે જે સાહાંમી કેરૂં, ચતુર સુણ્યઉ સુવિચારીજી. ૧ સાં.

અંત – જિમ **નાગોરે ક્ષમાછત્રીસી, કરમછત્રીસી મુલતાનજી,**
પુણ્યછત્રીસી સિદ્ધ(ત)પુર કીધી, શ્રાવકને હિત જાણુજી. ૩૨
તિમ **સંતોષછત્રીસી** કીધી, **લુણકરણસર** માંહિજી,
મેલ થયો સામિ માંહોમાંહે, આણંદ અધિક ઉચ્છાહજી. ૩૩
પાપ ગયો પચાસ વરસનો, પ્રગટચો પુણ્યપડૂરજી,
પ્રીતસંતોષ વધ્યો માંહોમાંહે, વાગો સિંગલતૂરજી. ૩૪
સંવત **સોલ ચોરાસી** વરસૈ, સર માહિ રહ્યા ચોમાસું,
જસસૌભાગ્ય થયો જગ માંહિ, સહુ દીધી સાબાસજી. ૩૫
જુગપ્રધાન **જિણચંદ** સૂરીસર, **સકલચંદ** તસુ સીસજી,
સમયસુંદર સંતોષછત્રીસી, કીધી સંઘ જગીસજી. ૩૬

(૧) સં.૧૭૮૪નો ચોપડો, જશ. સં. (૨–૪) જુઓ દયાછત્રીશી, શીલછત્રીશી તથા ક્ષમાછત્રીશીની નીચે. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૦૯) દયા છત્રીશી

(૧) કર્મછત્રીશી, પુણ્યછત્રીશી, સંતોષછત્રીશી અને ક્ષમાછત્રીશીની સાથે. શ્રી ગામ દેલવાડા મધ્યે લ ચેલા જીવણ સં.૧૮૪૪ પો.શુ.૧૨ રવિ. પ.સં.૫–૧૯, ખેડા ભં.૩.

(૧૩૧૦) શીલ છત્રીશી

(૧) પ.સં.૧૦, અમ.

(૧૩૧૧) + **ક્ષમા છત્રીશી** નાગોરમાં

આદિ – આદર જીવ ક્ષમાગુણ આદર, મ કરિશ રાગ ને દ્વેષજી,

સમતાયેં શિવસુખ પામીજેં, ક્રોધેં કુગતિ વિશેષજી. આ. ૧

અંત – નગર માંહે **નાગોર** નગીનો, જિહાં જિનવરપ્રાસાદજી,

શ્રાવક લોક વસે અતિ સુખીયા, ધર્મ તણે પરસાદજી. આ. ૩૪

ક્ષમાછત્રીશી ખાંતે કીધી, આતમપર-ઉપગારજી,

સાંભલતાં શ્રાવક પણ સમજ્યા, ઉપશમ ધર્યો અપારજી. આ. ૩૫

જુગપ્રધાન **જિણચંદ** સુરીસર, **સકલચંદ** તસુ શિષ્યજી,

સમયસુંદર તસુ શિષ્ય ભણે ઇમ, ચતુર્વિધિ સંઘ જગીશજી.આ.૩૬

(૧) કર્મછત્રીશી, પુણ્યછત્રીશી અને સંતોષછત્રીશીની સાથે. ઉ. અમૃતવિજય શિ. વિદ્યાવિજય લિ. નેમિદાસ પઠનાર્થં. પ.સં.૯-૧૨, વી.ઉ.ભં. દા.૧૭. (૨-૩) જુઓ દયાછત્રીશી અને શીલછત્રીશીની નીચે. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૧, ૨૧૪, ૨૪૭, ૨૫૪, ૨૫૫, ૨૭૭, ૨૭૯, ૨૮૧, ૨૯૨, ૨૯૩, ૪૦૨, ૫૧૧, ૫૨૧, ૫૭૯).]

પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૩૯૯. [૨. જૈન સઝાયમાલા (બાલાભાઈ) ભા.૧. ૩. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૧૨) [+] **આલોયણ છત્રીશી** ર.સં.૧૬૯૮ અહમદપુરમાં (અમદાવાદમાં)

આદિ – નગર સુદર્શણ અતિ ભલો એહની ઢાલ.

પાપ આલોયું આપણાં, સિદ્ધ આતમ સાખિ,

આલોયાં પાપ છૂટીયે, ભગવંત ઇમ ભાષ. પાપ. ૧

સાલ હીયાથી કાઢજો, જિમ કીધાં તેમ,

દુખ દેખિસિ નહિતરિ ઘણાં, રૂપી **લખણા** જેમ. પાપ. ૨

અંત – સંવત **સોલ અઠાણુયઇ**, **અહમદપુર** માંહિ,

સમયસુંદર કહે મેં કરી, આલોયણ ઉચ્છાહિ. ૩૬

(૧) પ.ક્ર.૩૪૧-૩૪૨, ચોપડો, મુક્તિ. નં.૨૪૭૨. (૨) પ.સં.૨-૧૧, મારી પાસે. (૩) પ્ર.કા.ભં. નં.૮૬૨. (૪) કર્મછત્રીશી અને પુણ્યછત્રીશીની સાથે. પ.સં.૬-૧૩, હા.ભં. દા.૮૨ નં.૫૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૪૭, ૨૫૪, ૪૩૨, ૪૮૭, ૫૪૨, ૫૯૨).]

[પ્રકાશિત : ૧. સદ્વિચારસંગ્રહ. ૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૧૩) તીર્થભાસ છત્રીશી

૧ [+] **શેત્રુંજા આદિનાથ ભાસ** સં.૧૬૪૪ ચૈત્ર વ.૪ બુધ જાત્રા

આદિ – ચાલઉ રે સખી **સેત્રુંજ** જાઇયઇ રે તિહાં ભેટીઇ શ્રી **રિષભ**

જિણિંદ રે. ૧

અંત – સંવત **સોલ ચિમાલમઈ** રે ચૈત્ર માસિ વદિ ચઉથિ બુધવાર રે
જિણચંદસૂરિ જાત્રા કરી રે, ચતુરવિધિ શ્રી સંઘ પરિવાર રે. ચા.૮
શ્રી **આદિસર** રાજીયઉ રે, શ્રી **સેત્રુંજ**ગિરિસિણગાર રે,
સમયસુંદર ઇમ વીનવઇ રે, હુજ્યો મનવંછિત દાતાર રે. ચા. ૯

[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

૨ શેત્રુંજા તીર્થ ભાસ ર.સં.૧૬૪૪ ચૈત્ર

આદિ– રાગ મારૂણી ધન્યાસિરિ, જાતિ ધમાલની.
સકલ તીરથ માહિ સુંદરૂ, **સોરઠ** દેશ શૃંગાર,
સુરનર કોડિ સેવા કરઇ, **સેત્રુંજ** તીરથ સાર
ચાલઉ ચાલઉ **વિમલ** વેગિરિ જાઇયઇ રે. ૧

અંત – ધન ધન **જોગી સોમજી** ધન ધન તુમ્હ અવતાર,
શેત્રુંજ સંઘ કરાવિયઉ, પુણ્ય ભર્યઉ સુભંડાર. ૯
સંવત **સોલ ચિમાલમઇ** માસ સુચૈત્ર મઝાર,
શ્રી **જિણચંદ** સૂરીસરૂ, જાત્ર કરી સપરિવાર. ૧૦
શ્રી **શેત્રુંજ** ગુણ ગાવતાં, હીયડઇ હરષ અપાર,
સમયસુંદર સેવક ભણઇ, **રિષભ** જિણંદ સુખકાર. ૧૧

૩ + રાણ[ક]પુર ગીત ર.સં.૧૬૭૨ માગશર યાત્રા

આદિ – **રાણપુરે** રલિયામણો રે લાલ, શ્રી **આદિસર** દેવ મન મોહ્યું રે.

અંત – સંવત **સોલ બિહુત્તરઈરે** લાલ મગસિર માસ મઝારિ, મ.
રાણપુરઇં જાત્રા કરી રે લાલ **સમયસુંદર** સુખકાર. ૭ મ.

પ્રકાશિત : ૧. જૈન પ્રબોધ પુસ્તક પૃ.૭૦. ૨. રત્નસમુચ્ચય પૃ.૨૩૨.
[૩. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

૪ શેત્રુંજમંડન શ્રી આદિનાથ ભાસ ૫ કડી

અંત – સ્વામી **વિમલાચલ** સિણગારજી, એક વીનતડી અવધારિ,
મરૂદેવી માત મલ્હારજી, **સમયસુંદરનઈ** સુખકારજી. ૫

૫ [+] શેત્રુંજ તીરથ આદિનાથ ભાસ ૯ કડી ર.સં.૧૬૫૮
ચૈત્ર શુ.૧૫

આદિ – મુઝ મન ઊલટ અતિ ઘણુઉ મન મોહ્યઉં રે
સેત્રુંજ ભેટણ કાજિ લાલ મન મોહ્યઉં રે. ૧

અંત – સંવત **સોલ અઠાવનઈ**, મન. ચૈત્રી પુનિમ સાર લાલ મન.

આજ સફલ દિન માહરઉ મન. જાત્ર કરી સુખકાર લાલ મન. ૮
દુરગતિના દુખ ભય ટલ્યા મન. પૂગી મનની આશ લાલ મન.
સમયસુંદર પ્રણમઇ સદા મન. **સેત્રુંજ** લીલ વિલાસ લાલ મન. ૯
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

૬ ગિરિનાર તીર્થ નેમિનાથ ઉલંભા ભાસ ૪ કડી

આદિ – દૂર થકી મોરી વંદણા, જાણેજ્યો જિનરાય **નેમિજી**
ઉમાહઉ કરિ આવીયઉ, પણિ કોઇ અંતરાય, **નેમિજી.** ૧
અંત – **સમયસુંદર** કહઇ **નેમિજી**, વેગી દેજ્યો ભેટિ. **નેમિજી.** ૪

૭ નેમિનાથ ઉલંભા ઉત્તારણ ગિરિનાર તીર્થ ભાસ ૪ કડી

આદિ – પરતખિ પ્રભુ મોરી વંદના, આજ ચડી પરમાણ **નેમિજી**
અંત – શ્રી **ગિરનાર** જાત્રા કરી, **સમયસુંદર** સુવિહાણ ૪

૮ ગિરનાર તીર્થ ભાસ ૮ કડી

આદિ – શ્રી **નેમિસર** ગુણનિલઉ ત્રિભુવનતિલઉ રે ચરણ વિહાર પવિત્ત. ૧
અંત – **સમુદ્રવિજય** નૃપ નંદનાં, કૃત વંદના, **સમયસુંદર** સુખકાર. જ. ૮

૯ [+] આબૂ તીર્થ ભાસ ર.સં.૧૬૭૮

આદિ – **આબૂ** પરવત રૂયડઉ, આદીસર, ઉંચઉ ગાઉ સાતરો. ૧
અંત – જાત્રા કરી **અઠચોતરઇ**, આદી. શ્રીસંઘ પૂજા સનાત્ર રે આ.
સમયસુંદર કહઇ સાસતી, આદી. ભાસ ભણ્યા હુયઇ જાત્ર રે આ. ૭
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

૧૦ [+] અષ્ટાપદ તીર્થ ભાસ ૬ કડી ર.સં.૧૬૫૮ અમદાવાદ

આદિ – મારૂં મન **અષ્ટાપદ** સ્યું મોહ્યું, ફટિક રતન અભિરામ મેરે લાલ. ૧
અંત – સંવત **સોલ અઠવના** વરષે, **અમદાવાદ** મઝારિ, મેરે.
સુણિ સખા **અષ્ટાપદ** મંડાવ્યઉ, **મનજી સાહ** અપાર. ૫
તે **અષ્ટાપદ** નયણે નિરખ્યઉ, સીધા વંછિત કાજ,
સમયસુંદર કહઇ ધન્ન દિવસ તે, તિહાં ભેટ્યું જિનરાજ મેરે. ૬
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

૧૧ + અષ્ટાપદ તીર્થ ભાસ

આદિ – મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી, નામ જપું નિશદિશજી.
અંત – દૈવ ન દીધી મુઝને પાંખડીજી, આવું કેમ હજૂરજી,
સમયસુંદર કહે વંદનાજી, પ્રહ ઉગમતે સૂરજી.
પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૩૪૨.

૧૨ તીર્થાવલી ભાસ ૧૬ કડી

આદિ – **સેત્રુંજ** સિખર સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે સીધા સાધુ અનંત. ૧

અંત – તીરથજાત્રા જે ફલ તિહાં, હુજ્યોઇ તે ઇહાં રે **સમયસુંદર** કહઇ એમ. ૧૬

૧૩ તીર્થાવલી ભાસ ૧૦ કડી રાગ પ્રભાતી

આદિ – શ્રી **શેત્રુંજિ** સિખર સમોસર્યા ત્રેવીસ તીર્થંકર શ્રી અરિહંત. ૧

અંત – જે જિણવર તીર્થંકર પ્રતિમા, પ્રણમતિ **સમયસુંદર** સુખકાર. ૧૦

૧૪ તીર્થ ભાસ ૫ કડી

આદિ – મ્હારી બહિની હે બહિની મ્હારી સુણિ એક મોરી વાત હે. ૧

અંત – સફલ કીયઉ અવતાર હે ભણઇ **સમયસુંદર** ઇમ ભગતિ સ્યું. ૫

૧૫ તીર્થ ભાસ ૬ કડી

આદિ – સખી ચાલઉ હે સખી ચાલઉ હે ચતુર સુજાણ
ભાવઇ હે આ હે ભાવે હે તીરથ ભેટસ્યાં. ૧

અંત – બોલઇ ઇમ બોલઇ હે **સમયસુંદર**ગણી. ૬

૧૬ પુરિમતાલમંડન શ્રી આદિનાથ ભાસ ૪ કડી

આદિ – **ભરતનઈ** ઘઇ ઉલંભડા રે, **મરૂદેવી** અનેક પ્રકાર રે. ૧

અંત – **સમયસુંદર** સુપ્રસન સદા રે, **આદીસર** જિનરાજ રે. ૪

૧૭ ફલોધી પાર્શ્વનાથ ભાસ રાગ પ્રભાતી

આદિ – પ્રભો **ફલવધી પાસ** પરભાતિ પૂજઉ
દુની મઇ નહી કો ઇસઉ દેવ દૂજઉ. ૧ પ્રભો.

અંત – પ્રભો પ્રણમતાં પરમઆણંદ પાવઇ,
ગુણ **સમયસુંદર** કર જોડિ ગાવઇ. ૪ પ્રભો.

૧૮ નડુલાઈમંડન શ્રી નેમિનાથ ભાસ કડી રાગ સારંગ

આદિ – **નડુલાઈ** નિરખ્યઉ જાદવઉ ન. ૧

અંત – **સમયસુંદર** કહઇ **સમુદ્રવિજય** સુત
પ્રભુ જલધર સમઉ પરખ્યઉ નિરખ્યઉ.

૧૯ મંગલોરમંડન શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ ભાસ ૫ કડી

નવપલ્લવ પ્રભુ નયણે નિરખ્યઉ.
પ્રગટઉ પુણ્યનઇ હીયડઇઉ હરખ્યઉ. નવ. ૧
વલભી ભંગઈ મૂરતિ આણી, મારગિ બે અંગુલી વિલંબાણી. ૨

વલીય નવી આવી તે જાણુઉ, **નવપલ્લવ** તે નામ કહાણુઉ. ૩
મંગલોરગઢ મૂરતિ સોહઇ, ભવિયણ લોય તણાં મન મોહઇ. ૪
જાપ કરી શ્રીસંઘ સંઘાતિ, **સમયસુંદર** પ્રણમઇ પરભાતિ. ૫

૨૦ વાડી પાર્શ્વનાથ ભાસ ૩ કડી

આદિ – ચઉમુખ **વાડી પાસજી** સુંદર મૂરતિ સોહઇ
અંત – **સમયસુંદર** સેવક જનનઇ પરતખિ તૂઠા **વાડી પાસ** મેરે લાલ.
૩ ચઉ.

૨૧ અજાહરઉ પાર્શ્વનાથ ભાસ ૪ કડી

આદિ – આવઉ જુહારઉ રે **અજાહરઉ પાસ.** ૧
અંત – તીરથ જૂનઉ રે **અજાહરઉ** જાણિ, **સમયસુંદર** મુખવાણી. ૪

૨૨ દેવકાપાટણમંડણ દાદા પાર્શ્વનાથ ભાસ ૪ કડી

આદિ – **દેવકઇ પાટણિ** દાદઉ **પાસ,** સખી મઈ જુહારિઉ
મ્હારી પૂગી આસ. ૧ દેવ.
અંત – દઉલતિ આવઈ દાદઉ **પાસ, સમયસુંદર** પ્રભુ લીલ. ૪ દેવ.

૨૩ કંસારામંડણ ભીડભંજણ પાર્શ્વનાથ ભાસ ૪ કડી

આદિ – ચાલઉ સખી ચિતચાહ સું, **ચંપા(ત્રંબા)વતી** નગરી તથિ રે,
કંસારી કેરઉ જાગતઉ તીરથ છઇ જેથિ રે. ૧
અંત – **ભીડભંજન** સામી, તે ડિયઉ, સખી પ્રહ ઉગમતઇ સતો
સમયસુંદર કહઇ સુણઉ, ભયભંજણ શ્રી ભગવંત રે ૪ ભી.

૨૪ શંખેશ્વર પાર્શ્વનાથ ભાસ ૩ કડી રાગ ધન્યાશ્રી

આદિ – **સંખેસરઉ** રે જાગતઉ તીરથ જાણીયઇ રે,
અંત – ઇમ બોલઇ **સમયસુંદર** સાનિધિ કરૂ રે. ૩ સંખેસ.

૨૫ આગ્રામંડણ શ્રી વિમલનાથ ભાસ ૪ કડી

આદિ – દેવ જુહારણ દેહરઇ ચાલી, સહિય સમાણી સાથિ રી,
અંત – **સમયસુંદર** કહઇ મનવંછિત સુખ, તે પામઇ ભવપાર રી. ૪

૨૬ પુષ્કલાવતીવિજયમંડણ શ્રી સીમંધરસ્વામી ભાસ ૬ કડી

આદિ – વિહરમાણ **સીમંધર** સામી, પ્રહ ઊઠી પ્રણમું શિર નામી. વિ. ૧
અંત – સકલ સોમ સંદેહ હરંતા, **સમયસુંદર** વાંદઇ વિહરતા. ૬

૨૭ ચંદબારીમંડન ચંદ્રપ્રભ ભાસ રાગ વસંત

આદિ – **ચંદપ્રભ** ભેટયઉ મઇ **ચંદવાર જમુના** કઇ પારિ. ચં.
અંત – **સમયસુંદરનઇ** ભવસમુદ્ર તારિ. ૨

૨૮ સોરીપુરમંડન નેમિનાથ ભાસ ૪ કડી રાગ ગૂજરી

આદિ – **સોરીપુર** જાત્ર કરી પ્રભુ તેરી,

જનમકલ્યાણ ભૂમીકા ફરસી, મનઆસા ફલી મેરી. ૧ સો.

અંત – **સમયસુંદર** કહઇ અબ **નેમીસર**, રાખિ સંસારકી ફેરી. ૪ સો.

૨૯ ખંભાયતમંડન શ્રી ભીડભંજણ પાર્શ્વનાથ ભાસ ૩ કડી

ભીડભંજણ રે દુખગંજણ રે,

રૂડી મૂરતિ જણમણરંજણ રે, નિરખીજઇ **પાસ** નિરંજણ રે. ૧

દરસણ મનવંછિત દાતા રે, પ્રણમીજઇ ઉઠિ પ્રભાતા રે,

કંસારી નામ કહાતા રે, **ખંભાયત** માંહિ વિખ્યાતા રે. ૨ ભીડ

ચિંતા આરતિ સવિ ચૂરઇ રે, પ્રભુ સહુના પરતા પૂરઇ રે,

દુખદોહિગ ટાલઇ દૂરિ રે, **સમયસુંદર** પુણ્ય પડૂરઇ રે. ૩ ભીડ.

૩૦ શંખેશ્વર પાર્શ્વનાથ ભાસ ૫ કડી રાગ ભૈરવ

આદિ – સાચઉ દેવ તઉ **સંખેસરઉ**, ધ્યાન એક ભગવંતનઉ ધરઉ. ૧

અંત – **સમયસુંદર** કહઇ જિમ નિસ્તરઉ. ૫

૩૧ સેરીસામંડન પાર્શ્વનાથ ભાસ ૩ કડી

સકલ મૂરતિ **સેરીસઈ**, પાસ દસમિ **પારસનાથ** ભેટવઉ,

દેવનામી, દેહરઉ દીસઇ. ૧

પ્રતિમા લોડતિ જાઇ પાતાલઇ, ધરણિ આઉં ધિરઇ સીસઇ,

ભાવભગતિ ભગવંતની કરતાં, હરષ ઘણઇ હીયડઇ હીસઇ. ૨

પટણી પારિખ સૂરજી સંઘ સું, જાત્ર કરી ભલી સુજગીસઇ,

સમયસુંદર કહઇ સાચઉ મઇ જાણ્યઉ, વીતરાગ વીસાવીસે. ૩

૩૨ પાર્શ્વવીર ભાસ રાગ ધન્યાશ્રી ૩ કડી

પદમાવતી સિર ઊપરિં, **પારસનાથ** પ્રતિમા સોહઇ રે,

નગર **નલોલઇ** નિરખતાં, નરનારીનાં મન મોહઇ રે. ૧ પદમા.

ભુંહરા માહિ અતિ ભલી, **મહાવીર**ની પ્રતિમા માંડી રે,

ભગતિ કરઉ ભગવંતની, મોક્ષમારગની એ દાંડી રે. ૨ પદમા.

લોક જાયઇ જાત્રા ઘણા, **પદમાવતી** પરતા પૂરઇ રે,

સમયસુંદર કહઇ જિન બેઊ તે, આરતિ ચિંતા ચૂરઇ રે. ૩ પદમા.

૩૩ આસાઉલી ભાભા પાર્શ્વનાથ ભાસ ૨ કડી

ભાભઉ પારસનાથ મઇ ભેટચો, **આસાઉલિ** માહિ આજ રે,

દુખદોહગ દૂરિં ગયા સગલા, સીધા વંછિત કાજ રે. ૧

શ્રાવક પૂજા સનાત્ર કરઇ સપૂરવ ઝાલ પખાજ રે,
સમયસુંદર કહઇ હું સેવક તારઉ, તું મેરે સિરતાજ રે. ૨

૩૪ ગૌડીમંડણ પાર્શ્વનાથ ભાસ ૩ કડી

આદિ - રાગ અસાઉલિ ગઉડી

પારસનાથ તું ગાજઇ, વારૂ એકલમલ્લ વિરાજઇ. ૧ ગ.

અંત - **સમયસુંદર** કહઇ પ્રભુ, સહુનઇ નિવાજઇ. ૩ ગ.

૩૫ ચિંતામણિ પાર્શ્વનાથ ભાસ ૩ કડી રાગ ભૈરવ

આદિ - **ચિંતામણિ** મ્હારી ચિંતા ચુરિ, **પારસનાથ** મુઝ વંછિત પૂરિ. ૧

અંત - **સમયસુંદર** કહઇ કરિ તું પડૂર. ૩ ચિંતા.

૩૬ ભાભા પાર્શ્વનાથ ભાસ ૩ કડી રાગ ભૈરવ

ભાભા પારસનાથ ભલું કરે, ભલું કરે **ભાભા** ભલું કરે,
અલિય વિઘન મ્હારાં અલગાં હરે. ૧ ભાભા પા.
કુસલખેમ કરે મુઝ ઘરે, રિદ્ધિવૃદ્ધિ વાધઇ બહુ પરે. ૨ ભાભા પા.
સમયસુંદર કહઇ મત કિહાં ડરે, ધ્યાન એક ભગવંતનું ધરે. ૩

(૧) ઇતિ તીરથ ભાસ છત્રીસી સમાપ્તા. સં.૧૭૦૦(૦) વર્ષે અષાઢ વદિ ૧ દિને લિષિતં. ૩૬. (આ પછી આ ૩૬ ભાસની પહેલી લીટીની અનુક્રમણિકા આપી છે.) સં.૧૭૦૦ વર્ષે આષાઢ વદિ ૧ દિને શ્રી **અમદાબાદ** નગરે **હાજા પટેલ પોલિ** મધ્યવર્તિ વૃદ્ધોપાશ્રયે યુગપ્રધાન શ્રી **જિનચન્દ્રસૂરિ** પ્રધાન શિષ્ય પંડિતશ્રી **સકલચંદ્રગણિ** શિષ્ય પંડિતશ્રી **સમયસુન્દરોપાધ્યાય** લિખિતા વાદિવૃન્દકન્દકન્દકુદ્દાલ શ્રી વાચનાચાર્ય હર્ષનંદન ગણિ સહિતઃ પ.સં.૧૧-૧૩ રો.એ.સો. બી.ડી.૨૬ નં.૧૯૦૬. (આ કવિની સ્વહસ્તલિખિત પ્રત જણાય છે. તેમાં જુદાંજુદાં તીર્થોનાં વર્ણન વિગેરે છે.)

(૧૩૧૪) [+] સત્યાસિયા દુષ્કાળ વર્ણન છત્રીશી ર.સં.૧૬૮૭

(૧) સં.૧૮૧૬ આસો શુ.૧ શુક્રે. પ.સં.૫, અભય નં.૧૫૮૮. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૧૧).]

[પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૫ અં.૧-૨-૩ અને ૯. ૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૧૫) નાકોડા સ્તવનાદિ પદ ૨૨

(૧) સાધ્વી એમી પઠનાર્થં. પ.સં.૬, અભય. નં.૨૭૬૬.

(૧૩૧૬) અન્ય સ્તવનાદિ

૧ + **અમરસરપુરમંડન શીતલનાથ સ્ત.** ૧૫ કડી

આદિ – મોરા સાહેબ હો શ્રી **શીતલનાથ** કિ, વીનતી સુણો એક મોરડી.
અંત – ઈમ **અમરસર**પુર સંઘસુખકર માત **નંદાનંદ**ણો,
સકલાપ **સીતલનાથ** સામી સકલ-જણ-આનંદણો;
શ્રી વચ્છલંછન વરણ કંચણ રૂપ સુંદર સોહએ,
એ તવન કીધઉ **સમયસુંદર** સુણત જનમન મોહએ. ૧૫
(૧) પ્ર.કા.ભં. (૨) મારી પાસે.
પ્રકાશિત : ૧. રત્નસાગર પૃ.૧૪૫.

૨ + મહાવીર સ્ત. (વિનતિ રૂપે) ૧૯ કડી જેસલમેરમાં
આદિ – **વીર સૂ**ણો મુજ વીનતિ, કર જોડી હો કરૂં હું મનની વાત,
બાલકની પરે વીનવું, મોરા સામી હો તૂ ત્રિભોવનતાત,
વીર સૂણો મોરી વીનતી. ૧
અંત – કલશ
ઇમ નયર **જેસલમેર**મંડણ, તીર્થંકર ચોવીસમો
સાસનાધીશ સિંહલંછન સેવતા સુરતરૂ સમો
જિનચંદ ત્રિશલામાતનંદન **સકલચંદ** કલાનિલો,
વાચનાચાર્ય **સમયસુંદર**, સંથુણ્યો ત્રિભુવનતિલો. ૧૯
(૧) શ્રી બબા મધે સં.૧૭૫૧ વરખે ભાદ્રવા શુદ ૮ દનૌ લખતં રાએચંદ રાએસંઘ. ઉનાના વકીલ મોરારજીભાઈના મારી પાસે આવેલા એક ચોપડામાં. (૨) પ.સં.૨-૧૪, આ.ક.ભં.
પ્રકાશિત : ૧. રત્નસાગર પૃ.૧૫૪. ૨. રત્નસમુચ્ચય પૃ.૧૮૩.

૩ + દાદાજી (જિનકુશલસૂરિ) સ્ત.
આદિ – આયો આયોજી સમરંતા દાદોજી આયો.
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

૪ પ્રતિમા સ્ત. ૭ કડી
આદિ – શ્રી જિનપ્રતિમા હો જિન સારખી કહી, એ દીઠાં આણંદ.
અંત – **પારસનાથ** હો તુઝ પરસાદથી, સદ્દવહના મુઝ એહ,
ભવભવ હોજ્યો હો **સમયસૂંદર** કહે, શ્રી જિનપ્રતિમા શું નેહજી શ્રી.
(૧) મારી પાસે.

૫ + શત્રુંજયમંડન (આલોયણગર્ભિત) આદિ બૃહત્સ્ત. ૩૧ કડી આ સ્તવન પોતે શત્રુંજયની યાત્રા કરી ત્યારે કર્યું છે. તે માટે

'શત્રુંજય રાસ' પોતે કર્યો છે તેમાં આલોયણનો ઉલ્લેખ જુઓ.
આદિ – બે કર જોડી વીનવુંજી, સુણિ સામી સુવદીત,
કૂડકપટ મૂંકી કરીજી, વાત કહું આપવીત. ૧
અંત – કલશ
ઈમ ચઢિય **શેત્રુંજ** ચરણ ભેટચા, **નાભિનં**દણ જિણ તણા,
કર જોડિ **આદિ** જિણંદ આગઇ, પાપ આલોયા આપણા,
શ્રી પૂજ્ય **જિણચંદ**સૂરિ સદગુરૂ, પ્રથમ શિષ્ય સુજસ ઘણુઈ,
ગણિ **સકલચંદ** સુસીસ વાચક, **સમયસુંદર** ગુણ ભણુઈ. ૩૧
(૧) મારી પાસે.
પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૨૩૫થી ૨૩૭. ૨. ચૈત્ય આદિ સં. ભા.૨.

૬ + સકલ શાશ્વત ચૈત્ય નમસ્કાર સ્ત. ૫ ઢાળ
આદિ – **રિષભાનન વર્ધમાન, ચંદ્રાનન** જિન, **વારિષેણ** નામે જિણા એ. ૧
તેહ તણા પ્રાસાદ ત્રિભુવન સાસતા, પ્રણમું બિંબ સોહામણા એ. ૨
અંત – કલશ.
ઈમ શાસતા પ્રાસાદ પ્રતિમા સંથુણ્યા જિનવર તણા,
ચિહું નામ **જિનચંદ** તણા ત્રિભુવન **સકલચંદ** સુહાવણા;
વાચનાચારિજ **સમયસુંદર** ગુણ ભણેં અભિરામ એ,
ત્રિહું કાલ ત્રિકરણ શુદ્ધ હોયજ્યો સદા મુઝ પ્રણામ એ.
પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૨૨૮થી ૨૩૦. [૨. અભયરત્નસાર.]

૭ + મહેવામંડણ પાર્શ્વનાથ સ્ત. અથવા છંદ ૮ કડી
આદિ – આપણ ઘર બઈઠા લીલ કરઉ, નિજ પુત્ર કલત્ર સું પ્રેમ ધરઉ,
તુમ્હે દેસ દેસંતર કાંઇ દ્રડઉઈ, નિત નાંમ જપઉ શ્રીના કોડઇ. ૧
અંત – શ્રી **પાસ મહેવાપુર** નગરે, મઇ ભેટચઉ જિણવર હરષ ભરે,
ઇંમ **સમયસુંદર** કહઇ ગુણ જોડઉ, નિત. ૮
(૧) મારી પાસે.
પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૨૬૨.

૮ વિકાનેરમંડણ ઋષભજિન સ્ત.
આદિ – ઢાલ ઝિરમિર વરસૈ મેહ હો રાજા પરનાલે પાંણી વહૈ—એ દેશી
વીકમપુર સિણગાર હો લાલ, **રિષભ જિણેસર** ગુણભર્યો

મોરા લાલ,
નાભિરાયાં કુલચંદ, **મરૂદેવી** માતા ઉર ધર્યો-૧ મા.

(૧) અપૂર્ણ, મારી પાસે.

૯ પાર્શ્વનાથ જિન પંચકલ્યાણક સ્ત. ૫૧ કડી ર.સં.૧૬૫૬ વૈ.સુ.૩ જેસલમેરમાં

આદિ – પુરિસાદાણી પરગડઉ, **જેસલમેરૂ** જિણંદ,
પંચ કલ્યાંણક તેહના, પભણિસુ પરમાણંદ. ૧
જિનવરના ગુણ ગાવતાં, લહિયઈ સમકિતસાર,
ગોત્ર તિર્થંકર બાંધિયઈ, લહુ તરિયઈ સંસાર. ૨
રાગ ભેદ રલિયાંમણા જાણઇ ચતુરસુજાણ,
ભાવ ભગતિ ગુણ ગાવતાં, જીવિત જનમ પ્રમાંણ. ૩

અંત – રાગ ધન્યાસિરી.
ઈમ થુણ્યઉ **જેસલમેરૂ**મંડન, દુરિતખંડન સુભ મનઈ,
રસ કરણ દરસણ તરણિ વરસઈ, **આદિ** જિણ પારણ દિનઇ.૫૦
જિનચંદસૂરતિ **સકલચંદન** મૃગમદા કેસર કરી,
પ્રહ **સમઇસુંદર પાસ** પૂજઈ, તેહની ધન્યાસિરી. ૫૧

(૧) પ.સં.૩–૧૧, મારી પાસે.

૧૦ + તીર્થમાલા સ્ત.

આદિ – શ્રી **શેત્રુંજે ઋષભ** સમોસર્યા, ભલા ગુણભર્યા રે,
સીધા સાધુ અનંત, તીરથ તે નમું રે.

અંત – **શેત્રુંજાની** કારણી **નવાનગર**માં રે, શ્રી **રાજસી** ભરાવ્યા બિંબ, તી.
તીરથયાત્રા ફલ તીહાં હોજ્યો મુજ ઇહાં રે, **સમયસુંદર** કહે એમ. તી.

(૧) મારી પાસે. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૧).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૫૯૫. [૨. જૈન કાવ્યપ્રકાશ ભા.૧. ૩. અભયરત્નસાર.]

૧૧ [+] સાચોરમંડન વીર સ્ત. ર.સં.૧૬૭૭ માહ માસ

આદિ – ધન્ય દિવસ મેં આજ જુહાર્યો, **સાચોરો મહાવીરજી**,

અંત – ઇમ નયરશ્રી **સાચોર**મંડન, સિંહલંછન સુખકરો.
સકલાપ મૂરતિ, સકલ સૂરતિ માત **ત્રિશલા** ઉરિ ધરો,
સંવત **સોલે સે સત્યોતર** માસ મનોહરો,
વીનવ્યો પાઠક **સમયસુંદર** પ્રગટ તું પરમેસરો. ૧૪

(૧) મારી પાસે.
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

૧૨ [+] મુનિસુવ્રત સ્વામી સ્ત. ૧૪ કડી

આદિ – **જંબૂદીવ** સોહામણો, દક્ષિણ **ભરત** ઉદાર,
રાજગૃહ નગરી ભલી, અલકાપુરી અવતાર. ૧
શ્રી **મુનિસુવત** સામિજી, સમરતાં સુખ થાય,
મનવંછિત ફલ પામીયઇ, દોહગ દૂરિ પલાય.

અંત – કલશ
ઇમ પંચ કલ્યાણિક ત્રિભુવનરાય.
મુનિસુવ્રત સામી વીસમો, જિનવરરાય વીસમો,
જિણવરરાય જગત્રગુરૂ, ભયભંજણ ભગવંત,
નિરાકાર નિરંજન નિરૂપમ અજરામર અરહંત
શ્રી **જિનચંદ** વિનેય સિરોમણી **સકલચંદ**ગણી સીસ,
વાચક **સમયસુંદર** ઇમ પભણઇ, પૂરઉ મનહ જગીસ. ૧૪

(૧) વા. **સાંમીદાસ**ગણિ લિષતં. પ.સં.૧-૧૫, મારી પાસે.
પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૫૧૪.

૧૩ + સીમંધર સ્વામી સ્ત.

આદિ – ધનધન ક્ષેત્ર **મહાવિદેહ**જી, ધન **પુંડરિક** ગિરિ નામ,
ધનધન તેહના માનવીજી, નિત ઉઠી કરે રે પ્રણામ. ૧

અંત – **સમયસુંદર**ની વંદનાજી, માનજો વારોવાર,
બે કર જોડી વીનવુંજી, વીનતડી અવધાર.
શ્રીમંદિર સ્વામી કહીઇ રે, હું મહાવિદેહ આવીસ,
જયવંતા જિનવર કહીઇ રે, હું તુમને વાંદીસ. ૯

(૧) અનંત ભં. (સઝાયોમાં)
પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૩૧૪.

૧૪ + મૌન એકાદશી સ્ત. ૧૩ કડી ર.સં.૧૬૮૧ જેસલમેરમાં

આદિ – ચોપાઈની દેશી
સમવસરણ બેઠા ભગવંત, ધર્મ પ્રકાશે શ્રી અરિહંત,
બારે પરખદા બેઠી રૂડી, માગસર સુદી અગીયારસ વડી. ૧

અંત – **જેસલ** સોલ ઇકયાસી સમે, કીધું સ્તવન સહુ મન ગમે,
સમયસુંદર કહે દાહાડી, માગસર સુદી અગીયારસ વડી. ૧૩

[જૈહાપ્રોસ્ટા, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯).]

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સંગ્રહ ભા.૩ પૃ.૫૪. ૨. રત્નસાગર પૃ. ૧૪૪. ૩. રત્નસમુચ્ચય પૃ.૧૭૨.

૧૫ + જ્ઞાનપંચમી વૃદ્ધ (મોટું) સ્ત. ૩ ઢાલ ૨૫ કડી

આદિ – પ્રણમું શ્રી ગુરૂપાય, નિર્મલજ્ઞાનઉપાય,
પંચમી તપ ભણું એ, જનમ સફલ ગિણું એ. ૧

અંત – ઇમ પંચમીતપફલપ્રરૂપક **વર્દ્ધમાન** જિણેસરો,
મઈ થુણ્યો શ્રી અરિહંત ભગવંત, અતુલબલ અલવેસરો,
જયવંત શ્રી **જિનચંદ**સૂરિજ, **સકલચંદ** નમંસિયો,
વાચનાચારિજ **સમયસુંદર**, ભગતિભાવ પ્રશંસિયો.

[લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૬, ૨૬૦, ૫૦૨).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૧૬૮. ૨. રત્નસાગર પૃ.૧૩૭. ૩. શ્રી જ્ઞાનપંચમી (જૈન ધર્મ પ્રસારક સભા). [૪. જૈન કાવ્યપ્રકાશ ભા.૧.]

૧૬ + જ્ઞાનપંચમી પર લઘુ સ્ત. ૫ કડી

આદિ – પંચમી તપ તુમે કરો રે પ્રાણી, નિર્મલ પામો જ્ઞાન.

અંત – **પાર્શ્વનાથ** પ્રસાદ કરીને, મહારી પૂરો ઉમેદ રે,
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પંચમો ભેદ રે–પંચમી.

પ્રકાશિત : ૧. રત્નસાગર પૃ.૧૭૦. ૨. જૈન પ્રબોધ પૃ.૯૦.

૧૭ + ઉપધાન તપ સ્ત.

૭ ઉપધાનનું ટૂંકું વર્ણન.

આદિ – શ્રી **મહાવીર** ધરમ પરગાસે, બેઠી પરષદ બારજી,
અમૃત વચન સુણી અતિ મીઠા, પામે હરષ અપારજી. ૧
સુણો સુણો રે શ્રાવક ઉપધાન વહ્યા વિન કિમ સૂઝે નવકાર.
ઉતરાધ્યયન બહુ શ્રુત અધ્યયને, એ ભણ્યો અધિકારજી. સુ. ૨
મહાનિશીથ સિદ્ધાંત માંહે પિણ, ઉપધાનતપ વિસ્તારજી,
અનુક્રમે શુદ્ધ પરંપર દીસે, સુવિહિત ગચ્છ આચારજી. સુ. ૩

અંત – **કલશ.**

ઇમ **વીર** જિણવર ભુવણદિણયર માતા **ત્રિશલા**નંદણો,
ઉપધાનનાં ફલ કહે ઉત્તમ ભવિયજનઆનંદણો,
જિનચંદ યુગપરધાન સદગુરૂ **સકલચંદ** મુનીસરો,
તસુ સીસ વાચક **સમયસુંદર** ભણે વંછિત સુખકરો. ૧૮

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૫૫૧. ૨. રત્નસાગર ભાગ ૧ પૃ.૪૮૨.

૧૮ + દાનશીલ તપ ભાવ પર પ્રભાતી

આદિ– રે જીવ જૈનધર્મ કીજીયે, ધર્મના ચાર પ્રકાર,
દાન શીયલ તપ ભાવના, જગમાં એટલું સાર રે. ૧

પ્રકાશિત : ૧. જૈન સજ્ઝાયમાળા. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩.

૧૯ આદીસર વિનતિ

આદિ– **આદીસર** હો સોવનકાય, તેજઈ રવિ જિમ દીપતો,
સુર કિંનર હો સેવઇ પાય, મોહ મહાભડ જીપતો ૧
જે અહનિશિ હો પ્રણમે સામિ, ત્યાં ઘર સદા વધામણા,
ચઉગઈદુખ હો ટાલણહાર, જિનવર નામ સુહામણો. ૨
વીનતડી હો ઈક અવધારિ, કર જોડી કવિયણ કહે,
તું સમરથ હો ઇણ સંસારિ, તુઝ કીરતિ જગિ મહમહે. ૩

(૧) અપૂર્ણ, મારી પાસે.

(૧૩૧૭) સઝાયો

(૧) વા. ઉદયરત્નગણિ લિ. ૫.સં.૨, અભય નં.૧૫૫૨. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૦, ૫૯૫).]

૧ + માયા પર સ.

આદિ– માયા કારમી રે માયા મ કરો ચતુરસુજાણ.

[પ્રકાશિત : ૧. સઝાયમાલા (લલ્લુભાઈ). ૨. જૈન સઝાયસંગ્રહ (સારાભાઈ નવાબ).]

૨ + જીવરાશિ ક્ષમાપના [અથવા **પદ્માવતી આરાધના**]

આ સઝાય સ્વતંત્ર નથી પણ તે 'ચાર પ્રત્યેકબુદ્ધ રાસ'માં નેમિરાજર્ષિના ખંડમાં છે.

આદિ– હવે રાણી **પદમાવતી** જીવરાશિ ખમાવે.

અંત– રાગ વૈરાડી જે સુણે, એ ત્રીજી ઢાલ
સમયસુંદર કહે પાપથી, છૂટો તતકાલ. હવે. ૩૩

[મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૯, ૨૭૧, ૨૮૯, ૪૨૮, ૪૩૨, ૪૩૪, ૬૨૫, ૬૨૯, ૪૧૦).]

[પ્રકાશિત : ૧. સદ્વિચારસંગ્રહ. ૨. જૈન પ્રબોધ પુસ્તક વગેરે.]

૩ અર્હન્નક સઝાય ૯ કડી

આદિ– વેરણ વેલા પાંગર્યા રે હાૈ, ધૂપ તમે અસરાલ, મેરે અરહના,

ધરતી વલી ઉની ઘણું રે, હાં મુનિવર અતિ સુકુમાલ. મેરે. ૧
અંત – રાતી શલા અણસણ લીએ રે હાં, ચડતે મન પરિણામ. મેરે.
સમયસુંદર કહે તેહને રે હાં, ત્રિકરણ સુદ્ધ પ્રણામ. મેરે. ૯

૪ + નિંદાવારક સ. ૫ કડી

આદિ – નિંદા મ કરજો કોઈની પારકી રે, નિંદાનાં બોલ્યાં મહા પાપ રે.
[લીંહસૂચી.]
પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય. ૨. જૈ.પ્ર. [૩. સઝાયમાલા (લલ્લુભાઈ).]

૫ + અનાથીઋષિ સ. ૯ કડી

આદિ – **શ્રેણિક** રયવાડી ચઢયો, પેખિયો મુનિ એકંત,
વરરૂપ કાંતિએ મોહિયો, રાય પૂછે રે કહો વિરતંત–
શ્રેણિકરાય હું રે અનાથી નિગ્રંથ.

૬ + બાહુબલ સ. ૭ કડી

આદિ – રાજ તણા અતિ લોભિયા, **ભરત બાહૂબલ** ઝૂઝે રે,
મૂંઠ ઉપાડી મારિવા, બાહૂબલ પ્રતિબુઝે રે.
–વીરા મારા ગજ થકી ઉતરો. ૧

૭ + અરણિક (અર્હન્નક) મુનિ સ. ૮ કડી

આદિ – **અરણક** મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે સીસોજી,
પાય ઉવરાણા રે વેલૂ પરજલે રે, તન સુકુમાલ મુનીસોજી–**અરણક.** ૧
પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય.

૮ + શાલિભદ્ર સ.

આદિ – પ્રથમ ગોવાળિયા તણે ભવેજી, દીધું મુનિવર દાન.
[મુપુગૂહસૂચી.]
૧. જૈ.પ્ર. પૃ.૩૬૯. [૨. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૫.]

૯ + મેઘરથરાય સ.

આદિ – દશમે ભવે શ્રી શાંતિજી, **મેઘરથ** જીવડો રાય રૂડા રાજા.
(૧) સ.મા. પૃ.૧૩૦.

૧૦ + પ્રસન્નચંદ્રઋષિ સ.

આદિ – મારગમેં મૂઝને મિલ્યો ઋષિ રૂડો રે, સૂધો તે સાધુ નિગ્રંથ,
ઋષિસર રૂડો રે. ૧

૧૧ + ગજસુકુમાલ સ.

આદિ – નયરી **દ્વારામતિ** જાણીયેજી.

૧૨ + રાજુલ સ.

આદિ– **રાજુલ** ચાલી રંગ શું રે.

૧૩ + રેવતી સ.

આદિ– સોવન સિંઘાસણ **રેવતી.**

(૧) આ.ક.ભં.

૧૪ + ધોબીડા પર સઝાય

આદિ– ધોબીડા તું ધોજે મનનું ધોતિયું રે.

[૧. સઝાયમાલા (લલ્લુભાઈ). ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩.]

૧૫ + ચેલણા સતી સ. ૬ કડી

આદિ– **વીર** વાંદી વલતા થકાંજી, **ચેલણા** દીઠઉ રે નિર્ગ્રંથ–

અંત– **સમયસુંદર** કહે ચેલણાજી, પામીયો ભવ તણો પાર–

વીરે વખાણી રાણી **ચેલણા**જી. ૬

(૧) મારી પાસે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૯૩).]

[પ્રકાશિત : ૧. સઝાયમાલા (લલ્લુભાઈ). ૨. જૈન સઝાયસંગ્રહ (સારાભાઈ નવાબ).]

૧૬-૧૯ + ચાર પ્રત્યેક બુદ્ધની સઝાય

(પહેલાની)

આદિ– **ચંપા** નગરી અતિ ભલી હું વારી, **દધિવાહન** ભૂપાલ રે, હું.

અંત– **સમયસુંદર** કહે સાધુને, હું પ્રણમ્યા પાતક જાય રે. હું. ૫

(બીજાની)

આદિ– નગર **કંપિલા**નો ધણી રે, **જયરાજા** ગુણજાણ,

અંત– **સમયસુંદર** કહે સાધુને રે, નિત નિત પ્રણમૈ પાય. દુ. ૮

(ત્રીજાની)

આદિ– નગર **સુદર્શન** રાય હોજી, **મણિરથ** રાજ કરે તિહાં,

અંત– **સમયસુંદર** કહે સાધુને.

(ચોથાની)

આદિ– પુંડરવર **ધનપુર** રાજીયો, મ્હાંકી સહિયર, **સિંઘરથ** નામ નરેંદ રે.

અંત– **સમયસુંદર** કહે સાધુજી, ચોથો પ્રત્યેકબુધ એ–મ્હાં.

૨૦ [+] ચાર પ્રત્યેક બુદ્ધ સ. (ભેગી)

આદિ– ચિહું દિસથી ચ્યારે આવીયા, સમકાલે હે યક્ષ દેહરા માંહિ.
અંત– **ઉત્તરાધ્યયને** તે કહ્યો, સૂત્ર માહે હો ચ્યારે પ્રત્યેકબુધ,
સમયસુંદર કહે સાધુના, ગુણ ગાયા હે **પાટણ** પરિસિધિ.
(૧) મારી પાસે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૭).]
[પ્રકાશિત : ૧. સઝાયમાલા (લલ્લુભાઈ).]

(૧૩૧૮) શાશ્વતા તીર્થંકરાદિ ગીત ર.સં.૧૭૦૪ મહા શુ.૩ સોમ લાહોર
(૧) પં. રાજસોમ લિ. ગુટકો, અભય. નં.૮.

(૧૩૧૯ ક) પદસંગ્રહ ૧૮ પદ
(૧) પ.સં.૫, અપૂર્ણ, ૧૭મી સદીની, દાન. નં.૭૯૬.

(૧૩૧૯ ખ) ગીતો-પદો

૧ નાગલા ગીત

આદિ– **ભવદેવ** ભાઈ ઘરિ આવીયો રે, પ્રતિબૂઝવી મુનિરાય રે,
નવપરિણીત મુકી **નાગલા, ભવદત્ત** વાંદે મુનિના પાય રે. ૧
અર્દ્ધમંડિત ગોરી **નાગલા.**
અંત– નારી **નાગલાઇ** પ્રતિબૂઝવ્યો રે, વૈરાગ ધરી બહુ માન રે,
ભવદત્ત દેવલોક પામીયો રે, **સમયસુંદર** વાંદે પાય રે. ૭ અ.
(૧) મારી પાસે.

૨ સ્થૂલિભદ્ર ગીત

આદિ– પીઉડા ! માનો બોલ હમારો રે.

૩ નલદવદંતી ગીત ૬ કડી

આદિ– **નલદવદંતી** નીસર્યા, જૂવટે હારી દેશ, નલરાજા,
વન માંહે રાતિવાસો વસ્યા, સૂતાં ભૂમિપ્રદેશ, નલરાજા. ૧
અંત– **દમદંતી** પીહર ગઇ, પાલ્યો નિરમલ સીલ, ન.
સમયસુંદર કહઇ પિઉ મિલ્યો, લીધા અવિચલ લીલ, ન. ૬

૪ નમિરાજ ગીત

આદિ– જી હો **મથુરા** નગરીનો રાજીયો, જી હો હયગયરથપરિવાર,
અંત– જી હો ઉત્તરાધ્યયને એહ છે જીહો, **નમિરાજા** અધિકાર,
જી હો **સમયસુંદર** કહે વાંદતાં, જીહો પામીજે ભવપાર. ૭

૫ સનતકુમાર ગીત

આદિ– જોવા આવ્યા રે દેવતા, રૂપ અનોપમ સાર,

ગરવ થકી વિણસી ગયો, ચક્રવત્તિ **સનતકુમાર**,
નયણુ નિહાલો રે નાહલા. ૧

અંત – **સનતકુમાર** મુનીસરૂ, નાણ્યો નેહ લગાર,
કાજ સમાર્યાં રે આપણાં, **સમયસુંદર** કહે સાર. ૫. ન.

(૧) મારી પાસે.

૬ અર્હન્નક ગીત

અંત – અધિકાર ભણ્યો મઈં એહનઉ, **સમયસુંદર**નઈં ધ્યાન તેહનઉ. ૭ મ્હા.

૭ ઉદયન રાજર્ષિ ગીત ૨૦ કડી

અંત – મુગતિ પહૂતા મુનિવરૂ, **ભગવતિ** અંગ વિચાર મુ.
સમયસુંદર કહઈ પ્રણમતાં, પાંમીજઇ ભવપાર. ૨૦ મુ.

(૧) મારી પાસે.

૮ [+] ચાર શરણાં ગીત

[પ્રકાશિત : ૧. પ્રાચીન સ્તવન સઝાયાદિ સંગ્રહ.]

૯ ઋષભનાથ ગીત

આદિ – **રીષભજી** મેરે મન ભગતિ વસી રી.

૧૦ ગૌતમ ગીત ૭ કડી

આદિ – મુગતિ સમો જાંણી કરી, જી રે થે **વીરજી** મુંઝનૈ મૂકયઉ દૂરિ રે,
મૈ અપરાધ ન કો કીયઉ, જી. **વીરજી** રહતઉ તુમ્હ હજૂરિ રે,
વીરજી વીરજી કિહાં રય(હ)ઉ.

અંત – **ગૌતમ** કેવલ પામીઉ જી. ત્રિભુવન હરખ્યા સુરનર કોડ રે,
પાયકમલ **ગૌતમ** તણા જી. પ્રણુમૈ **સમયસુંદર** કર જોડિ રે. ૭ વી.

(૧) મારી પાસે.

૧૧ દાદા (જિનકુશલસૂરિ) ગીત

આદિ – દાદો તો દરસણ દાખે, દાદો સોહિલા સુખી રાખે.

૧૨ ધન્નાશાલિભદ્ર ગીત ૮ કડી

આદિ – **ધન્નો શાલિભદ્ર** બેઈ, ભગવંતનો આદેશ લે જી હો, હો
મુનિવર ધ.
સંવેગ સૂધ ધરેઇ, **વૈભારગિરિ** ઊપરિ ચડયા જી હો. ૧ હો.

અંત – **મહાવિદેહ** મઝારિ, મુગતિં જાસ્યઇ મુનિવર જી હો,
વંદના કરૂં વારવાર, **સમયસુંદર** કહઇ હું સદા જી હો.
૮ હો મુનિ.

[જૈહાપ્રોસ્ટા.]

૧૩ [+]**સ્થૂલભદ્ર ગીત** ર.સં.૧૬૮૯ ભાદરવો મીર મીર્જાંના રાજ્યે અકપુર (અમદાવાદના)માં

આદિ – મનડઉં તે મોહ્યઉં માહરૂં રે, કહઇ ઇમ **કોશ્યા** તે નારિ રે,
આઠે તે પહુરઈ પાંપલો રે, ચટપટ ચિત્ત મઝારિ રે. ૧ મનડું.

અંત – સંવતિ **સોલ નવ્યાસીયઈ** રે, **મીર મોજાયું** રાજ રે,
અકપુર માંહિ રહી રે, ભાદ્રવઇ જોડી છઇ ભાસ રે. મન. ૫
થુલભદ્ર કોસ્યા પ્રતિબુઝવઇ રે, ધરમ ઉપરિ ધરઉ રાગ રે,
પ્રેમબંધન નેહિ પાડુયો રે, **સમયસુંદર** સુખકારિ રે. મન. ૬

(૧) મારી પાસે.

૧૪ પદ

આદિ – સુખનીકો **સીતલનાથ**કો.

૧૫ શાંતિનાથ પદ

આદિ – આંગણુ કલ્પ ફલ્યો રી હમારે.

[કેટલાંક પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૧૯ ગ) સાંઝી ૨૧ ગીત

આદિ – શ્રી સંઘનઇ મંગલ કરઉ એ, મંગલ ચ્યાર પરમ કે,
અરિહંત સિદ્ધ સુસાધજી એ, કેવલિ ભાષિત ધરમ કે. ૧ શ્રી.

અંત – સાંઝી ગીત સોહામણાં, એ થઇ ગાયાં એકવીસ રે,
સમયસુંદર કહઇ સંઘનઇ, નિત પૂરવઉ મનહ જગીસ રે. ૪

(૧) મંગલ ગીત, આદિનાથ ગીત, ગજસુકુમાલ ગીત, રહનેમિ ગીત, ભવદેવ ગીત, અનાથી ગીત, થૂલિભદ્ર ગીત, સુભદ્રા ગીત, જીવકાયા-પ્રતિબોધ ગીત, જીવપ્રતિબોધ ગીત, હીયાલી ગીત, સીમંધરસ્વામિ ગીત, જુગમંધરસ્વામિ ગીત, શાંતિનાથ ગીત, નેમિનાથ ગીત, શ્રી પાર્શ્વનાથ ગીત, શ્રી મહાવીર ગીત, શ્રી ગૌતમસ્વામિ ગીત, યુગપ્રધાન શ્રી જિનચંદ્ર-સૂરિ ગીત, આચાર્ય શ્રી જિનસિંહસૂરિ ગીત, સાંઝી ગીત. ઇતિ ૨૧ ગીત. લિ. ઈલાદુર્ગંદ્રંગે. પ.સં.૭-૧૩, ડા. પાલણપુર. દા.૩૯ નં. ૧૩૩.

[કેટલાંક પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

(૧૩૧૯ ઘ) ૩૬ ગીતો લ.સં.૧૬૭૦માં યા તે પહેલાં જુદાજુદા રાગમાં પદ જેવાં.

૧. ક્રોધનિવારણ—જીયુરા તું મ કરિ કિણુ સું રોસ.

૨. માનનિવારણ—મૂરિખ નર કાહે તું કરત ગુમાન.

૩. માનનિવારણ—કિસીકું સબ દિન સરીષે ન હોઈ.
૪. માયાનિવારણ—ઇહુ મેરા, જીવ તું વિમાસે નહિ કછુ તેરા.
૫. લોભનિવારણ—રામા રામા ધનં ધનં, ભમતઉ રહઈ તું રાતિદિનં.
૬. લોભનિવારણ—ચેલા ચેલા પદં પદં, પુસ્તક પાના લોભ મદં.
૭. મનશુદ્ધિ—એક મનશુદ્ધિ વિણુ કોઉ મુગતિ ન જાઇ.
૮. જીવપ્રતિબોધ—જાગિ જાગિ તું જંતુયા, તું કાઈ નિચિંતો સેવે રી.
૯. જીવપ્રતિબોધ—રે જીવ વખત લિખ્યા સુખ લહિયઇ.
૧૦. આર્તિનિવારણ—મેરે જાયુ આરતિ કાંઈ ધરઇ.
૧૧. નિંદાપરિહાર—નિંદા ન કીજઇ જીવ પરાઇ, નિંદા પાપે પિંડ ભરાઈ.
૧૨. હુંકારપરિહાર—જહાં તહાં ઠઉર હું હું હું.
૧૩. કામિનીવિશ્વાસનિવારણુ—કામિની કહિ કુંણુ વેસાસા.
૧૪. જીવનટાવા—દેખિ દેખિ જીવનટાવે ઐસો નાટક મંડચો રી.
૧૫. સ્વાર્થ—સ્વારથકી સબ હૈ રે સગાઇ.
૧૬. પારકી-હોડનિવારણુ—પારકી હોડ તું મ કરિ રે.
૧૭. જીવવ્યાપારી—આએ તીન જણે વ્યાપારી.
૧૮. ઘડી લાખીણી—ઘડી લાખીણી જાઈ બે, કુછ ધરમ કરો ચિત લાઈ બે.
૧૯. ઘડિયાલા—ચતુર સુણો ચિત લાઇ કે કહા કહે ઘરિયારા.
૨૦. ઉદ્યમ-ભાગ્ય—ઉદ્યમ ભાગ વિના ન ફલે, બહુત ઉપાય કીયે કયા હોઈ.
૨૧. સર્વ ભેખ મુગતિગમન—હાં માઇ હરકોઉ ભેખ મુગતિ પાવે.
૨૨. કર્મ—હાં માઈ કરમથી કો છૂટે નહી.
૨૩. નાવા(નાવિક)—નાવાની કારી ચલે નીર મઝાર.
૨૪. જીવદયા—હાં હો જીવદયા ધર્મવેલડી, રોપી શ્રી જિનરાય.
૨૫. વીતરાગસત્યવચન—હાં હો જિનધર્મ ધર્મ સહુ કહે, થાપે અપણી વાત.
૨૬. મરણુનિવારણુ—મરણુ તણો ડર ન કરિ મૂરિખ, જિણુ વાટે જગિ જાઇ રે.
૨૭. સદેહ—કરમ અચેતન કિમ હુયઉ કર્ત્તા, કહો કિમ શકિયે થાપી રે.
૨૮. સૂતાજગાવણુ—જાગિ જાગિ જાગિ ભાઈ જાગિ રે તું જાગિ.

૨૯. જગતસૃષ્ટિકારણ પરમેશ્વરપૃચ્છા—પૂછું પંડિત કહો કાહકી કંત, આ જગત સૃષ્ટિ કિણ કીધી રે.

૩૦. ભણનપ્રેરણ—ભણો રે ચેલા ભાઈ ભણો રે ભણો.

૩૧. ક્રિયાપ્રેરણ—ક્રિયા કરો ચેલા ક્રિયા કરો.

૩૨. પરમેશ્વરસ્વરૂપદુર્લભતા—કુણ પરમેશ્વર સ્વરૂપ કહે.

૩૩. જીવકર્મસંબંધ—જીવ ને કરમ માહોમાહિ સંબંધ.

૩૪. પરમેશ્વર લઘુ—હાં હો એક તિલ દિલમેં આવ તું, કરે કરમનો નાશ.

૩૫. નિરંજનધ્યાન—હાં હમારે પરબ્રહ્મ જ્ઞાનં.

૩૬. દુખમયકાલે સંયમપાલન—હાં હો કહો સંજમપંથ કિમ પલે.

(૧) આ સર્વ ગીતોની પ્રત તેની છેવટે અનુક્રમણિકા સહિત, પ.સં. ૭-૧૧, લ.સં.૧૬૭૦ પ્રથમ ચૈત્રી શુદિ ૧૦ ગુરૂ લિખિતં. મારી પાસે. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૪૮).]

[કેટલાંક પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૩૧-૯૧, ભા.૩ પૃ.૮૪૬-૭૫, ૧૫૧૪-૧૫ તથા ૧૬૦૭. ત્યાં આ કવિને નામે લીં.ભં.ને આધારે 'ગુણરત્નાકર છંદ' નોંધાયેલ, પરંતુ લીંહસૂચીમાં સહજસુંદરની જ આ નામની કૃતિ નોંધાયેલી છે. એટલે અહીં કંઈક માહિતીદોષ થયો લાગે છે. 'સુસઢ રાસ' પછીથી એમની શિષ્યપરંપરાના સમયનિધાનની કૃતિ ગણી છે (જુઓ હવે પછી સં.૧૭૩૧ના ક્રમમાં). આથી આ બન્ને કૃતિઓ અહીંથી રદ કરી છે. 'બારવ્રત રાસ'ની અધિકૃતતા પણ શંકાસ્પદ જણાય છે. 'સીતારામ ચોપાઈ'નો દર્શાવેલો રચનાસંવત અનુમાને મૂકેલો જણાય છે. અન્યત્ર જુદાં અનુમાન પણ થયાં છે.]

૬૦૯. ગુણહર્ષ (ત. વિજયદેવસૂરિશિ.)

વિજયદેવસૂરિ આચાર્યપદ સં.૧૬૫૮ પાટણ, ભટ્ટારકપદ ૧૬૭૧ સ્વ.૧૭૧૩.

(૧૨૨૦) [+] મહાવીર નિર્વાણ [દીપાલિકા મહોત્સવ] સ્તવન ૧૦ ઢાલ

જિન તું નિરંજન સજનરંજન દુખભંજન દેવતા,
દ્યો સુખ સ્વામી મુક્તિગામી **વીર** તુજ પાએ સેવતા.
તપગચ્છગયણ-દિણંદ દશ દિશે દિપતો જગ જાણીયે,
શ્રી **હીરવિજય**સૂરિંદ સહગુરૂ તાસ પાટ વખાણીએ.

શ્રી **વિજયસેન** સૂરીશ સહગુરૂ શ્રી **વિજયદેવ** સૂરિશરૂ,
જે જપે અહનિશે નામ જેહનું **વર્ધમાન** જિણેશરૂ.
નિર્વાણ તવન મહિમા ભવન **વીરજિનનું** જે ભણે,
તે લહે લીલા લબધિ લક્ષ્મી શ્રી **ગુણહર્ષ** વધામણે.

(૧) શ્રી **હીરરત્નસૂરિ** શિ. **ધનરત્નજી** શિ. **તેજરત્ન** શિ. **જોધરત્ન** શિ. **લાવણ્યરત્ન** શિ. **ગોવિંદરત્ને** લીપિકૃત સં.૧૮૬૧ શક ૧૭૨૬ જ્યેષ્ટ માસ કૃષ્ણ પક્ષે પંચમ્યાં ચંદ્રવાસરે સાયલે ચોમાસું રહીને **અજીતનાથ** પ્રસાદાત્ **ઝાલા** શ્રી ૫ **વિક્રમસંઘ** રાજ્યે. જૈ.એ.ઈ.ભં. (૨) પં. **મોહનવિજય** શિ. ઉદયવિજય લિ. સં.૧૮૨૮ પો.શુ.૩ કુંજવારે. પ.સં.૬-૧૬, હા.ભં. દા.૮૩ નં.૧૫૫. (૩) સં.૧૮૮૯ **વ્યે(વે)રાટનયરે શાંતિનાથ** પ્રસાદાત્ ભ. **આણંદસોમ** સૂરિરાજ્યે તત્ શિ. **સૌભાગ્યસોમ** લ. પ.સં.૧૧-૧૨, ખેડા નં.૨. દા.૨ નં.૧૧૬. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૧૭, ૨૪૮, ૨૬૧, ૨૬૫, ૩૨૬, ૪૦૩, ૪૧૩, ૪૩૨, ૫૦૭, ૫૫૦).]

[પ્રકાશિત : ૧. ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ ભા.૧, ૨, ૩ તથા અન્યત્ર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૯૫, ભા.૩ પૃ.૧૦૮૮.]

૬૧૦. પ્રેમવિજય (ત. વિજયસેનસૂરિ–વિમલહર્ષશિ.)

(૧૩૨૧) તીર્થમાલા (ઐ.) કડી ૪૧ ર.સં.૧૬૫૯ પોષ વદ ૧ ગુરુ ખંભાત

આદિ– **સરસતી** ભગવતી માત, જે જગ માંહિ વિખ્યાત,
સુરનર તાહરા પાસ, કવિજન પૂરૂ એ આસ. ૧

અંત– સંવત **સસિ રસ સાર**, ભણુ **વેદ** ભલઇ **વાર**,
પોસ વદિં ગુરૂવાર, પડવેનુ દિન સાર. ૩૬
ગાથા ચ્યાલીસ નિં એક, ભણયો સુણયો વવેક,
ત્રંબાવતી માંડઇ મિં કીધું, મનવંછિત કામ સીધું. ૩૭
તપગછપતિ ગુરૂ **હીર**, ઉતારિ ભવતીર,
તસ પાટિ **જેસંગજી** દીપિ, કુમતીનાં વૃંદ ઝીપઇ ૩૮
શ્રી **વિજયસેન** ગુરૂ સૂરો, સકલ ગુણિ કરી પૂરો,
અવર નૃપ શર નાંમિઇ, જોતાં ત્રિપતિ ન પ્રાંમિ. ૩૯
હીર જેસંગ ભલી જોડ, જેણિ જગ ટાલી એ ખોડ,
નરનારી જોઈ હરખી, વાર વાર મુખ નિરખી. ૪૦

શ્રી **વિમલહર્ષ** શરતાજિઇ, વાચક પદવી છાજઇ,
તસ સીસ **પ્રેમવિજય** નામ, માગિ શિવપુરિ ઠામ. ૪૧

(૧) પ.સં.૨-૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૨૭.

(૧૩૨૨) + આત્મશિક્ષા ભાવના ૧૮૫ દુહા ૨.સં.૧૬૬૨ વૈ.શુ.૧૫ ગુરુ ઉજેણીમાં

આદિ– દૂહા

શ્રી જિનવરમુખવાસિની, જગમેં જ્યોતિપ્રકાશ,
પદમાસન પરમેશ્વરી, પૂરે વંછિત આશ. ૧
બ્રહ્મસુતા ગુણ આગલી, કનક કમંડલુ સાર,
વીણા-પુસ્તક-ધારિણી, તું ત્રિભુવન જયકાર. ૨
શ્રી **સરસતિ** જિનપાય નમી, મન ધરિ હર્ષ અપાર,
આતમશિક્ષા ભાવના, ભણું સુણો નરનાર. ૩

અંત – શ્રી **વિજયસેન** ગુરૂરાય વર, શ્રી **વિજયદેવ** સૂરિંદ,
વિજયમાન ગુરૂ વંદિએ, જિમ સૂરજ ઉર ચંદ.
તપગચ્છ વાચકમિં વરૂ, શ્રી **વિમલહર્ષ** શિરતાજ,
નામે નવનિધિ સંપજે, દર્શણ સીઝે કાજ. ૧૭૯
આતમશિક્ષા ભાવના, તાસ શિષ્ય મનરંગ,
પ્રેમવિજય પ્રેમે કરી, ઉલટ આણી અંગ. ૧૮૦
રત્નહર્ષ વિબુધ મુઝ, બંધુ તાસ પસાય,
તાસ સાંનિધ ગ્રંથ મેં કર્યો, મન ધરી હર્ષ અપાર. ૧૮૧

*

સંવત **સોલ બાસઠ**, વૈશાખ પુન્યમ જોય,
વાર ગુરૂ સહિ દિન ભલો, એ સંવત્સર હોય. ૧૮૩
નગર **ઉજેણી**માં વળી, આતમશિક્ષા નામ,
મનભાવ ધરીને તિહાં કરી, સિધાં વંછિત કામ. ૧૮૪
એકશત એંશી પાંચએ, દુહા અતિ અભિરામ,
ભણે સુણે જે સાંભળે, તે લહે શિવ કામ.

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૬).]

પ્રકાશિત : ૧. જૈન પ્રબોધ પુસ્તક પૃ.૩૭૭થી ૩૯૩. [૨. આત્મહિતશિક્ષા પદસંગ્રહ તથા ચતુર્દશ નિયમાવલી.]

(૧૩૨૩) વસ્તુપાલ તેજપાલ રાસ ૨૫ ઢાલ ૫૦૪ કડી ૨.સં.૧૬૭૭

આસો સુદ ૧૦

આદિ – શ્રી હીરવિજય સૂરીશ્વર ગુરૂભ્યો નમઃ દૂહાની ઢાલ.

પ્રથમ **રીષભ** જિનરાય મુની, પ્રથમ આદિ દાતાર,
જુગલા ધર્મ નીવારણો, **નાભિ**નૃપકુલ-સણગાર. ૧
પુરવ ભવ નીજ તન દીયો, પારેવા કાજ અપાર,
સો **શાંતિ** જિણેસર વાંદીઇ, અભયદાનદાતાર. ૨
હરી મૃગ સીષાની પરિ, હીડોલ પોમખંત,
યાદવકુલ તે દિનમણી, શ્રી **નેમિનાથ** ભગવંત. ૩
કમઠ હઠ મદ ગાલીયો, ઉરગ પનગ કીયો **ધરણંદ**,
અભયદેવ રોગ ટાલીયો, તે જયો જયો **પાસ** જિણંદ. ૪
સૂર જેણિ હાર મનાવીયો, ઉર ઊતાર્યો તસ નીર,
ચલણે મેર કંપાવીયો, તે જયો જયો શ્રી **મહાવીર**. ૫

વસ્તુ.

નમીય સુરપતિ નમીય સુરપતિ પાય પ્રણમેવિ.
કાસમેર મુખમંડણી હંસવાહણ જસ બાર જોયણું.
બ્રહ્માસુતા ગુણઆગલી, કર પુસ્તક વીણા તેય વખાણું.
સરસ વચન દીયો **પ્રેમ**તિ, આણી ઊલટિ અંગિ.
વસ્તપાલ તેજપાલ તણો, રાસ રચું મનરંગિ.

અંત – ધર્મકર્મના રાજા, **હીર અકબર** તે દોઇ,
રવિ સસી સમતોલિ, સુંદર તે અતિ સોઇ.
સા **કુરોહ** માઉ, તાસ નંદન ગુણવંત,
નાથા ઉર વેગમ, જાયા પુરૂષરતન. ૭૬
ધન તે નરનારિ, જેણિ વંદ્યા ગુરૂ **હીર**,
તેણિ કર્મરાસ સવે, કીધા તે સહુ દૂરિ.
ધન તે નરનારી, **હીર**કાથિ સીસ ધરાયો,
તીર્થંકર સમોવડિ, સીવપુરી સાધન પાયો. ૭૭
હીરપાટપટોધર, **વિજયસેન** સૂરંદ,
જગમોહનમૂરતિ, સોલ કલા મુખચંદ.
લખ્યણ અંગ પુરો, સૃષ્ટા સહિસધાર,
વાદી વસ કીયા, આર(?) તણી ખરિ ધાર. ૭૮
ગુરૂ લાભ ઉદિ ઘણો, તે મુખ કહ્યો ન જાય,
સૂરીપદ ઠવીયો, તવ તણે અધિક મુઉ છાય.

લોકાના ગછપતી, નમયો **હીરને** પાય. ૭૯
તીરથ પ્રમ(?)જગિ સમસેણુ તે જાણુ,
તે **વિજયસેનસૂરી**, પૂરવ પુન્ય પ્રમાણુ.
દિલીપતી પ્રણિમિ ચીરંજીઉ ગુરૂ અભિરામ,
સાહા **અકબર** રંગિ, પ્રતિબોધ્યો તે તામ. ૮૦
વિજિસેન સૂરીના, મહિમા સુણો મનરંગ,
તે મિ સાહા **અકબર**, મન ધરી ઉલટ અંગ.
અકબર સાહા આગિ કીયો શ્રી ગુરૂવાદ,
વાદી વસિ કીયા, ટાલ્યા તસ ઉનમાદ. ૮૧
જિપતા કાવરી તવ, વરત્યો જિજિકાર,
વિજિસેન સૂરીના, ગુણ ગાય નરનારિ. ૮૨
છ દેસ પ્રતિબોધી, જતીનો કીયો બાહાર,
જિનધર્મ દીપાવ્યો, તાર્યા બહુ નરનારિ. ૮૩
આચારજ નીકો **તપ**ગછ-તિલક સમાન,
રૂપાઇનંદન દિનદિન ચઢતિ વાન.
વિજયસૂરીસર, વિસોધા માહિ વિખ્યાત,
સવિ સાધ સિરોમણી, મોટો એ જગમાહંત. ૮૪
એહુ પણિ વિરાગી, લાધો સંયમભાર,
નિજ જણુણી સાથિ, મન ધરી હરખ અપાર.
વિદ્યા દસચ્યારિ તે તો નિજ મુખ આવિ,
વિજયસેનસૂરીનિ, વિદ્યા વિજિ મન ભાવિ. ૮૫
સંવત **સહી સોલિ, સતાવનો** તે જાણુ,
વિસાક સુદિ ચોથિ, પદ દીધુ પરમાણુ.
હરખ્યા નરનારિ ઉછવ ઘર ઘરબારિ,
દેવિદેવ સૂરીનું નામ જપિ નરનારિ. ૮૬
શ્રીમાલ વંસ દીપાવણ સાહા **દીપચંદ**,
તસ નંદનનિ દીધું, **વિમલહર્ષ** મુણુંદ.
સવે વાચકમાત્રિ,.................સીહ
શાસ્ત્રિ **તપ**ગછમાસ...........જસ લીહ. ૮૭
દેહવાન કાંત જાણિ, રૂપિ **ગઉતમ** સામિ,

ગુરૂનામ જપંતા, સીઝિ સઘલા કામ.
લોંકા બહુ વાલ્યા, સમઝાવી સાસ્ત્રસાર,
સંખ્યા સવે જાણો, નરનારી સિપાંચ. ૮૮
ગણીવર ગણીરીડા, તેનો સીસ સુજાણ,
પંડિતવરભૂષણ, **રત્નહર્ષ** ગુણખાણ.
તસ પાય પ્રસાદિ, કીધો એ મિ રાસ,
નરનારી સુણજ્યો, ભાવ ધરી ઉહ્લાસ. ૮૯
જિહા મેર મહીધર, જિહાં ગગન સસીભાણ,
જિહા ગ્રહ નખ્યત્ર, તારા ગગનમંડાણ.
જિહાં પ્રથવી સાયર, ધ્રુ તારો અવિચલ વાસ,
જિમ એ પ્રતિપો તામ, પ્રતિપો એ વર રાસ. ૯૦
એ રાસ ભણિ સુણિ, ભાવ ધરી નરનારિ,
તે નવનધિ પ્રામિ, નિતનિત હોય જિકાર.
રોગ સોગ દાલિદ્ર દુખ, ન આવિ તેહનિ લગાર,
અનુક્રમિ પ્રામિ નરભવનો પાર. ૯૧
રાસ ગાથા સંખ્યા, પાંચસિ ઉગણીસ ચ્યારિ,
ઢાલ પંચવીસ સરસ અતિ સુણો નરનારિ.
તસ ઘર રીધિ બોહોલી, કામધેન ઘરબાર,
દુઝિ મનરંગિ, મણુ મોતી ભંડાર. ૯૨
સંવત **વિધુ રસ, લેશ્યા વાર** પ્રમાણ,
આસો સુદિ દસમી, સુણજ્યો ચતુર સુજાણ.
એ સંવત સમઝિ નર અથવા વલી નારિ,
તે ચતુરસિરોમણી કહીઇ હરખ અપાર. ૯૩

કલસ.

વસ્તપાલ તેજપાલ સમોવડિ, એણિ જગ નહી કોય એ,
જસ દાન આગલિ દેવ હારિ, સુણો ભવીજન સોય એ.
આસરાજનંદન જગઆણંદન તાસ **કુઅર** માય એ,
કહિ **પ્રેમવિજય** મુનિ પ્રેમઇ આણી ભણત સુણત સુખ થાય એ.

(૧) પ.સં.૩૭-૧૧, વિ.ને.ભં. નં.૨૩૦૩.

(૧૩૨૮) + શત્રુંજય સ્તવના (આદિનાથ વિનતિ ૩૫)

આદિ – પ્રણમિઅ સયલ જિણંદપાય મનવાંછિત કાંમિ,

સકલ તિરથનો રાજીયોજી, પ્રણમું સિર નાંમિ. ૧

અંત – **તપગચ્છનાયક** ગુણનીલો એ, ગુરૂ **હીરજી** રાયા,
મનમોહન **વિજયસેન**સુરી, તેહના પ્રણમું પાયા,
વિમલહરખશિષ્ય **પ્રેમવિજય**, કહે નિસુણો દેવ,
ભવભવ **શત્રુંજા**ગિરિ તણી એ, મુઝ દેજો શેવ. ૨૨

કલશ.

ઇમ થુણ્યો સ્વામી, મુક્તિગામી, **આદિજિન** જગદેવ એ,
નિત્ય નમે સુર નર, અસુર વ્યંતર, કરે અહોનિશ શેવ એ,
જે ભણે ભગતેં ભલી યુકતેં, તસ ઘર જયજયકાર એ,
કહે કવિયણ સુણો ભવિયણ, જીમ પામો ભવપાર એ.

(૧) કલ.સં.કો.કેટે. વૉ.૧૦ નં.૫૨. (૨) પ.સં.૨–૧૫, રૉ.એ.સો. બી.ડી.૧૫૪ નં.૧૮૬૮. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૦, ૪૧૩).]

[પ્રકાશિત : ૧. શત્રુંજય તીર્થમાલા રાસ અને ઉદ્ધરાદિકનો સંગ્રહ.]

(૧૩૨૫) ધનવિજય પન્યાસ રાસ (ઐ.)

(૧) ખં.ભં.૧.

(૧૩૨૬) + સીતા સતી સ.

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪ – પ્રેમહર્ષને નામે).]

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૧૫૪. [૨. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૭-૯૮, ભા.૩ પૃ.૮૮૫-૯૦.]

૬૧૧. સૂરચંદ્રગણિ (ખ. જિનસિંહસૂરિ–ચારિત્રોદય–વીરકલશશિ.)

(૧૩૨૭) શંગારરસમાલા ગા.૪૧ ર.સં.૧૬૫૯ વૈ.શુ.૩ બુધ નાગોરમાં

અંત – **નવ સર રસ સસિ** વછરઇ, આખતીજ બુધવાર,
નાગપુરઇ સિંગારરસ, માલા ગૂંથી સાર. ૩૯
હીરકલસ આગ્રહ કરી, ચતુરાં રંજણ ચાહ,
સૂરચંદ ઇણ પરિ કહઇ, આણી **અધિક** ઉછાહ. ૪૦
ચ્યારિ વર્ણ ઉલી ચિહૂં, જઇ મંડઇ ધુરિ જાણુ,
તં તસ પદ કહતાં તુટત, તે પણિ કવિત... ૪૧

(૧) પ.સં.૧, યતિ મુકનજી શિ. જયકરણ બિકાનેર.

(૧૩૨૮) જિનસિંહ સૂરિ રાસ કડી ૬૫ લ.સં.૧૬૬૮ **પહેલાં**

આદિ – શ્રી **શાંતિ**સર સેવિયઇ, સોલમ જિનવર સાર,

ચક્કીસર પંચમ પ્રગટ, સયલ સંઘ સુખકાર. ૧
વાગ્વાણી વર **સરસતી,** સમરી સદ્દગુરૂપાય,
શ્રી **વડખરતર**ગચ્છધણી, યુગવર **જિણચંદ** રાય. ૨
તાસ સીસ સોભાગનિધિ, સુગુણ શિરોમણિ સાર,
શ્રી **જિનસિંહ** સૂરીશ ગુરૂ, સેવક સુખ દાતાર. ૩
તાસ ગુરૂ ગુણ ગાઈસું, કરિસ્યું કવિતકલ્લોલ,
એકમનાં થઈ સાંભલઉ, ભગતઈ ભવિયણ ટોલ. ૪

અંત – તાં લગિ શ્રી **જિનસિંહ** ગુરૂ એ, ચિર જીવઉ જયવન્ત,
ચારિત્રઉદય વાચકવરૂ એ, તાસ સીસ ગુણવન્ત. ૬૪
વીરકલશગણિ સુન્દરૂ એ, પદકજ-મધુકર તાસ,
સૂરચન્દગણિ ઇમ ભણઇ એ, શ્રી સંઘ પૂરઈ આશ. ૬૫

(૧) સં.૧૬૬૮ **પૂગલકોટે** યુગપ્રધાન ગુરૂ **જિનચંદ્રસૂરિ** શિ. વાચનાચાર્ય્ય કલ્યાણકમલગણિ શિ. પં. **મહિમસિંધુરગણિ** શિ. **વિનયવર્દ્ધન** મુનિનાલેખિ. શ્રાવિકા **ચાંપાં** પઠનાર્થં. પ.સં.૪, અભય. નં.૩૬૦૯ (નાહટાજીએ ઉતારેલી નકલ પરથી).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૦-૯૧.]

૬૧૨. વિદ્યાવિજય (ત. વિજયસેનસૂરિ–નયવિજયશિષ્ય)

સં.૧૬૭૧ની એક પ્રત આ વિદ્યાવિજયની માલેકીની આ.ક.ભં.માં છે. તેના શિષ્ય વિનયવિજયગણિએ સં.૧૬૯૯માં લખેલી પ્રત ઉદયપુર ગોડીજી ભં.માં છે – નં.૪૧૮(વે.).

(૧૩૨૯) [+] ૨૪ જિન પંચકલ્યાણક સૂચિત સ્ત. ૪૧ કડી ર.સં.૧૬૬૦

અંત – **વીર** પારંગતાય ગણઉ સિવ દિવસિ, એહ પદ સરવ જિનનામ સાથિં,
ગણઉ કલ્યાણક દિવસિ પદ સહસ બેં, તપ કરી હોઈ જિમ મુગતિ હાથિં. ૩૯ પૂ.
ચંદ્ર રસ રિતુ ગગન વરસિ કલ્યાણક તવન કીધું ભવિક ભણત ભાવઈ,
કીરતિ કોટિ કલ્યાણ સુખસંપદા, સિદ્ધિ સૌભાગ્ય મિલી વેગિ આવઈ. ૪૦ પૂ.

કલસ.

તપગચ્છ અધિપતિ નમત નરપતિ રૂપ રતિપતિ સુંદરો,
શ્રી **વિજયસેન** સૂરીંદ સુવિહિત મુકુટ ગુણમણિ આગરો

ઉવઝાય શ્રી **નયવિજય** સીસઇં થુણીયા સકલ જિનેસરો,
દિઉ મુઝ મહોદય વાસ **વિદ્યાવિજય** સંપદ સુખકરો. ૪૧

(૧) પ.સં.૩-૧૪, મારી પાસે (છેલ્લું પાનું). [મુપુગૂહસૂચી.]
[પ્રકાશિત : ૧. જૈન પૂર્વાચાર્યો રચિત સ્તવનસંગ્રહ પૃ.૮૫-૮૯.]
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૮૩, ભા.૩ પૃ.૮૭૯.]

૬૧૩. વિનયચંદ્ર (ત. મુનિચંદ્રશિ.)

(૧૩૩૦) બાર વ્રતની સઝાય ૬૮ કડી ર.સં.૧૬૬૦ ચૈત્ર શુદ ૬ સોમ

એ દિવસે દીવમાં કપોલ વણિક કીકાની પુત્રી મેલાઈએ જૈન ધર્મ સ્વીકારી બાર વ્રત અંગીકર્યાં તેની ટીપ આમાં કરી છે ને આ પ્રત પણ તે બાઈ મેલાઈ માટે જ લખાઈ છે.

આદિ - વસ્તુ

પ્રણમું જિનવર પ્રણમું જિનવર **પાસ અઝાર**,
પાસે **દીવ** બંદિર અછઇ, **સુવિધિનાથ** દીપતો દીસઇ.
ધણુ કણુ કંચણુ બહુ પરે, ધર્મ ઠાંમ છઇ વસા વીસઇ,
અમરમિથુન પરિ શોભતા, નરનારીના વૃંદ.
ભાવ ભગતિ ભલી પરે, પૂજઇ **સુવિધિ** જિણુંદ. ૧
પંચ મહાવ્રત પંચ મહાવ્રત, ધરઇ ગણધાર,
શ્રી **વિજઈસેન** સુરીસ્વરૂ, **વિજયદેવ** સુરીસ મંડણ.
જિનગુરૂપાયપંકજ નમી, માગું અતિ આણુંદ.
પંડિતશ્રી **મુનિચંદ્ર**ગણિ, વંદી તેહના પાય,
વિનઈચંદ ભાવે કરી, કરસ્યુ વ્રત **સઝાય**. ૨
સોલ સંવત **સોલ** સંવત **સાઠિ** સવચ્છરે,
ચૈત્ર શુદિ છઠીઅ દિને, સોમવાર સુખકાર કહીએ.
કપોલ વંશ **કીકા** સુતા, **મેલાઈ** સુવિચાર.
જિનવર ધર્મ રીદઇ ધરી, ઉચરીઆં વ્રત બાર.
ભણતાં સુણતાં શ્રવણનઇ, રદ્ધિ લાગઇ નરનારિ.

અંત - નીમભંગિ હું નિરતિ કરીનઇં, નોકરવાલી એક અવધારૂંજી,
વિનઈચંદ કરી ટીપ ભલેરી, હેમ ટંકા ચિત ધારૂજી. ૬૭

કલસ

તપગચ્છના એક **વિજઇસેન** સૂરિ **વિજઇદેવ** સૂરીસ્વરો,
તસ નામ જપીએ કર્મ ખપીએ વંછિત પૂરણ સુરતરૂ.

એ વ્રત વઇરાગર સુખસાગર જે નરનારી સૂધાં ધરઇ,
પંડિત **મૂનિચંદ** સીસ જંપઇ સિવપદ સૂખ તે અણુસરઇ. ૬૮

(૧) **હીરા વસ્તા** લષિતં. બાઇ **મેલાઇ** પઠનાર્થં. ઉપગારાય. શુભં ભવતુ. પ.સં.પ-૧૧, જશ.સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૭૯-૮૧.]

૬૧૪. જયવિજય (ત. દેવવિજયશિ.)

આ જયવિજયગણિએ 'સંગ્રહણી' મૂળની પ્રત સં.૧૬૬૮માં લખી (ભાં.ઇ. સન ૧૮૯૨-૯પ નં.૮૭પ) અને 'શૈક્ષોપસ્થાન વિધિ'ની પ્રત સં. ૧૬૭૧માં લખી. (ભાં.ઇ. સન ૧૮૮૪-૭ નં.૧૨૩૦.)

(૧૩૩૧) + શકુન [દીપિકા] ચોપાઈ ર.સં.૧૬૬૦ આસો શુદ ૧પ ગિરિપુર-વાગડમાં

આદિ – સકલ બુદ્ધિ આપઇં **સરસતિ**, અમી સમી વાણી વરસતી,
અજ્ઞાનતિમિર આરતિ વારતી, નમો નમો ભગવતી ભારતી. ૧
સહિગુરૂચરણ નમીનઇ કહું, શુકન તણા જે ભેદ જ લહું,
શુકન શુકન મુખ સહુકો કહઇ, શુકન ભાવ જ વિરલો લહઇ. ૨
શુકન સબલ બિહું ભેદે કહ્યા, ગાંમ માંહિ પુર બાહિર લહ્યા,
ગાંમ માંહિલા શુકન જે સાર, સંભલયો તે કહું ઉદાર. ૩

અંત – **વાગડ** દેશ વિઇરાગર નાંમ, જિહાં ષટ દરશણુના વિશ્રાંમ,
રાજધાનીનું રૂડઉ ઠામ, દેશ મધ્ય **ગિરિપુર** વલી ગાંમ. ૩૮
ગઢમઢ મંદિર પોલિ સુચંગ, જૈન શિવ પ્રાસાદ ઉત્તંગ,
રાજ કરઈ રાજા ગુણનિલુ, દાની માંની ભોગી ભલુ. ૩૯
કવિતા શ્રોતા વિરતા જાંણુ, સૂરવીર ધીર ષાંણિ,
સહસમલ્લ રાઉલ ભૂપાલ, પ્રથવી પ્રજા તણુઉ પ્રતિપાલ. ૪૦
તસ સુત કુયર **કમસીહ** જેહ, ચઉદ વિદ્યા ગુણ જાંણઇ તેહ,
કીરતિ તેજ અનઇ પારિવાર, શત શાષા વાધઇ વિસ્તાર. ૪૧
જસ ઘરિ ગાંધી સંઘ પ્રધાન, પરઊપગારી ન ધરઇ માન,
પુત્ર પૌત્ર કરઈ નિતુ કેલિ, મંગલીકની વધતી વેલિ. ૪૨
સંઘરત્ન પુત્ર **જોગીદાસ**, શુકન શાસ્ત્રનુ કરઇ અભ્યાસ,
તેહનઈ ભણુવા કાજિ કરી, પ્રાકૃતબંધ ચઉપઈ એ ષરી. ૪૩
વ્યોમ રસ રતિ [ઋતુ] ચંદ વષાંણિ, સંવછર હઇડઈ એ આંણિ,
સરદરતિ નઇ આસો માસ, રાકા પૂર્ણચંદ્ર કલાવાસ. ૪૭

વિબુધ પુણ્ય દક્ષ આંણીઇ, પંડિત દેવ જ જગિ જાંણીઇ,
તાસ સીસ કર જોડી કહઈ, સુકન ભણતાં સવિ સુષ લહઇ. ૪૮
ભણતાં સવિ લહીઇ રિદ્ધિ, એ ભણતાં પાંમઇ વલી બુદ્ધિ,
જયવિજયનઈ પરમાણંદ, ભણતાં ગુણતાં સદા આનંદ. ૪૯

(૧) સં.૧૬૭૫ ફા.શુ.૭ બુધે **પા**ડલા ઇટાવાલના ગ્રામાત્ **પં**ચોલી **સ**હાસલ્લ ગૃહે લિ. પં. **શ્રી**પાલગણિ શિ. પં. **જી**વરાજેન પ.સં.૧૩–૧૫, જૈ.શા. દા.૧૩ નં.૪૭. (૨) સં.૧૬૮૪ વૈ.વ.૧૦ શનિવારે **ખં**ભાતિ નગ્રે **મોઢ ચા**તુરવેદી રા. **મે**ઘજી લ. પ.સં.૧૧–૧૫, ડે.ભં. દા.૭૦ નં.૧૦૪. (૩) પ.સં.૮–૧૬, જૂની પ્રત, વિ.ને.ભં. (૪) પ.સં.૧૦–૧૭, જૈ.એ.ઇ. નં.૧૩૩૭. (૫) જયકમલગણિના લિખિતં. ઉદયપુર યતિ ભંડાર. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૪, ભા.૩ પૃ.૮૮૧.]

૬૧૫. ભાવરત્ન (ત. હેમવિમલસૂરિ-અનંતહંસ (નં.૨૦૪)–હીરહંસ–વિનયભૂષણ–રત્નભૂષણશિ.)

(૧૩૩૨) કનક શ્રેષ્ઠીનો રાસ ૫૦૬ કડી ર.સં.૧૬૬૦ બીજા આસો વદ ૭ રવિ

આદિ – સૌભાગ્યસુંદરસૂરિ પટ્ટે ધર્મરત્નસૂરિ ગુ. દૂહા.
વિમલ વાણિ વાણિ દીઓ, કવિજન પૂરો આસ,
હંસવાહની ગજગામિની, દેયો બુદ્ધિપ્રકાશ. ૧
તું ભારતિ તું ભગવતી, તું **શારદ** વિખ્યાત,
વાગેસરિ કૌમારિકા, તું છે વિદુષા માત. ૨
બ્રહ્મચારિણી તુંહ જે કહિ, બ્રહ્માણી બ્રહ્માણી,
ભાસ્વાને શ્રુતદેવતા, તું ગૌરી ગુણખાંણિ. ૩
એ ષોડશ નામે સ્તવી, તું માતા અભિરાંમ,
કામિક સેવક પૂરજો, વર માંગું ધરી હાંમ. ૪

*

શાસનદેવતા દેવ સવિ પ્રણમી તેહના પાય,
રાસ રચું રૂલીયામણો, **કનકસેઠિ** ગૃહીરાય. ૧૪
કવણ દેસ તે કિહાં હૂઉ, કિમ રાખ્યું તેણે નાંમ,
અવિચલ કરણી સ્યાં કર્યાં, તેહનું કેહું ઠાંમ. ૧૫

એકમનાં જે સાંભલે, ભણે ગણે સવિસેસ,
અવિચલ લીલાં સો લહે, વિલસે ભોગ વિશેષ. ૧૬

અંત – **તપ**ગચ્છગયણ-દિણંદ તામરસ રે ભવીયણ નાવિક સાવિવા રે,
શ્રી **હેમવિમલ** સૂરીંદ, **વીર**પાટે રે મહીયલિ એ દીપક હુવા રે. ૯૭
તાસ સીસ ઉવજ્ઝાય શ્રી **અનંતહંસ** રે હંસ પરિ ઉન્મીલિતા રે,
ભવિજન કમલ કલાપ આગમ અંગ ઉપાંગ સોહાવતા રે. ૯૮
પંડિત શિષ્ય અવતંસ, **હીરહંસ** રે અપર સતીર્થ ગુણસાગરૂ રે,
વિનયભૂષણ પંન્યાસ, તત્ શિષ્ય રે ભૂભામિનિ ઉર અલંકરૂ રે. ૯૯
શ્રી **રત્નભૂષણ** પંડિત દક્ષ, સેવક રે **ભાવરત્ન** ભાવે ભણે રે,
ભાવિક કરો જિનધર્મ જેહથી રે, સવિ સુખ હુઈ ઘર આંગણે રે. ૫૦૦

શ્લોક.

દેવપૂજા દાનં તીર્થયાત્રા જપસ્તપઃ
સત્યં પરોપકારસ્ય મૃત્યુર્જન્મફલાષ્ટકં. ૧

ઢાલ

એ ધર્મ રે સાધુ માનવભવ લહી રે કામક્રોધ કરો દૂરિ,
મદ મત્સર રે મોહ માયા વિરમો સહી રે,
કનક પરિ સંપદા લહો ભૂરિ. ૨
સંવત **રસ** ને **ચંદ્ર યુગ્મ ત્રીસે** રે મેલી લાહો સંવત્સરે રે,
આસો દ્વિતીય (પા. વદિ તીજ) ચંદ સાતમિ રે શુભ યોગે રવિ-
વાસરે રે. ૩
રાયરાષ્ટ્ર મઝારિ **સાંભર** નયરે ઉપકંઠે સોહામણી રે,
મથુરાંને અણુસારે **સુહુરિ** નાંમે રે તિસી પરિણામે બહુ ગણી રે. ૪
તસ મંડન શ્રી **પાસ**, પય પ્રણમી રે રાસ રચ્યો રૂલીયામણો રે,
પુહચે સઘલી આસ, **ભાવરત્ન** રે કહે ભવિયાં ભાવે સુણો રે. ૫
કવિ મા કરસ્યો હાસ્ય, થોડી મતે રે સારો સૂચક તવિઓ રે,
સૂધુ કરયો રાસ, કવિજન રે પય પ્રણમી ઇમ વીનવ્યો રે. ૬

(૧) સં.૧૬૬૫ ચૈત્ર વદિ ૭ દેકપર મધ્યે લષતં. પ.સં.૨૫–૧૫, રત્ન ભં. દા.૪૩ નં.૫૪. (૨) લીં.ભં. (૩) ડે.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૫, ભા.૩ પૃ.૭૪૦–૪૨. રચનાસંવતનું અર્થઘટન પહેલાં ૧૬૩૨ કરી પછીથી ૧૬૬૦ કર્યું છે – યુગ્મત્રીસ એટલે ૨×૩૦=૬૦ એ રીતે.]

૬૧૬. આનંદચંદ (પાર્શ્વચંદ્ર પટ્ટે સમરચંદસૂરિ–પૂર્ણચંદ્રશિ.)

(૧૩૩૩) સત્તરભેદી પૂજા ર.સં.૧૬૬૦ નગીનામાં

આદિ– શ્રી જિનચરણકમલ નમી, સમરી શ્રી ગુરૂ ભક્તિ,
જાસ પસાઈં સંપજૈ, વચનચતુરિમા યુત્તિ. ૧
સૂર્યાભવિજયાદિકે, શ્રી જિનપૂજા કીધ,
સત્તરભેદિ અતિ વિસ્તરેં, જીવિતનો ફલ લીધ. ૨

અંત – રાગ ધન્યાસી.

વંદો વંદો રે શ્રીગુરૂ મંગલકારી,
જાસ પસાઇં ચરિતાનુવાદિઈં, પૂજા સત્તરભેદ ધારી. વંદો. ૭૮
ચંદ્રગચ્છ સિણગાર, ગણાધિપ **પાસચંદ** સૂરિરાયા.
તાસ પાટિ શ્રી **સમરચંદ**સૂરિ, બોધિબીજ ફલદાયા રે. ૭૯
તાસ પાટિ શ્રી માનસસરવર, રાજહંસ સુપ્રકાશા,
જયવંતા શ્રી **રાજચંદ**સૂરિ કંચણ સમ તનુભાસા રે. ૮૦
શ્રી **સમરચંદ**સૂરિ શિષ્ય પ્રવરવર, ઉવઝાય **પૂર્ણચંદ**,
તાસ પદાંબુજ સેવક મધુકર, પભણે **આનંદચંદ** રે. ૮૧
સંવત **સોલ સાઠિ** શુભ અબ્દે, શુભ મુહુર્તેં શુભ વેલિ,
નગર **નગીનૈ** એ થુતિ કીધી, સંભાલિ દોઇ કર મેલિ. ૮૨
જિનશાસની **ઠાકુર લખૂ** નામિઇં, **જયતૂ વિહારીદાસ,**
એહ તણૈ પ્રાર્થનૈ કીધી, આણી ચિત્તિ ઉલ્હાસ. ૮૩
ધનધન શ્રી જિનશાસન ભુવનિઇં, ધનધન શ્રી જિનવાણિ,
રાજૈ ત્રિણિ ભુવન ભાસંતી, લહીયૈ પુણ્ય પ્રમાણિ. ૮૪

(૧) પ્ર.સં.૮–૧૩, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં.૩૦૦.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૮૧–૮૨.]

૬૧૭. પદ્મકુમાર (ખ. પૂર્ણચંદ્રશિ.)

(૧૩૩૪) મૃગધ્વજ ચો. ૮૪ કડી લ.સં.૧૬૬૧ પહેલાં

આદિ– પણમિય સિરિ **ગોયમ** ગણહર મણહ ખાય,
હૂં ગાવસિં ગિરૂયા **મૃગધ્વજ** મુનિવરરાય,
સાવત્થી નગરી અમરાવતી **સમાણ,**
તિહાં રાજ કરઇ **જિતશત્રુ** નરેસર જાણ. ૧

અંત – **મૃગધ્વજ** મુનિ તણઉ ચરિત્ર, સુણતા હૂઈ જનમપવિત્ર,
શ્રી **નેમિનાથ** વારઈ એહ, રિષિ હૂયા ગુણગણગેહ. ૮૩

ધનધન **મૃગદેવજ** મુનિરાય, પહ ઉઠી પ્રણમું પાય,
તસુ નામઈ નવઈ નિધાન, પામીજઇ સુષસંતાન. ૮૪
ખરતરગચ્છ સહગુરુરાય, શ્રી **પૂર્ણચંદ્ર** ઉવઝાય,
તસુ સીસ સદ્દ સુવિચાર, ઇમ બોલઈ **પદમકુમાર.** ૮૫

(૧) સાહા **હંસા** પઠનાર્થં. પ.સં.૩–૧૯, લે. પાટણ દા.૩ નં.૫૧. (૨) ડો.અ.ભં. ભાવનગર નં.૫૯. (વે.) (૩) પ.સં.૪, મુકનજી સં. (૪) શા. **તેજપાલ લાલિણુ** લિખતં. સં.૧૬૬૧. વિ.ધ.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૮).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૨, ભા.૩ પૃ.૯૩૭–૩૮.]

૬૧૮. વિજયકુશલશિ. (ત. વિજયદેવસૂરિ–વિજયકુશલ)

(૧૩૩૫) શીલરત્ન રાસ ર.સં.૧૬૬૧ આરંભ સામેરમાં ને પૂર્ણ મગશીજી તીર્થમાં

અંત –

દૂહા

માલવદેશ મનોહર, દીઠિ મોહિ મન,
શેલડી સ્યાલ્ય ગોધુમ ઘણા, એહવઉ દેશ રતન્ન. ૧૧
શ્રી **મગસી પાસ** પસાઉલિ, કીધઉ રાસ રતન્ન,
ભવિક જીવ તમે સાંભલી, કરયો શીલજતન. ૧૨
સામેર નગર સોહામણું, નયર **ઉજ્જણી** પાસ,
વાડી વન સર શોભતું, જીહાં છિ દેવનીવાસ. ૧૩
આરંભઉ આદર કરી, શીલ તણઉ ઊપદેશ,
મદન તણઉ મદ જીપવઉ, દુહભવ્યઉ વાલી વેસ. ૧૪
સંવત **સોલ એક(સ)ઠિ**, કીધઉ રાસ રસાલ,
શીલ તણા ગુણ મિં કહી, મુકી આલપંપાલ. ૧૫
નામ ઠવ્યું મેં રાસનું, **શીલરત્ન નાગરરાસ**,
ભણતાં નવનિધ સંપજિ, સુણતાં લીલવિલાસ. ૧૬
તપગચ્છનાયક ગુણનિલઉ, શ્રી **હીરવિજય** સૂરીંદ,
મહીમંડલ મહા દીપતઉ, જિમ તારા મહીં ચંદ. ૧૭
તાસ પાટ સુહંકરૂ, **વિજયસેન** સૂરીંદ,
ન્યાયનિધિ નિપુણપણિ, જીત્યા વાદીવૃંદ. ૧૮
શીલાંગરથ શિરોમણી, શ્રી **વિજયદેવ** સુરીરાય,
જિમજિમ દરસણ દેખીઇ, તિમતિમ આણંદ થાય. ૧૯

વિજયકુશલ વૈરાગ્યથી, જાણી અથિર સંસાર,
છતી ઋદ્ધિ છાંડી કરી, લીધઉ સંયમભાર. ૨૦
તપતેજિ કરી દીપતઉ, મહા મુનિસર રાય,
કર્યું રાસ રલીઆમણઉ, પ્રણમી તેહના પાય. ૨૧
આગિ જે મુનિવર હુઆ, કુલ જગ મહીં કેઇ કોડિ,
તું દિઠિ તે સાંભર્યા, સરખાસરખી જોડિ. ૨૨
તું મહિં માહિથી મઈ લહ્યો, મુનિજન સયલ વિવેક,
પિહિલ્યું હું નવિ જાણતઉ, અક્ષર માત્ર ન એમ. ૨૩
પંડિત પ્રવર **પ્રાગવંશ**, કુલશોભન કુલઇશ,
સર્વ સિદ્ધ તુંથી હુઇ, પભણિ તેનુ સીસ. ૨૪

(૧) ગણિ **લાલવિજય** પઠનાર્થં **દેવાસ** મધ્યે લિ. પ.સં.૭૬-૧૧, પ્રથમ પત્ર નથી, રત્ન. ભં. દા.૪૨ નં.૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૮૩-૮૪.]

૬૧૯. સહજકીર્તિ (ખ. ક્ષેમશાખા જિનસાગર–રત્નસાર–રત્નહર્ષ–હેમનંદનશિ.)

આ કવિની સંસ્કૃત કૃતિઓ માટે જુઓ મારો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'.

(૧૩૩૬) સુદર્શન શ્રેષ્ઠી રાસ ૪૩૧ કડી ર.સં.૧૬૬૧ બગડીપુરમાં

આદિ – દૂહા

કેવલ કમલાકર સુર, કોમલ વચનવિલાસ,
કવિયણકમલ-દિવાકરૂ, પણમિય **ફલવિધિ પાસ.** ૧
સુરનર કિંનર વર ભમર સુણત ચરણકજ જાસ,
સરસ વચનકર **સરસતી**, નમીયઇ સોહગવાસ. ૨
જાસુ પસાયઈ કવિ લહઇ, કવિજનમઈ જસવાસ,
હંસગમણિ સા ભારતી, દેઉ મુઝ વચનવિલાસ. ૩
ભવજલનિધિ પડતાં સદા, ધારઈ જેહ તુરંત,
સકલ સિવંકર તેહનઇ, ધર્મ કહઇ ભગવંત. ૪
ચઉગતિનઈ જે નિર્દલઇ, જીપઈ ચ્યારિ કષાય,
તેહ ભણીવઉ ભેદ કરિ, ધર્મ કહઇ જિણરાય. ૫
આપોપણિ થાનકિ સહી, એ ચ્યારે છઈ મુખ,
એકેકઉ આરાધતાં, દ્યઇ મનવંછિત સુખ. ૬

આપદ ગદ દૂરઇ ટલઇ, ન લહઇ જનમઇ ઢીલ,
સીલ પસાયઇ દિનદિનઇ, પામઇ અવિચલ લીલ. ૭
કુલકલંક સહુ ઊતરઇ, હુઇ સમાધિ વર ડીલ,
પસરઇ જસકીરતિ ઘણી, પામ્યાં નિમ્મર્લ સીલ. ૮
કષ્ટ પડિં જે નવિ ચલઇ, સીલ થકી સુવિચાર,
સીલવંત તેહિ જ ખરા, ગરૂઆ ઇણિ સંસારિ. ૯
શેઠ **સુદરસણ** ચિર જયઉ, કેવલ-કમલાકંત,
સીલવંત સિરિ સેહરઉ, નમીયઇ નિત ગુણવંત. ૧૦
સેઠ **સુદરસણ**ની પરઇ, પાલઉ સીલ અખંડ,
મનવંછિત ફલ જિમ લહઉ, તોડઉ કર્મપયંડ. ૧૧
કષ્ટ પડયઇ રાખ્યઉ સુદઢ, સીલરયણ અતિ ચંગ,
સેઠ **સુદરસણ** જિણ પરઇ, તે નિસુણઉ ધરિ રંગ. ૧૨

અંત – શ્રી **ખરતરગચ્છ** કમલવિકાસણ દિનમણી રે, 'જુગપ્રધાન'-પદ-ધાર.
ગુણનિધિ રે (૨) શ્રી **જિનચંદ** મુનીસરૂ રે.
પાતિસાહ **અકબર** ભૂમિપતિ માનીયે રે, દેખી જસુ અનુભાવ,
અભિનવિ રે (૨) સકલ જીવ આનંદકરૂ રે. ૪૨૩
તસુ પાટઈ સુભ ઘાટઇ રવિ જુ દીપતઉ રે જસવંતઉ સુવિચાર
સદ્‌ગુરૂ રે (૨) શ્રી **જિનસિંહ** મહાયતી રે,
શ્રી **જિનચંદ્ર** સુરીસર રાજઈ રે શ્રી **જિનસિંહ** મુણિંદ,
સુખકરૂ રે જુવરાજઈ નરભૂપતી રે. ૪૨૪
જસુ ધ્યાનઈ ધરણિંદ ધરણિપતિ આવીયઉ રે, દીધઉ જસુ વરદાન,
ગુરુવર રે (૨) કુમતીમદભર જીપતઉ રે.
ગચ્છવૃદ્ધિ કીધી વલિ સુરસાનિધિ લહી રે શ્રી ગુરૂ ગુરૂ ગુણધાર,
વિશ્રુત રે (૨) **ક્ષેમકીર્ત્તિ** ગુરૂ દીપતઉ રે. ૪૨૫
તસુ સાખઇ શુભ ભાખઈ સદ્‌ગુરૂ ચિર જયઉ રે શ્રી પાઠક-પદ-ધાર,
સુભમતિ રે (૨) શ્રુતધરમઈ ચિંતામણિ રે.
કનકતિલક ગુરૂરાજ ગુણાકર સુભકરૂ રે પંચમહાવ્રતપાલ,
ધરણી રે (૨) જસુ કીરતિ દીસઇ ઘણી રે. ૪૨૬
તસુ પાટઇ વાચક મહિમાનિધિ અભિનવઉ રે **લક્ષ્મીવિનય** મુનીસ,
યતિવર રે (૨) જસુ નામઇં સુખ પામીયઇ રે.
પૂરવ દેસવિદેશ વિહાર કરિ જિણિ નિજ બલઇ રે, પ્રતિબોધ્યા જનવૃંદ,

દેખત રે (૨) માનીયઈ સિર નામીયઇ રે. ૪૨૭
તાસુ સીસ વાચક ગુણમણિ મહિ રયણાકરૂ રે અદ્દભુત ભાગ્યનિવાસ,
હિતકર રે (૨) સકલ જીવનઇ જે સદા રે.
જસુ દરસણુ દેખત સજ્જન જન સુખ લહઇ રે, ચંદઇ જેમ ચકોર,
પ્રતિપઉ રે (૨) **રત્નસારગણિ** ગુરૂમુદા રે. ૪૨૮
રત્નહર્ષગણિ વરવિદ્યાનિધિ ગુણનિલઉ રે, **હેમનંદનગણિ** ધીર,
સોહઈ રે (૨) તાસુ સીસ દોઉ ભલા રે,
સુભ આચારઇ રંજઇ સજન ભવિયણા રે પ્રતિપઉ મુઝ આસીસ,
દિન પ્રતિ રે (૨) જાગઇ જસુ ચઢતી કલા રે. ૪૨૯
તસુ વિનેય સુખ જાણી સંત મહંતના રે ગુણ કહતાં અભિરામ,
હોવઇ રે (૨) દિનદિન અધિકી સંપયા રે.
સહજકીર્ત્તિ મુનિ ભાખ્યઉ તિણિ હેતઇં કરી રે, સાધુ **સુદરસણ રાસ**,
ભવિયણ રે (૨) સૂણતાં થાયઈ ગુણ સયા રે. ૪૩૦
શ્રી **વગડીપુરિ સુવિધિ** જિણિંદ પસાઉલઇ રે **સંવત હરિ રસ કાય ચંદઈ રે.**
ભાખ્યઉ એ રલિયામણઉ રે,
સીલ તણા ગુણ જાણઇ જનિ સુણઇ ભણઇ રે તસુ ઘરિ વાધઇ ઋદ્ધિ,
દ્રો જિમ રે (૨) નિતનિત રંગ વધામણઉ રે. ૪૩૧

(૧) ગ્રં.૬૩૧, પ.સં.૧૩-૧૫, વી.ઉ.ભં. દા.૧૭. [મુપુગૂહસૂચી.]

(૧૩૩૭) કલાવતી રાસ ગા.૧૨૨ ર.સં.૧૬૬૭ (રસાચલ)

(૧) પ્રત ૧૭મી સદીની, પ.સં.૭, જિ.ચા. પો.૮૧ નં.૨૨૮૧.

(૧૩૩૮) વ્યસન સત્તરી ગા.૭૧ ર.સં.૧૬૬૮ નાગોર

(૧) ભુવન. પો.નં.૧૨.

(૧૩૩૯) દેવરાજ વચ્છરાજ ચોપાઈ [અથવા **પ્રબંધ**] ર.સં.૧૬૭૨ ખામભર નગરમાં

શીલવિષયે.

આદિ – ઐં નમઃ

પરમોદય કારણ પવર, જગદાનંદન **પાસ**,
શ્રી **ફલવાધપુરમંડણઉ**, પણમી સુકૃતનિવાસ. ૧
હંસગમણિ પરમેસરી, સફલા જસુ અવદાત,

વીણાપુસ્તકધારિણી, પણમું **સરસતિ** માત. ૨
જાસ પસાયઇ તતખિણઇ, મુરખ પિણ કવિ હોઇ,
ચિર નંદઉ સા **ભારતી**, **કાલીદાસ** પરિ જોઈ. ૩
તુમ પસાય વિણુ જો કરઇ કવિત કથા અરૂ વાદ,
લૂણ વિના જિમ રસવતી, હોવઇ તેમ નિસવાદ. ૪
હૂં બાલક છું તાહરઉ, **સરસતિ** કર સુપસાય,
તુઝ સુપસાયઇ જે કહૂં, સરસ સહી તે થાય. ૫
કીરતિ કમલા સગુણ સંત, સુમતિ અંગ નીરોગ,
પુણ્ય પસાયઇ ઇણિ ભવઇં, લહીયઇ સકલા ભોગ. ૬
પુણ્ય પસાયઇ પરભવઇ, પામીઇ દેવવિમાન,
કેવલસિરિ લહિ કે મુદા, કે પામઇ નિરવાણ. ૭
પુણ્યકલ્પતરૂ સેવતાં, ફલઇ મનોરથ સન્ત,
પુણ્યવંત ઇહાં સંભલઉ, **વચ્છરાજ** દ્દષ્ટાંત. ૮
જિણ પરિ દીઠઉ શાસ્ત્રમઇં, સુણીયુ શ્રીગુરૂ પાસિં,
તિણ પરિ હૂં દિઠ્ઠંત તે, કહિસું મનઉલ્લાસિ. ૯

અંત – રાગ ધન્યાસી. કુમર ઈસું મન ચીંતવે રે—એ દેશી.
ઇણ પરઇ ધર્મ્મ ભણઉ સુણી, મહિમા અનોપમ વેગ,
સેવીઅઇ ધર્મ સવી સદા, જિમ લહીયઈ હો સુખ અભંગ. ૧૦
સિવપુરલીલા સાસતી રે, પામીજઇ હો ધરમ પસાય–આંચલી,
સુખકાર **ખરતરગચ્છ**ધણી, શ્રી **જિનસિંહ** મુણીંદ,
જસ દીયઉ જુગવરપદ તલનુ, શ્રી સાહિઈ હો મણ-આણંદ.
સુધ ક્રિયાકારક ગુણનિધિ, આગમ તણાં આધાર,
શ્રી **કનકતિલક** મુનિસરૂ જયંતી, પાઠક-પદ-ધાર. ૧૨ સિવ.
તસુ સીસ વાચકપદધરૂ, **લિખમીવિનય** ગુણવંત,
જિણ કરિ વિહાર પદી તલઇ, પ્રતિબોધ્યા હે બહુ શ્રાવક સંત. ૧૩
તસુ સીસ સદ્‌ગુરૂ ગુણતિલઉ, શ્રી **રત્નસાગર** મુનીસ,
મહાપીઠ જસુ જસ મહઇ, જસ નામઇ હો સુખ હુઇ નિસદીસ. ૧૪
ગણિરત્ન દર્પ મનોહરૂ, ગણિ **હેમનંદન** ધીર,
એ સીસ તાસ સુહંકરૂ, નિત પ્રતિપઉ હો ગુણગંભીર. ૧૫ સિવ.
શ્રી **હેમનંદન** ગણિ તણઉ, સુપ્રસાદ લહિં અભિરામ,
ગુણિ **સહજકીરતિ** ધર્મના એ, ભાખ્યા હો ફલ સુખકામ. ૧૬ સિવ.

શ્રી **ખામભર** નગરઇ ભલઇ, શ્રી **સંતિ**જિન સુપ્રાસાદિ,
નયન વારિધિ રસ શશિ, શુભ વરસઇ હો વડી પરમાદ. ૬૭ સિવ.
જે કહિય આગમ સંમતઇ, અનુમોદીયઇ તે સુદ્ધ,
મિચ્છામિદુકડ તેહનઉ જે, કહિયઉ હો આગમે વિરૂદ્ધ. ૬૮ સિવ.
પુણ્યવંત શ્રી **વચ્છ** મુનિ ભણઇ, જે સુણઇ એહ ચરિત્ત,
તે લહઇ લીલા દિનદિનઇ, વલિ હોવઇ હો જનમ પવિત્ત. ૬૯ સિવ.

(૧) સં.૧૭૯૨ કા.વ.૭ દિને શ્રી **વીજાત** દેવિપાકૃતા. પ.સં.૨૭ પં.૭થી ૧૭, કલ.સં.કૅા.કૅટે. વૅા.૧૦ નં.૧૨૬ પૃ.૨૫૮-૨૬૧. (૨) સં. સિદ્ધિન્દુ સંયમ (૧૭૧૮) આશ્વિન સુ.૩ ભૃગુવારે લિ. વા. જીવકીર્ત્તિગણિભિઃ પ.સં.૩૭, અભય. નં.૨૩૬. [મુપુગૂહસૂચી.]

(૧૩૪૦) સાગર શ્રેષ્ઠી કથા ૨૩૨ કડી ૨.સં.૧૬૭૫ વિક્રમપુર (વિકાનેર)માં

સુપાત્રદાનવિષયે.

આદિ – શ્રી ગણેશાય નમઃ ધુરિ સોરઠઉ.

પ્રણમું **ફલવધિ પાસ**, સકલ સદા જસુ સાનિધઇ,
લહીયઇ લીલવિલાસ, ધનધન સિરિ **ધરણિંદ** જિમ. ૧
ભલઉ નમાવી ભાલ, ભાવઈ પ્રણમું **ભારતી,**
વિબુધ કરઇ જે બાલ, હંસગમણિ આરતિ હરઇ. ૨
પ્રણમું નિજ ગુરૂપાય, ભલી પરઇ જિણિ મુઝ ભણી,
સફલઉ કરી સુપસાય, કીડીથી કુંજર કીયઉ. ૩
દુખ લખ ભંજઇ દાન, કમલાસુખ સંપતિ કરઈ,
વાધઇ બુધિવિનાણ, કહઇ ઇસઉ શ્રુતકેવલી. ૪
પેટ ભરઇ કરિ પાપ, કેઇક કમ સકતિ કરી,
સહિ બહુલઉ સંતાપ, ભરઇ પેટ કે ભાવતી. ૫
કેઇ કરઇ કલોલ, લખમી લહિ લીલાવતી,
પહિજ દાન અમોલ, જાણીજઇ ફલ જગતમઇ. ૬
શ્રી પામી સુવિસાલ, ખરચઇ જે નહી ખંતિ સું,
માખી જિમ મહુઆલ, ઘસિસ્યઇ હાથ ગએ ઘણું. ૭
સાયર સેઠિ સુજાણિ, વડદાતા પામિઉ બિરૂદ,
કૃપણ તણી તજિ કાનિ, ચતુર સુણઉ તિહનઉ ચરિત. ૮
નિસુણ્યઉ જિમ નિસદીસ, નિજ ગુરૂ પાસઇ તિમ નમી,

ઓલિસિ વિસવાવીસ, કલપિત કાઇ નવિ કહું. ૯
આખર સગવટિ આણિ, પદપદ માંહે પરગડી,
ગરૂઆના ગુણગાન, કરિસિ સુણઉ થિર ચિત કરી. ૧૦
કવિનઉ મૂરખ કામ, કવહિં ન જાણઇ કેલવી,
વ્યાવર તણઉ વિરામ, વાંઝિણિ કિમ જાણઇ વિદુર. ૧૧

અંત – ઇમ ફલ જાણી આગમઇ એ, દાંન દીયઉ દાતાર,
દીયઉ દુરમતિ દલઇ એ, સહુ જાણઇ સંસાર. ૨૪ મ.
મૂલનાયક મહિમા ઘણી એ, **આદીસર** અરિહંત,
પ્રકટ **વિક્રમપુરઈ** એ, દિનદિન સુખ દીપંત. ૨૫ મ.
શ્રી **ખરતર**ગચ્છમઈ ધણી એ, શ્રી **જિનરાજ** સુરિંદ,
વિજયરાજઇ વધઇ એ, અધિક સકલ આણંદ. ૨૬ મ.
શ્રી ગુરૂ ગુણનિધિ સુખકરૂ એ, **રતનસાર** ગુરૂ રંગ,
નમીજઇ નિત પ્રતઇ એ, સુથિર સુબુધિ સુચંગ. ૨૭ મ.
સીસ તાસ ગુણનિદ્ધિ સહી એ, **હેમનંદન** સુખહેત,
કહઈ સીસ તસુ કવી એ, ચરિત એહ થિર ચિત. ૨૮ મ.
સમતિ જલધિ રસ સસિ સમયઇ **સાયરનઉ** સંબંધ,
રસિક રલીયામણઉ એ, સુકૃત સુફૂલ સુગંધ. ૨૯ મ.
અણહૂંતઉ આગમ પખઇ એ, આણ્યઉ જેહ અસુદ્ધ,
તુરત કરૂં તેહનઉ એ, મિચ્છામ દુક્કડ સુદ્ધ. ૩૦ મ.
તુમ્હનઈ ઢાલ એ તેરમી એ, રંગ ધન્યાસિરી રાગ,
કહી સંપતિ કરઇ એ, સુણતાં સુખ સોભાગ. ૩૧ મ.

(૧) ગા.૨૩૨ ગ્રં.૩૧૨ પૂજ્ય ભં. દેવરત્નસૂરિ શિ. મુનિ ઉદયવિજય લ.પ.સં.૧૦-૧૪, દે.લા. નં.૧૪૧૦/૫૦૦. (૨) સં.૧૭૬૯ આ.સુ.૧૩ સુલતાણ મધ્યે સુખહેમ લિ. પ.સં.૧૩, જિનહર્ષકૃત શ્રીપાલ ચોપાઈ સહિત, જિ.ચા. પો.૮૩ નં.૨૦૯૬. (૩) સં.૧૭૪૩ શ્રા.શુ.૧૨ ગુરૂ સાંગાનેર મધ્યે. પ.સં.૧૦, અભય. નં.૨૮૮૨. (૪) પ.સં.૧૦, પં.જૈન શ્વે. ભં. જયપુર પો.૫૫. (૫) માણેક ભં.

(૧૩૪૧) + જિનરાજસૂરિ ગીત

(૧) વ્યલેખિ કૃતં ચ પં. સહજકીર્તિગણિના. પ.સં.૨, નં. અભય. નં.૩૪૮૩.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૧૭૪થી ૧૭૬.

(૧૩૪૨) જેસલમેર ચૈત્ય પ્રવાડી ૭ ગીત ર.સં.૧૬૭૯

આદિ – તમકઉ પ્યારઉ મનકઉ પ્યારઉ એહની જાતિ.
સાધુ સાધવી શ્રાવક શ્રાવી, શ્રી સંઘનઇ પરિવાર રે માઇ,
શ્રી **જિનરાજ** સૂરીસર હરષઈ, **જેસલમેરૂ** મઝારિ રે માઇ, ૧
ચેત્ર પ્રવાડિ કરઇ વિધિ સેતી, વાજઇ વાજિત્ર સાર રે,
ગાવઇ ગીત મધુરસર ગોરી, **ખરતરગચ્છ** જયકાર રે માઇ. ચૈત્ર. ૨
અંત – ઇમ કરી **ચૈત્રપ્રવાડિ** સુંદર, મુનિરાજશ્રી **જિનરાજ**,
આવીયા પૂજ ઉપાસરઇ, **ખરતરગચ્છ**-સિરતાજ. ગ. ૬
દિનદિન ઉદય આનંદ અધિકઉ, દિનદિન વધઉ બહુ તેજ,
આસીસ **સહજકીરતિ** કહઇ, આણિ હીયઇ ઘણઉ હેજ. ૭
(૧) ઇતિશ્રી **જેસલમેર** ચૈત્યાવલી નમસ્કરણ વિધિ ગીતાનિ સમ્ર. લિખિતાનિ વા૦ **સહજકીર્ત્તિ**ગણિના. શ્રાવિકા **માનાદે** પઠનાય. સંવત ૧૬૭૯.

(૧૩૪૩) શત્રુંજય માહાત્મ્ય રાસ ૬ ખંડ ર.સં.૧૬૮૪ આસણિકોટમાં
અંત – શ્રી **ખરતરગચ્છ**સૂરિ જિણેસર, **વીર**પાટ દીપાવઈ,
ખરતરૂ બિરદ લહિઉ ગુણ સાચઇ, જસકપૂર મહકાવઇ રે. ૬૯
અનુક્રમિ તસુ પાટઈ જસ ખાટયઉ, જુગપ્રધાન ગુણચાવઇ,
શ્રી **જિનચંદ** સૂરીસર સદગુરૂ, નામમંત્ર જસુ ધ્યાવઇ રે. ૭૦
શ્રી **જિનસિંહ** સિંહ જિમ દિપયઉ, તસુ પાટઈ ચિત લાવઈ.
અકબરસાહિ સભામન રંજી, જલનિધિ મીન છુડાવઇ રે. ૭૧
વિજયમાન ગુણ જાણ ભટારક શ્રી **જિનરાજ** સુહાવઈ,
વિદ્યાબલ અતિસય બલ સબલઉ, સહુનઈ આણ મનાવઇ રે. ૭૨
આચારિજપદધાર અમૃતરસ, મીઠાં વચન સુણાવઇ,
શ્રી **જિનસાગર** સાગર જિમ નિજ, ગુણ ગંભીર ગવાવઇ રે. ૭૩
ખેમસાખ દિનદિન ઉદયવંતા, મહિમા અધિક વધાવઈ,
રતનસાર વાચક ગુણનિધિ ગુરૂ, અતિસય અધિક જણાવઇ રે. ૭૪
રતનહરષ વાચક **હેમનંદન**સીસ ભગતિ ચિત ઠાવઈ,
સહજકીરતિ વાચક વિમલાચલ ગિરિવર એમ મલ્હાવઇ રે. ૭૫
સંવત **સોલ ચઉરાસી** વરસઇ, શ્રી **નેમિનાથ** પ્રભાવઈ,
આસણિકોટ શ્રાવક બહુ સુખીયા, ધરમઈ ચિત્ત લગાવઈ રે. ૭૬
વાચાસૂર અધિક ગુણવંતા, ધરમપક્ષ સમઝાવઈ,
અધિક આનંદ અધિક રંગરતીયાં, શ્રી જિનધરમ વધાવઇ રે. ૭૭

છઠેઇ ખંડઇં ઢાલ એ દશમી, પુણ્ય રૂંખ હો પાવઇ,
સહજકીરતિ પુંડરીક મધુરસ, ગુણજલધર વરસાવઇ રે. વિ. ૭૮

(૧) ઇતિ શ્રી શિત્રુંજય માહાત્મ્યે શ્રી પાર્શ્વનાથપંચકલ્યાણિકવર્ણન, શ્રી ભાવશ્રેષ્ઠિતજાવડાસંબંધ તત્કૃતોદ્ધારવર્ણન, કલ્કીસંબંધ તત્સુતદત્તવોદ્ધારવર્ણન, પંચમારકાંત્યસ્થિતિવર્ણન, દુપ્રસહનામાંત્ય યુગપ્રધાનવર્ણન, તત્ શ્રાવક વિમલવાહનવિહિતોદ્ધારવર્ણનાધિકારો નામ ષષ્ટઃ ખંડ સમાપ્ત. સં.૧૮૪૫ ફા.શુ.૫ દિને **ચી**રાલા મધ્યે. પ.સં.૧૨૮–૧૪, ગુ.વિ.ભં.

(૧૩૪૪) શીલરાસ ૮૧ કડી ૨.સં.૧૬૮૬ શ્રા.શુ.૧૫ કૃષ્ણકોટમાં

(૧) ગા.૮૧, ગ્રંથાગ્રંથ ૨૫૦, પ.સં.૭, નાહટા. સં.

(૧૩૪૫) [+] પ્રીતિ છત્રીશી ૨.સં.૧૬૮૮ વિજયાદશમી સાંગાનેરમાં

આદિ – ઉપશમતરૂ છાયા રસ લીજઇ–એહની ઢાલ.

પ્રીતિ ન કિણિહી જીતી જાયઈ, ઇકઇ વિણુ અરિહંતજી,
ભાવઈ કોડિ ઉપાય કરઉ કોઇ, લાગઈ મંત ન તંતજી. પ્રી. ૧

અંત – સંવત **સોલ** વરસ **અઠયાસી,** જિહાં હુઉ સબલ સુકાલજી,
વિજયદસમિ **સાંગારે(ને)૨** પુરવરિ, એહ વિચાર રસાલજી. પ્રી. ૩૫
પ્રીતિ છત્રીસી એ વયરાગિ, ભવિક ભણિ હિતકારજી,
વાચક **સહજકીરતિ** કહઇ ભાવઇ, **શ્રી** સંઘ જયજયકારજી. ૩૬

(૧) ઇતિ શ્રી પ્રીતિ ષટ્‌ત્રિંશિકા. પં.**રાજ**કીર્ત્તિગણિ તત્શિષ્ય પં. **તિલ**કવિજય તત્શિષ્ય **ગોદા** લિખિતં. શ્રાવિકા **સભલદે** પઠનાર્થં. પ.સં. ૨–૧૫, પ્ર.કા.ભં. નં.૮૦. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. ષટ્‌દ્રવ્યનયવિચારાદિ પ્રકરણસંગ્રહ.]

(૧૩૪૬) હરિશ્ચંદ ચોપાઈ ૧૭ ઢાલ ૨.સં.૧૬૯૭

આદિ – પ્રણમું **ફલવધિ પાસ**જિન, પ્રણમું જિણવરિ વાણિ,
પ્રણમું સદ્‌ગુરૂ આપણો, નિરમલ ભાવ પ્રમાણ. ૧
દાન વખાણ્યો બહુ પરઇ, **સાયરનઇ** અધિકાર,
વચ્છરાજ નર દેવ તિમ, ચરિત અધિક વિસ્તાર. ૨
સેઠ **સુદરસણ** ચરિત કહિ, અધિક વખાણ્યો સીલ,
કલાવતી અધિક તિમ, લાધી સિવપુરલીલ. ૩
જિણવરપૂજાફલ કહ્યા, **રાઇપસેણિ** ઉધાર,
મહાતમ સેત્રુંજ તણો ભાખ્યો વિવિધ પ્રકાર. ૪
ઉત્તમ નરના ચરિત કહિ, સફલ કીધ અવતાર,

સફલી કીધી જીભ એ, સફલ કીધ આધાર. ૫
સત સાહસ જગમઇ સુથિર, ધરમ તણા બે અંગ,
ઉત્તમ નર તેહિ જ ખરા, કરઈ તિહું સું સંગ. ૬
માનવ સત સાહસ સહિત, ધરમકરણનઈ જોગ,
નર સત સાહસ વાહિરો, બારસમો કહઇ લોગ. ૭
લખમી સત્ત સાહસ ધરાં, ઘર નિત કરઇ કલ્લોલ,
ઘોડા રથ પાઇક ઘણા, હાથી વચન અમોલ. ૮
ગુહિર સરસ રઇ ઘણ મેહ જિમ, નાટકના દોંકાર,
સુખસાતા બહુ ભોગવઇ, એ સતનાં ફલ સાર. ૯
માન મહાતમ નીંગમઇ, સત સાહસ કરિ હીન,
કો જન સાધઇ ઇક રતી, સહૂ કહઇ મસકીન. ૧૦
એહ મરમ જાંણી હીયઇ, મત સત છંડો કોઈ,
હરિચંદ રાજાની પરઇં, સુખસંપતિ થિર હોઇ. ૧૧
હરિચંદ રાજા જિહાં હૂઉ, સત દઢ રાખ્યા જેમ,
સાંભલિજ્યો સંબંધ સહુ, અતિ રસાલ બહુ પ્રેમ. ૧૨

અંત – ઢાલ ૧૭મી.

દેખી ઊંચઉ દેહરઇ, જૂનો અતિ સુવિસાલ રાજા,
હરખિત ચિત દેખઇ સહૂ, નમઈ નમાવી ભાલ રાજા. દેખી. ૧

*

ગુણ ગાયા **હરિચંદના**, પવિત્ર થઇ એ જીહ રાજા,
સફલ માસ એ મુઝ હૂઉ, સફલ ઘડી વલિ દીહ **રાજા**. ૧૩
સંવત **સોલ સત્તાણુયઈ**, પરિઘલ જિહાં હૂઆ ધાન રાજા,
સગલઇ દેસ વિદેસમઈ, ઉચ્છવ રંગ પ્રધાન રાજા. ૧૪
વાચક શ્રી **રતનસારજી, હેમનંદન** મુનિરાય રાજા,
સહજકીરતિ એ ગુણ કહ્યા, સદગુરૂનઇ સુપસાય રાજા. ૧૫
મહાપુરૂષ ગુણ ગાવતાં, દિનદિન મંગલમાલ રાજા,
જસ ઇંદ્રો જિમ સાસતી, જાણઇ બાલ ગોપાલ રાજા. ૧૬
પારસનાથ ચરિતમઈ, જિન દીઠઉ અધિકાર રાજા,
જોડિ બંધ કરિ મતિ કહ્યો, અવિચલ મંગલકાર રાજા. ૧૭

(૧) જવહર મધ્યે લિ. પ્રતિ ૧૮મી સદીની, પ.સં.૧૨, અબીર. પો.૯. [પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૮૭ તથા ૫૨૫-૨૬, ભા.૩ પૃ.૧૦૧૬-

૨૪. ભા.૧ પૃ.૨૮૭ પર 'સાગર શ્રેષ્ઠી કથા' ભૂલથી રત્નસારને નામે ર.સં.૧૬૪૫ સાથે મુકાયેલી. એ કૃતિમાં સહજકીર્તિ નામ નથી પણ પોતાને હેમનંદનશિષ્ય કહેલા છે. 'હરિશ્ચન્દ્ર ચોપાઈ'માં કવિએ પોતાની પૂર્વની સઘળી કૃતિઓનો નામોલ્લેખ કર્યો છે તે પરથી સમજાય છે કે 'સાગર શ્રેષ્ઠી કથા' એમની જ રચના છે.]

□ □ □

ે શ્ર સંશોધન-સાહિત્યતપનો સુંદર સમન્વય

સ્વ. શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈકૃત જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧નું પ્રો. જયંત ઠારી સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિનું કાશન જૈન સાહિત્યના બે સંશોધક અભ્યા- ીઓના તપનો સુંદર સમન્વય છે. સર્જન હોય સંશોધન, અનુગામીના પ્રયત્ને જ નવાવતાર ામાં પૂર્ણતાના શૃંગ પર આરૂઢ થાય તે ાપણા સાહિત્યની સુદીર્ઘ પરંપરા છે....આવા ાવતારો સર્જન જેટલા સંશોધનક્ષેત્રે પણ રૂરી અને ઉપયોગી છે આ બાબત કદાચ ાપણને ઓછી સમજાઈ છે. એથી તો કોઈ ક વિષય અને ક્ષેત્રનું સંશોધન 'હોય' એ ાને જ રહી જાય છે.

જ્યારે કોઈ સંશોધકે જીવનસમગ્રના ભ્યાસતપનો નિચોડ કોઈ એક ગ્રંથમાં આપ્યો ય છે ત્યારે તેની પૂરેપૂરી અભ્યાસનિષ્ઠા છતાં લબ્ધ સામગ્રીની અને કાલગત મર્યાદાઓને ણે તેમાં કંઈક સાંપ્રતની દૃષ્ટિએ અપૂર્ણતા ક્ષતિ રહેતી હોય છે. આથી તો આ પ્રકારના ોધનમાં પણ અનુગામીનાં નિષ્ઠા, સૂઝ અને યાસભર્યા તપનું ઉમેરણ થવું જરૂરી છે. ઈપણ એક વિષયનો અભ્યાસી પોતાની અંગત રત પૂરતા કેટલાક સુધારાવધારા તેના યોગના પૂર્વપ્રચલિત સંદર્ભગ્રંથમાં કરી લેતો છે, પરંતુ તે કાર્યને કાળની એક અનિ- તા સમજીને સર્વસુલભ કરી આપવાની પરા નથી તે નવી દિશાનો ઉઘાડ પ્રો. જયંત ારી સંપાદિત 'જૈન ગૂર્જર કવિઓ' ૧થી થાય છે.

ડૉ. હસુ યાજ્ઞિક
(શબ્દસૃષ્ટિ, જાન્યુઆરી ૧૯૮૭)